॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

卐 卐

⁂ નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્‌ગુરુભ્યો નમઃ ⁂

# કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

# લઘુવૃત્તિ વિવરણ

## ભાગ - ૫

(અધ્યાય : ૩, પાદ - ૩, ૪ તથા અધ્યાય : ૪)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

મયૂરકળાશ્રીજી

❖ પ્રકાશક ❖

શ્રી લાભ-કંચન-લાવણ્ય આરાધના ભુવન

૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ, નવા શારદા મંદિર રોડ,

પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

※ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ※

卐 卐

નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલ-અરિહંત-હેમપ્રભસદ્‌ગુરુભ્યો નમઃ

## કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન

# લઘુવૃત્તિ વિવરણ

## ભાગ - ૫

(અધ્યાય-૩, પાદ-૩-૪ તથા અધ્યાય-૪)

❖ પ્રેરક ❖

પંડિતવર્ય છબીલદાસભાઈ કે. સંઘવી

❖ સંપાદન કર્તા ❖

પરમપૂજ્ય આચાર્યદેવશ્રી નીતિસૂરીશ્વરજી મહારાજ સાહેબનાં
સમુદાયનાં પ.પૂ. આચાર્યદેવશ્રી અરિહંતસિદ્ધસૂરીશ્વરજી
મહારાજ સાહેબનાં આજ્ઞાવર્તિની પ.પૂ.સાધ્વી
શ્રી કંચનશ્રીજી મ.સા.નાં શિષ્યા વિદુષી સાધ્વી
શ્રી લાવણ્યશ્રીજી મહારાજ સાહેબના શિષ્યા

**મયૂરકળાશ્રીજી**

❖ પ્રકાશક ❖

શ્રી લાભકંચન - લાવણ્ય આરાધના ભુવન,
પાલડી, અમદાવાદ-૭.

# ❖ સિદ્ધહેમશબ્દાનુશાસન ❖

આવૃત્તિ - પહેલી ● નકલ - ૭૦૦
વિ.સં. ૨૦૬૦, કાર્તિક પૂર્ણિમા ● પ.પૂ. હેમચન્દ્રાચાર્ય જન્મદિન.

મૂલ્ય :- ૧૧૦/- રૂપિયા

: પ્રાપ્તિસ્થાન :

૧. શ્રી લાભકંચન લાવણ્ય
આરાધના ભુવન
૦૦૩, સૃષ્ટિ એપાર્ટમેન્ટ
નવા શારદામંદિર રોડ
સંજીવની હોસ્પીટલ પાસે
પાલડી, અમદાવાદ-૭.

૨. પં. ભાવેશકુમાર રવીન્દ્રભાઈ દોશી
સૂરેન્દ્રસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
ઝવેરીવાડ, પટણીની ખડકી
અમદાવાદ-૩૮૦૦૦૧.

: સૌજન્ય :

| રૂપીયા | |
|---|---|
| ૩૫૦૦૦-૦૦ | બાઈ ફૂલકોર ફકીરચંદ નેમચંદ ટ્રસ્ટ જ્ઞાનખાતા તરફથી |
| ૧૫૦૦૦-૦૦ | લાભ-કંચન-લાવણ્ય આરાધના ભુવન જ્ઞાનખાતા તરફથી |
| ૫૦૦૦-૦૦ | શ્રી મૂલચંદ ગલાલચંદ પારેખ (જામનગરવાળા)<br>હ. નિપૂણાબેન પ્રવિણચંદ્ર - અશોક, જયેશ, જતીન. |
| ૫૦૦૦-૦૦ | કોકિલાબેન પૂરણભાઈ શ્રોફ |
| ૫૦૦૦-૦૦ | લીલાવતીબેન સોભાગચંદ દાલિયા.<br>હ. મયૂરીબેન મુકુંદભાઈ |
| ૫૦૦૦-૦૦ | દીપ્તિબેન રાજેન્દ્રભાઈ મણિયાર - જીનલ, સાહિલ<br>પારુલબેન સતીષભાઈ મણિયાર. |
| ૫૦૦૦-૦૦ | જયાબેન પ્રવીણચન્દ્ર વકીલ. |

: અક્ષરાંકન :

ગ્રાફીક્સ વર્લ્ડ - સુદેશ શાહ
સાબરમતી, અમદાવાદ.
મોબાઈલ : ૯૮૨૫૮ ૫૨૮૯૮. ફોન : (રહે.) ૭૫૧૭૪૦૩



# વાત્સલ્યવારિધિ
# પ. પૂ. લાવણ્યશ્રીજી મ. સા. ના
# કરકમલમાં ગ્રંથરત્ન સમર્પણ



# પંડિતજીની

# સ્મૃતિમાં.....



શ્રી છબીલભાઈ પંડિતજી કે જેઓની પ્રેરણાથી આ પુસ્તક લખવાની ઈચ્છા પ્રગટી. અને આજે ચાર ચાર ભાગોમાં લગભગ ૧૩૦૦ પાનાં જેટલું લખાણ સિદ્ધહેમશબ્દાનુશાસનનુ વિવરણ લખાઈ અને છપાઈ ગયું છે. આ ચાર ભાગોમાં જ્યાં પણ અટકસ્થાન આવ્યું ત્યા તેઓએ સંપૂર્ણરીતે અમોને સહાય કરી છે. હૈયાધારણ આપી છે. વિકટ પ્રશ્નોના સમાધાન પણ તુરત જ મળ્યા છે. પણ ખેદની વાત છે આ પાંચમો ભાગ છ પાદનું વિવરણ બહાર પાડતા પંડિતજીની હાજરી નથી. પરંતુ તેઓની શુભ પ્રેરણાથી જ આ કામ નિર્વિઘ્ને ચાલુ રહ્યું છે. અંતે પંડિતજી જ્યાં હોય ત્યાંથી અમારા કાર્યમા સહાયક બને તેવી અમારા સહુ સાધ્વીજીગણની હાર્દિક લાગણી...



લી.

સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ.સા. ના શિષ્યા

સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી તથા

સાધ્વીશ્રી પ્રશાંતયશાશ્રીજી

# પંડિતજીની

# પ્રેરણા.....

પરમવાત્સલ્યવારિધિ પરમારાધ્યપાદ પ.પૂ. મોટા મ.સા. લાવણ્યશ્રીજી મ.સા., પ.પૂ.મયૂરકળાશ્રીજી મ.સા., પ.પૂ. કૈરવયશાશ્રીજી મ.સા., પ.પૂ. દિવ્યલોચનાશ્રીજી મ.સા. પ.પૂ. સતત પ્રયત્નશીલ પ્રશાંતયશાશ્રીજી મ.સા. આદિ પ.પૂ.વર્યોની પરમ પુનિત સેવામાં...

આપ પ.પૂ.વર્યોના પુણ્યદેહે સુખશાતા ચાહતા અમો સર્વે દેવ-ગુરુ-ધર્મની અસીમ કૃપા અને આપ પ.પૂ.વર્યોની શુભાશિષવર્ષાથી સકુશલ છીએ.

હમણાં હમણાં લઘુવૃત્તિ વિવરણ ૧ થી ૪ ભાગની ખૂબ ખૂબ માંગ આવે છે. અહીં બધા પૂજ્ય આચાર્ય ભગવંતોને આપતા ખૂબ અનુમોદના કરે છે.

પ.પૂ. આચાર્ય સૂર્યોદયસૂરિ મ.સા., પ.પૂ. શીલચંદ્રસૂરિ મ.સા., પ.પૂ. શ્રી જયઘોષસૂરિ મ.સા., પ.પૂ. મહાબલસૂરિ મ.સા., પ.પૂ. ધર્મધૂરંધરસૂરિ મ.સા. આદિ પુજ્યવર્યોને આપતા તેમણે ખૂબ ખૂબ અનુમોદના કરી છે. તેઓ કહે છે કે સાધ્વીજી મ.સા. આવી રીતે ભણવામાં અને પૃથક્કરણ કરવામાં ખૂબ પ્રયત્નશીલ રહે છે તે ખૂબ જ અનુમોદનીય છે. યાકિનીમહત્તરાની યાદ આપનારા છે.

ક્ષતિ માટે ક્ષમા.

લી.

[illegible]

[illegible]

♦ ॐ અર્હમ્ નમઃ ♦

# ※ પ્રસ્તાવના ※

જેઓશ્રી **'કલિકાલ સર્વજ્ઞ'**ની અનુપમ ઉપમા દ્વારા કલિયુગમાં પ્રસિદ્ધિને પામેલા છે એવા **પ.પૂ. હેમચન્દ્રાચાર્ય મહારાજ**ની આ એક અનુપમ કૃતિ જૈન-જૈનેતરોમાં આજે પણ વિખ્યાતિને પામેલી છે.

જૈનશાસનને શ્રી હેમચન્દ્રાચાર્યજીએ અનેક ગ્રન્થોની ભેટ અર્પી છે તેમાં **"સિદ્ધહેમશબ્દાનુશાસન"** પણ ચમત્કારિક અગ્રગણ્ય ગ્રન્થ છે. એને તો જે ભણે-ગણે તેજ માણી શકે. કહેવાય છે ને !!! *કે જેમ ખાખરાની ખીસકોલી ષડ્રસ ભોજનનાં સ્વાદને શું જાણે ?* તેમ આ અદ્વિતીય ગ્રન્થને ફક્ત શબ્દોથી નહીં પણ ભણીને-અનુભવથી માણી શકાય છે.

આ ગ્રન્થની રચના, તેનું એક એક સૂત્ર અને ટીકાઓ વાંચતા ખરેખર આચાર્ય ભગવંતની કૃતિ ઉપર મન ઓવારી જાય છે.

આ ગ્રન્થનો અભ્યાસ વર્તમાનકાળમાં ઘણાં સાધુ-સાધ્વી ભગવંતો તેમજ ગૃહસ્થો કરી રહ્યાં છે.

જૈન શાસનનાં પંડિતોમાં અગ્રગણ્ય સ્થાન ધરાવતાં **પંડિતવર્યશ્રી છબીલદાસભાઈ** આ સિદ્ધહેમશબ્દાનુશાસન વ્યાકરણની માસ્ટરી ધરાવતા હતા. તેઓશ્રીની પાસે સુરતમાં **પ.પૂ. લાવણ્યશ્રી મ.સા.** ના ચાર શિષ્યા-પ્રશિષ્યાઓએ વ્યાકરણનો ખંતપૂર્વક અભ્યાસ કર્યો. અભ્યાસકાળ દરમ્યાન પંડિતજી આ ગ્રન્થનું કોઈ સરળ વિવેચન બહાર પડે તેવી ઈચ્છા ધરાવતાં અને વારંવાર તેની પ્રેરણા કરતાં હતાં. તે વાત સાધ્વીજી ભગવંતે ઝીલી લીધી.

અત્યંત સરળતાથી બોધ થાય તેવી રીતે ભાગ-૧, ૨, ૩, અને

ભાગ - ૪ બહાર પડ્યાં. જે ભણવામાં ઘણાં ઉપયોગી થઈ પડ્યાં છે. અભ્યાસુવર્ગ તરફથી આગળનાં ભાગો બહાર પાડવા માટે વારંવાર માંગણી આવવા લાગી.

સંજ્ઞા પ્રકરણ, સંધિ પ્રકરણ, શબ્દના રૂપો, કારક પ્રકરણ, णत्व-षत्व પ્રકરણ, તથા સ્ત્રીલિંગ પ્રકરણનું લખાણ તથા સમાસનું લખાણ અભ્યાસુઓને ખૂબ ઉપયોગી બન્યું.

વાત્સલ્યહૃદયા **પ.પૂ. લાવણ્યશ્રીજી મ.સા.**ની કૃપાદષ્ટિથી અનેક કામમાં વ્યસ્ત હોવા છતાં તેમના શિષ્યા **પ.પૂ. મયૂરકળાશ્રીજી મહારાજ**ની પૂર્ણ દેખરેખ અને ઝીણવટભરી દષ્ટિથી તેમના શિષ્યા **પ.પૂ. પ્રશાંતયશાશ્રીજી મ.સા.** (મારા બેન મ.સા.) સતત પરિશ્રમ લઈને પોતાના સંયમ જીવનની આરાધના કર્યા બાદ બચતો ઘણો ખરો સમય વ્યાકરણના લખાણ માટે ફાળવી શીઘ્રાતિશીઘ્ર લખાણ પૂર્ણ કર્યું છે.

આ પાંચમાં ભાગનું કામ શરૂ થયું. તે સમય દરમ્યાન સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ.સા.ની નાદુરસ્ત તબિયત.. પંડિત છબિલદાસભાઈની ગેરહાજરી... તથા સાધ્વીજી મ.સા.નું ચાતુર્માસ સુરત નક્કી થયું... પૂર્ણ આખ્યાત પ્રકરણના ૬૫૦ પેજ... અને પ્રેસનું કામકાજ અમદાવાદમાં... આ બધા વિકટ પ્રશ્નો વચ્ચે પણ **સાધ્વીજી મયૂરકળાશ્રીજી મ.સા.** તથા **સાધ્વીજી પ્રશાંતયશાશ્રીજી મ.સા.**ની અથાગ મહેનત અને લાગણીથી આ કાર્ય થોડા વિલંબથી પણ ઝીણવટથી તૈયાર થયેલ છે.

આ ચાર ભાગ પૂર્ણ થયા પછી પાંચમો ભાગ ક્યારે છપાશે... કેટલા છપાયા... ક્યારે સંપૂર્ણ લખાણ પૂર્ણ કરો છો... આવા અવાર-નવાર સમાચારો, ફોનો, ટપાલો આવવા લાગ્યા. ઘણા પૂજ્યોના આ વિષયમાં અભિપ્રાયો પણ આવેલ છે. તે આ વખતે આ પુસ્તકમાં છાપેલ

છે. જે એક નમ્ર પ્રયાસ છે કે આ ગ્રંથ ખૂબ પ્રચાર-પ્રસાર પામે અને ઉત્તરોત્તર જીવો મોક્ષપદ પામે.

હા... આ કાર્યમાં પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષરૂપે **સાધ્વીજી મયૂરકળાશ્રીજી** મ.સા.ના **શિષ્યા-પ્રશિષ્યા** તથા **સહવર્તિની** ઘણા બધા સાધ્વીજી ભગવંતોની પણ સહાય કેમ ભૂલી શકાય.

સાથે સાથે સુરતમાં મહારાજ સાહેબ લખાણ લખે ત્યાર બાદ **પં. માણેકલાલભાઈ સોનેથા** અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં લખાણ વાંચી આપતા અને યોગ્ય સલાહ સૂચનો પણ આપતા. તેઓશ્રીને પણ આ તકે યાદ કરીએ છીએ.

આ પુસ્તકના છાપકામ વગેરે દરેક કાર્યોમાં **શ્રી સુદેશભાઈ**નો ઘણો સહકાર મળે છે. હસતા મુખે બધાં કાર્યો તેમની કુશળતાથી, તીવ્ર બુદ્ધિપૂર્વક, ખૂબ સુંદરરીતે અને અત્યંત લાગણીથી પાર પાડી આપે છે. તેઓની પણ ખૂબ ખૂબ અનુમોદના !!!.

✍ **પંડિત ભાવેશભાઈ રવીન્દ્રભાઈ દોશી.**
(ધાર્મિક અધ્યાપકશ્રી) અમદાવાદ.



# પૂજ્યશ્રીનાં આશીર્વચનો

(૧)

આ. શ્રી વિજય રામસૂરિ મ.સા. તથા
આ. શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ.સા.
આસો સુદ-૧૫, કૈલાસનગર.

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન (લઘુવૃત્તિ)ના ૧ થી ૪ ભાગના વિવરણો જોયા. વિવરણને કરવાવાળા સાધ્વીજી મ.સા. ખૂબ સુંદર નિપૂણતાને ધારણ કરનારા છે. ખરેખર આનંદનો વિષય છે. વિવરણ સુંદર છે. સારું ઉપયોગી નીવડે તેમ છે. આ રીતે અમારા સાધ્વીજી મ.સા. પ્રયત્નશીલ બની જ્ઞાનની સેવા કરનારા બને.

ગચ્છાધિપતિ આ. રામસૂરિ મ.સા. તથા

(૨)

આ. શ્રી વિજય હેમપ્રભસૂરિ મ. સા.
આસો સુદ-૫, ભાયખલા, મુંબઈ.

વિનયાદિગુણોપેતા સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી આદિ પરિવાર યોગ્ય અનુવંદના સુખશાતા.

"શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસન" વ્યાકરણનું વિવરણ કાર્ય વર્ષોથી તમારા દ્વારા થઈ રહ્યું છે. તમારો પ્રયત્ન ખૂબ જ સફળતાને પામેલ છે. વ્યાકરણનું વિવરણ અભ્યાસકો માટે તેમજ પ્રાથમિક અધ્યાપકો માટે પણ ખૂબ જ ઉપયોગી બની રહેશે. તમારા આ ભગીરથ પુરૂષાર્થની ખૂબ જ અનુમોદના કરીએ છીએ. તમે ખૂબ જ ધન્યવાદને પાત્ર છો.

(૩)

**આ. શ્રી વિજય પ્રદ્યુમ્નસૂરિ મ. સા.**
**કૃષ્ણાચતુર્દશી દેવકીનંદન સોસા., અમદાવાદ**

અર્હત્ શાસનમાં જ્ઞાનને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. જ્ઞાન એટલે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાનમાં આગમ ગ્રન્થો અને આગમોપજીવી ગ્રન્થોના હાર્દને પામવા માટે તેની ભાષાનું સમ્યગ્જ્ઞાન અનિવાર્ય છે.

એ દિશામાં તમોએ પ્રયત્ન કર્યો છે તે સમગ્ર સાધ્વી સંમુદાયને દિશા ચિંધનારો બની રહેશે. આનાથી જ્ઞાનનો વિસ્તાર થશે.

આ દિશામાં આપનું પગરણ યોગ્ય છે તે જોઈને હું ખૂબ ખૂબ આનંદ અનુભવું છું.

પ્રદ્યુમ્ન.

(૪)

**આ. શ્રી વિજય મુનિચન્દ્રસૂરિ મ. સા.**
**પાવાપુરી તીર્થધામ**

વિદુષી સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી પરિવાર, સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી આદિ. અનુવંદના, સુખશાતા.

"શ્રી સિદ્ધ-હેમ-શબ્દાનુશાસનનાં ગૂઢ રહસ્યોને ગૂર્જરગિરામાં સરળભાષામાં અવતરણ કરવાનું અતિસુંદર કાર્ય આગળ ચાલી રહ્યું છે તે જાણી અતિ આનંદ.

આ ગ્રન્થ પ્રગટ થવાથી સિદ્ધહેમવ્યાકરણના રહસ્યો સમજવામાં અભ્યાસીઓને ઘણી સુગમતા થશે. પં. છબીલદાસભાઈ આજે નથી. ત્યારે એમના જ્ઞાન ખજાનાને શબ્દસ્થ કરીને પંડિતજીને મોટી શ્રદ્ધાંજલી પણ રહેશે. પં. શ્રી માણેકલાલભાઈ સોનેથા જેવા અનુભવી વિદ્વાન પંડિત દ્વારા પરિમાર્જિત થઈ રહ્યું છે. પંડિતજીના બહુમૂલ્ય અનુભવનો પણ આમાં લાભ

મળ્યાં છે તે વિશેષ આનંદની બાબત છે. આ કાર્ય અનેકને ઉપકારક પણ બનશે. સિદ્ધહેમવ્યાકરણ વિવેચનમાળાનાં આગળનાં મણકા પણ અનુક્રમે પ્રગટ થતાં રહે એ આશા અભિલાષા...

(signature)

(૫)

**આ. શ્રી વિજય યશોદેવસૂરિ તથા**
**મુનિ જયભદ્રવિજયજી મ. સા.**
**આસો સુદ-૫, ભાયખલા, મુંબઈ.**

વિનયાદિ, જ્ઞાનાદિ ગુણાલંકૃત સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી યોગ્ય. તમોએ મોકલેલ "શ્રી સિદ્ધ-હેમ-શબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ" ભાગ ૧-૨-૩-૪ મળી ગયેલ છે. ખૂબ સુંદર પ્રકાશન થયેલ છે. હાલનાં સમયમાં અભ્યાસ કરનારાઓ માટે ઘણું સુગમ થઈ જશે. પ્રેરકશ્રીની પ્રેરણાને ઝીલીને તમોએ જે કાર્ય કર્યું છે તે બદલ તમોને ખૂબ ખૂબ ધન્યવાદ. ભાગ-૩ મોકલી આપજો. ખૂબ મહેનત લીધી છે. આગળનું કાર્ય બાકી હોય તો જલ્દી કરજો. ત્રણેય પુસ્તકો સાદ્યન્ત જોઈ ગયો છું. વિવરણ ઘણું સારૂં છે. રૂપાવલી અને સમાસો સુંદર આપેલ છે.

આ. શ્રી વિજય યશોદેવસૂરિ તથા

મુનિ જયભદ્ર

(૬)

**આ. શ્રી વિજય પૂર્ણચન્દ્રસૂરિ મ. સા.**
**આસો વદ-૪, ભાભર**

વિનયાદિ ગુણગણયુતા સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી, સા. પ્રશાંતયશાશ્રીજી. જોગ અનુવંદના, સુખશાતા.

સોબત જોગ મોકલેલ "સિદ્ધ-હેમ-શબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ" ભાગ ૧-૨-૪ મળી ગયેલ છે. ત્રીજો ભાગ પ્રગટ થયે જરૂરથી

મોકલાવશો. ક્લિષ્ટ ગ્રંથ ઉપરની તમારી મહેનત અત્યંત અનુમોદનીય છે. અભ્યાસુઓને વિષય સરળ બનાવવામાં ઉપયોગી છે. સાતેય અધ્યાય લગભગ કેટલા ભાગમાં બહાર પડશે ? તમારા સ્તુત્ય પ્રયાસની ભૂરી ભૂરી અનુમોદના !!! જ્ઞાનલક્ષ્મીને અવલંબીને શાશ્વત લક્ષ્મીને નજીકમાં નજીક બનાવો એજ એક અપેક્ષા...

વિજય પ્રદ્યોતચન્દ્ર સૂરીશ્વરજી મહારાજા તરફથી

(૭)

આ. જિન-હેમચન્દ્રસાગરસૂરિ મ. સા. (બંધુબેલડી)
ભા. સુદ-૫, અયોધ્યાપુરમ્.

આદરણીયા સાધ્વી શ્રી મયૂરકળાશ્રીજી !!! સાનુવંદન શાતાપૃચ્છા. આપશ્રી દ્વારા પ્રેષિત વ્યાકરણ-વિષયક પુસ્તકો મળ્યા. આવા પ્રયાસો આજે અસ્તતાના ક્ષિતિજને આંબી રહ્યા છે. તેવે વખતે એક સાધ્વીજી તરીકે આપનો પ્રયાસ ન કેવલ સ્તુત્ય અપિતુ અનુકરણીય ભાસે છે... ખૂબ ખૂબ અનુમોદના !!! ખૂબ ખૂબ ધન્યવાદ !!!

દ.
જિન-હેમચન્દ્રસાગર
'બંધુબેલડી'

(૮)

આ. શ્રી વિજય રત્નસુંદરસૂરિ મ. સા.
આસો વદ-૫, નાસિક.

સિદ્ધહેમશબ્દાનુશાસનના અધ્યયનમાં છેલ્લાં થોડાં વર્ષોમાં શ્રમણ સંઘમાં સારી પ્રગતિ જોવા મળે છે. પણ તેના અધ્યયનમાં મુખ્ય અંતરાય તેના વિદ્વાન્-કુશળ પંડિતોની અલ્પ સંખ્યા છે. તેના ઉપર જે વિવરણો ઉપલબ્ધ છે. તે પણ કાં તો અતિક્લિષ્ટ ભાષામાં હોવાથી વિદ્વદ્ભોગ્ય છે, કાં તો અપૂર્ણ-અધૂરાં છે.

અત્યંત સરળ અને રસાળ શૈલીમાં અને છતાં વિષયનો સંપૂર્ણ બોધ

થાય તે રીતના સિદ્ધ-હેમ પરના વિવરણની આવશ્યકતા ઘણા વખતથી હતી; તે તમારા વિવરણ દ્વારા મહદ્અંશે પૂર્ણ થઈ છે. પંડિતના અભાવમાં શિક્ષકની ગરજ સારે એવું આ વિવરણ પ્રાથમિક અભ્યાસુઓને પણ સહાયક છે અને ઊંડા અભ્યાસીઓને પણ તેમાંથી સમાધાન મળી રહે છે. સમાસ અને રૂપોનાં કોઠાઓ તેની ઉપયોગિતા ઘણી વધારી દે છે...

શબ્દાનુશાસનના હાર્દ સમા આખ્યાત પ્રકરણ પરનું વિવરણ પણ બહાર પડી રહ્યું છે, તે જાણીને ખૂબ આનંદ થયો... અભ્યાસુઓની અપેક્ષાઓ તેમાં પણ સંતોષાશે એવી શ્રદ્ધા છે... તમારી આ જ્ઞાનસાધના અવિરત ધપાવતા રહો અને સ્વ-પર ઉપકાર દ્વારા શ્રી જિનશાસનની જ્યોતિ ઝળહળતી રાખો એવી શુભાભિલાષા...

દ.
રત્નસુંદરસૂરિ

(૯)

પં. શ્રી વજ્રસેનવિજયજી મ. સા.
કારતક વદ-૧, જામનગર.

સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી તથા સાધ્વી શ્રી પ્રશાંતયશાશ્રીજી આદિએ જે સિદ્ધ-હેમ-શબ્દાનુશાસન ઉપર ગુજરાતી વિવરણ તથા સાધનિકા આદિ તૈયાર કરી છે તે વ્યાકરણના અભ્યાસીઓને ખૂબ ઉપયોગી થશે...

આવા જ્ઞાન વિકાસના કાર્યો તેઓ કરતા રહે તેજ દેવ-ગુરુ પ્રત્યે પ્રાર્થના...

દા
વજ્રસેન

(૧૦)

ગ. શ્રી નયચંદ્રસાગરજી મ. સા.

પૂ. શ્રમણીવર્યાશ્રી !!! અનુવંદના. સુખશાતા.

આપના તરફથી પ્રકાશિત પુસ્તક આધુનિકકાળની જિનશાસનને ભેટ છે. પુસ્તકના ઢગલા વચ્ચે બેસીને તલસ્પર્શી વ્યાકરણ જેવા વિષયમાં જ્ઞાન મેળવવાના કંટાળાજનક કાળમાં અભ્યાસુ માટે માત્ર એક પુસ્તકમાંથી બધી જ વિગતો આપનાર સંસ્કૃત વ્યાકરણનું એ આદર્શ પુસ્તક બની રહેશે.

અવિરત પ્રયત્ન ચાલુ રાખી સંપૂર્ણ વ્યાકરણનું ગુજરાતી વિવેચન શ્રીસંઘના ચરણે સમર્પણ કરો તેવી મનોકામના !!!

ગણિ નયચંદ્રસાગર

(૧૧).

પૂ. શ્રી અભયશેખરવિજયજી મ. સા.
શ્રાવણ વદ-૧, કાંદીવલી, મુંબઈ.

સપ્તવિંશતિ ગુણાલંકૃતા સાધ્વીશ્રી મયૂરકળાશ્રીજી, સાધ્વીશ્રી પ્રશાંતયશાશ્રીજી આદિ. સાદર અનુવંદના.

તમે મોકલેલા ત્રણ પુસ્તકો મળ્યા છે. આનંદ થયો. તમે ખૂબ પરિશ્રમ ઊઠાવ્યો છે ને વિષયને ઘણો સરળ અને સુગમ બનાવ્યો છે એ પુસ્તકો જોતાંજ જણાઈ આવે છે. તમારી શ્રુતભક્તિની ખૂબ ખૂબ અનુમોદના. નવા વિદ્યાર્થીઓને સુગમતા થશે એટલે અનાયાસે બધાની શુભેચ્છાઓ તમને સાંપડશે. આરાધનામાં યાદ કરશો.

અભયશેખર

(૧૨)

પૂ. શ્રી અજીતશેખરવિજયજી મ.. સા.
શ્રાવણ વદ-૪, દાદર, મુંબઈ.

શમદમાદિગુણયુતા સાધ્વીશ્રી લાવણ્યશ્રીજી મ. તથા સાધ્વીશ્રી

મયૂરકળાશ્રીજી મ. જોગ સાદર અનુવંદન.

તમે મોકલાવેલ ત્રણ પુસ્તકોનો સેટ મળ્યો છે. શ્રુતજ્ઞાનની ભક્તિ બદલ અભિનંદન... મોકલવા બદલ ધન્યવાદ. શ્રુતજ્ઞાનની સાધનામાં અને એ દ્વારા સંઘોપયોગી સર્જનોમાં આગળ વધતા રહો એવી શુભેચ્છા છે.

(૧૩)

**પૂ. શ્રી મોક્ષતિલકવિજયજી મ. સા.**
**તપોવન સંસ્કારપીઠ, અમીયાપુર, ગાંધીનગર.**

વિયાદિગુણોપેત સ્વાધ્યાયરસીક સાધ્વીજી મયૂરકળાશ્રીજી આદિ મુ. મોક્ષતિલક વિ. ના અનુવંદનાદિ.

વિશેષ આપ તરફથી સંપાદિત થતાં "સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિનું વિવરણ" અતિશય અદ્ભૂત તૈયાર થઈ રહેલ છે. આપનો આ સફળ પ્રયાસ અનેક નવા ભણનારા માટે ખુબ ખુબ ઉપયોગી થશે. વર્તમાનમાં આપનો આ પ્રયાસ અતિ અનુમોદનીય છે. આપના સુકૃતની ભારોભાર અનુમોદના !!!

મુ. મોક્ષતિલક વિ.

(૧૪)

**પૂ. શ્રી ભવ્યસુંદરવિજયજી મ. સા.**
**પોષ વદ-૦)), મુલુંડ, મુંબઈ.**

સાદર અનુવંદના ! સુખશાતા !!!

આપના દ્વારા સંપાદિત "સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ" જોયાં. અત્યારે મારે વ્યાકરણનો અભ્યાસ ચાલે છે. પ્રાથમિક અભ્યાસ માટે અનુવાદ સાધનિકા વિ. ખૂબ ઉપયોગી થાય છે. આપ સહુની મહેનતને ખૂબ ધન્યવાદ ઘટે છે. ભાવિ પેઢીમાં વ્યાકરણનો અભ્યાસ જીવંત રાખવા માટે પ્રકાશનો આવશ્યક છે. જેમાં પહેલ કરીને તમે સહુએ સુંદર કાર્ય કર્યું છે.

હાર્દિક ઉપબૃંહણા કરીએ છીએ. વ્યાકરણનાં અભ્યાસીઓને ગુજરાતીમાં સરળ રીતે સમજણ મળે એવું બીજુ એકપણ પુસ્તક હજી જોવામાં આવ્યું નથી. એટલે આખ્યાત પ્રકરણ વિ. પર પણ વિવેચન કરવાનો પ્રયાસ આવકાર્ય જ રહેશે. વહેલી તકે એ કાર્ય પૂર્ણ થાય અને અભ્યાસુઓને સહાયક થાય એવી શુભેચ્છાઓ !!!

(હસ્તાક્ષર)

(૧૫)

**શ્રી માણેકલાલ હરગોવનદાસ સોનેથા**
**મહા સુદ-૪. ગોપીપુરા, સુરત.**

શિક્ષણનો અર્થ શારીરિક માનસિક બૌદ્ધિક વિકાસ કરવાનો છે. શિક્ષણના ધ્યેયને સિદ્ધ કરવા સર્વાંગી વિકાસ કરવા ભાષાના વિશેષ જ્ઞાનની જરૂરિયાત છે. આપણા દેશની ભાષાઓમાં સંસ્કૃત ભાષા પ્રાચીન ભાષા છે. સંસ્કૃત ભાષાને ગિર્વાણગિરા (દેવભાષા) કહેવાય છે, પહેલાં સંસ્કૃત ભાષા બોલવામાં વપરાતી ભાષા હતી.

સંસ્કૃત ભાષા નિયમબદ્ધ ભાષા છે. આ સંસ્કૃત ભાષાના અભ્યાસ માટે કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્ય ભગવન્તે બનાવેલ સિદ્ધહેમ-શબ્દાનુશાસન વ્યાકરણના અભ્યાસ માટે પૂજ્ય સાધ્વીજી મ.સા. તૈયાર કરેલ લઘુવૃત્તિ વ્યાકરણના પાદ ૧૧ થી ૧૬ નું વાચન કરવા મને અવસર મળ્યો. શ્રુતજ્ઞાનની ભક્તિનો લાભ આપ્યો તે માટે પૂજ્ય મયૂરકળાશ્રીજી મ.સા. તથા પૂજ્ય પ્રશાન્તયશાશ્રીજી મ.સા. નો ઉપકાર માનુ છું.

પૂજ્ય પ્રશાન્તયશાશ્રીજી મ.સાહેબે આ વિષયના સારા પ્રકાશન માટે ઘણો સમય આપેલ છે. તે માટે તેઓશ્રીની સંયમસાધના તેમજ તેમના જ્ઞાનની અનુમોદના કરું છું.

શાસન દેવને પ્રાર્થના કરું છું કે પૂજ્ય પ્રશાન્તયશાશ્રીજી મ.સાહેબ હજુ બીજા ગ્રન્થો અભ્યાસકોને ઉપયોગી થાય તે રીતે તૈયાર કરી પ્રકાશન કરે વિનંતી છે.

॥ अर्हम् ॥

# तृतीयस्याध्यायस्य तृतीयःपादः

## આખ્યાતપ્રકરણ

### (આત્મનેપદવિધિ-પરસ્મૈપદવિધિ)

### वृद्धिराऽऽदैदौत् । ३-३-१

**અર્થ:**- आ, आर्, ऐ અને औ દરેકને વૃદ્ધિ સંજ્ઞા થાય છે.

**વિવેચન** - (૧) अ ની વૃદ્ધિ आ. मार्ष्टि = તે સાફ કરે છે.

मृज्+ति - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

मर्ज्+ति - लघोरुपा... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

मार्ज्+ति - मृजोऽस्य... ૪-૩-૪૨ થી अ ની વૃદ્ધિ आ

અને આ સૂત્રથી आ ને વૃદ્ધિ સંજ્ઞા.

मार्ष्+ति - यज-सृज-मृज... ૨-૧-૮૭ થી ज् નો ष्.

मार्ष्टि - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

(૨) ऋ ની વૃદ્ધિ आर्. कार्यम् = કરવા યોગ્ય.

कृ+य (घ्यण्) - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય.

कार्+य - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्

અને આ સૂત્રથી आर् ને વૃદ્ધિ સંજ્ઞા.

कार्यम् - सि વિગેરે પ્રત્યયાદિ કાર્ય થવાથી.

(૩) ई ની વૃદ્ધિ ऐ. नायकः = લઈ જનાર.

नी+अक (णक) - णकतृचौ ૫-૧-૪૮ થી णक પ્રત્યય.

नै+अक - नामिनो... ૪-૩-૫૧ થી ई ની વૃદ્ધિ ऐ

અને આ સૂત્રથી ऐ ને વૃદ્ધિ સંજ્ઞા.

नाय्+अक - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

नायकः - सि વિગેરે પ્રત્યયાદિ કાર્ય થવાથી.

(४) उ ની વૃદ્ધિ औ. औपगवः = ઉપગુ ઋષિનું સંતાન.

उपगु+अण् - ङसोपत्ये ६-१-२८ થી अण् પ્રત્યય.

औपगु+अण् - वृद्धिः स्वरे... ७-४-१ થી उ ની વૃદ્ધિ औ

અને આ સૂત્રથી औ ને વૃદ્ધિ સંજ્ઞા.

औपगव् + अण् - अस्वय... ७-४-७० થી અંત્ય उ નો अव्.

औपगवः - सि વિગેરે પ્રત્યયાદિ કાર્ય થવાથી.

✡ વૃદ્ધિ એ સંજ્ઞા છે. અને आ, आर्, ऐ અને औ એ સંજ્ઞિ છે.

✡ વૃદ્ધિ શબ્દ વિધેય હોવાથી "आ, आर्, ऐ અને औ ની વૃદ્ધિ સંજ્ઞા થાય છે તેથી વૃદ્ધિ શબ્દનો સૂત્રમાં પરનિપાત થવો જોઈએ પરંતુ મંગલને માટે આદિમાં મૂક્યો છે.

✡ आ વિગેરે બે પ્રકારે હોય છે. (१) તદ્ભાવિત અને (२) અતદ્ભાવિત. તેમાં અહીં તદ્ભાવિતની વૃદ્ધિ સંજ્ઞા થાય છે.

- તદ્ભાવિત = વૃદ્ધિ કરનારા સૂત્રો દ્વારા आ, आर्, ऐ અને औ થયા હોય તેને તદ્ભાવિત કહેવાય છે. જેમ કે - ञ्णिति - ४-३-५०, नामिनो... ४-३-५१, वृद्धिःस्वरे... ७-४-१ વિગેરે સૂત્રોથી થતી વૃદ્ધિને તદ્ભાવિત કહેવાય છે.
- અતદ્ભાવિત = વૃદ્ધિ શબ્દથી જેનું વિધાન ન કરાયું હોય તેવા आ, आर्, ऐ અને औ અતદ્ભાવિત કહેવાય છે. જેમ કે -

અતદ્ભાવિતના ચાર ઉદાહરણ :-

(१) राजा - અહીં राजन् શબ્દમાં ધાતુપાઠ સંબંધી आ છે.

(२) प्रार्च्छति - અહીં ऋत्या... १-२-९ થી आर् થયો છે પણ વૃદ્ધિ શબ્દથી आर् થયેલો નથી.

(३) रैपात्रं - અહીં નામ સંબંધી ऐ છે.

(४) नौघोषः - અહીં નામ સંબંધી औ છે.

## गुणोऽरेदोत् । ३-३-२

**અર્થ**:- अर्, ए અને ओ દરેકને ગુણ સંજ્ઞા થાય છે.

**વિવેચન** - (१) ऋ નો ગુણ अर्. करोति = તે કરે છે.

कृ+ति - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

कृ+उ+ति - कृग्तनादेरुः ૩-૪-૮૩ થી तिव् ની પૂર્વે उ.

कृ+ओ+ति - उश्नोः ૪-૩-૨ થી उ નો ગુણ ओ.

करोति - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्

અને આ સૂત્રથી ओ અને अर् ને ગુણ સંજ્ઞા

(૨) इ નો ગુણ ए. चेता = તે ભેગું કરશે.

चि+ता - ता तारौ तारस्... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

चेता - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए

અને આ સૂત્રથી ए ની ગુણ સંજ્ઞા

(૩) उ નો ગુણ ओ - स्तोता = તે સ્તુતિ કરશે.

स्तु+ता - ता तारौ तारस्... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

स्तोता - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ

અને આ સૂત્રથી ओ ની ગુણ સંજ્ઞા

✡ અહીં પણ ઉપરના સૂત્રની જેમ गुण શબ્દનો પરનિપાત હોવો જોઈએ પણ મંગલને માટે પૂર્વનિપાત કરેલો છે.

## क्रियाऽर्थो धातुः । ३-३-३

**અર્થ**:- કૃતિ, પ્રવૃત્તિ, વ્યાપાર એ ક્રિયાના એકાર્થક શબ્દો છે. પૂર્વાપરીભૂત (એક પછી એક) સાધ્યમાન સ્વરૂપ ક્રિયા છે **અર્થ** જેનો તે શબ્દને ધાતુસંજ્ઞા થાય છે.

**વિવેચન** :- (૧) भवति = તે થાય છે.

भू+ति - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

भू+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

भो+अ+ति - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

भवति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

(૨) अत्ति = તે ખાય છે.

अद्+ति - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

अत्ति - अघोषे... १-३-५० थी द् नो त्.

(૩) गोपायति = તે રક્ષણ કરે છે. गुपौ-रक्षणे (૩૩૨)

गुप्+आय - गुपौ-धूप... ૩-૪-૧ थी आय પ્રત્યય.

गोपाय - लघोरुपा... ૪-૩-૪ थी उ નો ગુણ ओ.

गोपाय+ति - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

गोपाय+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

गोपायति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૪) जुगुप्सते = તે નિંદા કરે છે.

गुप्+स - गुप् तिजो... ૩-૪-૫ થી सन् પ્રત્યય.

गुगुप्+स - सन्-यङश्च ૪-૧-૩ થી દ્વિત્વ.

जुगुप्स - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जुगुप्स+ते - तिव् तस् अन्ति... ૩-૩-૬ થી ते પ્રત્યય.

जुगुप्स+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

जुगुप्सते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૫) पापच्यते = તે વારંવાર રાંધે છે.

पच्+यङ् - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

पपच्+य - सन्-यङश्च ૪-૧-૩ થી દ્વિત્વ.

पापच्+य - आ गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

पापच्य+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

पापच्य+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पापच्यते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૬) पुत्रकाम्यति - पुत्रं इच्छिति इति એ **અર્થ**માં.

पुत्र+काम्य - द्वितीयायाः... ૩-૪-૨૨ થી काम्य પ્રત્યય.

पुत्रकाम्य+ति - *तिव् तस्... ૩-૩-૬ થી ति પ્રત્યય.*

पुत्रकाम्य+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पुत्रकाम्य्+अ+ति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

पुत्रकाम्यति = તે પુત્રની ઇચ્છા કરે છે.

(૭) मुण्डयति - मुण्डं करोति इति એ અર્થમાં.

मुण्ड+णिच् - णिज्बहुलं... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

मुण्डि - त्रन्त्य... ૭-૪-૪૩ થી अ નો લોપ.

मुण्डि+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

मुण्डि+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

मुण्डे+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

मुण्डय्+अ+ति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

मुण्डयति = તે મુંડન કરે છે.

(૮) जवनः = દોડવું. ગતિશીલ અર્થમાં जु સૌત્રધાતુ છે.

जु+अन - भूषा-क्रोधार्थ... ૫-૨-૪૨ થી अन પ્રત્યય.

जो+अन - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

जव्+अन - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

जवन શબ્દનું પ્રથમા એ.વ. जवनः

✿ भू, अद्, गोपाय, जुगुप्स, पापच्य, पुत्रकाम्य, मुण्डि અને जु (સૌત્રધાતુ) વિગેરેમાં આ સૂત્રથી आय, सन्, यङ्‌ काम्य, णिच् વગેરે પ્રત્યયો સહિત ધાતુસંજ્ઞા થાય છે.

(૧) પૂર્વાપરીભૂત = એક ક્રિયામાંથી બીજી ક્રિયામાં આવવું અથવા એક વ્યાપારમાંથી બીજા વ્યાપારમાં આવવું તેને પૂર્વાપરીભૂતા ક્રિયા કહેવાય છે.

દા.ત. चैत्रः पचति = ચૈત્ર રાંધે છે. (રાંધવાની ક્રિયા છોડીને)

चैत्रः पठति = ચૈત્ર ભણે છે. (ભણવાની ક્રિયા છોડીને)

चैत्रः अत्ति = ચૈત્ર ખાય છે.

(૨) સાધ્યમાન = એક ક્રિયા શરૂ કર્યા પછી અવાંતર અનેક ક્રિયાઓથી પૂર્ણ થાય ત્યાં સુધીની જે ક્રિયા તે સાધ્યમાન ક્રિયા છે.

દા.ત. पचति અહીં વિક્લિત્તિરૂપ (પાકરૂપ) ક્રિયા કર્તા વિગેરેને આધીન છે. कः पचति ? चैत्रः, कं पचति ? ओदनम्, केन पचति ? काष्ठैः, कस्मै

पचति ? मैत्राय, कस्मात् पचति ? कुसूलात्, कस्मिन् पचति ? स्थाल्याम् इति । આ રીતે "ચૈત્ર રાંધે છે" એ ક્રિયા આવી અનેક અવાંતર ક્રિયાઓ સહિત સાધ્યમાન ક્રિયા પૂર્ણ થાય છે.

## न प्रादिरप्रत्ययः । ३-३-४

**અર્થ**:- चादि ગણપાઠમાં અન્તર્ગત એવા प्रादि અવ્યયોને ધાતુસંજ્ઞા થતી નથી એટલે કે ધાતુના અવયવરૂપ બનતા નથી. प्रादि અવ્યયોથી પર રહેલાં भ्वादि જ ધાતુસંજ્ઞક છે. પરંતુ अप्रत्यय = प्रादि અવ્યયોથી પર પ્રત્યય લાગેલો હોય તો તે प्रादि ધાતુસંજ્ઞક બને છે.

**વિવેચન** - (१) अभ्यमनायत. अनभिमना अभिमना अभवत् આ અર્થમાં.

अभिमन +क्यङ् - च्व्यर्थे... ૩-૪-૨૯ થી क्यङ् પ્રત્યય અને स् નો લોપ.

अभिमना+य - दीर्घ... ૪-૩-૧૦૮ થી દીર્ઘ.

अभिमनाय - क्रियार्थो... ૩-૩-૩ થી ધાતુસંજ્ઞા.

अभिमनाय+त - दिव् ताम्... ૩-૩-૯ થી त પ્રત્યય.

अभिमनाय+अ+त - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

अभि+अ+मनाय+अ+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अभ्य+मनाय+अ+त - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

अभ्यमनाय्+अ+त - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

अभ्यमनायत = તે સારા મનવાળો થયો.

અહીં प्रादि એવા अभि ને ધાતુસંજ્ઞા ન થતાં मनाय ની જ ધાતુસંજ્ઞા થઈ છે તેથી मनाय ની પૂર્વે अट् નો આગમ થયો. જો આખા अभिमनाय ની ધાતુસંજ્ઞા થઈ હોત તો अट् નો આગમ ન થતાં પૂર્વનાં अ ની વૃદ્ધિ થઈને आभिमनायत એવો અનિષ્ટ પ્રયોગ થાત.

(२) प्रासादीयत्. प्रासादे इव आचरत् આ અર્થમાં.

प्रासाद+क्यन् - आधारा... ૩-૪-૨૪ થી क्यन् પ્રત્યય.

प्रासादीय - क्यनि ૪-૩-૧૧૨ થી પૂર્વનાં अ નો ई.

प्रासादीय - क्रियार्थो... ૩-૩-૩ થી ધાતુસંજ્ઞા.

प्रासादीय+त् - दिव् ताम्... ૩-૩-૯ થી त् પ્રત્યય.

प्रासादीय+अ+त् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

प्र+आ+अ+सादीय+अ+त् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

प्रासादीय+अ+त् - समानानां... ૧-૨-૧ થી अ+आ+अ=आ.

प्रासादीय्+अ+त् - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

प्रासादीयत् = (ઝૂંપડામાં) મહેલની જેમ આચરણ કર્યું.

અહીં પણ प्रादि એવા प्र અને आ ને ધાતુસંજ્ઞા ન થતાં सादीय ની જ ધાતુસંજ્ઞા થઈ છે તેથી सादीय ની પૂર્વે अट् નો આગમ થયો. જો આખા प्रासादीय ની ધાતુસંજ્ઞા થઈ હોત તો सादीय ની પૂર્વે अट् નો આગમ ન થતાં प्रासादीय ની પૂર્વે अट् નો આગમ થઈને अप्रासादीयत् એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**प्रादिरिति किम् ?** अमहापुत्रीयत्. महापुत्रं ऐच्छत् આ અર્થમાં.

महापुत्र+क्यन् - अमाव्ययात्... ૩-૪-૨૪ થી क्यन् પ્રત્યય.

महापुत्रीय - क्यनि ૪-૩-૧૧૨ થી પૂર્વનાં अ નો ई.

महापुत्रीय - क्रियार्थो... ૩-૩-૩ થી ધાતુસંજ્ઞા.

महापुत्रीय+त् - दिव् ताम्... ૩-૩-૯ થી त् પ્રત્યય.

महापुत्रीय+अ+त् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

अमहापुत्रीय+अ+त् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अमहापुत्रीय्+अ+त् - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

अमहापुत्रीयत् = તેણે મહાન પુત્રને ઇચ્છ્યો.

અહીં महत् એ प्रादि અવ્યય ન હોવાથી આખા महापुत्रीय ની જ ધાતુસંજ્ઞા થઈ તેથી अट् નો આગમ महत् ની પૂર્વે જ થયો. प्रादि ની અંતર્ગત महत् ને ગણ્યો હોત તો महत् ની ધાતુસંજ્ઞા ન થાત અને पुत्रीय ની પૂર્વે अट् નો આગમ થઈને महापुत्रीयत् એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**अप्रत्यय इति किम् ?** औत्सुकायत. उत्सुकः इव आचरत् આ અર્થમાં.

उत्सु+क - उदुत्सो... ૭-૧-૧૯૨ થી क પ્રત્યય.

उत्सुक+क्यङ् - क्यङ् ૩-૪-૨૬ થી क्यङ् પ્રત્યય.

उत्सुकाय - दीर्घश्च्वि... ४-३-१०८ थी पूर्वनो स्वर दीर्घ.

उत्सुकाय+त - दिव् ताम्... ३-३-९ थी त प्रत्यय.

उत्सुकाय+अ+त - कर्त्तर्य... ३-४-७१ थी शव् प्रत्यय.

औत्सुकाय+अ+त - स्वरादे... ४-४-३१ थी આદિસ્વરની વૃદ્ધિ.

औत्सुकाय्+अ+त - लुगस्या... २-१-११३ थी પૂર્વનાં अ નો લોપ.

औत्सुकायत = તેણે ઉત્સુક જેવું આચરણ કર્યું.

અહીં उत्सु પ્રત્યય સહિત હોવાથી આ સૂત્રથી ધાતુસંજ્ઞાનો નિષેધ ન થયો તેથી काय ની પૂર્વે अट् નો આગમ ન થતાં उत्सु નાં उ ની વૃદ્ધિ થઈ. જો સૂત્રમાં अप्रत्यय એમ ન લખ્યું હોત તો उत्सु ને ધાતુસંજ્ઞાનો નિષેધ થાત અને काय ની પૂર્વે अट् નો આગમ થઈને उत्स्वकायत એવો અનિષ્ટ પ્રયોગ થાત.

## अवौ दा-धौ दा । ३-३-५

**અર્થ:-** व् અનુબંધ જેમાં ઇત્ નથી એવા दा અને धा સ્વરૂપ ધાતુઓ दा સંજ્ઞક થાય છે.

**વિવેચન :** (१) दां (दाने) (७) - प्रणिदाता (दा ધાતુ) भ्वादि.

प्र+नि+दा+ता - ता तारौ... ३-३-१४ थी ता प्रत्यय.

प्रणिदाता - नेङ्र्मादा... २-३-७९ थी दा સંજ્ઞા થવાથી न् નો ण्.

प्रणिदाता = તે આપશે.

(२) देंङ् (पालने) (६०४) - प्रणिदयते (दे ધાતુ) भ्वादि.

प्र+नि+दे+ते - तिव् तस्... ३-३-६ थी ते प्रत्यय.

प्रनि+दे+अ+ते - कर्त्तर्य... ३-४-७१ थी शव् प्रत्यय.

प्रनि+दय्+अ+ते - एदैतो... १-२-२३ थी ए નો अय्.

प्रणिदयते - नेङ्र्मादा... २-३-७९ थी न् નો ण्.

प्रणिदयते = તે રક્ષણ કરે છે.

(३) डुदांग्क् (दाने) (११३८) - प्रणिददाति. जुहोत्यादि - दा ધાતુ.

प्र+नि+दा+ति - तिव् तस्... ३-३-६ थी ति प्रत्यय.

प्रनि+दादा+ति - हवः शिति ४-१-१२ थी दा द्वित्व.

प्रनि+ददा+ति - ह्रस्वः ४-१-३९ थी पूर्वनो स्वर ह्रस्व.

प्रणिददाति - नेङ्मादा... २-३-७९ थी न् नो ण्.

प्रणिददाति = ते आपे छे.

(४) दोंच् (छेदने) (११४८) - प्रणिद्यति. दिवादि - दोधातु.

प्र+नि+दो+ति - तिव् तस्... ३-३-६ थी ति प्रत्यय.

प्रनि+दो+श्य+ति - दिवादेः... ३-४-७२ थी श्य प्रत्यय.

प्रनि+द्+य+ति - ओतःश्ये ४-२-१०३ थी ओ नो लोप.

प्रणिद्यति - नेङ्मादा... २-३-७९ थी न् नो ण्.

प्रणिद्यति = ते छेदे छे.

(५) ट्धें (पाने) (२८) - प्रणिधयति. भ्वादि - धे धातु.

प्रनि+धे+ति - तिव् तस्... ३-३-६ थी ति प्रत्यय.

प्रनि+धे+अ+ति - कर्त्तर्य... ३-४-७१ थी शव् प्रत्यय.

प्रनि+धय्+अ+ति - एदैतो... १-२-२३ थी ए नो अय्.

प्रणिधयति - नेङ्मादा... २-३-७९ थी न् नो ण्.

प्रणिधयति = ते पीवे छे.

(६) डुधांग्क् (धारणे -दाने) (११०२) - प्रणिदधाति. जुहोत्यादि-धा धातु.

प्र+नि+धा+ति - तिव् तस्... ३-३-६ थी ति प्रत्यय.

प्रनि+धाधा+ति - हवःशिति ४-१-१२ थी धा द्वित्व.

प्रनि+धधा+ति - ह्रस्वः ४-१-३९ थी पूर्वनो स्वर ह्रस्व.

प्रनि+दधा+ति - द्वितीय... ४-१-४२ थी पूर्वनां ध् नो द्.

प्रणिदधाति - नेङ्मादा... २-३-७९ थी न् नो ण्.

प्रणिदधाति = ते धारण करे छे, ते आपे छे.

**अवाविति किम्** ? दांव्क् (लवने) (१०७०) दातं. अदादि-दा धातु.

दा+क्त - क्त क्तवतू ५-१-१७४ थी क्त प्रत्यय.

दात+अम् - समानादमो... १-४-४६ थी अम् ना अ नो लोप.

दातम् (बर्हिः) = તેણે બર્હિસ્ નામના ઘાસને કાપ્યું.

અહીં दांव्क् ધાતુ व् ઈત્‌વાળો છે તેથી આ સૂત્રથી दा સંજ્ઞક ન થયો જો दा સંજ્ઞક થયો હોત તો दत् ૪-૪-૧૦ થી दत् આદેશ થઈને दत्तम् એવું અનિષ્ટ રૂપ થાત.

(૨) दैव् (शोधने) (૨૯) अवदातं. भ्वादि - दै ધાતુ.

अव+दै+क्त - क्त क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

अवदात - आत् सन्ध्यक्षरैः ૪-૨-૧ થી ऐ નો आ.

अवदात+अम् - समाना... ૧-૪-૪૬ થી अम् ના अ નો લોપ.

अवदातं (मुखम्) = તેણે મોઢું સાફ કર્યું.

અહીં दैव् ધાતુ व् ઈત્‌વાળો હોવાથી આ સૂત્રથી दा સંજ્ઞક ન થયો જો दा સંજ્ઞક થયો હોત તો स्वरादु... ૪-૪-૯ થી दा નો त्त् આદેશ થઈને अवत्तम् એવું અનિષ્ટ રૂપ થાત.

✿ અહીં दा સ્વરૂપ ચાર ધાતુ છે અને धा સ્વરૂપ બે ધાતુ છે. એમ કુલ છ ધાતુ આ સૂત્રથી दा સંજ્ઞક બને છે.

**પ્રશ્ન** : दे, दो, धे ધાતુ दा કે धा સ્વરૂપ ન હોવા છતાં અહીં કેમ ગ્રહણ કર્યા છે ?

**જવાબ** : दे, दो, धे ધાતુ दा કે धा સ્વરૂપ ન હોવા છતાં તે ધાતુઓને दा સંજ્ઞા થઈ શકે છે કેમ કે તે ધાતુઓનાં ए અને ओ નો અશિત્ પ્રત્યયનાં વિષયમાં आत्सन्ध्यक्षरैः ૪-૨-૧ થી आ થઈને दा સ્વરૂપ બને જ છે માટે शित् પ્રત્યયના વિષયમાં પણ તે ધાતુઓને ગ્રહણ કરીને दा સંજ્ઞા કરી છે.

## वर्तमाना - तिव्-तस्-अन्ति, सिव्-थस्-थ, मिव्-वस्-मस्, ते-आते-अन्ते, से-आथे-ध्वे, ए-वहे-महे । ३-३-६

**અર્થ**:- तिव् થી માંડીને महे સુધીનાં અઢાર પ્રત્યયોને વર્તમાના સંજ્ઞા થાય છે.

**વિવેચન** : (૧) तिव्-सिव् અને मिव् આ ત્રણ પ્રત્યયોમાં व् ઈત્ કરવાનું ફળ એજ છે કે शिदवित् ૪-૩-૨૦ સૂત્રથી वित् સિવાયનાં પ્રત્યયો (અવિત્ શિત્ પ્રત્યયો) ङिद् वत् થાય છે. જ્યારે પ્રત્યયો वित् હોય

ત્યારે ગુણ વિગેરે થાય અને अवित् હોય ત્યારે ङित् થવાથી ગુણ વિગેરે નથી થતાં આજ वित् કરવાનું ફળ છે. અન્યત્ર પણ પ્રત્યયોને वित् કરવાનું પ્રયોજન આ પ્રમાણે જાણવું.

✿ स्मे च वर्तमाना - ५-२-१६, ननौ पृष्टोक्तौ ५-२-१७, नन्वोर्वा ५-२-१८, सति - ५-२-१९ વગેરે સ્થાનો વર્તમાનાનાં છે.

## सप्तमी - यात्-याताम्-युस्, यास्-यातम्-यात, याम्-याव-याम, ईत-ईयाताम्-ईरन्, ईथास्-ईयाथाम्-ईध्वम्, ईय-ईवहि-ईमहि । ३-३-७

**અર્થ:-** यात् થી માંડીને ईमहि સુધીનાં અઢાર પ્રત્યયોને સપ્તમી (વિધ્યર્થ) સંજ્ઞા થાય છે.

**વિવેચન :** इच्छार्थे... ५-४-८६, सप्तमी चोर्ध्वं... ५-३-१२, जातु-यद्-यदा... ५-४-१७, सप्तम्यु... ५-४-२१, इच्छार्थे... ५-४-२७, વિગેરે સૂત્રો સપ્તમીનાં સ્થાન છે.

(૧) **વિધિ** = ક્રિયામાં પ્રેરણા કરવી તે. દા.ત. चैत्रः पचेत् = ચૈત્ર રાંધે. અહીં ચૈત્રને રાંધવાની પ્રેરણા કરે છે.

(૨) **નિમંત્રણ** = પ્રેરણા કર્યા પછી જે ક્રિયા કરવી જ પડે તે. એટલે કે જેનો ઇન્કાર ન કરી શકાય તે. દા.ત. द्विसन्ध्यं आवश्यकं कुर्यात् = બે ટાઈમ પ્રતિક્રમણ કરવું જોઈએ.

(૩) **આમંત્રણ** = પ્રેરણા કર્યા પછી તે કરે કે ન કરે તે. દા.ત. इह आसीत् = અહીં બેસો. આવું કહ્યા પછી બેસે કે ન બેસે તે સામી વ્યક્તિને આધીન છે.

(૪) **અધીષ્ટ** = બહુમાનપૂર્વક પ્રેરણા કરવી તે. દા.ત. व्रतं रक्षेत् = વ્રતનું રક્ષણ કરો.

(૫) **સંપ્રશ્ન** = શું કરવું ? એ નિર્ણય માટે વિનયપૂર્વક પૂછવું તે. દા.ત. व्याकरणं अधीयीय उत सिद्धान्तम् ? = હું વ્યાકરણ ભણું કે સિદ્ધાન્ત ભણું ?

(૬) **પ્રાર્થના** = પ્રાર્થના કરવી તે. દા.ત. व्याकरणं अधीयीय = હું વ્યાકરણ ભણું. એટલે કે મને વ્યાકરણ ભણાવો.

(૭) **સંભાવના** = ઉચ્ચ કોટીની (સારી) કલ્પના કરવી તે. દા.ત. भवेद् असौ भव्यः तत्त्व श्रद्धानात् = (હું કલ્પના કરૂં છું) તત્ત્વની શ્રદ્ધા હોવાથી આ ભવ્ય હોય. (હશે.)

**પ્રશ્ન** : આ વિભક્તિને "સપ્તમીવિભક્તિ" શા માટે કહી ?

**જવાબ** : વિધિ વિગેરે સાત પ્રકારના અર્થ વિશેષના કારણે પૂર્વાચાર્ય ક્રમવડે કરીને તે સાત સંખ્યાપૂરક હોવાથી સપ્તમી એ પ્રમાણે નામનો વ્યવહાર કર્યો હોય એમ લાગે છે.

પાણીની વિગેરે વ્યાકરણાચાર્યોએ વર્તમાનાદિ સ્થાનમાં लट्-लिट्-लुट्-लृट्-लोट्-लङ्-लिङ्-लुङ् અને लृङ् એ પ્રમાણે ભિન્ન ભિન્ન અનુબંધવાળા લકાર કરેલા છે તેમાં વિધ્યાદિ અર્થોમાં लिङ् નું વિધાન કર્યું છે. અને એ लिङ् વિભક્તિનો તેમાં સાતમો નંબર છે તેથી હેમચન્દ્રાચાર્ય મહારાજે આ વિભક્તિને સપ્તમી વિભક્તિ એપ્રમાણે નામ આપ્યું છે. तत्त्वं केवलिगम्यम् ।

**पञ्चमी - तुव्-ताम्-अन्तु, हि-तम्-त,**
**आनिव्-आवव्-आमव्, ताम्-आताम्-अन्ताम्,**
**स्व-आथाम्-ध्वम्, ऐव्-आवहैव्-आमहैव् । ३-३-८**

**અર્થઃ**- तुव् થી માંડીને आमहैव् સુધીનાં અઢાર પ્રત્યયોને પઞ્ચમી (આજ્ઞાર્થ) સંજ્ઞા થાય છે.

**વિવેચન** : स्मे पञ्चमी ५-४-३१, इच्छार्थे... ५-४-२७, प्रैषाऽनुज्ञा... ५-४-२९, आशिष्या... ५-४-३८, વિગેરે સૂત્રો પઞ્ચમીનાં સ્થાન છે.

(૧) **પ્રૈષ** = તિરસ્કાર પૂર્વક પ્રેરણા કરવી તે. દા.ત. कटं करोतु = સાદડી કરો. નોકરને તિરસ્કારપૂર્વક પ્રેરણા કરાય છે.

(૨) **અનુજ્ઞા** = સામાની ઈચ્છાનુસાર સંમતિ આપવી તે. દા.ત. ग्रामं गच्छतु = ગામ જાઓ. ગામ જવાની ઈચ્છાવાળી વ્યક્તિને પોતાની સંમતિ જણાવે છે.

(૩) **અવસર** = ક્રિયા કરવાનો ઉચિત સમય તે. દા.ત. वर्षतु मेघः = વરસાદ વરસો. વરસાદ વરસવાનો ઉચિત સમય છે એ ભાવ જણાવે છે.

✡ ઉપર પ્રમાણે સપ્તમીની જેમ પંચમીનો (लोट् નો) પાંચમો નંબર છે તેથી આ વિભક્તિને પંચમી વિભક્તિ એ પ્રમાણે નામ આપ્યું છે.

✡ ઉપરના સૂત્રમાં કહેલા વિધિ વિગેરે અર્થોમાં અને આશીર્વાદ અર્થમાં પણ પંચમી વિભક્તિ થાય છે.

## ह्यस्तनी - दिव्-ताम्-अन्, सिव्-तम्-त, अम्व्-व-म, त-आताम्-अन्त, थास्-आथाम्-ध्वम्, इ-वहि-महि । ३-३-९

**અર્થ**:- दिव् થી માંડીને महि સુધીનાં અઢાર પ્રત્યયોને હ્યસ્તની સંજ્ઞા થાય છે.

**વિવેચન** : अनद्यतने ह्यस्तनी ५-२-७, ह-शश्वद्... ५-२-१२, વિગેરે સૂત્રો હ્યસ્તનીનાં સ્થાન છે.

✡ હ્યસ્તન ભૂતકાળ = સવારે ઉઠવાના કાળથી માંડીને રાત્રે સૂવાના કાળ સુધીનાં કાળને અદ્યતન કાળ કહેવાય છે. અથવા આજની રાત્રીના બાર વાગ્યાથી માંડીને આગામી રાત્રિના બાર વાગ્યા સુધીનો કાળ તે અદ્યતન કાળ કહેવાય છે. આનાથી ભિન્ન જે વીતેલો કાળ તેને અનદ્યતન કાળ (હ્યસ્તનકાળ) કહેવાય છે. દા.ત. अपचत् = તેણે પ્રભાત પહેલાં અથવા આજ રાત્રિના મધ્યભાગ પહેલાં રાંધ્યું.

## एताः शितः । ३-३-१०

**અર્થ**:- ઉપર કહેલાં વર્તમાના, સપ્તમી, પંચમી અને હ્યસ્તની આ ચાર કાળના પ્રત્યયો શિત્ (શ્ ઇત્‌વાળા) જાણવા.

**વિવેચન : (૧) વર્તમાના** - भवति = થાય છે. સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

**(૨). સપ્તમી** - भवेत् = થવું જોઈએ.

भू+यात् - यात् याताम्... ૩-૩-૭ થી यात् પ્રત્યય.

भू+अ+यात् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

भो+अ+यात् - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

भव्+अ+यात् - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

भव+इत् - यः सप्तम्याः ૪-૨-૧૨૨ થી या નો इ.

भवेत् - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+ई = ए.

(૨) **પંચમી** - भवतु = થાય.

भू+तु - तुव् ताम्... ३-३-८ થી तुव् પ્રત્યય.

भू+अ+तु - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

भो+अ+तु - नामिनो... ४-३-१ થી ऊ નો ગુણ ओ.

भवतु - ओदौतो... १-२-२४ થી ओ નો अव्.

(૨) **હ્યસ્તની** - अभवत् = થયું.

भू+त् - दिव् ताम्... ३-३-९ થી दिव् પ્રત્યય.

भू+अ+त् - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

भो+अ+त् - नामिनो... ४-३-१ થી ऊ નો ગુણ ओ.

भव्+अ+त् - ओदौतो... १-२-२४ થી ओ નો अव्.

अभवत् - अड्धातो... ४-४-२९ થી अट् નો આગમ.

**अद्यतनी - दि-ताम्-अन्, सि-तम्-त, अम्-व-म्, त-आताम्-अन्त, थास्-आथाम्-ध्वम्, इ-वहि-महि । ३-३-११**

**અર્થ**:- दि થી માંડીને महि સુધીનાં અઢાર પ્રત્યયોને અદ્યતની સંજ્ઞા થાય છે.

**વિવેચન** : अद्यतनी ५-२-४, वाऽद्यतनी पुरादौ ५-२-१५, माङ्यद्यतनी ५-४-३९ વિગેરે સૂત્રો અદ્યતનીનાં સ્થાન છે.

**अद्यतनी** = આજનો ભૂતકાળ.

(૧) આજના ભૂતકાળના **અર્થ**માં અદ્યતની વિભક્તિ થાય છે. દા.ત. अद्य व्यहार्षीत् = આજે વિહાર કર્યો.

(૨) અનદ્યતન - હ્યસ્તન ભૂતકાળ હોય છતાં પણ તે જણાવવાની ઈચ્છા ન હોય અને સામાન્યથી જ ભૂતકાળ જણાવવો હોય ત્યારે પણ અદ્યતની વિભક્તિ થાય છે. દા.ત. रामो वनम् अगमत् = રામ વનમાં ગયા.

(૩) અદ્યતન અને હ્યસ્તન બંને ભૂતકાળની મિશ્રતા હોય ત્યાં પણ અદ્યતની વિભક્તિ થાય. દા.ત. अद्य ह्यो वा अभुक्ष्महि = આજે અથવા ગઈકાલે અમે ખાધું.

(૪) ક્રિયાપદની સાથે मा નો યોગ હોય ત્યારે સર્વ વિભક્તિના વિષયોમાં અને દરેક કાળનો અર્થ સૂચવવા પણ અદ્યતની વિભક્તિ થાય છે. દા.ત. मा कार्षीत् पापं = પાપ ન કર.

## परोक्षा - णव्-आतुस्-उस्, थव्-अथुस्-अ, णव्-व-म, ए-आते-इरे, से-आथे-ध्वे, ए-वहे-महे । ३-३-१२

**અર્થઃ**- णव् થી માંડીને महे સુધીનાં અઢાર પ્રત્યયોને પરોક્ષા સંજ્ઞા થાય છે.

**વિવેચન :** श्रु-सुद्... ૫-૨-૧, कृतास्मरणा... ૫-૨-૧૧, परोक्षे ૫-૨-૧૨, વિગેરે સૂત્રો પરોક્ષાનાં સ્થાન છે.

**પરોક્ષા** = નજરે નહીં દેખાતા કાળમાં થયેલું તે.

ભૂતકાળ અને ભવિષ્યકાળ સંબંધી પરોક્ષત્વ હોય છે. તેમાં ભવિષ્યકાળ સંબંધી પરોક્ષ અનિશ્ચિત હોવાથી ભૂતકાળ સંબંધી પરોક્ષમાં જ પરોક્ષા વિભક્તિ થાય છે.

(૧) ક્યારેક હ્યસ્તન ભૂતકાળમાં થએલી ક્રિયા પરોક્ષ હોય ત્યારે પરોક્ષા વિભક્તિ થાય છે. દા.ત. धर्मं दिदेश तिर्थंकरः = તિર્થંકર ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો.

(૨) જયારે પરોક્ષત્વની વિવક્ષા ન કરે ત્યારે હ્યસ્તની વિભક્તિ પણ થાય છે. દા.ત. धर्मं अदिशत् तिर्थंकरः = તિર્થંકર ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો.

(૩) જયારે હ્યસ્તનત્વની વિવક્ષા ન કરે ત્યારે અદ્યતની વિભક્તિ પણ થાય છે. દા.ત. धर्मं अदिक्षत् तिर्थंकरः = તિર્થંકર ભગવંતે ધર્મનો ઉપદેશ આપ્યો.

(૪) કરેલી વાતને છુપાવવી હોય અથવા વિસ્મરણ થયું હોય ત્યાં ભૂતકાળમાં પરોક્ષ વસ્તુ ન હોવા છતાં પણ પરોક્ષા વિભક્તિ થાય છે. દા.ત. कलिङ्गेषु त्वया ब्राह्मणो हतः ? = કલિંગમાં તારા વડે બ્રાહ્મણને મરાયો હતો ? कः कलिंगान् जगाम ? = કોણ કલિંગ ગયું છે ? को ब्राह्मणं ददर्श ? = કોણે બ્રાહ્મણને જોયો છે ?

આ ઉદાહરણમાં બનેલી વાત છુપાવવામાં આવી છે.

सुप्तोहं किल विललाप = સુતેલો એવો હું વિલાપ કરતો હતો ?

આ ઉદાહરણમાં વાતનું વિસ્મરણ થયેલ છે.

**आशीः - क्यात्-क्यास्ताम्-क्यासुस्, क्यास्-क्यास्तम्-क्यास्त, क्यासम्-क्यास्व-क्यास्म, सीष्ट-सीयास्ताम्-सीरन्, सीष्ठास्-सीयास्थाम्-सीध्वम्, सीय-सीवहि-सीमहि । ३-३-१३**

**અર્થઃ**- क्यात् થી માંડીને सीमहि સુધીનાં અઢાર પ્રત્યયોને આશીઃ સંજ્ઞા થાય છે.

**વિવેચન :** आशीष्याशीः... ૫-૪-૩૮, आशिषि... ૪-૨-૧૧૯, आशिषीणः ૪-૩-૧૦૭, વિગેરે સૂત્રો આશીઃનાં સ્થાન છે.

**श्वस्तनी - ता-तारौ-तारस्, तासि-तास्थस्-तास्थ, तास्मि-तास्वस्-तास्मस्, ता-तारौ-तारस्, तासे-तासाथे-ताध्वे, ताहे-तास्वहे-तास्महे । ३-३-१४**

**અર્થઃ**- ता થી માંડીને तास्महे સુધીનાં અઢાર પ્રત્યયોને શ્વસ્તની સંજ્ઞા થાય છે.

**વિવેચન :** अनद्यतने श्वस्तनी ૫-૩-૫, परिदेवने ૫-૩-૬, વિગેરે સૂત્રો શ્વસ્તનીનાં સ્થાન છે.

**શ્વસ્તની** = આવતી કાલનો ભવિષ્યકાળ તે.

આજની રાત્રિના બાર વાગ્યા પછીના ભવિષ્યકાળમાં શ્વસ્તની વિભક્તિ થાય છે. દા.ત. श्वः कर्ता = આવતી કાલે કરનાર.

**भविष्यन्ती - स्यति-स्यतस्-स्यन्ति, स्यसि-स्यथस्-स्यथ, स्यामि-स्यावस्-स्यामस्, स्यते-स्येते-स्यन्ते, स्यसे-स्येथे-स्यध्वे, स्ये-स्यावहे-स्यामहे । ३-३-१५**

**અર્થઃ**- स्यति થી માંડીને स्यामहे સુધીનાં અઢાર પ્રત્યયોને ભવિષ્યન્તી સંજ્ઞા થાય છે.

**વિવેચન :** भविष्यन्ती ૫-૩-૪, વિગેરે સૂત્રો ભવિષ્યન્તીનાં સ્થાન છે.

**क्रियातिपत्तिः - स्यत्-स्यताम्-स्यन्, स्यस्-स्यतम्-स्यत, स्यम्-स्याव-स्याम, स्यत-स्येताम्-स्यन्त, स्यथास्-स्येथाम्-स्यध्वम्, स्ये-स्यावहि-स्यामहि । ३-३-१६**

**અર્થઃ**- स्यत् થી માંડીને स्यामहि સુધીનાં અઢાર પ્રત્યયોને ક્રિયાતિપત્તિ સંજ્ઞા થાય છે.

**વિવેચન :** सामर्थ्ये... ૫-૪-૯, भूते ૫-૪-૧૦, वोतात् प्राक् ૫-૪-૧૧ વિગેરે સૂત્રો ક્રિયાતિપત્તિનાં સ્થાન છે.

**ક્રિયાતિપત્તિ** = એક બીજા ઉપર આધાર રાખનારી બે ક્રિયાઓ કોઈપણ કારણથી ન થાય ત્યારે ભૂત અને ભવિષ્યકાળમાં વર્તતાં ધાતુથી ક્રિયાતિપત્તિ વિભક્તિ થાય છે.

દા.ત. सुवृष्टिः चेत् अभविष्यत् सुभिक्षं अभविष्यत् = જો વરસાદ સારો થયો હોત તો સુકાળ થયો હોત અથવા જો વરસાદ સારો થશે તો સુકાળ થશે.

✿ આ પ્રમાણે तिवादि વિભક્તિસંજ્ઞા પ્રકરણ સમાપ્ત.

## त्रीणि त्रीण्यन्ययुष्मदस्मदि । ३-३-१७

**અર્થ:-** દરેક વિભક્તિનાં ત્રણ ત્રણ પ્રત્યયો અનુક્રમે (પહેલાં ત્રણ) અન્ય **અર્થ**માં (બીજા ત્રણ) યુષ્મદર્થમાં અને (ત્રીજા ત્રણ) અસ્મદર્થમાં થાય છે.

(૧) અન્ય અર્થમાં - स पचति - तौ पचतः - ते पचन्ति ।
पचते पचेते पचन्ते ।

(૨) યુષ્મદર્થમાં - त्वं पचसि - युवां पचथः - यूयं पचथ ।
पचसे पचेथे पचध्वे ।

(૨) અસ્મદર્થમાં - अहं पचामि - आवां पचावः - वयं पचामः ।
अहं पचे - आवां पचावहे - वयं पचामहे ।

આ પ્રમાણે સર્વ વિભક્તિમાં જાણવું. पच् ધાતુની સાધનિકા સુગમ છે. अन्ययुष्मदस्मदि એ ત્રણમાંથી બે અથવા ત્રણનું કથન સાથે હોય ત્યારે સૂત્રમાં બતાવ્યા પ્રમાણે પરમાં જે હોય તેને આશ્રયીને तिवादि પ્રત્યયો થાય છે. દા.ત. (૧) स च त्वं च पचथः - અહીં अन्य અને युष्मद् બંને સાથે એક પ્રયોગમાં છે સૂત્રમાં युष्मद् પર હોવાથી तिवादि પ્રત્યય તેને આશ્રયીને થયો.

(૨) स च त्वं च अहं च पचामः - અહીં ત્રણેનો સાથે પ્રયોગ કરાયો છે. સૂત્રમાં अस्मद् પર છે તેથી તેને આશ્રયીને तिवादि પ્રત્યય થયો છે.

(૩) अहं च स च त्वं च पचामः - અહીં પણ ત્રણેનો સાથે પ્રયોગ

કરાયો છે. સૂત્રમાં अस्मद् પર છે તેથી તેને આશ્રયીને तिवादि પ્રત્યય થયો છે.

## एक-द्वि-बहुषु । ३-३-१८

**અર્થ:-** अन्य, युष्मद् અને अस्मद् માં જે ત્રણ ત્રણ વચનો ઉપરનાં સૂત્રમાં કહ્યાં તે અનુક્રમે એકાર્થક હોય ત્યારે એકવચન, દ્વ્યર્થક હોય ત્યારે દ્વિવચન અને બહ્વર્થક હોય ત્યારે બહુવચન થાય છે.

| | | એકવચન | દ્વિવચન | બહુવચન |
|---|---|---|---|---|
| (૧) | અન્યાર્થે | स पचति | तौ पचतः | ते पचन्ति । |
| (૨) | યુષ્મદર્થે | त्वं पचसि | युवां पचथः | यूयं पचथ । |
| (૩) | અસ્મદર્થે | अहं पचामि | आवां पचावः | वयं पचामः । |

## नवाऽऽद्यानि-शतृ-क्वसू च परस्मैपदम् । ३-३-१९

**અર્થ:-** વર્તમાના વિગેરે સર્વ વિભક્તિનાં શરૂઆતનાં નવ નવ પ્રત્યયો તથા शतृ (अत्) અને क्वसु (वस्) પ્રત્યયોને પરસ્મૈપદ સંજ્ઞા થાય છે.

**વિવેચન :** વર્તમાના - तिव्-तस्-अन्ति, सिव्-थस्-थ, मिव्-वस्-मस् એ પ્રમાણે દરેક વિભક્તિમાં નવ-નવ પ્રત્યયોની પરસ્મૈપદ સંજ્ઞા થશે.

✡ शत्रानशा... ૫-૨-૨૦ થી થતાં शतृ પ્રત્યયને આ સૂત્રથી પરસ્મૈપદ સંજ્ઞા થઈ છે.

✡ तत्र क्वसुकानौ... ૫-૨-૨ થી થતાં क्वसु પ્રત્યયને આ સૂત્રથી પરસ્મૈપદ સંજ્ઞા થઈ છે.

## पराणि कानाऽऽनशौ चाऽऽत्मनेपदम् । ३-३-२०

**અર્થ:-** વર્તમાના વિગેરે સર્વ વિભક્તિનાં પરના નવ નવ પ્રત્યયો તથા कान અને आनश् (आन) પ્રત્યયોને આત્મનેપદ સંજ્ઞા થાય છે.

**વિવેચન :** વર્તમાના - ते-आते-अन्ते, से-आथे-ध्वे, ए-वहे-महे આ પ્રમાણે દરેક વિભક્તિમાં નવ-નવ પ્રત્યયોની આત્મનેપદ સંજ્ઞા થશે.

✡ तत्र क्वसु-कानौ... ૫-૨-૨ થી થતાં कान પ્રત્યયને આ સૂત્રથી આત્મનેપદ સંજ્ઞા થઈ છે.

✿ शत्रानशा... ૫-૨-૨૦ થી થતાં आनश् (आन) પ્રત્યયને આ સૂત્રથી આત્મનેપદ સંજ્ઞા થઈ છે.

## तत् साप्याऽनाप्यात् कर्मभावे, कृत्य-क्त-खलर्थाश्च । ३-३-२१

અર્થઃ- સકર્મક ધાતુથી કર્મણિપ્રયોગમાં અને અકર્મક ધાતુથી તથા અવિવક્ષિત કર્મ છે જેમાં એવા ધાતુઓથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ, कृत्य પ્રત્યયો, क्त પ્રત્યય અને खलर्थक પ્રત્યયો થાય છે.

**વિવેચન : સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગ.**

(૧) क्रियते कटः चैत्रेण = ચૈત્રવડે કટ કરાય છે.

कृ+ते - तिव् तस्..... ૩-૩-૬ થી ते પ્રત્યય.

कृ+य+ते - क्यः शिति ૩-૪-૭૦ થી क्य(य) પ્રત્યય.

क्रियते - रिःशक्या... ૪-૩-૧૧૦ થી ऋ નો रि.

સકર્મક એવા कृ ધાતુથી કર્મણિ પ્રયોગમાં આત્મનેપદ આ સૂત્રથી થયું.

✿ સામાન્યથી કર્મમાં દ્વિતીયા વિભક્તિ થાય છે. પણ અહીં કર્મણિ પ્રયોગમાં કર્મ ઉક્ત થતું હોવાથી "उक्ते कारके प्रथमा स्यात्" થી नाम्नः...૨-૨-૩૧ થી कट શબ્દને પ્રથમા વિભક્તિ થઈ છે. કર્મણિ પ્રયોગમાં આ રીતે કર્મ ઉક્ત થવાથી સર્વત્ર કર્મને પ્રથમા વિભક્તિ થશે.

(૨) चक्राणः कटः चैत्रेण = ચૈત્રવડે કટ કરાતો હતો.

कृ+कान - तत्र क्वसु... ૫-૨-૨ થી कान પ્રત્યય.

कृकृ+आन - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ककृ+आन - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चकृ+आन - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

चक्रान - इवर्णादे... ૧-૨-૨૧ થી ऋ નો र्.

चक्राणः - र-षृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण्.

અહીં સકર્મક એવા कृ ધાતુથી કર્મમાં પરોક્ષ ભૂતકૃદન્તનો कान પ્રત્યય થયો છે.

(૩) क्रियमाणः कटः चैत्रेण = ચૈત્રવડે કટ કરાય છે.

कृ-आनश् - शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય.

कृ+क्य+आन - क्यःशिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

क्रिय+आन - रिःशक्या... ૪-૩-૧૧૦ થી ऋ નો रि.

क्रिय+म्+आन - अतो म आने ૪-૪-૧૧૪ થી म् નો આગમ.

क्रियमाणः - र-षृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण्.

અહીં સકર્મક એવા कृ ધાતુથી કર્મમાં વર્તમાન કૃદન્તનો आनश् પ્રત્યય થયો છે.

✡ **નિત્ય અકર્મક ધાતુથી ભાવે પ્રયોગ.**

(૪) भूयते त्वया = તારાવડે થવાય છે.

भू+ते - तिव तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

भू+य+ते - क्यःशिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

भूयते. અહીં અકર્મક એવા भू ધાતુથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ થયું છે. અહીં આત્મનેપદ પ્રત્યય ભાવમાં હોવાથી ક્રિયામાં લિંગ અને સંખ્યાનો અભાવ હોવાથી અને અન્યપદ પ્રધાન હોવાથી ધાતુને ત્રી.પુ.એ.વ. થાય છે. અને નામને નપું. એ.વ. થાય છે. આવી રીતે સર્વત્ર ભાવે પ્રયોગમાં જાણવું.

(૫) त्वया बभूवानम् = તારાવડે થવાતું હતું.

भू+कान - तत्र क्वसु... ૫-૨-૨ થી कान પ્રત્યય.

भूभू+आन - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

बूभू+आन - द्वितीय... ૪-૧-૪૨ થી भ् નો ब्.

बभू+आन - भू-स्वपो... ૪-૧-૭૦ થી પૂર્વનાં ऊ નો अ.

बभुव्+आन - धातोरि... ૨-૧-૫૦ થી ऊ નો उव्.

बभूवानम् - भुवो वः... ૪-૨-૪૩ થી उ નો ऊ.

અહીં અકર્મક એવા भू ધાતુથી ભાવે પ્રયોગમાં પરોક્ષ ભૂત કૃદન્તનો कान પ્રત્યય થયો છે.

(૬) त्वया भूयमानम् = તારાવડે થવાતું હતું.

भू+आनश् - शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય.

भू+य+आन - क्यःशिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

भूय-म्-आन - अतो म आने ૪-૪-૧૧૪ થી म् નો આગમ.

भूयमानम् - અહીં અકર્મક એવા भू ધાતુથી ભાવે પ્રયોગમાં વર્તમાન કૃદન્તનો आनश् પ્રત્યય થયો છે.

✡ **અવિવક્ષિત કર્મવાળા ધાતુથી ભાવેપ્રયોગ.**

(૭) क्रियते - અહીં અવિવક્ષિત કર્મવાળા कृ ધાતુથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ થયું છે. તેવી જ રીતે चक्राणम्, क्रियमाणम् થશે.

(૮) मृदु पच्यते = નરમ રંધાય છે. અહીં मृदु ક્રિયાવિશેષણ છે પણ કર્મ નથી. અવિવક્ષિત કર્મવાળા पच् ધાતુથી ભાવે પ્રયોગમાં આત્મનેપદ થયું છે.

✡ **સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં कृत्य પ્રત્યય.**

(૯) त्वया कटः कार्यः = તારે કટ કરવી જોઈએ. ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण्.

त्वया कटः कर्तव्यः = તારે કટ કરવી જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી तव्य.

त्वया कटः करणीयः = તારે કટ કરવી જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી अनीय.

त्वया कटः देयः = તારે કટ આપવી જોઈએ. य एच्चातः ૫-૧-૨૮ થી य અને आ નો ए.

त्वया कटः कृत्यः = તારે કટ કરવી જોઈએ. कृ-वृषि... ૫-૧-૪૨ થી क्यप्.

✡ **અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં कृत्य પ્રત્યય.**

(૧૦) शयितव्यम् = સૂવું જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી तव्य.

शयनीयम् = સુવું જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી अनीय.

शेयम् = સુવું જોઈએ. य एच्चातः ૫-૧-૨૮ થી य.

✡ **અવિવક્ષિત કર્મવાળા ધાતુથી ભાવે પ્રયોગમાં कृत्य પ્રત્યય.**

(૧૧) त्वया कार्यम् = તારે કરવું જોઈએ. ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण्.

त्वया कर्तव्यम् = તારે કરવું જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી तव्य.

त्वया करणीयम् = તારે કરવું જોઈએ. तव्यानीयौ ૫-૧-૨૭ થી अनीय.

त्वया देयम् = તારે આપવું જોઈએ. य एच्चातः ૫-૧-૨૮ થી य.

त्वया कृत्यम् = તારે કરવું જોઈએ. कृ-वृषि... ૫-૧-૪૨ થી क्यप्.

✡ **સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં क्त પ્રત્યય.**

(૧૨) त्वया कृतः कटः = તારાવડે કટ કરાએલી હતી.

क्त क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય થયો છે.

✡ **અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં क्त પ્રત્યય.**

(૧૩) शयितम् = સુવાયું. क्त क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય થયો છે.

✡ **અવિવક્ષિત કર્મવાળા ધાતુથી ભાવે પ્રયોગમાં क्त પ્રત્યય.**

कृतं त्वया = તારાવડે કરાએલ હતું.

क्त क्तवतू ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય થયો છે.

✡ **સકર્મક ધાતુથી કર્મણિપ્રયોગમાં खल् પ્રત્યય.**

(૧૪) सुकरः कटः त्वया = તારાવડે સુખપૂર્વક કટ બનાવાઈ છે.

दुःस्वीषतः... ૫-૩-૧૩૯ થી खल् (अ) પ્રત્યય થયો છે.

✡ **અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં खल् પ્રત્યય**

(૧૫) सुशयम् त्वया = તારાવડે સુખપૂર્વક ઊંઘાયું છે.

दुःस्वीषतः... ૫-૩-૧૩૯ થી खल् (अ) પ્રત્યય થયો છે.

✡ **અવિવક્ષિત કર્મવાળા ધાતુથી ભાવે પ્રયોગમાં खल् પ્રત્યય.**

(૧૬) सुकरम् त्वया = તારાવડે સુખપૂર્વક કરાય છે.

दुःस्वीषतः... ૫-૩-૧૩૯ થી खल् (अ) પ્રત્યય થયો છે.

(૧૭) सुकटंकराणि वीरणानि = વીરણ નામનું ઘાસ સુખપૂર્વક કટ રૂપે બને છે.

(अकटः) वीरणानि कटः सुखेन क्रियन्ते આ અર્થમાં च्व्यर्थे... ૫-૩-૧૪૦

થી સકર્મક એવા कृ ધાતુથી કર્મણિ પ્રયોગમાં खल् પ્રત્યય થયો છે.

(૧૮) ईषदाढ्यम्भवं भवता = આપના વડે કંઈક સુખપૂર્વક આઢ્ય થવાયું. सुखेन अनाढ्येन आढ्येन भूयते भवता આ અર્થમાં च्व्यर्थे... ૫-૩-૧૪૦ થી અકર્મક એવા भू ધાતુથી ભાવે પ્રયોગમાં खल् પ્રત્યય થયો છે.

(૧૯) सुज्ञानं तत्त्वं मुनिना = મુનિવડે સુખપૂર્વક તત્ત્વ જાણી શકાય છે. शासू-युधि... ૫-૩-૧૪૧ થી સકર્મક એવા ज्ञा ધાતુથી खलर्थक अन પ્રત્યય થયો છે.

(૨૦) सुग्लानं दीनेन = દીનવડે (રાંકવડે) સુખપૂર્વક ખિન્ન થવાય છે. शासू-युधि... ૫-૩-૧૪૧ થી અકર્મક એવા ग्लै ધાતુથી खलर्थक अन પ્રત્યય થયો છે.

(૨૧) मास आस्यते = માસ સુધી બેસાય છે. અહીં आस् ધાતુ અકર્મક છે. તેના યોગમાં કાળવાચી मास શબ્દ એ કર્મ હોવાથી ધાતુથી વર્તમાનકાળ આત્મનેપદ પ્રથમ પુરુષ એકવચન થયું છે. અને આત્મનેપદથી કર્મ ઉક્ત થવાથી मास શબ્દને પ્રથમા થાય છે.

(૨૨) मासम् आस्यते = માસ સુધી બેસાય છે. काला-ध्व... ૨-૨-૨૩ થી અકર્મક ધાતુનાં પ્રયોગમાં कालादि આધાર કર્મસંજ્ઞક વિકલ્પે બને છે. અને જે પક્ષમાં કર્મસંજ્ઞા થાય ત્યાં જ અકર્મકસંજ્ઞા પણ વિકલ્પે થાય છે. બંને સંજ્ઞાનું કથન હોવાથી આ ઉદાહરણમાં અકર્મકપણાને આશ્રયીને आस्यते એ પ્રમાણે ભાવે પ્રયોગમાં આત્મનેપદ થયું છે. અને સકર્મપણાને આશ્રયીને मास શબ્દ એ કર્મ હોવાથી આત્મને પદથી ઉક્ત ન થવાથી मासम् એ પ્રમાણે કર્મમાં कर्मणि ૨-૨-૪૦ થી દ્વિતીયા વિભક્તિ થઈ છે.

## इङितः कर्त्तरि । ३-३-२२

**અર્થઃ-** इ ઇત્‌વાળા અને ङ ઇત્‌વાળા ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) एधते = વધે છે. एधि (वृद्धौ) (૭૪૧) एध् ધાતુ.

एध्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

एध्+शव्+ते = एधते. कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

✡ एधमानः = વધતો.

एध्+आनश् - शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય.

एध्+शव्+आन - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

एध+म्+आन = एधमान - अतो म आने ૪-૪-૧૧૪ થી अ ની પછી म्.

અહીં एधि ધાતુ इ અનુબંધવાળો (ઈત્‌વાળો) છે તેથી આ સૂત્રથી આત્મનેપદના પ્રત્યયો થયા છે.

(૨) शेते = ઊંઘે છે. शीङ्क् (स्वप्ने) (૧૧૦૫) शी ધાતુ.

शी+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

शे+ते = शेते. शीङ एः शिति ૪-૩-૧૦૪ થી ई નો ए આદેશ.

✡ शयानः = ઊંઘતો.

शी+आनश् - शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય.

शे+आन - शीङ एः शिति ૪-૩-૧૦૪ થી ई નો ए આદેશ.

शय्+आन = शयान - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

અહીં शीङ्क् ધાતુ ङ् અનુબંધવાળો (ઈત્‌વાળો) છે તેથી આ સૂત્રથી આત્મનેપદના પ્રત્યયો થયા છે.

**પ્રશ્ન** : આ સૂત્રની રચના શા માટે કરી ?

**જવાબ** : સામાન્યથી "सति" વિગેરે સૂત્રોથી આત્મનેપદ અને પરસ્મૈપદની વિશેષતા રહિત વર્તમાનાદિ વિભક્તિનું કથન હોવાથી સર્વ ધાતુથી આત્મનેપદ થતું જ હતું છતાં આ સૂત્ર નિયમને માટે છે કે इ ઈત્‌વાળા અને ङ् ઈત્‌વાળા ધાતુથી જ કર્તામાં આત્મનેપદ થાય છે. પણ ङित् ધાતુથી આત્મનેપદ જ થાય આવો વિપરીત નિયમ ન કરવો.

✡ સર્વ ધાતુથી ભાવે પ્રયોગ અને કર્મણિપ્રયોગમાં તો तत् साप्या... ૩-૩-૨૧ થી આત્મનેપદ સિદ્ધ જ થાય છે.

**क्रियाव्यतिहारेऽगति-हिंसा-शब्दार्थ-हसो ह-वहश्चाऽनन्योऽन्यार्थे । ३-३-२३**

**અર્થ**:- બીજાવડે કરવા માટે ઈચ્છાએલી ક્રિયાનું અન્યવડે હરવું (કરવું) તે ક્રિયાવ્યતિહાર કહેવાય છે.

ગત્યર્થક, હિંસાર્થક, શબ્દાર્થક અને हस् ધાતુને વર્જીને ક્રિયા-વ્યતિહારમાં વર્તતાં ધાતુથી તેમજ हृ અને वह् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે. પરંતુ अन्योन्य, इतरेतर અને परस्पर શબ્દનો પ્રયોગ ન કરાયો હોય તો.

**વિવેચન :** (૧) व्यतिलुनते = અન્યનું ઇચ્છાએલું કાપવાનું કામ અન્ય કરે છે.

वि+अति+लू+अन्ते - तिव् तस्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

वि+अति+लू+ना+अन्ते - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

वि+अति+लू+ना+अते - अनतो... ૪-૨-૧૧૪ થી अन्त् નો अत्.

व्यति+लू+ना+अते - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यतिलुना+अते - प्वादेर्ह्रस्वः ૪-૨-૧૦૫ થી लू નો लु.

व्यतिलुनते - श्नश्चातः ૪-૨-૯૬ થી आ નો લોપ.

(૨) व्यतिहरन्ते = અન્યયોગ્ય ભારનું હરણ અન્ય કરે છે.

व्यति+हृ+अन्ते - तिव् तस्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

व्यति+हृ+अ+अन्ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

व्यतिहर्+अ+अन्ते - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

व्यतिहरन्ते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૩) व्यतिवहन्ते भारम् = અન્યયોગ્ય ભારનું વહન અન્ય કરે છે.

व्यति+वह्+अन्ते - तिव् तस्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

व्यतिवह्+अ+अन्ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

व्यतिवहन्ते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

✿ व्यति ઉપસર્ગથી જ ક્રિયાવ્યતિહાર જણાય છે.

**क्रियेति किम् ? चैत्रस्य** धान्यं व्यतिलुनन्ति = ચૈત્રનું ધાન્ય બીજાઓ ગ્રહણ કરે છે. ચૈત્રને ગ્રહણ કરવાનું ધાન્ય કાપણી કરતી વખતે (લવનક્રિયા સમયે) જ અન્ય ગ્રહણ કરે છે. અહીં ક્રિયાવ્યતિહાર નથી પણ દ્રવ્યવ્યતિહાર છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી. लुनन्ति ની સાધનિકા लुनते પ્રમાણે જાણવી.

**गत्यर्थादिवर्जनं किम् ?** (૧) व्यतिसर्प्पन्ति = બીજાને સરકવાની

ક્રિયા બીજા કરે છે.

व्यति+सृप्+अन्ति - तिव् तस्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

व्यतिसृप्+अ+अन्ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

व्यतिसर्प्+अ+अन्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

व्यतिसर्प्प्+अ+अन्ति - र्हादर्ह... ૧-૩-૩૧ થી प् દ્વિત્વ.

व्यतिसर्प्पन्ति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં ગત્યર્થક सृप् ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી.

(૨) व्यतिहिंसन्ति = બીજાને હિંસા કરવાની ક્રિયા બીજા કરે છે.

व्यति+हिंस्+अन्ति - तिव् तस्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

व्यतिहिंस्+अ+अन्ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

व्यतिहिंसन्ति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં હિંસાર્થક हिंस् ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી.

(૩) व्यतिजल्पन्ति = બીજાને બોલવાની ક્રિયા બીજા કરે છે.

સાધનિકા व्यतिहिंसन्ति પ્રમાણે થશે.

અહીં શબ્દાર્થક जल्प् ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી.

(૪) व्यतिहसन्ति = બીજાને હસવાની ક્રિયા બીજા કરે છે.

સાધનિકા व्यतिहिंसन्ति પ્રમાણે થશે.

અહીં हस् ધાતુનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી.

**अनन्योऽन्यार्थ इति किम् ?** अन्योन्यस्य व्यतिलुनन्ति, इतरेतरस्य व्यतिलुनन्ति, परस्परस्य व्यतिलुनन्ति = બીજાને કાપવાની ક્રિયા બીજા કરે છે. लुनन्ति ની સાધનિકા लुनते પ્રમાણે થશે. અહીં ક્રિયાવ્યતિહાર છે પણ अन्योन्य વિગેરે શબ્દનાં પ્રયોગનું વર્જન કરેલું હોવાથી ધાતુને આત્મનેપદ થયું નથી.

**कर्तरीत्येव** - व्यतिगम्यन्ते ग्रामाः = બીજાને ગામ જવાની ક્રિયા બીજા કરે છે. અહીં સૂત્રમાં कर्तरि પ્રયોગ હોય ત્યારે ગત્યર્થક વિગેરે ધાતુથી ક્રિયાવ્યતિહારમાં આત્મનેપદ થતું નથી પણ ભાવેપ્રયોગ અને કર્મણિપ્રયોગમાં તો ગત્યર્થક વિગેરે ધાતુઓથી પણ આત્મનેપદ

પૂર્વસૂત્રથી થાય છે.

✿ ह् ધાતુ હિંસાર્થક છે અને वह् ધાતુ ગત્યર્થક છે તેથી ગત્યર્થક અને હિંસાર્થક ધાતુનાં વર્જનમાં તેનું વર્જન થતું હતું તેથી સૂત્રમાં પૃથક્ ગ્રહણ કર્યા છે. દા.ત. संप्रहरन्ते राजानः = અન્ય રાજાઓ વડે ઈચ્છાએલી પ્રહાર કરવાની ક્રિયા અન્ય રાજાઓ કરે છે. संविवहन्ते वर्गैः = વર્ગોની સાથે પરસ્પર વિવાહ કરે છે.

## निविशः । ३-३-२४

**અર્થ**:- नि પૂર્વક विश् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) निविशते = તે પ્રવેશ કરે છે.

नि+विश्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

निविशते - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

✿ न्यविशत = તેણે પ્રવેશ કર્યો. अट् એ ધાતુનો અવયવ હોવાથી વ્યવધાયક (વિઘ્નકર્તા) બનતો નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું.

✿ मधुनिविशन्तिभ्रमराः = ભમરાઓ મધ ઉપર બેસે છે. અહીં नि પછી विश् ધાતુ છે પણ नि એ ઉપસર્ગ નથી એટલે કે नि અને विश् નો સંબંધ નથી. नि એ मधुनि સપ્તમી એ.વ.નો છે.

## उपसर्गादस्योहो वा । ३-३-२५

**અર્થ**:- ઉપસર્ગથી પર રહેલાં अस् અને ऊह् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) विपर्यस्यते = વિપરીત કરે છે.

विपरि+अस्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

विपरि+अस्+य+ते - दिवादेःश्यः ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

विपर्यस्यते - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

વિકલ્પપક્ષે આત્મનેપદ ન થાય ત્યારે विपर्यस्यति થશે.

(૨) समूहते = સારી રીતે તર્ક કરે છે, એકઠું કરે છે.

सम्+ऊह्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

समूह्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

समूहते. વિકલ્પપક્ષે આત્મનેપદ ન થાય ત્યારે समूहति થશે.

✿ સૂત્રમાં अस्य નું ગ્રહણ હોવાથી दिवादि ગણનો જ अस् ધાતુ ગ્રહણ થશે.

✿ अस् ધાતુ પરસ્મૈપદી છે. પણ આ સૂત્રથી ઉપસર્ગ સહિત હોય ત્યારે વિકલ્પે આત્મનેપદી થયો.

✿ ऊह् ધાતુ નિત્ય આત્મનેપદી છે. પણ આ સૂત્રથી ઉપસર્ગ સહિત હોય ત્યારે વિકલ્પે આત્મનેપદી થયો.

## उत् स्वरात् युजेरयज्ञतत्पात्रे । ३-३-२६

**અર્થ**:- उद् ઉપસર્ગથી તેમજ સ્વરાન્ત ઉપસર્ગથી પર રહેલાં युज् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે. પણ युज् ધાતુનાં **અર્થ**નો સંબંધ યજ્ઞમાં યજ્ઞપાત્રનો વિષય ન હોય તો.

**વિવેચન** : (૧) उद्युङ्क्ते = તે ઉદ્યમ કરે છે.

उद्+युज्+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

उद्+युनज्+ते - रुधां स्वराच्श्नो... ३-४-८२ થી श्न પ્રત્યય.

उद्+युन्ज्+ते - श्नाऽस्त्योर्लुक् ४-२-९० થી श्न ના अ નો લોપ.

उद्+युन्ग्+ते - चजः कगम् २-१-८६ થી ज् નો ग्.

उद्+युन्क्+ते - अघोषे... १-३-५० થી ग् નો क्.

उद्युङ्क्ते - म्नां धुड्वर्गे... १-३-३९ થી न् નો ङ्.

અહીં उद् ઉપસર્ગથી પરમાં युज् ધાતુ છે તેથી આત્મનેપદ થયું.

(૨) उपयुङ्क्ते = તે ઉપયોગ કરે છે. સાધનિકા उद्युङ्क्ते પ્રમાણે થશે. અહીં उप એ સ્વરાન્ત ઉપસર્ગ છે તેથી युज् ધાતુથી આત્મનેપદ થયું.

**उत्स्वरादिति किम् ?** संयुनक्ति = તે સંયુક્ત કરે છે.

सम्+युज्+ति - तिव् तस्... ३-३-६ થી तिव् પ્રત્યય.

सम्+युनज्+ति - रुधां स्वराच्श्नो... ३-४-८२ થી श्न પ્રત્યય.

सम्+युनग्+ति - चजः कगम् २-१-८६ થી ज् નો ग्.

सम्+युनक्+ति - अघोषे... १-३-५० થી ग् નો क्.

संयुनक्ति - तौ मु-मौ... १-३-१४ થી म् નો અનુસ્વાર.

અહીં सम् એ સ્વરાન્ત ઉપસર્ગ ન હોવાથી युज् ધાતુથી આત્મનેપદ થયું નથી.

**अयज्ञतत्पात्र इति किम् ?** द्वन्द्वं यज्ञपात्राणि प्रयुनक्ति = બે બે યજ્ઞપાત્રનો પ્રયોગ કરે છે. प्रयुनक्ति ની સાધનિકા संयुनक्ति પ્રમાણે થશે. प्र ઉપસર્ગ સ્વરાન્ત છે પણ युज् ધાતુનાં અર્થનો સંબંધ યજ્ઞપાત્રનો વિષય બને છે તેથી युज् ધાતુથી આત્મનેપદ થયું નથી.

✡ युजिच् समाधौ (૧૨૫૪) અને युजूंपी योगे (૧૪૭૬) એમ બે युज् ધાતુ છે. સૂત્રમાં અનુબંધ વિનાનો युज् ધાતુ છે તો બેમાંથી रुधादि युज् નું જ ગ્રહણ કર્યું છે કારણ કે युजिच् માં इ ઈત્ હોવાથી તે युज् ધાતુથી કર્તામાં इङ्गितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ સિદ્ધ જ છે. અને रुधादि युज् ધાતુને ફળવાન કર્તામાં ईगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ થાય છે પણ અફળવાન કર્તામાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રમાં रुधादि युज् ધાતુનું વિધાન કર્યું છે.

## परि-व्यवात् क्रियः । ३-३-२७

**અર્થ:-** परि - वि અને अव ઉપસર્ગથી પર રહેલાં क्री ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (१) परिक्रीणीते = તે ખરીદ કરે છે.

परि+क्री+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

परि+क्री+ना+ते - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

परिक्री+नी+ते - एषामी... ૪-૨-૯૭ થી श्ना ના आ નો ई.

परिक्रीणीते - र-षृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण्.

(૨) विक्रीणीते = તે વેંચે છે. (૩) अवक्रीणीते = તે ભાડે લે છે.

સાધનિકા परिक्रीणीते પ્રમાણે થશે.

**उपसर्गादित्येव** - उपरिक्रीणाति = ઉપર ખરીદે છે. અહીં परि ઉપસર્ગ નથી પણ उपरि અવ્યયથી પરમાં क्री ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ डुक्रींग्श् (૧૫૦૮) માં क्री ધાતુ ग् ઈત્ વાળો હોવાથી ईगितः ૩-૩-

૯૫ થી ફલવાન કર્તામાં આત્મનેપદ સિદ્ધ જ હતું પણ અફલવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે જ આ સૂત્રમાં क्री ધાતુનો નિર્દેશ કરેલો છે.

## परा वेर्जे: । ३-३-२८

**અર્થ:-** परा અને वि ઉપસર્ગથી પર રહેલાં जि ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) पराजयते = તે પરાજય પામે છે.

परा+जि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

परा+जि+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

परा+जे+अ+ते - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

पराजयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૨) विजयते = તે વિજય પામે છે. 'સાધનિકા पराजयते પ્રમાણે થશે.

**उपसर्गाभ्यामित्येव** - बहुवि जयति वनम् = ઘણાં પક્ષીઓથી વન આબાદ (ઉત્કૃષ્ટ) છે. बहव: वय: (पक्षिण:) यत्र वनें तद् - बहुवि वनम् અહીં वि પક્ષી **અર્થ**માં છે પણ ઉપસર્ગ નથી તેથી जि ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## समः क्ष्णोः । ३-३-२९

**અર્થ:-** सम् ઉપસર્ગથી પર રહેલાં क्ष्णु ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) संक्ष्णुते शस्त्रम् = શસ્ત્રને તીક્ષ્ણ કરે છે.

**सम इति किम् ?** क्ष्णौति = તીક્ષ્ણ કરે છે.

क्ष्णु+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

क्ष्णौति - उत और्विति... ૪-૩-૫૯ થી उ નો औ.

અહીં અનુપસર્ગક क्ष्णु ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**उपसर्गादित्येव** - आयसं क्ष्णौति = લોઢાના શસ્ત્રને તીક્ષ્ણ કરે છે. અહીં आयसं માં सं એ आयसं શબ્દનો અવયવ છે. પણ ઉપસર્ગ

સંબંધી નથી માટે આ સૂત્રથી क्ष्णु ધાતુને આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

પ્રશ્ન : समोगमृच्छि... ૩-૩-૮૪ એ સૂત્રમાં क्ष्णु ધાતુનું ગ્રહણ કર્યું હોત તો આત્મનેપદ થઈ જાત તો આ સૂત્ર જુદું શા માટે બનાવ્યું ?

જવાબ : બરાબર છે. પણ समोगमृच्छि... ૩-૩-૮૪ એ સૂત્રમાં કર્મ ન હોય ત્યારે આત્મનેપદ થાય છે. જ્યારે અહીં કર્મ સહિતમાં પણ આત્મનેપદ કરવું છે માટે સૂત્રને જુદું બનાવ્યું છે.

## अपस्किरः । ३-३-३०

**અર્થ**:- अप ઉપસર્ગથી પર રહેલાં स्सट् સહિત कृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) अपस्किरते वृषभो हृष्टः = હર્ષિત થયેલો બળદ (માટી ખોદીને - આસપાસ) ફેંકે છે. (ઉછાળે છે.)

अप+कृ+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

अप+स्+कृ+ते - अपाच्चतु... ૪-૪-૯૫ થી स्सट् આગમ.

अपस्कृ+अ+ते - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

अपस्किरते - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

**सस्सट्कनिर्देशः किम् ?** अपकिरति = તે વિખરે છે. અહીં अप ઉપસર્ગપૂર્વક कृ ધાતુ છે પણ स्सट् પૂર્વક कृ ધાતુ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अपेति किम् ?** उपस्किरति = તે કાપે છે, લણે છે. અહીં स्सट् પૂર્વક कृ ધાતુ છે પણ अप ઉપસર્ગ નથી उप ઉપસર્ગ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## उदश्चरः साप्यात् । ३-३-३१

**અર્થ**:- उद् ઉપસર્ગથી પર રહેલાં સકર્મક એવા चर् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) मार्गम् उच्चरते = તે માર્ગને ઉલ્લંઘે છે.

उद्+चर्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

उद्+चर्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

उत्चरते - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

उच्चरते - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો च्.

(૨) गुरुवचनं उच्चरते = તે ગુરૂવચનને ઉલ્લંઘે છે.

અહીં (व्युत्क्रम्य गच्छति) ઉલ્લંઘન કરીને જવું એવો **અર્થ** છે. તેમાં આત્મનેપદ થાય છે તેમ ભક્ષણ **અર્થ**માં પણ उद्+चर् ધાતુથી આત્મને પદ થાય છે.

(૩) ग्रासं उच्चरते = ગ્રાસને ખાય છે. सक्तून् उच्चरते = ભાતાને ખાય છે. અહીં ભક્ષ્યરૂપ ગતિવિશેષ હોવાથી આત્મનેપદ થયું છે.

✡ चारं चरति = ચારાને ચરે છે. અહીં સકર્મક चर् ધાતુ છે પણ उद् ઉપસર્ગ પૂર્વક નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**साप्यादिति किम् ?** धूम उच्चरति = ધૂમાડો ઊંચે જાય છે. અહીં उद् ઉપસર્ગ પૂર્વક चर् ધાતુ છે પણ चर् ધાતુ સકર્મક નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## समस्तृतीयया । ३-३-३२

**અર્થ**:- તૃતીયા વિભક્તિના યોગમાં ઉપસર્ગથી પર રહેલાં चर् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન : (૧)** अश्वेन सञ्चरते = ઘોડાવડે સંચરે છે.

सम्+चर्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सम्+चर्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

सञ्चरते - तौमुमौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

એજ પ્રમાણે रथेन सञ्चरते = રથવડે સંચરે છે.

**तृतीययेति किम् ?** उभौ लोकौ सञ्चरसि = બંને લોકમાં તું વિચરે છે. અહીં सम् ઉપસર્ગ પૂર્વક चर् ધાતુ છે પણ તૃતીયા વિભક્તિનો યોગ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## क्रीडोऽकूजने । ३-३-३३

**अर्थः**- कूजनम् = અવ્યક્ત શબ્દ. "અવ્યક્ત શબ્દ" સિવાયનાં **અર્થ**માં વર્તતાં सम् ઉપસર્ગ પૂર્વક क्रीड् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) संक्रीडते = તે રમે છે.

सम्+क्रीड्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सम्+क्रीड्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

संक्रीडते - तौमुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

**सम इत्येव** - क्रीडति = તે રમે છે. અહીં "અવ્યક્ત શબ્દ" સિવાયનાં અર્થમાં क्रीड् ધાતુ છે પણ सम् ઉપસર્ગ પૂર્વક क्रीड् ધાતુ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अकूजन इति किम् ?** संक्रीडन्ति अनांसि = ગાડા ચૂંચૂં એ પ્રમાણે (અવ્યક્ત અવાજ) કરે છે. અહીં सम् ઉપસર્ગ પૂર્વક क्रीड् ધાતુ છે પણ "અવ્યક્ત શબ્દ" એવો અર્થ થતો હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## अन्वाङ्-परेः । ३-३-३४

**अर्थः**- अनु - आ અને परि ઉપસર્ગથી પર રહેલાં क्रीड् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) अनुक्रीडते = તે ક્રીડા કરે છે. आक्रीडते = તે ક્રીડા કરે છે. परिक्रीडते = તે ક્રીડા કરે છે.

આ સૂત્રથી આત્મનેપદ થયું છે. સાધનિકા संक्रीडते પ્રમાણે થશે.

## शप उपलम्भने । ३-३-३५

**अर्थः**- उपलम्भन = જણાવવું અથવા સોગંદ એ **અર્થ**માં વર્તતાં शप् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) मैत्राय शपते = મૈત્રને જણાવે છે અથવા મૈત્રને સોગંદપૂર્વક સમજાવે છે.

शप्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

शप्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

शपते. અહીં श्लाघ ह्नु... ૨-૨-૬૦ થી शप् ધાતુનાં યોગમાં मैत्र ને ચતુર્થી વિભક્તિ થઈ છે.

**उपलम्भन इति किम् ?** मैत्रं शपति = મૈત્રને શાપ આપે છે. અહીં ઉપલમ્ભન **અર્થ**માં शप् ધાતુ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## आशिषि नाथः । ३-३-३६

**અર્થ**:- આશીર્વાદ **અર્થ**માં વર્તતાં नाथ् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) सर्पिषो नाथते = ઘી મળે એવા આશીર્વાદ આપે છે.

સાધનિકા ૩-૩-૩૫ માં જણાવેલ शपते પ્રમાણે થશે. અહીં नाथः ૨-૨-૧૦ થી કર્મકારકની અવિવક્ષામાં शेषे ૨-૨-૮૧ થી सर्पिष् ને ષષ્ઠી વિભક્તિ થઈ છે.

**आशिषीति किम् ?** मधु नाथति = મધ માંગે છે. અહીં આશીર્વાદ **અર્થ**માં नाथ् ધાતુ નથી પણ યાચના **અર્થ**માં છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ नाथृङ् उपतापैश्वर्याशीःषु च એ પ્રમાણે ધાતુપાઠમાં नाथ् ધાતુ ङित् હોવાથી इङितः... ૩-૩-૨૨ થી સામાન્યથી કર્તામાં આત્મનેપદ સિદ્ધ જ હતું પણ ઉપતાપાદિ **અર્થ**માં नाथ् ધાતુને આત્મનેપદ ન થાય અને આશીર્વાદ **અર્થ**માં આત્મનેપદ કરવા માટે જ આ સૂત્રનું પ્રણયન છે.

✡ જો ઉપતાપાદિ **અર્થ**માં नाथ् ધાતુને આત્મનેપદ ન જ કરવું હોય તો પછી ધાતુપાઠમાં नाथ् ધાતુને ङित् કરવો જ ન જોઈએ આવું ન કહેવું કેમકે इङितो.... ૫-૨-૪૪ સૂત્રમાં ङित् ધાતુથી જે अन પ્રત્યય થાય છે તે કરવા માટે પણ नाथ् ધાતુને ङित् કરવો જરૂરી છે.

## भुनजोऽत्राणे । ३-३-३७

**અર્થ**:- "પાલન" અર્થ સિવાયનાં અર્થમાં વર્તતાં भुज् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :-** (૧) ओदनं भुङ्क्ते = તે ભાત ખાય છે.

સાધનિકા ૩-૩-૨૬ માં જણાવેલ उद्युङ्क्ते પ્રમાણે થશે.

**भुनज इति किम् ?** औष्ठौ निर्भुजति = બે હોઠ વાંકા કરે છે, મચકોડે છે.

भुज्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

भुज्+अ+ति - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

भुजति. અહીં भुज् ધાતુ रुधादि ગણનો નથી પણ भुजोंत् कौटिल्ये (૧૩૫૧) तुदादि ગણનો છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अंत्राण इति किम् ?** पृथ्वीं भुनक्ति = પૃથ્વીનું પાલન કરે છે. અહીં भुज् ધાતુ रुधादि ગણનો છે પણ પાલન કરવું એવો અર્થ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## हृगो गतताच्छील्ये । ३-३-३८

**અર્થ:-** गतम् = सादृश्यम् = સમાનતા, પ્રકાર અને અનુકરણ એમ ત્રણ **અર્થ** છે. ताच्छील्यम् = તત્સ્વભાવતા એટલે કે ઉત્પત્તિથી (જન્મથી) માંડીને વિનાશ (મરણ) પર્યંત જે પ્રકારનું (સાદશ્યનું) હોવું તે. સાદશ્યાદિ ताच्छील्य **અર્થ**માં વર્તતાં हृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) पैतृकम् अश्वा अनुहरन्ते, पितुः अनुहरन्ते = ઘોડાઓ પિતાસંબંધી ગુણવિષયક અથવા ક્રિયાવિષયક સાદશ્યને અનુસરે છે.

अनु+हृ+अन्ते - तिव् तस्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

अनु+हृ+अ+अन्ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

अनुहर्+अ+अन्ते - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

अनुहरन्ते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

हृ ધાતુનો તાચ્છીલ્ય અર્થમાં પ્રયોગ થતો નથી પરંતુ શબ્દશક્તિ સ્વભાવથી अनु ઉપસર્ગ પૂર્વક हृ ધાતુ ગતતાચ્છીલ્ય અર્થમાં વર્તે છે.

गत इति किम् ? पितुःहरति = પિતાનું (ધનાદિ) હરણ કરે છે (ચોરી કરે છે.) અહીં हृ તાચ્છીલ્ય અર્થમાં વર્તે છે. પરંતુ गत - સાદશ્યરૂપ તાચ્છીલ્ય **અર્થ**માં નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्...

૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**ताच्छील्य इति किम्** ? नटः रामम् अनुहरति = નટ રામનું અનુકરણ કરે છે. અહીં ह્ ધાતુ સાદશ્યમાં વર્તે છે પણ તાચ્છીલ્ય **અર્થ**માં નથી. એટલે કે નટ નાટક કરવાનાં અવસરે રામ જેવી સદશતાનું અનુકરણ કરે છે. પણ પછીના કાળે તે પોતાના સ્વભાવમાં વર્તે છે એટલે ઉત્પત્તિથી માંડીને વિનાશ પર્યંત તાચ્છીલ્યતા નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## पूजाऽऽचार्यक-भृत्युत्क्षेप-ज्ञान-विगणन-व्यये नियः । ३-३-३९

**અર્થ**:- पूजा, आचार्यक, भृति, उत्क्षेप, ज्ञान, विगणन અને व्यय **અર્થ** ગમ્યમાન હોય તો नी ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) पूजा = સન્માન.

नयते विद्वान् स्याद्वादे = સ્યાદ્વાદમાં વિદ્વાન્ યુક્તિઓથી પદાર્થને સિદ્ધ કરે છે તેથી સન્માનને પ્રાપ્ત કરે છે.

नी+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

नी+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

ने+अ+ते - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए.

नयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૨) आचार्यक = આચાર્યનો ભાવ અથવા કર્મ.

माणवकम् उपनयते = પોતે આચાર્ય હોવા છતાં શિષ્યોને ભણવા પોતાની પાસે બેસાડે છે. અહીં આચાર્યની ક્રિયા (કર્મ) ગમ્યમાન છે.

(૩) भृति = વેતન, પગાર.

कर्मकरान् उपनयते = નોકરોને પગાર માટે પાસે બોલાવે છે.

(૪) उत्क्षेप = ઊંચે ઉછાળવું.

शिशुम् उदानयते = બાળકને ઊંચે ઉછાળે છે.

(૫) ज्ञान = વસ્તુનો નિશ્ચય.

तत्त्वार्थे नयते = તત્ત્વાર્થમાં (પદાર્થનો) નિર્ણય કરે છે.

(૬) विगणन = ઋણ ચુકવવું.

मद्राः कारं विनयन्ते = મદ્રદેશ વાસીઓ (રાજાને) કર ચૂકવે છે.

(૭) व्यय = ધર્મવિગેરેમાં ધનાદિનો ઉપયોગ કરવો.

शतं विनयते = ધર્માદિમાં સો રૂપિયાનો વ્યય કરે છે.

બધાની સાધનિકા नयते પ્રમાણે થશે.

**एष्विति किम् ?** अजां नयति ग्रामम् = બકરીને ગામમાં લઈ જાય છે. અહીં પૂજા વિગેરે **અર્થ** ગમ્યમાન નથી તેથી नी ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✪ णींग् प्रापणे (૮૮૪) માં नी ધાતુ गित् હોવાથી ईगितः ૩-૩-૯૫ થી ફળવાન કર્તામાં આત્મનેપદ સિદ્ધ જ હતું પરન્તુ (પૂજા વિગેરે અર્થમાં) અફલવાન કર્તામાં પણ આત્મનેપદ કરવું છે તેથી આ સૂત્રનું પ્રણયન છે.

## कर्तृस्थामूर्त्ताऽऽप्यात् । ३-३-४०

**અર્થ:-** કર્તામાં રહેલું અમૂર્ત કર્મ જેને છે એવા नी ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** श्रमं विनयते = શ્રમને (થાકને) દૂર કરે છે. नयते પ્રમાણે સાધનિકા થશે. અહીં કર્તામાં (ચૈત્ર વિગેરેમાં) થાક રહેલો છે પણ તે અમૂર્ત - અદશ્ય છે. દેખાતો નથી તેથી આ સૂત્રથી नी ધાતુને આત્મનેપદ થયું. એ જ પ્રમાણે क्रोधं विनयते.

**कर्तृस्थेति किम् ?** चैत्रः मैत्रस्य मन्युं विनयति = ચૈત્ર મૈત્રના ક્રોધને દૂર કરે છે. અહીં मन्यु (ક્રોધ) અમૂર્ત કર્મ છે પણ કર્તા એવા ચૈત્રને વિષે રહેલો નથી માટે આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अमूर्तेति किम् ?** गडुं विनयति = ગુંમડાને દૂર કરે છે. અહીં गडु એ કર્તામાં રહેલું કર્મ છે પણ અમૂર્ત નથી. મૂર્ત છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**आप्येति किम् ?** बुद्ध्या विनयति = બુદ્ધિથી દૂર કરે છે. અહીં बुद्धि એ કર્તામાં રહેલ અમૂર્ત કરણ છે. પણ કર્મ **નથી** માટે આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## शदेः शिति । ३-३-४१

**અર્થ**:- शित् વિષયવાળા शद् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : शीयते = તે નાશ કરે છે. शद्लृं-शातने. (૯૬૭)

शद्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

शद्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

शीयते - श्रौति-कृवु... ૪-૨-૧૦૮ થી शीय આદેશ.

**शितीति किम् ?** शत्स्यति = તે નાશ કરશે.

शद्+स्यति - स्यति स्यतस्.... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય.

शत्स्यति - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

અહીં शित् કાળ નથી પણ ભવિષ્યકાળ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्.... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## म्रियतेरद्यतन्याशिषि च । ३-३-४२

**અર્થ**:- અદ્યતની, આશીર્વાદ અને शित् વિષયવાળા मृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) अमृत = તે મર્યો. मृंत्-प्राणत्यागे (૧૩૩૩)

मृ+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

मृ+स्+त - सिजद्यतन्याम् ૩-૪-૫૩ થી सिच्.

मृ+त - धुड् ह्रस्वा... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

अमृत - अड् धातो... ૪-૪-૨૯ થી अट् નો આગમ.

અહીં અદ્યતનીના વિષયમાં આત્મનેપદ થયું છે.

(૨) मृषीष्ट = તે મરે.

मृ+सीष्ट - क्यात् क्यास्ताम्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

मृषीष्ट - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

અહીં આશીર્વાદના વિષયમાં આત્મનેપદ થયું છે.

(૩) म्रियते = તે મરે છે.

मृ+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

मृ+अ+ते - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

म्रि+अ+ते - रिःशक्या... ૪-૩-૧૧૦ થી ऋ નો रि

म्रियते - धातोरिवर्णो... ૨-૧-૫૦ થી इ નો इय्..

અહીં વર્તમાના શિત્ વિષયમાં આત્મનેપદ થયું છે.

**अद्यतन्याशिषि चेति किम् ?** ममार = તે મર્યો.

मृ+णव्(अ) - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

मृमृ+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ममृ+अ - ऋतोऽत् ૪-૧-૩૮ થી ऋ નો अ.

ममार - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

અહીં પરોક્ષા છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું નથી.

✿ સૂત્રમાં च કારનું ગ્રહણ ઉપરનાં સૂત્રમાંથી शिति શબ્દનું ગ્રહણ કરવા માટે જ કર્યું છે.

✿ સૂત્રમાં मृ ધાતુ ન લખતાં म्रियते એમ तिव् ના નિર્દેશ પૂર્વક પ્રયોગ કર્યો છે એટલે तिवाशवानुबन्धेन... એ ન્યાયથી यङ्लुबन्त માં આ સૂત્ર નહીં લાગે. દા.ત. मर्मर्ति.

**પ્રશ્ન :** અહીં અદ્યતન, આશિષ્ અને શિત્ વિષયક પ્રત્યયો પર છતાં આત્મનેપદ થાય એવું સૂત્રમાં કહ્યું તેના બદલે સર્વત્ર આત્મનેપદ કર્યું હોત તો શું વાંધો ?

**જવાબ :** જો સર્વત્ર આત્મનેપદ કરવું હોત તો ધાતુપાઠમાં इदित् અથવા गित् કર્યું હોત પણ પરોક્ષાદિ ચાર કાળમાં પરસ્મૈપદ ઇષ્ટ છે.

## क्यङ्षो नवा । ३-३-४३

**અર્થઃ-** क्यङ्ष् અન્તવાળા ધાતુથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન :** निद्रायति-निद्रायते = અનિદ્રામાંથી નિદ્રામાં જાય છે. (ઉંઘે છે.)

निद्रा+य- डाच् लोहितादिभ्यः... ૩-૪-૩૦ થી क्यङ्ष् પ્રત્યય.

निद्राय+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

निद्राय+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

निद्रायति - लुगस्या... २-१-११३ थी य नां अ नो લોપ.

એજ પ્રમાણે निद्रायते.

✡ વિકલ્પના વિધાનમાં પહેલાં નિષેધનો જ ઉલ્લેખ થતો હોવાથી અહીં પહેલાં પરસ્મૈપદનું ઉદાહરણ મુક્યું અને પછી આત્મનેપદનું ઉદાહરણ મુક્યું છે. આ પ્રમાણે સર્વત્ર સમજવું.

## द्युद्भ्योऽद्यतन्याम् । ३-३-४४

**અર્થ**:- અદ્યતનનાં વિષયમાં द्युतादि ધાતુઓથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન** : (૧) व्यद्युतत् = (આજે) વિશેષ પ્રકાશ થયો.

वि+द्युत्+त् - दि ताम् अन्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

वि+द्युत्+अ+त् - लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય.

वि+अद्युतत् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

व्यद्युतत् - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

✡ એજ પ્રમાણે अरुचत् = (આજે) ગમ્યું.

(૨) व्यद्योतिष्ट = (આજે) વિશેષ પ્રકાશ થયો.

वि+द्युत्+त - दि ताम् अन्... ૩-૩-૧૧ થી त प्रत्यय.

वि+द्युत्+स्+त - सिजद्यतन्यां ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

वि+द्युत्+इ+स्+त - स्ताद्यशितो... ૪-૪-૩૨ થી इट् આગમ.

वि+द्योत्+इ+स्+त - लघोरुपान्त्य... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

वि+अद्योति+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

व्यद्योति+स्+त - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यद्योतिष्+त - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

व्यद्योतिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

✡ એજ પ્રમાણે अरोचिष्ट = (આજે) ગમ્યું.

**अद्यतन्यामिति किम् ?** द्योतते = પ્રકાશે છે.

द्युत्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

द्युत्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

द्योतते - लघोरुपान्त्य... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

✿ સૂત્રમાં બહુવચન द्युतादि ગણના ગ્રહણ માટે છે.

द्युति, रुचि, घुटि, रुटि, लुटि, लुठि, श्विताङ्, ञिमिदाङ्, ञिक्ष्विदाङ्, ञिष्विदाङ्, शुभि, क्षुभि, णभि, तुभि, स्रम्भूङ्, भ्रंशूङ्, संस्रूङ् ध्वंस्रूङ्, वृतू, स्यन्दौङ्, वृधूङ्, श्रृधूंङ् અને कृपौङ् આ द्युतादि ગણપાઠ છે. (૯૩૭ થી ૯૫૯).

## वृद्भ्यः स्य-सनोः । ३-३-४५

**અર્થઃ-** स्य આદિવાળા પ્રત્યયનાં તેમજ सन् પ્રત્યયનાં વિષયમાં वृत् વિગેરે પાંચ ધાતુઓથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન :** (૧) वर्त्स्यति = તે વર્તશે.

वृत्+स्यति - स्यति स्यतस्... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય.

वर्त्स्यति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

नवृद्भ्यः ૪-૪-૫૫ થી इट् નો નિષેધ થયો છે.

(૨) वर्तिष्यते = તે વર્તશે.

वृत्+स्यते - स्यति स्यतस्... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

वृत्+इ+स्यते - स्ताद्यशितो... ૪-૪-૩૨ થી इट् આગમ.

वर्तिस्यते - लघोरु.... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

वर्तिष्यते - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

(૩) विवृत्सति = તે વર્તવાને ઇચ્છે છે.

वृत्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

वृवृत्स - सन्-यङश्च ૪-૧-૩ થી ધાતુનો એકસ્વરી આદ્યઅંશ દ્વિત્વ.

ववृत्स - ऋतोऽत् ૪-૧-૩૮ થી ऋ નો अ.

विवृत्स - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ.

विवृत्स+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

विवृत्स+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

विवृत्सति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં न वृद्भ्यः ૪-૪-૫૫ થી આદિમાં इट् થયો નથી इट् ન થવાથી અનિટ્ सन् उपान्त्ये ૪-૩-૩૪ થી કિદ્વદ્ થવાથી ઉપાન્ત્ય નામિનો ગુણ થયો નથી.

(૪) विवर्तिषते = તે વર્તવાને ઇચ્છે છે.

वृत्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

वृत्+इ+स - स्ताद्यशितो... ૪-૪-૩૨ થી इट् આગમ.

वर्तिस - लघोरुपा... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

ववर्तिस - सन्यङश्च ૪-૧-૩ થી ધાતુનો એકસ્વરી આદ્યઅંશ દ્વિત્વ.

विवर्तिस - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ.

विवर्तिष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

હવે પછીની સાધનિકા विवृत्सति પ્રમાણે થશે.

**स्य-सनोरिति किम् ?** वर्तते = તે વર્તે છે.

वृत्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

वृत्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

वर्तते - लघोरुपा... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

સૂત્રમાં બ.વ. वृतादि પાંચને (ગણને) ગ્રહણ કરવા માટે છે.

✡ ઉપરનાં સૂત્રમાં બતાવેલ द्युतादि ગણપાઠમાંનાં છેલ્લા (वृत्, वृध्, स्यन्द्, शृध् અને कृप्) પાંચ ધાતુઓને वृतादि કહેવાય છે.

## कृपः श्वस्तन्याम् । ३-३-४६

**अर्थः**- શ્વસ્તનીનાં વિષયમાં कृप् ધાતુથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન :** कल्प्तासि = તું (આવતી કાલે) સમર્થ થઈશ.

कृप्+तासि - ता तारौ... ૩-૩-૧૪ થી तासि પ્રત્યય.

कर्प्+तासि - लघोरुपा... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

कल्प्तासि - ऋर-लृ-लं... ૨-૩-૯૯ થી र् નો ल्.

અહીં नवृद्भ्यः ૪-૪-૫૫ થી પરસ્મૈપદમાં इट् થયો નથી. આત્મનેપદમાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થવાથી कल्पितासे રૂપ થશે.

✿ અહીં બીજા પુરુષ એકવચનનું ઉદાહરણ આપ્યું છે કારણ કે ત્રીજા પુરૂષ એકવચનનું ઉદાહરણ મૂકે તો પરસ્મૈપદ અને આત્મનેપદ બન્નેમાં कल्सा-कल्पिता એમ સરખું જ રૂપ થાય છે. કારણ કે कृप् ધાતુ औदित् હોવાથી धूगौ... ૪-૪-૩૮ થી વિકલ્પે इट् થાય છે. તેથી બીજા પુરૂષ એ.વ.નું ઉદાહરણ મૂક્યું છે.

## क्रमोऽनुपसर्गात् । ३-३-४७

**અર્થ**:- ઉપસર્ગ સિવાયના क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન** : (૧) क्रमते = તે ચાલે છે. સાધનિકા ૩-૩-૩૫ માં જણાવેલ शपते પ્રમાણે થશે.

(૨) क्रामति = તે ચાલે છે.

क्रम्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

क्रम्+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

क्रामति - क्रमोदीर्घः... ૪-૨-૧૦૯ થી ધાતુનો સ્વર દીર્ઘ.

**अनुपसर्गादिति किम् ?** अनुक्रामति = ક્રમે ક્રમે ચાલે છે. અહીં ઉપસર્ગવાળો क्रम् ધાતુ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ વિકલ્પે ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## वृत्ति-सर्ग-तायने । ३-३-४८

**અર્થ**:- वृत्तिः = અપ્રતિબન્ધ (અટકવું નહિં તે), सर्गः = ઉત્સાહ અને तायनम् = સ્ફીતતા (વૃદ્ધિ) આ ત્રણ **અર્થ**માં વર્તતાં क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) शास्त्रे अस्य क्रमते बुद्धिः = શાસ્ત્રમાં આની બુદ્ધિ અટકતી નથી. क्रमते ની સાધનિકા ૩-૩-૪૭ માં કહ્યા પ્રમાણે થશે. અહીં वृत्ति **અર્થ**માં क्रम् ધાતુ છે.

(૨) सूत्राय क्रमते = તે સૂત્રના અભ્યાસ માટે ઉત્સાહ રાખે છે. અહીં सर्ग **અર્થ**માં क्रम् ધાતુ છે.

(૩) अस्मिन् योगाः क्रमन्ते = આમાં યોગો વધે છે. અહીં तायन અર્થમાં क्रम् ધાતુ છે.

✡ અહીં વ્યવચ્છેદનો અભાવ હોવાથી અથવા વિશેષ **અર્થ**નું ઉપાદાન (કથન) હોવાથી वा ની નિવૃત્તિ થઈ છે.

## परोपात् । ३-३-४९

**અર્થ**:- परा અને उप ઉપસર્ગથી પર રહેલાં वृत्ति - सर्ग અને तायन અર્થમાં વર્તતાં क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) पराक्रमते = અટક્યા વિના પરાક્રમ કરે છે. અહીં परा ઉપસર્ગ પૂર્વક क्रम् ધાતુ वृत्ति અર્થમાં વર્તે છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે. સાધનિકા ૩-૩-૪૭ માં જણાવ્યા પ્રમાણે થશે.

(૨) उपक्रमते = અધ્યયનાદિમાં ઉત્સાહ રાખે છે. અહીં उप ઉપસર્ગ પૂર્વક क्रम् ધાતુ सर्ग અર્થમાં વર્તે છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

**परोपादिति किम् ?** अनुक्रामति = અનુક્રમે ચાલે છે. અહીં परा કે उप ઉપસર્ગયુક્ત क्रम् ધાતુ નથી પણ अनु ઉપસર્ગ પૂર્વક છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું. સાધનિકા ૩-૩-૪૭ માં જણાવેલ क्रामति પ્રમાણે થશે.

**वृत्त्यादावित्येव** - पराक्रामति = તે પરાક્રમ કરે છે. અહીં परा ઉપસર્ગ પૂર્વક क्रम् ધાતુ છે પણ वृत्त्यादि **અર્થ** નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું. સાધનિકા ૩-૩-૪૭ માં જણાવેલ क्रामति પ્રમાણે થશે.

✡ પૂર્વનાં ૩-૩-૪૮ સૂત્રમાં वृत्त्यादि **અર્થ**માં क्रम् ધાતુથી આત્મનેપદ સિદ્ધ જ હતું છતાં આ સૂત્રની રચના કરી તે નિયમ માટે છે. નિયમ એ થયો કે वृत्त्यादि અર્થમાં परा અને उप ઉપસર્ગપૂર્વક જ क्रम् ધાતુને આત્મનેપદ થશે. એ સિવાયના બીજા ઉપસર્ગપૂર્વક क्रम् ધાતુ હોય તો આત્મનેપદ નહીં થાય.

## वेः स्वार्थे । ३-३-५०

**અર્થ**:- स्वार्थ = પાદવિક્ષેપ (પગે ચાલવું) અર્થમાં વર્તતાં वि ઉપસર્ગથી પર રહેલાં क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** साधु विक्रमते गजः = હાથી (સુંદર) ચાલે છે.

સાધનિકા ૩-૩-૪૭ જણાવેલ क्रमते પ્રમાણે થશે.

**स्वार्थ इति किम् ?** गजेन विक्रामति = હાથી વડે તે ચાલે છે. અહીં કર્તા પોતાના પગે ચાલતો નથી પણ હાથીના પગે ચાલે છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. સાધનિકા ૩-૩-૪૭ માં જણાવેલ क्रामति પ્રમાણે થશે.

✡ પાદવિક્ષેપ બે પ્રકારે છે. (૧) કર્તૃ કૃત પાદવિક્ષેપ અને (૨) કરણ કૃત પાદવિક્ષેપ. અહીં કર્તૃકૃત પાદવિક્ષેપ હોય ત્યારે આ સૂત્રથી આત્મનેપદ થાય છે.

✡ કર્તા અને કરણ બન્ને કારકો હોવા છતાં અહીં "गौण मुख्ययोः मुख्ये कार्यम्" એ ન્યાયથી કર્તા કારક મુખ્ય હોવાથી કર્તામાં આત્મનેપદ થાય એમ કહ્યું.

## प्रोपादारम्भे । ३-३-५१

**અર્થ:-** प्र અને उप ઉપસર્ગથી પર રહેલાં આરંભ અર્થમાં વર્તતાં क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) प्रक्रमते भोक्तुम् = જમવાનો આરંભ કરે છે.

(૨) उपक्रमते भोक्तुम् = જમવાનો આરંભ કરે છે.

અહીં प्र અને उप ઉપસર્ગ છે તેથી આરંભ અર્થવાળા क्रम् ધાતુથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે. क्रमते ની સાધનિકા ૩-૩-૪૭ માં કહ્યા પ્રમાણે થશે.

✡ बहूनां कियाणाम् आद्यम् अनुष्ठानम् आदौ कर्तव्यम् आरम्भः उच्यते = ઘણી ક્રિયાઓમાં પ્રથમ કરવા યોગ્ય ક્રિયા તેને આરંભ કહેવાય છે.

✡ प्रक्रमते - उपक्रमते भोक्तुम् = જમવાનો સ્વીકાર કરે છે. એવો અર્થ પણ થાય છે.

**आरम्भ इति किम् ?** प्रक्रामति (याति) = તે જાય છે. અહીં प्र ઉપસર્ગ પૂર્વક क्रम् ધાતુ છે પણ આરંભ અર્થ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું. प्रक्रामति ની સાધનિકા ૩-૩-૪૭ માં કહ્યા પ્રમાણે થશે.

## आङो ज्योतिरुद्गमे । ३-३-५२

**અર્થ**:- आ ઉપસર્ગથી પર રહેલાં ચંદ્રાદિનું ઉગવું એ **અર્થ**માં વર્તતાં क्रम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : आक्रमते चन्द्रःसूर्यो वा = ચંદ્ર અથવા સૂર્ય ઊગે છે.

અહીં आ ઉપસર્ગ છે તેથી ઊગવું અર્થમાં વર્તતાં क्रम् ધાતુને આ સૂત્રથી આત્મનેપદ થયું છે. आक्रमते ની સાધનિકા ૩-૩-૪૭ માં કહ્યા પ્રમાણે થશે.

**ज्योतिरुद्गम इति किम्** ? आक्रामति बटुः कुतुपम् = બાળક (ઘાસનું) થાંભલાનું આલંબન લે છે. धूम आक्रामति = ધૂમાડો ઉપર વ્યાપે છે. અહીં आ પૂર્વક क्रम् ધાતુ છે પણ જ્યોતિષનું ઉગવું **અર્થ** નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું. आक्रामति ની સાધનિકા ૩-૩-૪૭ માં આપેલ क्रामति પ્રમાણે થશે.

## दागोऽस्वाऽऽस्य प्रसार-विकासे । ३-३-५३

**અર્થ**:- आ ઉપસર્ગથી પર રહેલાં પોતાનાં મુખનો પ્રસાર અને વિકાસ **અર્થ** સિવાયના **અર્થ**માં વર્તતાં दा ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : विद्याम् आदत्ते = વિદ્યાને ગ્રહણ કરે છે.

आ+दा+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आ+दादा+ते - हवः शिति ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ

आ+ददा+ते - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વ ધાતુ હ્રસ્વ.

आदद्+ते - श्नश्चाऽऽतः ૪-૨-૯૬ થી आ નો લોપ.

आदत्ते - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

**स्वास्यादिवर्जनं किम्** ? उष्ट्रः मुखं व्याददाति = ઊંટ પોતાના મુખને પ્રસારે છે (ખોલે છે). कूलं व्याददाति = કૂલ (નદીનો કાંઠો) વિકાસ પામે છે.

वि+आ+दा+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

वि+आ+दादा+ति - हवः शिति ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ

વિ+આ+ददा-ति - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વ ધાતુ હ્રસ્વ.

व्याददाति - इवर्णादे... ૧-૩-૨૧ થી इ નો य्.

અહીં પોતાનાં મુખને પ્રસારવું અને વિકાસ અર્થ હોવાથી આ પૂર્વક दा ધાતુ હોવા છતાં આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ पिपीलिकाः पतङ्गस्य मुखम् व्याददते = કીડીઓ પતંગિયાના મુખને ખોલે છે. અહીં મુખનું પ્રસારવું અર્થ છે પણ પોતાનાં મુખનું પ્રસારવું નથી, પરનાં મુખનું છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

व्या+दा+अन्ते - तिव् तस्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

व्या+दादा+अन्ते - हवः शिति ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ

व्या+ददा+अन्ते - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વ ધાતુ હ્રસ્વ.

व्याददू+अन्ते - श्नश्चाऽऽतः ૪-૨-૯૬ થી आ નો લોપ.

व्याददते - अन्तो... ૪-૨-૯૪ થી अन्ते ના न् નો લોપ.

✡ दाग् ધાતુમાં ग् ઈત્ હોવાથી ईगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ સિદ્ધ જ હતું પણ તે ફલવાન કર્તામાં આત્મનેપદ થતું હતું જ્યારે અફલવાન કર્તામાં પણ આત્મનેપદ કરવા માટે આ સૂત્રની રચના કરી છે.

## नु-प्रच्छः । ३-३-५४

**અર્થ**:- आ ઉપસર્ગથી પર રહેલાં नु અને प्रच्छ् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : आनुते शृगालः = શિયાળ ઉત્કંઠાપૂર્વક અવાજ કરે છે.

आ+नु+ते = आनुते. णुक् - ૧૦૮૧ બીજા ગણનો नु ધાતુ છે. "उत्कंठापूर्वके संशब्दे नौतेः इयम् विधिः न सर्वत्र" = ઉત્કંઠાપૂર્વક શબ્દ કરવામાં नु ધાતુથી આ (આત્મનેપદ) વિધિ છે સર્વત્ર નહીં.

(૨) आपृच्छते गुरून् = ગુરુને પૂછે છે. प्रछंत् (ज्ञीप्सायाम्) ૧૩૪૭.

आ+प्रच्छ्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आप्रच्छ्+अ+ते - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

आपृच्छते - ग्रह-व्रस्च... ૪-૧-૮૪ થી र નો ऋ વ્વૃત્.

"प्रच्छि धातोः अपि संबन्धिनः गुरोः एव प्रश्ने सति आत्मनेपदविधिः न प्रवाहतः सर्वत्र" = प्रच्छि ધાતુથી પણ ગુરુસંબંધી જ પ્રશ્ન હોતે છતે આત્મનેપદ થાય છે. સર્વત્ર નહીં.

## गमेः क्षान्तौ । ३-३-५५

**અર્થ:-** आ ઉપસર્ગથી પર રહેલાં કાલહરણ (કાળ પસાર કરવો) એ અર્થમાં વર્તતાં णिगन्त गम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** आगमयते गुरुम्, कञ्चित् कालं प्रतीक्षते = કેટલોક કાળ ગુરુની પ્રતીક્ષા કરે છે. (રાહ જુએ છે.)

आ+गम्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आगमि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आगमि+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

आगमे+अ+ते - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

आगमयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

✡ क्षान्ति અર્થમાં સ્વભાવથી જ गम् ધાતુ आङ् પૂર્વક ण्यन्त વર્તે છે.

**क्षान्ताविति किम् ?** विद्याम् आगमयति = વિદ્યાને ગ્રહણ કરે છે. आ પૂર્વક गम् ધાતુ णिगन्त છે પણ क्षान्ति અર્થમાં નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ गम्लृं-गतौ (૩૯૬) ધાતુપાઠમાં છે. પણ क्षान्ति **અર્થ**માં સ્વભાવથી જ णिग् પ્રત્યયાન્ત गम् ધાતુનો પ્રયોગ થતો હોવાથી गमि ધાતુ गित् હોવાથી ईगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ સિદ્ધ હોવા છતાં क्षान्ति સિવાયનાં **અર્થ**માં आगमि ધાતુને ૩-૩-૯૫ થી આત્મનેપદ ન કરવા માટે આ સૂત્રની રચના છે.

## ह्वः स्पर्धे । ३-३-५६

**અર્થ:-** સ્પર્ધા **અર્થ** ગમ્યમાન હોય તો आ ઉપસર્ગથી પર રહેલાં ह्वे ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** मल्लो मल्लम् आह्वयते = એક મલ્લ બીજા મલ્લને આહ્વાન કરે છે.

(બોલાવે છે.) ह्वेंग् स्पर्धा शब्दयोः (૯૯૪)

आ+ह्वे+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आ+ह्वे+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

आह्वयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

**स्पर्ध इति किम् ?** गाम् आह्वयति = ગાયને બોલાવે છે. અહીં आ પૂર્વક ह्वे ધાતુ છે પણ સ્પર્ધા **અર્થ** ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## संनिवेः । ३-३-५७

**અર્થઃ-** सम्, नि અને वि ઉપસર્ગથી પર રહેલાં ह्वे ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** संह्वयते - निह्वयते - विह्वयते = તે બોલાવે છે. અથવા હોડ કરે છે. સાધનિકા ૩-૩-૫૬ માં જણાવ્યા પ્રમાણે થશે.

✡ ह्वेंग् ધાતુ गित् હોવાથી ईगितः ૩-૩-૯૫ થી ફલવાન કર્તામાં આત્મનેપદ સિદ્ધ જ હતું છતાં આ સૂત્રની રચના અફલવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે છે. તથા આ ત્રણ ઉપસર્ગથી પર ह्वे ધાતુથી સર્વથા આત્મનેપદ જ થાય પરસ્મૈપદ નહીં એ એનું ફળ છે.

## उपात् । ३-३-५८

**અર્થઃ-** उप ઉપસર્ગથી પર રહેલાં ह्वे ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** उपह्वयते = તે પાસે બોલાવે છે. સાધનિકા ૩-૩-૫૬ માં જણાવ્યા પ્રમાણે થશે.

✡ संनिवेः સૂત્રની સાથે उप ને ગ્રહણ કર્યું હોત તો ચાલત. પરંતુ નીચેનાં સૂત્રમાં માત્ર उप ઉપસર્ગનું જ ગ્રહણ કરવું છે માટે સૂત્ર જુદું બનાવ્યું છે. નહિંતર "एकयोग निर्दिष्टनाम् सहैव प्रवृत्तिः सहैव निवृत्तिः" એ ન્યાયથી બધા ઉપસર્ગોની અનુવૃત્તિ નીચેના સૂત્રમાં આવી જાત. માટે સૂત્ર જુદું બનાવ્યું.

જોકે "क्वचित् एकदेशोऽपि अनुवर्तते" એ ન્યાયથી માત્ર उप ઉપસર્ગની અનુવૃત્તિ આવત. છતાં પણ "सति गमके असति च गत्यन्तरे क्वचित्

एकदेशानुवृत्तिः व्याख्यायते न सर्वत्र इति "व्याख्यानात् वरं करणम्" (सूत्रस्य) इति न्यायानुसारम् पृथग् योगारम्भः एव कृतः = જણાવનાર (૫૬) હોતે છતે અને બીજો ઉપાય ન હોતે છતે ક્યારેક એકદેશની અનુવૃત્તિ લેવાય છે. પણ સર્વત્ર નથી લેવાતી એટલે "વ્યાખ્યા કરતાં જુદું સૂત્ર બનાવવું તે શ્રેષ્ઠ છે" એ ન્યાયને અનુસારે પૃથગ્ સૂત્ર બનાવ્યું.

## यमः स्वीकारे । ३-३-५९

**અર્થ:-** સ્વીકાર અર્થમાં વર્તતાં उप ઉપસર્ગપૂર્વક यम् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) कन्याम् उपयच्छते = તે કન્યાને સ્વીકારે છે. यमूं - उपरमे (૩૮૬)

उप+यम्+ते - तिव् तस्... ૩-૩-६ થી ते પ્રત્યય.

उप+यम्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

उप+यछ्+अ+ते - गमि... ૪-૨-૧૦६ થી म् નો छ्.

उपयछ्छ्+अ+ते - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

उपयच्छते - अघोषे... ૧-૩-૫૦ થી छ् નો च्.

(૨) महास्त्राणि उपायंस्त = મહાન્ અસ્ત્રોનો સ્વીકાર કર્યો.

उप+यम्+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

उप+यम्+स्+त - सिजद्य... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

उप+अ+यम्+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

उपायम्+स्+त - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ.

उपायंस्त - शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર.

**च्विनिर्देशः किम् ?** शाटकान् उपयच्छति = પોતાની સાડીઓને ગ્રહણ કરે છે. અહીં પરની વસ્તુને ગ્રહણ કરવું અર્થ નથી પણ પોતાની જ વસ્તુને પોતે ગ્રહણ કરે છે તેથી उप પૂર્વક यम् ધાતુ હોવા છતાં આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## देवाऽर्चा मैत्री-सङ्गम-पथिकर्तृक-मन्त्रकरणे स्थः । ३-३-६०

**અર્થ:-** દેવાર્ચા (દેવપૂજા), મૈત્રી, સંગમ (મિલન), પથિકર્તૃક (માર્ગ જેમાં

કર્તા બનતો હોય તે) અને મન્ત્રકરણ (મંત્ર જેનું કરણ બનતો હોય તે) આવા અર્થમાં વર્તતાં उप ઉપસર્ગપૂર્વક स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) દેવાર્ચા = जिनेन्द्रम् उपतिष्ठते = દેવની પૂજા કરે છે.

उप+स्था+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

उप+स्था+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

उपतिष्ठते - श्रौतिकृवु... ૪-૨-૧૦૮ થી स्था નો तिष्ठ આદેશ.

(૨) મૈત્રી - रथिकान् उपतिष्ठते = સારથીઓની સાથે મૈત્રી કરે છે. (મૈત્રી હેતુથી સારથીઓની આરાધના કરે છે.)

(૩) સંગમ - यमुना गङ्गाम् उपतिष्ठते = યમુના નદી ગંગા નદીને મળે છે.

(૪) પથિકર્તૃક - स्रुघ्नम् उपतिष्ठते पन्थाः = આ માર્ગ સ્રુઘ્નદેશ (તરફ) જાય છે.

(૫) મન્ત્રકરણ - ऐन्द्रया गार्हपत्यम् उपतिष्ठते = ઐન્દ્રી રૂચાવડે (તે સંબંધી મન્ત્ર શબ્દ વડે) ગાર્હપત્યની (અગ્નિની) સ્તુતિ કરે છે.

## वा लिप्सायाम् । ३-३-६१

**અર્થ**:- લીપ્સા (લાલચ) અર્થ ગમ્યમાન હોય તો उप ઉપસર્ગપૂર્વક स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ વિકલ્પે થાય છે.

**વિવેચન** : भिक्षुः दातृकुलम् उपतिष्ठति उपतिष्ठते वा = ભિક્ષા મને મળે એ લાલચે ભિક્ષુક દાતાનાં કૂળ પાસે ઊભો રહે છે.

## उदोऽनूर्ध्वेहे । ३-३-६२

**અર્થ**:- अनूर्ध्व = ઉંચે ઉઠવાની ચેષ્ટા સિવાયના અર્થમાં વર્તતાં उद् ઉપસર્ગપૂર્વક स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : मुक्तौ उत्तिष्ठते = મોક્ષ માટે આરાધના કરે છે. સાધનિકા ૩-૩-૬૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

**अनूर्ध्वेति किम् ?** आसनात् उत्तिष्ठति = આસન પરથી ઉભો થાય છે. અહીં उद् પૂર્વક स्था ધાતુ છે પણ ઊંચે ઉઠવાની ચેષ્ટા પ્રવર્તે છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ

થયું છે.

**ईहेति किम् ?** ग्रामात् शतम् उत्तिष्ठति = ગામમાંથી (સો) ઉત્પન્ન થાય છે (મળે છે) અહીં उद् પૂર્વક स्था ધાતુ છે પણ ઉત્પત્તિ અર્થક છે ચેષ્ટા નથી. તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## सं-वि-प्राऽवात् । ३-३-६३

**અર્થઃ-** सम्, वि, प्र અને अव ઉપસર્ગપૂર્વક स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) संतिष्ठते = આરોહ-અવરોહ વિગેરે ક્રમથી રહે છે.

(૨) वितिष्ठते = પ્રતિકૂળ રહે છે અથવા વિપરીત પ્રકારે રહે છે.

(૩) प्रतिष्ठते = પ્રસ્થાન કરે છે, પ્રયાણ કરે છે.

(૪) अवतिष्ठते = અમૂક અવસ્થામાં રહે છે.

## ज्ञीप्सा स्थेये । ३-३-६४

**અર્થઃ-** ज्ञीप्सा = આત્મપ્રકાશન.

परपरितोषार्थम् आत्मरुपादि प्रकाशनं ज्ञीप्सा उच्यते = બીજાનાં સંતોષ માટે પોતાના રૂપાદિનું પ્રકાશન કરવું તે જ્ઞીપ્સા કહેવાય છે.

स्थेय = સભ્ય.

लोकरूढिवशात् विवादपदे निर्णेता प्रमाणभूतः सत्यपुरुषः स्थेय इति उच्यते = લોક વ્યવહારમાં વિવાદસ્થાને નિર્ણય કરનાર પ્રમાણભૂત સત્યપુરુષ તે સ્થેય કહેવાય છે.

જ્ઞીપ્સા અને સ્થેય વિષયનાં અર્થમાં વર્તતાં स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) छात्रेभ्यः कन्या तिष्ठते = વિદ્યાર્થીઓને ખૂશ કરવા કન્યા પોતાના રૂપાદિનું પ્રદર્શન કરે છે. સાધનિકા ૩-૩-૬૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

(૨) त्वयि विवादः तिष्ठते = તારી નિર્ણાયકતામાં (અધ્યક્ષતામાં) આ વિવાદ રહેલો છે.

(संशय्य कर्णादिषु तिष्ठते यः) "कर्णादिस्थेयोपदिष्ट निर्णयति इत्यर्थः" = વિવાદ સ્થાનમાં કર્ણાદિ નિર્ણેતા છે તેમણે કહેલું કરવું એવો નિશ્ચય કરે છે આવી સ્થેય વિષયતામાં અહીં આત્મનેપદ થાય છે.

## प्रतिज्ञायाम् । ३-३-६५

**अर्थः-** प्रतिज्ञा = અભ્યુપગમ અર્થમાં વર્તતાં સ્થા ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** नित्यम् शब्दम् आतिष्ठते = શબ્દ નિત્ય છે એવી પ્રતિજ્ઞા કરે છે. (સ્થાપન કરે છે) સાધનિકા ૩-૩-૬૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

✡ સ્વભાવથી જ આ પૂર્વક સ્થા ધાતુ પ્રતિજ્ઞા અર્થમાં વર્તે છે.

✡ પ્રતિજ્ઞા અર્થને નીચેનાં સૂત્રમાં લઈ જવો છે તેથી ઉપરનાં સૂત્રથી આ સૂત્રને પૃથગ્ કર્યું છે.

## समो गिरः । ३-३-६६

**अर्थः-** પ્રતિજ્ઞા અર્થમાં વર્તતાં सम् ઉપસર્ગપૂર્વક गृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** स्याद्वादं सङ्गिरते = સ્યાદ્વાદની પ્રતિજ્ઞા કરે છે. गृत् निगरणे (૧૩૩૫)

सम्+गृ+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सम्+गृ+अ+ते - तुदादेःशः ૩-૪-૮૧ થી श પ્રત્યય.

सम्+गिरते - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

सङ्गिरते - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો ङ्.

✡ સૂત્રમાં गिरः નિર્દેશ કરેલું હોવાથી છઠ્ઠા ગણનો જ गृ ધાતુ લેવાશે નવમાં ગણનાં गृ ધાતુનું વર્જન થશે.

## अवात् । ३-३-६७

**अर्थः-** अव ઉપસર્ગપૂર્વક गृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** अवगिरते = તે ધીમે બોલે છે. સાધનિકા ૩-૩-૬૬ માં જણાવ્યા પ્રમાણે થશે.

✡ ઉપરનાં સૂત્રથી આ સૂત્રને જુદું બનાવ્યું તેથી પ્રતિજ્ઞા અર્થની નિવૃત્તિ થઈ.

## निह्नवे ज्ञः । ३-३-६८

**અર્થ**:- निह्नव = અપલાપ. (છુપાવવું) અર્થમાં વર્તતાં ज्ञा ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : शतं अपजानीते = સો (રૂપીયાનો) અપલાપ કરે છે. ज्ञांश् - अवबोधने (૧૫૪૦)

अप+ज्ञा+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

अप+ज्ञा+ना+ते - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

अपजा+ना+ते - जा ज्ञा... ૪-૨-૧૦૪ થી ज्ञा નો जा આદેશ.

अपजानीते - एषामी... ૪-૨-૯૭ થી आ નો ई.

✡ સૂત્રમાં ઉપસર્ગનું ગ્રહણ નથી છતાં પણ अप ઉપસર્ગ સહિત જ निह्नव **अर्थ** જણાય છે. માટે अप ઉપસર્ગનું ગ્રહણ કર્યું છે.

## सं-प्रतेरस्मृतौ । ३-३-६९

**અર્થ**:- સ્મૃતિ સિવાયનાં અર્થમાં વર્તતાં सम् અને प्रति ઉપસર્ગથી પર રહેલાં ज्ञा ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : (૧) शतं संजानीते = સોને જાણે છે.

(૨) शतं प्रतिजानीते = સોને સ્વીકારે છે.

સાધનિકા ૩-૩-૬૮ માં કહ્યા પ્રમાણે જાણવી.

✡ समोज्ञो... ૨-૨-૫૧ થી તૃતીયા વિકલ્પે થવાથી शतेन संजानीते પણ થાય.

**अस्मृताविति किम्** ? मातुः संजानाति = માતાનું સ્મરણ કરે છે. અહીં सम् પૂર્વક ज्ञा ધાતુ છે પણ સ્મૃતિ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ स्मृत्यर्थदयेशः ૨-૨-૧૧ થી કર્મમાં વિકલ્પે ષષ્ઠી વિભક્તિ થાય છે તેથી मातरं संजानाति પ્રયોગ પણ થાય.

## अननोः सनः । ३-३-७०

**અર્થ**:- सन्नन्त એવા ज्ञा ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે. પણ તે ज्ञा ધાતુ

अनुं ઉપસર્ગથી પર ન હોય તો.

**વિવેચન :** धर्मं जिज्ञासते = તે ધર્મને જાણવાને ઇચ્છે છે.

ज्ञातुम् इच्छति - जिज्ञासते.

ज्ञा+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ज्ञाज्ञास - सन्यङश्च ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

ज्ञज्ञास - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વ ધાતુ હ્રસ્વ.

जज्ञास - व्यञ्जनस्या... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ञ् નો લોપ.

जिज्ञास - सन्यस्य - ૪-૧-૫૯ થી अ નો इ.

जिज्ञास+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

जिज्ञास+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

जिज्ञासते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

**अननोरिति किम् ?** धर्मं अनुजिज्ञासति = ધર્મની અનુજ્ઞા મેળવવા ઇચ્છે છે.. અહીં अनु ઉપસર્ગ પૂર્વક ज्ञा ધાતુ છે અને તેનું સૂત્રમાં વર્જન કરેલું છે માટે આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## श्रुवोऽनाङ्प्रतेः । ३-३-७१ .

**અર્થ:-** सन्नन्त श्रु ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે પણ તે श्रु ધાતુ आ અને प्रति ઉપસર્ગથી પર ન હોય તો.

**વિવેચન :** गुरून् शुश्रूषते = ગુરૂની સેવા કરવાને ઈચ્છે છે. અથવા ગુરૂને સાંભળવાને ઈચ્છે છે. श्रुंट् श्रवणे (૧૨૯૬)

श्रोतुम् इच्छति - शुश्रूषते.

श्रु+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

श्रुश्रुस - सन्यङश्च ૪-૪-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

शुश्रुस - व्यञ्जनस्या... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

शुश्रुष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

शुश्रूष - स्वर... ૪-૧-૧૦૪ થી स પર છતાં उ દીર્ઘ.

शुश्रूष+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

शुश्रूष+अ+ते - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

शुश्रूषते - लुगस्या... २-१-११३ થી પૂર્વનાં अ નો લોપ.

शुश्रूषते - नामिनो... ४-३-३३ થી અનિટ્ सन् કિદ્વદ્ થાય છે તેથી ऊ નો ગુણ થયો નથી.

**अनाङ् प्रतेरिति किम् ?** आशुश्रूषति = તે સ્વીકાર કરવાને ઇચ્છે છે. प्रतिशुश्रूषति = તે સ્વીકાર કરવાને ઇચ્છે છે. અહીં आ અને प्रति ઉપસર્ગથી પરમાં श्रु ધાતુ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ३-३-१०० થી પરસ્મૈપદ થયું છે.

✡ आ અને प्रति ઉપસર્ગનું સૂત્રમાં વર્જન છે તેથી संशुश्रूषते = શબ્દને સારી રીતે સાંભળવાને ઇચ્છે છે. અહીં આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

## स्मृ-दृशः । ३-३-७२

**અર્થ:-** સન્નન્ત એવા स्मृ અને दृश् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન : (१)** सुस्मूर्षते = સ્મરણ કરવાની ઇચ્છા કરે છે.

स्मृ+स - तुमर्हा... ३-४-२१ થી सन् પ્રત્યય.

स्मॄस - स्वर हन... ४-१-१०४ થી स પર છતાં ऋ દીર્ઘ.

स्मुर्स - ओष्ठ्यादुर् ४-४-११७ થી ॠ નો उर्.

स्मुस्मुर्स - सन्यङश्च ४-१-३ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

सुस्मुर्स - व्यञ्जनस्या... ४-१-४४ થી અનાદિવ્યંજન म् નો લોપ.

सुस्मूर्स - भ्वादे... २-१-६३ થી र् ની પૂર્વે રહેલ उ દીર્ઘ.

सुस्मूर्ष - नाम्यन्तस्था... २-३-१५ થી स् નો ष्.

सुस्मूर्ष+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

सुस्मूर्ष+अ+ते - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

सुस्मूर्षते - लुगस्या... २-१-११३ થી પૂર્વનાં अ નો લોપ.

(२) दिदृक्षते = તે જોવાને ઇચ્છે છે.

दृश्+स - तुमर्हा... ३-४-२१ થી सन् પ્રત્યય.

दृदृश्+स - सन्यङश्च ४-१-३ थी આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

ददृश्+स - ऋतोऽत् ४-१-३८ थी ऋ નો अ.

दिदृश्+स - सन्यस्य ४-१-५९ थी अ નો इ.

दिदृष्+स - यज सृज... २-१-८७ थी श् નો ष्.

दिदृक्+स - षढोःकस्सि २-१-६२ ष् નો क्.

दिदृक्+ष = दिदृक्ष - नाम्यन्त... २-३-१५ थी स् નો ष्.

दिदृक्ष+ते - तिव् तस्... ३-३-६ थी ते પ્રત્યય.

दिदृक्ष+अ+ते - कर्त्तर्य... ३-४-७१ थी शव् પ્રત્યય.

दिदृक्षते - लुगस्या... २-१-११३ थी પૂર્વનાં अ નો લોપ.

## शको जिज्ञासायाम् । ३-३-७३

**અર્થઃ-** જિજ્ઞાસા = જાણવાની ઈચ્છા અર્થમાં વર્તતાં સન્નન્ત એવા शक् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે. शक्लृंट् शक्तौ (१३००)

**વિવેચન :** विद्याः शिक्षते = વિદ્યા જાણવાને હું સમર્થ બનું એમ ઇચ્છે છે.

शक्+स - तुमर्हा... ३-४-२१ थी सन् પ્રત્યય.

शिक्+स - रभलभ... ४-१-२१ थी अ નો इ અને દ્વિત્વનો અભાવ. ૧

शिक्+ष - नाम्यन्तस्था... २-३-१५ थी स् નો ष्.

शिक्ष+ते - तिव् तस्... ३-३-६ थी ते પ્રત્યય.

शिक्ष+अ+ते - कर्त्तर्य... ३-४-७१ थी शव् પ્રત્યય.

शिक्षते - लुगस्या... २-१-११३ थी પૂર્વનાં अ નો લોપ.

**जिज्ञासायामिति किम् ?** शिक्षति = તે સમર્થ થવાને ઈચ્છે છે. અહીં સન્નન્ત शक् ધાતુ છે પણ જિજ્ઞાસા **અર્થ** નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ३-३-१०० થી પરસ્મૈપદ થયું છે.

**પ્રશ્ન :** शिक्षि विद्योपादाने (८७९) આ ધાતુનો शिक्षते પ્રયોગ સિદ્ધ થાય છે તો પછી આ સૂત્ર શા માટે કર્યું ?

**જવાબ :** પરોક્ષામાં आम् નો અનુપ્રયોગ કરવા માટે છે. જો આ સૂત્ર ન બનાવ્યું હોત તો સન્નન્ત એવા शक् ધાતુથી आमः कृगः ३-३-७५ થી

आम् થી પર कृ ધાતુને આત્મનેપદ ન થાત. કેમકે शक् ધાતુ પરસ્મૈપદી હોવાથી शिक्षाञ्चक्रे એ પ્રમાણે ન થતાં शिक्षाञ्चकार એમ અનિષ્ટ પ્રયોગ થાત. અને शिक्षि ધાતુનો પણ शिक्षाञ्चक्रे પ્રયોગ ન થાત. કેમકે એકસ્વરી હોવાથી आम् ન થાય.

## प्राग्वत् । ३-३-७४

**અર્થ**:- सन् ની પૂર્વે જે ધાતુઓથી કર્તામાં આત્મનેપદ થાય છે. તે ધાતુઓથી सन् પ્રત્યય થયે છતે પણ કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : ૩-૩-૨૨ થી ૩-૩-૭૩ સૂત્રથી જે ધાતુને કર્તામાં આત્મનેપદનું વિધાન કરેલું છે તે ધાતુઓ સંબંધી જાણવું.

અનુબન્ધ વડે આત્મનેપદ - इङ्गितः कर्तरि ૩-૩-૨૨ વિગેરે.

ઉપપદ વડે આત્મનેપદ - समस्तृतीया ૩-૩-૩૨ વિગેરે.

અર્થવિશેષ વડે આત્મનેપદ - आङोर्ज्योति... ૩-૩-૫૨ વિગેરે.

આ રીતે જ્યાં જ્યાં કર્તામાં આત્મનેપદ કર્યું છે તે રીતે સન્નન્ત એવા તે ધાતુઓથી કર્તામાં આત્મનેપદ કરવું એમ આ સૂત્રમાં ભલામણ કરે છે.

**(૧) અનુબન્ધવડે આત્મનેપદ :**

शिशयिषते = સુવાની ઇચ્છા કરે છે.

शी+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

शीशी+स - सन्यङश्च ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

शिशी+स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વ ધાતુ હ્રસ્વ.

शिशी+इ+स - स्ताद्यशितो... ૪-૪-૩૨ થી इट् આગમ.

शिशे+इस - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए.

शिशयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

शिशयिष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

शिशयिष+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

शिशयिष+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

शिशयिषते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં ङ् અનુબંધ હોવાથી इङ्गितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ થયેલું હતું તેથી સન્નન્ત એવા ધાતુથી પણ આ સૂત્રથી આત્મનેપદ થયું.

(૨) **ઉપપદવડે આત્મનેપદ :**

अश्वेन संचिचरिषते = અશ્વવડે ફરવાની ઇચ્છા કરે છે.

सम्+चर्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

सम्+चचर्+स - सन्यङश्च ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

संचचर्+स - तौ मुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संचचर्+इस - स्ताद्यशितो... ૪-૪-૩૨ થી इट् આગમ.

संचिचरिस - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ.

संचिचरिष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

संचिचरिष+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

संचिचरिष+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

संचिचरिषते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં ઉપપદવડે આત્મનેપદ થયેલું હતું તેથી સન્નન્ત એવા ધાતુથી પણ આ સૂત્રથી આત્મનેપદ થયું.

(૩) **અર્થવિશેષ વડે આત્મનેપદ :**

शास्त्रे अस्य बुद्धिः चिक्रंसते = શાસ્ત્રમાં આની બુદ્ધિ અટક્યા વિના જવાને ઇચ્છે છે.

क्रम्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

क्रक्रम्+स - सन्यङश्च ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

कक्रम्+स - व्यञ्जनस्या... ૪-૧-૪૪ થી અનાદિ વ્યંજન र् નો લોપ.

चक्रम्+स - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

चक्रंस - शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર.

चिक्रंस - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ.

चिक्रंस+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

चिक्रंस+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

चिक्रंसते - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

અહીં અર્થવિશેષ વડે આત્મનેપદ થયેલું હતું તેથી સન્નન્ત એવા ધાતુથી પણ આ સૂત્રથી આત્મનેપદ થયું.

## आमः कृगः । ३-३-७५

**અર્થ**:- आम् થી પર અનુપ્રયોગ કરાતાં कृ ધાતુથી आम् ની જ પૂર્વમાં ધાતુ જેવો હોય તેની જેમ કર્તામાં આત્મનેપદ થાય છે. થાય અથવા ન થાય એ પ્રમાણે વિધિ અને નિષેધનો અતિદેશ (કથન) કરે છે.

**વિવેચન** : પરોક્ષાના સ્થાને થતાં आम् આદેશની પરમાં અનુપ્રયોગ કરાતાં कृ ધાતુથી જો आम् ની પૂર્વે રહેલો ધાતુ આત્મનેપદી હોય તો આત્મનેપદનાં પ્રત્યય લાગે છે અને જો ધાતુ પરસ્મૈપદી હોય તો પરસ્મૈપદનાં પ્રત્યય લાગે છે. ટૂંકમાં आम् ની પૂર્વે જેવો ધાતુ હોય તેવો कृ ધાતુ સમજવો.

✡ આ સૂત્રથી વિધિ અને નિષેધ બંનેનું અતિદેશ (કથન) કરેલું હોવાથી आम् ની પૂર્વે રહેલો ધાતુ જો પરસ્મૈપદી હોય તો ईगितः ૩-૩-૯૫ થી પ્રાપ્ત એવું આત્મનેપદ कृ ધાતુથી થતું નથી.

(૧) **વિધિ** - डुकृंग्-करणे (૮૮૮)

ईहाञ्चक्रे = ચેષ્ટા કરી. ईहि - चेष्टायाम् (૮૫૭)

ईह्+आम् - गुरुनाम्यादे... ૩-૪-૪૮ થી आम् આદેશ.

ईहाम्+कृ+ए - णवृअतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

ईहाम्+कृकृ+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ईहाम्+ककृ+ए - ऋतोऽत् ૪-૧-૩૮ થી ऋ નો अ.

ईहाम्+चकृ+ए - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

ईहाम्+चक्र्+ए - इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्.

ईहाञ्चक्रे - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

(૨) **નિષેધ**

बिभयाञ्चकार = ભય પામ્યો. ञिभींक्-भये (૧૧૩૨)

भी+आम् - भी-ह्री... ૩-૪-૫૦ થી आम् આદેશ.

भीभी+आम् - हवःशिति ४-१-१२ थी धातु द्वित्व.

भिभी+आम् - ह्रस्वः ४-१-३૯ थी पूर्व धातु ह्रस्व.

बिभी+आम् - द्वितीय... ४-१-४२ थी भ् नो ब्.

बिभे+आम् - नामिनो... ४-३-१ थी ई नो गुण ए.

बिभयाम् - एदैतो... १-२-२३ थी ए नो अय्.

बिभयाम्+कृ+अ - णव् अतुस्... ३-३-१२ थी णव् प्रत्यय.

बिभयाम्+कृकृ+अ - द्विर्धातुः... ४-१-१ थी धातु द्वित्व.

बिभयाम्+ककृ+अ - ऋतोऽत् ४-१-३૮ थी ऋ नो अ.

बिभयाम्+चकृ+अ - कङश्चञ् ४-१-४૬ थी क् नो च्.

बिभयाम्+चकार - नामिनो... ४-३-५१ थी ऋ नी वृद्धि आर्.

बिभयाञ्चकार - तौ मु-मौ... १-३-१४ थी म् नो ञ्.

✡ भी-ह्री... ३-४-५० थी જે आम् થાય છે તે तिव् જેવો થાય છે તેથી हवः शिति ४-१-१२ थी द्वित्व थई शક્યું.

**कृग इति किम् ?** ईक्षामास = જોયું. ईक्षि-दर्शने (૮૮२)

ईक्ष्+आम् - गुरु... ३-४-४૮ थी आम् આદેશ.

ईक्षाम्+अस्+अ - णव् अतुस्.... ३-३-१२ थी णव् प्रत्यय.

ईक्षाम्+अस्अस्+अ - द्विर्धातुः... ४-१-१ थी धातु द्वित्व.

ईक्षाम्+अअस्+अ - व्यञ्जनस्या... ४-१-४४ थी અનાદિવ્યંજન स् નો લોપ.

ईक्षाम्+आअस्+अ - अस्यादे... ४-१-૬૮ थी पूर्वनां अ नो आ.

ईक्षामास - समानानां... १-२-१ थी आ+अ = आ.

અહીં आम् ની પછી कृ धातु नथी अस् धातु છે તેથી આ સૂત્રથી आम् ની પૂર્વે ईक्ष् धातु આત્મનેપદી હોવા છતાં अस् धातुने આત્મનેપદના પ્રત્યય ન લાગતાં પરસ્મૈપદના જ પ્રત્યયો લાગ્યા. કેમકે अस् धातु પરસ્મૈપદી છે.

✡ आम् આદેશની પછી धातोरनेक... ३-४-४૬ વિગેરે સૂત્રોથી कृ-भू અને अस् ત્રણ ધાતુનો અનુપ્રયોગ થાય છે. તેમાં आम् પછી कृ धातु

હોય તો જ આ સૂત્ર લાગે છે. પણ भू અને अस् ધાતુને પરસ્મૈપદ જ થશે. માટે સૂત્રમાં कृगः નું ગ્રહણ કર્યું છે. તેથી ईक्षामास પ્રયોગ પરસ્મૈપદમાં થયો.

**गन्धना-ऽवक्षेप-सेवा-साहस-प्रतियत्न-प्रकथनोपयोगे । ३-३-७६**

અર્થ:- ગન્ધન, અવક્ષેપ, સેવા, સાહસ, પ્રતિયત્ન, પ્રકથન અને ઉપયોગ આ અર્થોમાં વર્તતાં कृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન : (૧) गन्धन** = દ્રોહ બુદ્ધિથી બીજાનાં દોષને ખુલ્લાં કરવાં તે.

उत्कुरुते = દ્રોહ બુદ્ધિથી બીજાનાં દોષને ખુલ્લા કરે છે.

उद्+कृ+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

उद्+कृ+उ+ते - कृग्... ૩-૪-૮૩ થી उ વિકરણ પ્રત્યય.

उद्+कर्+उ+ते - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

उद्कुरुते - अतःशित्युत् ૪-૨-૮૯ થી अ નો उ.

उत्कुरुते - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

(૨) **અવક્ષેપ** = નિન્દા-તિરસ્કાર.

दुर्वृत्तान् अवकुरुते = દુરાચારી લોકોની નિંદા કરે છે.

(૩) **સેવા** = બીજાને અનુસરવું, સહાય કરવી.

महामात्रान् उपकुरुते = મંત્રીઓની સેવા કરે છે.

(૪) **સાહસ** = વિચાર્યા વગરની પ્રવૃત્તિ તે.

परदारान् उपकुरुते = પરસ્ત્રીને ભોગવે છે. (આ લોકમાં - અપયશ અને પરલોકમાં - દુર્ગતિ) ને વિચાર્યા વગર પરસ્ત્રીને સેવે છે.

(૫) **પ્રતિયત્ન** = વિશેષ ગુણનું આધાન કરવું તે, સંસ્કારિત કરવું.

एधोदकस्य उपस्कुरुते = લાકડા અને પાણીને સંસ્કારિત કરે છે.

उपाद्... ૪-૪-૯૨ થી कृ ની પૂર્વે स्सट् નો આગમ.

(૬) **પ્રકથન** = પ્રકર્ષે કહેવું, કથનનો આરંભ.

जनापवादान् प्रकुरुते = લોકાપવાદનું કથન કરે છે.

(૭) **ઉપયોગ** = ધર્માદિમાં વાપરવું.

शतं प्रकुरुते = સો રૂપિયા ધર્મમાં વાપરે છે.

✿ कृ ધાતુમાં ञ् ઇત્ હોવાથી ईगितः ૩-૩-૯૫ થી ફલવાન કર્તામાં આત્મનેપદ સિદ્ધ જ હતું પણ ગન્ધનાદિ **અર્થ**માં અફલવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે આ સૂત્રનો પ્રારંભ કર્યો છે.

## अधेः प्रसहने । ३-३-७७

**અર્થ**:- પ્રસહન અર્થમાં વર્તતાં अधि ઉપસર્ગ પૂર્વક कृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : પ્રસહન = બીજાનો પરાભવ કરવો અથવા બીજા દ્વારા પરાજય ન પામવો તે.

तं हा ! अधिचक्रे = હાય ! તેને જિતી લીધો. ૩-૩-૭૫ માં ઈहाञ्चक्रे માં चक्रे ની સાધનિકા પ્રમાણે अधिचक्रे ની સાધનિકા જાણવી.

**प्रसहन इति किम् ?** तं अधिकरोति = તેને અધિકારી તરીકે નીમે છે.

સાધનિકા ૩-૩-૨ માં કહેલ करोति પ્રમાણે થશે.

અહીં कृ ધાતુ પ્રસહન અર્થમાં નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## दीप्ति-ज्ञान-यत्न-विमत्युपसंभाषोपमन्त्रणे वदः । ३-३-७८

**અર્થ**:- દીપ્તિ, જ્ઞાન, યત્ન, વિમતિ, ઉપસંભાષા અને ઉપમંત્રણ એ **અર્થ**માં વર્તતાં वद् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : દીપ્તિ = ભાસન - શોભવું તે. वद-व्यक्तायां वाचि (૯૯૮)

विद्वान् स्याद्वादे वदते = સ્યાદ્વાદનાં વિષયમાં બોલતો વિદ્વાન્ શોભે છે.

वद्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

वदते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

(૨) **જ્ઞાન** = અવબોધ, જાણવું તે.

धीमान् तत्त्वार्थे वदते = બુદ્ધિમાન્ તત્ત્વાર્થ સંબંધી જાણે છે.

(૩) **યત્ન** = પ્રયત્ન કરવો.

तपसि वदते = તપમાં પ્રયત્ન કરે છે.

(૪) **विमति** = ભિન્ન ભિન્ન વિચાર, વિવાદ.

**धर्मे विवदन्ते** = ધર્મમાં વિવાદ કરે છે. અથવા ધર્મમાં જુદા જુદા વિચારો બતાવે છે.

(૫) **ઉપસંભાષા** = સાંત્વન આપવું. અથવા ઠપકો આપવો.

कर्मकरान् उपवदते = નોકરોને સાંત્વન આપે છે. અથવા નોકરોને ઠપકો આપે છે.

(૬) **ઉપમંત્રણ** = એકાંતમાં લલચાવવું, વશ કરવું.

कुलभार्याम् उपवदते = એકાંતમાં કુલીન સ્ત્રીને લલચાવે છે.

## व्यक्तवाचां सहोक्तौ । ३-३-७९

**અર્થ:**- વ્યક્ત અક્ષરવાળી વાણી છે જેઓની તેવા મનુષ્યવિગેરેનું એક સાથે ઉચ્ચારણ કરવું એવા **અર્થ**માં વર્તતાં वद् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** ग्राम्याः संप्रवदन्ते = ગામડીયાઓ એકસાથે બોલે છે.

**व्यक्तवाचामिति किम् ?** शुकाः संप्रवदन्ति = પોપટો એકસાથે બોલે છે. (કોલાહલ કરે છે) અહીં वद् ધાતુ છે એકસાથે બોલે છે એવો **અર્થ** પણ છે પણ વ્યક્તવાચા નથી અસ્પષ્ટ વાણી હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**सहोक्ताविति किम् ?** **चैत्रेण उक्ते मैत्रः** वदति = ચૈત્રનાં કહ્યા પછી મૈત્ર બોલે છે. અહીં વ્યક્ત ઉચ્ચારણ **અર્થ**માં વર્તતો वद् ધાતુ છે પણ એકના બોલી રહ્યા પછી બીજો બોલે છે. સાથે બોલતાં નથી તેથી સહોક્તિ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## विवादे वा । ३-३-८०

**અર્થ:**- વિરુદ્ધ **અર્થ**નું કહેવું તેને વિવાદ કહેવાય છે. વ્યક્ત વાણીવાળા મનુષ્ય વિગેરેનાં વિવાદરૂપ સહોક્તિ (એક સાથે ઉચ્ચારણ કરવું) **અર્થ**માં વર્તતાં वद् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** मौहूर्ताः विप्रवदन्ति, विप्रवदन्ते वा = જ્યોતિષીઓ (પરસ્પર એક બીજાનો પ્રતિષેધ કરીને) વિવાદ કરે છે.

**विवाद इति किम् ?** वैयाकरणाः संप्रवदन्ति = વૈયાકરણીઓ એક સાથે બોલે છે. અહીં એક બીજાને ટેકો મળે એવું એક સાથે બોલે છે પણ વિવાદરૂપ બોલતાં નથી તેથી વ્યક્ત ઉચ્ચારણ **અર્થ**માં વર્તતો સહોક્તિ **અર્થ**વાળો वद् ધાતુ હોવા છતાં આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**सहोक्तावित्येव** — मौहूर्तः मौहूर्तेन क्रमाद् विप्रवदति = એક જ્યોતિષી બીજા જ્યોતિષી સાથે ક્રમથી વિવાદ કરે છે. અહીં વ્યક્તવાચક વ્યક્તિનાં વિવાદ અર્થમાં વર્તતો वद् ધાતુ છે. પણ અનુક્રમે બોલે છે. એકસાથે બોલતાં નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ વિવાદ બે પ્રકારના હોય છે.

(૧) विशिष्टः वादः (૨) विरुद्धःवादः

આ બેમાંથી અહીં विरुद्धवाद નું ગ્રહણ કર્યું છે.

## अनोः कर्मण्यसति । ३-३-८१

**અર્થ:-** વ્યક્તવાણીવાળા અર્થમાં વર્તતાં अनु ઉપસર્ગપૂર્વક वद् ધાતુથી કર્મ ન હોતે છતે કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** चैत्रः मैत्रस्य अनुवदते = મૈત્રના જેવું અથવા મૈત્રની પછી ચૈત્ર બોલે છે. अनु - सादृश्य - पश्चाद् अर्थः.

**कर्मण्यसतीति किम् ?** उक्तं अनुवदति = કહેલાંનો અનુવાદ કરે છે. અહીં વ્યક્તવાચી અર્થવાળો अनु પૂર્વક वद् ધાતુ છે પણ उक्तं એ કર્મ હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**व्यक्तवाचामित्येव** — वीणा अनुवदति = વીણા શબ્દ કરે છે. અહીં અકર્મક એવો अनु પૂર્વક वद् ધાતુ છે પણ વ્યક્તવાચી નથી. વીણાનો અસ્પષ્ટ ઉચ્ચાર હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✿ આ સૂત્રમાં अकर्मकात् એ પ્રમાણે નહીં કહીને कर्मण्यसति એ પ્રમાણે નિર્દેશ કર્યો છે તે હવે પછી આવતાં आङो... ૩-૩-૮૬ વિગેરે સૂત્રમાં "स्वेङ्गे च कर्मणि" स्वेङ्गे સપ્તમીની સાથે कर्मण्यसति સપ્તમીને જોડવું છે તેથી સૂત્રમાં कर्मण्यसति મુક્યું છે.

## ज्ञः । ३-३-८२

**અર્થ**:- કર્મ ન હોતે છતે (અકર્મક) એવા ज्ञा ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** सर्पिषो जानीते = ઘીની સહાયતાથી જમે છે. ज्ञांश् अवबोधने (૧૫૪૦)

સાધનિકા ૩-૩-૬૮ માં કહેલ अपजानीते પ્રમાણે થશે.

અહીં કરણભૂત ઘીવડે પ્રવૃત્તિ કરે છે. सर्पिष् એ જ્ઞેયરૂપ નથી તેથી अज्ञाने... ૨-૨-૮૦ થી ષષ્ઠી થઈ છે.

**कर्मण्यसतीत्येव** - तैलं सर्पिषो जानाति = તેલને ઘી રૂપે માને છે. અહીં तैल એ કર્મ છે. તેથી ज्ञा ધાતુને આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✿ "सर्पिषि रक्तः विरक्तः वा चित्तभ्रान्त्या सर्वं जलादिकं सर्पिः रुपेण प्रतिपद्यते, इत्थं मिथ्याज्ञानवचनः अत्र जानाति" = ઘીમાં અતિરાગી અને અતિદ્વેષી વ્યક્તિ ચિત્તભ્રાન્તિવડે જલાદિ સર્વ વસ્તુને ઘી રૂપે સ્વીકારે છે (જાણે છે.) આ પ્રમાણે जानाति એ મિથ્યાજ્ઞાન અર્થમાં છે. મિથ્યાજ્ઞાન એ તત્ત્વથી અજ્ઞાન જ છે. એ અજ્ઞાન અર્થમાં અહીં सर्पिष् ને अज्ञाने... ૨-૨-૮૦ થી ષષ્ઠી થઈ છે.

## उपात् स्थः । ३-३-८३

**અર્થ**:- કર્મ ન હોતે છતે उप ઉપસર્ગપૂર્વક स्था ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** योगे योगे उपतिष्ठते = દરેક યોગમાં ઉપસ્થિત થાય છે. સાધનિકા ૩-૩-૬૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

**कर्मण्यसतीत्येव** - राजानम् उपतिष्ठति = રાજાની પાસે જાય છે. અહીં राजानम् એ કર્મ છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✿ स्था ધાતુ નિત્ય અકર્મક છે છતાં પણ સૂત્રમાં "कर्मण्यसति" લખ્યું છે તે ઉપસર્ગસહિત ધાતુ ક્યારેક સકર્મક થાય છે તેને માટે છે.

## समो गमृच्छि-प्रच्छि-श्रु-वित्स्वरत्यर्ति-दृशः । ३-३-८४

**અર્થ:-** કર્મ ન હોતે છતે सम् ઉપસર્ગપૂર્વક गम्, ऋच्छ्, प्रच्छ्, श्रु, विद्, स्वृ, ऋ અને दृश् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) सङ्गच्छते = તે મળે છે. गम्लृं-गतौ (૩૯૬)

सम्+गम्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सम्+गम्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

सम्गछ्+अ+ते - गमि... ૪-૨-૧૦૬ થી गम् ના म् નો छ्.

सम्+गछ्छ्+अ+ते - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

सम्गच्छते - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्.

सङ्गच्छते - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો ङ्.

(૨) समृच्छिष्यते = ઇન્દ્રિય ક્ષીણ થશે.

ऋछत् - इन्द्रियप्रलय - मूर्तिभावयोः (૧૪૩૨)

सम्+ऋछ्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

सम्+ऋछ्छ्+स्यते - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

सम्ऋच्छ्+स्यते - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्.

समृच्छिस्यते - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

समृच्छिष्यते - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

(૩) संपृच्छते = તે સારી રીતે પુછે છે. સાધનિકા ૩-૩-૫૪ માં કરેલી आपृच्छते પ્રમાણે થશે.

(૪) संशृणुते = તે સાંભળે છે. श्रुंट् - श्रवणे (૧૨૯૬)

सम्+श्रु+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सम्+श्रु+नु+ते - स्वादेः... ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

सम्शृनुते - श्रौति... ૪-૨-૧૦૮ થી श्रु નો शृ આદેશ.

संशृनुते - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संशृणुते - र-षृवर्णा... २-३-६३ થી न् નો ण्.

(૫) संवित्ते = તે જાણે છે. विदक् - ज्ञाने (१०९९)

सम्+विद्+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

संविद्+ते - तौमु-मौ... १-३-१४ થી म् નો અનુસ્વાર.

संवित्ते - अघोषे... १-३-५० થી द् નો त्.

गम् થી માંડીને दृश् સુધીનાં બધા ધાતુ પરસ્મૈપદી છે તેની મધ્યમાં विद् ધાતુ રહેલો હોવાથી તે ધાતુઓનાં સાહચર્યથી विद् ધાતુ પરસ્મૈપદીમાં જે જ્ઞાનાર્થક છે તેજ લેવાનો છે. કારણકે સત્તા અર્થમાં રહેલો विद् ધાતુ આત્મનેપદી છે અને પ્રાપ્તિ અર્થમાં રહેલો विद् ધાતુ ઉભયપદી છે. ફક્ત જ્ઞાનાર્થક विद् ધાતુ જ પરસ્મૈપદી છે માટે તે જ विद् ધાતુ ગ્રહણ થશે.

(૬) संस्वरते = તે સારી રીતે અવાજ કરે છે. औस्वृ-शब्दोपतापयोः (२१)

सम्+स्वृ+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

सम्+स्वृ+अ+ते - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

संस्वृ+अ+ते - तौमु-मौ... १-३-१४ થી म् નો અનુસ્વાર.

संस्वरते - नामिनो... ४-३-१ થી ऋ નો ગુણ अर्.

(૭) संमृच्छते = તે મળે છે. ऋं - प्रापणे गतौ च (२६)

सम्+ऋ+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

सम्+ऋ+अ+ते - कर्त्तर्य... ३-४-७१ થી शव् પ્રત્યય.

समृच्छते - श्रौति... ४-२-१०८ થી ऋ નો ऋच्छ આદેશ.

(૮) समियृते = તે મળે છે. ऋंक् - गतौ (११३५)

सम्+ऋ+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

सम्+ऋऋ+ते - हवः शिति ४-१-१२ થી ધાતુ દ્વિત્વ.

सम्+इऋ+ते - पृ-भृ... ४-१-५८ થી પૂર્વનાં ऋ નો इ.

समियृते - पूर्वस्या... ४-१-३७ થી इ નો इय्.

(૯) संपश्यते = તે જુએ છે. दृशृं-प्रेक्षणे (४९५)

सम्+दृश्+ते - तिव् तस्... ३-३-६ थी ते प्रत्यय.

सम्+दृश्+अ+ते - कर्त्तर्य... ३-४-७१ थी शव् प्रत्यय.

सम्+पश्य+अ+ते - श्रौति... ४-२-१०८ थी दृश् नो पश्य આદેશ.

संपश्यते - तौमु-मौ... १-३-१४ थी म् नो અનુસ્વાર.

✿ स्वृ અને ऋ ધાતુ સૂત્રમાં तिव् નિર્દેશવાળા મૂક્યા છે તેથી यङ्लुबन्त માં આ સૂત્રથી આત્મનેપદ નહીં થાય.

"तिवाशवानुबन्धेन, निर्दिष्टं यद् गणेन च ।

एकस्वरनिमित्तं च, पञ्चैतानि न यङ्लुपि ॥"

स्वृ - संसरिस्वर्ति, संसरीस्वर्ति,संसस्वर्ति ।

ऋ - समरियर्ति, समरीयरीति, समर्रति ।

અહીં આ બે ધાતુને यङ्लुबन्त માં આત્મનેપદ ન થયું તે સિવાયનાં બીજા ધાતુઓને આ સૂત્રથી આત્મનેપદ થશે. જેમ કે — गम्-संजङ्गते, प्रच्छ्-संपरीपृष्टे, श्रु-संशोश्रुते, विद्-संवेवित्ते, दृश्-संदरीदृष्टे.

✿ સૂત્રમાં अर्ति નું ગ્રહણ કરેલું છે તેથી ऋश् ધાતુ क्र्यादि ગણનો છે તે અહીં ગ્રહણ નહીં થાય.

**कर्मण्यसतीत्येव** - सङ्गच्छति मैत्रम् = તે મૈત્રને મળે છે. અહીં मैत्र એ કર્મ છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## वेः कृगः शब्दे चाऽनाशे । ३-३-८५

**અર્થઃ-** નાશ સિવાયનાં અર્થમાં વર્તતાં કર્મનો અભાવ હોતે છતે અને શબ્દરૂપ કર્મ હોતે છતે वि ઉપસર્ગપૂર્વક कृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (१) विकुर्वते सैन्धवाः = સિંધુ દેશના ઘોડાઓ સુંદર ચાલે છે.

वि+कृ+अन्ते - तिव् तस्... ३-३-६ थी अन्ते प्रत्यय.

वि+कृ+उ+अन्ते - कृग्.... ३-४-८३ थी उ प्रत्यय.

वि+कर्+उ+अन्ते - नामिनो... ४-३-१ थी ऋ नो ગુણ अर्.

विकुर्+उ+अन्ते - अतः... ४-२-८૯ थी अ नो उ.

विकुर्+उ+अते - अनतो... ४-२-११४ थी अन्ते नुं अते.

विकुर्वते - इवर्णादे... १-२-२१ थी उ नो व्.

આ અકર્મક कृ ધાતુનું ઉદાહરણ છે. भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ થવાની પ્રાપ્તિ હતી પણ कुरुच्छुरः ૨-૧-૬૬ થી દીર્ઘનો નિષેધ થયો છે તેથી विकुर्वते માં उ દીર્ઘ થયો નથી.

(૨) क्रोष्टा विकुरुते स्वरान् = શિયાળ અવાજ કરે છે.

विकुरुते ની સાધનિકા ૩-૩-૭૬ માં કહેલ उत्कुरुते પ્રમાણે થશે. અહીં स्वरान् એ શબ્દકર્મ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

**शब्दे चेति किम् ?** विकरोति मृदम् = માટીને કેળવે છે. અહીં मृदम् એ શબ્દકર્મ નથી. કર્મ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. विकरोति ની સાધનિકા ૩-૩-૨ માં કહેલ करोति પ્રમાણે થશે.

**अनाश इति किम् ?** विकरोति अध्यायम् = અધ્યાયનો નાશ કરે છે. અહીં નાશ **અર્થ** થાય છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. विकरोति ની સાધનિકા ૩-૩-૨ માં કહેલ करोति પ્રમાણે થશે.

## आङो यम-हनः, स्वेऽङ्गे च । ३-३-८६

**અર્થઃ-** કર્મનો અભાવ હોતે છતે અને કર્તાનું પોતાનું અંગ કર્મ હોતે છતે आ ઉપસર્ગપૂર્વક यम् અને हन् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન : (૧)** आयच्छते = (પોતાનાં હાથ-પગ લાંબા કરે છે.) લાંબુ કરે છે. यमूं-उपरमे (૩૮૬) સાધનિકા ૩-૩-૫૯ માં કહેલ પ્રમાણે થશે.

(૨) आहते = પોતાનાં અંગને આઘાત કરે છે. हनंक्-हिंसा-गत्योः (૧૧૦૦)

आ+हन्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आ+हन्+ते - शिदवित् ૪-૩-૨૦ થી ते પ્રત્યય ङिद्वद्.

आहते - यमि-रमि... ૪-૨-૫૫ થી ધુડાદિ ङित् પર છતાં न् નો લોપ.

આ બે ઉદાહરણ અકર્મક यम् અને हन् ધાતુનાં છે.

(૩) आयच्छते पादम् = પગને લાંબો કરે છે.

आहते पादम् = પગને આઘાત પહોંચાડે છે.

અહીં કર્તાનાં પોતાનાં અંગવાચક पाद શબ્દ કર્મ તરીકે મૂકેલો છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**स्वेङ्गे चेति किम् ?** आयच्छति रज्जुम् = દોરડીને લાંબી કરે છે. અહીં रज्जु એ કર્મ છે પણ કર્તાનાં પોતાનાં અંગવાચક કર્મ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. એજ પ્રમાણે आहन्ति दासम् = નોકરને મારે છે.

**स्व इति किम् ?** आयच्छति पादौ मैत्रस्य = મૈત્રનાં પગને લાંબો કરે છે. અહીં पादौ એ કર્મ છે પણ કર્તાનાં પોતાનાં અંગવાચક કર્મ નથી પણ મૈત્રનાં અંગવાચક છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अङ्ग इति किम् ?** स्वं पुत्रं आहन्ति = પોતાનાં પુત્રને મારે છે. અહીં પોતાનો પુત્ર છે પણ પોતાનાં અંગવાચી કર્મ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✿ स्वाङ्ग ન લખતાં જે स्वेङ्गे લખ્યું તે પારિભાષિક સ્વાંગ ન લેતાં કર્તાનું પોતાનું અંગ ગ્રહણ કરવા માટે જ સૂત્રમાં **स्वेङ्गे** લખ્યું છે.

## व्युदस्तपः । ३-३-८७

**અર્થઃ-** કર્મનો અભાવ હોતે છતે અને કર્તાનું પોતાનું અંગ કર્મ હોતે છતે वि અને उद् ઉપસર્ગપૂર્વક तप् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચનઃ** (૧) वितपते-उत्तपते रविः = સૂર્ય તપે છે. (દીપે છે.) तपं-संतापे (૩૩૩)

वि+तप्+ते, उद्+तप्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

वि+तप्+अ+ते, उद्+तप्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

वितपते, उत्तपते - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

આ અકર્મક तप् ધાતુનું ઉદાહરણ છે.

(૨) वितपते-उत्तपते पाणिम् = પોતાનાં હાથને તપાવે છે. અહીં पाणिम् એ કર્તાનું પોતાનું અંગવાચી કર્મ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

**व्युद इति किम् ?** निष्टपति = (સોનાને) એકવાર તપાવે છે. અહીં वि અને उद् ઉપસર્ગપૂર્વક तप् ધાતુ નથી પણ निस् ઉપસર્ગપૂર્વક तप् ધાતુ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**स्वेङ्गे च इत्येव** - वितपति पृथ्वीं सविता = સૂર્ય પૃથ્વીને તપાવે છે. उत्तपति सुवर्णं सुवर्णकारः = સોની સોનાને તપાવે છે. (દ્રવીભૂત કરે છે.) અહીં वि અને उद् ઉપસર્ગપૂર્વક સકર્મક तप् ધાતુ છે. પણ કર્તાનું પોતાનું અંગવાચી કર્મ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**स्व इत्येव** - उत्तपति पृष्ठं चैत्रस्य = ચૈત્રની પીઠને તપાવે છે. અહીં पृष्ठं એ સ્વાંગવાચક કર્મ છે પણ ચૈત્રના સ્વાંગવાચક કર્મ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अङ्ग इत्येव** - स्वं सुवर्णं उत्तपति = પોતાનાં સુવર્ણને તપાવે છે. અહીં सुवर्ण પોતાનું છે उद् પૂર્વક तप् ધાતુ છે પણ सुवर्ण એ પોતાનું અંગવાચી કર્મ નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## अणिक्कर्मणिक्कर्तृकाण्णिगोऽस्मृतौ । ३-३-८८

**અર્થ**:- अणिग् અવસ્થામાં જે કર્મ તે જ (કર્મ) णिग् અવસ્થામાં કર્તા છે જેને તેને अणिक्कर्मणिक्कर्तृक કહેવાય છે.

✡ अणिक्कर्मणिक्कर्तृक એવા અસ્મૃતિ **અર્થ**માં વર્તતાં णिगन्त ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન** : अणिग् અવસ્થા - आरोहन्ति हस्तिनं हस्तिपकाः = મહાવતો હાથી ઉપર ચડે છે.

णिग् અવસ્થા - आरोहयते हस्ती हस्तिपकान् = હાથી મહાવતોને ચડાવે છે. रुहं-जन्मनि (૯૮૮)

आ+रुह्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आरोहि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

आरोहि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आरोहि+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

आरोहे-अ+ते - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

आरोहयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

અહીં अणिग् અવસ્થાનું हस्तिनं કર્મ છે તે જ કર્મ णिग् અવસ્થામાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી णिगन्त એવા आरोहि ધાતુથી આત્મનેપદ થયું છે.

**अणिगिति किम् ?**

(૧) अणिग् - आरोहन्ति हस्तिनं हस्तिपकाः = મહાવતો હાથી ઉપર ચડે છે.

(૨) પ્રથમ णिग् - आरोहयति हस्तिपकान् महामात्रः = મંત્રી મહાવતોને ચડાવે છે.

(૩) દ્વિતીય णिग् - आरोहयन्ति महामात्रेण हस्तिपकाः = હાથી પર ચડાવાતા મહાવતો મંત્રીને ચડવાની પ્રેરણા કરે છે.

અહીં પ્રથમ णिगन्तનું हस्तिपकान् કર્મ દ્વિતીય णिगन्त માં કર્તા થવા છતાં પણ આ સૂત્રથી આત્મનેપદ નહીં થાય કારણ કે हस्तिपकान् એ કર્મ णिग् અવસ્થાનું છે अणिग् અવસ્થાનું નથી.

**गित् किम् ?** अणिग् - गोपालकः गणं गणयति = ગોવાળીયો ગણને ગણે છે.

णिग् - गणयते गणः गोपालकम् = ગણ ગોવાળને ગણાવે છે.

गणण्-सङ्ख्याने (૧૮૭૪).

गणि - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

હવે પછીની સાધનિકા आरोहयते પ્રમાણે થશે.

સૂત્રમાં अणिग् એ પ્રમાણે ગ્રહણ કરેલું હોવાથી અહીં गणयति માં णिच् લાગેલો છે તેથી તેનું વર્જન થતું નથી જો સૂત્રમાં માત્ર अणि લખ્યું હોત તો णिग् ની સાથે णिच् નું પણ વર્જન થાત. અહીં अणिग् અવસ્થાનું કર્મ गण એ णिग् અવસ્થામાં કર્તા છે તેથી આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

**कर्मेति किम् ?** अणिग् - भृत्याः प्रदीपेन पश्यन्ति = નોકરો દીપકવડે જુએ છે.

णिग् - प्रदीपः भृत्यान् दर्शयति = દીપક નોકરોને દેખાડે છે.

दृशृं-प्रेक्षणे (૪૯૫).

दृश्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

दर्शि - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

હવે પછીની સાધનિકા आरोहयते પ્રમાણે થશે.

અહીં अणिग् અવસ્થાનું કરણ णिग् અવસ્થામાં કર્તા બન્યું છે. તેથી આ સૂત્રથી दृश् ધાતુને આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**णिगिति किम् ?** अणिग् - चैत्रः केदारं लुनाति = ચૈત્ર કેદારને કાપે છે.

कर्मकर्ता માં लूयते केदारः स्वयमेव = કેદાર સ્વયં જ કપાય છે.

णिग् - चैत्रः केदारं लावयति = ચૈત્ર કેદારને કપાવે છે.

लूग्श्-छेदने (૧૫૧૯).

लू+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

लौ+णिग् - नामिनो... ૪-૩-૫૧ થી ऊ ની વૃદ્ધિ औ.

लावि - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

હવે પછીની સાધનિકા आरोहयते પ્રમાણે થશે.

અહીં अणिग् અવસ્થાનું કર્મ એ કર્મકર્તામાં કર્તા બન્યું છે. પણ णिग् અવસ્થામાં કર્તા બન્યું નથી. णिग् અવસ્થામાં તો કર્મ જ રહ્યું છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. એટલે કે જ્યાં केदार કર્તા છે ત્યાં लू ધાતુ પ્રેરક નથી અને જ્યાં लू ધાતુ પ્રેરક છે ત્યાં केदार કર્તા નથી પણ કર્મ છે.

**कर्तेति किम् ?** अणिग् - आरोहन्ति हस्तिनं हस्तिपकाः = મહાવતો હાથી ઉપર ચડે છે.

णिग् - तान् (हस्तिपकान्) एनम् (हस्तिनं) आरोहयति महामात्रः = મંત્રી મહાવતોને હાથી ઉપર ચડાવે છે. અહીં अणिग् અવસ્થાનું हस्तिनं કર્મ એ णिग् અવસ્થામાં કર્મ જ રહ્યું છે કર્તા બન્યું નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**णिग इति किम् ?** अणिग् - आरोहन्ति हस्तिनं हस्तिपकाः = મહાવતો હાથી ઉપર ચડે છે.

णिग् - आरोहयते हस्ती तान् (हस्तिपकान्) = હાથી મહાવતોને ચડાવે છે. અહીં સૂત્રમાં णिगः મૂક્યું છે તેથી णिगन्त ધાતુ હોય ત્યાં જ આ સૂત્રથી આત્મનેપદ થશે પણ अणिग् અવસ્થામાં રહેલાં आरोहन्ति ની જગ્યાએ आरोहन्ते નહીં થાય. એટલે કે જ્યાં પ્રેરક વાક્ય હોય ત્યાં જ આત્મનેપદ થશે. अणिग् અવસ્થાનાં વાક્યમાં આ સૂત્રથી આત્મનેપદ નહીં થાય.

**अस्मृताविति किम् ?** स्मृं-आध्याने (૧૦૧૪).

अणिग् - कोकिलः वनगुल्मं स्मरति = કોયલ વનગુલ્મનું સ્મરણ કરે છે.

णिग् - स्मरयति वनगुल्मः कोकिलम् = વનગુલ્મ કોયલને સ્મરણ કરાવે છે.

स्मृ+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

स्मारि - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

स्मरि - घटादे... ૪-૨-૨૪ થી णि પર છતાં હ્રસ્વ.

હવે પછીની સાધનિકા आरोहयते પ્રમાણે થશે.

અહીં આ સૂત્રથી આત્મનેપદ નહીં થાય કેમકે स्मृ ધાતુ સ્મૃતિ **અર્થ**માં વર્તે છે. અને સૂત્રમાં તેનો નિષેધ કરેલો છે તેથી शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## प्रलम्भे गृधि-वञ्चेः । ३-३-८९

**અર્થ:-** प्रलम्भ = ઠગવું. એ **અર્થ**માં વર્તતાં णिगन्त એવા गृध् અને वञ्च् ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) गर्द्धयते बटुं = બાળકને ઠગે છે. गृधच्-अभिकांक्षायाम् (૧૧૮૭)

गृध्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

गर्ध्+णिग् - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

गर्ध्ध्+णिग् - र्हादर्ह... ૧-૩-૩૧ થી ध् દ્વિત્વ.

गर्द्ध्+णिग् - तृतीय... ૧-૩-૪૯ થી પૂર્વનાં ध् નો द्.

गद्धि+ते - तिव् तस्... ३-३-६ થી ते પ્રત્યય.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

(૨) बटुं वञ्चयते = બાળકને ઠગે છે.

वञ्च्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

वञ्चि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

**प्रलम्भ इति किम् ?** श्वानं गर्द्धयति = કૂતરાને લલચાવે છે. અહીં णिगन्त गृध् ધાતુ છે. પણ લલચાવવું અર્થમાં છે ઠગવું અર્થમાં નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ સામાન્યથી णिग् પ્રત્યયાન્ત ધાતુ गित् હોવાથી ईगितः ૩-૩-૯૫ થી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે પણ અફલવાન કર્તામાં આત્મનેપદ કરવા માટે જ આ સૂત્રનો આરંભ છે.

## लीङ् - लिनोऽर्चा-भिभवे चाऽऽच्चाऽकर्त्तर्यपि । ३-३-९०

**અર્થ:-** અર્ચા, અભિભવ અને પ્રલમ્ભ અર્થમાં વર્તતાં णिगन्त એવા ली અને ली ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે. અને તે બન્ને ધાતુઓનાં અંત્ય ई નો કર્તા અને અકર્તામાં आ થાય છે.

**વિવેચન :** (૧) अर्चा = પૂજા. जटाभिः आलापयते = જટા વડે પૂજાય છે.

लीङ्च् श्लेषणे (૧૨૪૮) અને लीश्-श्लेषणे (૧૫૨૬).

आ+ली+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आला+णिग् - આ સૂત્રથી કર્તામાં ली ના ई નો आ.

आलापि - अर्त्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

(૨) अभिभव = પરાભવ. श्येनो वर्त्तिकां अपलापयते = બાજ પક્ષી ચકલીનો પરાભવ કરે છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

(૩) प्रलम्भ = ઠગવું. कः त्वाम् उल्लापयते = તને કોણ ઠગે છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે. लिलौ ૧-૩-૬૫ થી उद् ના द् નો ल् થશે.

**अकर्त्तर्यपीति किम् ?** जटाभिः आलाप्यते जटिलेन = જટાધારી (બાવો) જટાવડે પોતાને પૂજાવે છે.

आलापि સુધી ઉપર પ્રમાણે સાધનિકા જાણવી.

आलापि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

आलापि+य+ते - क्यः शिति ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

आलाप्यते - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

અહીં અકર્તરિપ્રયોગ (ભાવે પ્રયોગ) છે. આ સૂત્રમાં અકર્તરીમાં પણ ली ધાતુના ई નો आ થાય છે. તેથી આ સૂત્રથી आलाप्यते પ્રયોગમાં आ થયો છે.

સૂત્રમાં अकर्त्तर्यऽपि લખ્યું છે તેથી કર્તરિ, અકર્તરિ બંન્નેમાં आ થાય.

✿ સૂત્રમાં બે च નો પ્રયોગ કર્યો છે તેથી એક चकार ઉપરનાં સૂત્રમાંથી प्रलम्भ અર્થને આ સૂત્રમાં લાવવા માટે છે. અને બીજો चकार आकार ના સમુચ્ચય માટે છે.

✿ સૂત્રમાં लीङ् ધાતુમાં ङ् નો નિર્દેશ અને लीनः માં श्ना નો નિર્દેશ चुरादि અન્તર્ગત युजादि लीण् - द्रवीकरणे (૧૯૪૨) (ली) ધાતુનાં વર્જન માટે છે.

## स्मिङः प्रयोक्तुः स्वार्थे । ३-३-११

**अर्थः-** પ્રયોજક કર્તા છે હેતુભૂત જેમાં એવા વિસ્મય અર્થવાળા णिगन्त स्मि ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે અને કર્તા તથા અકર્તામાં અંત્યનો आ થાય છે.

**વિવેચન :** जटिलो विस्मापयते = જટાધારી (બાળકને) વિસ્મય પમાડે છે.

बालः विस्मयते, तं जटिलः प्रेरयति इति जटिलः विस्मापयते.

અહીં जटिल પ્રેરક છે. (પ્રયોજક છે.) તેનાથી જ વિસ્મય પામે છે. પણ બીજા કારણોથી નહીં ष्मिङ् - ईषद्धसने (૫૮૭)

विस्मि+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

विस्मा+णिग् - આ સૂત્રથી કર્તામાં स्मि ના इ નો आ.

विस्माप्-इ - अर्त्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

विस्मापि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

**प्रयोक्तुः स्वार्थ इति किम् ?** रुपेण विस्माययति = રૂપદ્વારા આશ્ચર્ય પમાડે છે.

विस्मि+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

विस्मै+णिग् - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

विस्मायि - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે. અહીં આશ્ચર્ય પમાડનાર વ્યક્તિ (પ્રયોજક) રૂપ દ્વારા આશ્ચર્ય પમાડતો હોવાથી આશ્ચર્યનું કારણ કર્તા પોતે નથી પણ રૂપ છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. આત્મનેપદ ન થવાથી અન્ત્યનો आ પણ નથી થયો.

**अकर्त्तर्यपीत्येव** — विस्मापनम् = આશ્ચર્ય પમાડવું.

विस्मापि સુધી ઉપર પ્રમાણે સાધનિકા જાણવી.

विस्मापि+अनट् - ૫-૩-૧૨૪ થી ભાવમાં अनट् પ્રત્યય.

विस्मापन - णेरनिटि ૪-૩-૮૩ થી इ નો લોપ.

विस्मापन+अम् - स्यौ... ૧-૧-૧૮ થી अम् પ્રત્યય.

विस्मापनम् - समाना... ૧-૪-૪૬ થી अम् ના अ નો લોપ.

અહીં अनट् પ્રત્યય ભાવમાં લાગેલો છે. અકર્તરિ પ્રયોગમાં પણ આ સૂત્રથી स्मि ધાતુનાં અન્ત્ય इ નો आ થતો હોવાથી विस्मापनम् માં आ થયો છે.

✡ स्मिङ् એમ અનુબંધ સહિત સૂત્રમાં ગ્રહણ કરેલું હોવાથી "तिवाशवानुबन्धेन... એ ન્યાયથી यङ्लुबन्तમાં આ સૂત્રનું કાર્ય થતું નથી. દા.ત. सेष्माययति.

## बिभेतिर्भीष् च । ३-३-९२

**અર્થઃ-** પ્રયોજક કર્તા છે હેતુભૂત જેમાં એવા ભય (પમાડનાર) **અર્થ**વાળા णिगन्त भी ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે અને કર્તામાં તથા

અકર્તામાં भी નો भीष् આદેશ અને અંત્યનો आ થાય છે.

**विवेचन** : मुण्डो भीषयते भापयते वा = મુંડ (બાળકને) બીવરાવે છે.

बाल: बिभेति, बिभ्यन्तं तं मुण्डो भीषयते - અહીં मुण्ड પ્રેરક છે. (પ્રયોજક છે.) તેનાથી જ બાળક ભય પામે છે. પણ બીજા કારણોથી નહીં. ञिभींक् - भये (११३२)

✿ भी+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

भीषि - આ સૂત્રથી કર્તામાં भी નો भीष् આદેશ.

✿ भी+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

भा+णिग् - આ સૂત્રથી કર્તામાં भी નાં ई નો आ.

भापि - अर्त्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

भीषि+ते, भापि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

**प्रयोक्तुः स्वार्थ इत्येव** - कुञ्चिकया भाययति = ચાવીથી ડરાવે છે. અહીં ભય પમાડનાર વ્યક્તિ કુંચી દ્વારા ભય પમાડે છે. ભય પમાડવાનું કારણ પોતે નથી પણ કુંચી છે. તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે. भाययति ની સાધનિકા ૩-૩-૯૧ માં કહેલ विस्माययति પ્રમાણે થશે.

**अकर्त्तर्यपीत्येव** - भीषा, भापनम् = ભય પમાડવો.

(૧) भीषि સુધી ઉપર પ્રમાણે થશે.

भीषि+अ - भीषि-भूषि... ૫-૩-૧૦૯ થી ભાવમાં अङ् પ્રત્યય.

भीष - णेरनिटि ૪-૩-૮૩ થી इ નો લોપ.

भीष+आ - आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય.

भीषा - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

(૨) भापि સુધી ઉપર પ્રમાણે થશે.

भापि+अन - अनट् ૫-૩-૧૨૪ થી ભાવમાં अनट् પ્રત્યય.

भापन - णेरनिटि ૪-૩-૮૩ થી इ નો લોપ.

भापन+अम् - स्यौ... ૧-૧-૧૮ થી अम् પ્રત્યય.

भापनम् - समाना... १-४-४६ થી अम् ના अ નો લોપ.

અહીં अङ् અને **अनट्** પ્રત્યય ભાવમાં લાગેલ છે. અકર્તરિ-પ્રયોગમાં પણ આ સૂત્રથી भी ધાતુનાં અન્ત્યનો आ અને भीष् આદેશ થતો હોવાથી भीषा અને भापनम् પ્રયોગ થયા છે.

✡ बिभेति એ પ્રમાણે तिव् સહિત સૂત્રમાં ગ્રહણ કરેલું હોવાથી "तिवाशवानुबन्धेन... એ ન્યાયથી यङ्लुबन्त માં આ સૂત્રનું કાર્ય થતું નથી. દા.ત. मुण्डो बेभाययति.

✡ "णिगः प्रयोक्तुः स्वार्थे आत् च अकर्त्तर्यपि" च કારથી આ અનુવૃત્તિ ઉપરના સૂત્રમાંથી આ સૂત્રમાં આવી.

## मिथ्याकृगोऽभ्यासे । ३-३-९३

**અર્થ**:- क्रियाभ्यास = વારંવાર ક્રિયા કરવી એવા **અર્થ**માં વર્તતાં मिथ्या શબ્દથી યુક્ત ण्यन्त कृ ધાતુથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** पदं मिथ्या कारयते = સ્વરાદિ દોષથી દોષિત પદને વારંવાર ભણાવે છે.

स्वरादिदोषदुष्टम् असकृत् उच्चारति - पाठयति इत्यर्थः ।"

कृ+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

कारि - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

હવે પછીની સાધનિકા ૩-૩-૮૮ માં જણાવેલ आरोहयते પ્રમાણે થશે.

**मिथ्येति किम् ?** पदं साधु कारयति = સારા પદને વારંવાર ભણાવે છે. અહીં मिथ्या શબ્દ યુક્ત कृग् ધાતુ નથી. साधु શબ્દથી યુક્ત છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**अभ्यास इति किम् ?** सकृत् पदं मिथ्या कारयति = સ્વરાદિ દોષથી દોષિત પદને એકવાર ભણાવે છે. અહીં मिथ्या શબ્દથી યુક્ત कृग् ધાતુ છે પણ વારંવાર અર્થમાં નથી એકવાર અર્થમાં છે તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ मिथ्या શબ્દ पद શબ્દનું વિશેષણ હોવાથી मिथ्या શબ્દ દ્વિતીયાન્ત છે પણ अव्ययस्य ૩-૨-૭ થી अम् નો લોપ થયો છે.

✡ अभ्यास = વારંવાર ક્રિયાની આવૃત્તિમાં भृशाभीक्ष्ण्य... ૭-૪-૭૩ થી

દ્વિર્ભાવ થવો જોઈએ પણ અભ્યાસ અર્થમાં આત્મનેપદથી દ્વિર્ભાવ ઉક્ત થતો હોવાથી उक्तानां अप्रयोगः એ ન્યાયથી દ્વિર્ભાવ થયો નથી.

✿ સ્વરાદિ દોષથી દોષિત એટલે સ્વર વિષયક દોષ - ઉદાત્તનાં સ્થાને અનુદાત્ત કે સ્વરિતનો પ્રયોગ કરાય અને સ્વરિતના સ્થાને અનુદાત્ત કે ઉદાત્તનો પ્રયોગ કરાય તે સ્વરાદિ દોષ છે.

## परिमुहा-ऽऽयमा-ऽऽयस-पा-ट्धे-वद-वस-दमा-ऽद-रुच-नृतः फलवति । ३-३-९४

**અર્થઃ**- પ્રધાન (મુખ્ય) ફળવાન કર્તા હોતે છતે णिगन्त એવા परि+मुह्, आ+यम्, आ+यस्, पा, धे, वद्, वस्, दम्, अद्, रुच् અને नृत् ધાતુઓથી કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (१) अणिग्-परिमुह्यति चैत्रः = ચૈત્ર મોહ પામે છે.

णिग् - परिमोहयते चैत्रम् = ચૈત્રને મોહ પમાડે છે.

मुहौच् वैचित्त्ये (१२३८)

परि+मुह्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

परिमोह्+इ - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

परिमोहि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

परिमोहि+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

परिमोहे+अ+ते - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

परिमोहयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૨) **अणिग्**-आयच्छति सर्पः = સર્પ લાંબો થાય છે. यमूं-उपरमे (૩૮૬)

**णिग्** - आयामयते सर्पम् = સર્પને લાંબો કરે છે.

आयम्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आयामि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે.

(૩) **अणिग्**-मैत्रः आयस्यति = મૈત્ર પ્રયત્ન કરે છે. यसूच् - प्रयत्ने (१२२२)

**णिग्** - मैत्रम् आयासयते = મૈત્રને પ્રયત્ન કરાવે છે.

સાધનિકા आयामयते પ્રમાણે થશે.

(૪) **अणिग्**-बटुः पिबति = બાળક પીએ છે. पां (पाने) (२)

**णिग्** - बटुम् पाययते = બાળકને પીવરાવે છે.

पा+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पायि - पा-शा-छा... ૪-૨-૨૦ થી य् નો આગમ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે. અહીં ट्धे ના સાહચર્યથી पा ધાતુ भ्वादि ગણનો ગ્રહણ થશે પણ अदादि ગણનો નહીં.

(૫) **अणिग्**-शिशुः धयति = બાળક ધાવે છે. ट्धें - पाने (२८)

**णिग्** - शिशुम् धापयते= બાળકને ધવડાવે છે.

धे+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

धा+इ - आत्... ૪-૨-૧ થી અન્ત્ય ए નો आ.

धापि - अर्त्ति... ૪-૨-૨૧ થી पुं નો આગમ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે.

(૬) **अणिग्**-बटुः वदति= બાળક બોલે છે. वद-वक्तायां वाचि (૯૯૮)

**णिग्** - बटुम् वादयते = બાળકને બોલાવડાવે છે.

સાધનિકા आयामयते પ્રમાણે થશે.

(૭) **अणिग्**-पान्थः वसति = મુસાફર વસે છે. वसं-निवासे (૯૯૯)

**णिग्** - पान्थम् वासयते = મુસાફરને રાખે છે.

સાધનિકા आयामयते પ્રમાણે થશે. અહીં वद् ધાતુના સાહચર્યથી નિવાસાર્થક वस् ધાતુ भ्वादि ગણનો ગ્રહણ થશે. આચ્છાદનાર્થક अदादि ગણનો ગ્રહણ નહીં થાય.

(૮) **अणिग्**-अश्वः दाम्यति = ઘોડો કાબૂમાં રહે છે. दमूच्-उपशमे (૧૨૩૧)

**णिग्** - अश्वम् दमयते = ઘોડાને કાબૂમાં રાખે છે.

दम्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

दमि - मोऽकमि... ૪-૩-૫૫ થી વૃદ્ધિનો નિષેધ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે.

(૯) **अणिग्**-चैत्रः अत्ति = ચૈત્ર ખાય છે. अदं-भक्षणे (૧૦૫૯)

**णिग्** - चैत्रेण आदयते = ચૈત્રને ખવડાવે છે.

સાધનિકા आयामयते પ્રમાણે થશે. અહીં गति... ૨-૨-૫ સૂત્રમાં अद् ધાતુનાં अणिग् અવસ્થાનો કર્તા णिग् અવસ્થામાં કર્મ બનતું નથી તેથી हेतु... ૨-૨-૪૪ થી णिग् અવસ્થામાં જે चैत्र કર્મ બનવાનું હતું તેને તૃતીયા થઈ છે.

(૧૦) **अणिग्**-मैत्रः रोचते = મૈત્ર ખુશ થાય છે. रुचि-अभिप्रीत्यां दीप्तौच (૯૩૮)

**णिग्** - मैत्रम् रोचयते = મૈત્રને ખુશ કરે છે.

रुच्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

रोचि - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે.

(૧૧) **अणिग्**-नटः नृत्यति = નટ નાચે છે. नृतैच्-नर्तने (૧૧૫૨)

**णिग्** - नटम् नर्त्तयते = નટને નચાવે છે.

नृत्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

नर्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

नर्त्ति - र्हादर्ह... ૧-૩-૩૧ થી त् દ્વિત્વ.

હવે પછીની સાધનિકા परिमोहि પ્રમાણે થશે.

✡ ક્રિયાનું મુખ્ય ફળ કર્તાને મળતું હોય તે ફળવાન કર્તા કહેવાય છે. જેમકે चैत्रः परिमुह्यति = ચૈત્ર મોહ પામે છે. અહીં પરિમોહન (ચિત્તવિક્ષેપ) રૂપ પ્રધાન ફળ ચૈત્રની સાથે સંબંધ ધરાવે છે. એટલે ચૈત્ર ફલવાન કર્તા છે. તેથી णिगन्त માં આ સૂત્રથી આત્મનેપદ થયું છે.

આવી રીતે સર્વ ઉદાહરણોમાં ધાત્વર્થનું પ્રધાન ફળ કર્તાની સાથે સંબંધ રાખે છે. તેથી સર્વત્ર આત્મનેપદ થયું છે.

✡ णिगन्त ધાતુઓમાં ग् ઇત્ હોવાથી પ્રધાન ફલવાન કર્તામાં ईगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ સિદ્ધ જ હતું તેથી આ સૂત્ર બનાવવાની જરૂર ન હતી પણ पा, अद् અને ट्धे ત્રણે ધાતુ આહારાર્થક ગણાતાં હોવાથી તેમજ नृत् ધાતુ ગાત્રવિક્ષેપને કારણે ગત્યર્થક હોવાથી चल्...

૩-૩-૧૦૮ થી પરસ્મૈપદ થતું હતું તેમજ मुह्, यम्, यस्, दम्, रुच्, नृत् સ્વાભાવિક રીતે જ અકર્મક હોવાથી અને वद् ધાતુ વિવક્ષાથી અકર્મક હોવાથી अणिगि... ૩-૩-૧૦૭ થી પરસ્મૈપદ થતું હતું. વળી चल्या... અને अणिगि... એ બંને સૂત્રો ईगितः થી પર સૂત્ર હોવાથી ईगितः નો બાધ કરીને પરસૂત્રો પહેલાં લાગે તેથી પરસ્મૈપદ જ થાય પણ આટલાં ધાતુઓને આત્મનેપદ કરવું છે માટે આ સૂત્ર બનાવ્યું છે. એટલે કે આ સૂત્ર અપવાદનો પણ અપવાદ છે.

## ईगितः । ३-३-९५

**અર્થ:-** ई ઇત્‌વાળા અને ग् ઇત્‌વાળા ધાતુઓથી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) यजते = (પોતાનાં માટે) દેવપૂજા કરે છે.

यजीं - देवपूजा-सङ्गति-करण-दानेषु (૯૯૧)

यज्+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

यज्+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

यजते. આ ई ઇત્‌વાળા ધાતુનું ઉદાહરણ છે.

(૨) कुरुते = (પોતાનાં માટે) કરે છે. સાધનિકા ૩-૩-૭૬ માં કરેલી उत्कुरुते પ્રમાણે જાણવી.

**फलवतीत्येव** - याजकाः यजन्ति = ગોર મહારાજ યજ્ઞ કરે છે.

कर्मकराः कुर्वन्ति = નોકરો કામ કરે છે.

✡ यजन्ति = યજ્ઞ કરે છે. તેનું સ્વર્ગાદિ પ્રધાન ફળ ગોર મહારાજને મળતું નથી તેમને દક્ષિણા વિગેરે ગૌણ ફળ મળે છે તેથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

✡ कुर्वन्ति = તેઓ કરે છે. તેનું યશ-પ્રતિષ્ઠા વિગેરે પ્રધાન ફળ નોકરોને મળતું નથી તેમને તો વેતનાદિ ગૌણ ફળ મળે છે તેથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## ज्ञोऽनुपसर्गात् । ३-३-९६

**અર્થ:-** ઉપસર્ગ રહિત ज्ञा ધાતુથી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** गां जानीते = (પોતાની) ગાયને જાણે છે. ज्ञांश् अवबोधने (૧૫૪૦)

- जानीते - સાધનિકા ૩-૩-૬૮ સૂત્રમાં કહ્યા પ્રમાણે જાણવી.

**फलवतीत्येव** - परस्य गां जानीते = બીજાની ગાયને જાણે છે.

ज्ञः ૩-૩-૮૨ થી આત્મનેપદ સિદ્ધ જ હતું. પણ અકર્મક એવા ज्ञा ધાતુથી આત્મનેપદ થતું હતું. જ્યારે અહીં ઉપસર્ગ રહિત અને સકર્મક ધાતુથી આત્મનેપદ થાય છે. માટે આ સૂત્રની રચના કરી છે.

## वदोऽपात् । ३-३-९७

**અર્થ:-** अप ઉપસર્ગપૂર્વક वद् ધાતુથી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** एकान्तम् अपवदते = એકાન્તવાદની નિંદા કરે છે.

અનેકાન્તવાદને માનનાર વ્યક્તિ એકાન્તવાદનો વાણીવડે નિષેધ કરે છે તેનાથી પોતાનાં વાદની પુષ્ટિ થવારૂપ ફળ કર્તાને પોતાને મળે છે.

फलवतीत्येव - स्वभावात् परं अपवदति = સ્વભાવથી જ બીજાની નિંદા કરે છે. અહીં નિંદા કરવાની ટેવ જ પડી ગઈ છે. એટલે જેની નિંદા કરે તેની અપકીર્તિ જગમાં ફેલાય પોતાને કોઈ ફળ મળતું નથી તેથી આત્મનેપદ થયું નથી.

## समुदाङो यमेरग्रन्थे । ३-३-९८

**અર્થ:-** અગ્રંથનો વિષય જણાતો હોય તો सम्, उद् અને आ ઉપસર્ગપૂર્વક यम् ધાતુથી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે.

**વિવેચન :** (૧) संयच्छते व्रीहिन् = ચોખાને એકઠા કરે છે.

(૨) उद्यच्छते भारम् = ભાર ઉપાડે છે.

(૩) आयच्छते भारम् वस्त्रं वा = ભાર ઉપાડે છે અથવા વસ્ત્રને પહોળુ કરે છે.

સાધનિકા ૩-૩-૫૯ માં બતાવેલ उपयच्छते પ્રમાણે થશે.

**अग्रन्थ इति किम् ?** चिकित्सां उद्यच्छति = (વૈદ્ય) ચિકિત્સા ગ્રંથમાં ઉદ્યમ કરે છે. અહીં ગ્રન્થ વિષય ગમ્યમાન હોવાથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

**फलवतीत्येव** - संयच्छति परस्य वस्त्रं = બીજાનાં વસ્ત્રનો સંયમ કરે છે. અહીં પોતાનાં વસ્ત્રનો નહીં પણ પરનાં વસ્ત્રનો સંયમ કરે છે

એવો અર્થ થતો હોવાથી તેનું ફળ કર્તાને મળતું નથી તેથી આ સૂત્રથી આત્મનેપદ ન થતાં शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ થયું છે.

## पदान्तरगम्ये वा । ३-३-९९

**અર્થ**:- ઉપરનાં અનન્તર પાંચ સૂત્રોમાં જે આત્મનેપદ કહેવાયું તે (આત્મનેપદ) પદાન્તર (અન્ય પદ) ગમ્યમાન હોય તો ફલવાન કર્તામાં વિકલ્પે થાય છે.

**વિવેચન** :

(૧) स्वं शत्रुं परिमोहयते, परिमोहयति वा = પોતાનાં શત્રુને મોહ પમાડે છે.

(૨) स्वं यज्ञं यजते, यजति वा = પોતાનાં યજ્ઞને કરે છે.

(૩) स्वां गां जानीते, जानाति वा = પોતાની ગાયને જાણે છે.

(૪) स्वं शत्रुं अपवदते, अपवदति वा = પોતાનાં શત્રુની નિંદા કરે છે.

(૫) स्वान् व्रीहीन् संयच्छते, संयच्छति वा = પોતાનાં ચોખાને એકઠા કરે છે.

અહીં દરેક ઉદાહરણમાં स्वं એ પદાન્તર ગમ્યમાન છે તેથી આ સૂત્રથી વિકલ્પે આત્મનેપદ થયું છે. આત્મનેપદ તો ઉપર બતાવેલ તે તે સૂત્રોથી થશે અને પરસ્મૈપદ शेषात्... ૩-૩-૧૦૦ થી થયું છે.

## शेषात् परस्मै । ३-३-१००

**અર્થ**:- જે ધાતુઓથી જે વિશેષણ વડે આત્મનેપદ કહેવાયું તેનાથી (શેષ) અન્ય ધાતુઓથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન** : શેષ પદથી - અનુબંધ શેષ, ઉપસર્ગશેષ, અર્થશેષ, ઉપપદશેષ અને પ્રત્યયશેષ ધાતુઓ લેવાશે.

(૧) **અનુબંધશેષ** — भवति = તે થાય છે. અને अत्ति = તે ખાય છે. ईंगितः ૩-૩-૯૫ એ સૂત્રથી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય છે. તેનાથી અન્ય નિરનુબંધ भ्वादि વિગેરે અનુબંધશેષ ધાતુઓને આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

(૨) **ઉપસર્ગશેષ** — प्रविशति = તે પ્રવેશ કરે છે. निविशः ૩-૩-૨૪ એ સૂત્રથી नि+विश् ધાતુને આત્મનેપદ થાય છે. તેનાથી અન્ય ઉપસર્ગ તે ઉપસર્ગ શેષ ધાતુને આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

✿ अधितिष्ठति = તે ઉપર ચઢે છે. તે જીતે છે.

- सं-वि-प्रावात् ૩-૩-૬૩ એ સૂત્રથી सम्-वि-प्र અને अव ઉપસર્ગથી પર स्था ધાતુથી આત્મનેપદ થાય છે તેનાથી અન્ય ઉપસર્ગ શેષ એવા अधि થી પર स्था ધાતુને આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

(૩) **અર્થ શેષ —** करोति = તે કરે છે.

गन्धना... ૩-૩-૭૬ એ સૂત્રથી તે તે **અર્થ**માં कृ ધાતુથી આત્મનેપદ થાય છે. તેનાથી અન્ય **અર્થ** તે **અર્થ**શેષ ધાતુને આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

(૪) **ઉપપદશેષ —** गृहे सञ्चरति = ઘરમાં ફરે છે.

समस्तृतीयया ૩-૩-૩૨ એ સૂત્રથી તૃતીયાન્ત ઉપપદ હોય તો આત્મનેપદ થાય છે. તેનાથી અન્ય વિભક્ત્યન્ત પદ તે ઉપપદશેષ ધાતુને (અહીં સપ્તમ્યન્ત गृहे પદ છે) આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

(૫) **પ્રત્યયશેષ —** शत्स्यति = તે નાશ કરશે.

शदेः शिति ૩-૩-૪૧ એ સૂત્રથી शित् પ્રત્યય પર છતાં આત્મનેપદ થાય છે. તેનાથી અન્ય પ્રત્યય તે પ્રત્યયશેષ (અહીં ભવિષ્યન્તીનો स्यति પ્રત્યય છે.) ધાતુને આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે.

## परानोः कृगः । ३-३-१०१

**અર્થ:-** परा અને अनु ઉપસર્ગથી પર રહેલ कृ ધાતુથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** पराकरोति = પરાજિત કરે છે. अनुकरोति = અનુકરણ કરે છે.

- गन्धना... ૩-૩-૭૬ અને ईंगितः ૩-૩-૯૫ એ સૂત્રથી कृग् ધાતુને આત્મનેપદ સિદ્ધ હતું તેનો બાધ કરીને આ સૂત્રે परा અને अनु પૂર્વક कृ ધાતુને પરસ્મૈપદ કર્યું છે.

✿ गङ्गामनुकुरुते तपः = ગંગાની પાસે તપ કરે છે. આ પ્રયોગમાં अनु ની સાથે कृ ધાતુ દેખાય છે પણ अनु ની સાથે સંબંધ નથી अनु નો સંબંધ गङ्गा શબ્દ સાથે છે. अनु - સમીપ અર્થમાં છે.

## प्रत्यभ्यतेः क्षिपः । ३-३-१०२

**અર્થ:-** प्रति, अभि અને अति ઉપસર્ગથી પર રહેલ क्षिप् ધાતુથી કર્તામાં

પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** प्रतिक्षिपति = તે સામે ફેંકે છે. क्षिपींत् - प्रेरणे (૧૩૧૭)

अभिक्षिपति = તે (તેની) તરફ ફેંકે છે.

अतिक्षिपति = તે ઘણું (અત્યંત) ફેંકે છે.

ईगितः ૩-૩-૯૫થી ઈ ઈત્ હોવાથી આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રે પરસ્મૈપદ કર્યું છે.

क्षिप्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

क्षिप्+अ+ति - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય.

क्षिपति. અહીં दिवादि ગણનો क्षिपंच् प्रेरणे (૧૧૫૮) એ क्षिप् ધાતુનું ગ્રહણ નહીં થાય કારણ કે એ ધાતુને शेषात्... ૩-૩-૧૦૦ થી પરસ્મૈપદ સિદ્ધ જ છે.

## प्राद् वहः । ३-३-१०३

**અર્થ:-** प्र ઉપસર્ગથી પર રહેલ वह् ધાતુથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** प्रवहति = તે વહન કરે છે. वहीं - प्रापणे (૯૯૬)

ईंगितः ૩-૩-૯૫ થી ઈ ઈત્ હોવાથી આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રે પરસ્મૈપદ કર્યું છે.

प्र+वह्+ति - तिव्. तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

प्रवह्+अ+ति = प्रवहति. कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

## परेर्मृषश्च । ३-३-१०४

**અર્થ:-** परि ઉપસર્ગથી પર રહેલ मृष् અને वह् ધાતુથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** (૧) परिमृष्यति=બધી રીતે ક્ષમા કરે છે. मृषीच्-तितिक्षायां (૧૨૮૪)

ईंगितः ૩-૩-૯૫ થી ઈ ઈત્ હોવાથી આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રે પરસ્મૈપદ કર્યું છે.

परि+मृष्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

परिमृष्+य+ति = परिमृष्यति. दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

(૨) परिवहति = બધી બાજુથી વહન કરે છે.

સાધનિકા વિગેરે ૩-૩-૧૦૩ પ્રમાણે જાણવું.

## व्याङ् - परे रमः । ३-३-१०५

**અર્થ:-** वि, आ અને परि ઉપસર્ગથી પર રહેલ रम् ધાતુથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** (૧) विरमति = તે અટકે છે. रमिं-क्रीडायाम् (૯૮૯)

(૨) आरमति = તે આરામ કરે છે.

(૩) परिरमति = તે ચારેબાજુ રમે છે.

इङ्गितः..... ૩-૩-૨૨ થી इ ઈત્ હોવાથી આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રે પરસ્મૈપદ કર્યું છે. સાધનિકા ૩-૩-૧૦૩ માં જણાવેલ प्रवहति પ્રમાણે થશે.

## वोपात् । ३-३-१०६

**અર્થ:-** उप ઉપસર્ગથી પર રહેલ रम् ધાતુથી કર્તામાં પરસ્મૈપદ વિકલ્પે થાય છે.

**વિવેચન :** (૧) भार्यां उपरमति, उपरमते वा = ભાર્યાને ભોગવે છે.

સાધનિકા વિગેરે ૩-૩-૧૦૫ પ્રમાણે થશે.

## अणिगि प्राणिकर्तृकानाप्याण्णिगः । ३-३-१०७

**અર્થ:-** अणिग् અવસ્થામાં જે પ્રાણિ[illegible]ક અને અકર્મક એવા णिगन्त ધાતુથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન : अणिग्** - चैत्रः आस्ते = ચૈત્ર બેસે છે. आसिक् - उपवेशने (૧૧૧૯)

**णिग्** - आसयति चैत्रम् = ચૈત્રને બેસાડે છે.

અહીં अणिग् અવસ્થામાં आस् ધાતુનો કર્તા चैत्र પ્રાણી છે. અને आस् ધાતુ અકર્મક પણ છે તેથી णिग् અવસ્થામાં આ સૂત્રથી પરસ્મૈપદ થયું છે. ईंगितः ૩-૩-૯૫ થી आसि ધાતુને આત્મનેપદની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્ર બનાવ્યું છે.

आस्+णिग् = आसि. प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

હવે પછીની સાધનિકા परिमोहि ૩-૩-૯૪ પ્રમાણે થશે.

**अणिगीति किम् ?** स्वयमेव आरोहयमाणं गजं प्रयुङ्क्ते - आरोहयते =

પોતાની મેળે ચડાવાતા હાથીને પ્રેરણા કરે છે. અહીં આ પ્રયોગમાં णिगन्त વાક્ય પરથી જ णिगन्त માં आरोहयते બન્યું છે તેથી પૂર્વ વાક્ય એ પ્રેરક છે. अणिग् નથી જેમ કે गजः स्वयमेव आरोहयते = હાથી પોતાની મેળે ચડાવે છે. અહીં णिगन्त કર્મકર્તરિ વાક્ય છે. તેથી આ સૂત્રથી પરસ્મૈપદ ન થતાં ईंगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ થયું છે.

**अणिगीति गकारः किम् ? अणिग्** - चैत्रः चेतयते = ચૈત્ર ચેતના પામે છે. चितिण्-संवेदने (૧૨૮૬)

**णिग्** - चेतयमानं प्रयुङ्क्ते - चैत्रं मैत्रः चेतयति = ચેતના પામતાં એવા ચૈત્રને મૈત્ર પ્રેરણા કરે છે. (ચેતના પમાડે છે.)

અહીં પૂર્વમાં अणिग् અવસ્થા જ છે કારણ કે चुरादि ગણનાં चित् ધાતુથી णिच् પ્રત્યય લાગેલો છે. તે अणिग् કહેવાય णिच् માં च् इत् છે. ग् इत् નથી તેથી णिगन्त વાક્યમાં આ સૂત્રથી પરસ્મૈપદ થયું.

चित्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

चेति - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

હવે પછીની સાધનિકા ૩-૩-૯૪ માં બતાવેલ परिमोहि પ્રમાણે થશે.

**प्राणिकर्तृकादिति किम् ?** शुषंच् - शोषणे (૧૨૦૮)

**अणिग्** - व्रीहयः शुष्यन्ति = ડાંગર સુકાય છે.

**णिग्** - आतपः व्रीहीन् शोषयते = તડકો ડાંગરને સૂકવે છે.

અહીં પૂર્વમાં अणिग् અવસ્થામાં અકર્મક છે પણ પ્રાણિકર્તૃક નથી તેથી णिगन्त વાક્યમાં આ સૂત્રથી પરસ્મૈપદ ન થતાં ईंगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ થયું છે.

✡ प्राण्यौ... ૬-૨-૩૧ સૂત્રમાં પ્રાણીઓ અને ઔષધિ-વાચક વૃક્ષ વિગેરે જુદા કહ્યા છે. તેથી અહીં લોકપ્રસિદ્ધ ત્રસ જીવો જ પ્રાણીરૂપે ગ્રહણ કરાય છે. ઔષધિ - વૃક્ષ વિગેરે સ્થાવરો પ્રાણી ન કહેવાય. તેથી व्रीहि એ પ્રાણી નથી.

शुष्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

शोषि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા ૩-૩-૯૪ માં બતાવેલ परिमोहि પ્રમાણે થશે.

**अनाप्यादिति किम् ?** अणिग् - चैत्रः कटं करोति = ચૈત્ર સાદડી કરે છે.

णिग् - कटं कुर्वाणं प्रयुङ्क्ते - मैत्रः चैत्रं कटं कारयते = કટને કરતાં એવા ચૈત્રને મૈત્ર પ્રેરણા કરે છે. (કરાવે છે.)

અહીં अणिग् અવસ્થામાં कृ ધાતુ પ્રાણિકર્તૃક છે પણ અકર્મક નથી તેથી णिगन्त માં આ સૂત્રથી પરસ્મૈપદ ન થતાં ईगितः ૩-૩-૯૫ થી આત્મનેપદ થયું છે.

**चल्याहारार्थेङ् - बुध-युध-प्रु-द्रु-स्रु-नश-जनः । ३-३-१०८**

**અર્થઃ-** णिगन्त એવા चल् અર્થવાળા અને આહાર અર્થવાળા તેમજ इङ्, बुध्, युध्, प्रु, द्रु, स्रु, नश् અને जन् ધાતુઓથી કર્તામાં પરસ્મૈપદ થાય છે.

**વિવેચન :** (૧) चलयति = તે ચલાવે છે. चल-कम्पने (૯૭૨)

चल्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

चाल्+इ - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ.

चलि - घटादे... ૪-૨-૨૪ થી णि પર છતાં હ્રસ્વ.

चलि+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चलि+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

चले+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

चलयति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૨) कम्पयति = તે કંપાવે છે. कपुङ् - चलने (૭૫૭)

कप्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

कन्पि - उदितः... ૪-૪-૯૮ થી न् નો આગમ.

कम्पि - तौमु-मौ... ૧-૩-૧૪ થી न् નો म्.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૩) भोजयति = તે ભોજન કરાવે છે. भुजंप् - पालनाऽभ्यवहारयोः (૧૪૮૭)

भुज्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

भोजि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૪) आशयति = તે ભોજન કરાવે છે. अशस्-भोजने (૧૫૫૮)

अश्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आशि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

આ બે ઉદાહરણ આહાર અર્થવાળા ધાતુનાં છે.

(૫) सूत्रम् अध्यापयति शिष्यम् = શિષ્યને સૂત્ર ભણાવે છે.

ईङ्क् - अध्ययने (૧૧૦૪)

अधि+इ+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

अधि+आ+इ - णौ-क्री... ૪-૨-૧૦ થી इ ધાતુ નો आ.

अध्या+इ - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

अध्याप्+इ = अध्यापि. अर्त्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૬) रविः पद्मं बोधयति = સૂર્ય કમળને ખીલવે છે.

बुध-अवगमने (૯૬૮) — बुधृग्-बोधने (૯૧૨)

આ બે भ्वादि ગણનાં ધાતુ છે.

बुधिं - ज्ञाने (૧૨૬૨) આ दिवादि ગણનો ધાતુ છે.

અહીં આ ત્રણે ધાતુનું ગ્રહણ છે.

बुध्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

बोधि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૭) काष्ठानि योधयति = લાકડા લડાવે છે. युधिंच्-सम्प्रहारे (૧૨૬૦)

युध्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

योधि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૮) राज्यम् प्रावयति = રાજ્ય પ્રાપ્ત કરાવે છે. प्रुं - गतौ (૫૯૭)

प्रु+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्रौ+इ - नामिनो... ૪-૩-૫૧ થી उ ની વૃદ્ધિ औ.

प्रावि - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૯) अयः द्रावयति = લોખંડને પીગળાવે છે. द्रु-गतौ (૧૧)

સાધનિકા प्रु ધાતુ પ્રમાણે થશે.

(૧૦) तैलम् स्रावयति = તેલને ટપકાવે છે. स्रु - गतौ (૧૬)

સાધનિકા प्रु ધાતુ પ્રમાણે થશે.

(૧૧) पापम् नाशयति = પાપને નાશ પમાડે છે. नशौच्-अदर्शने (૧૨૦૨)

नश्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

नाशि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

(૧૨) पुण्यम् जनयति = પુણ્યને ઉત્પન્ન કરે છે. जनैचि-प्रादुर्भावे (૧૨૬૫)

जन्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

जनि - नजन-बधः ૪-૩-૫૪ થી વૃદ્ધિનો નિષેધ.

હવે પછીની સાધનિકા चलयति પ્રમાણે થશે.

***इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधानस्वोपज्ञशब्दानुशासनलघुवृत्तौ तृतीयस्याध्यायस्य तृतीयः पादः समाप्तः ॥३-३॥***

*"श्री दुर्लभेशद्युमणेः पादास्तुष्टुविरे न कैः ? ।*
*लुलद्भिर्मेदिनीपालैर्वालिखिल्यैरिवाग्रतः ॥"*

**અર્થ** : સૂર્યસમાન શ્રી દુર્લભ રાજાની આગળ આળોટતાં એવા કયા રાજાઓ વડે વાલિખિલ્ય ઋષિઓની જેમ ચરણો નથી સ્તવાયા ? એટલે કે બધા જ રાજાઓએ ચરણોની સ્તુતિ કરી છે.

વાલિખિલ્ય ઋષિઓ જેમ સૂર્યનાં કિરણોની સેવા કરતાં હતાં તેમ બધા રાજાઓ દુર્લભરાજાનાં ચરણોની સેવા કરતાં હતાં.

॥ अर्हम् ॥

# तृतीयस्याध्यायस्य चतुर्थःपादः

## પ્રત્યયપ્રકરણ

### गुपौ-धूप-विच्छि-पणि-पनेरायः । ३-४-१

**અર્થઃ-** गुप्, धूप्, विच्छ्, पण् અને पन् ધાતુથી સ્વાર્થમાં आय પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) गोपायति = તે રક્ષણ કરે છે. गुपौ-रक्षणे (૩૩૨)

સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

(૨) धूपायति = તે સંતાપે છે. धूप-संतापे (૩૩૪)

धूप्+आय - આ સૂત્રથી સ્વાર્થમાં आय પ્રત્યય.

धूपाय+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

धूपाय+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

धूपायति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૩) विच्छायति = તે જાય છે. विछत्-गतौ (૧૩૪૩)

विछ्+आय - આ સૂત્રથી સ્વાર્થમાં आय પ્રત્યય.

विछ्छाय - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

विच्छाय - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्.

विच्छाय+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

विच्छाय+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

विच्छायति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૪) पणायति = તે સ્તુતિ કરે છે. पणि-व्यवहार-स्तुत्योः (૭૧૦)

સાધનિકા धूपायति પ્રમાણે થશે.

(૫) पनायति = તે સ્તુતિ કરે છે. पनि-स्तुतौ (૭૪૮)

સાધનિકા धूपायति પ્રમાણે થશે.

✿ સૂત્રમાં गुपौ એ પ્રમાણે ઔકારનાં અનુબંધ સહિત મૂક્યો છે. તેથી

गुपि-गोपन-कुत्सनयोः (૭૬૩) અને गुपच्-व्यालत्वे (૧૧૯૨) આ બે ધાતુની નિવૃત્તિ થશે. અને गुप् ધાતુનું यङ्लुबन्त કરીએ ત્યારે આ સૂત્ર નહીં લાગે.

✡ સૂત્રમાં पणि અને पनि એ પ્રમાણે इ ઇત્ હોવાથી इङितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ સિદ્ધ જ છે પરંતુ अशव् વિષયમાં पणि અને पनि ધાતુથી પર આત્મનેપદ થશે. પણ शव् વિષય હોય ત્યાં પરસ્મૈપદ જ થશે.

✡ यङ् પ્રત્યય એકસ્વરી ધાતુને લાગે છે. અને गुप् ધાતુને आय લાગવાથી ધાતુ અનેકસ્વરી બનતો હોવાથી यङ् ની પ્રાપ્તિ જ નથી તો यङ्लुबन्तમાં નિવૃત્તિ માટે औ અનુબંધ છે એવું શા માટે કહ્યું ? વાત બરાબર છે. પરંતુ अशवि તેવા ૩-૪-૪ સૂત્રથી अशव् વિષયમાં પ્રાપ્ત વિકલ્પિત आय ની પહેલાં यङ् પ્રત્યય કરે છતે "प्रकृतिग्रहणे यङ्लुबन्तस्य ग्रहणम् એ ન્યાયથી यङ् લોપાયા પછી आय ની પ્રાપ્તિ થાય છે. તેથી यङ्लुबन्त માં નિવૃત્તિ થાય એમ કહ્યું છે તે બરાબર છે.

## कमेर्णिङ् । ३-४-२

**અર્થઃ**- कम् ધાતુથી સ્વાર્થમાં णिङ् પ્રત્યય થાય છે.

**વિવેચન** - कामयते = તે ઇચ્છે છે. कमूङ्-कान्तौ (૭૮૯)

कम्+णिङ् - આ સૂત્રથી સ્વાર્થમાં णिङ् પ્રત્યય.

कामि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

कामि+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

कामि+अ+ते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

कामयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

✡ णिङ् માં णकार એ વૃદ્ધિ માટે છે અને ङकार આત્મનેપદ માટે છે.

## ऋतेर्डीयः । ३-४-३

**અર્થઃ**- ऋत् ધાતુથી સ્વાર્થમાં डीय् પ્રત્યય થાય છે.

**વિવેચન** - ऋत-घृणा-गति-स्पर्द्धेषु (૨૮૭)

ऋतीयते = તે ઘૃણા કરે છે, સ્પર્ધા કરે છે, જાય છે.

ऋत्+ईय - આ સૂત્રથી સ્વાર્થમાં ईय પ્રત્યય.

તે પ્રત્યય, शव्, लुगस्या... થી ऋतीयते થશે.

✡ ङीय માં ङकार આત્મનેપદ કરવા માટે અને ગુણનો અભાવ કરવા માટે છે. इङ्गितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ થયું છે.

## अशवि ते वा । ३-४-४

**અર્થઃ**- शव् પ્રત્યય સિવાયનાં વિષયમાં गुप् વિગેરે ધાતુઓથી તે आय આદિ પ્રત્યયો વિકલ્પે થાય છે.

**વિવેચન** - गुप् વિગેરે ધાતુઓને आय પ્રત્યય, कम् ધાતુને णिङ् પ્રત્યય અને ऋत् ધાતુને ङीय પ્રત્યય शव् સિવાયનો વિષય જણાતો હોય તો વિકલ્પે થાય છે.

अशव् = વર્તમાના, પંચમી,સપ્તમી અને હ્યસ્તનીનાં પ્રત્યયો લાગતાં જ્યાં शव् વિકરણ પ્રત્યય લાગે છે ત્યાં આ નિયમ લાગુ નહીં પડે, એટલે કે ચાર કાળ સિવાયમાં આ પ્રત્યયો વિકલ્પે થશે.

(૧) गोपायिता = તે રક્ષણ કરશે.

गुप्+आय - गुपौ... ૩-૪-૧ થી आय પ્રત્યય.

गोपाय - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

गोपाय+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

गोपाय+इ+ता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

गोपायिता - अतः ૪-૩-૮૨ થી इट् ની પૂર્વનાં अ નો લોપ.

જ્યારે आय પ્રત્યય ન થાય ત્યારે — गोप्ता = રક્ષણ કરશે.

गुप्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

गोप्ता - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

धूगौदितः ૪-૪-૩૮ થી इट् નો નિષેધ થયો છે.

✡ એજ પ્રમાણે धूपायिता-धूपिता, विच्छायिता-विच्छिता, पणायिता-पणिता અને पनायिता-पनिता.

(૨) कामयिता = ઇચ્છા કરશે.

कम्+णिङ् - कमे... ૩-૪-૨ થી णिङ् પ્રત્યય.

कामि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

પછીની સાધનિકા गोपायिता પ્રમાણે થશે.

જ્યારે णिङ् પ્રત્યય ન થાય ત્યારે — कमिता = ઇચ્છા કરશે.

कम्+ता – तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

कम्+इ+ता = कमिता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

(૩) ऋतीयिता = તે ધૃણા કરશે, નિન્દા કરશે.

ऋत्+ईय - ऋते... ૩-૪-૩ થી ङीय પ્રત્યય.

ऋतीय - સાધનિકા गोपायिता પ્રમાણે થશે.

જ્યારે ङीय પ્રત્યય ન થાય ત્યારે — अर्त्तिता = તે નિન્દા કરશે.

ऋत्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

अर्त्+ता - लघो... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

अर्तिता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अर्त्तिता - र्हादर्ह... ૧-૩-૩૧ થી त् દ્વિત્વ.

## गुप्-तिजो गर्हा-क्षान्तौ सन् । ३-४-५

**અર્થ:-** गर्हा = નિન્દા અર્થમાં વર્તતાં गुप् ધાતુથી અને क्षान्ति = સહન કરવું અર્થમાં વર્તતાં तिज् ધાતુથી સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) जुगुप्सते = તે નિન્દા કરે છે. गुपि-गोपन-कुत्सनयोः (૭૬૩)

સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

(૨) तितिक्षते = તે ક્ષમા કરે છે, સહન કરે છે. तिजि-क्षमा निशानयोः (૬૬૭)

तिज्+स - આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય.

तितिज्+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

तितिग्+स - चजः... ૨-૧-૮૬ થી પૂર્વનાં ज् નો ग्.

तितिक्+स - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्.

तितिक्+ष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

તે પ્રત્યય, शव्, लुगस्या... થી तितिक्षते થશે.

**गर्हाक्षान्ताविति किम् ?** (१) गोपनम् = રક્ષણ કરવું.

गुप्+अन - अनट् ५-३-१२४ थी अनट् प्रत्यय.

गोपन - लघो... ४-३-४ थी उ नो गुण ओ.

गोपन+अम् - स्यौ... १-१-१८ थी अम् प्रत्यय.

गोपनम् - समाना... १-४-४६ थी अम् ना अ नो लोप.

અહીં ગર્હા અર્થ નથી તેથી सन् પ્રત્યય થયો નથી.

(२) तेजनम् = તીક્ષ્ણ કરવું. સાધનિકા गोपनम् પ્રમાણે થશે. અહીં क्षान्ति અર્થ નથી તેથી सन् પ્રત્યય થયો નથી.

✿ અહીં સ્વાર્થિક सन् અને ઇચ્છાદર્શક सन् બંનેમાં सन् આશ્રિત सन्यङश्च ४-१-३ વિગેરે કાર્ય થઈ શકે માટે નકારનું ગ્રહણ છે.

## कितः संशय-प्रतीकारे । ३-४-६

**અર્થઃ-** સંશય અને પ્રતીકાર અર્થમાં વર્તતાં कित् ધાતુથી સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (१) मे मनः विचिकित्सति = મારૂં મન સંશય કરે છે. कित- निवासे (२८६)

वि+कित्+स - આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય.

विकिकित्स - सन्... ४-१-३ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

विचिकित्स - कङ.. ४-१-४६ थी क् नो च्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી विचिकित्सति થશે.

(२) व्याधिं चिकित्सते = વ્યાધિનો (રોગનો) પ્રતીકાર કરે છે. પ્રતીકારનાં બે અર્થ છે. (१) નિગ્રહ કરવો (२) વિનાશ કરવો.

(१) નિગ્રહ કરવો — विचिकित्स्यः पारदारिकः = પરદારાગમન કરનારને અટકાવવો.

(२) વિનાશ કરવો — विचिकित्स्यानि तृणानि = ઘાસનો નાશ કરવો. નકામા ઘાસને વાઢી નાંખવું.

**संशयप्रतीकारार्थ इति किम् ?** केतयति = તે વસાવે છે.

कित्+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

केति - लघो... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

केति+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

केति+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

केते+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

केतयति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

અહીં નિવાસ અર્થમાં વર્તતો कित् ધાતુ છે તેથી सन् પ્રત્યય થયો નથી. આજ भ्वादि ગણનાં कित् ધાતુને सन् લાગવાથી જ સંશય અને પ્રતીકાર અર્થ ઉક્ત થઈ જાય છે.

## शान्-दान्-मान्-बधान्निशाना-ऽऽर्जव-विचार-वैरूप्ये दीर्घश्चेतः । ३-४-७

**અર્થઃ**- નિશાન અર્થમાં વર્તતાં शान् ધાતુથી, આર્જવ અર્થમાં વર્તતાં दान् ધાતુથી, વિચાર અર્થમાં વર્તતાં मान् ધાતુથી અને વૈરૂપ્ય અર્થમાં વર્તતાં बध् ધાતુથી સ્વાર્થમાં सन् પ્રત્યય થાય છે. અને દ્વિત્વ થએ છતે પૂર્વનો इ દીર્ઘ થાય છે.

**વિવેચન** - शीशांसति = તે (હથીયારને) ધારવાળુ કરે છે. शानी-तेजने (૯૧૫)

शान्+स - આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય.

शांस - शिड्हे... ૧-૩-૪૦ થી न् નો અનુસ્વાર

शाशांस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शशांस - हृस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

शिशांस - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

शीशांस - આ સૂત્રથી इ દીર્ઘ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી शीशांसति થશે.

(૨) दीदांसति = તે આર્જવ (સરલ) કરે છે. दानी-अवखण्डने (૯૧૪) સાધનિકા शीशांसति પ્રમાણે થશે.

(૩) मीमांसते = તે વિચાર કરે છે. मानि-पूजायाम् (૭૪૯)

સાધનિકા शीशांसति પ્રમાણે થશે.

(૪) बीभत्सते = વિરૂપ કરે છે. बधि-बन्धने (૭૪૬)

बध्+स - આ સૂત્રથી સ્વાર્થમાં सन् પ્રત્યય.

बबध्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

बभध्स - गडद... ૨-૧-૭૭ થી ધાતુનાં ब् નો भ्.

बिभध्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

बिभत्स - अघोषे... ૧-૩-૫૦ થી ध् નો त्.

बीभत्स - આ સૂત્રથી इ દીર્ઘ.

હવે પછીની સાધનિકા शीशांसति પ્રમાણે થશે.

✿ शान् અને दान् એ બે ધાતુઓ ઉભયપદી છે તથા मान् અને बध् એ બે ધાતુઓ આત્મનેપદી છે.

**अर्थोक्तिः किम् ?** अर्थान्तरे मा भूत्-(૧) निशानम् = પતલું કરનાર. અહીં निश्यतीति આ અર્થમાં नि+शान् ધાતુને अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય થવાથી निशानम् બન્યું છે.

(૨) अवदानम् = છેદન કરનાર. અહીં अवद्यतीति આ અર્થમાં अव+दान् ધાતુને अच् પ્રત્યય થવાથી अवदानम् બન્યું છે.

અહીં આ બન્ને ધાતુ અર્થથી ભિન્ન છે. તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

(૩) मानयति = તે માન કરે છે. मानण् - पूजायाम् (૧૯૬૯)

આ દશમાં ગણનો मान् ધાતુ વિચાર અર્થમાં નથી તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

(૪) बाधयति = તે બાંધે છે. बधण् - संयमने (૧૬૬૪)

આ દશમાં ગણનો बध् ધાતુ વૈરુપ્ય અર્થમાં નથી તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

## धातोः कण्ड्वादेर्यक् । ३-४-८

**અર્થઃ-** कण्ड्वादि ગણપાઠમાંનાં कण्डू વગેરે ધાતુથી સ્વાર્થમાં यक् પ્રત્યય થાય છે.

**વિવેચન** - कण्डूयति, कण्डूयते = તે ખંજવાળ કરે છે. कण्डूग्-गात्रविघर्षणे (૧૯૯૧)

कण्डू+ति, ते - तिव् तस्... ૩-૩-૬ થી तिव्-ते પ્રત્યય.

कण्डूयति, कण्डूयते. - આ સૂત્રથી સ્વાર્થમાં यक् પ્રત્યય.

(૨) महीयते = તે પૂજા કરે છે, તે વધે છે. महीङ् - वृद्धौ पूजायां च (૧૯૯૨)

मही+ते - तिव् तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

महीयते - આ સૂત્રથી સ્વાર્થમાં यक् પ્રત્યય.

**धातोरिति किम् ?** कण्डूः અહીં कण्डू એ નામ છે તેથી सि વિગેરે વિભક્તિનાં પ્રત્યય લાગીને कण्डूः બન્યું છે. નામ હોવાથી આ સૂત્રથી यक् પ્રત્યય થયો નથી.

✿ कण्डू વિગેરે નામ પણ છે અને ધાતુ પણ છે. અહીં ધાતુનું ગ્રહણ કરવાનું હોવાથી સૂત્રમાં धातोः એ પ્રમાણે સ્પષ્ટીકરણ કર્યું છે.

✿ कण्ड्वादि ગણનાં ધાતુઓ ૧૯૯૧ થી ૨૦૪૪ સુધી છે.

## व्यञ्जनादेरेकस्वराद् भृशाऽऽभीक्ष्ण्ये यङ् वा । ३-४-९

**અર્થઃ**- ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થમાં વર્તતાં એકસ્વરવાળા વ્યંજનાદિ ધાતુથી यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - **ભૃશ** = ધાત્વર્થક ફલાત્મક ક્રિયાની (पच् = વિક્લિત્તિરૂપ) વચમાં કોઈપણ વિઘ્નકારી ક્રિયાઓ વિના તદનુકૂલ અગ્નિ સળગાવવો, ચુલાપર તપેલી મુકવી, આંધણ મૂકવું વિગેરે અવાંતર ક્રિયાઓ સહિત રસોઈની નિષ્પત્તિ તે ભૃશ કહેવાય છે. અથવા ફલમાં અતિરેક એટલે અનુકૂળ અવાંતર ક્રિયાઓ દ્વારા ફળમાં અધિકતા (સુંદરતા) પ્રાપ્ત થવી તેને પણ ભૃશ કહેવાય છે.

**આભીક્ષ્ણ્ય** = વિઘ્નકારી અવાંતર ક્રિયાઓ રહિત વિક્લિત્તિરૂપ મુખ્ય ક્રિયાનું વારંવાર કરવું તેને આભીક્ષ્ણ્ય કહેવાય છે.

(૧) भृशं पुनः पुनः वा पचति - पापच्यते = તે ઘણું રાંધે છે અથવા વારંવાર રાંધે છે. डुपचींष्-पाके (૮૯૨)

સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

અહીં पच् ધાતુ વ્યંજનાદિ છે અને એકસ્વરવાળો છે તેથી આ સૂત્રથી यङ् પ્રત્યય લાગ્યો છે. જ્યારે यङ् પ્રત્યય ન લાગે ત્યારે તેના વિકલ્પ પક્ષમાં भृशं पचति અથવા पुनः पुनः पचति એ પ્રમાણે વાક્ય જ રહેશે.

**व्यञ्जनादेरिति किम्?** भृशं ईक्षते = વારંવાર જુએ છે. અથવા ઘણું જુએ છે. ईक्षि-दर्शने (૮૮૨) અહીં ईक्ष् ધાતુ એક સ્વરવાળો છે પણ વ્યંજનાદિ નથી તેથી આ સૂત્રથી यङ् પ્રત્યય ન થતાં વાક્ય જ રહ્યું છે.

**एकस्वरादिति किम्?** भृशं चकास्ति = તે ઘણું શોભે છે. અથવા વારંવાર શોભે છે. चकासृक्-दीप्तौ (૧૦૯૪) અહીં चकास् ધાતુ વ્યંજનાદિ છે પણ એકસ્વરવાળો નથી અનેકસ્વરી છે તેથી આ સૂત્રથી यङ् પ્રત્યય ન થતાં વાક્ય જ રહ્યું છે.

**वेति किम्?** लुनीहि लुनीहि इत्येव अयं लुनाति = તે ઘણું કાપે છે અથવા વારંવાર કાપે છે. लूग्श्-छेदने (૧૫૧૯) અહીં ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થમાં भृशाऽऽभीक्ष्ण्ये... ૫-૪-૪૨ થી हि પ્રત્યયની પ્રાપ્તિ થઈ શકે માટે वा શબ્દ સૂત્રમાં મૂક્યો છે. જો वा ન લખ્યો હોત તો यङ् પ્રત્યય લાગતાં માત્ર लोलूयते એમ એક જ પ્રયોગ થાત.

## अट्यर्ति-सूत्रि-मूत्रि-सूच्यशूर्णोः । ३-४-१०

**અર્થ:-** ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થમાં વર્તતાં अट्, ऋ, सूत्र, मूत्र, सूच, अश् અને ऊर्णु ધાતુથી यङ् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) भृशं पुनः पुनः वा अटति - अटाट्यते = તે ખૂબ રખડે છે અથવા વારંવાર રખડે છે. अट-गतौ (૧૯૪)

अट्+य = अट्य આ સૂત્રથી यङ् પ્રત્યય.

अट्यट्य - स्वरादे... ૪-૧-૪ થી દ્વિતીય અંશ દ્વિરુક્ત.

अटट्य - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિ વ્યંજન य् નો લોપ.

अटाट्य - आगुणा... ૪-૧-૪૮ થી ट ના अ નો आ.

તે પ્રત્યય, शव्, लुगस्या... થી अटाट्यते થશે.

(૨) भृशं पुनः पुनः वा ऋच्छति इयर्ति वा - अरार्यते = તે ખૂબ મેળવે છે અથવા વારંવાર મેળવે છે. ऋं-गतौ प्रापणे च (૨૬) ऋंक्-गतौ (૧૧૩૫)

ऋ+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

अर्+य = अर्य - क्य-यङा... ४-३-१० થી ऋ નો ગુણ अर्.

अर्यर्य - स्वरादे... ४-१-४ થી દ્વિતીય અંશ દ્વિત્વ.

अरर्य - व्यञ्जन... ४-१-४४ થી અનાદિ વ્યંજન य् નો લોપ.

अरार्य - आगुणा... ४-१-४८ થી र ના अ નો आ.

હવે પછીની સાધનિકા अटाट्यते પ્રમાણે થશે.

(૩) भृशं पुनः पुनः वा सूत्रयति - सोसूत्र्यते = તે ઘણી રચના કરે છે. અથવા વારંવાર રચના કરે છે. सूत्रण् - विमोचने (૧૮૯૯)

सूत्र+इ - चुरादि... ३-४-१७ થી णिच् પ્રત્યય.

सूत्रि - अतः ४-३-८२ થી अ નો લોપ.

सूत्रि+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

सूत्र्य - णेरनिटि ४-३-८३ થી णिच् નો લોપ.

सूसूत्र्य - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सोसूत्र्य - आगुणा... ४-१-४८ થી ऊ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા अटाट्यते પ્રમાણે થશે.

(૪) भृशं पुनः पुनः वा मूत्रयति - मोमूत्र्यते = તે ઘણો પેશાબ કરે છે અથવા વારંવાર પેશાબ કરે છે. मूत्रण् - प्रस्रवणे (૧૯૦૦)

(૫) भृशं पुनः पुनः वा सूचयति - सोसूच्यते = તે ઘણી સૂચના કરે છે અથવા વારંવાર સૂચના કરે છે. सूचण् - पैशून्ये (૧૮૫૪)

આ બન્નેની સાધનિકા सोसूत्र्यते પ્રમાણે થશે.

(૬) भृशं पुनः पुनः वा अश्नाति - अशाश्यते = તે ઘણું ખાય છે અથવા વારંવાર ખાય છે. अशौटि - व्याप्तौ (૧૩૧૪), अशस्-भोजने (૧૫૫૮).

अश्+य = अश्य-આ સૂત્રથી यङ् પ્રત્યય.

अश्यश्य - स्वरादे... ४-१-४ થી દ્વિતીય અંશ દ્વિત્વ.

अशश्य - व्यञ्जन... ४-१-४४ થી અનાદિ વ્યંજન य् નો લોપ.

अशाश्य - आगुणा... ४-१-४८ થી श ના अ નો आ.

હવે પછીની સાધનિકા अद्यत्यते પ્રમાણે થશે.

(૭) भृशं पुनः पुनः वा प्रोर्णोति - प्रोर्ण्णोनूयते = તે ઘણું ઢાંકે છે અથવા વારંવાર ઢાંકે છે. ऊर्णुगक् - आच्छादने (૧૧૨૩)

प्र+ऊर्णु+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

प्र+ऊर्णुनु+य - स्वरादे... ४-१-४ થી દ્વિતીય અંશ દ્વિત્વ.

प्रोर्णुनुय - अवर्ण... १-२-६ થી अ + ऊ = ओ.

प्रोर्णोनुय - आ-गुणा... ४-१-४८ થી उ નો ओ.

प्रोर्णोनूय - दीर्घ... ४-३-१०८ થી उ દીર્ઘ.

प्रोर्ण्णोनूय - र्हादर्ह... १-३-३१ થી ण् દ્વિત્વ.

હવે પછીની સાધનિકા अद्यत्यते પ્રમાણે થશે.

✡ અહીં अयिरः ४-१-६ થી સંયોગની આદિનો र् દ્વિત્વ થતો ન હોવાથી માત્ર नु જ દ્વિત્વ થાય છે. અને દ્વિત્વ કરવું એ કાર્ય પરકાર્ય છે તેથી ण सम... २-१-६० થી ण् એ અસત્ થવાથી नु નુ દ્વિત્વ થયો છે.

✡ अट्, ऋ, अश् અને ऊर्णु ધાતુ સ્વરાદિ હોવાથી व्यञ्जना... ३-४-९ થી यङ् ની પ્રાપ્તિ ન હતી અને सूत्र, मूत्र, सूच અને ऊर्णु એ અનેકસ્વરી હોવાથી પ્રાપ્તિ ન હતી તેથી આ સૂત્રની રચના કરી.

## गत्यर्थात् कुटिले । ३-४-११

**અર્થ:-** કુટિલ અર્થમાં જ વર્તતાં એકસ્વરવાળા વ્યંજનાદિ ગત્યર્થક ધાતુથી यङ् પ્રત્યય થાય છે.

**વિવેચન** - कुटिलं क्रामति-चङ्क्रम्यते = તે વાંકો ચાલે છે. क्रमू-पादविक्षेपे (૩૮૫)

क्रम्+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

क्रक्रम्य - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

कक्रम्य - व्यञ्जन... ४-१-४४ થી અનાદિ વ્યંજન र् નો લોપ.

चक्रम्य - कङश्चञ् ४-१-४६ થી क् નો च्.

चमक्रम्य - मुरतो... ४-१-५१ થી मु નો આગમ.

चङ्क्रम्य - तौमु-मौ... १-३-१४ થી म् નો ङ्

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अयट्यते પ્રમાણે થશે.

**कुटिल इति किम् ?** भृशं क्रामति = તે ઘણું ચાલે છે અથવા पुनः पुनः क्रामति = તે વારંવાર ચાલે છે. અહીં ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થ છે તેથી यङ् પ્રત્યય નહીં થાય.

✿ અહીં કુટિલ અર્થમાં यङ् પ્રત્યય થાય છે એમ કહ્યું તેથી હવે ભૃશ અને આભીક્ષ્ણ્ય અર્થમાં ગત્યર્થક ધાતુને व्यञ्जनादे... ૩-૪-૯ થી વ્યંજનાદિ અને એકસ્વરવાળો क्रम् ધાતુ હોવા છતાં પણ આ સૂત્ર બનાવ્યું તેથી હવે यङ् પ્રત્યય નહીં થાય.

**धात्वर्थ विशेषणं किम् ?** साधने कुटिले मा भूत् - कुटिलं पन्थानं गच्छति = વાંકા માર્ગે જાય છે. કુટિલ શબ્દ ધાતુનું વિશેષણ હોવાથી આ વાક્યમાં यङ् પ્રત્યય ન થયો. કેમકે અહીં પોતે વાંકો નથી ચાલતો પણ તે જેના પર ચાલે છે તે સાધનરૂપી માર્ગ જ વાંકો છે માટે વાંકો ચાલે છે.

✿ जङ्गमः - અહીં કુટિલ અર્થનો અભાવ હોવાથી यङ् પ્રત્યય કેમ થયો આવી શંકા ન કરવી કેમ કે આ जङ्गमः શબ્દ રૂઢિથી છે. સ્થાવરના વિરોધિ (પ્રતિપક્ષ) તરીકે વર્તે છે.

गच्छति इति - जङ्गमः - गमेर्जम् च वा (૧૩) ઉણાદિ સૂત્રથી अ પ્રત્યય. गम्+अ ધાતુ દ્વિત્વ गम्गम् + अ ધાતુ દ્વિત્વ થયા પછી પૂર્વનાં गम् નો जम् આદેશ થવાથી जङ्गमः સિદ્ધ થાય છે.

## गृ-लुप-सद-चर-जप-जभ-दश-दहो-गर्ह्ये । ३-४-१२

**અર્થ:-** ગર્હા (નિંદા) અર્થમાં જ વર્તતાં गृ-लुप्-सद्-चर्-जप्-जभ्-दश् અને दह् ધાતુથી यङ् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) गर्हितं (निन्द्यं) निगिरति - निजेगिल्यते = તે ખરાબ રીતે ખાય છે. गृत्-निगरणे (૧૩૩૫)

नि+गृ+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

निगिर्+य - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्

निगिगिर्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

निजिगिर्य - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

निजेगिर्य - आगुणा... ૪-૧-૪૮ થી इ નો ए.

निजेगिल्य - ग्रोयङि ૨-૩-૧૦૧ થી र् નો ल्.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अयाट्यते પ્રમાણે થશે.

(૨) निन्द्यं लुम्पति-लोलुप्यते = તે ખરાબ રીતે નાશ કરે છે.

लुप्लृंती - छेदने. (૧૩૨૩)

लुप्+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

लुलुप्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

लोलुप्य - आ-गुणा... ૪-૧-૪૮ થી उ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अयाट्यते પ્રમાણે થશે.

(૩) निन्द्यं सीदति - सासद्यते = તે ખરાબ રીતે દુ:ખી થાય છે.

षद्लृं - विशरण-गत्यवसादनेषु (૯૬૬)

सद्+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

ससद्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सासद्य - आ-गुणा... ૪-૧-૪૮ થી अ નો आ.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अयाट्यते પ્રમાણે થશે.

(૪) निन्द्यं चरति - चञ्चूर्यते = તે ખરાબ રીતે ચાલે છે અથવા ખાય છે.

चर - भक्षणे गतौ च (૪૧૦)

चर्+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

चचर्य+ - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चम्चर्य - चर.. ૪-૧-૫૩ થી म् નો આગમ.

चञ्चर्य - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

चञ्चुर्य - तिचोपा... ૪-૧-૫૪ થી ધાતુનાં अ નો उ.

चञ्चूर्य - भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अयाट्यते પ્રમાણે થશે.

(૫) निन्द्यं जपति - जञ्जप्यते = તે ખરાબ રીતે જાપ કરે છે.

जप - मानसे व्यक्ते वचने च (૩૩૮)

जप्+य - આ સૂત્રથી यङ् પ્રત્યય.

जजप्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जम्जप्य - जपजभ... ૪-૧-૫૨ થી म् નો આગમ.

जञ्जप्य - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अटाट्यते પ્રમાણે થશે.

(૬) निन्द्यं जम्भति - जञ्जभ्यते = તે ખરાબ રીતે મૈથુન સેવન કરે છે.

जभ-मैथुने (૩૭૯) સાધનિકા जञ्जप्यते પ્રમાણે થશે.

(૭) निन्द्यं दशति - दन्दश्यते = તે ખરાબ રીતે ડંખ મારે છે.

दंशं-दशने (૪૯૬) સાધનિકા जञ्जप्यते પ્રમાણે થશે.

(૮) निन्द्यं दहति. - दन्दह्यते = તે ખરાબ રીતે બાળે છે.

दहं-भस्मीकरणे (૫૫૨) સાધનિકા जञ्जप्यते પ્રમાણે થશે.

**गर्ह्य इति किम् ?** साधु जपति = સારી રીતે જાપ કરે છે. भृशं निगिरति = તે વારંવાર ખાય છે. અહીં ગર્હા અર્થ નથી પણ સારૂં તેમજ ભૃશ અર્થ ગમ્યમાન છે તેથી આ સૂત્રથી यङ् પ્રત્યય થયો નથી.

✿ दंश् ધાતુમાં न् લોપનો નિર્દેશ સૂત્રમાં કર્યો છે તે यङ् लुबन्त માં પણ न् નો લોપ થઈ શકે માટે કર્યો છે.

✿ व्यञ्जनादे... ૩-૪-૯ સૂત્રથી અને गत्यर्थात्... ૩-૪-૧૧ સૂત્રથી गृ વિગેરે ધાતુને ભૃશ-આભીક્ષ્ણ્ય અને કુટિલ અર્થમાં यङ् પ્રત્યયની પ્રાપ્તિ હતી છતાં આ સૂત્રે ગર્હા અર્થમાં यङ् પ્રત્યય કર્યો તેથી નિયમ થયો કે गृ વિગેરે ધાતુને यङ् પ્રત્યય થાય તો ગર્હા અર્થમાં જ થાય. ભૃશાદિ અર્થમાં यङ् પ્રત્યય હવે નહીં થાય.

## न गृणा-शुभ-रुचः । ३-४-१३

**અર્થ:**- गृ, शुभ् અને रुच् ધાતુથી यङ् પ્રત્યય થતો નથી.

**વિવેચન** - (૧) निन्द्यं गृणाति = તે ખરાબ અવાજ કરે છે. (બોલે છે.)

गृ+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

गृ+ना+ति - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

गृनाति - प्वादे... ૪-૨-૧૦૫ થી गृ હ્રસ્વ.

गृणाति - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्.

गृश्-शब्दे (૧૫૩૮) આ નવમાં ગણનાં गृ ધાતુને गृलुप... ૩-૪-૧૨ થી यङ् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થવાથી બીજા કોઈપણ સૂત્રથી यङ् પ્રત્યય થશે નહી.

(૨) भृशं शोभते = તે ખૂબ શોભે છે. शुभि-दीप्तौ (૯૪૭)

(૩) भृशं रोचते = ખૂબ રૂચે છે. रुचि-अभिप्रीत्यां दीप्तौ च (૯૩૮)

शुभ् અને रुच् ધાતુને व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થવાથી હવે બીજા કોઈપણ સૂત્રથી यङ् પ્રત્યય થશે નહીં.

## बहुलं लुप् । ३-४-१४

**અર્થ**:- यङ् પ્રત્યયનો બહુલતાએ લોપ થાય છે.

**વિવેચન** - (૧) भृशं पुनः पुनः वा भवति - बोभूयते, बोभवीति = તે ઘણું થાય છે અથવા વારંવાર થાય છે. भू-सत्तायाम् (૧)

भू+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

भूभूय+य - सन्... ૪-૧-૩ ધાતુ દ્વિત્વ.

बूभूय - द्वितीय... ૪-૧-૪૨ થી भ् નો ब्.

बोभूय - आ-गुणा... ૪-૧-૪૮ થી ऊ નો ગુણ ओ.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૦ માં કહેલ अटाट्यते પ્રમાણે થશે.

✿ बोभू - આ સૂત્રથી यङ् પ્રત્યયનો લોપ.

बोभू+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

बोभू+ई+ति - यङ्-तु... ૪-૩-૬૪ થી ई નો આગમ.

बोभो+ई+ति - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

बोभवीति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

यङ्तु... ૪-૩-૬૪ થી જ્યારે ई નો આગમ ન થાય ત્યારે बोभोति રૂપ પણ થાય છે.

**बहुलवचनात् क्वचिन्न भवति**- (૧) भृशं पुनः पुनः वा लवनं - लोलूया અથવા लोलूयनं - लोलूया = ઘણું અથવા વારંવાર કાપવું.

लू+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

लूलूय - सन्... ૪-૧-૩ થી આદ્યએકસ્વરાંશ દ્વિત્વ.

लोलूय - आ-गुणा... ૪-૧-૪૮ થી ऊ નો ગુણ ओ.

लोलूय+अ - शंसि... ૫-૩-૧૦૫ થી ભાવમાં अ પ્રત્યય.

लोलूय्+अ - अतः ૪-૩-૮૨ થી ધાતુનાં अ નો લોપ.

लोलूय+आ - आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય.

लोलूया - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

(૨) भृशं पुनः पुनः वा पवनं અથવા पोपूयनं - पोपूया = ઘણું અથવા વારંવાર પવિત્ર થવું. સાધનિકા लोलूया પ્રમાણે થશે. यङ् પ્રત્યયનો બહુલતાએ લોપ થાય છે તેથી यङ् પ્રત્યયનો લોપ થયો નથી.

## अचि । ३-४-१५

**અર્થ**:- अच् પ્રત્યય પર છતાં यङ् પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) चेचीयते इति **चेच्यः** = ઘણું અથવા વારંવાર ભેગું કરનાર.

चिंग्ट् - चयने (૧૨૯૦)

चि+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

चिचिय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चेचिय - आ-गुणा... ૪-૧-૪૮ થી इ નો ગુણ ए.

चेचीय - दीर्घ... ૪-૩-૧૦૮ થી चि નો इ દીર્ઘ.

चेचीय+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય.

चेची+अ - આ સૂત્રથી यङ् પ્રત્યયનો લોપ.

चेच्य - योऽनेक... ૨-૧-૫૬ થી ई નો य्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી चेच्यः થશે.

(૨) नेनीयते इति नेन्यः = ઘણું અથવા વારંવાર લઈ જનાર. णींग्-प्रापणे (૮૮૪) સાધનિકા चेच्यः પ્રમાણે થશે.

✿ बहुलं लुप् ૩-૪-૧૪ થી यङ् પ્રત્યયનો લોપ બહુલતાએ સિદ્ધ જ હતો પણ નિત્ય લોપ કરવા માટે આ સૂત્રની રચના છે.

## नोतः । ३-४-१६

**અર્થઃ-** अच् પ્રત્યય પર છતાં उ કારાન્ત ધાતુથી વિધાન કરાએલ यङ् પ્રત્યય લોપાતો નથી.

**વિવેચન** - (૧) रोरूयते इति रोरूयः = ઘણું અથવા વારંવાર અવાજ કરનાર.

रुंक् - शब्दे (૧૦૮૫)

रु+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

रुरुय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

रोरुय - आ-गुणा... ૪-૧-૪૮ થી उ નો ગુણ ओ.

रोरूय - दीर्घ... ૪-૩-૧૦૮ થી रु નો उ દીર્ઘ.

હવે પછી सि પ્રત્યય, सोरुः, रः पदान्ते... થી रोरूयः થશે.

✿ "अचि नोतः" એ પ્રમાણે એકજ સૂત્ર બનાવ્યું હોત તો अच् પ્રત્યય પર છતાં यङ् પ્રત્યયનો (નિત્ય) લોપ થાય અને उकारान्त ધાતુથી अच् પ્રત્યય પર છતાં यङ् પ્રત્યયનો લોપ ન થાય આવો અર્થ થવાથી बहुलं लुप् સૂત્રથી उकारान्त ધાતુથી यङ् પ્રત્યય બહુલતાએ લોપ થવાની પ્રાપ્તિ આવી જાત. જ્યારે "नोतः" એ પ્રમાણે જુદું સૂત્ર કરવાથી હવે बहुलं लुप् સૂત્રથી પણ यङ् પ્રત્યયનો લોપ થશે નહીં.

## चुरादिभ्यो णिच् । ३-४-१७

**અર્થઃ-** चुरादि ધાતુઓથી સ્વાર્થમાં णिच् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) चोरयति = તે ચોરી કરે છે. चुरण् - स्तेये (૧૫૬૮)

चुर्+णिच् - આ સૂત્રથી સ્વાર્થમાં णिच् પ્રત્યય.

चोरि - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

चोरि+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चोरि+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

चोरे+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

चोरयति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૨) पदयते = તે જાય છે. पदणि-गतौ (૧૯૩૨)

पद+इ - આ સૂત્રથી સ્વાર્થમાં णिच् પ્રત્યય.

पदि - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

બાકીની સાધનિકા चोरयति પ્રમાણે થશે.

✿ ण કાર અનુંબંધવાળા ધાતુઓ चुरादि ગણનાં છે. णिच् માં णकार વૃદ્ધિ માટે છે.

✿ સૂત્રમાં બ.વ. આકૃતિગણનાં ગ્રહણ માટે છે.

## युजादेर्नवा । ३-४-१८

**અર્થઃ**- युजादि ધાતુથી સ્વાર્થમાં णिच् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) योजयति, योजति = તે જોડે છે. युजण् - संपर्चने (૧૯૪૧)

युज्+इ - આ સૂત્રથી સ્વાર્થમાં णिच् પ્રત્યય. સાધનિકા ૩-૪-૧૭ માં જણાવેલ चोरयति પ્રમાણે થશે.

✿ જ્યારે युज् ધાતુને णिच् પ્રત્યય ન થાય ત્યારે...

युज्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

युज्+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

योजति - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

(૨) साहयति, सहति = તે સહન કરે છે. षहण्-मर्षणे (૧૯૮૧)

સાધનિકા चोरयति પ્રમાણે થશે. પરંતુ અહીં ञ्णिति ૪-૩-૫૦ થી ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થશે.

✿ ધાતુપાઠમાં युजादि ગણપાઠ ૧૯૪૧ થી ૧૯૮૧ સુધી છે.

## भूङः प्राप्तौ णिङ् । ३-४-१९

**અર્થઃ**- પ્રાપ્તિ અર્થમાં વર્તતાં भू ધાતુથી णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - भावयते, भवते = તે પ્રાપ્ત કરે છે. भू-सत्तायाम् (૧)

भू+इ - આ સૂત્રથી સ્વાર્થમાં णिङ् પ્રત્યય.

भौ+इ - नामिनो... ४-३-५१ थी ऊ नी वृद्धि औ.

भावि - ओदौतो... १-२-२४ थी औ नो आव्.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૭ માં જણાવેલ चोरयति પ્રમાણે થશે.

✡ જ્યારે भू ધાતુને णिङ् પ્રત્યય ન થાય ત્યારે भवते. સાધનિકા ૩-૩-૩ માં જણાવેલ भवति પ્રમાણે થશે.

અહીં णिङ् પ્રત્યય નથી લાગ્યો પણ સૂત્રમાં भू ધાતુ ङ કાર સહિત નિર્દેશ કરાએલો હોવાથી આત્મનેપદનાં પ્રત્યયો લાગ્યા છે.

**प्राप्ताविति किम् ?** भवति = તે છે. સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે. અહીં भू ધાતુ સત્તા અર્થમાં છે પ્રાપ્તિ અર્થમાં નથી તેથી આ સૂત્રથી णिङ् પ્રત્યય થયો નથી.

## प्रयोक्तृव्यापारे णिग् । ३-४-२०

**અર્થઃ**- કર્તાને જે પ્રેરણા કરે છે (તે પ્રયોક્તા) તે ક્રિયા ગમ્યમાન હોય તો ધાતુથી णिग् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) कुर्वन्तं प्रेरयति इति कारयति = તે કરાવે છે.

कृ+इ - આ સૂત્રથી णिग् પ્રત્યય.

कारि - नामिनो... ४-३-५१ थी ऋ नी वृद्धि आर्.

હવે પછીની સાધનિકા ૩-૪-૧૭ માં જણાવેલ चोरयति પ્રમાણે થશે.

(૨) वसन्तं प्रेरयति इति वासयति = ભિક્ષા વસાવે છે. (ભિક્ષા સારી મળે છે માટે ભિક્ષુક વસે છે.) वेसृ-गतौ (૫૪૮)

वस्+णिग् - આ સૂત્રથી णिग् પ્રત્યય.

वासि - ञ्णिति ४-३-५० थी अ नी वृद्धि आ.

હવે પછીની સાધનિકા चोरयति પ્રમાણે થશે.

(૩) राजानं आगच्छन्तं प्रेरयति इति राजानं आगमयति = રાજાને આગમન કરાવે છે. गम्लृं-गतौ (૩૯૬)

आ+गम्+णिग् - આ સૂત્રથી णिग् પ્રત્યય.

आगामि - ञ्णिति ४-३-५० थी अ नी वृद्धि आ.

आगमि - अमो... ૪-૨-૨૬ થી आ નું હ્રસ્વ अ.

હવે પછીની સાધનિકા चोरयति પ્રમાણે થશે.

(૪) कंसं घ्नन्तं प्रेरयति इति कंसं घातयति = કંસને હણાવે છે.

हनंक् - हिंसा-गत्योः (૧૧૦૦)

हन्+णिग् - આ સૂત્રથી णिग् પ્રત્યય.

घाति - ञ्णितिघात् ૪-૩-૧૦૦ થી हन् નો घात् આદેશ.

હવે પછીની સાધનિકા चोरयति પ્રમાણે થશે.

(૫) पुष्येण युञ्जन्तं प्रेरयति इति पुष्येण चन्द्रं योजयति = પુષ્ય નક્ષત્ર સાથે ચન્દ્રને જોડાવે છે (યોગ કરાવે છે) युजूंपी - योगे (૧૪૭૬)

युज्+णिग् - આ સૂત્રથી णिग् પ્રત્યય.

હવે પછીની સાધનિકા चोरयति પ્રમાણે થશે.

(૬) उज्जयिन्याः प्रदोषे प्रस्थितो माहिष्मत्यां सूर्यं उद्गच्छन्तं प्रेरयति इति सूर्यं उद्गमयति = ઉજ્જયિનીથી રાત્રિમાં નીકળેલો (વ્યક્તિ) માહિષ્મતીમાં સૂર્યને ઉગાડે છે.

નંબર ત્રણનાં आगमयति પ્રમાણે સાધનિકા થશે.

✿ પ્રયોક્તાનો (પ્રેરણા કરનારનો) વ્યાપાર સાત પ્રકારે છે.

(૧) **प्रेषण** = બીજાનો તિરસ્કાર કરવા પૂર્વકનો વ્યાપાર તે પ્રેષણ.

(૨) **अध्येषण** = બીજાનો સત્કાર કરવા પૂર્વકનો વ્યાપાર તે અધ્યેષણ.

દા.ત. - कारयति.

(૩) **निमित्त** = નિમિત્તભાવ (કારણભાવ) પૂર્વકનો વ્યાપાર તે નિમિત્ત.

દા.ત. - भिक्षा वासयति.

(૪) **आख्यान** = કથાનક દ્વારા જે વ્યાપાર તે આખ્યાન

દા.ત. - राजानं आगमयति.

(૫) **अभिनय** = હાવભાવપૂર્વકનો વ્યાપાર તે અભિનય.

દા.ત. - कंसं घातयति.

(૬) **ज्ञान** = જ્ઞાન પૂર્વકનો વ્યાપાર તે જ્ઞાન.

દા.ત. - पुष्येण चन्द्रं योजयति गणकः

(૭) **प्राप्ति** = પ્રાપ્ત કરવા પૂર્વકનો વ્યાપાર તે પ્રાપ્તિ.

દા.ત. - उज्जयिन्याः प्रस्थितः माहिष्मत्यां सूर्यम् उद्गमयति.

## तुमर्हादिच्छायां सन्नतत्सनः । ३-४-२१

**અર્થઃ**- જે ધાતુ इष् ધાતુનું કર્મ હોય અને इष् ધાતુની સાથે જ સમાન કર્તાવાળો હોય તે ધાતુ तुमर्ह કહેવાય છે. તે तुमर्ह ધાતુથી ઈચ્છા અર્થમાં सन् પ્રત્યય વિકલ્પે થાય છે પણ ઇચ્છા અર્થમાં થયેલાં सन् અંતવાળા ધાતુથી ફરી सन् પ્રત્યય થતો નથી.

**વિવેચન** - (૧) कर्तुम् इच्छति - चिकीर्षति = તે કરવાની ઇચ્છા કરે છે.

कृ+स - આ સૂત્રથી सन् પ્રત્યય.

कृस - नामिनो... ૪-૩-૩૩ થી सन् ને किद्वद् ભાવ.

कॄस - स्वर-हन... ૪-૧-૧૦૪ થી कृ ના ऋ નો દીર્ઘ ॠ.

किर्स - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

किकिर्स- सन्.... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चिकिर्स - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

चिकीर्स - भ्वादे... ૨-૧-૬૩ થી र् ના પૂર્વનો સ્વર દીર્ઘ.

चिकीर्ष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી चिकीर्षति થશે.

(૨) गन्तुम् इच्छति - जिगमिषति = તે જવાની ઇચ્છા કરે છે.

गम्+स - આ સૂત્રથી सन् પ્રત્યય.

गगम्स - सन्.... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जगम्स - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जिगम्स - सन्यस्य ૪-૧-૫૯ થી ज નાં अ નો इ.

जिगमिस - गमोऽनात्मने ૪-૪-૫૧ થી स ની પૂર્વે इट्.

जिगमिष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

હવે પછી तिव् વિગેરે કાર્ય चिकीर्षति પ્રમાણે થશે.

✡ અહીં कर्तुम् અને गन्तुम् એ इष् ધાતુનું કર્મ છે. અને इष् ધાતુનો કર્તા તથા कृ અને गम् ધાતુનો કર્તા સમાન છે તેથી कृ અને गम् ધાતુ तुमर्ह છે તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો છે.

**तुमर्हादिति किम् ?** यानेन इच्छति = ગમન ક્રિયા દ્વારા ઈચ્છે છે. અહીં या ધાતુ એ इष् ધાતુનું કર્મ નથી માટે આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

(૨) भुक्तिम् इच्छति मैत्रस्य = મૈત્રની ખાવાની ઈચ્છા કરે છે. (મૈત્રનાં ભોજનને ઈચ્છે છે). અહીં ખાનાર અને ઈચ્છનાર બંને જુદા છે. સમાન કર્તૃક નથી માટે આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

**इच्छायामिति किम् ?** भोक्तुम् याति = જમવા માટે જાય છે. અહીં भुज् ધાતુ या ધાતુનું કર્મ છે અને સમાન કર્તૃક પણ છે તેથી भुज् ધાતુ तुमर्ह છે પણ इष् ધાતુનું કર્મ અને સમાન કર્તૃક નથી તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો નથી.

**अतत्सन इति किम् ?** *चिकीर्षितुम् इच्छति = કરવાની ઈચ્છા માટે ઈચ્છે છે.* અહીં એકવાર ઈચ્છા અર્થમાં सन् પ્રત્યય આ સૂત્રથી જ થયેલો છે. તેથી सन्नन्त એવા चिकीर्ष ધાતુને ફરી सन् પ્રત્યય આ સૂત્રથી થતો નથી.

**तदिति किम् ?** जुगुप्सिषते = નિંદા કરવા માટે ઇચ્છે છે.

અહીં गुप् ધાતુને ૩-૪-૫ થી સ્વાર્થમાં सन् પ્રત્યય લાગીને जुगुप्स ધાતુ બન્યો છે. ઈચ્છાર્થક सन् નથી તેથી આ સૂત્રથી सन् પ્રત્યય થયો છે.

जुगुप्स+स - આ સૂત્રથી सन् પ્રત્યય.

*जुगुप्स+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.*

*जुगुप्सिस - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.*

जुगुप्सिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી जुगुप्सिषते થશે.

✡ प्रत्येतुम् इच्छति - प्रतीषिषति = સામે જવા ઈચ્છે છે.

प्रति+इ+स - આ સૂત્રથી सन् પ્રત્યય.

प्रतीसस - स्वरादे... ૪-૧-૪ થી દ્વિતીય સ્વરાંશ દ્વિત્વ.

प्रतीषस - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

प्रतीष+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી स ની પૂર્વે इट्.

प्रतीषिस - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

प्रतीषिष - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

હવે પછીની સાધનિકા धूपायति પ્રમાણે થશે.

અહીં सन् પ્રત્યયમાં स અકાર સહિત નિર્દેશ કરેલો છે તેથી स દ્વિત્વ થયો. નહીં તો इस् દ્વિત્વ થાત. स માં રહેલા અકારનું આ ફળ છે.

## નામધાતુ પ્રકરણ -

### द्वितीयायाः काम्यः । ३-४-२२

**અર્થઃ-** દ્વિતીયાન્ત નામથી ઈચ્છા અર્થમાં काम्य પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - इमम् इच्छति - इदंकाम्यति = આને ઈચ્છે છે.

इदम्+काम्य - આ સૂત્રથી काम्य પ્રત્યય.

इदंकाम्य - ऐकार्थ्ये... ૩-૨-૮ થી દ્વિતીયા વિભ. નો લોપ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી इदंकाम्यति થશે.

**द्वितीयाया इति किम् ?** इष्टः पुत्रः = ઇચ્છેલો પુત્ર. અહીં पुत्रः એ પ્રથમાન્ત નામ છે દ્વિતીયાન્ત નામ નથી તેથી पुत्र નામને આ સૂત્રથી काम्य પ્રત્યય થયો નથી.

### अमाव्ययात् क्यन् च । ३-४-२३

**અર્થઃ-** म् અન્તવાળા અને અવ્યયનામને વર્જીને અન્ય દ્વિતીયાન્ત નામથી ઈચ્છા અર્થમાં क्यन् અને काम्य પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) पुत्रम् इच्छति - पुत्रीयति = પુત્રની ઈચ્છા કરે છે.

पुत्रं+य - આ સૂત્રથી क्यन् પ્રત્યય.

पुत्रय - ऐकार्थ्ये... ૩-૨-૮ થી દ્વિતીયા વિભ. નો લોપ.

पुत्रीय - क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई.

હવે પછીની સાધનિકા इदंकाम्यति પ્રમાણે થશે.

(૨) पुत्रं इच्छति - पुत्रकाम्यति = તે પુત્રને ઈચ્છે છે.

સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

**अमाव्ययादिति किम् ?** इदमिच्छति = આને ઈચ્છે છે. અહીં म् અન્તવાળો શબ્દ હોવાથી આ સૂત્રથી क्यन् અને काम्य પ્રત્યય થયા નથી.

(૨) स्वरिच्छति = સ્વર્ગને ઇચ્છે છે. અહીં स्वर् એ અવ્યય હોવાથી આ સૂત્રથી क्यन् અને काम्य પ્રત્યય થયા નથી.

✡ સૂત્રમાં ચકારનું ગ્રહણ काम्य પ્રત્યયનાં સમુચ્ચય માટે છે. જો સૂત્રમાં ચકારનું ગ્રહણ ન કર્યું હોત તો क्यन् પ્રત્યય થતાં काम्य પ્રત્યયનો નિષેધ થઈ જાત. પણ काम्य અને क्यन् બન્ને પ્રત્યય કરવા છે માટે ચકારનું ગ્રહણ જરૂરી જ છે.

✡ ચકાર વિના इदमिच्छति અને स्वरिच्छति એ म् અન્તવાળા અને અવ્યય નામોથી પર काम्य પ્રત્યયનો અવકાશ હોતે છતે આ સૂત્રમાં क्यन् પ્રત્યય જ કરે તો તે क्यन् પ્રત્યય વડે काम्य પ્રત્યયનો બાધ થઈ જાય. તેથી इदंकाम्यति અને स्वःकाम्यति પ્રયોગ સિદ્ધ ન થાત પરંતુ મકારાન્ત અને અવ્યય નામોને काम्य પ્રત્યય તો ઈષ્ટ છે તેથી હવે મકારાન્ત અને અવ્યય નામોને काम्य પ્રત્યય द्वितीयाया:... ૩-૪-૨૨ થી જ થશે અને તે સિવાયનાં નામોને આ સૂત્રથી काम्य અને क्यन् બંને પ્રત્યયો થશે. આથી સૂત્રમાં ચકાર છે તે બરાબર જ છે.

## आधाराच्चोपमानादाऽऽचारे । ३-४-२४

**અર્થઃ-** म् અન્તવાળા અને અવ્યયનામને વર્જીને અન્ય ઉપમાનવાચી દ્વિતીયાન્ત નામથી અને આધારવાચક નામથી આચાર અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) पुत्रं इव आचरति छात्रम् - पुत्रीयति छात्रम् = વિદ્યાર્થીને પુત્રની જેમ રાખે છે. અહીં દ્વિતીયાન્ત ઉપમાનવાચક નામને આ સૂત્રથી क्यन् પ્રત્યય લાગ્યો છે. સાધનિકા ૩-૪-૨૩ માં આપેલ पुत्रीयति પ્રમાણે થશે.

(૨) प्रासादे इव आचरति कुट्याम् - प्रासादीयति कुट्याम् = ઝુંપડીમાં

મહેલની જેમ રહે છે અહીં આધારવાચક ઉપમાનવાચી प्रासाद નામને આ સૂત્રથી क्यन् પ્રત્યય લાગ્યો છે. સાધનિકા ૩-૪-૨૩ માં આપેલ पुत्रीयति પ્રમાણે થશે.

✿ **उपमानादिति किम् ?** छात्रादेः मा भूत् – ઉપમાનવાચી નામને क्यन् પ્રત્યય થાય છે તેથી पुत्र શબ્દને થશે પણ छात्र શબ્દને નહીં થાય.

✿ **आधारात् चेति किम् ?** परशूना दात्रेण इव आचरति = બરછીવડે-દાત્રવડે કાપતો હોય તેમ આચરે છે. અહીં આધારવાચી परशू શબ્દ નથી પણ તૃતીયાન્ત છે તેથી આ સૂત્રથી क्यन् પ્રત્યય થયો નથી.

✿ **अमाव्ययादिति किम् ?** इदं इव आचरति, स्वः इव आचरति – અહીં म् અંતવાળો અને અવ્યય છે તેનું સૂત્રમાં વર્જન કરેલું છે તેથી આ સૂત્રથી क्यन् પ્રત્યય ન થતાં વાક્ય જ રહેશે.

## कर्तुः क्विप् गल्भ-क्लीब-होडात्तु ङित् । ३-४-२५

**અર્થઃ**- ઉપમાનવાચી કર્તૃવાચક નામથી આચાર અર્થમાં क्विप् પ્રત્યય વિકલ્પે થાય છે. गल्भ, क्लीब અને होड નામથી તે જ क्विप् પ્રત્યય ङित् થાય છે.

**વિવેચન** - (૧) अश्वः इव आचरति - अश्वति = ઘોડાની જેમ આચરણ કરે છે. (ઘોડા જેવો દેખાય છે.)

अश्व+० - આ સૂત્રથી क्विप् પ્રત્યય.

अश्व+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

अश्व+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

अश्वति - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ.

(૨) गल्भः इव आचरति - गल्भते = ધૃષ્ટની જેમ આચરણ કરે છે. સાધનિકા अश्वति પ્રમાણે થશે પણ क्विप् પ્રત્યય ङित् થાય છે તેથી इङितः... ૩-૩-૨૨ થી કર્તામાં આત્મનેપદ થશે.

(૩) क्लीबःइव आचरति - क्लीबते = નપુંસકની જેમ આચરણ કરે છે. સાધનિકા વિગેરે गल्भते પ્રમાણે થશે.

(૪) होडः इव आचरति - होडते = અનાદર કરનારની જેમ આચરણ કરે છે. સાધનિકા વિગેરે गल्भते પ્રમાણે થશે.

## क्यङ् । ३-४-२६

**અર્થ:-** ઉપમાનવાચી કર્તૃવાચક નામથી આચાર અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - हंसः इव आचरति - हंसायते = હંસની જેમ આચરણ કરે છે.

हंस+य - આ સૂત્રથી क्यङ् પ્રત્યય.

हंसाय - दीर्घश्च्वि... ૪-૩-૧૦૮ થી અન્ત્યસ્વર દીર્ઘ.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી हंसायते થશે.

✡ क्विप् અને क्यङ् બંને પ્રત્યયો તુલ્યવિષયક હોવાથી ઉત્સર્ગ અને અપવાદપણામાં પર્યાયવડે (અનુક્રમે) પ્રયોગ કરાય છે. આ સૂત્રથી क्यङ् પ્રત્યય વિકલ્પે લાગે છે તેથી વિકલ્પપક્ષમાં ઉપરનાં ૩-૪-૨૫ સૂત્રથી क्विप् પ્રત્યય લાગીને हंसति પ્રયોગ પણ થશે અને ૩-૪-૨૫ સૂત્ર પણ વિકલ્પે લાગે છે તેથી તેના વિકલ્પપક્ષમાં વાક્ય રહેશે.

✡ क्यङ् પ્રત્યયમાં ककार નો નિર્દેશ સામાન્યથી છે અને ङકારના નિર્દેશથી इङ्गितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ થશે.

## सो वा लुक् च । ३-४-२७

**અર્થ:-** स् અન્તવાળા ઉપમાનવાચી કર્તૃવાચક નામથી આચાર અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે અને અન્ત્ય સકારનો વિકલ્પે લોપ થાય છે.

**વિવેચન** - (૧) पयः इव आचरति - पयायते, पयस्यते = દૂધની જેમ આચરણ કરે છે.

पयस्-पय+य - આ સૂત્રથી क्यङ् પ્રત્યય અને स् નો લોપ.

पयाय - दीर्घश्च्वि... ૪-૩-૧૦૮ થી અન્ત્યસ્વર દીર્ઘ.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી पयायते થશે.

વિકલ્પપક્ષે જ્યારે स् નો લોપ ન થાય ત્યારે पयस्+य, पयस्य+ते, पयस्य+अ+ते = पयस्यते થશે.

✡ क्यङ् પ્રત્યય ૩-૪-૨૬ થી સિદ્ધ જ હતો પણ स् નો લોપ કરવા માટે આ સૂત્ર બનાવ્યું છે.

✡ અન્ય આચાર્યો अप्सरस् શબ્દમાં જ स् નો લોપ વિકલ્પે થાય છે એમ

માને છે તેઓનાં મતે अप्सरायते અને अप्सरस्यते એમ બે રૂપ થશે અને અન્ય શબ્દોમાં पयस्यते એમ એક જ રૂપ થશે.

## ओजोऽप्सरसः । ३-४-२८

**અર્થઃ-** ओजस् અને अप्सरस् ઉપમાનવાચી કર્તૃવાચક નામથી આચાર અર્થમાં क्यङ्‌પ્રત્યય વિકલ્પે થાય છે અને અન્ત્ય સકારનો લોપ (નિત્ય) થાય છે.

**વિવેચન** - ओजस्वी इव आचरति - ओजायते = બળવાનની જેમ આચરણ કરે છે. સાધનિકા पयायते પ્રમાણે થશે.

(૨) अप्सरा इव आचरति - अप्सरायते = અપ્સરાની જેમ આચરણ કરે છે. સાધનિકા पयायते પ્રમાણે થશે.

✿ ओजस् શબ્દ સ્વાભાવિક રીતે વૃત્તિ વિષયમાં વપરાય છે. તેથી ओजस्वी इव आचरति એ પ્રમાણે વાક્ય થાય પણ ओजः इव आचरति એ પ્રમાણે વાક્ય ન થાય.

## च्व्यर्थे भृशादेः स्तोः । ३-४-२९

**અર્થઃ-** કર્તૃવાચક भृशादि નામથી च्वि અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે અને નામને અન્તે રહેલાં સકાર કે તકારનો લોપ યથાસંભવ થાય છે.

**વિવેચન** - (૧) अभृशः भृशः भवति - भृशायते = જે ઘણું નથી તે ઘણું થાય છે. સાધનિકા पयायते પ્રમાણે થશે.

(૨) अनुन्मनाः उन्मनाः भवति - उन्मनायते = ઊંચા મનવાળો નથી તે ઊંચા મનવાળો થાય છે. (ઉદાસ થાય છે.) અહીં उन्मनस् શબ્દ છે તેનાં અન્ત્ય स् નો લોપ આ સૂત્રથી થયો છે. સાધનિકા पयायते પ્રમાણે થશે.

(૩) अविहद् वेहद् भवति - वेहायते = ગર્ભને હણનારી ન હતી તે (ગાય કે ભેંસ) ગર્ભને હણનારી થાય છે. અહીં वेहत् શબ્દ છે તેનાં અન્ત્ય त् નો લોપ આ સૂત્રથી થયો છે. સાધનિકા पयायते પ્રમાણે થશે.

✿ भृशादि गण - भृश, उत्सुक, शीघ्र, चपल, पण्डित, अण्डर, कण्डर, फेन, शुचि, नील, हरित, मन्द, मद्र, भद्र, संश्चत्, तपत्, रेफत्, रेहत्, वेहत्, वर्चस्, ओजस्, उन्मनस्, दुर्मनस्, सुमनस्, अभिमनस् આદિ.

**कर्तुरित्येव** - अभृशं भृशं करोति = અતિશય નથી તેને અતિશય કરે છે. અહીં भृश એ કર્તૃવાચક નામ નથી પણ કર્મવાચક નામ છે તેથી આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નથી.

**च्व्यर्थ इति किम् ?** भृशो भवति = અતિશય કરે છે. અહીં भृश નામ કર્તૃવાચક છે પણ च्वि અર્થ નથી તેથી આ સૂત્રથી क्यङ्‌ પ્રત્યય થયો નથી.

✿ જ્યાં શબ્દો નિયત હોય ત્યાં આચાર્ય ભગવંત સૂત્રમાં એકવચનનો જ નિર્દેશ કરે છે. જ્યાં બહુવચન હોય ત્યાં આકૃતિગણ લેવો છે એ પ્રમાણે જણાવે છે. અહીં भृशादेः એકવચન છે તેથી ગણપાઠ સિવાયનાં કોઈ શબ્દોનો સમાવેશ ન થાય. આગળનાં સૂત્રોમાં પણ આ પ્રમાણે સમજવું.

✿ પૂર્વે જેનો અભાવ હોય તેનું થવું એ च्वि પ્રત્યયનો અર્થ છે. કલાપક આચાર્યનાં વ્યાકરણમાં च्वि અર્થને અભૂતતદ્ભાવ કહેવાય છે. અને હેમચન્દ્રાચાર્યનાં વ્યાકરણમાં च्वि અર્થને પ્રાગ્ અતત્ તત્ત્વ એ પ્રમાણે સંજ્ઞા આપેલી છે. અભૂતતદ્ભાવ અને પ્રાગ્ અતત્ તત્ત્વનો અર્થ એક જ છે પણ બન્નેએ સંજ્ઞા જુદી જુદી બતાવી છે.

## डाच्-लोहितादिभ्यः षित् । ३-४-३०

**અર્થઃ-** डाच् અન્તવાળા અને लोहित વિગેરે કર્તૃવાચક નામથી च्वि અર્થમાં क्यङ् षित् થાય છે એટલે કે क्यङ्ष् પ્રત્યય થાય છે.

**વિવેચન** - (૧) अपटत् पटत् भवति पटपटायति, पटपटायते = પટપટ થતું ન હતું તે પટપટ થાય છે.

पटत्पटत्+आ - अव्यक्ता.... ૭-૨-૧૪૫ થી डाच् પ્રત્યય અને દ્વિત્વ.

पटपटत्+आ - डाच्यादौ ૭-૨-૧૪૯ થી પૂર્વનાં त् નો લોપ.

पटपट्+आ - डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

पटपटा+य - આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી पटपटायते થશે.

क्यङषो नवा ૩-૩-૪૩ થી વિકલ્પે આત્મનેપદ થાય છે તેથી આત્મનેપદ ન થાય ત્યારે पटपटायति એ પ્રમાણે પરસ્મૈપદ થશે.

(૨) अलोहितः लोहितः भवति - लोहितायति, लोहितायते = જે લાલ ન હતું તે લાલ થાય છે.

लोहित+क्यङ्ष् - આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય.

હવે પછીની સાધનિકા पटपटायते પ્રમાણે થશે.

**कर्तुरित्येव** - अपटपटा पटपटा करोति = જે પટપટથી યુક્ત ન હતું તેને પટપટથી યુક્ત કરે છે. અહીં पटत् શબ્દ કર્તૃવાચક નથી પણ કર્મવાચક છે તેથી આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય થયો નથી.

**च्व्यर्थ इत्येव** - लोहितः भवति = લાલ થાય છે. અહીં लोहित નામ કર્તૃવાચક છે પણ च्वि અર્થ નથી તેથી આ સૂત્રથી क्यङ्ष् પ્રત્યય થયો નથી.

✿ लोहितादि गण - लोहित, जिह्म, श्याम, धूम, चर्मन्, हर्ष गर्व, सुख, दुःख, मूर्च्छा, निद्रा, कृपा, करुणा વિગેરે.

✿ लोहितादिभ्यः એ પ્રમાણે સૂત્રમાં બહુવચનનો નિર્દેશ છે તે આકૃતિગણનાં ગ્રહણ માટે છે. દા.ત. विषायति. ગણપાઠમાં विष શબ્દ નથી પણ બ.વ. થી બીજા પણ શબ્દોનો સમાવેશ થઈ શકે છે.

✿ અહીં भवति અર્થ વિશિષ્ટ च्वि અર્થમાં क्यङ्ष् પ્રત્યયનું વિધાન છે તેથી क्यङ्ष् વડે भवति અર્થ ઉક્ત થઈ જાય છે તેથી भवति નાં અભાવમાં "निमित्ताभावे नैमितिकस्याप्यभावः" એ ન્યાયથી डाच् પ્રત્યયની પણ નિવૃત્તિ થવી જોઈએ પરન્તુ આ સૂત્રમાં डाजन्त થી क्यङ्ष् પ્રત્યયનું વિધાન હોવાથી डाच् પ્રત્યય થાય છે આ વિધાનનાં સામર્થ્યથી कृ-भू-अस्ति ના અભાવમાં डाच् પ્રત્યયની નિવૃત્તિ થતી નથી.

## कष्ट-कक्ष-कृच्छ्र-सत्र-गहनाय पापे क्रमणे । ३-४-३१

અર્થઃ- પાપવાચક ચતુર્થ્યન્ત कष्ट, कक्ष, कृच्छ्र, सत्र અને गहन નામથી ક્રમણ (પ્રવૃત્તિ) અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - क्रमण - न पादविक्षेपः किन्तु प्रवृत्तिमात्रम् इति अर्थः ।

(૧) कष्टाय कर्मणे क्रामति - कष्टायते = પાપરૂપ કષ્ટ માટે પ્રવૃત્તિ કરે છે.

(૨) कक्षाय कर्मणे क्रामति - कक्षायते = પાપકર્મ માટે પ્રવૃત્તિ કરે છે.

(૩) कृच्छ्राय कर्मणे क्रामति - कृच्छ्रायते = પાપકર્મ માટે પ્રવૃત્તિ કરે છે.

(૪) सत्राय कर्मणे क्रामति - सत्रायते = પાપકર્મ માટે પ્રવૃત્તિ કરે છે.

(૫) गहनाय कर्मणे क्रामति - गहनायते = પાપકર્મ માટે પ્રવૃત્તિ કરે છે.

બધાની સાધનિકા ૩-૪-૨૬ માં આપેલ हंसायते પ્રમાણે થશે.

**चतुर्थीति किम् ?** रिपुः कष्टं क्रामति = શત્રુ પાપરૂપ પ્રવૃત્તિ કરે છે. અહીં कष्ट શબ્દ ચતુર્થ્યન્ત નથી પણ દ્વિતીયાન્ત છે તેથી આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નથી.

**पाप इति किम् ?** कष्टाय तपसे क्रामति = કઠિન તપ માટે પ્રવૃત્તિ કરે છે. અહીં कष्ट શબ્દ ચતુર્થ્યન્ત છે પણ પાપ પ્રવૃતિ નથી માટે આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નથી.

## रोमन्थाद् व्याप्यादुच्चर्वणे । ३-४-३२

**અર્થઃ**- કર્મવાચક रोमन्थ નામથી उच्चर्वण અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન - रोमन्थ** - अभ्यवहृतं द्रव्यं = ખાધેલું ઘાસ વગેરે જે હોય તે દ્રવ્યને रोमन्थ કહેવાય છે.

**उच्चर्वण - उद्गीर्य चर्वणम्** = ખાધેલાં ઘાસ વિગેરે દ્રવ્યને મોંમાં પાછુ લાવીને વારંવાર ચાવવું (વાગોળવું) તેને **उच्चर्वण** કહેવાય.

(૧) रोमन्थम् उच्चर्वयति - रोमन्थायते गौः = ગાય વાગોળે છે. ખાધેલ આહારને રોમરોમ સુધી પહોંચાડે છે. સાધનિકા हंसायते પ્રમાણે થશે.

**उच्चर्वण इति किम् ?** कीटः रोमन्थम् वर्तयति = કીડો વિષ્ટાની ગોળી બનાવે છે. અહીં उच्चर्वण અર્થ નથી તેથી रोमन्थ નામ દ્વિતીયાન્ત હોવા છતાં આ સૂત્રથી क्यङ् પ્રત્યય થયો નથી. અહીં વાગોળવું અર્થ નથી પણ કીડો પુંઠદ્વારા બહાર કાઢેલાં દ્રવ્યની ગુટીકા બનાવે છે એવો અર્થ છે.

## फेनोष्म-बाष्प-धूमादुद्वमने । ३-४-३३

**અર્થઃ**- કર્મવાચક फेन, ऊष्मन्, बाष्प અને धूम નામથી उद्वमन અર્થમાં વિકલ્પે क्यङ् પ્રત્યય થાય છે.

**વિવેચન - उद्वमन** - બહાર નીકળવું અથવા બહાર કાઢવું.

(૧) फेनम् उद्वमति - फेनायते = ફીણ બહાર કાઢે છે.

(૨) ऊष्माणम् उद्वमति - ऊष्मायते = ગરમીને બહાર કાઢે છે.

(૩) बाष्पं उद्वमति - बाष्पायते = બાફને -વરાળને બહાર કાઢે છે.

(૪) धूमम् उद्वमति - धूमायते = ધૂમાડાને બહાર કાઢે છે.

બધાની સાધનિકા ૩-૪-૨૬ માં આપેલ हंसायते પ્રમાણે થશે.

પરન્તુ ऊष्मन् શબ્દમાં न् નો લોપ नाम्नो... ૨-૧-૯૧ થી થશે.

## सुखादेरनुभवे । ३-४-३४

**અર્થ:-** કર્મવાચક सुखादि નામથી અનુભવ - સાક્ષાત્કાર અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) सुखं अनुभवति - सुखायते = સુખને અનુભવે છે.

(૨) दुःखं अनुभवति - दुःखायते = દુઃખને અનુભવે છે.

સાધનિકા ૩-૪-૨૬ માં જણાવેલ हंसायते પ્રમાણે થશે.

✡ **सुखादि શબ્દો** - सुख, दुःख, तृप्र, कृच्छ्र, अस्त्र, आस्र, अलीक, करुण, कृपण, सोढ અને प्रतीप આ અગ્યાર શબ્દો જ सुखादि ગણ છે.

✡ अस्त्र શબ્દ મધ્યમાવચૂરીમાં છે. બૃહદ્‌વૃત્તિમાં નથી.

✡ અવચૂરીમાં करुण શબ્દ છે અને બૃહદ્‌વૃત્તિમાં करण શબ્દ છે.

## शब्दादेः कृतौ वा । ३-४-३५

**અર્થ:-** કર્મવાચક शब्दादि નામથી કરવું અર્થમાં क्यङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) शब्दं करोति - शब्दायते = શબ્દ કરે છે. (સાદ દે છે.)

(૨) वैरं करोति - वैरायते = વૈર કરે છે. સાધનિકા ૩-૪-૨૬ માં જણાવેલ हंसायते પ્રમાણે થશે.

✡ ઉપરનાં સૂત્રોમાં વિકલ્પે પ્રત્યય થાય છે તેની અનુવૃત્તિ તો ચાલી આવતી હતી અને આ સૂત્રમાં ફરીથી वा શબ્દ મૂક્યો તે व्यवस्थितविभाषा અર્થમાં છે તેથી शब्द વિગેરે નામોને જ્યારે क्यङ् ન લાગે ત્યારે યથાપ્રાપ્ત णिज्... ૩-૪-૪૨ સૂત્ર લાગશે. દા.ત. शब्दं करोति - शब्दयति.

शब्द+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

शब्दि - त्रन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

शब्दि+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

शब्दि+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

शब्दे+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

शब्दयति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

એજ પ્રમાણે वैरं करोति - वैरयति.

✿ व्यवस्थितविभाषा - પ્રયોગને અનુરૂપ વિધિ પ્રતિષેધાદિ કાર્ય વિશેષે થાય તેને વ્યવસ્થિત વિભાષા કહેવાય છે.

✿ **शब्दादि** - शब्द, वैर, कलह, ओघ, वेग, युद्ध, अभ्र, कण्व, मम, मेघ, अट, अट्या, अटाट्या, सीका, सोका (सोटा-बृहद्वृत्तौ), कोटा, पोटा, पुष्टा (प्लुष्ट-बृहद्वृत्तौ), सुदिन, दुर्दिन અને नीहार વિગેરે शब्दादि ગણ છે.

## तपसः क्यन् । ३-४-३६

**અર્થ:-** કર્મવાચક तपस् નામથી કરવું અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) तपः करोति - तपस्यति = તપ કરે છે.

तपः+क्यन् - આ સૂત્રથી क्यन् પ્રત્યય.

तपस्य - ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિભક્તિનો લોપ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી तपस्यति થશે.

## नमो-वरिवश्चित्रङोऽर्चा-सेवाऽऽश्चर्ये । ३-४-३७

**અર્થ:-** કર્મવાચક नमस्, वरिवस् અને चित्रङ् (चित्र) નામથી અનુક્રમે અર્ચા (પૂજા) અર્થમાં, સેવા અર્થમાં અને આશ્ચર્ય અર્થમાં क्यन् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) नमः करोति - नमस्यति = નમસ્કાર કરે છે. સાધનિકા ૩-૪-૩૬ માં આપેલ तपस्यति પ્રમાણે થશે.

(૨) वरिवः करोति - वरिवस्यति = સેવા કરે છે. સાધનિકા ૩-૪-૩૬ માં આપેલ तपस्यति પ્રમાણે થશે.

(૩) चित्रं करोति - चित्रीयते = આશ્ચર્ય પમાડે છે.

चित्रं+य - આ સૂત્રથી क्यन् પ્રત્યય.

चित्रय - ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિભક્તિનો લોપ.

चित्रीय - क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી चित्रीयते થશે. चित्रङ् શબ્દમાં ङ् ઇત્ હોવાથી इङितः... ૩-૩-૨૨ થી આત્મનેપદ થયું છે.

✡ नमस्यति देवान् આ પ્રયોગમાં देव શબ્દને नमस् ના યોગમાં ચતુર્થી વિભક્તિ કેમ ન થઈ ? ન થાય કેમકે અવિવક્ષિત પ્રકૃતિ - પ્રત્યય ભેદવાળા નામધાતુઓ હોવાથી नमस् શબ્દ અનર્થક છે. કેમકે नमस् સાથે देव નો યોગ નથી પણ नमस्य સાથે યોગ છે. અથવા "उपपदविभक्तेः कारक विभक्तिः बलीयसी એ ન્યાયથી नमस्करोति देवान् આ વાક્યમાં પણ દ્વિતીયા વિભક્તિ થાય છે.

करोति નો नमस् શબ્દની સાથે સંબંધ હોવાથી અને देव શબ્દની સાથે સંબંધ ન હોવાથી नमस्करोति देवेभ्यः આવો પ્રયોગ (ચતુર્થી વિભક્તિ) ન થાય ? कस्मै नमस्करोति એ પ્રમાણે આકાંક્ષા થએ છતે देवेभ्यः એ પ્રમાણે સંબંધ ઘટી શકતો હોવાથી સંપ્રદાનમાં ચતુર્થી વિભક્તિ થઈ શકે.

## अङ्गान्निरसने णिङ् । ३-४-३८

**અર્થઃ-** કર્મવાચક એવા અંગવાચક નામથી નિરસન અર્થમાં (ત્યાગ અર્થમાં) णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) हस्तौ निरस्यति - हस्तयते = હાથને ફેંકે છે. (હઠાવે છે.)

हस्तौ+इ - આ સૂત્રથી णिङ् પ્રત્યય.

हस्त+इ - ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિભક્તિનો લોપ.

हस्ति - त्रन्त्य.... ૭-૪-૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

હવે પછીની સાધનિકા ૩-૩-૩૫ માં આપેલ शब्दयति પ્રમાણે થશે.

(૨) पादौ निरस्यति - पादयते = પગને ફેંકે છે. (હઠાવે છે.)

સાધનિકા ઉપર પ્રમાણે થશે. णिङ् પ્રત્યયમાં ङ् ઇત્ હોવાથી

इङितः.... ૩-૩-૨૨ થી આત્મનેપદ થયું છે.

✡ निरसन = ફેંકવું, હઠાવવું વિગેરે અર્થ થાય છે.

✡ रोमन्थाद्... ૩-૪-૩૨ સૂત્રથી કર્મની અનુવૃત્તિ ચાલુ છે તેથી અહીં પણ કર્મથી પર નિરસન અર્થમાં णिङ् પ્રત્યય થાય છે. પરન્તુ हस्तेन निरस्यति માં हस्त કર્મ નથી કરણ છે તેથી આ સૂત્રથી णिङ् પ્રત્યય નહીં થાય.

## पुच्छादुत्-परि-व्यसने । ३-४-३९

**અર્થઃ-** કર્મવાચક पुच्छ નામથી उदसन અર્થમાં, पर्यसन અર્થમાં, व्यसन અર્થમાં અને असन અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) पुच्छं उदस्यति - उत्पुच्छयते = પુંછડાંને ઊંચે ફેંકે છે.

(૨) पुच्छं पर्यस्यति - परिपुच्छयते = પુંછડાંને ચારે બાજુ ફેંકે છે.

(૩) पुच्छं व्यस्यति - विपुच्छयते = પુંછડાંને વિશેષે-વધારે ફેંકે છે.

(૪) पुच्छं अस्यति - पुच्छयते = પુંછડાંને ફેંકે છે.

સાધનિકા ૩-૪-૩૮ માં આપેલ हस्तयते પ્રમાણે થશે.

✡ उद् વિગેરે ઉપસર્ગોથી જ આ શબ્દનાં આવા અર્થો જણાય છે. ફેંકવું એટલે ઉલાળવું અર્થ છે.

## भाण्डात् समाचितौ । ३-४-४०

**અર્થઃ-** કર્મવાચક भाण्ड નામથી समाचिति (સંચય કરવો) અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) भाण्डानि समाचिनोति - सम्भाण्डयते = વાસણો ભેગા કરે છે.

(૨) भाण्डानि परिचिनोति - परिभाण्डयते = ચારે બાજુથી વાસણો ભેગા કરે છે. સાધનિકા ૩-૩-૩૮ માં આપેલ हस्तयते પ્રમાણે થશે.

✡ सम् અને परि ઉપસર્ગોથી જ समाचयन અર્થ દ્યોતિત થાય છે.

## चीवरात् परिधाना-ऽर्जने । ३-४-४१

**અર્થઃ-** કર્મવાચક चीवर નામથી परिधान (પહેરવું) અર્થમાં અને अर्जन (મેળવવું) અર્થમાં णिङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) चीवरं परिधत्ते - परिचीवरयते = કપડું પહેરે છે.

(૨) चीवरं समाच्छादयति - संचीवरयते = કપડું પહેરે છે.

(૩) चीवरं अर्जति - चीवरयते = કપડું મેળવે છે.

સાધનિકા ૩-૩-૩૮ માં આપેલ हस्तयते પ્રમાણે થશે.

## णिज्बहुलं नाम्नः कृगादिषु । ३-४-४२

**અર્થઃ**- कृग् વિગેરે ધાતુઓનાં અર્થમાં નામથી णिच् પ્રત્યય બહુલતાએ થાય છે.

**વિવેચન** - (૧) मुण्डं करोति - मुण्डयति छात्रम् = વિદ્યાર્થીને મુંડે છે.

(૨) पटुम् आचष्टे करोति वा - पटयति = હોંશિયારને કહે છે, કરે છે.

(૩) वृक्षं रोपयति - वृक्षयति = ઝાડને રોપે છે.

(૪) कृतं गृह्णाति - कृतयति = કરેલાંને (કરેલી વસ્તુને) ગ્રહણ કરે છે.

બધાની સાધનિકા ૩-૪-૩૫ માં આપેલ शब्दयति પ્રમાણે થશે.

## व्रताद् भुजि-तन्निवृत्त्योः । ३-४-४३

**અર્થઃ**- कृग् વિગેરે ધાતુઓનાં અર્થમાં ભોજનનો અર્થ ધરાવતાં અને ભોજનનો ત્યાગ કરવો એવો અર્થ ધરાવતાં व्रत નામથી णिच् પ્રત્યય બહુલતાએ થાય છે.

**વિવેચન** - व्रत = શાસ્ત્રમાં વિધાન કરાએલો જે નિયમ તે વ્રત કહેવાય છે.

(૧) पयोव्रतं करोति - पयः व्रतयति = દુધ જ પીવું એવું વ્રત કરે છે.

(૨) सावद्यान्नव्रतं करोति - सावद्यान्नं व्रतयति = સાવદ્ય (પાપકારી) અન્ન ન ખાવું એવું વ્રત કરે છે. સાધનિકા ૩-૪-૩૫ માં આપેલ शब्दयति પ્રમાણે થશે.

## सत्या-ऽर्थ-वेदस्याः । ३-४-४४

**અર્થઃ**- णिच् પ્રત્યયનાં યોગમાં सत्य, अर्थ અને वेद નામનાં અન્ત્ય સ્વરનો आ થાય છે.

**વિવેચન** - (૧) सत्यं करोति - सत्यापयति = સત્ય કરે છે.

सत्यं+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

सत्य+इ - ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિભક્તિનો લોપ.

सत्या+इ - આ સૂત્રથી अ નો आ.

सत्यापि - अर्ति री... ૪-૨-૨૧ થી णिच् ની પૂર્વે प् આગમ.

હવે પછીની સાધનિકા ૩-૪-૩૫ માં જણાવેલ शब्दयति પ્રમાણે થશે.

(૨) अर्थं करोति - अर्थापयति = અર્થ કરે છે.

(૩) वेदं आचष्टे - वेदापयति = વેદને કહે છે.

સાધનિકા सत्यापयति પ્રમાણે થશે.

✿ અહીં ત્રણે ઉદાહરણમાં आ કારનાં વિધાન સામર્થ્યથી त्रन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ નહીં થાય.

## श्वेताश्वा-ऽश्वतर-गालोडिता-ऽऽह्वरकस्याऽश्व-तरेतकलुक् । ३-४-४५

**अर्थः-** णिच् પ્રત્યયનાં યોગમાં श्वेताश्व શબ્દનાં अश्वनो, अश्वतर શબ્દનાં तरनो, गालोडित શબ્દનાં इतनो અને आह्वरक શબ્દનાં कनो લોપ થાય છે.

**વિવેચન** - (૧) श्वेताश्वं आचष्टे, श्वेताश्वं करोति, श्वेताश्वेन अतिक्रामति - श्वेतयति = શ્વેતાશ્વ શબ્દને કહે છે, શ્વેતાશ્વને કરે છે અને સફેદ ઘોડાવડે અતિક્રમણ કરે છે.

श्वेताश्वं+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

श्वेताश्व+इ - ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિગેરેનો લોપ.

श्वेत+इ - આ સૂત્રથી अश्व શબ્દનો લોપ.

श्वेति - त्रन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય સ્વરાદિનો લોપ.

હવે પછીની સાધનિકા शब्दयति પ્રમાણે થશે.

(૨) अश्वतरं आचष्टे करोति वा - अश्वयति = ઘોડાને કહે છે. સાધનિકા श्वेतयति પ્રમાણે થશે. અહીં तर શબ્દનો આ સૂત્રથી લોપ થવાથી अश्वि નામ ધાતુ બનશે.

(૩) गालोडितं करोति - गालोडयति = ગાયને ઘેરે છે. અથવા વલોણું કરે છે. સાધનિકા श्वेतयति પ્રમાણે થશે. અહીં इत શબ્દનો આ સૂત્રથી લોપ થવાથી गालोडि નામ ધાતુ બનશે.

(૪) आह्वरकं करोति - आह्वरयति = વાંકુ કરે છે. અથવા आह्वरक શબ્દ દેશવિશેષ હોવાથી "દેશને (દેશનાં લોકોને) કરે છે." આવો અર્થ પણ થાય છે. સાધનિકા श्वेतयति પ્રમાણે થશે. અહીં क શબ્દનો આ સૂત્રથી લોપ થવાથી आह्वरि નામ ધાતુ બનશે.

✿ गालोडित = ગાયનું લોડન કરે છે. (ગાયના પેટમાં હાથ નાંખીને ગાયનો માલિક ગાયની પ્રસુતિ વેળાની તકલીફને દૂર કરવા માટે જે કરે તેને લોડન કહેવાય છે.)

## धातोरनेकस्वरादाम् परोक्षायाः कृभ्वस्ति चानुतदन्तम् । ३-४-४६

**અર્થ:-** અનેકસ્વરી ધાતુથી પરોક્ષાનાં પ્રત્યયને સ્થાને आम् થાય છે. અને आम् અન્તવાળા ધાતુથી પરમાં પરોક્ષાના પ્રત્યય છે અન્તમાં જેના એવા कृ-भू અને अस् ધાતુનો (તરત જ પરમાં) અનુપ્રયોગ થાય છે.

**વિવેચન** - (૧) चकासाञ्चकार = દીપતું હતું - દેદીપ્યમાન થયું.

चकास्+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकास्+आम् - આ સૂત્રથી णव् ને સ્થાને आम्.

चकासाम्+कृ+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकासाम्+कृकृ+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

चकासाम्+ककृ+अ - ऋतोत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चकासाम्+चकृ+अ - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

चकासाम्+चकार - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

चकासाञ्चकार - म्नां धुड्... ૧-૩-૩૯ થી म् નો ञ्.

(૨) चकासाम्बभूव = દીપતું હતું અથવા દેદીપ્યમાન થયું.

चकास्+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकास्+आम् - આ સૂત્રથી णव् ને સ્થાને आम्.

चकासाम्+भू+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकासाम्+भूभू+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

चकासाम्+भभू+अ - भू-स्वपो... ૪-૧-૭૦ થી પૂર્વનાં ऊ નો अ.

चकासाम्+बभू+अ - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

चकासाम्+बभौ+अ - नामिनो... ૪-૩-૫૧ થી ऊ ની વૃદ્ધિ औ.

चकासाम्+बभाव - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

चकासाम्बभूव - भूवोव:... ૪-૨-૪૩ થી आ નો ऊ.

(૨) चकासामास = દીપતું હતું અથવા દેદીપ્યમાન થયું.

चकास्+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकास्+आम् - આ સૂત્રથી णव् ને સ્થાને आम्.

चकासाम्+अस्+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चकासाम्+अस् अस्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

चकासाम्+अअस्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં स् નો લોપ.

चकासाम्+आअस्+अ - अस्यादे... ૪-૧-૬૮ થી પૂર્વનાં अ નો आ.

चकासामास - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ.

चकासामास = અહીં आम् થી પર પરોક્ષા પ્રત્યયાન્ત अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે એવું વિધાન કરેલું હોવાથી अस्तिब्रुवो... ૪-૪-૧ સૂત્રથી अस् ધાતુનો भू આદેશ થતો નથી.

**अनेकस्वरादिति किम् ?** पपाच = રાંધ્યું.

पच्+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

पच्पच्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

पपच्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં च् નો લોપ.

पपाच - ञ्णिति... ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

અહીં णव् પ્રત્યયને સ્થાને આ સૂત્રથી आम् પ્રત્યય થતો નથી કારણ કે ધાતુ એકસ્વરી છે. અનેકસ્વરી નથી.

✿ पपाच માં દ્વિર્વચન કરાયા પછી તો ધાતુ અનેકસ્વરી થાય છે તો आम् કેમ નથી થતો ? ન જ થાય કેમકે અહીં ધાતુ અનેકસ્વરી નથી પણ પરોક્ષાનિમિત્તે દ્વિત્વ થઈને અનેકસ્વરી થએલો છે તેથી सन्निपात... ન્યાયથી आम् ન થાય. णव् પ્રત્યયને આશ્રયીને થયેલો દ્વિર્ભાવ અનેક સ્વરવાળો હોવા છતાં પણ णव् પ્રત્યયનો ઘાત ન કરી શકે.

અથવા સૂત્રમાં જ અનેક સ્વરવાળા ધાતુથી પરોક્ષાનાં સ્થાનમાં જ आम् નું વિધાન કહેલું હોવાથી પણ અહીં आम् ન થાય.

✡ अनु-विपर्यास-व्यवहितनिवृत्यर्थः - આ સૂત્રમાં अनुतदन्तम् આ પ્રમાણે જે अनु નું ગ્રહણ છે. તે आम् પ્રત્યયાન્ત ધાતુથી પરમાં પરોક્ષા પ્રત્યયાન્ત कृ-भू અને अस् ધાતુનાં પ્રયોગમાં વિપર્યાસ ન થાય અને आम् અને ધાતુની વચ્ચે બીજા કોઈનું વ્યવધાન ન રહે તે માટે છે. જેમ કે चकासाञ्चकार ને બદલે चकारचकासाम् આવો વિપર્યાસ अनु લખવાથી નહીં થાય. અને चैत्रः ईहाञ्चक्रे ને બદલે ईहांचैत्रश्चक्रे આવો વ્યવહિત (વચ્ચે) પ્રયોગ अनु લખવાથી નહીં થાય.

✡ अनु અને ધાતુની વચ્ચે કોઈ વ્યવધાન હોય તો પ્રયોગ ન થાય પણ ઉપસર્ગ એ ધાતુનો જ એક ભાગ છે તેથી आम् ની પછી જો ઉપસર્ગ હોય તો તે ઉપસર્ગ પછી कृ વિગેરેનાં રૂપો જોડાય છે તેથી उक्षांप्रचक्रुः नगरस्य मार्गान् = નગરનાં માર્ગોને સ્વચ્છ કર્યા. આ પ્રમાણે પ્રયોગ થઈ શકે છે.

## दया-ऽया-ऽऽस्-कासः । ३-४-४७

**અર્થઃ-** दय्, अय्, आस् અને कास् ધાતુથી પરોક્ષાનાં સ્થાને आम् થાય છે. અને आम् અન્તવાળા ધાતુથી પરમાં પરોક્ષાનાં પ્રત્યય છે અન્તમાં જેને એવા कृ-भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**વિવેચન -** (૧) दयाञ्चक्रे = દયા કરી. दयि - दानगतिहिंसा दहनेषु च (૭૯૯)

दय्+ए - णव् अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

दय्+आम् - આ સૂત્રથી ए ને સ્થાને आम्.

दयाम्+कृ+ए - णव् अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

दयाम्+कृकृ+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

दयाम्+ककृ+ए - ऋतोत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

दयाम्+चकृ+ए - कङश्चञ् ૪-૧-૪૬ થી क् નો च्.

दयाम्+चक्रे - इवर्णादे... ૧-૨-૨૧ થી ऋ નો र्.

दयाञ्चक्रे - म्नां धुड्.... ૧-૩-૩૯ થી म् નો ञ्.

(૨) दयाम्बभूव = દયા કરી. સાધનિકા ૩-૩-૪૬ માં કહેલ चकासाम्बभूव પ્રમાણે થશે.

(૩) दयामास = દયા કરી. સાધનિકા ૩-૩-૪૬ માં કહેલ चकासामास પ્રમાણે થશે.

(૪) पलायाञ्चक्रे = ભાગી ગયો. अयिगतौ (૭૯૦) સાધનિકા ઉપર કહેલ दयाञ्चक्रे પ્રમાણે થશે. परा+अय् અહીં उपसर्ग... ૨-૩-૧૦૦ થી र् નો ल् થશે.

(૫) आसाञ्चक्रे = તે બેઠો. आसिक् - उपवेशने (૧૧૧૯) સાધનિકા दयाञ्चक्रे પ્રમાણે થશે.

(૫) कासाञ्चक्रे = ખાંસી ખાધી, સુશોભિત થયું. कासृङ् - शब्दकुत्सायाम् (૮૪૫) સાધનિકા दयाञ्चक्रे પ્રમાણે થશે.

એ જ પ્રમાણે - पलायाम्बभूव, पलायामास, आसाम्बभूव, आसामास, कासाम्बभूव અને कासामास રૂપો પણ થશે.

## गुरुनाम्यादेरनृच्छूर्णोः । ३-४-४८

**अर्थः**- ऋच्छ् અને ऊर्णु ધાતુને વર્જીને ગુરુનામી આદિમાં છે જેને એવા ધાતુથી પરોક્ષાનાં સ્થાને आम् થાય છે. અને आम् અન્તવાળા ધાતુથી પરમાં પરોક્ષાનાં પ્રત્યય છે અન્તમાં જેને એવા कृ-भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**विवेचन** - (૧) ईहाञ्चक्रे = ચેષ્ટા કરી, ઈચ્છ્યું, ઉદ્યમ કર્યો. इहि - चेष्टायाम् (૮૫૭) સાધનિકા ૩-૪-૪૭ માં આપેલ दयाञ्चक्रे પ્રમાણે થશે.

(૨) ईहाम्बभूव, ईहामास = ચેષ્ટા કરી. સાધનિકા ૩-૪-૪૬ માં આપેલ चकासाम्बभूव, चकासामास પ્રમાણે થશે.

**गुर्विति किम् ?** इयेष = ઇચ્છા કરી. इषत्-इच्छायाम् (૧૪૧૯)

इष्+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

इष्इष्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

इइष्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ष् નો લોપ.

इएष्+अ - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

इयेष - पूर्वस्या... ૪-૧-૩૭ થી પૂર્વનાં इ નો इय्.

અહીં નામી સ્વર આદિમાં છે પણ ગુરુ નામી સ્વર નથી માટે આ સૂત્રથી णव् ને સ્થાને आम् થયો નથી.

**नामीति किम् ?** आनर्च = પૂજા કરી. अर्च-पूजायाम्. (૧૦૪)

अर्च्+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

अर्च् अर्च्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अअर्च्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં र् અને च् નો લોપ.

आनर्च - अनातो... ૪-૧-૬૯ થી પૂર્વનાં अ નો आ અને न् નો આગમ.

અહીં આદિમાં નામી સ્વર જ નથી તેથી આ સૂત્રથી णव् ને સ્થાને आम् થયો નથી.

**आदीति किम् ?** निनाय = લઈ ગયો. णींग्-प्रापणे (૮૮૪)

नी+णव् - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

नीनी+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

नीनै+अ - नामिनो... ૪-૩-૫૧ થી ई ની વૃદ્ધિ ऐ.

निनै+अ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો ई હ્રસ્વ.

निनाय - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

અહીં ગુરુ નામી સ્વર છે પણ આદિમાં નથી આદિમાં તો न् છે તેથી આ સૂત્રથી णव् ને સ્થાને आम् થયો નથી.

**अनृच्छूर्णोरिति किम् ?** आनर्च्छ = ઇન્દ્રિયો ખોટી પડી ગઈ, ગયો. ऋच्छत् - इन्द्रियप्रलय-मूर्तिभावयोः (૧૩૪૨) સાધનિકા आनर्च પ્રમાણે થશે. પણ ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ અને ऋच्छ् ધાતુનાં ऋ નો ગુણ ૪-૩-૮ થી થશે. ऋच्छ् ધાતુનું સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી णव् ને સ્થાને आम् થયો નથી.

(૨) प्रोर्णुनाव = ઢાંક્યું. ऊर्णुग्क् - आच्छादने (૧૧૨૩) સાધનિકા પ્રથમ ભાગમાં ૧-૩-૩૧ સૂત્રમાં કરેલી છે. ऊर्णु ધાતુ પણ ગુરુનામી છે પણ સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી णव् ને સ્થાને आम् થયો નથી.

## जागृष-समिन्धेर्नवा । ३-४-४९

**अर्थः**- जागृ, उष् અને सम्+इन्ध् ધાતુથી પરોક્ષાનાં સ્થાને आम् વિકલ્પે થાય છે. અને आम् અન્તવાળા ધાતુથી પરમાં પરોક્ષાનાં પ્રત્યય છે અન્તમાં જેને એવા कृ-भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**વિવેચન** - (૧) जागराञ्चकार, जागराम्बभूव, जागरामास = જાગ્યો.

जागृक्- निद्राक्षये (૧૦૯૩) સાધનિકા ૩-૪-૪૬ માં આપેલ चकासाञ्चकार-बभूव-मास પ્રમાણે થશે. વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે जजागार = જાગ્યો.

जागृ+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

जाजागृ+अ - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

जजागृ+अ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जजागार - जागु... ૪-૩-૫૨ થી ऋ ની વૃદ્ધિ आर्.

(૨) ओषाञ्चकार, ओषाम्बभूव, ओषामास = બળ્યું, દાઝી ગયું.

उषू - दाहे (૫૨૯) સાધનિકા ૩-૪-૪૬ માં આપેલ चकासाञ्चकार-बभूव-मास પ્રમાણે થશે. વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે उवोष = બળ્યો. સાધનિકા ૩-૪-૪૮ માં જણાવેલ इयेष પ્રમાણે થશે.

(૩) समिन्धाञ्चक्रे, समिन्धाम्बभूव, समिन्धामास = પ્રકાશ્યું. સાધનિકા ૩-૪-૪૭ માં આપેલ दयाञ्चक्रे-बभूव-मास પ્રમાણે થશે. વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે समीधे = પ્રકાશ્યું.

सम्+इन्ध्+ए - णव् अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

सम्+इन्धइन्ध्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सम्+इइन्ध्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં न्ध् નો લોપ.

सम्+ईन्ध्+ए - समानानां.... ૧-૨-૧ થી इ+इ = ई.

समीधे - नोव्यञ्जन..... ૪-૨-૪૫ થી न् નો લોપ.

## भी-ह्री-भृ-होस्तिव्वत् । ३-४-५०

**અર્થઃ**- भी, ह्री, भृ અને हु ધાતુથી પરોક્ષાનાં સ્થાને आम् વિકલ્પે થાય છે. અને તે आम् तिव् જેવો થાય છે. અને आम् અન્તવાળા ધાતુથી પરમાં

પરોક્ષાનાં પ્રત્યય છે અન્તમાં જેને એવા कृ-भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**વિવેચન** - तिव्वत् = વર્તમાનકાળનાં तिव् પ્રત્યય જેવો થાય છે. એટલે हवः शिति ૪-૧-૧૨ વિગેરે સૂત્રો લાગશે.

(૧) बिभयाञ्चकार, बिभयाम्बभूव, बिभयामास = ભય પામ્યો. ञिभींक् - भये (૧૧૩૨)

भी+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

भी+आम् - આ સૂત્રથી णव् ને સ્થાને आम् અને તે तिव्वत्.

भीभी+आम् - हवःशिति ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

बीभी+आम् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बिभी+आम् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

बिभे+आम् - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए.

बिभयाम् - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

હવે પછીની સાધનિકા ૩-૪-૪૬ માં આપેલ चकासाञ्चकार, बभूवमास પ્રમાણે થશે. વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે बिभाय = ભય પામ્યો. સાધનિકા ૩-૪-૪૮ માં આપેલ निनाय પ્રમાણે થશે. પણ भ् નો ब् द्वितीय... ૪-૧-૪૨ થી થશે.

(૨) जिह्रयाञ्चकार, जिह्रयाम्बभूव, जिह्रयामास = લજ્જા પામ્યો. ह्रींक् - लज्जायाम् (૧૧૩૩) સાધનિકા बिभयाञ्चकार પ્રમાણે થશે. પણ ધાતુ દ્વિત્વ થયા પછી गहो-र्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज् થશે. વિકલ્પ પક્ષે आम् ન થાય ત્યારે जिह्राय = લજ્જા પામ્યો. સાધનિકા ૩-૪-૪૮ માં આપેલ निनाय પ્રમાણે થશે. પણ ह् નો ज् गहो-र्जः ૪-૧-૪૦ થી થશે.

(૩) बिभराञ्चकार, बिभराम्बभूव, बिभरामास = પોષણ કર્યું. डुभृंग्क्-पोषणधारणे च (૧૧૪૦) સાધનિકા बिभयाञ्चकार પ્રમાણે થશે. પણ ધાતુ દ્વિત્વ થયા પછી ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ અને पृ-भृ... ૪-૧-૫૮ થી अ નો इ થશે. વિકલ્પ પક્ષે आम् ન થાય ત્યારે बभार = પોષણ કર્યું. સાધનિકા ૩-૪-૪૮ માં આપેલ निनाय પ્રમાણે થશે. પણ દ્વિત્વ થયા પછી द्वितीय... ૪-૧-૪૨ થી, પૂર્વનાં भ् નો ब्,

ऋतोऽत् ४-१-३८ થી ऋ નો अ અને नामिनो... ४-३-५१ થી ऋ ની વૃદ્ધિ आर् થશે. અહીં પૂર્વનાં अ નો इ આદેશ નહીં થાય કેમકે आम् તિવ્ જેવો થાય છે માટે ૪-૧-૫૮ સૂત્ર લાગ્યું પણ णव् तिव् જેવો નથી થતો માટે अ નો इ આદેશ बभार માં ન થયો.

(૪) जुहवाञ्चकार, जुहवाम्बभूव, जुहवामास = દાન દીધું, ખાધું हुंक्-दानाऽदनयोः (૧૧૩૦) સાધનિકા बिभयाञ्चकार પ્રમાણે થશે. પણ ધાતુ દ્વિત્વ થયા પછી गहोर्जः ४-१-४० થી પૂર્વનાં ह् નો ज् થશે. उ નો ગુણ ओ અને ओ નો अव् થશે. વિકલ્પ પક્ષે आम् ન થાય ત્યારે जुहाव = દાન દીધું, ખાધું. સાધનિકા ૩-૪-૪૮ માં આપેલ निनाय પ્રમાણે થશે. પણ દ્વિત્વ થયા પછી गहोर्जः ४-१-४० થી ह् નો ज् થશે. नामिनो... ४-३-५१ થી उ ની વૃદ્ધિ औ થશે. અને औ નો आव् થશે.

## वेत्तेः कित् । ३-४-५१

**અર્થઃ-** विद् ધાતુથી પરોક્ષાનાં સ્થાને आम् વિકલ્પે થાય છે. અને તે आम् कित् થાય છે. અને आम् અન્તવાળા विद् ધાતુથી પર પરોક્ષાનાં પ્રત્યય છે અન્તમાં જેને એવા कृ-भू અને अस् ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**વિવેચન :-** विदाञ्चकार, विदाम्बभूव, विदामास = જાણ્યું. विदक्-ज्ञाने (૧૦૯૮) સાધનિકા ૩-૪-૪૬ માં આપેલ चकासाञ्चकार-बभूव-मास પ્રમાણે થશે. આ સૂત્રથી आम् कित् થાય છે તેથી विद् ધાતુનો ગુણ નહીં થાય. વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે विवेद = જાણ્યું.

विद्+अ - णव् अतुस्... ३-३-१२ થી णव् પ્રત્યય.

विद्विद्+अ - द्विर्धातुः.... ४-१-१ થી ધાતુ દ્વિત્વ.

विविद्+अ - व्यञ्जन... ४-१-४४ થી પૂર્વનાં द् નો લોપ.

विवेद - लघोरु... ४-१-४ થી इ નો ગુણ ए.

✿ "वेत्तेरवित्" એ પ્રમાણે સૂત્ર બનાવ્યું હોત તો इन्ध्य... ४-३-२१ થી आम् નો સ્થાનિવદ્ભાવ થવાથી કિત્વ સિદ્ધ જ છે છતાં પણ विद् ધાતુથી कित् થાય છે એ પ્રમાણેનાં વિધાન સામર્થ્યથી જ પરોક્ષાવદ્ભાવની નિવૃત્તિ જણાવવી છે તેથી કિત્ કાર્ય થવાથી ગુણ નહીં થાય અને સ્થાનિવદ્ભાવનાં અભાવથી દ્વિરુક્તિ નહીં થાય.

✿ वेवेदाञ्चकार — સૂત્રમાં वेत्तेः એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં आम् ङिद्वत् થતો નથી. તેથી विद् ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ ए થયો છે. न वृद्धि... ૪-૩-૧૧ સૂત્ર કોઈ અહીં લગાડે તો ન લાગી શકે કેમ કે आम् અવિત્ છે અને તે आम् यङ् પ્રત્યયનાં લોપમાં નિમિત્ત બન્યો નથી. તેથી न वृद्धि... ૪-૩-૧૧ થી ગુણ-વૃદ્ધિનો નિષેધ ન થવાથી वेवेदाञ्चकार પ્રયોગ થયો છે.

## पञ्चम्याः कृग् । ३-४-५२

**અર્થ:-** विद् ધાતુથી પર રહેલાં પંચમીનાં (આજ્ઞાર્થનાં) સ્થાને आम् વિકલ્પે થાય છે અને તે कित् થાય છે. અને आम् અન્તવાળા विद् ધાતુથી પર પંચમ્યન્ત कृ ધાતુનો અનુપ્રયોગ થાય છે.

**વિવેચન :-** विदाङ्करोतु = તે જાણે. विदक्-ज्ञाने (૧૦૯૯)

विद्+तु - तुव् ताम्... ૩-૩-૮ થી तुव् પ્રત્યય.

विद्+आम् - આ સૂત્રથી तुव् નાં સ્થાને आम्.

विदाम्+कृ+तु - तुव् ताम्... ૩-૩-૮ થી तुव् પ્રત્યય.

विदाम्+कृ+उ+तु - कृग्.... ૩-૪-૮૩ થી उ પ્રત્યય.

विदाम्+कर्+उ+तु - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

विदाम्+कर्+ओ+तु - उश्नोः ૪-૩-૨ થી उ નો ગુણ ओ.

विदाङ्करोतु - म्नां.... ૧-૩-૩૯ થી म् નો ङ्

વિકલ્પપક્ષે आम् ન થાય ત્યારે वेत्तु = તે જાણે.

विद्+तु - तुव् ताम्... ૩-૩-૮ થી तुव् પ્રત્યય.

वेद्+तु - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

वेत्तु - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

✿ સૂત્રમાં कृग् નું ગ્રહણ કર્યું છે તેથી भू અને अस् ધાતુની નિવૃત્તિ થઈ જાય છે.

## सिजद्यतन्याम् । ३-४-५३

**અર્થ:-** અદ્યતની પ્રત્યય પરમાં હોય તો ધાતુથી પર सिच् પ્રત્યય નિત્ય થાય છે.

**વિવેચન** :- अनैषीत् = લઈ ગયો. णींग्-प्रापणे (૮૮૪)

नी+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

नी+स्+द् - આ સૂત્રથી सिच् પ્રત્યય.

नै+स्+द् - सिचि परस्मै.... ૪-૩-૪૪ થી ई ની વૃદ્ધિ ऐ.

अनैस्+द् - अड्धातो.... ૪-૪-૨૯ થી अट् આગમ.

अनैष्+द् - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

अनैषीद् - सःसिज... ૪-૩-૬૫ થી द् ની પૂર્વે ईत् આગમ.

अनैषीत् - विरामेवा ૧-૩-૫૧ થી द् નો त्.

✡ सिच् પ્રત્યયમાં इકાર અને चકાર વિશેષણાર્થ માટે છે. એટલે જો માત્ર सि કરે અને च् અનુબંધ ન કરે તો हनःसिच् ૪-૩-૩૮ વિગેરે સૂત્રોમાં सि એ પ્રમાણે સૂત્ર કરે તો વર્તમાના દ્વિતીય પુરૂષ એકવચનનો सि પ્રત્યય માનવાનો પ્રસંગ આવે અને જો માત્ર स् કરે તો કોઈપણ સકારાદિ પ્રત્યય માનવાનો પ્રસંગ આવે માટે सिच् એ પ્રમાણે સૂત્રમાં ગ્રહણ કર્યું છે.

✡ आम् ની નિવૃત્તિ થવાથી તત્સંબદ્ધ वा ની પણ નિવૃત્તિ થઈ છે.

## स्पृश-मृश-कृष-तृप-दृपो वा । ३-४-५४

**અર્થ**:- અદ્યતની પ્રત્યય પરમાં હોતે છતે स्पृश्, मृश्, कृष्, तृप् અને दृप् ધાતુથી सिच् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** :- (૧) अस्प्राक्षीत्, अस्पार्क्षीत्, अस्पृक्षत् = તેણે સ્પર્શ કર્યો.

स्पृशंत्-संस्पर्शे (૧૪૧૨)

स्पृश्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

स्पृश्+स्+द् - આ સૂત્રથી सिच् પ્રત્યય વિકલ્પે.

अस्पृश्+स्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अस्पृअश्+स्+द् - स्पृशादि... ૪-૪-૧૧૨ થી ऋ થી પરમાં अ.

अस्प्रश्+स्+द् - इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्.

अस्प्राश्+स्+द् - व्यञ्जना... ૪-૩-૪૫ થી अ ની વૃદ્ધિ आ.

अस्राष्+स्+द् - यजसृज... २-१-८७ थी श् नो ष्.

अस्राक्+स्+द् - षढोः... २-१-६२ थी ष् नो क्

अस्राक्+स्+ई+द् - सः सिज... ४-३-६५ थी द् नी पूर्वे ईत् આગમ.

अस्राक्+षीद् - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

अस्राक्षीत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

✡ अस्पृश्+स्+द् સુધી ઉપર પ્રમાણે થશે.

अस्पृश्+सीद् - सः सिज... ४-३-६५ थी द् नी पूर्वे ईत् આગમ.

अस्पार्श्+सीद् - व्यञ्जना... ४-३-४५ थी ऋ नी वृद्धि आर्.

अस्पार्ष्+सीद् - यजसृज... २-१-८७ थी श् नो ष्.

अस्पार्क्+सीद् - षढोः... २-१-६२ थी ष् नो क्

अस्पार्क्+षीद् - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

अस्पार्क्षीत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

स्पृश् ધાતુનાં ऋ ની પછી स्पृशादि... ૪-૪-૧૧૨ થી अ નો આગમ વિકલ્પે થતો હોવાથી અહીં अ નો આગમ નથી થયો.

✡ सिच् પ્રત્યય વિકલ્પે થાય છે. सिच् ન થાય ત્યારે सक् પ્રત્યય.

स्पृश्+द् - दि-ताम्... ३-३-११ थी दि પ્રત્યય.

अस्पृश्+द् - अड् धातो... ४-४-२९ थी अट् આગમ.

अस्पृश्+स+द् - ह-शियो... ३-४-५५ थी सक् પ્રત્યય.

अस्पृष्+स+द् - यजसृज... २-१-८७ थी श् नो ष्.

अस्पृक्+स+द् - षढोः... २-१-६२ थी ष् नो क्

अस्पृक्+षद् - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

अस्पृक्षत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

(૨) मृश्-अम्राक्षीत् = વિચાર કર્યો. मृंशत्-आमर्शने (૧૪૧૬) સાધનિકા अस्राक्षीत् પ્રમાણે થશે.

✡ अमार्क्षीत् = વિચાર કર્યો. સાધનિકા अस्पार्क्षीत् પ્રમાણે થશે.

✡ अमृक्षत् = વિચાર કર્યો. સાધનિકા अस्पृक्षत् પ્રમાણે થશે.

(૩) कृष्-अक्राक्षीत् = તેણે ખેડ્યું. कृषींत्-विलेखने (૧૩૧૯) સાધનિકા अस्प्राक्षीत् પ્રમાણે થશે.

✡ अकार्क्षीत् = તેણે ખેડ્યું. સાધનિકા अस्पार्क्षीत् પ્રમાણે થશે.

✡ अकृक्षत् = તેણે ખેડ્યું. સાધનિકા अस्पृक्षत् પ્રમાણે થશે.

(૪) तृप् - अत्राप्सीत् = તેણે પ્રીતિ કરી. तृपौच्-प्रीतौ (૧૧૮૯)

तृप्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अतृप्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अतृप्+स्+द् - આ સૂત્રથી सिच् વિકલ્પે.

अतृप्+सीद् - सः सिज... ૪-૩-૬૫ થી द् ની પૂર્વે ईत् આગમ.

अतृप्+सीत् - विरामेवा ૧-૩-૫૧ થી द् નો त्

अतृअप्+सीत् - स्पृशादि... ૪-૪-૧૧૨ થી ऋ થી પરમાં अ.

अत्रप्+सीत् - इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्

अत्राप्सीत् - व्यञ्जना... ૪-૩-૪૫ થી अ ની વૃદ્ધિ आ.

✡ अतार्प्सीत् = તેણે પ્રીતિ કરી.

अतृप्+सीत् સુધી ઉપર પ્રમાણે થશે.

अतार्प्सीत् - व्यञ्जना... ૪-૩-૪૫ થી ऋ ની વૃદ્ધિ आर्

तृप् ધાતુનાં ऋ ની પછી स्पृशादि... ૪-૪-૧૧૨ થી अ નો આગમ વિકલ્પે થતો હોવાથી અહીં अ નો આગમ થયો નથી.

✡ सिच् પ્રત્યય વિકલ્પે થાય છે सिच् ન થાય ત્યારે अङ् પ્રત્યય.

अतृपत् = તેણે પ્રીતિ કરી.

तृप्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अतृप्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अतृप्+अ+द् - लृदिद्... ૪-૩-૬૪ થી अङ् પ્રત્યય.

अतृपत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૫) दृप्-अद्राप्सीत् = તેણે હર્ષ વ્યક્ત કર્યો અથવા ગર્વ કર્યો. दृपौच्-हर्ष-मोहनयोः (૧૧૯૦) સાધનિકા अत्राप्सीत् પ્રમાણે થશે.

✿ अदार्प्सीत् = તેણે હર્ષ વ્યક્ત કર્યો. સાધનિકા अतार्प्सीत् પ્રમાણે થશે.

✿ अदृपत् = તેણે હર્ષ વ્યક્ત કર્યો. સાધનિકા अतृपत् પ્રમાણે થશે.

### ह-शिटो नाम्युपान्त्याददृशोऽनिटः सक् । ३-४-५५

**અર્થઃ-** અદ્યતની પ્રત્યય પરમાં હોતે છતે दृश् ધાતુને વર્જીને ह् અને शिट् અન્તે છે જેને અને નામી સ્વર ઉપાન્ત્યમાં છે જેને એવા અનિટ્ ધાતુથી सक् પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) अधुक्षत् = તેણે દોહ્યું. दुहींक्-क्षरणे (૧૧૨૭)

दुह्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अदुह्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अदुह्+स+द् - આ સૂત્રથી सक् પ્રત્યય.

अदुढ्+स+द् - हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

अधुढ्+स+द् - ग-ड-द-बादे... ૨-૧-૭૭ થી द् નો ध्.

अधुक्+स+द् - षढोः... ૨-૧-૬૨ થી ष् નો क्.

अधुक्+षद् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

अधुक्षत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

दुह् ધાતુમાં ह् અન્તે છે, નામી સ્વર उ ઉપાન્ત્યમાં છે અને અનિટ્ ધાતુ છે તેથી આ સૂત્રથી सक् પ્રત્યય લાગ્યો.

(૨) अविक्षत् = તેણે પ્રવેશ કર્યો. विशंत्-प्रवेशने (૧૪૧૫)

સાધનિકા ૩-૪-૫૪ માં બતાવેલ अस्पृक्षत् પ્રમાણે થશે.

✿ એજ પ્રમાણે लिह् ધાતુનું अलिक्षत् થશે. સાધનિકા अधुक्षत् પ્રમાણે થશે. लिश् ધાતુનું अलिक्षत् થશે. સાધનિકા अस्पृक्षत् પ્રમાણે થશે. द्विष् ધાતુનું अद्विक्षत् થશે.

**ह-शिट इति किम् ?** अभैत्सीत् = તેણે ભેદ્યું. भिदृंपी-विदारणे (૧૪૭૭) સાધનિકા ૩-૪-૫૩ માં બતાવેલ अनैषीत् પ્રમાણે થશે પરન્તુ भिद् ધાતુનાં ઉપાન્ત્ય इ ની વૃદ્ધિ व्यञ्जना... ૪-૩-૪૫ થી થશે. અને अघोषे... ૧-૩-૫૦ થી भिद् ધાતુના द् નો त् થશે. અહીં भिद् ધાતુ અનિટ્ છે નામી સ્વર ઉપાન્ત્યમાં છે પણ અન્તે ह् કે शिट् નથી

તેથી આ સૂત્રથી सक् પ્રત્યય ન થતાં सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

**नाम्युपान्त्यादिति किम्?** अधाक्षीत्=તેણે બાળ્યું. दहं-भस्मीकरणे (૫૫૨)

दह्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अदह्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अदह्+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अदह्+सीद् - सःसिज... ૪-૩-૬૫ થી द् ની પૂર્વે ईत् આગમ.

अदह्+सीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

अदाह्+सीत् - व्यञ्जना... ૪-૩-૪૫ થી अ ની વૃદ્ધિ आ.

अदाढ्+सीत् - हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

अधाढ्+सीत् - ग-ड-द... ૨-૧-૭૭ થી द् નો ध्.

अधाक्+सीत् - षढोः... ૨-૧-૬૨ થી ढ् નો क्.

अधाक्+षीत् = अधाक्षीत् - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

दह् ધાતુ અનિટ્ છે, ह् અન્તે છે પણ ઉપાન્ત્યમાં નામી સ્વર નથી તેથી આ સૂત્રથી सक् પ્રત્યય ન થતાં सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

**अदृश इति किम् ?** अद्राक्षीत् = તેણે જોયું. दृशृं-प्रेक्षणे (૪૯૫) સાધનિકા ૩-૪-૫૪ માં બતાવેલ अस्प्राक्षीत् પ્રમાણે થશે. दृश् માં सक् પ્રત્યય થવાનો સંભવ હતો પણ સૂત્રમાં તેનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી सक् પ્રત્યય ન થતાં सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

**अनिट इति किम् ?** अकोषीत् = નીચોવ્યું, બહાર કાઢ્યું.

कुषश् - निष्कर्षे (૧૫૬૫)

कुष्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अकुष्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकुष्+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अकुष्+स्+ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી द् ની પૂર્વે ईत् આગમ.

अकुष्-इ-सीद् - स्ताद्य... ४-४-३२ थी सिच् नी पूर्वे इट् આગમ.

अकोष्+इ-सीद् - लघोरु... ४-३-४ थी उ नो ગુણ ओ.

अकोष्+इ+ईद् - इटईति ४-३-७१ થી सिच् નો લોપ.

अकोषीद् - समानानां... १-२-१ थी इ+ई = ई.

अकोषीत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

અહીં कुष् ધાતુમાં शिट् અન્તે છે અને નામી સ્વર ઉપાન્ત્યમાં છે પણ ધાતુ અનિટ્ નથી સેટ્ છે તેથી આ સૂત્રથી सक् પ્રત્યય ન લાગતાં सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

## श्लिषः । ३-४-५६

**અર્થ:-** અદ્યતની પ્રત્યય પરમાં હોતે છતે અનિટ્ श्लिष् ધાતુથી सक् પ્રત્યય થાય છે.

**વિવેચન :-** आश्लिक्षत् कन्यां मैत्रः = મૈત્રે કન્યાને આલિંગન કર્યું.

श्लिषंच् - आलिङ्गने (१२१०)

आश्लिष्+द् - दि-ताम्... ३-३-११ थी दि प्रत्यय.

आ+अश्लिष्+द् - अड् धातो... ४-४-२९ थी अट् આગમ.

आश्लिष्+द् - समानानां... १-२-१ थी आ+अ = आ.

आश्लिष्+स+द् - આ સૂત્રથી सक् પ્રત્યય.

आश्लिक्+सद् - षढोः... २-१-६२ थी ष् नो क्.

आश्लिक्+षद् - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

आश्लिक्षत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

**अनिट इत्येव** - अश्लेषीत् = તેણે બાળ્યું. श्लिषू-दाहे (५३१) અહીં श्लिष् ધાતુ સેટ્ છે તેથી આ સૂત્રથી सक् પ્રત્યય ન લાગતાં सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય લાગ્યો છે. સાધનિકા ૩-૪-૫૫ માં બતાવેલ अकोषीत् પ્રમાણે થશે.

हशिटो... ૩-૪-૫૫ સૂત્રથી श्लिष् ધાતુને सक् પ્રત્યયની પ્રાપ્તિ હતી છતાં પણ श्लिषः ૩-૪-૫૬ સૂત્ર બનાવ્યું તેથી ફલિત થાય છે કે પરસૂત્ર लृदित्... ૩-૪-૬૪ થી पुष्यादि માં श्लिष् ધાતુ હોવાથી अङ् પ્રત્યય

થવો જોઈએ. પણ તેનો બાધ કરીને આ સૂત્રથી सक् પ્રત્યય જ કરવો.

## नाऽसत्त्वाऽऽश्लेषे । ३-४-५७

**અર્થ:-** અદ્યતની પ્રત્યય પરમાં હોતે છતે અસત્ત્વ = અપ્રાણીનું ભેટવું એવા અર્થમાં વર્તતાં आश्लिष् ધાતુથી सक् પ્રત્યય થતો નથી.

**વિવેચન :-** उपाश्लिषत् जतु च काष्ठं च = લાખ અને લાકડું ચોંટ્યાં.

उप+आश्लिष्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

उप+आ+अश्लिष्+द् - अड् धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

उपाश्लिष्+द् - समानानां... ૧-૨-૧ થી अ+आ+अ=आ.

उपाश्लिष्+अ+द् - लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય.

उपाश्लिषत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

**असत्त्वाऽऽश्लेष इति किम् ?** व्यत्यश्लिक्षन्त मिथुनानि = મિથુનોએ પરસ્પર આલિંગન કર્યું. અહીં પ્રાણીઓનો આશ્લેષ હોવાથી આ સૂત્રથી सक् પ્રત્યય ન થતાં श्लिषः ૩-૪-૫૬ થી सक् પ્રત્યય થયો છે. સાધનિકા ૩-૪-૫૬ માં બતાવેલ आश्लिक्षत् પ્રમાણે થશે. અહીં ૩-૩-૧૧ થી આત્મનેપદનો अन्त પ્રત્યય લાગશે.

✿ "असत्त्वाश्लेषे श्लिषः" આવું સૂત્ર બનાવવાથી બંને સૂત્ર ભેગા થઈ શકે છતાં સૂત્ર જુદા બનાવ્યા તેથી એમ સમજવું કે श्लिषः ૩-૪-૫૬ થી પ્રાપ્ત सक् નો આ સૂત્રથી નિષેધ થવાથી હવે हशिटो... ૩-૪-૫૫ સૂત્રથી પણ सक् પ્રત્યય નહીં થાય. પણ लृदिद्... ૩-૪-૬૪ સૂત્રથી अङ् પ્રત્યય જ થશે.

## णि-श्रि-द्रु-स्रु-कमः कर्तरि ङः । ३-४-५८

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની પ્રત્યયો પરમાં હોતે છતે ण्यन्त ધાતુઓથી તેમજ श्रि, द्रु, स्रु અને कम् ધાતુથી ङ પ્રત્યય થાય છે.

**વિવેચન :-** સૂત્રમાં णि અનુબંધ વિનાનો ગ્રહણ કરેલ હોવાથી णिग्-णिच् णिङ् નું ગ્રહણ થશે.

(૧) णिग्- अचीकरत् = કરાવ્યું. डुकृंग् - करणे (૮૮૮)

कृ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

कारि - नामिनो... ४-३-५१ थी ऋ नी वृद्धि आर्.

कारि+द् - दि-ताम्... ३-३-११ थी दि प्रत्यय.

अकारि+द् - अड्धातो... ४-४-२९ थी अट् આગમ.

अकारि+अ+द् - આ સૂત્રથી ङ प्रत्यय.

अकरि+अ+द् - उपान्त्य... ४-२-३५ थी ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अककरि+अ+द् - आद्योंश... ४-१-२ थी આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

अचकरि+अ+द् - कङश्चञ् ४-१-४६ थी પૂર્વનાં क् નો च्

अचिकरि+अ+द् - असमान... ४-१-६३ थी सन्वत् કાર્ય થવાથી.

सन्यस्य ४-१-५९ थी अ નો इ.

अचीकरि+अ+द् - लघो... ४-१-६४ थी ई દીર્ઘ.

अचीकरद् - णेरनिटि ४-३-८३ थी णिग् નો લોપ.

अचीकरत् - विरामे वा १-३-५१ थी द् નો त्.

(२) णिच् - अचूचुरत् = ચોરી કરી. चुरण्-स्तेये (१५६८)

चुर्+इ - चुरादि... ३-४-१७ थी णिच् પ્રત્યય.

चोरि - लघोरु... ४-३-४ थी उ નો ગુણ ओ.

चोरि+द् - दि-ताम्... ३-३-११ थी दि પ્રત્યય.

चोरि+अ+द् - આ સૂત્રથી ङ પ્રત્યય.

अचोरि+अ+द् - अड्धातो... ४-४-२९ थी अट् આગમ.

अचुरि+अ+द् - उपान्त्य... ४-२-३५ थी ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अचुचुरि+अ+द् - आद्योंश... ४-१-२ थी આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

अचूचुरि+अ+द् - लघो... ४-१-६४ थी उ દીર્ઘ.

अचूचुरद् - णेरनिटि ४-३-८३ थी णिच् નો લોપ.

अचूचुरत् - विरामे वा १-३-५१ थी द् નો त्.

(३) णिङ् - अचीकमत् = તેણે ઈચ્છયું. कमूङ् - कान्तौ (७८९)

कम्+इ - कमे... ३-४-२ थी णिङ् પ્રત્યય.

कामि - ञ्णिति ४-३-५० थी अ नी वृद्धि आ.

સાધનિકા अचीकरत् પ્રમાણે થશે.

(૪) अशिश्रियत् = સેવા કરી. श्रिग्-सेवायाम् (૮૮૩)

श्रि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

श्रि+अ+द् - આ સૂત્રથી ङ પ્રત્યય.

अश्रि+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अश्रिश्रि+अ+द् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अशिश्रि+अ+द् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् લોપ.

अशिश्रियद् - संयोगात् ૨-૧-૫૨ થી इय् આદેશ.

अशिश्रियत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૫) अदुद्रुवत् = જવું, પીગળવું, ઓગળીજવું. द्रुं-गतौ (૧૩)

સાધનિકા अशिश्रियत् પ્રમાણે થશે પણ इ નો इय् થયો છે તેને બદલે उ નો उव् થશે.

(૬) असुस्रुवत् = જવું, પીગળવું,ઓગળી જવું. स्रुं-गतौ (૧૫)

સાધનિકા अशिश्रियत् પ્રમાણે થશે પણ इ નો इय् થયો છે તેને બદલે उ નો उव् થશે.

(૭) अचकमत = તેણે ઇચ્છા કરી.

कम्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अकम्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकम्+अ+त - આ સૂત્રથી ङ પ્રત્યય.

अकम्कम्+अ+त - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अककम्+अ+त - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન म् લોપ.

अचकमत - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

**कर्त्तरीति किम् ?** अकारयिषाताम् कटौ मैत्रेण = મૈત્ર વડે બે કટ (સાદડી) કરાવાઈ.

कृ+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

कारि - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

कारि+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ थी आताम् प्रत्यय.

अकारि+आताम् - अड्धातो... ૪-૪-૨૯ थी अट् આગમ.

अकारि+स्+आताम् - सिज... ૩-૪-૫૩ थी सिच् प्रत्यय.

अकारि+इ+साताम् - स्ताद्य... ૪-૪-૩૨ इट् આગમ.

अकारे+इ+साताम् - नामिनो... ૪-૩-૧ थी इ नो ગુણ ए.

अकारयिसाताम् - एदैतो... ૧-૨-૨૩ थी ए नो अय्.

अकारयिषाताम् - नाम्यन्त... ૨-૩-૧૫ थी स् नो ष्.

અહીં કર્તરિપ્રયોગ નથી કર્મણિ અદ્યતન છે તેથી આ સૂત્રથી ङ પ્રત્યય ન થતાં ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

## ट्धे-श्वेर्वा । ३-४-५९

**અર્થઃ-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની પ્રત્યયો પરમાં હોતે છતે ધે અને શ્વિ ધાતુથી ङ પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) अदधत् = તેણે પીધું. ट्धें - પાને (૨૮)

धे+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि प्रत्यय.

धा+द् - आत्... ૪-૨-૧ થી ए नो आ.

अधा+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अधा+अ+द् - આ સૂત્રથી ङ પ્રત્યય.

अधाधा+अ+द् - द्विर्धातुः... ૪-૧-૧ ધાતુ દ્વિત્વ.

अधधा+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

अदधा+अ+द् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ध् नो द्

अदधद् - इडेत्... ૪-૧-૯૪ થી आ नो લોપ.

अदधत् - विरामे वा ૧-૩-૫૧ થી द् नो त्.

✡ ङ પ્રત્યયના વિકલ્પપક્ષે सिच् प्रत्यय अधात् = તેણે પીધું.

अधा+द् સુધી ઉપર પ્રમાણે.

अधा+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् प्रत्यय.

अधाद् - ट्धे... ૪-૩-૬૭ થી सिच् नो લોપ.

अधात् - विरामे वा १-३-५१ थी द् नो त्.

(२) अशिश्वियत् = ગયો, વૃદ્ધિ પામ્યો. ट्वोश्वि - गतिवृद्ध्योः (૯૯૭)

સાધનિકા ૩-૪-૫૮ માં જણાવેલ अशिश्रियत् પ્રમાણે થશે. અનાદિ વ્યંજનમાં અહીં व् નો લોપ થશે. ङ પ્રત્યયના વિકલ્પપક્ષમાં श्वि ધાતુને अङ् પ્રત્યય થાય છે.

✿ अश्वत् = ગયો, વૃદ્ધિ પામ્યો, સોજો આવ્યો. વિગેરે...

श्वि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अश्वि+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अश्वि+अ+द् - ऋदि... ૩-૪-૬૫ થી अङ् પ્રત્યય.

अश्व+अ+द् - श्वयत्य... ૪-૩-૧૦૩ થી श्वि નો श्व આદેશ.

अश्वद् - अतः ૪-૩-૮૨ થી श्व નાં अ નો લોપ.

अश्वत् - विरामे वा १-३-५१ થી द् નો त्.

**कर्त्तरीत्येव** - अधिषाताम् गावौ वत्सेन = વાછરડા વડે બે ગાયોનું દૂધ પીવાયું.

धे+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

धे+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

धा+स्+आताम् - आत्... ૪-૨-૧ થી ए નો आ

अधा+स्+आताम् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अधिसाताम् - इश्च... ૪-૩-૪૧ થી धा નાં आ નો इ.

अधिषाताम् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

અહીં કર્તરિપ્રયોગ નથી કર્મણિ અદ્યતની નો आताम् પ્રત્યય છે તેથી આ સૂત્રથી ङ પ્રત્યય વિકલ્પે ન થતાં ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય થયો છે.

## शास्त्यसू-व्यक्ति-ख्यातेरङ् । ३-४-६०

**अर्थः**- કર્તરિ પ્રયોગમાં અદ્યતની પ્રત્યયો પરમાં હોતે છતે शास्, अस्,वच् અને ख्या ધાતુથી अङ् પ્રત્યય થાય છે.

**विवेचन**:- अशिषत=શાસન કર્યું. શિખામણ આપી. शासूक्-अनुशिष्टौ (૧૦૯૫)

शास्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

शास्+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

अशास्+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अशिस्+अ+द् - इसासः... ૪-૪-૧૧૮ आस् નો इस्.

अशिषद् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्

अशिषत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) अपास्थत् = દૂર કર્યો, ફેંક્યું. असूच्-क्षेपणे (૧૨૨૧)

अप+अस्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अप+अस्+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

अप+आस्+अ+द् - स्वरादे... ૪-૪-૩૧ થી अ ની વૃદ્ધિ आ.

अपासद् - समानानां... ૧-૨-૧ अ+आ = आ.

अपास्थद् - श्वयत्य... ૪-૩-૧૦૩ થી अस् નો आस्थ આદેશ.

अपास्थत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૩) अवोचत् = તેણે કહ્યું. वचंक्-भाषणे - (૧૦૯૬)

वच्+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

वच्+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

अवच्+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अवोचद् - श्वयत्य... ૪-૩-૧૦૩ થી वच् નો वोच् આદેશ.

अवोचत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૪) आख्यत् = કહ્યું. ख्यांक्-प्रथने (૧૦૭૧)

आख्या+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

आख्या+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

आ+अख्या+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

आख्या+अ+द् - समानानां... ૧-૨-૧ आ+अ = आ.

आख्यद् - इडेत्... ૪-૩-૯૪ થી ख्या ના आ નો લોપ.

आख्यत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

✿ वच् ધાતુ (૧૦૯૬) ગ્રહણ થશે અને ब्रू નાં સ્થાને अस्ति... ૪-૪-૧ થી वच् આદેશ થાય છે તે પણ ગ્રહણ થશે. અને ख्या (૧૦૭૧) ગ્રહણ થશે અને चक्ष् ધાતુનાં સ્થાને चक्षो... ૪-૪-૪ થી ख्या આદેશ થાય છે તે પણ ગ્રહણ થશે.

**कर्त्तरीत्येव** - अशासिषाताम् शिष्यौ गुरुणा = ગુરૂવડે બે શિષ્યોને આજ્ઞા કરાઈ. (શિખામણ અપાઈ).

शास्+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

अशास्+आताम् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अशास्+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अशास्+इ+साताम् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अशासिषाताम् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

✿ આ સૂત્રમાં असूच् એ પ્રમાણે ઉકાર કર્યો છે તે असक्-भुवि, असी-गत्यादौ એ બે ધાતુનું વર્જન કરવા માટે છે. असूच् એ दिवादि ગણનો ગ્રહણ કરવો. अस् ધાતુ पुषादि અન્તર્ગત હોવાથી लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય સિદ્ધ હોવા છતાં પણ આ સૂત્રમાં अस् ધાતુનો પાઠ આત્મનેપદ માટે છે. તો પછી પરસ્મૈપદ અને આત્મનેપદ બન્નેમાં આ સૂત્રથી अङ् પ્રત્યય થાય જ છે છતાં पुषादि ગણમાં अस् ધાતુનું ગ્રહણ શા માટે કર્યું ? વાત સાચી છે पुषादि ગણમાં अस् ધાતુનો પાઠ હોવાથી નિયમ થાય છે કે अस् ધાતુથી પર અદ્યતનમાં अङ् પ્રત્યય અવશ્ય થાય છે. અને અન્ય पुषादि ધાતુઓમાં કારણ વશાત્ अङ् પ્રત્યય થાય પણ ખરો અને ન પણ થાય. જેમ કે भगवन् ! मा कोपीः એ પ્રમાણે બાલરામાયણમાં પ્રયોગ છે. कोपीः માં कुप् ધાતુથી सिच् પ્રત્યય થયો છે પણ अङ् પ્રત્યય થયો નથી. જો अङ् પ્રત્યય થયો હોત તો अकुपः રૂપ થાત. मा નાં યોગમાં अट् નો આગમ નથી થયો.

## सर्त्यर्त्तेर्वा । ३-४-६१

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની પ્રત્યયો પરમાં હોતે છતે सृ અને ऋ ધાતુથી अङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) असरत् = તે ગયો. सृं - गतौ (૨૫)

सृ+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

असृ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

असृ+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

असरद् - ऋवर्ण... ૪-૩-૭ થી ऋ નો ગુણ अर्.

असरत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच्. असार्षीत् = તે ગયો. સાધનિકા ૩-૪-૫૩ માં બતાવેલ अनैषीत् પ્રમાણે થશે. सृ માં ऋ ની વૃદ્ધિ आर् થશે.

(૨) आरत् = તેણે પ્રાપ્ત કર્યું, તે ગયો. ऋं-प्रापणे गतौ च (૨૬)

आरत् = તે ગયો. ऋंक्-गतौ (૧૧૩૫)

ऋ+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

ऋ+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યયં.

आरद् - स्वरादे... ૪-૪-૩૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

आरत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच्. आर्षीत् = તે ગયો, તેણે પ્રાપ્ત કર્યું, તેણે પહોંચાડ્યું વિગેરે... સાધનિકા ૩-૪-૫૩ માં બતાવેલ अनैषीत् પ્રમાણે થશે પરન્તુ સ્વરાદિ ધાતુ હોવાથી अट् નો આગમ ન થતાં स्वरादे... ૪-૪-૩૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થશે.

✡ સૂત્રમાં तिव् નિર્દેશ છે તે यङ्लुबन्त ની નિવૃત્તિ માટે છે.

દા.ત. असरिसारीत्, आरारीत्.

## ह्वा-लिप्-सिचः । ३-४-६२

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની પ્રત્યયો પરમાં હોતે છતે ह्वे, लिप् અને सिच् ધાતુથી अङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) आह्वत् = તેણે બોલાવ્યું. ह्वेंग् - स्पर्धाशब्दयोः (૯૯૪)

आह्वे+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

आह्वे+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

आ+अ+ह्वे+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

आह्वे+अ+द् - समानानां... १-२-१ थी आ+अ = आ.

आह्वा+अ+द् - आत्... ४-२-१ थी ए नो आ.

आह्वद् - इडेत्... ४-३-९४ थी आ नो लोप.

आह्वत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

(२) अलिपत् = तेणे लींप्युं. लिपींत्-उपदेहे (१३२४)

लिप्+द् - दि-ताम्... ३-३-११ थी दि प्रत्यय.

अलिप्+द् - अड्धातो... ४-४-२९ थी अट् આગમ.

अलिप्+अ+द् - આ સૂત્રથી अङ् પ્રત્યય.

अलिपत् = विरामे वा १-३-५१ थी द् नो त्.

(૩) असिचत् = तेणे सिंच्युं. षिचींत्-क्षरणे (१३२१)

સાધનિકા अलिपत् પ્રમાણે થશે.

## वाऽऽत्मने । ३-४-६३

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતનીમાં આત્મનેપદનાં પ્રત્યયો પરમાં હોતે છતે ह्वे, लिप् અને सिच् ધાતુથી अङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (१) आह्वत = તેણે બોલાવ્યું. સાધનિકા आह्वत् પ્રમાણે થશે. પરન્તુ અહીં આત્મનેપદનો त પ્રત્યય થયો છે.

अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् - आह्वास्त.

आह्वे+त - दि-ताम्... ३-३-११ थी त प्रत्यय.

आह्वे+स्+त - सिज... ३-४-५३ थी सिच् प्रत्यय.

आ+अ+ह्वे+स्त - अड्धातो... ४-४-२९ थी अट् આગમ.

आह्वे+स्त - समानानां... १-२-१ थी आ+अ = आ.

आह्वास्त - आत्... ४-२-१ थी ए नो आ.

(२) अलिपत = तेणे लींप्युं. સાધનિકા अलिपत् પ્રમાણે થશે. પરન્તુ અહીં આત્મનેપદનો त પ્રત્યય થયો છે.

अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् - अलिप्त.

लिप्+त - दि-ताम्... ३-३-११ થી त પ્રત્યય.

अलिप्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अलिप्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अलिप्त - धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

(૩) असिचत = તેણે સિંચ્યું. સાધનિકા अलिपत् પ્રમાણે થશે. પરન્તુ અહીં આત્મનેપદનો त પ્રત્યય થયો છે.

असिक्त સાધનિકા अलिप्त પ્રમાણે થશે. પરન્તુ અહીં सिच् ધાતુના च् નો क् चजः... ૨-૧-૮૬ થી થશે.

## लृदिद्-द्युतादि-पुष्यादेः परस्मै । ३-४-६४

**અર્થઃ**- કર્તરિ પ્રયોગમાં અદ્યતની પરસ્મૈપદનાં પ્રત્યયો પરમાં હોતે છતે लृ ઇત્‌વાળા ધાતુથી, द्युतादि ધાતુથી અને पुषादि ધાતુથી अङ् પ્રત્યય થાય છે.

**વિવેચન** :- (૧) अगमत् = તે ગયો. गम्लृं-गतौ (૩૯૬) આ ધાતુ लृ ઇત્‌વાળો છે તેથી આ સૂત્રથી अङ् પ્રત્યય થયો છે.

(૨) अद्युतत् = તે દેદીપ્યમાન થયો. द्युति-दीप्तौ (૯૩૭)

(૩) अरुचत् = તેને ગમ્યું. रुचि-अभिप्रीत्यां दीप्तौ च (૯૩૮) આ ધાતુ द्युतादि છે તેથી આ સૂત્રથી अङ् પ્રત્યય થયો છે. ધાતુ પાઠમાં ૯૩૭ થી ૯૫૯ સુધીનાં ધાતુ द्युतादि છે. ૩-૩-૪૪ સૂત્રમાં द्युतादि ગણ આપેલ છે.

(૪) अपुषत् = તેણે પોષણ કર્યું. पुषंच्-पुष्टौ (૧૧૭૫) આ ધાતુ पुषादि છે તેથી આ સૂત્રથી अङ् પ્રત્યય થયો છે. ઉપરનાં ચારેની સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે.

(૫) औचत् = તેણે ભેગું કર્યું. उचच्-समवाये (૧૧૭૬) આ पुषादि ધાતુ છે પણ उच् ધાતુ સ્વરાદિ હોવાથી अट् નો આગમ ન થતાં स्वरादे... ૪-૪-૩૧ થી उ ની વૃદ્ધિ औ થશે. બાકીની સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે.

पुषादि ધાતુઓ ધાતુપાઠમાં ૧૧૭૫ થી ૧૨૪૧ સુધી છે.

**परस्मैपद इति किम् ?** समगंस्त = સમાગમ થયો.

सम्+गम्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

सम्+अगम्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

समगम्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

समगंस्त - शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર.

पुष्य એ પ્રમાણે श्य નો નિર્દેશ હોવાથી पोषति અને पुष्णाति વિગેરેથી अङ् પ્રત્યય ન થાય પરન્તુ सिच् પ્રત્યય જ થશે. દા.ત. अपोषीत्.

## ॠदिच्छ्व-स्तम्भू-म्रुचू-म्लुचू-ग्रुचू-ग्लुचू-ग्लुञ्चू ज्रो वा।
## ३-४-६५

**અર્થ**:- કર્તરિ પ્રયોગમાં અદ્યતની પરસ્મૈપદનાં પ્રત્યયો પરમાં હોતે છતે ॠ ઇત્‌વાળા ધાતુથી તેમજ श्वि, स्तम्भ्, म्रुच्, म्लुच्, ग्रुच्, ग्लुच्, ग्लुञ्च् અને जृ ધાતુથી अङ् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) अरुधत् = તેણે રોક્યું. रुधृंपी-आवरणे (૧૪૭૩) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય આ સૂત્રથી થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય - अरौत्सीत्. સાધનિકા ૩-૪-૫૩ માં બતાવેલ अनैषीत् પ્રમાણે થશે. પરન્તુ रुध् ધાતુના ઉપાન્ત્ય उ ની વૃદ્ધિ औ व्यञ्जना... ૪-૩-૪૫ થી થશે.અને अघोषे... ૧-૩-૫૦ થી रुध् ધાતુનાં ध् નો त् થશે.

(૨) अश्वत् = ગયો, વૃદ્ધિ પામ્યો. સાધનિકા ૩-૪-૫૯ માં કરેલી છે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય - अश्वयीत्.

श्वि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

श्वि+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अश्वि+स्+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अश्वि+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अश्वि+इ+स्+ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી द् ની પૂર્વે ई આગમ.

अश्वि+इ+ई+द् - इट... ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अश्वे+इ+ईद् - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

अश्वयि+ईद् - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

अश्वयीद् - समानानां.... ૧-૨-૧ થી इ+ई = ई.

अश्वयीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૩) अस्तभत् = અટકાવ્યું. स्तम्भू - रोधनार्थः (૧૯૮૫)
સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. પરન્તુ स्तम्भ् ધાતુનાં म् (न्) નો નો વ્યઞ્જન... ૪-૨-૪૫ થી લોપ થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય – अस्तम्भीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ અહીં श्वि ધાતુની જેમ ગુણ વિગેરે કાર્યની પ્રાપ્તિ નથી.

(૪) अम्रुचत् = તે ગયો. म्रुचू - गतौ (૧૧૩) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય–अम्रोचीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ म्रुच् ધાતુના ઉપાન્ત્ય उ નો ગુણ लघोरु... ૪-૩-૪ થી થશે.

(૫) अम्लुचत् = તે ગયો. म्लुचू - गतौ (૧૧૪) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય– अम्लोचीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ म्लुच् ધાતુનાં ઉપાન્ત્ય उ નો ગુણ लघोरु... ૪-૩-૪ થી થશે.

(૬) अग्रुचत् = તેણે ચોરી કરી. ग्रुचू - स्तेये (૧૧૭) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય– अग्रोचीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ ग्रुच् ધાતુનાં ઉપાન્ત્ય उ નો ગુણ लघोरु... ૪-૩-૪ થી થશે.

(૭) अग्लुचत् = તેણેચોરી કરી. ग्लुचू - स्तेये (૧૧૮) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય– अग्लोचीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ ग्लुच् ધાતુનાં ઉપાન્ત્ય उ નો ગુણ लघोरु... ૪-૩-૪ થી થશે.

(૮) अग्लुचत् = તે ગયો. ग्लुञ्चू - गतौ (૧૧૫) સાધનિકા ૩-૪-૬૨ માં બતાવેલ अलिपत् પ્રમાણે થશે. પરન્તુ ग्लुञ्च् ધાતુનાં ञ् (न्) નો નો વ્યઞ્જન.... ૪-૨-૪૫ થી લોપ થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય– अग्लुञ्चीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ ग्लुञ्च् ધાતુમાં ઉપાન્ત્ય उ નથી ञ् છે તેથી ગુણ વિગેરે કાર્ય નહીં થાય.

(૯) अजरत् = તે ઘરડો થયો. जृष् - जरसि (૧૧૪૫) जृश् - वयोहानौ (૧૫૩૬). સાધનિકા ૩-૪-૬૧ માં બતાવેલ असरत् પ્રમાણે થશે. अङ् પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે सिच् પ્રત્યય- अजारीत्. સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પરન્તુ जृ ધાતુનાં ऋ ની વૃદ્ધિ आर् सिचि... ૪-૩-૪૪ થી થશે.

✡ ग्लुच् અને ग्लुञ्च् એ બે માંથી એક ધાતુનાં ગ્રહણથી ત્રણે રૂપ સિદ્ધ થઈ શકે છે પણ બન્ને ધાતુનાં અર્થ ભિન્ન છે તેથી બન્ને ધાતુનું ગ્રહણ કર્યું છે.

## ञिच् ते पदस्तलुक् च । ३-४-६६

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની त પ્રત્યય પરમાં હોતે છતે पद् ધાતુથી ञिच् પ્રત્યય થાય છે અને નિમિત્તભૂત तકારનો લોપ થાય છે.

**વિવેચન :-** उदपादि = ઉત્પન્ન થયો. पदिंच्-गतौ (૧૨૫૭)

उद्+पद्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

उद्+अपद्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

उदपद्+इ - આ સૂત્રથી ञिच् પ્રત્યય અને त નો લોપ.

उदपादि - ञ्णिति ૪-૩-૫૦ થી ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ आ.

**त इति किम् ?** उदपत्साताम् = તે બે ઉત્પન્ન થયા.

उद्+पद्+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

उदपद्+आताम् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

उदपद्+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

उदपत्साताम् - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

✡ पद् ધાતુ આત્મનેપદી હોવાથી અદ્યતનીમાં આત્મનેપદી પ્રથમ ત્રિકનો तકાર ગ્રહણ થશે પરન્તુ પરસ્મૈપદનાં મધ્યમત્રિકના બહુવચનનાં तકારનું ગ્રહણ નહીં થાય. એ પ્રમાણે ઉત્તર સૂત્રોમાં પણ જાણવું.

## दीप-जन-बुधि-पूर-ताय-प्यायो वा । ३-४-६७

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં અદ્યતની त પ્રત્યય પરમાં હોતે છતે दीप्, जन्, बुध्, पूर्, ताय् અને प्याय् ધાતુથી ञिच् પ્રત્યય વિકલ્પે થાય છે અને

નિમિત્તભૂત તકારનો લોપ થાય છે.

**વિવેચન** :- अदीपि = દીપ્યું. दीपैचि-दीप्तौ (૧૨૬૬) સાધનિકા ૩-૪-૬૬ માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ નહીં થાય. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય – अदीपिष्ट.

दीप्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

दीप्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अदीप्+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अदीप्+इ+स्+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अदीपि+ष्+त - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

अदीपिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

(૨) अजनि = ઉત્પન્ન થયો. जनैचि-प्रादुर्भावे (૧૨૬૫) સાધનિકા ૩-૪-૬૬ માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ जन् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિનો नजन... ૪-૩-૫૪ થી નિષેધ થાય છે.તેથી વૃદ્ધિ નહીં થાય. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય– अजनिष्ट. સાધનિકા अदीपिष्ट પ્રમાણે થશે.

(૩) अबोधि = બોધ પામ્યો. बुधिं-ज्ञाने (૧૨૬૨) સાધનિકા ૩-૪-૬૬ માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ बुध् ધાતુનાં उ નો ગુણ लघोरु... ૪-૩-૪ થી થશે. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય– अबुद्ध.

बुध्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

बुध्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अबुध्+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अबुध्+त - धुड्... ૪-૩-૭૦ થી सिच् પ્રત્યયનો લોપ.

अबुध्+ध - अधश्च... ૨-૧-૭૯ થી त् નો ध्.

अबुद्ध - तृतीय... ૧-૩-૪૯ થી પૂર્વનાં ध् નો द्.

✿ बुधि એ પ્રમાણે સૂત્રમાં ગ્રહણ કરેલું હોવાથી दिवादि ગણનો बुध् ધાતુ જ ગ્રહણ થશે.

(૪) अपूरि = પૂરું કર્યું. पुरैचि-आप्यायने (૧૨૬૮) સાધનિકા ૩-૪-૬૬

માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ અહીં વૃદ્ધિની પ્રાપ્તિ નથી તેથી વૃદ્ધિ નહીં થાય. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય- अपूरिष्ट. સાધનિકા अदीपिष्ट પ્રમાણે થશે.

(૫) अतायि = પાલન કર્યું. तायृङ् - सन्तानपालनयो: (૮૦૬) સાધનિકા ૩-૪-૬૬ માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ અહીં વૃદ્ધિની પ્રાપ્તિ ન હોવાથી વૃદ્ધિ નહીં થાય. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય- अतायिष्ट. સાધનિકા अदीपिष्ट પ્રમાણે થશે.

(૬) अप्यायि = વધ્યું. ओप्यायैङ् - वृद्धौ (૮૦૫) સાધનિકા ૩-૪-૬૬ માં બતાવેલ उदपादि પ્રમાણે થશે. પરન્તુ અહીં વૃદ્ધિની પ્રાપ્તિ ન હોવાથી વૃદ્ધિ નહીં થાય. ञिच् પ્રત્યય ન થાય ત્યારે सिच् પ્રત્યય- अप्यायिष्ट. સાધનિકા अदीपिष्ट પ્રમાણે થશે.

## भाव-कर्मणो: । ३-४-६८

**અર્થ:-** ભાવ અને કર્મમાં વિધાન કરાએલો અદ્યતનીનો त પ્રત્યય પરમાં હોતે છતે સર્વધાતુથી ञिच् પ્રત્યય થાય છે અને નિમિત્તભૂત तકારનો લોપ થાય છે.

**વિવેચન :-** (૧) आसि त्वया = તારાવડે બેસાયું. आसिक्-उपवेशने (૧૧૧૯)

आस्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

आस्+इ=आसि - આ સૂત્રથી ભાવે પ્રયોગમાં ञिच् પ્રત્યય અને त નો લોપ. અહીં स्वरादे... ૪-૪-૩૧ થી વૃદ્ધિ થાય પણ આદિમાં आ જ છે તેથી વૃદ્ધિની પ્રાપ્તિ નથી. आस् ધાતુ અકર્મક છે તેથી તેનો ભાવે પ્રયોગ થયો છે.

(૨) अकारि कट: = (તારાવડે) સાદડી કરાઈ.

कृ+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

कृ+इ - આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં ञिच् પ્રત્યય અને त નો લોપ.

अ+कृ+इ - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकारि - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

कृ ધાતુ સકર્મક છે તેથી કર્મણિપ્રયોગ થયો છે.

✿ જે ધાતુઓ અકર્મક છે (સ્વભાવથી જ અકર્મક છે) તેનો ભાવે પ્રયોગ થાય છે. અને જે ધાતુઓ સકર્મક હોવા છતાં પ્રયોગમાં કર્મ વપરાયું ન હોય એવા અવિવક્ષિત કર્મવાળા ધાતુઓનો પણ ભાવે પ્રયોગ થાય છે. જે ધાતુઓ કર્મવાળા હોય તેને સકર્મક કહેવાય છે તેનો કર્મણિપ્રયોગ થાય છે. સકર્મક ધાતુઓ એક કર્મવાળા હોય છે તેમ બે કર્મવાળા પણ હોય છે.

## स्वर-ग्रह-दृश-हन्भ्यः स्य-सिजाशीः श्वस्तन्यां ञिट् वा । ३-४-६९

**અર્થઃ-** ભાવ અને કર્મમાં વિધાન કરાએલાં स्य, सिच्, આશીર્વાદ અને શ્વસ્તનીનાં પ્રત્યયો પરમાં હોતે છતે સ્વરાન્ત ધાતુથી તેમજ ग्रह, दृश् અને हन् ધાતુથી ञिट् પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) **સ્વરાન્ત ધાતુ** — ભવિષ્યન્તી - स्य.

दायिष्यते = (તેના વડે) અપાશે. दां-दाने (૭)

दा+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

दा+इ+स्यते - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

दै+इ+स्यते - आत ऐः... ૪-૩-૫૩ दां નાં आ નો ऐ.

दाय्+इ+स्यते - एदैतो.... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

दायिष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

ञिट् ન થાય ત્યારે दास्यते. दा ધાતુને સીધો स्यते પ્રત્યય લાગીને પ્રયોગ સિદ્ધ થશે.

✿ ક્રિયાતિપત્તિ - स्य. अदायिष्यत, अदास्यत = (તેના વડે) અપાત. સાધનિકા दायिष्यते પ્રમાણે થશે. अड्... ૪-૪-૨૯ થી अट् આગમ થશે.

(૨) અદ્યતની - सिच् - अदायिषाताम् = (તે બે વડે) અપાયું.

दा+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

अदा+आताम् - अड्धातो.... ૪-૪-૨૯ થી अट् આગમ.

अदा+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अदा+इ+साताम् - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

હવે પછી दायिष्यते પ્રમાણે ૪-૩-૫૩, ૧-૨-૨૩ અને ૨-૩-૧૫ સૂત્ર લાગશે. ञिट् ન થાય ત્યારે अदिषाताम्. સાધનિકા ઉપર પ્રમાણે જ થશે પરન્તુ અહીં ञिट् નથી તેથી વૃદ્ધિ નહીં થાય. इश्च..... ૪-૩-૪૧ થી સિચ્ કિદ્વત્ અને दा નાં आ નો इ આદેશ થશે. સિચ્ કિદ્વત્ થવાથી ગુણ નહીં થાય.

(૩) આશીર્વાદ - सीष्ट - दायिषीष्ट = (તેના વડે) અપાઓ.

दा+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

दा+इ+सीष्ट - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

હવે પછી दायिष्यते પ્રમાણે ૪-૩-૫૩, ૧-૨-૨૩ અને ૨-૩-૧૫ સૂત્ર લાગશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે दासीष्ट. दा ધાતુને સીધો सीष्ट પ્રત્યય લાગીને પ્રયોગ સિદ્ધ થશે.

(૪) શ્વસ્તની - ता - दायिता = (તેનાવડે) અપાશે.

दा+ता - ता-तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

दा+इ+ता - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

दै+इ+ता - आत ऐः... ૪-૩-૫૩ થી दा નાં आ નો ऐ.

दायिता - एदैतो... ૧-૨-૨૩ ऐ નો आय्.

ञिट् પ્રત્યય ન થાય ત્યારે दाता. दा ધાતુને સીધો જ ता પ્રત્યય લાગીને પ્રયોગ સિદ્ધ થશે.

(૨) ग्रह् ધાતુ — ભવિષ્યન્તી - स्य.

(૧) ग्राहिष्यते = (તેનાવડે) ગ્રહણ કરાશે. ग्रहीश्-उपादाने (૧૫૧૭)

સાધનિકા दायिष्यते પ્રમાણે થશે પરન્તુ અહીં ञ्णिति ૪-૩-૫૦ થી ग्रह् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થશે. ञिट् ન લાગે ત્યારે ग्रहीष्यते.

ग्रह्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

ग्रह्+इ+स्यते - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

ग्रही+स्यते - गृह्णो... ૪-૪-૩૪ થી इट् નો इ દીર્ઘ.

ग्रहीष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ स् નો ष्.

✿ ક્રિયાતિપત્તિ - स्य - अग्राहिष्यत, अग्रहीष्यत = (તે બે વડે) ગ્રહણ

કરાત. સાધનિકા ग्राहिष्यते, ग्रहीष्यते પ્રમાણે થશે. પરન્તુ अड्... ૪-૪-૨૯ થી अट् આગમ થશે.

(૨) અદ્યતની - सिच् - अग्राहिषाताम् = (તે બે વડે) ગ્રહણ કરાયું. સાધનિકા दायिषाताम् પ્રમાણે થશે. પરન્તુ ञ्णिति ૪-૩-૫૦ થી ग्रह् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે अग्रहीषाताम्. સાધનિકા दायिषाताम् પ્રમાણે થશે. ૪-૪-૩૨ થી इट्, ૪-૪-૩૪ થી इट् દીર્ઘ, ૪-૪-૨૯ થી अट् આગમ વિગેરે સૂત્રો લાગીને પ્રયોગ સિદ્ધ થશે.

(૩) આશીર્વાદ - सीष्ट - ग्राहिषीष्ट = (તેના વડે) ગ્રહણ કરાઓ. સાધનિકા दायिषीष्ट પ્રમાણે થશે. પરન્તુ ञ्णिति ૪-૩-૫૦ થી ग्रह् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે ग्रहीषीष्ट. ग्रह्+सीष्ट પછી ૪-૪-૩૨ થી इट्, ૪-૪-૩૪ થી इट् દીર્ઘ, ૨-૩-૧૫ થી स् નો ष् વિગેરે સૂત્રો લાગશે.

(૪) શ્વસ્તની - ता - ग्राहिता = (તેના વડે) ગ્રહણ કરાશે. સાધનિકા दायिता પ્રમાણે થશે. પરન્તુ ञ्णिति ૪-૩-૫૦ થી ग्रह् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે ग्रहीता. ग्रह्+ता પછી ૪-૪-૩૨ થી इट्, ૪-૪-૩૪ થી इट् દીર્ઘ. વિગેરે સૂત્રો લાગશે.

(૩) दृश् ધાતુ — ભવિષ્યન્તી - स्य.

(૧) दर्शिष्यते = (તેનાવડે) દેખાશે. दृशृं- प्रेक्षणे (૪૯૫)

दृश्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

दृश्+इ+स्यते - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

दर्श्+इ+स्यते - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

दर्शिष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ स् નો ष्.

ञिट् પ્રત્યય ન થાય ત્યારે द्रक्ष्यते.

दृश्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

दृअश्+स्यते - अःसृजि... ૪-૪-૧૧૧ થી ऋ ની પરમાં अ.

द्रश्+स्यते - इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्.

द्रष्+स्यते - यज-सृज... ૨-૧-૮૭ થી श् નો ष्.

द्रक्-स्यते - षढोः.... २-१-६२ થી ष् નો क्.

द्रक्-ष्यते = द्रक्ष्यते - नाम्य... २-૩-૧૫ થી स् નો ष्.

✿ ક્રિયાતિપત્તિ - स्य - अदर्शिष्यत, अद्रक्ष्यत = (તેનાવડે) જોવાત. સાધનિકા ઉપર પ્રમાણે થશે. अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ થશે.

(૨) અદ્યતની - सिच् - अदर्शिषाताम् = (તે બે વડે) જોવાયું. સાધનિકા दर्शिष्यते પ્રમાણે થશે. ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય, ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય વગેરે સૂત્રો લાગશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે अदृक्षाताम्. સાધનિકા द्रक्ष्यते પ્રમાણે થશે. પણ ૩-૩-૧૧, ૩-૪-૫૩, ૪-૩-૩૫, ૪-૪-૨૯, ૨-૧-૮૭, ૨-૧-૬૨, ૨-૩-૧૫ વિગેરે સૂત્રો લાગશે.

(૩) આશીર્વાદ - सीष्ट - दर्शिषीष्ट = (તેનાવડે) જોવાઓ. સાધનિકા दर्शिष्यते પ્રમાણે થશે. ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય લાગશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે दृक्षीष्ट.સાધનિકા द्रक्ष्यते પ્રમાણે થશે. પણ ૩-૩-૧૩, ૪-૩-૩૫, ૨-૧-૮૭, ૨-૧-૬૨, ૨-૩-૧૫ વિગેરે સૂત્રો લાગશે.

(૪) શ્વસ્તની - ता - दर्शिता = (તેનાવડે) જોવાશે. સાધનિકા दर्शिष्यते પ્રમાણે થશે. ૩-૩-૧૪ થી ता પ્રત્યય લાગશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે द्रष्टा. સાધનિકા द्रक्ष्यते પ્રમાણે થશે.

(૪) हन् धातु — ભવિષ્યન્તી - स्य.

(૧) घानिष्यते = (તેનાવડે) હણાશે. हनंक्-हिंसा-गत्योः (૧૧૦૦)

हन्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

हन्+इ+स्यते - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

घन्+इस्यते - ञिणवि... ૪-૩-૧૦૧ થી हन् નો घन् આદેશ.

घानिस्यते - ञ्णिति ૪-૩-૫૦ अ ની વૃદ્ધિ आ.

घानिष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ स् નો ष्.

ञिट् પ્રત્યય ન થાય ત્યારે हनिष्यते.

हन्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

हन्+इ+स्यते - हनृतः... ૪-૪-૪૯ થી इट् આગમ.

हनिष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

✡ क्रियातिपत्ति - स्य - अघानिष्यत, अहनिष्यत = (તેનાવડે) હણાત. સાધનિકા ઉપર પ્રમાણે થશે. अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ થશે.

(૨) અદ્યતની - सिच् - अघानिषाताम्= (તે બે વડે) હણાયું.

हन्+आताम् - दि-ताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

*अहन्+आताम् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.*

अहन्+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अहन्+इ+साताम् - આ સૂત્રથી ञिट् પ્રત્યય.

હવે પછીની સાધનિકા घानिष्यते પ્રમાણે થશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે अवधिषाताम्.

अहन्+स्+आताम् સુધી ઉપર પ્રમાણે.

अवध+साताम् - अद्यतन्यां... ૪-૪-૨૨ થી हन् નો वध આદેશ

अवध+इसाताम् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अवधिसाताम् - अतः ૪-૩-૮૨ થી वध નાં अ् નો લોપ.

अवधिषाताम् - नाम्यन्त... ૨-૩-૧૫ स् નો ष्.

वध એ પ્રમાણે અકાર સહિત આદેશ થતો હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થયો નથી.

અદ્યતનીમાં हन् નો वध આદેશ વિકલ્પે થતો હોવાથી વિકલ્પપક્ષે अहसाताम् પ્રયોગ થશે. अहन्+स्+आताम् સુધી ઉપર પ્રમાણે થશે. हनः सिच् ૪-૩-૩૮ થી सिच् કિદ્‌વત્ થાય છે તેથી यमिरमि... ૪-૨-૫૫ થી हन् નાં न् નો લોપ થવાથી अहसाताम् પ્રયોગની સિદ્ધિ થાય છે.

(૩) આશીર્વાદ - सीष्ट - घानिषीष्ट = (તેનાવડે) હણાઓ. સાધનિકા घानिष्यते પ્રમાણે થશે. ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય લાગશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે वधिषीष्ट. સાધનિકા अवधिषाताम् પ્રમાણે થશે. માત્ર ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય થશે અને ૪-૪-૨૯ થી अट् આગમ તથા ૩-૪-૫૩ થી सिच् નહીં થાય. हन् નો वध ૪-૪-૨૧ થી થશે.

(૪) શ્વસ્તની - ता - घानिता= (તેનાવડે) હણાશે. સાધનિકા घानिष्यते પ્રમાણે થશે. ૩-૩-૧૪ થી ता પ્રત્યય થશે. ञिट् પ્રત્યય ન થાય ત્યારે

हन्ता. हन्+ता = हन्ता સાધનિકા સુગમ છે. एकस्वरा... ૪-૪-૫૬ થી અહીં इट् આગમનો નિષેધ થયો છે.

## क्यः शिति । ३-४-७०

**અર્થ:-** ભાવ અને કર્મમાં વિધાન કરાએલાં શિત્ કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે સર્વ ધાતુથી क्य પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) शय्यते त्वया = તારાવડે સુવાય છે. शीङ्क् - स्वप्ने (૧૧૦૫)

शी+ते - तिव्तस्.... ૩-૩-૬ થી ते પ્રત્યય.

शी+य+ते - આ સૂત્રથી क्य પ્રત્યય.

शय्यते - क्ङिति... ૪-૩-૧૦૫ થી शी નો शय् આદેશ.

शी ધાતુ અકર્મક હોવાથી ભાવે પ્રયોગ થયો છે.

(૨) क्रियते कटः = (તારાવડે) સાદડી કરાય છે. સાધનિકા ૩-૩-૨૧ માં કરેલી છે:

**शितीति किम् ?** बभूवे = તે થયો.

भू+ए - णव्-अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

भूभू+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

बूभू+ए - द्वितीय... ૪-૧-૪૨ થી भ् નો ब्.

बभू+ए - भूस्वपो... ૪-૧-૭૦ થી પૂર્વનાં ऊ નો अ.

बभुवे - धातो... ૨-૧-૫૦ થી ऊ નો उव्.

बभूवे - भुवो... ૪-૨-૪૩ થી उ નો દીર્ઘ ऊ.

✿ અહીં भू ધાતુથી ભાવે પ્રયોગમાં ए પ્રત્યય થયો છે. તે પરોક્ષાનો (અશિત્ કાળનો) પ્રત્યય છે તેથી આ સૂત્રથી क्य પ્રત્યય થયો નથી.

## कर्त्तर्यनद्भ्यः शव् । ३-४-७१

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાએલા શિત્ કાળના પ્રત્યયો પરમાં હોતે છતે अदादि ધાતુઓને વર્જીને અન્ય ધાતુઓથી शव् પ્રત્યય થાય છે.

**વિવેચન :-** भवति = તે થાય છે. સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે.

**कर्त्तरीति किम् ?** पच्यते = (તેના વડે) રંધાય છે. डुपचींष्- पाके (૮૯૨)

पच्+ते - तिव्तस्.... ૩-૩-૬ થી ते પ્રત્યય.

पच्+य+ते = पच्यते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

આ કર્તરિ પ્રયોગ નથી, કર્મણિ પ્રયોગ છે. તેથી शव् પ્રત્યય થયો નથી.

**अनद्भ्यः इति किम् ?** अत्ति = તે ખાય છે. સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે. આ ધાતુ अदादि ગણનો હોવાથી આ સૂત્રથી शव् પ્રત્યય થયો નથી.

✡ ધાતુપાઠમાં ૧૦૫૯ થી ૧૧૪૩ સુધીનાં ધાતુઓ अदादि ગણનાં છે.

## दिवादेः श्यः । ३-४-७२

**અર્થઃ-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે दिवादि ધાતુઓથી श्य પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) दीव्यति = તે ક્રીડા કરે છે,. જુગાર રમે છે, સ્તુતિ કરે છે વિગેરે... दिवूच्-क्रीडा-जयेच्छा-पणि-द्युति-स्तुति-गतिषु (૧૧૪૪)

दिव्+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

दिव्+य+ति - આ સૂત્રથી श्य પ્રત્યય.

दीव्यति - भ्वादे... ૨-૩-૬૩ થી दिव् नो इ દીર્ઘ.

(૨) जीर्यति = તે ઘરડો થાય છે, जृषच्-जरसि (૧૧૪૫)

जृ+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

जृ+य+ति - આ સૂત્રથી श्य પ્રત્યય.

जृ+य+ति - शिदवित् થી श्य ને ङिद्वत् ભાવ.

जिर्+य+ति - ॠतां... ૪-૪-૧૧૬ ॠ नो इर्.

जीर्यति - भ्वादे... ૨-૧-૬૩ થી इर् नो इ દીર્ઘ.

## भ्रास-भ्लास-भ्रम-क्रम-क्लम-त्रसि-त्रुटि-लषि-यसि-संयसेर्वा । ३-४-७३

**અર્થઃ-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે भ्रास्, भ्लास्, भ्रम्, क्रम्, क्लम्, त्रस्, त्रुट्, लष्, यस् અને सम्+यस् ધાતુઓથી श्य પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન** :- (૧) भ्रास्यते = તે પ્રકાશિત થાય છે. टुभ्रासि-दीप्तौ (૮૪૭)

भ्रास्+ते - तिव्तस्.... ૩-૩-૬ થી ते પ્રત્યય.

भ्रास्यते - આ સૂત્રથી श्य પ્રત્યય.

श्य પ્રત્યય ન થાય ત્યારે शव्.

भ्रास्+ते - तिव्तस्.... ૩-૩-૬ થી ते પ્રત્યય.

भ्रासते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

(૨) भ्लास्यते = તે શોભે છે. टुभ्लासि-दीप्तौ (૮૪૮) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે भ्लासते. સાધનિકા भ्रासते પ્રમાણે થશે.

(૩) भ्राम्यति = તે ભટકે છે. भ्रमूच्-अनवस्थाने (૧૨૩૪) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. शम्... ૪-૨-૧૧૧ થી भ्रम् ધાતુનો સ્વર દીર્ઘ થાય છે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય भ्रमति સાધનિકા भ्रासते પ્રમાણે થશે.

(૪) क्राम्यति = તે ચાલે છે. क्रमू-पादविक्षेपे (૩૮૫) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય क्रामति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે. क्रमो... ૪-૨-૧૦૯ થી क्रम् ધાતુનો સ્વર દીર્ઘ થાય છે.

(૫) क्लाम्यति = તે કરમાય છે. क्लमूच्-ग्लानौ (૧૨૩૭) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય क्लामति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે. ष्ठिवू... ૪-૨-૧૧૦ થી क्लम् ધાતુનો સ્વર દીર્ઘ થાય છે.

(૬) त्रस्यति = તે ડરે છે. त्रसैच्-भये (૧૧૭૧) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય त्रसति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે.

(૭) त्रुट्यति = તે તુટે છે, તે છેદે છે. त्रुटत्-छेदने (૧૪૩૭) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે श પ્રત્યય त्रुटति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે. तुदादेः... ૩-૪-૮૧ થી श વિકરણ લાગશે. અને ગુણ નહીં થાય.

(૮) लष्यति = અભિલાષ કરે છે, ઇચ્છે છે. लषी-कान्तौ (૯૨૭) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય लषति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે.

(૯) यस्यति = તે પ્રયત્ન કરે છે. यसूच्-प्रयत्ने (૧૨૨૨) સાધનિકા भ्रास्यते પ્રમાણે થશે. श्य પ્રત્યય ન થાય ત્યારે शव् પ્રત્યય यसति. સાધનિકા भ्रासते પ્રમાણે થશે.

(૧૦) संयस्यति, संयसति. સાધનિકા यस्यति-यसति પ્રમાણે જાણવી.

✡ સૂત્રમાં यस् ધાતુ લીધો છે છતાં संयस् ફરીથી લીધો તેથી નિયમ થયો કે सम्+यस् ને જ श्य વિકલ્પે થશે. તે સિવાયનાં ઉપસર્ગની સાથે यस् ધાતુ હોય તો श्य પ્રત્યય નિત્ય થશે. દા.ત. आयस्यति, प्रयस्यति.

✡ સૂત્રમાં જણાવેલ કેટલાંક ધાતુ પહેલાં ગણના છે તેમાં श्य લાગવાનો નહોતો તેને વિકલ્પે श्य પ્રત્યયનું બિધાન કર્યું અને કેટલાંક ધાતુઓ ચોથા ગણનાં છે તેમાં श्य નિત્ય લાગવાનો હતો તેને વિકલ્પે લાગશે.

✡ भ्वादि ગણનો "भ्रमू-चलने (૯૭૦)" भ्रम् ધાતુ હોય તો તેને श्य પ્રત્યય લાગતાં भ्रम्यति રૂપ થશે. भ्राम्यति નહીં થાય એટલે કે शम्... ૪-૨-૧૧૧ સૂત્ર નહીં લાગે.

## कुषि-रञ्जेर्व्याप्ये वा परस्मै च । ३-४-७४

**અર્થઃ-** કર્મકર્તરિ પ્રયોગમાં शित् વિષય હોતે છતે कुष् અને रञ्ज् ધાતુથી પરસ્મૈપદ વિકલ્પે થાય છે અને પરસ્મૈપદના યોગમાં श्य થાય છે.

**વિવેચન :-** કર્મકર્તરિ = વ્યાપ્યે = કર્મરૂપ. એટલે કે જે પ્રથમ કર્મ હોય અને પછી તે કર્મ જ કર્તારૂપ બને તે કર્મકર્ત્તરિ કહેવાય.

(૧) कुष्णाति पादं देवदत्तः = દેવદત્ત પગને બહાર ખેંચે છે.

कुषश् - निष्कर्षे (૧૫૬૫)

कुष्+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

कुष्+ना+ति - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

कुष्णाति - र-षृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण्.

આ વાક્યમાં पाद એ કર્મ છે.

✡ कुष्यति कुष्यते वा पादः स्वयमेव = પગ સ્વયં જ ખેંચાય છે.

कुष्+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

कुष्+य+ति - આ સૂત્રથી જ પરસ્મૈપદ થયું તેનાં યોગમાં श्य પ્રત્યય.

कुष्यति. પ્રથમ વાક્યમાં જે કર્મ હતું તેજ पाद આ કર્મકર્ત્તરિ વાક્યમાં કર્તા બન્યું એટલે આ સૂત્રથી પરસ્મૈપદ વિકલ્પે થયું અને તેનાં યોગમાં श्य પ્રત્યય લાગ્યો. પરસ્મૈપદ ન થાય ત્યારે कुष्यते — कुष्+ते, कुष्+य+ते - एक धातौ... ૩-૪-૮૬ થી क्य પ્રત્યય અને આત્મનેપદ થયું છે.

(૨) रजति वस्त्रं रजकः = ધોબી વસ્ત્રને રંગે છે. रञ्जीं - रागे (૮૯૬)

रञ्ज्+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

रञ्ज्+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

रजति - अकट्... ૪-૨-૫૦ થી न् નો લોપ.

આ વાક્યમાં वस्त्र એ કર્મ છે.

✡ रज्यति रज्यते वा वस्त्रं स्वयमेव = વસ્ત્ર સ્વયં જ રંગાય છે.

रञ्ज्+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

रञ्ज्+य+ति - આ સૂત્રથી જ પરસ્મૈપદ થયું તેનાં યોગમાં श्य પ્રત્યય.

रज्यति - नो व्यञ्जन... ૪-૨ ૪૫ થી न् નો લોપ.

પ્રથમ કર્તરિ વાક્યમાં वस्त्र કર્મ હતું તે જ वस्त्र આ કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું તેથી આ સૂત્રથી પરસ્મૈપદ વિકલ્પે થયું અને તેનાં યોગમાં श्य પ્રત્યય લાગ્યો. પરસ્મૈપદ ન થાય ત્યારે रज्यते — रञ्ज्+ते, रञ्ज्+य+ते - रज्यते. एक धातौ... ૩-૪-૮૬ થી क्य પ્રત્યય અને આત્મનેપદ થયું છે. અને नो व्यञ्जन... ૪-૨-૪૫ થી न् નો લોપ થયો છે.

**व्याप्ये कर्त्तरीति किम्** ? कुष्णाति पादं रोगः = રોગ પગને ખેંચે છે. અહીં કર્તરિવાક્ય છે. પણ કર્મકર્ત્તરિ વાક્ય નથી તેથી આ સૂત્રથી પરસ્મૈપદ અને श्य પ્રત્યય થયો નથી.

**शितीति किम्** ? अकोषि = તેણે ખેચ્યું..

कुष्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अकुष्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकुष्+इ - एकधातौ... ૩-૪-૮૬ થી ञि અને આત્મનેપદ.

अकोषि - लघोरु.... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

અહીં શિત્ વિષય નથી તેથી આ સૂત્રથી પરસ્મૈપદ અને श्य પ્રત્યય થયો નથી.

✿ एकधातौ... ૩-૪-૮૬ થી ञि-क्य અને આત્મનેપદ થાય છે એવું વિધાન કર્યું પણ પૂર્વે भाव.... ૩-૪-૬૮ સૂત્રથી જે પ્રમાણે ञिच् આવતાં त નો લોપ થાય છે તે પ્રમાણે અહીં પણ થશે. ૩-૪-૮૪ સૂત્રથી જ્યાં જ્યાં ञि-क्य અને આત્મનેપદનું વિધાન આવે ત્યાં ત્યાં આ રીતે સમજવું.

## स्वादेः श्नुः । ३-४-७५

**અર્થ:-** કર્તરિપ્રયોગમાં વિધાન કરાએલાં શિત્ કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે सु વિગેરે स्वादि ધાતુઓથી श्नु પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) सुनोति = તે સ્નાન કરે છે. षुंगट्-अभिषवे (૧૨૮૬)

सु+ति - तिव्तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

सु+नु+ति - આ સૂત્રથી श्नु પ્રત્યય.

सुनोति - उश्नोः ૪-૩-૨ થી नु નાં उ નો ગુણ ओ.

(૨) सिनोति = તે બાંધે છે. षिंगट्-बन्धने (૧૨૮૭) સાધનિકા ઉપર પ્રમાણે થશે.

ધાતુપાઠમાં ૧૨૮૬ થી ૧૩૧૪ સુધીનાં ધાતુઓ स्वादि ગણનાં છે.

## वाऽक्षः । ३-४-७६

**અર્થ:-** કર્તરિપ્રયોગમાં વિધાન કરાએલાં શિત્ કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે अक्ष् ધાતુથી श्नु પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** (૧) अक्ष्णोति = તે વ્યાપે છે, તે એકઠું કરે છે. अक्षौ-व्याप्तौ-सङ्घाते च (૫૭૦) સાધનિકા सुनोति પ્રમાણે થશે. र-षृवर्णान्नो... ૨-૩-૬૩ થી न् નો ण् થશે. જ્યારે આ સૂત્રથી श्नु પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષે शव् પ્રત્યય થશે. अक्षति - अक्ष्+ति, अक्ष्+अ+ति,

कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય લાગશે.

## तक्षः स्वार्थे वा । ३-४-७७

**અર્થઃ-** કર્તરિપ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે સ્વાર્થમાં વર્તતાં तक्ष् ધાતુથી श्नु પ્રત્યય વિકલ્પે થાય છે.

**વિવેચન :-** स्वार्थः = तनुत्वम् = પાતળું કરવું,છોલવું, તીક્ષ્ણ કરવું વિગેરે.

(૧) तक्ष्णोति - तक्षति = તે પાતળું કરે છે. तक्षौ-तनूकरणे (૫૭૧) સાધનિકા ઉપરનાં अक्ष्णोति-अक्षति પ્રમાણે થશે. ધાતુ પોતાનાં અર્થમાં વર્તતો હોય ત્યારે આ સૂત્ર લાગે છે.

**स्वार्थ इति किम् ?** संतक्षति शिष्यम् = શિષ્યને ઠપકો આપે છે. અહીં ધાતુનો અર્થ तनुत्वम् નથી તેથી આ સૂત્રથી श्य પ્રત્યય થયો નથી પરન્તુ कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય થયો છે.

## स्तम्भू-स्तुम्भू-स्कम्भू-स्कुम्भू-स्कोः श्ना च । ३-४-७८

**અર્થઃ-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે स्तम्भ्, स्तुम्भ् , स्कम्भ् , स्कुम्भ् અને स्कु ધાતુથી श्ना અને श्नु પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) स्तभ्नाति = તે રોકે છે. स्तम्भू - रोधनार्थः (૧૯૮૫)

स्तम्भ्+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

स्तम्भ्+ना+ति - આ સૂત્રથી श्ना પ્રત્યય.

स्तभ्नाति - नो व्यजन.... ૪-૨-૪૫ થી न् (म्) નો લોપ.

श्ना પ્રત્યય ન થાય ત્યારે श्नु પ્રત્યય स्तभ्नोति.

स्तम्भ्+ति - तिव् तस्.... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

स्तम्भ्+नु+ति - આ સૂત્રથી श्नु પ્રત્યય.

स्तम्भ्+नो+ति - उश्नोः ૪-૩-૨ થી नु નાં उ નો ગુણ ओ.

स्तभ्नोति - नो व्यञ्जन....૪-૨-૪૫ થી न् (म्) નો લોપ.

(૨) स्तुभ्नाति, स्तुभ्नोति = તે રોકે છે. स्तुम्भू - रोधनार्थः (૧૯૮૬)

(૩) स्कभ्नाति, स्कभ्नोति = તે રોકે છે. स्कम्भू - रोधनार्थः (૧૯૮૭)

(૪) स्कुभ्नाति, स्कुभ्नोति = તે રોકે છે. स्कुम्भू - रोधनार्थः (૧૯૮૮)

(૫) स्कुनाति , स्कुनोति = તે ઉધ્ધાર કરે છે,તે બહાર કાઢે છે. स्कुंगश् - आप्रवणे (૧૫૧૪) બધાની સાધનિકા स्तभ्नाति, स्तभ्नोति પ્રમાણે થશે.

✿ स्तम्भू, स्तुम्भू, स्कम्भू, અને स्कुम्भू આ ચાર ધાતુઓ સૌત્ર ધાતુ છે. સૂત્રમાં स्तम्भू વિગેરે ધાતુઓમાં ऊदित् કર્યું છે તે क्त्वा પ્રત્યય પર છતાં इट् વિકલ્પે કરવા માટે અને क्त પ્રત્યય પર છતાં इट् નો નિત્ય નિષેધ કરવા માટે છે. क्त પ્રત્યયથી क्तवतू નું પણ ગ્રહણ થાય છે. દા.ત. स्तब्ध्वा, स्तम्भित्वा, स्तब्धः, स्तब्धवान्.

## क्र्यादेः । ३-४-७९

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાયેલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે क्र्यादि ધાતુથી श्ना પ્રત્યય થાય છે.

**વિવેચન :-** (૧) क्रीणाति = તે ખરીદ કરે છે. डुक्रींगृश् - द्रव्यविनिमये (૧૫૦૮)

(૨) प्रीणाति = તે ખુશ થાય છે. प्रींगृश् - तृप्ति-कान्त्योः (૧૫૧૦) સાધનિકા स्तभ्नाति પ્રમાણે થશે. नो व्यञ्जन.... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે. અને रषृ.... ૨-૩-૬૩ થી न् નો ण् થશે.

✿ ધાતુ પાઠમાં ૧૫૦૮ થી ૧૫૬૭ સુધીનાં ધાતુઓ क्र्यादि ગણનાં છે.

## व्यञ्जनाच्छ्नाहेरानः । ३-४-८०

**અર્થ:-** વ્યંજનાન્ત ધાતુથી પર રહેલાં श्ना પ્રત્યયની સાથે हि પંચમી (આજ્ઞાર્થ) નાં પ્રત્યયનો आन આદેશ થાય છે.

**વિવેચન :-** (૧) पुषाण = તું પુષ્ટ કર. पुषश् - पुष्टौ (૧૫૬૪)

पुष्+हि - तुव-ताम्.... ૩-૩-૮ થી हि પ્રત્યય.

पुष्+ना+ हि - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

पुषान - આ સૂત્રથી श्ना સહિત हि નો आन.

पुषाण - र-षृवर्णान्नो.... ૨-૩-૬૩ થી न् નો ण्..

(૨) मुषाण = તું ચોરી કર. मुषश् - स्तेये (૧૫૬૩) સાધનિકા पुषाण પ્રમાણે થશે.

**व्यजनादिति किम् ?** लुनीहि = તું કાપ. लूगृश् - छेदने (૧૫૧૯)

लू+हि - तुव्-ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

लू+ना+हि - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

लुनाहि - प्वादे... ૪-૨-૧૦૫ થી लू નો लु હ્રસ્વ.

लुनीहि - एषामी... ૪-૨-૯૭ થી श्ना નાં आ નો ई આદેશ.

लू ધાતુ સ્વરાન્ત છે વ્યંજનાન્ત નથી તેથી આ સૂત્રથી श्ना સહિત हि નો आन થયો નથી.

**श्नाहेरित्येव** - अश्नाति = તે ખાય છે. अशश् - भोजने (૧૫૫૮) સાધનિકા ૩-૪-૭૮માં બતાવેલ स्तभ्नाति પ્રમાણે થશે. नो व्यञ्जन.... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે. અહીં વ્યંજનાન્ત ધાતુ છે પણ हि પ્રત્યય નથી તેથી આ સૂત્રથી आन આદેશ થયો નથી. श्ना ની સાથે हि પ્રત્યય હોય તો જ આ સૂત્રથી आन આદેશ થાય.

✿ उत्तभ्नुहि = તું રોક, विस्कभ्नुहि = તું રોક. અહીં પણ श्ना પ્રત્યયની સાથે हि પ્રત્યય નથી. श्नु પ્રત્યયની સાથે हि પ્રત્યય છે તેથી આ સૂત્રથી आन થયો નથી. उत्तभ्नुहि માં उदः... ૧-૩-૪૪ થી स्तम्भ् ધાતુના स् 'નો લોપ થયો છે.

## तुदादेः शः । ३-४-८१

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે तुदादि ધાતુથી श પ્રત્યય થાય છે.

**વિવેચન :-** तुदति, तुदते = તે દુઃખી કરે છે. तुदींत्-व्यथने (૧૩૧૫)

तुद्+ति, ते - तिव् तस्....૩-૩-૬થી ति અને ते પ્રત્યય.

तुद्+अ+ति, ते - આ સૂત્રથી श પ્રત્યય.

तुदति, तुदते અહીં शिदवित् ૪-૩-૨૦ થી शित् એવો श પ્રત્યય ङित् મનાતો હોવાથી तुद् ના ઉપાન્ત્ય उ નો ગુણ થતો નથી.

✿ ધાતુપાઠમાં ૧૩૩૫ થી ૧૪૭૨ સુધીનાં ધાતુઓ तुदादि ગણનાં છે.

## रुधां स्वराच्छ्नो नलुक् च । ३-४-८२

**અર્થ:-** કર્તરિ પ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે रुधादि ધાતુઓનાં સ્વરથી પરમાં श्न પ્રત્યય થાય છે. અને તે श्न

પ્રત્યયના યોગમાં પ્રકૃતિના (रुधादि ધાતુઓનાં) न् નો લોપ થાય છે.

**વિવેચન** :- (૧) रुणद्धि = તે રોકે છે. रुधृंपी - आवरणे (૧૪૭૩)

रुध्+ति - तिव्तस्....૩-૩-६ थी तिव् પ્રત્યય.

रुनध्+ति - આ સૂત્રથી रुध् ધાતુમાં સ્વરની પછી श्न પ્રત્યય.

रुनध् + धि - अधश्चतु.... ૨-૧-૭૯ થી त् નો ध्.

रुनद्+धि - तृतीय.... ૧-૩-૪૯ થી ध् નો द्.

रुणद्धि - र-षृवर्णा.... ૨-૩-६૩ થી न् નો ण्.

(૨) हिनस्ति = તે હિંસા કરે છે. हिसु-हिंसायाम् (૧૪૯૪)

हिन्स् - उदितः..... ૪-૪-૯૮ થી न् નો આગમ.

हिन्स्+ति - तिव्तस्..... ૩-૩-६ થી तिव् પ્રત્યય.

हिनस्ति - આ સૂત્રથી સ્વરની પછી न પ્રત્યય અને ધાતુનાં न् નો લોપ.

✡ પ્રત્યયના નકારનાં વિધાન સામર્થ્યથી જ પ્રકૃતિનાં નકારનો લોપ થાય છે.

## कृग्-तनादेरुः । ३-४-८३

**અર્થઃ**- કર્તરિપ્રયોગમાં વિધાન કરાએલાં शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે कृ ધાતુથી અને तनादि ધાતુથી उ પ્રત્યય થાય છે.

**વિવેચન** :- (૧) करोति = તે કરે છે. डुकृंग्-करणे (૮૮૮). સાધનિકા ૩-૩-૨ માં કરેલી છે.

(૨) तनोति = તે વિસ્તાર કરે છે. तनूयी-बिस्तारे (૧૪૯૯)

સાધનિકા करोति પ્રમાણે થશે. नामिनो... ૪-૩-૧ સૂત્ર નહીં લાગે.

✡ तनादि ગણ - तनूयी, षणूयी, क्षणूग्, क्षिणूयी, ऋणूयी, तृणूयी, घृणूयी આ સાત ધાતુ ઉભયપદી છે. वनूयि, मनूयि આ બે ધાતુ આત્મનેપદી છે. तनादि ગણના કુલ નવ ધાતુ છે.

✡ कृग् ધાતુને तनादि ગણમાં ન લેતાં भ्वादि ગણમાં ગ્રહણ કરવાથી शव् પ્રત્યયાન્ત करति રૂપ પણ સિદ્ધ થશે.

જેઓ कृग् ધાતુને तनादि ગણમાં માને છે તેઓનાં મતે तन्भ्यो... ૪-૩-६૮ થી અદ્યતનીમાં બે રૂપ થશે. દા.ત. अकृत, अकृष्ट -

अकृथाः, अकृष्ठाः અને શિત્ કાળમાં शव् પ્રત્યય થાય જ નહીં. પરન્તુ સ્વમતે (અહીં) भ्वादि ગણમાં ગણેલો હોવાથી शव् પ્રત્યય થશે અને અદ્યતનીમાં धुड्... ૪-૩-૭૦ થી નિત્ય सिच् લોપ થવાથી अकृत, अकृथाः એ પ્રમાણે એક જ રૂપ થશે.

## सृजः श्राद्धे ञि-क्यात्मने तथा । ३-४-८४

અર્થઃ- કર્તરિપ્રયોગમાં શ્રદ્ધાવાન કર્તા હોતે છતે सृज् ધાતુથી પર ञि, क्य અને આત્મનેપદ થાય છે. જે પ્રમાણે પૂર્વે વિધાન કરાએલું છે તે પ્રમાણે થાય છે.[भावकर्मणोः ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય અને त નો લોપ થાય છે તે પ્રમાણે અહીં થશે. અને क्यः शिति ૩-૪-૭૦ થી शित् પ્રત્યય લાગે ત્યારે क्य પ્રત્યય થાય છે તે પ્રમાણે અહીં થશે.]

**વિવેચન** :- असर्जि मालां धार्मिकः = ધાર્મિકે(વ્યક્તિએ) માલા બનાવી.

सृजंत् - विसर्गे (૧૩૪૯)

सृज्+त - दिताम्.... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

सृज्+इ - આ સૂત્રથી ञिच् પ્રત્યય અને त નો લોપ.

असृज्+इ - अड्धातो..... ૪-૪-૨૯ થી अट् આગમ.

असर्जि - लघोरु.... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

✿ सृज्यते मालां धार्मिकः = ધાર્મિક(વ્યક્તિ) માળા બનાવે છે.

सृज्+ते - तिव्तस्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

सृज्यते - આ સૂત્રથી क्य પ્રત્યય.

✿ स्रक्ष्यते मालां धार्मिकः = ધાર્મિક(વ્યક્તિ) માળા બનાવશે.

સાધનિકા ૩-૪-૬૯ માં જણાવેલ द्रक्ष्यते પ્રમાણે થશે.

सृअज्+स्यते - अः सृजि... ૪-૪-૧૧૧ થી ऋ થી પર अ આગમ.

स्रज्-स्यते - इवर्णादि.... ૧-૨-૨૧ થી ऋ નો र् આદેશ.

स्रष्+स्यते - यज-सृज.... ૨-૧-૮૭ થી ज् નો ष् આદેશ.

स्रक्+स्यते - षढोः.... ૨-૧-૬૨ થી ष् નો क्.

स्रक्+ष्यते = स्रक्ष्यते - नाम्यन्त.... ૨-૩-૧૫ થી स् નો ष्.

**श्राद्ध इति किम् ?** व्यत्यसृष्ट माले मिथुनम् = મિથુને (જોડલાએ)

પરસ્પર બે માળા બનાવી.

वि+अति+सृज्+त - क्रिया... ૩-૩-૨૩ સૂત્રની સહાયથી
दि-ताम्...૩-૩-૧૧ થી त પ્રત્યય.

व्यति+सृज्+त - इवर्णादे.... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यति+असृज्+त - अड्धातो.... ૪-૪-૨૯ થી अट् આગમ.

व्यति+असृज्+स्+त - सिज.... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

व्यति+असृज्+त - धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

व्यत्यसृज्+त - इवर्णादे.... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यत्यसृष्+त - यजसृज.... ૨-૧-૮૭ થી ज् નો ष्.

व्यत्यसृष्ट - तवर्गस्य.... ૧-૩-૬૦ થી त् નો ट्.

અહીં ક્રિયાવ્યતિહારમાં પ્રયોગ છે અને મિથુનને ભોગની લાલસા છે એટલે ભોગવિષયક શ્રદ્ધાવાળા છે પણ ચિત્તશુદ્ધિની પ્રવૃત્તિ વિશે શ્રદ્ધાવાળા નથી તેથી આ સૂત્રથી ञिच् પ્રત્યય થયો નથી.

## तपेस्तपः कर्मकात् । ३-४-८५

**અર્થઃ-** કર્તરિ પ્રયોગમાં तप કર્મવાળા तप् ધાતુથી પૂર્વે કહ્યા પ્રમાણે ञि, क्य અને આત્મનેપદ થાય છે.

**વિવેચન :-** तप्यते तपः साधुः = સાધુ તપ કરે છે. तपं-संतापे (૩૩૩) સાધનિકા ૩-૪-૮૪ માં જણાવેલ सृज्यते પ્રમાણે થશે.

✡ तेपे तपः साधुः = સાધુએ તપ કર્યો.

तप्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

तेपे - अनादेशा.... ૪-૧-૨૪ થી तप् ના अ નો ए અને દ્વિત્વનો નિષેધ.

અહીં બન્ને ઉદાહરણમાં तप् ધાતુનું કર્મ तप શબ્દ છે તેથી આ સૂત્રથી क्य અને આત્મનેપદ થયું. तपः... ૩-૪-૯૧ સૂત્રથી तप् ધાતુને ञिच् પ્રત્યયનો નિષેધ થતો હોવાથી ञिच् પ્રત્યયનું ઉદાહરણ આ સૂત્રમાં આપેલ નથી.

**तप इति किम् ?** उत्तपति स्वर्णं स्वर्णकारः = સુવર્ણકાર (સોની) સુવર્ણને તપાવે છે. અહીં સોની સુવર્ણને તપાવતો હોવાથી સુવર્ણ એ

કર્મ છે તપ કર્મ નથી તેથી આ સૂત્રથી क्य કે આત્મનેપદ થયું નથી. પણ शव् વિગેરે કાર્ય થવાથી उत्तपति પ્રયોગ થયો છે.

**कर्मेति किम्?** तपः साधुं तपति = તપ સાધુને તપાવે છે. અહીં તપ શબ્દ કર્મ નથી પણ કર્તા છે તેથી આ સૂત્રથી क्य કે આત્મનેપદનાં પ્રત્યયો થયા નથી પણ शव् વિગેરે કાર્ય થવાથી तपति પ્રયોગ થયો છે.

## एकधातौ कर्मक्रिययैकाऽकर्मक्रिये । ૩-૪-૮૬

**અર્થઃ-** એક ધાતુને વિશે પૂર્વે જોએલી કર્મમાં રહેલી ક્રિયાની સાથે વર્તમાનમાં અભિન્ન એવી અકર્મક ક્રિયા છે જેને એવા કર્મકર્તૃરૂપ કર્તરિ પ્રયોગમાં ધાતુથી ञि, क्य અને આત્મનેપદ થાય છે.

**વિવેચન :- एकधातौ** - જે ધાતુનું કર્મ પોતે કર્તા રૂપે થતું હોય તે જ ધાતુને (બીજો કોઈ ધાતુ નહીં અને સમાનાર્થક બીજો ધાતુ પણ નહીં) કર્મ કર્તરિ પ્રયોગમાં ञि, क्य અને આત્મનેપદ થાય છે. એટલે કે - કર્તરિ પ્રયોગનો ધાતુ અને કર્મકર્તરિ પ્રયોગનો ધાતુ એક જ હોવો જોઈએ.

**कर्मक्रिययैका** - કર્તરિ પ્રયોગમાં જે ક્રિયા આપણે જોએલી હોય તે જ ક્રિયા કર્મને કર્તા બનાવતી વખતે પણ પ્રયોગમાં હોવી જોઈએ જુદી જુદી ક્રિયા ન હોવી જોઈએ. એટલે કે જે ક્રિયા કર્તરિ પ્રયોગમાં હોય તે જ ક્રિયા કર્મકર્તરિ પ્રયોગમાં હોવી જોઈએ.

**अकर्मक्रिये** - કર્તરિ પ્રયોગમાં કર્મ હોવાથી ધાતુ સકર્મક હોય છે તે જ ધાતુ કર્મકર્તરિ પ્રયોગમાં કર્મ જ કર્તા રૂપ થતું હોવાથી અકર્મક થઈ જાય છે.

(૧) કર્તરિ - चैत्रः कटम् अकार्षीत् = ચૈત્રે સાદડી બનાવી.

કર્મકર્તરિ - कटः अकारि स्वयमेव = સાદડી સ્વયં જ બની ગઈ.

સાધનિકા ૩-૪-૬૮ સૂત્રમાં જણાવેલ अकारि પ્રમાણે થશે.

કર્તરિ વાક્યમાં कट એ કર્મ છે તે જ कट કર્મ કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે. તેથી આ સૂત્રથી कृ ધાતુને ञिच् પ્રત્યય થયો છે.

(૨) કર્તરિ - चैत्रः कटम् करोति = ચૈત્ર કટ કરે છે.

કર્મકર્તરિ - कटः क्रियते स्वयमेव = સાદડી સ્વયં જ બને છે.

સાધનિકા ૩-૩-૨૧ માં કરેલી છે. અહીં કર્તરિ વાક્યમાં कट એ કર્મ

છે તે જ कट કર્મ કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી कृ ધાતુને क्य પ્રત્યય થયો છે.

(૩) કર્તરિ - चैत्रः कटम् करिष्यति = ચૈત્ર કટને કરશે.

કર્મકર્તરિ - कटः करिष्यते स्वयमेव = સાદડી સ્વયં જ બનશે.

कृ+स्यते - स्यति.... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

कृ+इ+स्यते - हनृतः.... ૪-૪-૪૯ થી इट् આગમ.

करिस्यते - नामिनो.... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

करिष्यते - नाम्यन्त.... ૨-૩-૧૫ થી स् નો ष्.

અહીં કર્તરિ વાક્યમાં कट એ કર્મ છે તે જ कट કર્મ કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી कृ ધાતુને આત્મનેપદનો પ્રત્યય થયો છે.

**एकधातावीति किम् ?** કર્તરિ - चैत्रः ओदनं पचति = ચૈત્ર ચોખા રાંધે છે.

કર્મકર્તરિ - सिध्यति ओदनः स्वयमेव = ચોખા પોતે જ(એની મેળે જ) રંધાય છે. (સિઝી જાય છે.)અહીં કર્તરિ વાક્યમાં ओदन એ કર્મ છે અને કર્મકર્તરિ વાક્યમાં તે જ ओदनं કર્તા બન્યું છે પણ બન્ને વાક્યનાં ધાતુ સમાનાર્થક હોવા છતાં જુદાં જુદાં છે તેથી આ સૂત્રથી ञि, क्य કે આત્મનેપદનાં પ્રત્યયો થયા નથી.

**कर्मक्रिययेति किम् ?** કર્તરિ - साधु असिना छिनत्ति = તલવાર વડે સારૂં કાપે છે. કરણકર્તરિ – साधु असिः छिनत्ति स्वयमेव = તલવાર પોતે જ સારૂં કાપે છે. તલવાર એવી ધારવાળી છે કે જાણે પોતે જ કાપે છે. અહીં કર્તરિ વાક્યમાં असि એ કરણ છે અને કરણકર્તરિ વાક્યમાં તે જ असि એ કર્તા બન્યું છે એકધાતુ હોવા છતાં કરણકર્તરિ વાક્ય હોવાથી આ સૂત્રથી ञि, क्य અને આત્મનેપદનાં પ્રત્યયો થયાં નથી.

**एकक्रिय इति किम् ?** કર્તરિ - स्रवति उदकं कुण्डिका = કુંડી પાણીને ઝરાવે છે. કર્મકર્તરિ -स्रवति उदकं कुण्डिकायाः = કુંડીમાંથી પાણી ઝરે છે. કર્તરિ વાક્યમાં उदक એ કર્મ છે અને કર્મકર્તરિ

વાક્યમાં તે જ उदक કર્તા બન્યું છે પણ બન્ને વાક્યની ક્રિયા એક નથી જુદી જુદી છે. પહેલાં વાક્યમાં પાણીને વિસર્જિત કરે છે. એવી ક્રિયા છે અને બીજા વાક્યમાં પાણી બહાર કાઢે છે એવી ક્રિયા છે. તેથી આ સૂત્રથી એકધાતુ હોવા છતાં ञि, क्य અને આત્મનેપદનાં પ્રત્યયો થયા નથી.

**अकर्मक्रिय इति किम्** ? કર્તરિ - देवदत्तः कुशुलं भिनत्ति = દેવદત્ત કોઠીને ભેદે છે. કર્મકર્તરિ - भिद्यमानः कुशुलः पात्राणि भिनत्ति = ભેદાતી કોઠી પાત્રોને ભાંગે છે. કર્તરિ વાક્યમાં कुशुल એ કર્મ છે અને કર્મકર્તરિ વાક્યમાં તે જ कुशुल કર્તા છે ધાતુ પણ બન્ને વાક્યમાં એક જ છે પણ કર્મકર્તરિ વાક્યમાં કોઠી સ્વયં ભેદાતી નથી પણ ભેદાતી એવી કોઠી બીજા વાસણોને ભેદે છે (ભાંગી નાંખે છે) તેથી કર્મકર્તરિ વાક્યમાં ધાતુ અકર્મક નથી પણ पात्र રૂપ કર્મવાળો છે તેથી આ સૂત્રથી ञि, क्य અને આત્મનેપદનાં પ્રત્યયો થયાં નથી.

## पचि-दुहेः । ३-४-८७

**અર્થઃ-** એક ધાતુને વિશે પૂર્વે જોએલી કર્મમાં રહેલી ક્રિયાની સાથે વર્તમાનમાં અભિન્ન એવી અકર્મકક્રિયા અથવા સકર્મકક્રિયા છે જેને એવા કર્મકર્તૃરૂપ કર્તરિપ્રયોગમાં पच् અને दुह् ધાતુથી ञि, क्य અને આત્મનેપદ થાય છે. વિશેષાર્થ ૩-૪-૮૬ સૂત્રમાં જણાવેલ પ્રમાણે જાણવો.

**વિવેચન :-** અકર્મક पच् ધાતુ.

(૧) કર્તરિ - चैत्रः ओदनम् अपाक्षीत् = ચૈત્રે ચોખા રાંધ્યા.

કર્મકર્તરિ - ओदनः अपाचि स्वयमेव = ચોખા સ્વયં જ (પોતે જ) રંધાયા. अपाचि ની સાધનિકા ૩-૪-૬૮માં જણાવેલ अकारि પ્રમાણે થશે પરન્તુ कृ માં नामिनो.... ૪-૩-૫૧ થી વૃદ્ધિ થઈ છે જ્યારે અહીં पच् માં ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે.

કર્તરિ વાક્યમાં ओदन કર્મ છે અને કર્મકર્તરિ વાક્યમાં એ જ ओदन કર્તા છે. બંને વાક્યમાં ધાતુપણ એક જ છે તેથી આ સૂત્ર થી ञि પ્રત્યય થયો છે.

(૨) કર્તરિ - चैत्रः ओदनं पचति = ચૈત્ર ભાત રાંધે છે.

કર્મકર્તરિ - ओदनः पच्यते स्वयमेव = ચોખા એની મેળે જ રંધાય છે.

पच्यते માં આ સૂત્રથી क्य લાગીને રૂપ સિદ્ધ થશે. કર્તરિ વાક્યમાં ओदन જે કર્મ છે તે જ ओदन કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી क्य પ્રત્યય થયો છે.

(૩) કર્તરિ - चैत्रः ओदनं पक्ष्यति = ચૈત્ર ભાત રાંધશે.

કર્મકર્તરિ - ओदनः पक्ष्यते स्वयमेव = ભાત પોતે એની મેળે જ રંધાશે.

पच्+स्यते - स्यति.... ૩-૩-૧૫થી स्यते પ્રત્યય.

पक्+स्यते - चजः.... ૨-૧-૮૬ થી च् નો क्.

पक्+ष्यते = पक्ष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

કર્તરિ વાક્યમાં ओदन જે કર્મ છે તે જ ओदन કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

✡ **અકર્મક दुह् ધાતુ -**

(૧) કર્તરિ - चैत्रः गां अदुग्ध = ચૈત્રે ગાયને દોહી.

કર્મકર્તરિ - गौः अदोहि स्वयमेव = ગાય એની મેળે જ દોહવાઈ.

સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે.પરન્તુ વૃદ્ધિની પ્રાપ્તિ ન હોવાથી लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ થશે.કર્તરિ વાક્યમાં गो એ કર્મ છે અને કર્મકર્તરિ વાક્યમાં એ જ गो કર્તા છે તેથી આ સૂત્રથી ञि પ્રત્યય થયો છે.

(૨) કર્તરિ - चैत्रः गां दोग्धि = ચૈત્ર ગાયને દોહે છે.

કર્મકર્તરિ - गौः दुग्धे स्वयमेव = ગાય એની મેળે જ દોહવાય છે.

दुह्+ते - तिव् तस्.... ૩-૩-૬ થી ते પ્રત્યય.

दुघ्+ते - भ्वादे... ૨-૧-૮૩ થી ह् નો घ्.

दुघ्+धे - अधश्चतु.... ૨-૧-૭૯ થી त् નો ध्.

दुग्धे - तृतीय... ૧-૩-૪૯ થી घ् નો ग्.

✡ दुह् ધાતુ भूषार्थ... ૩-૪-૯૩ થી किरादि ગણપાઠમાં આવતો હોવાથી તેને કર્મકર્તરિ પ્રયોગમાં ञि અને क्य પ્રત્યય ન થાય. તેથી અહીં क्य

પ્રત્યયાંતનું ઉદાહરણ આપેલ નથી. તો પ્રશ્ન એમ થાય કે ञि પ્રત્યયાંતનું अदोहि ઉદાહરણ કેમ આપ્યું છે. તેના જવાબમાં એ કે नकर्मणा ञिच् ૩-૪-૮૮ સૂત્ર બનાવ્યું તેથી એમ સાબિત થયું કે કર્મનાં યોગમાં જ્યારે दुह् ધાતુ હોય ત્યારે ञि પ્રત્યય ન થાય પણ અકર્મક दुह् ધાતુ હોય ત્યારે ञि પ્રત્યય થશે. "परात् नित्यं" એ ન્યાયથી ૩-૪-૯૩ સૂત્ર કરતાં ૩-૪-૮૮ સૂત્ર બળવાન બનશે. અને જ્યારે અકર્મક दुह् ધાતુ હશે ત્યારે "स्वर दुहो वा" ૩-૪-૯૦ સૂત્રથી ञि વિકલ્પે થશે તેથી अदोहि અને अदुग्ध એમ બે પ્રયોગ થઈ શકશે.

✡ મધ્યમવૃત્તિ અવચૂરિ માં આ રીતે પાઠ છે કે - " दुहि पच्योः कर्मणि प्रयोगे उत्तर सूत्रेण " न कर्मणा ञिच् " इत्यनेन ञिचो निषेधं वक्ष्यति इति ञिचः प्रयोगो न दर्शितः । तथा अविशेषेण दुहेर्ञिचो विकल्पं क्यस्य च प्रतिषेधं वक्ष्यति इति न क्यप्रयोगो दर्शितः । "

(૩) કર્તરિ - चैत्रः गां धोक्ष्यति = ચૈત્ર ગાયને દોહશે.

કર્મકર્તરિ - गौः धोक्ष्यते स्वयमेव = ગાય એની મેળે જ દોહવાશે.

दुह्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય.

दोह्+स्यते - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

दोघ्+स्यते - भ्वादे... ૨-૧-૮૩ થી ह् નો घ्.

धोघ्+स्यते-ग-ड-द... ૨-૧-૭૭ થી આદિ द् નો ध्.

धोक्+स्यते - अघोषे... ૧-૩-૫૦ થી घ् નો क्.

धोक्+ष्यते = धोक्ष्यते - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

કર્તરિ વાક્યમાં गो એ કર્મ છે તે જ गो કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

✡ **સકર્મક पच् ધાતુ -**

(૧) કર્તરિ - उदुम्बरं फलं पचति वायुः = વાયુ ઉદુમ્બરનાં ફળને પકવે છે.

કર્મકર્તરિ - उदुम्बरः फलं पच्यते स्वयमेव = ઉદુમ્બર ફળને સ્વયં પકવે છે. पच्यते ની સાધનિકા સુગમ છે. કર્તરિ વાક્યમાં उदुम्बर એ કર્મ છે તે જ કર્મકર્તરિ વાક્યમાં કર્તા બન્યું છે. પણ पच् ધાતુ फल કર્મથી યુક્ત છે તેથી આ સૂત્રથી क्य પ્રત્યય થયો છે.

(૨) कर्तरि-उदुम्बरं फलं अपाक्षीत् वायुः=ઉદુમ્બરનાં ફળને વાયુ એ પકાવ્યું.

कर्मकर्तरि - उदुम्बरः फलं अपक्त स्वयमेव=ઉદુમ્બરે ફળને સ્વયં પકાવ્યું.

पच्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

पच्+स्+त - सिज.... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

पच्+त - धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

पक्त - चजः... ૨-૧-૮૬ થી च् નો क्.

अपक्त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् નો આગમ.

कर्तरि પ્રયોગમાં उदुम्बर એ કર્મ છે તે જ कर्मकर्तरि પ્રયોગમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે. न कर्मणा... ૩-૪-૮૮ થી કર્મનો યોગ હોય તો ञि પ્રત્યય થતો નથી તેથી ञि પ્રત્યયનું ઉદાહરણ બતાવ્યું નથી.

(૩) कर्तरि - उदुम्बरं फलं पक्ष्यति वायुः = વાયુ ઉદુમ્બરનાં ફળને પકાવશે.

कर्मकर्तरि - उदुम्बरः फलं पक्ष्यते स्वयमेव = ઉદુમ્બર પોતે જ ફળને પકાવશે. पक्ष्यते ની સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં પણ अपक्त ની જેમ આત્મનેપદ થયું છે

✡ **સકર્મક दुह् ધાતુ** -

(૧) कर्तरि - गोपालकः गां पयो दोग्धि = ગોવાળ ગાયનાં દુધને દોહે છે.

कर्मकर्तरि - गौः पयो दुग्धे स्वयमेव = ગાય દુધને પોતે જ દોહે છે(આપે છે.) दुग्धे ની સાધનિકા ઉપર પ્રમાણે થશે. कर्तरि પ્રયોગમાં गो એ કર્મ છે તે જ कर्मकर्तरि વાક્યમાં કર્તા બન્યું છે. પણ दुह् ધાતુ पयस् કર્મથી યુક્ત છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે. પણ भूषार्थ... ૩-૪-૯૩ થી क्य પ્રત્યયનો નિષેધ થવાથી क्य પ્રત્યયનું ઉદાહરણ આપ્યું નથી.

(૨) कर्तरि - गोपालकः गां पयो अधुक्षत् = ગોવાળે ગાયનાં દુધને દોહ્યું.

कर्मकर्तरि - गौः पयो अदुग्ध स्वयमेव = ગાયે સ્વયં દુધને દોહ્યું(આપ્યું.)

दुह्+त-दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

दुह्+स+त - ह-शिटो... ૩-૪-૫૫ થી सक् પ્રત્યય.

दुह्+त - दुह... ૪-૩-૭૪ થી सक् નો લોપ.

अदुह्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अदुघ्+त - भ्वादे... ૨-૧-૮૩ થી ह् નો घ्.

अदुघ्+ध - अधश्चतु... ૨-૧-૭૯ થી त् નો ध्.

अदुग्ध - तृतीय... ૧-૩-૪૯ થી घ् નો ग्.

કર્તરિ પ્રયોગમાં गो એ કર્મ છે તે જ કર્મકર્તરિ પ્રયોગમાં કર્તા બન્યું છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે. न कर्मणा... ૩-૪-૮૮ થી સકર્મક दुह् ધાતુથી ञि પ્રત્યય થતો નથી તેથી ञि પ્રત્યયનું અહીં ઉદાહરણ બતાવ્યું નથી.

(૩) કર્તરિ - गोपालकः गां पयो धोक्ष्यति = ગોવાળ ગાયનાં દુધને દોહશે.

કર્મકર્તરિ - गौः पयो धोक्ष्यते स्वयमेव = ગાય સ્વયં દુધને દોહશે.(આપશે.) धोक्ष्यते ની સાધનિકા ઉપર પ્રમાણે થશે. કર્તરિ પ્રયોગમાં गो એ કર્મ છે તે જ કર્મકર્તરિ પ્રયોગમાં કર્તા બન્યું છે. તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

✿ અહીં ત્રણે ઉદાહરણમાં આત્મનેપદનાં જ પ્રત્યય થયા છે પણ જુદા જુદા કાળને બતાવવા માટે ત્રણ પ્રયોગો બતાવ્યા છે.

✿ લઘુવૃત્તિમાં જે दुह्यते પ્રયોગ દર્શાવ્યો છે તે બીજા કોઈ પુસ્તકોમાં નથી અને भूषार्थ... ૩-૪-૯૩ થી क्य નો નિષેધ થતો હોવાથી પ્રયોગ થતો પણ નથી. બધાં પુસ્તકોમાં दुह्यते ને બદલે दुग्धे વર્તમાનકાળનો આત્મનેપદનો પ્રયોગ વાપર્યો છે. જે ઈષ્ટ લાગે છે.

## न कर्मणा ञिच् । ३-४-८८

**અર્થઃ-** પૂર્વસૂત્રમાં કહેલ ञिच् પ્રત્યય કર્મકર્તરિમાં કર્મનો યોગ હોતે છતે पच् અને दुह् ધાતુથી થતો નથી.

**વિવેચન :-** (૧) કર્તરિ - उदुम्बरं फलं अपाक्षीत् वायुः = વાયુએ ઉદુમ્બરનાં ફળને પકાવ્યું.

કર્મકર્તરિ - उदुम्बरः फलं अपक्त स्वयमेव = ઉદુમ્બરે(વૃક્ષે)પોતે જ ફળને પકાવ્યું.

સાધનિકા ઉપરનાં पच् ધાતુનાં સકર્મકનાં ઉદાહરણ પ્રમાણે જાણવી.

(૨) કર્તરિ - गोपालकः गां पयो अधुक्षत् = ગોવાળે ગાયનાં દુધને દોહ્યું.

કર્મકર્તરિ - गौः पयो अदुग्ध स्वयमेव = ગાયે દુધને પોતે જ દોહ્યું (આપ્યું.) અહીં पच् ધાતુ ને फल કર્મનો યોગ છે. અને दुह् ધાતુને पयस् કર્મનો યોગ છે તેથી આ સૂત્રથી ञिच् પ્રત્યય ન થતાં ૩-૩-૮૭ સૂત્રથી આત્મનેપદનાં પ્રત્યય થયાં છે. સાધનિકા ઉપરનાં दुह् ધાતુનાં સકર્મકનાં ઉદાહરણ પ્રમાણે જાણવી.

**कर्मणेति किम् ?** अपक्त ओदनं चैत्रः = ચૈત્રે ઓદન(ભાત) રાંધ્યો.

કર્મકર્તરિ - अपाचि ओदनः स्वयमेव = ભાત સ્વયં જ રંધાયો. સાધનિકા ૩-૪-૮૭ સૂત્રમાં જણાવ્યાં પ્રમાણે થશે. અહી કર્મકર્તરિ પ્રયોગમાં કર્મની સાથે पच् ધાતુનો યોગ ન હોવાથી ૩-૪-૮૭ સૂત્રથી ञिच् પ્રત્યય થયો છે.

**अनन्तरोक्ते कर्तरित्येव** - अपाचि उदुम्बरः फलं वायुना = વાયુવડે ઉદુમ્બરનું ફલ પકાવાયું. સાધનિકા ૩-૪-૮૭ સૂત્રમાં જણાવ્યા પ્રમાણે થશે. અહી पच् ધાતુને કર્મનો યોગ છે પણ કર્મકર્તરિ પ્રયોગમાં નથી કર્મણિપ્રયોગમાં છે તેથી આ સૂત્રથી ञिच् પ્રત્યયનો કર્મકર્તરિમાં નિષેધ થાય છે પણ भाव-कर्मणोः ૩-૪-૬૮ થી કર્મણિપ્રયોગમાં ञिच् પ્રત્યય થયો છે. એ જ પ્રમાણે अदोहि गौः पयो गोपालकेन = ગોવાળવડે ગાયનું દુધ દોહવાયું. એમ કર્મણિ પ્રયોગમાં ञिच् પ્રત્યય થયો છે.

## रुधः । ३-४-८९

**અર્થઃ-** પૂર્વોક્ત સૂત્રથી (૩-૪-૮૬ સૂત્રથી)કર્મકર્તરિમાં વિધાન કરાએલો ञिच् પ્રત્યય रुध् ધાતુને થતો નથી.

**વિવેચન :-** કર્તરિ - चैत्रः गां अरुद्ध = ચૈત્રે ગાયને અટકાવી.

કર્મકર્તરિ - गौः अरुद्ध स्वयमेव = ગાય સ્વયં જ અટકી.

*સાધનિકા ૩-૪-૮૭ માં જણાવેલ* अदुग्ध પ્રમાણે થશે. માત્ર भ्वादे.... ૨-૧-૮૩ સૂત્ર નહીં લાગે.

**अनन्तरोक्ते कर्तरित्येव** - अरोधि गौः गोपालकेन = ગોવાળવડે ગાય અટકાવાઈ આ કર્મણિ પ્રયોગ છે. તેથી भाव-कर्मणोः ૩-૪-૬૮ થી रुध् ધાતુને ञिच् પ્રત્યય થયો છે. કર્મકર્તરિ પ્રયોગ હોય તો જ આ સૂત્રથી ञिच् પ્રત્યયનો નિષેધ થાય છે.

## स्वर-दुहो वा । ३-४-९०

અર્થઃ- સ્વરાન્ત ધાતુને અને दुह् ધાતુને પૂર્વોક્ત સૂત્રથી (૩-૪-૮૬ અને ૩-૪-૮૭ સૂત્રથી )કર્મકર્તરિમાં વિધાન કરાએલો ञिच् પ્રત્યય વિકલ્પે નિષેધ થાય છે.

વિવેચન :- (१) કર્તરિ - चैत्रः कटं अकृत = ચૈત્રે સાદડી બનાવી.

કર્મકર્તરિ - अकृत, अकारि कटः स्वयमेव = સાદડી સ્વયં જ બની ગઈ.

- अकृत ની સાધનિકા ૩-૪-૮૭માં જણાવેલ अपक्त પ્રમાણે થશે. માત્ર चजः.. ૨-૧-૮૬ સૂત્ર નહીં લાગે. अकारि ની સાધનિકા भाव... ૩-૪-૬૮માં જણાવેલ પ્રમાણે થશે. અહી एकधातौ... ૩-૪-૮૬ સૂત્રથી સ્વરાન્ત ધાતુને કર્મકર્તરિ પ્રયોગમાં ञिच् પ્રત્યયની નિત્ય પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો.

(૨) કર્તરિ - गोपालकः गां अदुग्ध = ગોવાળે ગાયને દોહી.

કર્મકર્તરિ - गौ अदुग्ध, अदोहि स्वयमेव = ગાય સ્વયં દોહવાઈ.

- अदुग्ध ની સાધનિકા ૩-૪-૮૭ માં જણાવ્યા પ્રમાણે થશે.
- अदोहि ની સાધનિકા ૩-૪-૬૮ માં જણાવ્યા પ્રમાણે થશે.
- અહી एकधातौ... ૩-૪-૮૬ સૂત્રથી અકર્મકમાં ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી પણ पच् અને दुह् ધાતુ માટે ૩-૪-૮૭ સૂત્ર બનાવ્યું તેથી અકર્મક કે સકર્મક બન્ને પ્રકારનાં दुह् ધાતુને ञिच् પ્રત્યયની પ્રાપ્તિ થઈ. પણ भूषार्थ...૩-૪-૯૩ સૂત્રથી किरादि અન્તર્ગત दुह् ધાતુને ञिच् નો નિષેધ થયો તેથી न कर्मणा... ૩-૪-૮૮ સૂત્રની રચના કરવાથી એમ સાબિત થયું કે કર્મનાં યોગમાં दुह् ધાતુને ञिच् ન થાય એટલે અકર્મકનાં યોગમાં ञिच् પ્રત્યય થાય તેથી परान्नित्यं એ ન્યાયથી ૩-૪-૯૩ થી નિષેધ થવાં છતાં ૩-૪-૮૮ સૂત્ર બનાવતાં અકર્મક दुह् ને ञिच् પ્રત્યય થશે. પણ ૩-૪-૯૦ સૂત્રથી અકર્મક दुह् ધાતુને ञिच्

પ્રત્યય થશે તો ખરો પણ વિકલ્પે થશે. તેથી અહીં કર્મકર્તરિ પ્રયોગમાં બે પ્રયોગો દર્શાવ્યા છે. ૩-૪-૮૭ સૂત્રમાં આ જ વાત કરેલી છે. પણ અહીં ફરી કરવી યોગ્ય લાગવાથી કરી છે.

**अनन्तरोक्ते कर्तरित्येव** - अकारि कटः चैत्रेण = ચૈત્ર વડે કટ કરાઈ. अदोहि गौः वल्लवेन = ગોવાળ વડે ગાય દોહવાઈ. અહીં કર્મણિ પ્રયોગ છે તેથી भाव...૩-૪-૬૮થી ञिच् પ્રત્યય થયો છે.

## तपः कर्त्रनुतापे च । ३-४-९१

**અર્થ:-** કર્મકર્તરિ પ્રયોગમાં, કર્તરિપ્રયોગમાં અને અનુતાપ(પસ્તાવો)અર્થ ગમ્યમાન હોય તો तप् ધાતુથી ञिच् પ્રત્યય ન થાય.

**વિવેચન :- (૧) કર્મકર્તરિ પ્રયોગમાં ञिच् પ્રત્યયનો નિષેધ -**

કર્તરિ - चैत्रः कितवं अन्ववातप्त = ચૈત્રે ધૂર્તને પીડા કરી.

કર્મકર્તરિ - कितवः अन्ववातप्त स्वयमेव = ધૂર્ત સ્વયં જ પીડા પામ્યો.

अनु+अव+तप्+त - दि-ताम्.... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अन्वव+तप्+त - इवर्णादि... ૧-૨-૨૧ થી उ નો व्.

अन्वव+तप्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अन्वव+तप्+त - धुड्... ૩-૪-૭૦ થી सिच् નો લોપ.

अन्वव+अतप्त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अन्ववातप्त - समानानां... ૧-૨-૧ થી अ + अ = आ.

एकधातौ... ૩-૪-૮૬ સૂત્રથી ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેથી अन्ववातापि ન થતાં अन्ववातप्त એ પ્રમાણે ૩-૪-૮૬ થી જ આત્મનેપદ થયું છે.

**(૨) કર્તરિ પ્રયોગમાં ञिच् પ્રત્યયનો નિષેધ -**

अतप्त तपांसि साधुः = સાધુએ તપ તપ્યાં.(કર્યા.) સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં तपे... ૩-૪-૮૫ સૂત્રથી ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી अतापि ન થતાં अतप्त એ પ્રમાણે આત્મનેપદ ૩-૪-૮૫ સૂત્રથી જ થયું છે.

**(૩) અનુતાપ અર્થમાં ભાવમાં ञिच् પ્રત્યયનો નિષેધ-**

अन्वतप्त चैत्रण = ચૈત્ર વડે પશ્ચાતાપ કરાયો. સાધનિકા ઉપર પ્રમાણે થશે. भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેથી तत्साप्या... ૩-૩-૨૧ થી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

(૪) **અનુતાપ અર્થમાં કર્મણિપ્રયોગમાં ञिच् પ્રત્યયનો નિષેધ -**

अन्ववातप्त पापः स्वकर्मणा = પાપીએ પોતાનાં કર્મવડે પસ્તાવો કર્યો. સાધનિકા ઉપર પ્રમાણે થશે. भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો. તેથી तत्साप्या... ૩-૩-૨૧ થી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

✿ અહીં કર્તરિ પ્રયોગમાં અને કર્મકર્તરિ પ્રયોગમાં સાનુતાપ અને અનનુતાપ કોઈ પણ અર્થ હોય તો પણ ञिच् પ્રત્યયનો નિષેધ થશે. જ્યારે સૂત્રમાં અનુતાપ અર્થ જુદો ગ્રહણ કરવાથી કર્મણિપ્રયોગ અને ભાવે પ્રયોગમાં તો અનુતાપ અર્થ હોય ત્યારે જ ञिच् પ્રત્યયનો નિષેધ થશે. અનુતાપ સિવાયનો અર્થ હોય તો કર્મણિપ્રયોગ અને ભાવેપ્રયોગમાં भाव... ૩-૪-૬૮ સૂત્રથી ञिच् પ્રત્યય થશે.

**कर्त्रनुतापे चेति किम् ?** अतापि पृथिवी राज्ञा = રાજા વડે પૃથ્વી તપી. અહીં તપવું એટલે પૃથ્વીને શોભાવવી એવો અર્થ ગમ્યમાન છે પણ કર્તાનો અનુતાપ અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી કર્મણિ પ્રયોગમાં ञिच् પ્રત્યયનો નિષેધ ન થવાથી भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય થયો છે. अतापि ની સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે. ૪-૩-૫૧ ને બદલે ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે.

## णि-स्नुश्र्यात्मनेपदाऽकर्मकात् । ३-४-९२

**અર્થઃ-** णि પ્રત્યયાન્ત ધાતુથી, स्नु અને श्रि ધાતુથી તેમ જ આત્મનેપદવિધિમાં (જણાવેલ) અકર્મક ધાતુથી કર્મકર્તરિ પ્રયોગમાં ञिच् પ્રત્યય ન થાય.

**વિવેચન :-** (૧) पचति ओदनं चैत्रः = ચૈત્ર ભાત રાંધે છે. આ કર્તરિ વાક્ય છે.

तं चैत्रं पचन्तं प्रायुङ्क्त मैत्रः = રાંધતા એવા તે ચૈત્રને મૈત્રે પ્રેરણા કરી.

अपीपचत् ओदनं चैत्रेण मैत्रः = મૈત્રે ચૈત્ર પાસે ભાત રંધાવ્યા. આ णिग् અવસ્થાનું વાક્ય છે.

अपीपचत ओदनः स्वयमेव = ભાત સ્વયં જ રંધાયા. આ કર્મકર્તરિ

વાક્ય છે.

पच्+णिग् - 'प्रयोक्तृ...૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पाचि - ञ्णिति - ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

पाचि+त - दि-ताम्...૩-૩-૧૧ થી त પ્રત્યય.

अपाचि+त - अड्धातो...૪-૪-૨૯ થી अट् આગમ.

अपाचि+अ+त - णि-श्रि...૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

अपापाचि+अ+त - आद्योंश...૪-૧-૨થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

अपपाचि+अ+त - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

अपपचि+अ+त - उपान्त्यस्या...૪-૨-૩૫ થી पच् ધાતુનો સ્વર હ્રસ્વ.

अपपचि+अ+त - असमान...૪-૧-૬૩ થી સન્વદ્ભાવ.

अपिपचि+अ+त - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વના अ નો इ.

अपीपचि+अ+त - लघोर्दी...૪-૧-૬૪ થી પૂર્વનો इ દીર્ઘ.

अपीपचत - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

અહીં एकधातौ... ૩-૪-૮૬ સૂત્રથી ञिच् પ્રત્યયની પ્રાપ્તિનો આ સૂત્રથી નિષેધ થયો તેથી ૩-૪-૮૬ થી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

✡ यदि वा स्वयं पच्यमान ओदनः स्वं - आत्मानं प्रायुङ्क्त तत्रापि अपीपचत ओदनः स्वयमेव इति । અથવા જો રંધાતો એવો ભાત પોતે જ પોતાને પ્રેરણા કરે ત્યાં પણ આ પ્રમાણે જ પ્રયોગ થશે.

(૨) णि થી णिच् નું પણ ગ્રહણ થાય.

चैत्रः गां चोरयति = ચૈત્ર ગાયને ચોરે છે. આ કર્તરિવાક્ય છે.

तं चैत्रं चोरयन्तं प्रायुङ्क्तः मैत्रः = ચોરતાં એવા ચૈત્રને મૈત્રે પ્રેરણા કરી.

अचूचुरत् गां चैत्रेण मैत्रः = મૈત્રે ચૈત્ર પાસે ગાય ચોરાવી. આ णिग् અવસ્થાનું વાક્ય છે.

अचूचुरत गौः स्वयमेव = ગાય સ્વયં જ ચોરાઈ. આ કર્મકર્તરિ વાક્ય છે. સાધનિકા अपीपचत પ્રમાણે જાણવી.

(૩) प्राश्नावीत् गां देवदत्तः = દેવદત્તે ગાયને ઝરાવી. આ કર્તરિ વાક્ય છે.

प्राश्नोष्ट•गौः स्वयमेव = ગાય સ્વયં ઝરી. स्नुक् - प्रश्नवने (१०८૩) આ કર્મકર્તરિ વાક્ય છે. અહીં एकधातौ... ૩-૪-૮૬ થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ થી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

प्र+स्नु+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

प्र+स्नु+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

प्र+अस्नु+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

प्रास्नु+स्+त - समानानां... ૧-૨-૧ થી अ + अ = आ.

प्रास्नो+स्+त - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्रास्नोष्+त - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

प्रास्नोष्ट - तवर्गस्य... ૧-૩-૬૦થી त् નો ट्.

(૪) उदशिश्रियत् दण्डं दण्डी = દંડીએ દંડ ઉંચો કર્યો. આ કર્તરિ વાક્ય છે.

उदशिश्रियत दण्डः स्वयमेव = દંડ સ્વયં ઉંચો થયો. આ કર્મકર્તરિ વાક્ય છે. સાધનિકા णि-श्रि... ૩-૪-૫૮ માં જણાવેલ अशिश्रियत् પ્રમાણે થશે. અહીં एकधातौ... ૩-૪-૮૬ થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિનો આ સૂત્રે નિષેધ કર્યો છે તેથી ૩-૪-૮૬ થી જ આત્મનેપદનો પ્રત્યય થયો.

(૫) व्यकार्षीत् सैन्धवं चैत्रः = ચૈત્રે ઘોડાને સુંદર ચાલે ચલાવ્યો. આ કર્તરિ વાક્ય છે.

व्यकृत सैन्धवः स्वयमेव = ઘોડો સ્વયં સુંદર ચાલ ચાલ્યો. આ કર્મકર્તરિ વાક્ય છે. સાધનિકા पचि... ૩-૪-૮૭ માં જણાવેલ अपक्त પ્રમાણે થશે. चजः कगम् સૂત્ર નહીં લાગે. અહીં एकधातौ...૩-૪-૮૬ થી ञिच् પ્રત્યયની પ્રાપ્તિનો આ સૂત્રથી નિષેધ થયો છે અને वेःकृगः... ૩-૩-૮૫ થી અકર્મક ધાતુને આત્મનેપદનું વિધાન હોવાથી ૩-૪-૮૬ સૂત્ર થી જ કર્મકર્તરિ પ્રયોગમાં આત્મનેપદ થયું છે.

આત્મેનપદવિધિમાં અકર્મક વિષયમાં અન્ય ઉદાહરણ આ પ્રમાણે છે.

(૧) अवधीत् गां गोपः = ગોવાળે ગાયને હણી. આ કર્તરિ વાક્ય છે.

आहत गौः स्वयमेव = ગાય સ્વયં હણાઈ. આ કર્મકર્તરિ વાક્ય છે. અહીં आङो...૩-૩-૮૬ થી અકર્મક ધાતુને આત્મનેપદનું વિધાન છે

तेथी एकधातौ...૩-૪-૮૬ થી આત્મનેપદ થયું. ञिच् નો આ સૂત્રથી નિષેધ થયો.

(૨) व्यताप्सीत् पृथ्वीं रविः = સૂર્યે પૃથ્વીને તપાવી.આ કર્તરિ વાક્ય છે. व्यतप्त पृथ्वी स्वयमेव = પૃથ્વી સ્વયં તપી. આ કર્મકર્તરિ વાક્ય છે. અહીં व्युदस्तपः ૩-૩-૮૭ થી અકર્મક ધાતુને આત્મનેપદનું વિધાન છે તેથી एकधातौ... ૩-૪-૮૬ થી આત્મનેપદ થયું. ञिच् નો આ સૂત્રથી નિષેધ થયો.

## भूषार्थ-सन्-किरादिभ्यश्च ञि-क्यौ । ३-४-९३

**અર્થ:-** भूषा અર્થવાળા ધાતુથી, सन् પ્રત્યયાન્ત ધાતુથી, किरादि ગણપાઠમાંનાં ધાતુથી, ण्यन्त ધાતુથી, स्नु ધાતુથી, श्रि ધાતુથી, અને આત્મેનપદવિધિમાં (જણાવેલ) અકર્મક ધાતુથી કર્મકર્તરિ પ્રયોગમાં ञि અને क्य પ્રત્યય ન થાય.

**વિવેચન :-** (૧) अलमकार्षीत् कन्यां चैत्रः = ચૈત્રે કન્યાને શણગારી.

अलमकृत कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાઈ. સાધનિકા ૩-૪-૮૭ માં જણાવેલ अपक्त પ્રમાણે થશે. આ અદ્યતન ભૂતકાળનો કર્મકર્તરિ પ્રયોગ છે.

(૨) अलंकरोति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારે છે.

अलंकुरुते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાય છે. સાધનિકા ૩-૩-૭૬ માં જણાવેલ उत्कुरुते પ્રમાણે થશે. આ વર્તમાનકાળનો કર્મકર્તરિ પ્રયોગ છે.

(૩) अलंकरिष्यति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારશે.

अलंकरिष्यते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાશે. સાધનિકા ૩-૪-૮૬ માં જણાવેલ करिष्यते પ્રમાણે થશે. આ ભવિષ્યકાળનો કર્મકર્તરિ પ્રયોગ છે.

एकधातौ... ૩-૪-૮૬ થી પ્રાપ્ત ञिच् અને क्य પ્રત્યયનો આ-સૂત્રે નિષેધ કર્યો છે તેથી एकधातौ... ૩-૪-૮૬ થી જ માત્ર આત્મનેપદનાં પ્રત્યયો થશે. એ જ પ્રમાણે भूषार्थ માં परिष्कृ, भूष्, मण्ड વિગેરેનાં ઉદાહરણ નીચે પ્રમાણે છે.

(૪) पर्यस्कार्षीत् कन्यां चैत्रः = ચૈત્રે કન્યાને શણગારી.

पर्यस्कृत कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાઈ. અદ્યતન ભૂતકાળ છે.

(૫) परिष्करोति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારે છે.

परिष्कुरुते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાય છે. વર્તમાનકાળ છે.

(૬) परिष्करिष्यति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારશે.

परिष्करिष्यते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાશે. ભવિષ્યકાળ છે.

(૭) अबूभुषत् कन्यां छात्रः = છાત્રે કન્યાને શણગારી.

अबूभुषत कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાઈ. અદ્યતન ભૂતકાળ છે.

(૮) भूषयति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારે છે.

भूषयते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાય છે. વર્તમાનકાળ છે.

(૯) भूषयिष्यति कन्यां चैत्रः = ચૈત્ર કન્યાને શણગારશે.

भूषयिष्यते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાશે. ભવિષ્યકાળ છે.

(૧૦) अममण्डत् कन्यां छात्रः = છાત્રે કન્યાને શણગારી.

अममण्डत कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાઈ. અદ્યતન ભૂતકાળ છે.

(૧૧) मण्डयति कन्यां छात्रः = છાત્ર કન્યાને શણગારે છે.

मण्डयते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાય છે. વર્તમાનકાળ છે.

(૧૨) मण्डयिष्यति कन्यां छात्रः = છાત્ર કન્યાને શણગારશે.

मण्डयिष्यते कन्या स्वयमेव = કન્યા સ્વયં શણગારાશે. ભવિષ્યકાળ છે.

**सन् પ્રત્યયાન્ત -**

(૧) अचिकीर्षीत् कटं चैत्रः = ચૈત્રે કટ કરવાની ઈચ્છા કરી.

अचिकीर्षिष्ट कटः स्वयमेव = કટ સ્વયં કરવાની ઈચ્છાનો વિષય બની.

चिकीर्ष સુધી ૩-૪-૨૧ માં જણાવ્યા પ્રમાણે થશે.

चिकीर्ष+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

चिकीर्ष+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अचिकीर्ष+स्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अचिकीर्ष+इ+स्त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अचिकीर्षिस्त - अतः ૪-૩-૮૨ થી ધાતુનાં अ નો લોપ.

अचिकीर्षिष्त - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

अचिकीर्षिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

एकधातौ...૩-૪-૮૬ સૂત્રથી ञिच् અને क्य પ્રત્યયની પ્રાપ્તિનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ સૂત્રથી માત્ર આત્મનેપદનાં પ્રત્યયો થયાં. અહીં સન્નન્તઅદ્યતન ભૂતકાળનો પ્રયોગ છે.

(૨) चिकीर्षति कटं चैत्रः = ચૈત્ર કટ કરવાની ઈચ્છા કરે છે.

चिकीर्षते कटः स्वयमेव = કટ સ્વયં કરવાની ઈચ્છાનો વિષય બને છે. સાધનિકા ૩-૪-૨૧ સૂત્રમાં જણાવેલ चिकीर्षति પ્રમાણે થશે. અહીં સન્નન્ત વર્તમાનકાળનો પ્રયોગ છે.

(૩) चिकीर्षिष्यति कटं चैत्रः = ચૈત્ર કટ કરવાની ઈચ્છા કરશે.

चिकीर्षिष्यते कटः स्वयमेव = કટ સ્વયં કરવાની ઈચ્છાનો વિષય બનશે. चिकीर्ष સુધી ૩-૪-૨૧ માં જણાવ્યા પ્રમાણે થશે. પછી स्ताद्य... ૪-૪-૩૨ થી इट्, अतः ૪-૩-૮૨ થી अ નો લોપ અને नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष् થવાથી પ્રયોગ સિદ્ધ થશે. અહીં સન્નન્ત ભવિષ્યકાળનો પ્રયોગ છે.

**किरादि ગણપાઠનાં ધાતુ -**

(૧) अकारीत् पांसुं करी = હાથીએ ધૂળ ફેંકી. कृत्-विक्षेपे (૧૩૩૪)

अकीर्ष्ट पांसुः स्वयमेव = ધૂળ સ્વયં ફેંકાઈ.

कृ+त - दि-ताम्...૩-૩-૧૧ થી त પ્રત્યય.

कृ+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

कृ+स्+त - ऋवर्णात् ૪-૩-૩૬ થી सिच् ને किद्वद्भाव.

किर्+स्त - ॠतां...૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

कीर्-स्त - भ्वादे...૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

कीर्+ष्त - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

अकीर्ष्त - अड्धातो... ४-४-२९ थी अट् આગમ.

अकीर्ष्ट - तवर्गस्य... १-३-६० थी त् नो ट्.

एकधातौ... ३-४-८६ સૂત્રથી ञिच् અને क्य પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ થી માત્ર આત્મનેપદનો જ પ્રત્યય થયો છે. આ અદ્યતનભૂતકાળનો પ્રયોગ છે.

(२) कीर्यात् पांसुं करी = હાથી ધૂળ ઉછાળે.

कीर्षीष्ट पांसुः स्वयमेव = ધૂળ સ્વયં ઉછળે.

कृ+सीष्ट - क्यात्... ३-३-१३ थी सीष्ट પ્રત્યય.

कृ+सीष्ट - ऋवर्णात् ४-३-३६ थी सीष्ट ने કિદ્વદ્ભાવ.

किर्+सीष्ट - ॠतां... ४-४-११६ थी ॠ नो इर्.

कीर्+सीष्ट - भ्वादे... २-१-६३ थी इर् नो इ દીર્ઘ.

कीर्षीष्ट - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

एकधातौ... ३-४-८६ થી ञिच् અને क्य પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ થી માત્ર આત્મનેપદનો જ પ્રત્યય થયો છે. આ આશીર્વાદનો પ્રયોગ છે.

(३) किरति पांसुं करी = હાથી ધૂળ ઉછાળે છે.

किरते पांसुः स्वयमेव = ધૂળ સ્વયં ઉછળે છે.

कृ+ते - तिव् तस्... ३-३-६ थी ते પ્રત્યય.

कृ+अ+ते - तुदादेःशः ३-४-८१ थी श પ્રત્યય.

कृ+अ+ते - शिदवित् ४-३-२० थी श પ્રત્યય ङिद्वद्.

किरते - ॠतां... ४-४-११६ थी ॠ नो इर्.

एकधातौ... ३-४-८६ થી ञिच् અને क्य ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ થી માત્ર આત્મનેપદનો જ પ્રત્યય થયો છે. આ વર્તમાનકાળનો પ્રયોગ છે.

(४) अगारीत् ग्रासं चैत्रः = ચૈત્રે કોળિયો ખાધો, ગળ્યો. अगीर्ष्ट ग्रासः स्वयमेव = કોળિયો સ્વયં ગળાયો. गृत् - निगरणे (१३३५)

સાધનિકા अकीर्ष्ट પ્રમાણે થશે.

(૫) गीर्यात् ग्रासं चैत्रः = ચૈત્ર કોળિયો ગળે. गीर्षीष्ट ग्रासः स्वयमेव = કોળિયો સ્વયં ગળાય. સાધનિકા कीर्षीष्ट પ્રમાણે થશે.

(૬) गिरति ग्रासं चैत्रः = ચૈત્ર કોળિયાને ગળે છે. गिरते ग्रासः स्वयमेव = કોળિયો સ્વયં ગળાઈ જાય છે.

(૭) दोग्धि गां पयो गोपः = ગોવાળ ગાયનાં દૂધને દોહે છે.

दुग्धे गौः पयो स्वयमेव = ગાય દૂધને પોતેજ આપે છે.

दुह् ધાતુનાં પ્રયોગો ૩-૪-૮૭ સૂત્રમાં વિસ્તારથી આપેલા છે. બધા પ્રયોગો ત્યાંથી સમજી લેવાં

(૮) अवोचत् कथां चैत्रः = ચૈત્રે કથાને કહી. ब्रूग्क्-व्यक्तायां वाचि (૧૧૨૫) अवोचत कथा स्वयमेव = કથા સ્વયં કહેવાઈ. સાધનિકા ૩-૪-૬૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

(૯) अश्रन्थीत् मालां मालिकः = માળીએ માળા ગુંથી. श्रथुङ्-शैथिल्ये (૭૧૭).

अश्रन्थिष्ट माला स्वयमेव = માળા સ્વયં ગુંથાઈ.

श्रथ्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી આત્મનેપદનો त પ્રત્યય.

श्रन्थ्+त - उदितः... ૪-૪-૯૮ થી न् નો આગમ.

अश्रन्थ्+त - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अश्रन्थ्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अश्रन्थि+स्+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अश्रन्थिष्त - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

अश्रन्थिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

(૧૦) अग्रन्थित् ग्रन्थं विद्वान् = વિદ્વાને ગ્રંથ ગુંથ્યો. ग्रथुङ्-कौटिल्ये (૭૧૮)

अग्रन्थिष्ट ग्रन्थः स्वयमेव = ગ્રંથ સ્વયં ગુંથાયો. સાધનિકા अश्रन्थिष्ट પ્રમાણે થશે. श्रन्थ् અને ग्रन्थ् ધાતુ युजादि, क्र्यादि, चुरादि આ ત્રણે ગણનાં ગ્રહણ થશે.

(૧૧) अनंसीत् दण्डं दण्डी = દંડીએ દંડ નમાવ્યો. णमं-प्रह्वत्वे (૩૮૮)

अनंस्त दण्डः स्वयमेव = દંડ સ્વયં નમ્યો.

नम्+त - दि-ताम्... ૩-૩-૬ થી त પ્રત્યય.

नम्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अनम्+स्+त - अड्धातो...૪-૪-૨૯ થી अट् આગમ.

अनंस्त - तौमुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

✡ कृ, गृ, दुह्, ब्रू, श्रन्थ्, ग्रन्थ्, અને नम् આ સાત ધાતુ કિરાદિ ગણનાં છે.

**ण्यन्त ધાતુ -**

(૧૨) कारयति कटं चैत्रः = ચૈત્ર કટ કરાવે છે. कारयते कटः स्वयमेव = કટ સ્વયં કરાય છે. સાધનિકા ૩-૪-૨૦ માં જણાવેલ कारयति પ્રમાણે થશે. આ પ્રેરક પ્રયોગ છે.

(૧૩) चोरयति गां चैत्रः = ચૈત્ર ગાયને ચોરાવે છે. चोरयते गौः स्वयमेव = ગાય સ્વયં ચોરાય છે. સાધનિકા ૩-૪-૧૭ માં જણાવેલ चोरयति પ્રમાણે થશે. આ બન્ને ઉદાહરણમાં एकधातौ... ૩-૪-૮૬ થી क्य પ્રત્યયની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે. તેથી ૩-૪-૮૬ થી માત્ર આત્મનેપદનો જ પ્રત્યય થયો છે. णि થી णिग् અને णिच् બંનેનું ગ્રહણ થાય છે.

(૧૪) प्रस्नौति गां चैत्रः = ચૈત્ર ગાયને ઝરાવે છે. प्रस्नुते गौः स्वयमेव = ગાય સ્વયં ઝરે છે. एकधातौ... ૩-૪-૮૬ થી પ્રાપ્ત क्य પ્રત્યયનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ થી આત્મનેપદનો જ પ્રત્યય થયો. સાધનિકા સુગમ છે.

(૧૫) उच्छ्रयति दण्डं दण्डी = દંડી દંડ ઉંચો કરે છે.

उच्छ्रयते दण्डः स्वयमेव = દંડ સ્વયં ઉંચો થાય છે.

उद्+श्रि+ते - तिव्तस्...૩-૩-૬ થી ते પ્રત્યય.

उद्+श्रि+अ+ते - कर्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

उद्+श्रे+अ+ते - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

उद्+श्रयते - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

उत्+श्रयते - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

उत्+छ्रयते - प्रथमाद... ૧-૩-૫ થી श् નો छ्.

उच्छ्र्यते - तवर्गस्य... ૧-૩-૬૦ થી छ् નાં યોગમાં त् નો च्.

एकधातौ... ૩-૪-૮૬ થી પ્રાપ્ત क्य પ્રત્યયનો આ સૂત્રે નિષેધ કર્યો તેથી ૩-૪-૮૬ સૂત્રથી આત્મનેપદનો જ પ્રત્યય થયો છે.

(૧૬) विकरोति सैन्धवान् चैत्रः = ચૈત્ર ઘોડાઓને સુંદર ચલાવે છે.

विकुर्वते सैन्धवाः स्वयमेव = ઘોડાઓ સ્વયં સુંદર ચાલે છે.

સાધનિકા ૩-૩-૮૫ માં જણાવ્યા પ્રમાણે છે. કર્મકર્તરિ પ્રયોગમાં एकधातौ... ૩-૪-૮૬ થી પ્રાપ્ત क्य પ્રત્યયનો આ સૂત્રથી નિષેધ થવાથી ૩-૪-૮૬ થી જ આત્મનેપદનો પ્રત્યય થયો છે. આત્મનેપદવિધિમાં અકર્મક ધાતુનું ઉદાહરણ છે.

✡ સૂત્રમાં किरादिभ्यः એ પ્રમાણે બહુવચન છે તે શિષ્ટપ્રયોગને અનુસરવા માટે છે.

✡ ૩-૪-૯૨ થી ૩-૪-૯૩મું સૂત્ર જુદું કરવાથી णि-स्नुश्र्यात्मनेपदाऽकर्मकात् સૂત્રમાં કહેલાં ण्यन्त વિગેરે ધાતુઓને અનુબંધ રહિત ञि ના ગ્રહણથી ञिच् નો જ નિષેધ થશે પણ ञिट् નો નિષેધ નહીં થાય.

✡ ण्यन्त વિગેરે ધાતુઓને ૩-૪-૯૨ સૂત્રથી ञिच् પ્રત્યયનો નિષેધ થયેલો છે તેથી આ સૂત્રમાં માત્ર क्य પ્રત્યયનો નિષેધ બતાવ્યો છે.

## करणक्रियया क्वचित् । ३-४-९४

**અર્થ:-** એક ધાતુને વિષે પૂર્વે જોએલી કરણમાં રહેલી ક્રિયાની સાથે વર્તમાનમાં અભિન્ન એવી અકર્મક ક્રિયા છે જેને એવા કરણકર્તૃરૂપ કર્તરિ પ્રયોગમાં ધાતુથી ञि, क्य અને આત્મનેપદ ક્વચિત્ (ક્યારેક) થાય છે.

**વિવેચન :-** કર્તરિ - परिवारयन्ति कण्टकैः पुरुषाः वृक्षम् = પુરુષો કાંટા વડે વૃક્ષને વીંટે છે.

કરણકર્તરિ - परिवारयन्ते कण्टकाः वृक्षं स्वयमेव = કાંટા સ્વયં વૃક્ષને વીંટે છે.

परि+वृ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

परिवारि - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

परिवारि-अन्ते - तिव्तस्... ३-३-६ थी अन्ते प्रत्यय.

परिवारि+अ+अन्ते - कर्तर्य... ३-४-७१ थी शव् प्रत्यय.

परिवारे+अ+अन्ते - नामिनो... ४-३-१ थी इ नो ગુણ ए.

परिवारय्+अ+अन्ते - एदैतो... १-२-२३ थी ए नो अय्.

परिवारयन्ते - लुगस्या... २-१-११३ थी પૂર્વનાં अ નો લોપ.

અહીં કર્તરિપ્રયોગમાં જે કરણ છે તે જ कण्टक કરણ-કરણકર્તરિ વાક્યમાં કર્તા બને છે તેથી આ સૂત્રથી આત્મનેપદનો પ્રત્યય થયો છે. આ સૂત્રથી પ્રાપ્ત क्य પ્રત્યયનો ઉપરનાં ૩-૪-૯૩ સૂત્રથી નિષેધ થાય છે.

**क्वचिदिति किम् ?** साधु असिना छिनत्ति = તલવાર વડે સારું છેદે છે. साधु असिः छिनत्ति = તલવાર સારું છેદે છે. અહીં કરણ કર્તા રૂપે બન્યું છે પણ ક્વચિત્ આત્મનેપદ થતું હોવાથી અહીં આત્મનેપદ થયું નથી.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान*

*स्वोपज्ञशब्दानुशासनलधुवृत्तौ तृतीयस्याध्यायस्य*

*चतुर्थः पादः समाप्तः* ॥ ३ - ४ ॥

*प्रतापतपनः कोऽपि, मौलराजेर्नवोऽभवत् ।*
*रिपुस्त्रीमुखपद्मानां, न सेहे यः किल श्रियम् ॥*

अर्थ - મૂલરાજરાજાના પુત્રનો પ્રતાપરૂપી સૂર્ય (કોઈ)નવો થયો છે. ખરેખર જે શત્રુઓની સ્ત્રીઓનાં મુખરૂપી કમલની શોભાને સહન કરી શકતો નથી. (સૂર્ય તો કમલોની શોભાને વધારે છે જ્યારે આ પ્રતાપરૂપી સૂર્ય મુખરૂપી કમલની શોભાને વધારતો તો નથી પણ સહન પણ કરી શકતો નથી.)

॥ अर्हम् ॥

# चतुर्थस्याऽध्यायस्य प्रथमः पादः

## द्विर्धातुः परोक्षा ङे प्राक् तु स्वरे स्वरविधेः । ४-१-१

**અર્થઃ-** પરોક્ષાનાં પ્રત્યયો અને ङे પ્રત્યય પરમાં હોતે છતે ધાતુ દ્વિત્વ થાય છે. પણ દ્વિત્વનાં નિમિત્તભૂત સ્વરાદિ પ્રત્યય પરમાં હોતે છતે સ્વરનાં કાર્યથી પહેલાં દ્વિત્વ થાય છે. એટલે કે સ્વરાદિ પ્રત્યય પર છતાં પહેલાં ધાતુ દ્વિત્વ થાય છે અને પછી સ્વરવિધિ થાય છે.

**વિવેચન** - (૧) पपाच = તેણે રાંધ્યું. डुपचींष्- पाके (૮૯૨)

સાધનિકા धातो... ૩-૪-૪૬ માં કરેલી છે.

(૨) अचकमत = તેણે ઈચ્છા કરી. कमूङ् - कान्तौ (૭૮૯)

સાધનિકા णि-श्रि... ૩-૪-૫૮ માં આપેલી છે.

धातुरिति किम् ? प्राशिश्रियत् = આશ્રય કર્યો. સાધનિકા णि-श्रि... ૩-૪-૫૮ માં કરેલી છે. અહીં प्र ઉપસર્ગ છે ધાતુ નથી તેથી प्र ઉપસર્ગનું દ્વિત્વ થયું નથી. સૂત્રમાં ધાતુ દ્વિત્વ થાય છે એમ કહ્યું છે તેથી માત્ર श्रि ધાતુ જ દ્વિત્વ થશે.

प्रागिति किम् ? चक्रतुः = બે જણાએ કર્યું.

कृ+अतुस् - णव्... ૩-૩-૧૨ થી अतुस् પ્રત્યય.

कृकृ+अतुस् - આ સૂત્રથી ધાતુ દ્વિત્વ.

ककृ+अतुस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चकृ+अतुस् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चक्रतुस् - इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्.

सोरुः, रःपदान्ते... થી चक्रतुः થશે.

સૂત્રમાં સ્વરવિધિ પહેલાં દ્વિત્વ કાર્ય કરવું એમ કહ્યું તેથી અહીં પ્રથમ દ્વિત્વ કર્યું અને પછી સ્વરવિધિ - इवर्णा... ૧-૨-૨૧ થી ऋ નો र् કર્યો. જો પહેલાં સ્વરવિધિ થઈ હોત તો क्र નું દ્વિત્વ થાત અને च्क्रतुः

એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

✿ . એજ પ્રમાણે पा ધાતુનું पपौ રૂપ થાય છે. અહીં પરોક્ષાનો णव् (अ) પ્રત્યય સ્વરાદિ છે તેથી आतो... ૪-૨-૧૨૦ થી णव् નો औ અને ऐदौत्... ૧-૨-૧૨ થી आ+औ=औ કરવો એ સ્વરવિધિ છે. પહેલાં पा ધાતુનું દ્વિત્વ કર્યું અને પછી સ્વરવિધિ કરી તેથી पपौ રૂપ સિદ્ધ થયું. તેના બદલે જો પહેલાં સ્વરવિધિ કરીને पा ધાતુનો पौ કરે અને પછી આ સૂત્રથી દ્વિત્વ કરે તો पौ નું દ્વિત્વ થવાથી પૂર્વના पौ નું હ્રસ્વ पु થાય તેથી पपौ ને બદલે पुपौ અનિષ્ટ રૂપ થાત.

स्वर इति किम् ? जेघ्रीयते = તે વારંવાર સૂંઘે છે.

घ्रां-गन्धोपादाने (૩) भृशं पुनः पुनः वा जिघ्रति इति

घ्रा+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

घ्रीय - घ्राध्मो... ૪-૩-૯૮ થી घ्रा નાં आ નો ई.

घ्रीघ्रीय - सन्य... ૪-૧-૩ આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

घीघ्रीय - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

गीघ्रीय - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં घ् નો ग्.

जीघ्रीय - गहोर्जः ૪-૧-૪૦ થી ग् નો ज्.

जेघ्रीय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં ई નો ગુણ ए.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી जेघ्रीयते પ્રયોગ થશે.

સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરવિધિ પહેલાં દ્વિત્વ થાય છે એમ કહ્યું છે. પણ અહીં વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તો દ્વિત્વ કર્યા પહેલાં સ્વરવિધિ કરી તેથી जेघ्रीयते રૂપની સિદ્ધિ થઈ જો વ્યંજનાદિ પ્રત્યય પર છતાં પણ પહેલાં દ્વિત્વ કર્યું હોત તો घ्रा ધાતુ જ દ્વિત્વ થાત અને जाघ्रीयते અનિષ્ટ રૂપ થાત.

स्वरविधेरिति किम् ? शुशाव = ગયો, વધ્યો, સોજો આવ્યો.

ट्वोश्वि-गतिवृद्ध्योः (૯૯૭)

श्वि+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

शु+अ - वा परोक्षा... ૪-૧-૯૦ થી સ્વર સહિત वि નું य्वृत् उ.

शू+अ - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય ય્વૃત્ દીર્ઘ.

शूशू+अ - આ સૂત્રથી ધાતુ દ્વિત્વ.

शुशू+अ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

शुशौ+अ - नामिनो... ૪-૩-૫૧ થી ऊ ની વૃદ્ધિ औ.

शुशाव - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

સ્વરાદિ પ્રત્યય પર છતાં સ્વરવિધિ પહેલાં દ્વિત્વ થાય છે એમ સૂત્રમાં કહ્યું છે. પણ અહીં ય્વૃત્ કરવું તે સ્વરવિધિ નથી તેથી પહેલાં ય્વૃત્ કર્યા પછી દ્વિત્વ કરવાથી शुशाव રૂપ સિદ્ધ થાય. જો પ્રથમ દ્વિત્વ કાર્ય કર્યું હોત તો શ્વિ દ્વિત્વ થાત. અનાદિ વ્યંજનનો લોપ થઈને शिश्वि થાત. અને પછી સ્વર-વ્યંજન વિધિ રૂપ ય્વૃત્ નું કાર્ય થાય તો शुशाव ને બદલે शिशाव એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત. અહીં સ્વર અને વ્યંજન બંનેનું કાર્ય થવું તે ય્વૃત્ છે.

✡ જ્યાં સુધી દ્વિત્વનો અધિકાર છે ત્યાં સુધી "प्राक् तु स्वरे स्वरविधेः" દરેક સૂત્રોમાં જાણવું. તેથી આટલું સૂત્ર અધિકારસૂત્ર પણ કહેવાય છે. જો આવું પદ ઉત્તર સૂત્રમાં ન લીધું હોત તો ૪-૧-૪ માં બતાવેલ आटिटत् પ્રયોગ સિદ્ધ ન થાત.

## आद्योऽश एकस्वरः । ४-१-२

**અર્થઃ-** પરોક્ષાનાં પ્રત્યયો અને ङ પ્રત્યય પરમાં હોતે છતે અનેકસ્વરી ધાતુનો આદ્ય એકસ્વરી અવયવ દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (૧) जजागार = તે જાગ્યો. जागृक्-निद्राक्षये (૧૦૯૩)

સાધનિકા ૩-૪-૪૯ સૂત્રમાં આપેલી છે.

(૨) अचीकणत् = તે કાણો થયો, તેણે એક આંખ મીંચી.

कणम् - निमीलने (૧૩૩૭)

कण्+णिच् - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

काणि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

काणि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

काणि+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

काकाणि+अ+द् - આ સૂત્રથી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

ककाणि+अ+द् - ह्रस्वः ४-१-३९ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

चकाणि+अ+द् - कङश्चञ् ४-१-४६ થી પૂર્વનાં क् નો च्

अचकाणि+अ+द् - अड्धातो.... ४-४-२९ થી अट् આગમ.

अचकणि+अ+द् - भ्राजभास... ४-२-३६ થી आ નું હ્રસ્વ अ.

अचकणि+अ+द् - असमान... ४-१-६३ થી सन्वद् ભાવ.

अचिकणि+अ+द् - सन्यस्य ४-१-५९ થી પૂર્વનાં अ નો इ.

अचीकणि+अ+द् - लघो... ४-१-६४ થી પૂર્વનો સ્વર દીર્ઘ.

अचीकणद् - णेरनिटि ४-३-८३ થી णिच् નો લોપ.

अचीकणत् - विरामे वा १-३-५१ થી द् નો त्.

(૩) अचकाणत् = તે કાણો થયો, તેણે એક આંખ મીંચી.

अचकाणि+अ+द् સુધી ઉપર પ્રમાણે થશે.

अचकाणद् - णेरनिटि ४-३-८३ થી णिच् નો લોપ.

अचकाणत् - विरामे वा १-३-५१ થી द् નો त्.

भ्राजभास... ४-२-३६ થી काण् નાં आ નો अ વિકલ્પે થાય છે. તેથી જ્યારે आ નો अ ન થાય ત્યારે अचकाणत् રૂપ થશે. કેમકે सन्वत् કાર્ય પણ નહીં થાય. લઘુ ક્ષર પરમાં હોય તો જ ४-१-६३ થી सन्वद् ભાવ થાય પણ अचकाणत् માં च ની પછી का એ ગુરુઅક્ષર છે તેથી सन्वत् કાર્ય થયું નથી.

(૪) अचीकरत् = કરાવ્યું. સાધનિકા ૩-૪-૫૮ માં કરેલી છે.

✿ અહીં બધા ધાતુ અનેકસ્વરી હોવાથી આ સૂત્રથી આદ્ય એકસ્વરાંશ જ દ્વિત્વ થયો છે.

## सन्-यङश्च । ४-१-३

**અર્થ:-** सन् પ્રત્યયાન્ત અને यङ् પ્રત્યયાન્ત ધાતુનો આદ્ય એકસ્વરી અવયવ દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (१) तितिक्षते = તે ક્ષમા કરે છે. तिजि-क्षमानिशानयोः (૬૬૭)

સાધનિકા गुप्... ૩-૪-૫ સૂત્રમાં કરેલી છે. અહીં सन् પ્રત્યય ઈચ્છા અર્થમાં નથી પણ સ્વાર્થમાં છે.

(૨) पापच्यते = તે વારંવાર રાંધે છે. અથવા તે ઘણું રાંધે છે.

સાધનિકા क्रिया... ૩-૩-૩ માં કરેલી છે.

✿ સૂત્રમાં च નું ગ્રહણ પૂર્વે કહેલાં નિમિત્તોનાં સમુચ્ચય માટે છે. અને ઉત્તરસૂત્ર માટે છે. તેથી ઉત્તરસૂત્રથી પરોક્ષામાં, ङे માં, सन्नन्त માં અને यङन्त માં યથાસંભવ દ્વિત્વ થાય છે.

✿ આ સૂત્રમાં "सनि यङि च" એ પ્રમાણે સપ્તમી ન કરતાં ષષ્ઠી કરી છે તે ઉત્તરસૂત્ર માટે છે. તેથી प्रतीषिषति માં ૪-૧-૪ સૂત્રથી स નું દ્વિત્વ થયું. નહીં તો सन् અને यङ् પરમાં રહેતાં જો દ્વિત્વ થાય એમ કહ્યું હોત તો इ નું દ્વિત્વ થાત प्रतीषिषति ની સાધનિકા तुमर्हा... ૩-૪-૨૧ સૂત્રમાં કરેલી છે. આ ઉત્તરસૂત્ર માટે છે. આ સૂત્રને વિષે પણ ષષ્ઠીનું ફળ बोभोति ઇત્યાદિ यङ्लुबन्त નાં ઉદાહરણમાં यङ् નો લોપ થવા છતાં પણ सन्यङश्च એમ ષષ્ઠી માનીને આદ્ય એકસ્વરાંશની દ્વિરુક્તિ થઈ શકી છે.

## स्वराऽऽदेर्द्वितीयः । ४-१-४

**અર્થઃ-** દ્વિત્વ પામવાને યોગ્ય સ્વરાદિ ધાતુનો એકસ્વરી દ્વિતીય અંશ દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (૧) अटिटिषति = તે ભટકવાને ઈચ્છે છે. अट्-गतौ (૧૯૪)

अट्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अटिस - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अटिटिस - આ સૂત્રથી દ્વિતીયઅંશ દ્વિત્વ.

अटिटिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી अटिटिषति પ્રયોગ થશે.

(૨) अशाश्यते = તે વારંવાર ખાય છે અથવા તે ઘણું ખાય છે.

સાધનિકા अट्य... ૩-૪-૧૦ માં કરેલી છે.

**प्राक् तु स्वरे स्वरविधेरित्येव —** आटिटत् = તેણે ભમાડ્યો.

अट्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आटि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

आटि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

आटि+ङ+द् - णि-श्रि.... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

अटि+अ+द् - उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अटिटि+अ+द् - આ સૂત્રથી टि દ્વિત્વ.

आटिटि+अ+द् - स्वरादेः... ૪-૪-૩૧ થી આદિસ્વરની વૃદ્ધિ.

आटिटद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

आटिटत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

અહીં સ્વરાદિ પ્રત્યય પર છતાં પહેલાં દ્વિત્વ કરવું અને પછી સ્વરવિધિ કરવી એવું કહેલું હોવાથી णिग् નો લોપ કરવો તે સ્વરવિધિ છે તેથી લોપ કરતાં પહેલાં આ સૂત્રથી टि નું દ્વિત્વ થયું અને પછી णिग् નો લોપ થયો તેથી आटिटत् રૂપની સિદ્ધિ થઈ. જો પહેલાં સ્વરવિધિ થાય તો णिग् નો લોપ થવાથી अट् ધાતુનાં ट् ની દ્વિરુક્તિ થાત તો आटिटत् રૂપ ન થતાં आट्टत् એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

## न ब-द-नं संयोगाऽऽदिः । ४-१-५

**અર્થઃ**- સ્વરાદિ ધાતુનાં સંયુક્ત એકસ્વરી દ્વિતીય અંશની આદિમાં રહેલા ब्-द् અને न् દ્વિત્વ થતાં નથી.

**વિવેચન** - उब्जिजिषति = તે સરળ રહેવાને ઈચ્છે છે. उब्जत्-आर्जवे (૧૩૪૮)

उब्ज्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

उब्जिस - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

उब्जिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

उब्जिजिष - स्वरा... ૪-૧-૪ થી એકસ્વરી દ્વિતીયઅંશ દ્વિત્વ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી उब्जिजिषति પ્રયોગ થશે.

અહીં સંયોગની આદિમાં ब् છે તેનું દ્વિત્વ થયું નથી.

(૨) अड्डिडिषति = તે જોડવાની ઈચ્છા કરે છે. अद्ड - अभियोगे (૨૫૭) સાધનિકા ઉપર પ્રમાણે છે. અહીં સંયોગની આદિમાં द् છે તેથી આ સૂત્રથી द् ની દ્વિરુક્તિ થઈ નથી. तवर्गस्य... ૧-૩-૬૦ થી ड् નાં યોગમાં द् નો ड् થયો છે.

(૩) उन्दिदिषति = તે ભીનું કરવાને ઈચ્છે છે. उन्दैप्-क्लेन्दने (૧૪૯) સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં સંયોગની આદિમાં न् છે તેથી આ સૂત્રથી न् ની દ્વિરુક્તિ થઈ નથી.

**बदनमिति किम्** ? ईचिक्षिषते = તે જોવાને ઈચ્છે છે. ईक्षि-दर्शने (૮૮૨) અહીં ईक्ष् ધાતુમાં સંયોગની આદિમાં क् છે તેથી स्वरादे... ૪-૧-૪ થી क् ની દ્વિરુક્તિ થઈ. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**संयोगादिरिति किम्** ? प्राणिणिषति = તે જીવવાને ઈચ્છે છે. अन-प्राणने (૧૦૮૯) સાધનિકા ઉપર પ્રમાણે થશે. प्र+अनिष માં समानानां... ૧-૨-૧ થી अ+अ=आ થવાથી प्रानिष्, र-षृ... ૨-૩-૬૩ થી न्નો ण् થવાથી प्राणिष. પછી ૪-૧-૪ થી દ્વિરુક્તિ થવાથી प्राणिणिष બનશે. અહીં સંયોગ છે જ નહીં.

## अयि रः । ४-१-६

**અર્થ:-** સ્વરાદિ ધાતુનાં સંયુક્ત એકસ્વરી દ્વિતીય અંશની આદિમાં રહેલો र् દ્વિત્વ થતો નથી. જો તે र् ની પછી य् ન હોય તો (र् ની પછી તરત જ य् નો સંયોગ હોય તો र् નું દ્વિત્વ થશે.)

**વિવેચન** - अर्चिचिषति = તે પૂજા કરવાને ઈચ્છે છે. अर्च्-पूजायाम् (૧૦૪) સાધનિકા ૪-૧-૫ માં જણાવેલ उब्जिजिषति પ્રમાણે થશે. અહીં अर्च् ધાતુમાં આ સૂત્રથી र् દ્વિત્વ ન થતાં च् દ્વિત્વ થયેલ છે.

**अयीति किम्** ? अरार्यते = તે વારંવાર જાય છે. ऋंक्-गतौ (૧૧૩૫) સાધનિકા ૩-૪-૧૦ સૂત્રમાં કરેલી છે. અહીં र् ની પછી य् છે તેથી આ સૂત્રથી र् નાં દ્વિત્વનો નિષેધ થતો નથી. ૪-૧-૪-થી र् દ્વિત્વ થયો છે.

**संयोगादिरित्येव** — अरिरिषति = તે જવાની ઈચ્છા કરે છે. સાધનિકા उब्जिजिषति પ્રમાણે થશે. અહીં સંયોગ જ નથી તેથી र् નું દ્વિત્વ ૪-

૧-૪ થી થયું છે.

## नाम्नो द्वितीयाद् यथेष्टम् । ४-१-७

**અર્થઃ-** દ્વિત્વને ભજનારાં (દ્વિત્વને યોગ્ય) સ્વરાદિ નામ ધાતુનો દ્વિતીય વિગેરે એકસ્વરી અંશ ગમે તે (ઈચ્છા મુજબ) દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (૧) अशिश्वीयिषति = ઘોડાનાં ઈચ્છનારને ઈચ્છે છે,

अश्वं इच्छति આ અર્થમાં अश्व નામને क्यन् પ્રત્યય.

अश्वं+क्यन् - अमाव्य... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય.

अश्वय - ऐकार्थ्ये ૩-૨-૮ થી अम् નો લોપ.

अश्वीय - क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई.

अश्वीयितुम् इच्छति આ અર્થમાં अश्वीय નામધાતુને सन् પ્રત્યય.

अश्वीय+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अश्वीय+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अश्वीयिस - अतः ૪-૩-૮૨ થી અન્ત્ય अ નો લોપ.

अश्वीयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

अशीश्वीयिष - આ સૂત્રથી એકસ્વરી દ્વિતીય અંશ દ્વિત્વ.

अशिश्वीयिष - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી अशिश्वीयिषति પ્રયોગ થશે.

(૨) अश्वीयियिषति - સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી એકસ્વરી તૃતીય અંશ यि નું દ્વિત્વ થયું છે.

(૩) अश्वीयिषिषति - સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી એકસ્વરી ચતુર્થ અંશ ष નું દ્વિત્વ થયું છે. એ દ્વિત્વ થયા પછી सन्यस्य ૪-૧-૫૯ થી દ્વિરુક્ત ष નાં अ નો इ થવાથી अश्वीयिषिष ધાતુ બનશે.

## अन्यस्य । ४-१-८

**અર્થઃ-** દ્વિત્વને ભજનારાં (દ્વિત્વને યોગ્ય) સ્વરાદિ સિવાયનાં અન્ય (વ્યંજનાદિ) નામ ધાતુનો પ્રથમ વિગેરે એકસ્વરી અંશ યથેષ્ટ (ગમે

તે-ઈચ્છા મુજબ) દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (૧) पुपुत्रीयिषति = પુત્રનાં ઈચ્છનારને ઈચ્છે છે. સાધનિકા ઉપરનાં ૪-૧-૭ સૂત્રમાં જણાવેલ अशिश्वीयिषति પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી પ્રથમ એકસ્વરી पु અંશનું દ્વિત્વ થયું છે.

(૨) पुतित्रीयिषति - સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી એકસ્વરી દ્વિતીય અંશ त्री નું દ્વિત્વ થયું છે. પછી ह्रस्वः ૪-૧-૩૯ થી હ્રસ્વ થવાથી पुतित्रीयिष નામ ધાતુ બને છે.

(૩) पुत्रीयियिषति - સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી એકસ્વરી તૃતીય અંશ यि નું દ્વિત્વ થયું છે.

(૪) पुत्रीयिषिषति - સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી એકસ્વરી ચતુર્થ અંશ ष નું દ્વિત્વ થયું છે. અને દ્વિત્વ થયા પછી सन्यस्य ૪-૧-૫૯ થી દ્વિરુક્ત ष.નાં अ નો इ થવાથી पुत्रीयिषिष નામધાતુ બને છે.

## कण्ड्वादेस्तृतीयः । ४-१-९

**અર્થ**:- દ્વિત્વ ને યોગ્ય कण्ड्वादि ધાતુઓનો એકસ્વરી તૃતીય જ અંશ દ્વિત્વ થાય છે.

**વિવેચન** - (૧) कण्डूयियिषति = તે ખંજવાળવાની ઈચ્છા કરે છે.

कण्डूग् - गात्रविघर्षणे (૧૯૯૧) સાધનિકા ૪-૧-૭ માં જણાવેલ अश्वीयियिषति પ્રમાણે થશે. આ સૂત્રથી એકસ્વરી તૃતીય જ અંશ દ્વિત્વ થાય છે.

(૨) असूयियिषति = તે ઈર્ષ્યા કરવાને ઈચ્છે છે, તે સંતાપ કરવાને ઈચ્છે છે.

असु - मानसोपतापे (૧૯૯૮)

असु+य - धातोः... ૩-૪-૮ થી यक् પ્રત્યય.

असूय - दीर्घ... ૪-૩-૧૦૮ થી ધાતુનો उ દીર્ઘ.

પછીની સાધનિકા अश्वीयियिषति પ્રમાણે થશે. અહીં પણ આ સૂત્રથી માત્ર તૃતીય જ અંશ દ્વિત્વ થશે.

## पुनरेकेषाम् । ४-१-१०

**અર્થ:-** કેટલાંક વૈયાકરણીઓનાં મતે દ્વિત્વ કરાએ છતે ફરી દ્વિત્વ થાય છે.

**વિવેચન** - सुसोषुपिषते = તે વારંવાર અથવા ઘણું સુવાને ઈચ્છે છે.

ञिष्वपंक् - शये (૧૦૮૮)

पुनः पुनः स्वपिति અથવા भृशं स्वपिति इति सोसुप्यते = તે વારંવાર અથવા ઘણું સુએ છે.

स्वप्+य - व्यञ्जनादे.... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

सुप्+य - स्वपे... ૪-૧-૮૦ થી स्वप् ના व નો उ.

सुसुप्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

सोसुप्य - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં उ નો ગુણ ओ.

सोषुप्य - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

सोषुपितुम् इच्छति આ અર્થમાં सन् પ્રત્યય.

सोषुप्य+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

सोषुप्य+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

सोषुप्य्+इ+स - अतः ૪-૩-૮૨ થી અંત્ય अ નો લોપ.

सोषुपिस - योऽशिति ૪-૩-૮૦ થી અંત્ય य् નો લોપ.

सोषुपिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

सोसोषुपिष - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

सुसोषुपिष - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનાં ओ નું હ્રસ્વ उ.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી सुसोषुपिषते પ્રયોગ થશે.

આ પ્રયોગમાં પહેલાં यङ् પ્રત્યય લાગવાથી દ્વિત્વ થયું છે અને सन् પ્રત્યય લાગવાથી ફરી દ્વિત્વની પ્રાપ્તિ આવી. તેથી બે વાર દ્વિત્વ થવાથી આવો પ્રયોગ થાય છે.

**एकेषामिति किम्** ? सोषुपिषते = વારંવાર સુવાને ઈચ્છે છે. અહીં આ પ્રયોગમાં સાધનિકા ઉપર પ્રમાણે થશે. પણ ફરીથી દ્વિત્વ નહીં થાય. ઉપરનું ઉદાહરણ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે જ આપેલ છે તેથી

સમજાય છે કે બીજાનાં મતે ફરી દ્વિત્વ થાય પણ તેઓશ્રીનાં મતે એકજ વાર દ્વિત્વ થાય છે.

## यिः सन् वेर्ष्यः । ४-१-११

**અર્થઃ-** દ્વિત્વને યોગ્ય ईर्ष्य् ધાતુનો यि અથવા सन् (स) દ્વિત્વ થાય છે.

**વિવેચન** - ईर्ष्यियिषति = ઈર્ષ્યા કરવાને ઈચ્છે છે. ईर्ष्य - ईर्ष्यार्थः (૪૦૨)

સાધનિકા ૪-૧-૭ માં જણાવેલ अश्वीयियिषति પ્રમાણે થશે. આ પ્રયોગમાં આ સૂત્રથી यि દ્વિત્વ થયો છે.

✡ ईर्ष्यिषिषति — સાધનિકા ૪-૧-૭ માં જણાવેલ अश्वीयिषिषति પ્રમાણે થશે. અહીં सन् નો ष દ્વિત્વ થયો છે.

## हवः शिति । ४-१-१२

**અર્થઃ-** शित् કાળનાં પ્રત્યયો પરમાં હોતે છતે अदादि ગણપાઠમાંનાં जुहोति વિગેરે ધાતુઓ દ્વિત્વ થાય છે.

**વિવેચન** - जुहोति = તે દાન આપે છે અથવા તે ખાય છે हुंक्-दानाऽऽदनयोः (૧૧૩૦)

हु+ति - तिव्-तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

हु+ति - एताः... ૩-૩-૧૦ થી तिव् ને शित् સંજ્ઞા.

हुहु+ति - આ સૂત્રથી ધાતુ દ્વિત્વ.

जुहु+ति - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जुहोति - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्राक् तु स्वरे स्वरविधेरित्येव - जुह्वानि = હું દાન આપું. આ પ્રયોગમાં आनि પ્રત્યય સ્વરાદિ છે તેથી પહેલાં દ્વિત્વ કરવું અને પછી સ્વરવિધિ (ओ નો अव्) કરવો. જો પહેલાં સ્વરવિધિ કરી હોત તો जुह्वानि ને બદલે जह्वानि અનિષ્ટ પ્રયોગ થાત.

✡ जुहोति गण — हु, हा, भी, ह्री, पृ, ऋ, हा,मा, दा, धा, भृ, निज्, विज् અને विष् આ ચૌદ ધાતુઓ (૧૧૩૦ થી ૧૧૪૩ સુધીનાં ધાતુઓ) जुहोत्यादि ગણ છે.

## चराचर-चलाचल-पतापत-वदावद-घनाघन-पाटूपटं वा । ४-१-१३

**અર્થ:-** દ્વિત્વ કરાએલાં अच् પ્રત્યયાન્ત चराचर, चलाचल, पतापत, वदावद, घनाघन અને पाटूपट શબ્દો વિકલ્પે નિપાતન કરાય છે.

**વિવેચન** - चर-भक्षणे गतौ च (૪૧૦) ધાતુ પરથી चराचरः, चरः = ચાલનારો.

चर्+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય.

चराचर - આ સૂત્રથી દ્વિત્વ અને પૂર્વનાં अ નો आ નિપાતન.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી चराचरः થશે. આ સૂત્રથી દ્વિત્વ વિગેરે નિપાતન ન થાય ત્યારે - चरः એજ પ્રમાણે -

(૨) चेलृ-चलने (૪૪૪) ધાતુ પરથી चलाचलः, चलः = ચાલનારો.

(૩) पत्लृ-गतौ (૯૬૨) ધાતુ પરથી पतापतः, पतः = પડનારો.

(૪) वद-वक्तायां वाचि (૯૯૮) ધાતુ પરથી वदावदः, वदः = બોલનારો.

(૫) हनंक्-हिंसा-गत्योः (૧૧૦૦) ધાતુ પરથી घनाघनः, हनः = મારનારો. આ પ્રયોગમાં પૂર્વનાં हन् નાં ह् નો घ् નિપાતન અને न નાં अ નો आ નિપાતન થયો છે. દ્વિતીય हन् નાં ह् નો घ् ૪-૧-૩૪ થી થશે. જ્યારે अच् પ્રત્યય લાગીને નિપાતન ન થાય ત્યારે हनः રૂપ થશે.

(૬) पट-गतौ (૧૯૫) ધાતુ પરથી पाटूपटः, पाटः = જનારો.

पट्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૧ થી णिग् પ્રત્યય.

पाटि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

पाटि+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય.

पाट - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

पाटूपाट - આ સૂત્રથી દ્વિત્વ. પ્રથમ पाट નાં अ નો ऊ નિપાતન.

पाटूपट - આ સૂત્રથી દ્વિતીય पाट નાં आ નો अ નિપાતન.

પછીની સાધનિકા પૂર્વવત્ થશે. આ સૂત્રથી દ્વિત્વ, ઊકાર અને હ્રસ્વ ત્રણ નિપાતન થયાં છે.

## चिक्लिद-चक्नसम् । ४-१-१४

**અર્થ:-** દ્વિત્વ કરાએલાં क પ્રત્યયાન્ત चिक्लिद અને अच् પ્રત્યયાન્ત चक्नस નામ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) क्लिदौच्-आर्द्रभावे (૧૧૭૯) ધાતુ પરથી चिक्लिदः = ભીનો.

क्लिद्+अ - नाम्यु... ૫-૧-૫૪ થી क પ્રત્યય.

किक्लिद - આ સૂત્રથી દ્વિત્વ નિપાતન.

चिक्लिद - कङश्चञ् ४-१-४६ થી क् નો च्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી चिक्लिदः થશે.

(૨) क्नसूच् - ह्वृति-दीप्त्योः (૧૧૭૦) ધાતુ પરથી चक्नसः = વાંકો અથવા ચળકાટવાળો. સાધનિકા चिक्लिद પ્રમાણે થશે. આ પ્રયોગમાં ૫-૧-૪૯ થી अच् પ્રત્યય થયો છે.

✡ અહીં બંને પ્રયોગમાં બીજી રીતે પણ પ્રયોગ સિદ્ધ થાય છે. જેમ કે क्लेदनं-चिक्लिदः અને क्नसनं-चक्नसः માં स्थानिभ्यः कः ૫-૩-૮૨ થી क પ્રત્યયાન્ત શબ્દોને આ સૂત્રથી દ્વિત્વ અને क् નો च् થવાથી નિપાતન પ્રયોગ થાય છે.

## दाश्वत्साह्वत्मीढ्वत् । ४-१-१५

**અર્થ:-** દ્વિત્વ કરાએલાં क्वसु પ્રત્યયાન્ત दाश्वत्, साह्वत् અને मीढ्वत् નિપાતન કરાય છે.

**વિવેચન** - (૧) दाशृग्-दाने (૯૨૨) ધાતુ પરથી दाश्वांसौ = દાન આપનારાં બે.

दाश्+वस् - तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય.

दाश्वस् - द्विर्धातुः... ४-१-१ થી થતાં દ્વિત્વનો અને स्क्रसृ... ४-४-८१ થી થતાં इट् નો આ સૂત્રથી નિષેધ.

दाश्वस्+औ - स्यौ... ૧-૧-૧૮ થી औ પ્રત્યય.

दाश्वन्स्+औ - ऋदुदितः ૧-४-७० થી न् નો આગમ.

दाश्वान्स्+औ - न्स्महतोः ૧-४-८६ થી સ્વર દીર્ઘ.

दाश्वांसौ - शिड्हे... ૧-૩-४० થી न् નો અનુસ્વાર.

આ સૂત્રથી દ્વિત્વ અને इट् નો અભાવ થયો તે નિપાતન છે.

(૨) षहि-मर्षणे (૯૯૦) ધાતુ પરથી साह्वांसौ = સહન કરનારા બે.

સાધનિકા ઉપર પ્રમાણે થશે. षह् નાં ष નો स षः सोऽष्ट्यै... ૨-૩-૯૮ થી થયો છે. सह् ધાતુ પહેલાં ગણનો આત્મનેપદી છે તેથી कान પ્રત્યય થવો જોઈએ પણ નિપાતનનાં બળથી પરસ્મૈપદીનો क्वसु પ્રત્યય થયો છે. દ્વિત્વ, इट् નો અભાવ અને દીર્ઘત્વ કાર્ય નિપાતનથી થયું છે.

(૩) मिहं-सेचने (૬૬૨) ધાતુ પરથી मीढ्वांसौ = સિંચનારા બે.

સાધનિકા ઉપર પ્રમાણે થશે. ઉપાન્ત્ય इ નું દીર્ઘત્વ, ह् નો ढ् અને દ્વિત્વ તથા इट् નો અભાવ નિપાતનનાં સામર્થ્યથી થયા છે.

## ज्ञप्यापो-र्ज्ञीपीप्, न च द्विः सि सनि । ४-१-१६

**અર્થ:-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે ज्ञपि ધાતુનો ज्ञीप् અને आप् ધાતુનો ईप् આદેશ થાય છે. અને તે બન્ને ધાતુનો એકસ્વરી અંશ દ્વિત્વ થતો નથી.

**વિવેચન** - (૧) ज्ञीप्सति = તે જણાવવાને ઈચ્છે છે. ज्ञांश्-अवबोधने (૧૫૪૦)

ज्ञा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૧ થી णिग् પ્રત્યય.

ज्ञापि - अर्ति... ૪-૨-૨૧ થી पु નો આગમ.

ज्ञपि - मारण... ૪-૨-૩૦ થી સ્વર હ્રસ્વ.

ज्ञपि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ज्ञीप्स - આ સૂત્રથી ज्ञपि નો ज्ञीप् આદેશ અને દ્વિત્વનો અભાવ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી ज्ञीप्सति થશે.

(૨) ईप्सति = તે મેળવવાને ઈચ્છે છે અથવા તે વ્યાપવાને ઈચ્છે છે.

आप्लृंट् - व्याप्तौ (૧૩૦૭)

आप्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ईप्स - આ સૂત્રથી आप् નો ईप् આદેશ અને દ્વિત્વનો નિષેધ.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી ईप्सति થશે.

અહીં બંને પ્રયોગમાં सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશનાં

દ્વિત્વની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**सीतिकिम् ?** जिज्ञपयिषति = તે જણાવવાને ઇચ્છે છે.

ज्ञपि+स સુધી ઉપર પ્રમાણે થશે.

ज्ञपि+इ+स - इवृध... ૪-૪-૪૭ થી इट् આગમ.

ज्ञपे+इ+स - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

ज्ञपयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

ज्ञज्ञपयिस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

जज्ञपयिस - व्यञ्जन... ૪-૧-૪૪ થી ञ् નો લોપ.

जिज्ञपयिस - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ આદેશ.

जिज्ञपयिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्, शव्, लुगस्या... થી जिज्ञपयिषति થશે. અહીં इट् આગમ થયેલો હોવાથી સકારાદિ सन् પ્રત્યય નથી તેથી આ સૂત્ર ન લાગ્યું.

✡ ધાતુ અને सन् પ્રત્યયની વચ્ચે इट् કે અન્ય કોઈ પ્રત્યય ન હોય તો તેને સકારાદિ सन् પ્રત્યય કહેવાય છે.

✡ આ સૂત્રથી માંડીને डेपिबः... ૪-૧-૩૩ સૂત્ર સુધી ધાતુનાં આદેશનાં વિધાનમાં દ્વિત્વનો અભાવ થાય છે.

## ऋध ईर्त् । ४-१-१७

**અર્થઃ-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે ऋध् ધાતુનો ईर्त् આદેશ થાય છે અને ऋध् ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - ईर्त्सति = તે વધવાને ઈચ્છે છે. ऋधूच्-वृद्धौ (૧૧૮૬) ऋधूट्-वृद्धौ (૧૩૦૬) અહીં दिवादि અને स्वादि બન્ને ધાતુનું ગ્રહણ થાય છે.

ऋध्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ईर्त्स - આ સૂત્રથી ऋध् નો ईर्त् આદેશ અને દ્વિત્વનો નિષેધ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી ईर्त्सति થશે.

**सीत्येव** - अर्दिधिषति = તે વધવાને ઈચ્છે છે.

ऋध्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ऋध्+ई+स - इवृध... ૪-૪-૪૭ થી इट् આગમ.

अर्धिस - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

अर्धिधिस - स्वरादे... ૪-૧-૪ થી એકસ્વરી દ્વિતીયઅંશ દ્વિત્વ.

अर्दिधिस - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ध् નો द्.

अर्दिधिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી अर्दिधिषति થશે. અહીં इट् નો આગમ થયેલો હોવાથી સકારાદિ सन् નથી તેથી આ સૂત્ર લાગ્યું નથી.

## दम्भो धिप्-धीप् । ४-१-१८

**અર્થ:-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે दम्भ् ધાતુનો धिप् અને धीप् આદેશ થાય છે અને दम्भ् ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - धिप्सति, धीप्सति = તે દંભ કરવાને ઈચ્છે છે. दम्भूट्-दम्भे (૧૩૦૯) સાધનિકા ૪-૧-૧૬ માં જણાવેલ ईप्सति પ્રમાણે થશે. આ સૂત્રથી दम्भ् ધાતુનો धिप् અને धीप् આદેશ થશે.

**सीत्येव** - दिदम्भिषति = તે દંભ કરવાને ઈચ્છે છે.

दम्भ्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

दम्भ्+इ+स - इवृध... ૪-૪-૪૭ થી इट् આગમ.

दम्भिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

ददम्भिष - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

दिदम्भिष - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી दिदम्भिषति થશે. અહીં ૪-૪-૪૭ થી इट् થવાથી સકારાદિ सन् પ્રત્યય નથી તેથી આ સૂત્ર લાગ્યું નથી.

## अव्याप्यस्य मुचेर्मोग्वा । ४-१-१९

**અર્થ:-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે અકર્મક એવા मुच् ધાતુનો मोक् આદેશ વિકલ્પે થાય છે અને જ્યારે मोक् આદેશ થાય ત્યારે मुच् ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) मोक्षति चैत्रः = ચૈત્ર ત્યાગ કરવાને ઈચ્છે છે.

मुच्लृंती-मोक्षणे (१३२०)

मुच्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

मोक्+स - આ સૂત્રથી मुच् નો मोक् આદેશ અને દ્વિત્વનો નિષેધ.

मोक्+ष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

मोक्ष. तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી मोक्षति થશે.

(૨) मुमुक्षति चैत्रः = ચૈત્ર ત્યાગ કરવાને ઈચ્છે છે.

मुच्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

मुक्+स - चजः... ૨-૧-૮૬ થી च् નો क्.

मुक्+ष = मुक्ष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

मुमुक्ष - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી मुमुक्षति થશે. અહીં मोक् આદેશ નથી થયો તેથી દ્વિત્વ થયું.

**अव्याप्यस्येति किम् ?** मुमुक्षति वत्सम् (चैत्रः) = (ચૈત્ર) વાછરડાને ત્યાગવાને ઈચ્છે છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ પ્રયોગમાં मुच् ધાતુ સકર્મક છે અકર્મક નથી. તેથી આ સૂત્રથી मोक् આદેશ ન થયો.

## मि-मी-मा-दामित् स्वरस्य । ४-१-२०

**અર્થઃ-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે मि-मी-मा અને दा સંજ્ઞક ધાતુઓનાં (અન્ત્ય) સ્વરનો इत् આદેશ થાય છે અને તે ધાતુઓનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) मित्सति = તે ફેંકવાને ઈચ્છે છે. डुमिंग्ट्-प्रक्षेपणे (૧૨૮૯)

मि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

मित्स - આ સૂત્રથી मि ધાતુનાં इ નો इत् અને દ્વિત્વનો નિષેધ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી मित्सति થશે.

(૨) मित्सते = તે હણવાને ઈચ્છે છે. मीङ्च्-हिंसायाम् (૧૨૪૬) मींग्श्-हिंसायाम् (૧૫૧૨) સાધનિકા ઉપર પ્રમાણે થશે. પણ ધાતુ આત્મનેપદી હોવાથી તે પ્રત્યય લાગશે. मी ધાતુનાં ई નો આ સૂત્રથી इत् આદેશ થશે.

(૩) मित्सति = તે માપવાને ઈચ્છે છે. मेंङ्-प्रतिदाने (૯૦૩) मांक्-माने (૧૦૭૩), मांङ्क्-मान-शब्दयोः (૧૧૩૭) સાધનિકા ઉપર પ્રમાણે થશે. ધાતુનાં ए અને आ નો આ સૂત્રથી इत् આદેશ થશે.

(૪) दित्सति = તે આપવાને ઈચ્છે છે. दां-दाने (૭) સાધનિકા ઉપર પ્રમાણે થશે. दा નાં आ નો આ સૂત્રથી इत् આદેશ થશે.

(૫) दित्सते पुत्रम् = તે પુત્રને પાલન કરવાને ઈચ્છે છે. दैङ् - पालने (૯૦૪). સાધનિકા ઉપર પ્રમાણે થશે. અને આ સૂત્રથી दे ધાતુનાં ए નો इत् આદેશ થશે. ધાતુ આત્મનેપદી હોવાથી ते પ્રત્યય થયો છે.

(૬) दित्सति, दित्सते वस्त्रम् = તે વસ્ત્રને આપવાને ઈચ્છે છે. डुदांग्क्-दाने (૧૧૩૮). સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ સૂત્રથી दा ધાતુનાં आ નો इत् આદેશ થશે. ધાતુ ઉભયપદી હોવાથી ति અને ते પ્રત્યય થયા છે.

(૭) दित्सति दण्डम् = તે દંડ છેદવાને ઈચ્છે છે. दोंच्-छेदने (૧૧૪૮). સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ સૂત્રથી दो ધાતુનાં ओ નો इत् આદેશ થયો છે.

(૮) धित्सति स्तनम् = તે (સ્તનં) પોષણ કરવાને ઈચ્છે છે. (ધવડાવવાને ઈચ્છે છે.) ट्धें-पाने (૨૮). સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ સૂત્રથી धे ધાતુનાં ए નો इत् આદેશ થયો છે.

(૯) धित्सति, धित्सते श्रुतम् = તે શ્રુતને ધારણ કરવાને ઈચ્છે છે. डुधांग्क्-धारणे दाने च (૧૧૩૯). સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ સૂત્રથી धा ધાતુનાં आ નો इत् આદેશ થયો છે.

✿ अवौ दा... ૩-૩-૫ થી दाम्, दैंङ् डुदांग्क्, दोंच्, ट्धें, અને डुधांग्क् એમ છ ધાતુ दा સંજ્ઞક છે. અહીં વૃત્તિમાં दा અને धा ધાતુનો એકએક પ્રયોગ જ લખ્યો છે.

✿ मिमीमादाम् એ પ્રમાણે સૂત્રમાં બહુવચનનું ગ્રહણ કર્યું છે તે વ્યાપ્તિ માટે છે તેથી "निरनुबन्धग्रहणे न सानुबन्धग्रहणम्" આ ન્યાય અહીં નહીં લાગે.

✿ અહીં इत् આદેશ અનેક વર્ણવાળો હોવાથી "अनेकवर्णसर्वस्य" થી આખા ધાતુનો इत् આદેશ ન થાય તે જણાવવા માટે જ "स्वरस्य" એ

પ્રમાણે સૂત્રમાં ગ્રહણ કર્યું છે.

## रभ-लभ-शक-पत-पदामिः । ४-१-२१

**અર્થ**:- સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે रभ्, लभ्, शक्, पत् અને पद् ધાતુનાં સ્વરનો इ આદેશ થાય છે અને તે ધાતુઓનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) आरिप्सते = તે આરંભ કરવાને ઇચ્છે છે. रभिं-राभस्ये (૭૮૫)

आ+रभ्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

आरिभ्+स - આ સૂત્રથી ધાતુનાં ઉપાન્ત્ય अ નો इ અને દ્વિત્વનો નિષેધ.

आरिप्स - अघोषे... ૧-૩-૫૦ થી भ् નો प्.

ते, शव् પ્રત્યય, लुगस्या... થી आरिप्सते થશે. रभ् ધાતુ આત્મનેપદી હોવાથી ते પ્રત્યય થયો છે. એજ પ્રમાણે.

(૨) लिप्सते = તે પ્રાપ્ત કરવાને ઈચ્છે છે. डुलभिंष्-प्राप्तौ (૭૮૬)

(૩) शिक्षति = તે સહન કરવાને ઈચ્છે છે અથવા તે સમર્થ થવાને ઈચ્છે છે. शकींच्-मर्षणे (૧૨૮૦) અને शक्लृंट्-शक्तौ (૧૩૦૦)

शक्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

शिक्+स - આ સૂત્રથી ધાતુનાં अ નો इ અને દ્વિત્વનો નિષેધ.

शिक्+ष = शिक्ष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી शिक्षति થશે.

(૪) पित्सति = તે પડવાને ઈચ્છે છે. पत्लृ-गतौ (૯૬૨)

पत्स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

पित्स - આ સૂત્રથી ધાતુનાં अ નો इ અને દ્વિત્વનો નિષેધ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી पित्सति થશે.

(૫) पित्सते = તે ચાલવાને ઇચ્છે છે. पदिंच्-गतौ (૧૨૫૭) સાધનિકા ઉપર પ્રમાણે થશે. अघोषे... ૧-૩-૫૦ થી पद् ધાતુનાં द् નો त् થશે. અને ધાતુ આત્મનેપદી હોવાથી ते પ્રત્યય થયો છે.

**सीत्येव** - पिपतिषति = તે પડવાને ઇચ્છે છે. સાધનિકા ૪-૧-૧૮ માં જણાવેલ दिदम्भिषति પ્રમાણે થશે.

✿ સૂત્રમાં બહુવચન હોવાથી शकींच् અને शक्लृंट् બન્ને ધાતુનું ગ્રહણ થશે.

## राधेर्वधे । ४-१-२२

**અર્થઃ-** સકારાદિ सन् પ્રત્યય પરમાં હોતે છતે હિંસાર્થક राध् ધાતુનાં સ્વરનો इ આદેશ થાય છે અને राध् ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - प्रतिरित्सति = તે હણવાને ઈચ્છે છે. राधौच्-हिंसा संराद्धयोः (११८८)

प्रतिराध्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

प्रतिरिध्+स - આ સૂત્રથી ધાતુનાં ઉપાન્ત્ય आ નો इ અને દ્વિત્વનો નિષેધ.

प्रतिरित्स - अघोषे... ૧-૩-૫૦ થી ध् નો त्.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી प्रतिरित्सति થશે.

**वध इति किम् ?** आरिरात्सति = તે આરાધના કરવાને ઈચ્છે છે.

आराध्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

आरात्स - अघोषे... ૧-૩-૫૦ થી ध् નો त्.

आरारात्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

आररात्स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

आरिरात्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

तिव्, शव् પ્રત્યય, लुगस्या... થી आरिरात्सति થશે. અહીં વધ કરવો અર્થ નથી તેથી આ સૂત્રથી अ નો इ ન થતાં દ્વિત્વ વિગેરે કાર્ય થયું છે. ૪-૧-૧૬ સૂત્રથી આ સૂત્ર સુધી सन्... ૪-૧-૩ થી દ્વિત્વની પ્રાપ્તિ હતી તેનો તે તે સૂત્રોથી નિષેધ થયેલો છે.

## अवित्परोक्षा-सेट्थवोरेः । ४-१-२३

**અર્થઃ-** અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને સેટ્ थव् પ્રત્યય પરમાં હોતે છતે હિંસાર્થક राध् ધાતુનાં સ્વરનો (आ નો) ए થાય છે અને राध् ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) रेधुः = તેઓએ હિંસા કરી હતી.

राध्+उस् - णव् अतुस्.... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

रेधुस् - આ સૂત્રથી ધાતુનાં आ નો ए અને દ્વિત્વનો નિષેધ.

સોરુઃ, રઃપદાન્તે... થી રેધુઃ થશે. અહીં उस् પ્રત્યય અવિત્ પરોક્ષા છે તેથી આ સૂત્રથી राध् ધાતુનાં ઉપાન્ત્ય आ નો ए થયો છે.

(૨) રેધિથ = તેં હિંસા કરી હતી.

राध्+थ - णव् अतुस्.... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

राध्+इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

रेधिथ - આ સૂત્રથી ધાતુનાં आ નો ए અને દ્વિત્વનો નિષેધ.

અહીં थव् પ્રત્યયની પૂર્વે इट् નો આગમ થયો છે તેથી સેટ્ थव् પ્રત્યય પર છતાં આ સૂત્રથી राध् ધાતુનાં ઉપાન્ત્ય आ નો ए થયો છે.

**अविदिति किम् ?** अपराध = તેણે અથવા મેં હિંસા કરી.

अप+राध्+अ - णव् अतुस्.... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

अप+राध्राध्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अप+राराध्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ध् નો લોપ.

अपराध - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

અહીં णव् પ્રત્યય પહેલો પુરૂષ એ.વ. અને ત્રીજો પુરૂષ એ.વ. એમ બન્ને પ્રત્યયો થઈ શકે છે. णव् પ્રત્યય પરોક્ષાનો છે પણ વિત્ છે અવિત્ નથી માટે આ સૂત્રથી राध् ધાતુનાં आ નો ए થયો નથી. અને દ્વિત્વનો નિષેધ પણ થયો નથી.

**वध इत्येव** - आराधतुः = તે બે જણાએ આરાધના કરી.

आराध्+अतुस् સુધી ઉપર પ્રમાણે થશે.

પછી સોરુઃ, રઃપદાન્તે... થી आराधतुः થશે. અહીં अतुस् પ્રત્યય અવિત્ પરોક્ષા છે પણ હિંસા અર્થ નથી. તેથી આ સૂત્રથી राध् ધાતુનાં आ નો ए થયો નથી અને દ્વિત્વનો નિષેધ પણ થયો નથી.

## अनादेशाऽऽदेरेकव्यञ्जनमध्येऽतः । ૪-૧-૨૪

**અર્થઃ**- અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને સેટ્ थव् પ્રત્યય પરમાં હોતે છતે જે ધાતુનાં આદિ (પ્રથમ) વર્ણનો આદેશ થતો નથી એવા ધાતુ સંબંધી અસહાય (અસંયુક્ત) વ્યંજનની મધ્યમાં રહેલાં સ્વર अ નો ए થાય છે અને તે ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) पेचुः = તેઓએ રાંધ્યું. डुपचींष्-पाके (૮૯૨) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે.

(૨) पेचिथ = તેં રાંધ્યું. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. અહીં પૂર્વનાં प નો કોઈ જ ફેરફાર થતો નથી અને અસંયુક્ત વ્યંજન છે તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ए થયો છે.

(૩) नेमुः = તેઓ નમ્યા. णमं-प्रह्वत्वे (૩૮૮) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે.

(૪) नेमिथ = તું નમ્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. અહીં પણ नम् ધાતુનાં न નો કોઈ જ ફેરફાર થતો નથી અને અસંયુક્ત વ્યંજન છે તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ए થયો છે.

**अनादेशादेरिति किम् ?** बभणतुः = તે બે ભણ્યાં, તે બે બોલ્યાં. भण-शब्दे (૨૬૪)

भण्+अतुस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી अतुस् પ્રત્યય.

भणभण्+अतुस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

भभण्+अतुस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ण् નો લોપ.

बभणतुस् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्. सोरुः, रःपदान्ते... થી बभणतुः થશે. અહીં भण् ધાતુનાં भ् નો ब् થાય છે એટલે ફેરફાર થાય છે તેથી अतुस् પ્રત્યય અવિત્ પરોક્ષા અને અસંયુક્ત વ્યંજન હોવા છતાં આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ए થયો નથી.

**एकव्यञ्जनमध्य इति किम् ?** ततक्षिथ = તેં છોલ્યું. तक्षौ-तनूकरणे (૫૭૧)

तक्ष्+थ - णव् अतुस्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

तक्षतक्ष्+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ततक्ष्+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં क्ष् નો લોપ.

ततक्षिथ - स्कसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

અહીં थव् પ્રત્યયની પૂર્વે इट् આગમ થયેલો છે તેથી सेट्थव् પ્રત્યય છે પણ तक्ष् ધાતુમાં બે વ્યંજનની મધ્યમાં જે अ છે તે त् અને क्+ष्=क्ष એમ સંયુક્ત વ્યંજનની મધ્યમાં છે તેથી આ સૂત્રથી अ નો ए થયો નથી.

**अत इति किम् ?** दिदिवतुः = તેઓ બે રમ્યા. दिवूच्-क्रीडाजयेच्छापणिद्युतिस्तुतिगतिषु (૧૧૪૪) સાધનિકા बभणतुः પ્રમાણે થશે. માત્ર ૪-૧-૪૨ સૂત્ર નહીં લાગે. અહીં અવિત્ પરોક્ષા પ્રત્યય છે. અસંયુક્ત વ્યંજન છે. પૂર્વનાં અક્ષરનો આદેશ થતો નથી પણ અસંયુક્ત વ્યંજનની મધ્યમાં अ જ નથી इ છે તેથી આ સૂત્રથી ए થયો નથી.

**सेटथवीत्येव** - पपक्थ = તેં રાંધ્યું.

पच्+थ - णव् अतुस्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

पच्पच्+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

पपच्+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં च् નો લોપ.

पपक्थ - चजः कगम् ૨-૧-૮૬ થી च् નો क्.

અહીં थव् પ્રત્યયની પૂર્વે सृजि... ૪-૪-૭૮ થી इट् નો નિષેધ થાય છે તેથી પૂર્વનાં વર્ણનો આદેશ ન થતો હોવા છતાં, અસંયુક્ત વ્યંજનની મધ્યમાં अ હોવા છતાં सेट्थव् પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી अ નો ए થયો નથી.

## तॄ-त्रप-फल-भजाम् । ४-१-२५

**अर्थः-** અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને सेट् थव् પ્રત્યય પરમાં હોતે છતે तॄ-त्रप्, फल् અને भज् ધાતુનાં સ્વરનો ए થાય છે અને તે ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) तेरुः = તેઓ તર્યા. तॄ-प्लवनतरणयोः (૨૭)

तॄ+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

तरुस् - स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर्.

तेरुस् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ए અને દ્વિત્વનો નિષેધ.

सोरुः, रःपदान्ते... થી तेरुः થશે. અહીં उस् પ્રત્યય અવિત્ પરોક્ષા છે તેથી આ સૂત્રથી ધાતુનાં ઉપાન્ત્ય अ નો ए થયો છે. અહીં तॄ ધાતુનાં ॠ નો ગુણ થયા પછીનો अ છે તેથી ૪-૧-૨૪ સૂત્રથી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી अ નો ए થઈ શક્યો.

(૨) तेरिथ = તું તર્યો.

तॄ+थ - णव् अतुस्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

तॄ+इ+थ - स्कसृ.... ૪-૪-૮૧ થી इट् નો આગમ.

तरिथ - स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर्.

तेरिथ - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ए અને દ્વિત્વનો નિષેધ. વિશેષ ઉપર પ્રમાણે જાણવું.

(૩) त्रेपे = તે શરમાયો, હું શરમાયો. त्रपौषि-लज्जायाम् (૭૬૨)

त्रप्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

त्रेपे - આ સૂત્રથી ધાતુનાં अ નો ए અને દ્વિત્વનો નિષેધ.

અહીં ए પ્રત્યય અવિત્ પરોક્ષા છે પણ त्रप् ધાતુમાં સંયુક્ત વ્યંજનની મધ્યમાં अ હોવાથી ૪-૧-૨૪ થી ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી अ નો ए થઈ શક્યો. त्रप् ધાતુ આત્મનેપદી હોવાથી थव् પ્રત્યયની પ્રાપ્તિ જ નથી તેથી એક જ રૂપ આપ્યું છે.

(૪) फेलुः = તેઓ ફળ્યા, તેઓ ગયા. फेलृ-गतौ (૪૩૩).

(૫) फेलिथ = તું ફળ્યો, તું ગયો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः-रेधिथ પ્રમાણે થશે. અહીં उस् પરોક્ષાનો અવિત્ પ્રત્યય છે અને थव् એ સેટ્ છે પણ फल् ધાતુનાં પૂર્વ વર્ણનો આદેશ થતો હોવાથી ૪-૧-૨૪ થી ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવ્યું તેથી अ નો ए થઈ શક્યો.

(૬) भेजुः = તેઓએ સેવા કરી. भजीं-सेवायाम् (૮૯૫).

(૭) भेजिथ = તેં સેવા કરી. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः-रेधिथ પ્રમાણે થશે. અહીં પણ फल् ધાતુની જેમ પૂર્વ વર્ણનો આદેશ થતો હોવાથી ૪-૧-૨૪ થી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવ્યું તેથી अ નો ए થઈ શક્યો.

## जॄ-भ्रम-वम-त्रस-फण-स्यम-स्वन-
## राज-भ्राज-भ्रास-भ्लासो वा । ४-१-२६

અર્થઃ- અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને સેટ્ थव् પ્રત્યય પરમાં હોતે છતે जॄ,

भ्रम्, वम्, त्रस्, फण्, स्यम्, स्वन्, राज्, भ्रास् અને भ्लास् ધાતુઓનાં સ્વરનો ए વિકલ્પે થાય છે અને તે ધાતુઓનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) जेरुः = તેઓ વૃદ્ધ થયાં. जॄष्-जरसि (૧૧૪૫) સાધનિકા ૪-૧-૨૫ માં જણાવેલ तेरुः પ્રમાણે થશે. આ સૂત્રથી ए ન થાય ત્યારે जजरुः.

(૨) जॄ+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

जॄजॄ+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

जृजॄ+उस् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जजॄ+उस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

जजरुस् - स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर्.

सोरुः, रःपदान्ते... થી जजरुः થશે.

(૩) जेरिथ = તું ઘરડો થયો. સાધનિકા ૪-૧-૨૫ માં જણાવેલ तेरिथ પ્રમાણે થશે. આ સૂત્રથી ए ન થાય ત્યારે जजरिथ થશે.

(૪) जजॄ+थ સુધી ઉપર પ્રમાણે.

जजॄ+इ+थ - स्क्रसृ..... ૪-૪-૮૧ થી इट् નો આગમ.

जजरिथ - स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर्.

जॄ ધાતુનો ગુણ થયા પછી મધ્યમાં अ આવે છે તેથી अ નો ए થવાની પ્રાપ્તિ જ ન હતી. પણ આ સૂત્ર બનાવ્યું તેથી વિકલ્પે अ નો ए થઈ શક્યો.

(૧) भ्रेमुः = તેઓ ભમ્યા (ચાલ્યા.) भ्रमू-चलने (૯૭૦) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે बभ्रमुः થશે.

(૨) भ्रम्+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

भ्रम्भ्रम्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

भभ्रम्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં र् અને म् નો લોપ.

बभ्रमुस् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

सोरुः, रःपदान्ते... થી बभ्रमुः થશે.

(૩) भ्रेमिथ = તું ભમ્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે

થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે बभ्रमिथ થશે.

(૪) बभ्रम् સુધી ઉપર પ્રમાણે થશે.

बभ्रम्+इ+थ - स्क्रसृ..... ૪-૪-૮૧ થી इट् નો આગમ.

बभ्रमिथ - અહીં भ्रम् ધાતુમાં પૂર્વનાં વર્ણનો આદેશ થાય છે અને સંયુક્ત વ્યંજનની મધ્યમાં अ છે. તેથી ૪-૧-૨૪ થી अ નો ए થવાની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવ્યું તેથી अ નો ए વિકલ્પે થઈ શક્યો.

(૧) वेमुः = તેઓ વમ્યા. टुवमू-उद्गिरणे (૯૬૯) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે ववमुः થશે.

(૨) वम्+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

वम्वम्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ववमुस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં म् નો લોપ.

सोरुः, रःपदान्ते... થી ववमुः થશે.

(૩) वेमिथ = તું વમ્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે ववमिथ થશે.

(૪) ववम् સુધી ઉપર પ્રમાણે થશે.

ववमिथ - स्क्रसृ..... ૪-૪-૮૧ થી इट् નો આગમ.

અહીં वम् ધાતુમાં ૪-૧-૨૪ થી નિત્ય अ નાં ए ની પ્રાપ્તિ હતી પણ આ સૂત્રમાં वम् ધાતુ લીધો તેથી अ નો ए વિકલ્પે થયો છે.

(૧) त्रेसुः = તેઓ ભય પામ્યા. त्रसैच्-भये (૧૧૭૧) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે तत्रसुः થશે. સાધનિકા ववमुः પ્રમાણે થશે. त्रस् ધાતુમાં અનાદિ વ્યંજન र् અને स् નો લોપ થશે.

(૨) त्रेसिथ = તું ભય પામ્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે तत्रसिथ થશે. સાધનિકા ववमिथ પ્રમાણે થશે. અહીં त्रस् ધાતુમાં અસંયુક્ત વ્યંજન હોવાથી ૪-૧-૨૪ થી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવ્યું તેથી अ નો ए વિકલ્પે થયો.

(૧) फेणुः = તેઓ ગયા. फण-गतौ (૧૦૩૭) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે पफणुः થશે. સાધનિકા बभ्रमुः પ્રમાણે થશે. फण् ધાતુમાં द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં फ નો प् થશે.

(૨) फेणिथ = તું ગયો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે पफणिथ થશે. સાધનિકા बभणिथ પ્રમાણે થશે. અહીં फण् ધાતુમાં પૂર્વનાં વર્ણનો આદેશ થાય છે તેથી અસંયુક્ત વ્યંજનની મધ્યમાં રહેલાં अ નાં ए ની ૪-૧-૨૪ થી પ્રાપ્તિ ન હતી આ સૂત્ર બનાવવાથી વિકલ્પે अ નો ए થયો છે.

(૧) स्येमुः = તેઓએ અવાજ કર્યો. स्यमू-शब्दे (૩૮૭) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે-

(૨) सस्यमुः સાધનિકા ववमुः પ્રમાણે થશે.

(૩) स्येमिथ = તેં અવાજ કર્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે -

(૪) सस्यमिथ - સાધનિકા ववमिथ પ્રમાણે થશે. અહીં स्यम् ધાતુ સંયુક્ત વ્યંજનવાળો હોવાથી મધ્યમાં રહેલાં अ નાં ए ની ૪-૧-૨૪ થી પ્રાપ્તિ ન હતી આ સૂત્ર બનાવવાથી अ નો ए વિકલ્પે થયો છે.

(૧) स्वेनुः = તેઓએ અવાજ કર્યો. स्वन-शब्दे (૩૨૭) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે-

(૨) सस्वनुः - સાધનિકા ववमुः પ્રમાણે થશે.

(૩) स्वेनिथ = તેં અવાજ કર્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે -

(૪) सस्वनिथ - સાધનિકા ववमिथ પ્રમાણે થશે. અહીં स्वन् ધાતુમાં સંયુક્ત વ્યંજનની મધ્યમાં अ રહેલો હોવાથી ૪-૧-૨૪ થી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી अ નો ए વિકલ્પે થયો છે.

(૧) रेजुः = તેઓ શોભ્યા. राजृग्-दीप्तौ (૮૯૩) સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી आ નો ए ન થાય ત્યારે-

(૨) रराजुः સાધનિકા ववमुः પ્રમાણે થશે. પરન્તુ हृस्वः ૪-૧-૩૯ સૂત્રથી

પૂર્વનો સ્વર હ્રસ્વ થશે.

(૩) रेजिथ = તેં અવાજ કર્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી राज् ધાતુનાં आ નો ए ન થાય ત્યારે -

(૪) रराजिथ - સાધનિકા ववमिथ પ્રમાણે થશે. ह्रस्वः ૪-૧-૩૯ સૂત્રથી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે. અહીં राज् ધાતુમાં અસંયુક્ત વ્યંજનની મધ્યમાં अ નથી आ છે તેથી ૪-૧-૨૪ થી आ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી आ નો ए વિકલ્પે થયો છે.

(૧) भ्रेजे = તે અથવા હું શોભ્યો. भ्राजि-दीप्तौ (૬૬૧)

भ्राज्+ए - णव्-अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

भ्रेजे - આ સૂત્રથી ધાતુનાં ઉપાન્ત્ય आ નો ए અને દ્વિત્વનો નિષેધ. આ સૂત્રથી आ નો ए ન થાય ત્યારે -

(૨) बभ्राजे = તે અથવા હું શોભ્યો.

भ्राज्+ए - णव्-अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

भ्राज्भ्राज्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

भाभ्राज्+ए - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં र् અને ज् નો લોપ.

बाभ्राजे - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बभ्राजे - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

અહીં भ्राज् ધાતુમાં પૂર્વનાં વર્ણનો આદેશ થાય છે અને સંયુક્ત વ્યંજનની મધ્યમાં आ છે તેથી ૪-૧-૨૪ થી आ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી आ નો ए વિકલ્પે થયો છે.

(૧) भ्रेसे = તે અથવા હું શોભ્યો. टुभ्रासि-दीप्तौ (૮૪૭) સાધનિકા भ्रेजे પ્રમાણે થશે.

(૨) बभ्रासे - સાધનિકા बभ्राजे પ્રમાણે થશે.

(૧) भ्लेसे = તે અથવા હું શોભ્યો. टुभ्लासृङ्-दीप्तौ (૮૪૮) સાધનિકા भ्रेजे પ્રમાણે થશે.

(૨) बभ्लासे - સાધનિકા बभ्राजे પ્રમાણે થશે.

✡ भ्राज्, भ्रास् અને भ्लास् ત્રણે ધાતુ આત્મનેપદી છે તેથી ए પ્રત્યય લાગ્યો

છે. ए પ્રત્યય પ્રથમ પુરૂષ એ.વ. અને ત્રીજો પુરૂષ એ.વ. નો છે.

## वा श्रन्थ-ग्रन्थो न् लुक् च । ४-१-२७

**અર્થ:-** અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને સેટ્ थव् પ્રત્યય પરમાં હોતે છતે श्रन्थ् અને ग्रन्थ् ધાતુનાં સ્વરનો ए વિકલ્પે થાય છે ત્યારે ધાતુનાં न् નો લોપ થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) श्रेथुः = તેઓ હર્ષિત થયા. श्रन्थश्-मोचनप्रतिहर्षयोः (૧૫૪૬)

श्रन्थ्+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

श्रेथुस् - આ સૂત્રથી अ નો ए, न् નો લોપ અને દ્વિત્વનો નિષેધ.

सोरुः, रःपदान्ते.... થી श्रेथुः થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે-

(૨) शश्रन्थुः = તેઓએ ત્યાગ કર્યો અથવા તેઓ આનંદ પામ્યા.

श्रन्थ्+उस् - णव् अतुस्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

श्रन्थ्श्रन्थ्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

शश्रन्थुस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં र्, न्, અને थ् નો લોપ.

सोरुः, रःपदान्ते.... થી शश्रन्थुः થશે.

(૩) श्रेथिथ = તું આનંદ પામ્યો.

श्रन्थ्+थ - णव् अतुस्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

श्रेथ्+थ - આ સૂત્રથી अ નો ए, न् નો લોપ અને દ્વિત્વનો નિષેધ.

श्रेथिथ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ. अ નો ए ન થાય ત્યારે-

(૪) शश्रन्थिथ - शश्रन्थ સુધી ઉપર પ્રમાણે થશે.

शश्रन्थ्+इ+थ = शश्रन्थिथ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

(૫) ग्रेथुः - તેઓએ રચના કરી. ग्रन्थश्-संदर्भे (૧૫૪૮) સાધનિકા श्रेथुः પ્રમાણે થશે. अ નો ए ન થાય ત્યારે-

(૬) जग्रन्थुः = તેઓએ રચના કરી અથવા તેઓએ ગુંથ્યું. સાધનિકા शश्रन्थुः પ્રમાણે થશે. પણ गहोर्जः ૪-૧-૪૦ થી ग् નો ज् થશે.

(૭) ग्रेथिथ - તેં રચના કરી. સાધનિકા श्रेथिथ પ્રમાણે થશે. આ સૂત્રથી अ નો ए ન થાય ત્યારે -

(૮) जग्रन्थिथ - સાધનિકા शश्रन्थिथ પ્રમાણે થશે.

✿ श्रन्थ् અને ग्रन्थ् ધાતુમાં સંયુક્ત વ્યંજનની મધ્યમાં अ રહેલો છે તેથી ૪-૧-૨૪ થી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવ્યું તેથી अ નો ए થઈ શક્યો છે.

✿ સૂત્રમાં श्रन्थ् અને ग्रन्थ् એ પ્રમાણે ગ્રહણ કરેલું હોવાથી श्रथुङ् - शैथिल्ये અને ग्रथुङ् - कौटिल्ये આ બે ધાતુમાં ઉદિતઃ... ૪-૪-૯૮ થી न् નો આગમ થવાથી લાક્ષણિક એવા श्रन्थ् અને ग्रन्थ् ધાતુનું ગ્રહણ નહીં થાય.

## दम्भः । ૪-૧-૨૮

**અર્થઃ-** અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો પરમાં હોતે છતે दम्भ् ધાતુનાં સ્વરનો ए થાય છે ત્યારે ધાતુનાં न् નો લોપ થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - देभुः = તેઓએ દંભ કર્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधुः પ્રમાણે થશે. આ સૂત્રથી दम्भ् ધાતુનાં સ્વર अ નો ए, દ્વિરુક્તિનો અભાવ અને ધાતુનાં म् નો (न् નો) લોપ થયો છે. સંયુક્ત વ્યંજન હોવાથી ૪-૧-૨૪ થી अ નાં ए ની પ્રાપ્તિ ન હતી પણ આ સૂત્ર બનાવવાથી अ નો ए થયો છે.

## थे वा । ૪-૧-૨૯

**અર્થઃ-** थव् પ્રત્યય પરમાં હોતે છતે दम्भ् ધાતુનાં સ્વરનો ए વિકલ્પે થાય છે ત્યારે ધાતુનાં न् નો લોપ થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) देभिथ = તેં દંભ કર્યો. સાધનિકા ૪-૧-૨૩ માં જણાવેલ रेधिथ પ્રમાણે થશે. આ સૂત્રથી ધાતુનાં अ નો ए, દ્વિત્વનો અભાવ અને ધાતુનાં म् નો (न् નો) લોપ થયો છે. આ સૂત્ર જ્યારે ન લાગે ત્યારે-

(૨) ददम्भिथ - સાધનિકા ૪-૧-૨૪ માં જણાવેલ ततक्षिथ પ્રમાણે થશે. પણ व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિ વ્યંજન म् અને भ् નો લોપ થશે.

✿ વર્તમાનકાળનો थ પ્રત્યય પર છતાં अ નો ए નહીં થાય કેમકે दम्भ् ધાતુ स्वादि ગણનો હોવાથી વર્તમાનકાળમાં श्नु પ્રત્યય લાગે છે તેથી नु નું વ્યવધાન હોવાથી ए ની પ્રાપ્તિનો જ અભાવ છે. માટે અહીં પરોક્ષાનો જ थव् પ્રત્યય ગ્રહણ થશે.

## न शस-दद-वादि गुणिनः । ४-१-३०

અર્થઃ- (અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો અને સેટ્ થવ્ પ્રત્યય પર છતાં) शस् અને दद् ધાતુનાં તેમજ व् છે આદિમાં જેને એવા ધાતુઓનાં અને જે ધાતુઓનાં સ્વરનો ગુણ થતો હોય તેવા ધાતુઓનાં સ્વરનો ए થતો નથી.

વિવેચન - (૧) विशशसुः = તેઓએ હિંસા કરી. शसू-हिंसायाम् (૫૪૯) સાધનિકા ૪-૧-૨૬ માં જણાવેલ ववमुः પ્રમાણે થશે.

(૨) विशशसिथ = તેં હિંસા કરી. સાધનિકા ૪-૧-૨૬ માં જણાવેલ ववमिथ પ્રમાણે થશે.

(૩)ददे = તેણે આપ્યું અથવા મેં આપ્યું. ददि-दाने (૭૨૭)

दद्+ए - णव् अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

दद्दद्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ददे - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં द् નો લોપ.

(૪) ववले - તેણે ઢાંક્યું અથવા મેં ઢાંક્યું. वलि-संवरणे (૮૦૭) સાધનિકા ददे પ્રમાણે થશે.

(૫) विशशरुः - તેઓએ હિંસા કરી. शॄश्-हिंसायाम् (૧૫૩૧) સાધનિકા ૪-૧-૨૬ માં જણાવેલ जजरुः પ્રમાણે થશે.

(૬) विशशरिथ = તેં હિંસા કરી. સાધનિકા ૪-૧-૨૬ માં જણાવેલ जजरिथ પ્રમાણે થશે.

✡ અહીં જણાવેલ शस्, दद्, वल् અને शॄ ધાતુમાં પૂર્વનાં વર્ણનો આદેશ થતો નથી અને અસંયુક્ત વ્યંજનની મધ્યમાં अ છે તેથી ૪-૧-૨૪ સૂત્રથી अ નાં ए ની પ્રાપ્તિ હતી પણ આ સૂત્રથી નિષેધ થયો છે. તેથી હવે शेसुः, देदे, वेले, शेरुः વિગેરે અનિષ્ટ રૂપો નહીં થાય.

✡ આ સૂત્રમાં एत्व નો નિષેધ થયો છે તેથી દ્વિત્વ થયું. જ્યાં एत्व વિધિ થાય ત્યાં જ દ્વિત્વનો નિષેધ થાય છે.

## हौदः । ४-१-३१

અર્થઃ- (આજ્ઞાર્થ બીજો પુરુષ એકવચનનો) हि પ્રત્યય પરમાં હોતે છતે दा સંજ્ઞક ધાતુઓનાં સ્વરનો ए થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - (૧) देहि = તું આપ. दां-दाने (૭)

दा+हि - तुव्-ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

देहि - આ સૂત્રથી ધાતુનાં आ નો ए અને દ્વિત્વનો નિષેધ.

(૨) धेहि = તું ધારણ કર. સાધનિકા देहि પ્રમાણે થશે.

✿ અહીં हवः शिति ૪-૧-૧૨ થી દ્વિત્વની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

✿ दा સંજ્ઞક ધાતુઓ ૪-૧-૨૦ માં જણાવેલાં છે.

✿ न च द्विः એ પ્રમાણેનાં વચનથી કરાએલું પણ દ્વિત્વ નિવર્તન પામે છે તેથી यङ्लुबन्त માં પણ देहि પ્રયોગ થશે.

## देर्दिगिः परोक्षायाम् । ४-१-३२

**અર્થઃ**- પરોક્ષાનાં પ્રત્યયો પરમાં હોતે છતે देङ् ધાતુનો दिगि આદેશ થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - दिग्ये = તેણે પાલન કર્યું. देङ् - पालने (૬૦૪)

देअ+ए - णव्-अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

दिगि+ए - આ સૂત્રથી दे ધાતુનો दिगि આદેશ, દ્વિત્વનો નિષેધ.

दिग्ये - योऽनेक... ૨-૧-૫૬ થી इ નો य्.

અહીં दिगि આદેશ અનેકસ્વરી હોવાથી आद्योंश... ૪-૧-૨ થી દ્વિત્વની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

## ङे पिबः पीप्य् । ४-१-३३

**અર્થઃ**- ङे પ્રત્યય પરમાં હોતે છતે ण्यन्त એવા पिब् ધાતુનો पीप्य् આદેશ થાય છે અને ધાતુનું દ્વિત્વ થતું નથી.

**વિવેચન** - अपीप्यत् = તેણે પીવરાવ્યું. पां-पाने (૨)

पा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पायि - पाशाच्छा... ૪-૨-૨૦ થી पा ધાતુને અંતે य् આગમ.

पायि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

पायि+अ+द् - णिश्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

पीप्यद् - આ સૂત્રથી पायि નો पीप्य् અને દ્વિત્વનો નિષેધ.

अपीप्यद् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अपीप्यत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

અહીં आद्योंऽश... ૪-૧-૨ થી દ્વિત્વની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

✿ સૂત્રમાં पिब નો નિર્દેશ હોવાથી पांक्-रक्षणे (૧૦૬૭) पाति ધાતુનો पीप्य् આદેશ નહીં થાય.

पा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पालि - पातेः ૪-૨-૧૭ થી पा ધાતુને અંતે ल् આગમ.

पालि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

पालि+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

पापालि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

पपालि+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

पपलि+अ+द् - उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अपपलि+अ+द् - अड्धातो... ૪-૪-૨૯ થી अट् આગમ.

अपपलि+अ+द् - असमान... ૪-૧-૬૩ થી સન્વદ્ભાવ.

अपिपलि+अ+द् - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ

अपीपलि+अ+द् - लघोदीर्घो... ૪-૧-૬૪ થી પૂર્વનો इ દીર્ઘ.

अपीपलद् - णेरनिटि ૪-૩-૮૩ થી इ નો લોપ.

अपीपलत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

✿ સૂત્રમાં पिब નું ગ્રહણ तिव् પ્રત્યયનાં લોપ પૂર્વકનું છે તેથી "तिवाशवानुबन्धेन..." થી यङ्लुबन्त માં આ સૂત્રથી पीप्य् આદેશ નહીં થાય. જેમકે अपापयत्. આ यङ्लुबन्त અદ્યતનનો પ્રયોગ છે.

✿ **ङ इति किम् ?** पाययति - અહીં पा ધાતુનું णिगन्त વર્તમાનાનું રૂપ છે પણ ङ પ્રત્યય પરમાં નથી તેથી આ સૂત્રથી पीप्य् આદેશ ન થયો.

## अङे हि-हनो हो घः पूर्वात् । ४-१-३४

**અર્થ**:- ङ પ્રત્યયને વર્જીને અન્ય પ્રત્યય પરમાં હોતે છતે हि અને हन् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વથી પર રહેલાં ह् નો घ् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) प्रजिघाय = તેણે મોકલ્યો. हिंट्-गति-वृद्ध्योः (૧૨૯૫)

प्र+हि+अ - णव्-अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

प्रहिहि+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

प्रजिहि+अ - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

प्रजिहै+अ - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

प्रजिहाय - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

प्रजिघाय - આ સૂત્રથી ह् નો घ्.

(૨) जंघन्यते = તે વારંવાર અથવા ઘણું હણે છે. हनंक्-हिंसागत्योः (૧૧૦૦)

हन्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

हहन्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

जहन्य - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जमूहन्य - मुरतो... ૪-૧-૫૧ થી मु નો આગમ.

जंहन्य - तौ मु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

जंघन्य - આ સૂત્રથી ह् નો घ्.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી जंघन्यते થશે.

**अङ इति किम् ?** प्राजीहयत् = તેણે મોકલાવ્યું.

प्र+हि+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्र+है+इ - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

प्रहायि - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

પછીની સાધનિકા ૪-૧-૩૩ માં જણાવેલ अपीपलत् પ્રમાણે થશે. માત્ર गहोर्जः ૪-૧-૪૦ સૂત્ર લાગશે. અહીં ङ પ્રત્યય લાગેલો છે તેથી આ સૂત્રથી પૂર્વથી પર રહેલાં ह् નો घ् થયો નથી.

✿ સૂત્રમાં पूर्वात् નું ગ્રહણ હોવાથી "न च द्विः" ની નિવૃત્તિ થઈ છે.

## जेर्गिः सन्-परोक्षयोः । ४-१-३५

**અર્થઃ-** सन् અને પરોક્ષાનાં પ્રત્યયો પરમાં હોતે છતે जि ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વથી પર રહેલાં जि ધાતુનો गि આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जिगीषति = જીતવા માટે ઈચ્છે છે. જય પામવા માટે ઈચ્છે છે. जिं-अभिभवे (८)

जि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

जिजिस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

जिगिस - આ સૂત્રથી जि ધાતુનો गि આદેશ.

**जिगिष** - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

**जिगीष** - स्वर... ૪-૧-૧૦૪ થી गि નો इ દીર્ઘ.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી जिगीषति થશે.

(૨) विजिग्ये = તેણે અથવા મેં જીત્યું.

वि+जि+ए - णव्-अतुस्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

विजिजि+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

विजिगि+ए - આ સૂત્રથી जि ધાતુનો गि આદેશ.

विजिग्ये - योऽनेक... ૨-૧-૫૬ થી इ નો य्.

✡ અહીં जिं ધાતુનું ગ્રહણ થશે. ज्यांश्-वयोहानौ (૧૫૨૪) ધાતુનું ज्या... ૪-૧-૮૧ થી य નું य्वृत् થઈને जि ધાતુ બને છે તે લાક્ષણિક હોવાથી जि નો गि આદેશ આ સૂત્રથી નહીં થાય. જેમકે जिज्यतुः, जिज्युः.

## चेः किर्वा । ४-१-३६

**અર્થઃ-** सन् અને પરોક્ષાનાં પ્રત્યયો પરમાં હોતે છતે चि ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વથી પર રહેલાં चि ધાતુનો कि આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) चिकीषति, चिचीषति = એકઠું કરવાને ઈચ્છે છે. चिंगृट्-चयने (૧૨૯૦) સાધનિકા ૪-૧-૩૫ માં જણાવેલ जिगीषति પ્રમાણે થશે.

(૨) चिक्ये, चिच्ये = તેણે અથવા મેં ભેગું કર્યું. સાધનિકા ૪-૧-૩૫ માં જણાવેલ विजिग्ये પ્રમાણે થશે. એજ પ્રમાણે णव् પ્રત્યય પર છતાં

चिकाय, चिचाय રૂપ થશે.

## पूर्वस्याऽस्वे स्वरे य्वोरियुव् । ४-१-३७

અર્થઃ- દ્વિત્વ થયે છતે પૂર્વ સંબંધી જે इકાર અને उકાર, તેનો અસ્વ સ્વર પર છતાં इय् અને उव् થાય છે.

**વિવેચન** - (૧) इयेष = તેણે ઇચ્છા કરી. इषत्-इच्छायाम् (૧૪૧૯)

इष्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

इष्इष्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

इइष्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ष् નો લોપ.

इएष्+अ - लघोरु... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए.

इयेष - આ સૂત્રથી ए પર છતાં इ નો इय्.

(૨) अरियर्ति = તે વારંવાર જાય છે. ऋंक्-गतौ (૧૧૩૫)

ऋ+य - अट्य.. ૩-૪-૧૦ થી यङ् પ્રત્યય.

ऋ - बहुलं.. ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

ऋऋ - सन्... ૪-૧-૩ થી ધાતુ દ્વિત્વ.

अऋ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

अरिऋ - रिरौच... ૪-૧-૫૬ થી रि નો આગમ.

अरिय् ऋ - આ સૂત્રથી इ ... इय्.

अरिय् ऋ+ति - तिव् तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

अरियर्ति - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

अरियर्त्ति - र्हादर्ह... ૧-૩-૩૧ થી ति નો त् દ્વિત્વ.

(૩) उवोष = તેણે બાળ્યું. उषू-दाहे (૫૨૯) સાધનિકા इयेष પ્રમાણે થશે. માત્ર उ નો ગુણ ओ અને उ નો उव् આદેશ થશે.

**अस्व इति किम् ?** ईषतुः = તે બે જણાએ ઇચ્છા કરી.

इष्+अतुस् - णव्... ૩-૩-૧૨ થી अतुस् પ્રત્યય.

इष्इष्+अतुस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

इइष्+अतुस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ष् નો લોપ.

ईषतुस् - समानानां... ૧-૨-૧ થી इ+इ=ई.

सोरु:, र:पदान्ते... થી ईषतु: થશે.

અહીં अतुस् પ્રત્યય ङित् હોવાથી ગુણ થયો નથી તેથી અસ્વ સ્વર પરમાં ન હોવાથી આ સૂત્રથી પૂર્વનાં इ નો इय् થયો નથી.

**स्वर इति किम् ?** इयाज = તેણે પૂજા કરી અથવા તેણે સંગતિ કરી.

यजीं-देवपूजा संगति करणदानेषु (૯૯૧)

यज्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

यज्यज्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ययज्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ज् નો લોપ.

इयज्+अ - यजादि... ૪-૧-૭૨ થી પૂર્વનાં य નું य्वृत्.

इयाज - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

અહીં यज् ધાતુનાં य નું य्वृत् થયાં પછી इ છે પણ તેની પછી અસ્વ સ્વર નથી તેથી આ સૂત્રથી इ નો इय् આદેશ થયો નથી.

## ऋतोऽत् । ४-१-३८

**અર્થ:-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં ऋ નો अ થાય છે.

**વિવેચન** - चकार = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૪૬ માં જણાવેલ चकासाञ्चकार માં चकार પ્રમાણે જાણવી.

## ह्रस्वः । ४-१-३९

**અર્થ:-** દ્વિત્વ થયે છતે પૂર્વનો (સ્વર) હ્રસ્વ થાય છે.

**વિવેચન** - पपौ = તેણે પીધું. पां-पाने (૨) पांङ्-रक्षणे (૧૦૬૭)

पा+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

पापा+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

पपा+अ - આ સૂત્રથી પૂર્વનો સ્વર હ્રસ્વ.

पपा+औ - आतो... ૪-૨-૧૨૦ થી णव् નો औ.

पपौ - ऐदौत्... ૧-૨-૧૨ થી आ+औ=औ.

## गहोर्जः । ४-१-४०

**અર્થ:-** દ્વિત્વ થયે છતે પૂર્વમાં રહેલાં ग् અને ह् નો ज् થાય છે.

**વિવેચન** - (૧) जगाम = તે ગયો. गम्लृं-गतौ (૩૯૬)

गम्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

गम्गम्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

गगम्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં म् નો લોપ.

जगम - આ સૂત્રથી પૂર્વનાં ग् નો ज्.

जगाम् - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

(૨) जहास = તે હસ્યો. हसे-हसने (૫૪૫) સાધનિકા जगाम પ્રમાણે થશે.

## द्युतेरिः । ४-१-४१

**અર્થ:-** द्युत् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં (સ્વરનો) इ થાય છે.

**વિવેચન** - दिद्युते = તે શોભ્યો. દીપ્યો. द्युति-दीप्तौ (૯૩૭)

द्युत्+ए - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

द्युत्द्युत्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

दुद्युते - व्यञ्जन... ૪-૧-૪૪ થી य् અને त् નો લોપ.

दिद्युते - આ સૂત્રથી પૂર્વનાં उ નો इ આદેશ.

## द्वितीय-तुर्ययोः पूर्वौ । ४-१-४२

**અર્થ:-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં બીજા અને ચોથા વર્ણનો અનુક્રમે તેની પૂર્વનો (પ્રથમ અને ત્રીજો) વર્ણ થાય છે.

**વિવેચન** - (૧) चखान = તેણે ખોદ્યું. खनूग्-अवदारणे (૯૧૩)

खन्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

खन्खन्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

खखन्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં न् નો લોપ.

कखन - આ સૂત્રથી પૂર્વનાં ख् નો क्.

चखन - कङः.. ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चखान - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

અહીં क् વર્ગનાં ख् નો क् થયો છે.

(૨) चिच्छेद = તેણે છેદ્યું. સાધનિકા चखान પ્રમાણે થશે. અહીં लघोरु... ૪-૩-૪ થી ગુણ થશે. स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् ની દ્વિરુક્તિ થઈ તેનો આ સૂત્રથી च् થયો છે. અહીં च् વર્ગનાં छ् નો च् થયો છે.

(૩) टिठकारयिषति = ઠકાર કરનારને ઈચ્છે છે. અહીં ट् વર્ગનાં ठ् નો ट् થયો છે. ठकार નામ પરથી णिच् વગેરે કાર્ય થવાથી નામ ધાતુ બન્યો છે.

(૪) तस्थौ = તે ઊભો રહ્યો. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. અહીં अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स्था માં રહેલાં स् નો લોપ થશે. અહીં त् વર્ગનાં थ् નો त् થયો છે.

(૫) पफाल = ફળ્યું. સાધનિકા चखान પ્રમાણે થશે. અહીં प् વર્ગનાં फ् નો प् થયો છે.

(૬) जुघोष = અવાજ કર્યો. સાધનિકા ૪-૧-૧૦ માં જણાવેલ जगाम પ્રમાણે થશે. અહીં लघोरु... ૪-૩-૪ થી ગુણ થશે. અહીં क् વર્ગનાં घ् નો ग् થયો છે.

(૭) जझाम = તે જમ્યો. झमू-अदने (૩૮૩) સાધનિકા ૪-૧-૪૦ માં જણાવેલ जगाम પ્રમાણે થશે. અહીં च् વર્ગનાં झ् નો ज् થયો છે.

(૮) डुढौके = તેણે ભેટ કર્યું. સાધનિકા ઉપર પ્રમાણે થશે. ૩-૩-૧૨, ૪-૧-૧, ૪-૧-૪૪, ૪-૧-૩૯ વિગેરે સૂત્રો લાગશે. औ નું હ્રસ્વ उ થશે તેથી ढुढौके થાય પછી આ સૂત્રથી ढ् નો ड् થવાથી डुढौके થશે. અહીં ट् વર્ગનાં ढ् નો ड् થયો છે.

(૯) दधौ = તેણે ધારણ કર્યું. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. અહીં त् વર્ગનાં ध् નો द् આ સૂત્રથી થયો છે.

(૧૦) बभार = તેણે પોષણ કર્યું. સાધનિકા સુગમ છે. ૩-૩-૧૨, ૪-૧-૧, ૪-૧-૩૮, ૪-૧-૪૨, ૪-૩-૫૧ વિગેરે સૂત્રો લાગશે. અહીં प् વર્ગનાં भ् નો ब् આ સૂત્રથી થયો છે.

## तिर्वा ष्ठिवः । ४-१-४३

**અર્થઃ-** ष्ठिव् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં (વર્ણનો) ति આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - तिष्ठेव, टिष्ठेव = તે થૂંક્યો. ष्ठिवू-निरसने (૧૧૬૭) (૪૬૩)

ष्ठिव्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

ष्ठिव्ष्ठिव्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ष्ठिष्ठिव - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં व् નો લોપ.

ठिष्ठिव - अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં ष् નો લોપ.

तिष्ठिव - આ સૂત્રથી પૂર્વનાં ठि નો ति આદેશ વિકલ્પે.

टिष्ठिव - ति ન થાય ત્યારે द्वितीय... ૪-૧-૪૨ થી ठ् નો ट्.

तिष्ठेव, टिष्ठेव - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

અહીં भ्वादि અને दिवादि બન્ને ગણનાં ष्ठिव् ધાતુનું ગ્રહણ થશે.

## व्यञ्जनस्याऽनादेर्लुक् । ४-१-४४

**અર્થઃ-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં અનાદિ વ્યંજનનો લોપ થાય છે.

**વિવેચન** - अनादिव्यंजन = આદિવ્યંજન અને સ્વર સિવાયનાં બધા જ વ્યંજનનો લોપ તેને અનાદિવ્યંજનનો લોપ કહેવાય છે.

(૧) जग्ले = તે દુઃખી થયો. ग्लै - हर्षक्षये (૩૧)

ग्लै+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

ग्ला+ए - आत्... ૪-૨-૧ થી ऐ નો आ.

ग्लाग्ला+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

गाग्ला+ए - આ સૂત્રથી અનાદિવ્યંજન ल् નો લોપ.

गग्ला+ए - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जग्ला+ए - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जग्ले - इडेत्... ૪-૩-૯૪ થી आ નો લોપ.

**अनादेरिति किम् ?** आदेर्मा भूत् - पपाच = તેણે રાંધ્યું. સાધનિકા ૩-૪-૪૬ માં કરેલી છે. पच् ધાતુમાં च् અનાદિવ્યંજન છે તેથી તેનો લોપ થયો. પણ प् વ્યંજન આદિમાં છે તેથી તેનો લોપ થયો નથી.

## अघोषे शिटः । ४-१-४५

**અર્થઃ-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં શિટ્ નો (स्, ष्, श्) નો તત્સંબંધી (ધાતુસંબંધી) જ અઘોષ પર છતાં લોપ થાય છે.

**વિવેચન** - (૧) चुश्च्योत = ઝર્યું. श्च्युत्-क्षरणे (૨૮૩)

श्च्युत्+अ - णव्... ૩-૩-૧૨ થી अ પ્રત્યય.

श्च्युत्श्च्युत्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

च्युत्श्च्युत्+अ - આ સૂત્રથી શિટ્ (श्) નો લોપ.

चुश्च्युत्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી य् અને त् નો લોપ.

चुश्च्योत - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

(૨) तिष्ठेव = તે થૂંક્યો. સાધનિકા ૪-૧-૪૩ માં જણાવેલ છે. અહીં આ સૂત્રથી શિટ્ એવા ष् નો લોપ થયો છે.

(૩) चस्कन्द = તે કૂદ્યો. સાધનિકા चुश्च्योत પ્રમાણે થશે. અહીં ગુણની પ્રાપ્તિ નથી તેથી ગુણ નહીં થાય. અને कङ.... ૪-૧-૪૬ થી क् નો च् થશે. આ સૂત્રથી શિટ્ એવા स् નો લોપ થયો છે.

✡ અહીં "तत्सम्बन्धिन्येव" એ પ્રમાણે કથન હોવાથી ધાતુસંબંધી જ અઘોષ પરમાં હોય તો જ પૂર્વનાં શિટ્ નો લોપ થશે.

**अघोष इति किम् ?** सस्नौ = તેણે સ્નાન કર્યું. ष्णांक्-शौचे (૧૦૬૪) સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. અહીં શિટ્ એવા स् ની પછી न् છે તે અઘોષ નથી ઘોષ છે તેથી આ સૂત્રથી स् નો લોપ થયો નથી.

**शिट इति किम् ?** पप्सौ = તેણે ખાધું. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. અહીં प्सा ધાતુમાં શિટ્ પૂર્વમાં નથી તેથી આ સૂત્રથી स् નો લોપ થયો નથી.

## कङश्चञ् । ४-१-४६

**અર્થઃ-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં क् અને ङ् નો અનુક્રમે च् અને ञ् થાય છે.

**વિવેચન** - (૧) चकार = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૪૬ માં જણાવેલ चकासाञ्चकार માં चकार પ્રમાણે થશે.

(२) जुङ्वे = તેણે ङुङु એવો અવાજ કર્યો. ङुङ् शब्दे (५९३)

ङु+ए - णव्... ३-३-१२ थी ए प्रत्यय.

ङुङु+ए - द्विर्धातुः... ४-१-१ थी धातु द्वित्व.

जुङु+ए - આ સૂત્રથી ङ् नो ज्.

जुङ्वे - धातोरि... २-१-५० थी उ नो उव्.

## न कवतेर्यङः । ४-१-४७

**अर्थः**- यङन्त એવા कु ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં क् નો च् થતો નથી.

**વિવેચન** - (१) कोकूयते = તે વારંવાર અવાજ કરે છે. कुंङ्-शब्दे (५९०)

कु+य - व्यञ्जनादे... ३-४-९ थी यङ् प्रत्यय.

कुकुय - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

कोकुय - आ-गुणा... ४-१-४८ થી પૂર્વનાં उ નો ગુણ ओ.

कोकूय - दीर्घ... ४-३-१०८ थी कु नो उ દીર્ઘ.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી कोकूयते થશે. અહીં આ સૂત્રથી क् નો च् થયો નથી.

**कवतेरिति किम् ?** कौति-कुंक्-शब्दे (१०८६) અને कुवति-कुंङ्-कूङ्त्-शब्दे (१४६२-१४६३) मा भूत्-चोकूयते = તેણે અવાજ કર્યો. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં क् नो च् ४-१-४६ થી થશે.

**यङ इति किम् ?** चुकुवे = તેણે અવાજ કર્યો. સાધનિકા ४-१-४६ માં જણાવેલ जुङ्वे પ્રમાણે થશે. ४-१-४६ થી क् નો च् થશે.

## आ-गुणावन्यादेः । ४-१-४८

**अर्थः**- नी વિગેરે આગમને વર્જીને यङन्त ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં (સ્વરનો) आ અને ગુણ થાય છે.

**વિવેચન** - (१) पापच्यते = તે વારંવાર અથવા ઘણું રાંધે છે. સાધનિકા ३-३-३ માં કરેલી છે.

(२) लोलूयते = તે વારંવાર અથવા ઘણું કાપે છે. लूगश्-छेदने (१५१९) સાધનિકા ४-१-४७ માં કરેલ कोकूयते પ્રમાણે થશે.

• **अन्यादेरिति किम् ?** वनीवच्यते = તે વારંવાર અથવા ઘણું ઠગે છે.
वञ्चू - गतौ (१०६)
वञ्च्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.
ववञ्च्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.
वनीवञ्च्य - वञ्च... ૪-૧-૫૦ થી પૂર્વમાં नी આગમ.
वनीवच्य - नोव्यञ्जन... ૪-૨-૪૫ થી ધાતુનાં न् (ञ्) નો લોપ.
ते-शव् પ્રત્યય, लुगस्या... થી वनीवच्यते થશે.

(૨) जञ्जप्यते = તે વારંવાર અથવા ઘણો જાપ કરે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૩) यंयम्यते = તે વારંવાર નિવૃત્ત થાય છે. यमूं-उपरमे (૩૮૬)
यम्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.
ययम्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.
यम्यम्य - मुरतो... ૪-૧-૫૧ થી પૂર્વમાં म् નો આગમ.
यंयम्य - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.
ते-शव् પ્રત્યય, लुगस्या... થી यंयम्यते થશે.
અહીં नी અને मु નો આગમ થયેલો હોવાથી આ સૂત્રથી પૂર્વનાં अ નો आ થયો નથી.

✿ वनीवच्यते ઇત્યાદિ પ્રયોગોમાં वञ्च... ૪-૧-૫૦ વિગેરે સૂત્રોથી જે नी વિગેરે આગમ થાય છે તે અપવાદ હોવાથી આ સૂત્રથી થતાં आ અને ગુણનો બાધ કરે છે તેથી સૂત્રમાં न्यादि વર્જન જરૂરી નથી. છતાં न्यादि નું વર્જન "धातोः द्वित्वे सति पूर्वस्य विकारे-कर्तव्ये बाधकः अपवादरुपो न बाधकः" ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનો વિકાર (आ-ગુણ-આદેશ વિગેરે) કરવો હોય ત્યારે અપવાદરૂપ બાધક, બાધક બનતો નથી. એ જણાવવા માટે જ न्यादि નું વર્જન કર્યું છે. તેથી अचीकरत् વિગેરે પ્રયોગોમાં असमान... ૪-૧-૬૩ થી થતાં સન્વદ્ભાવનું लघो... ૪-૧-૬૪ સૂત્ર બાધક બનતું નથી. અન્યથા लघो... ૪-૧-૬૪ સૂત્ર પર હોવાથી અને અપવાદરૂપ હોવાથી પહેલાં लघो... ૪-૧-૬૪ સૂત્ર લાગે તો अचाकरत् એવો અનિષ્ટ પ્રયોગ થાત.

પણ अचीकरत् પ્રયોગ ઇષ્ટ હોવાથી પહેલાં ઉત્સર્ગસૂત્ર ૪-૧-૬૩ થી સન્વદ્ભાવ થશે અને પછી અપવાદ સૂત્ર ૪-૧-૬૪ થી દીર્ઘ થશે.

## न हाको लुपि । ४-१-४९

અર્થ:- यङ् પ્રત્યયનો લોપ થયો હોય તો हा ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં સ્વરનો आ થતો નથી.

વિવેચન - जहेति = તે વારંવાર ત્યાગ કરે છે. ओहांक्-त्यागे (૧૧૩૧)

हा+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

हा - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

हाहा - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

हहा - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जहा - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जहा - आ-गुणा... ૪-૧-૪૮ થી પ્રાપ્ત आ નો આ સૂત્રથી નિષેધ.

जहाति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

जहाईति - यङ्... ૪-૩-૬૪ થી तिव् પૂર્વે ईत् આગમ.

जहेति - अवर्णस्ये... ૧-૨-૬ થી आ+ई=ए.

ईत् આગમ ન થાય ત્યારે जहाति રૂપ પણ બનશે.

**लुपीतिकिम्** ? जेहीयते = તે વારંવાર ત્યાગ કરે છે.

हा+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

हीय - ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई.

हीहीय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

हिहीय - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जिहीय - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जेहीय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં इ નો ગુણ ए.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી जेहीयते થશે. અહીં यङ् નો લોપ થયો નથી તેથી પૂર્વનાં इ નો ૪-૧-૪૮ થી ગુણ થયો.

**वञ्च-स्रंस-ध्वंस-भ्रंश-कस-पत-पद-स्कन्दोऽन्तो नीः । ४-१-५०**

**અર્થઃ-** वञ्च् વિગેરે यङन्त ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) नी આગમ થાય છે.

**વિવેચન -** (૧) वनीवच्यते = તે વારંવાર ઠગે છે. સાધનિકા ૪-૧-૪૮ માં કરેલી છે. એજ પ્રમાણે નીચેની સાધનિકા થશે.

(૨) सनीस्रस्यते = તે વારંવાર નીચે પડે છે. स्रंसूङ्-अवसंस्रने (૯૫૩).

(૩) दनीध्वस्यते = તે વારંવાર જાય છે અથવા નાશ કરે છે. ध्वंसूङ्-गतौ च (૯૫૪). અહીં द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ध् નો द् થશે.

(૪) बनीभ्रश्यते = તે વારંવાર નાશ કરે છે. भ्रंशूङ्-अवस्रंसने (૯૫૨). અહીં द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब् થશે.

(૫) चनीकस्यते = તે વારંવાર જાય છે. कस-गतौ (૯૮૭). અહીં कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क्'નો च् થશે. અને कस् ધાતુમાં ઉપાન્ત્ય न् નથી તેથી नो व्यञ्जन... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે.

(૬) पनीपत्यते = તે વારંવાર પડે છે. पत्लृ-गतौ (૯૬૨). અહીં पत् ધાતુમાં ઉપાન્ત્ય न् નથી. તેથી नो व्यञ्जन... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે.

(૭) पनीपद्यते = તે વારંવાર જાય છે. पदिंच्-गतौ (૧૨૫૭). અહીં पद् ધાતુમાં ઉપાન્ત્ય न् નથી. તેથી नो व्यञ्जन... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે.

(૮) चनीस्कद्यते = તે વારંવાર જાય છે અથવા વારંવાર શોષણ કરે છે. स्कन्दृं-गति-शोषणयोः (૩૧૯). अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ. અને कङ... ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च् થશે.

✡ द्युतादि ध्वंस् નાં સાહચર્યથી स्रंसूङ् ધાતુ પણ द्युतादि નો જ ગ્રહણ થશે. પણ स्रंसूङ्-प्रमादे (૮૮૪) ધાતુ ગ્રહણ નહીં થાય તેનો सास्रस्यते પ્રયોગ થશે. અને ध्वंस् ભ્વાદિ ગણનો હોવાથી એના સાહચર્યથી भ्रंशूङ् ભ્વાદિનો જ ગ્રહણ થશે. भृशुच् અને भ्रंशुच् ધાતુ ગ્રહણ નહીં થાય તેનો बाभ्रश्यते પ્રયોગ થશે.

✡ वनीवञ्चीति, सनीस्रंसीति, दनीध्वंसीति, बनीभ्रंशीति અને चनीस्कन्दीति એ यङ्लुबन्त નાં પ્રયોગોમાં "निमित्ताभावे नैमित्तिकस्याप्यभावः" એ ન્યાયથી यङ् પ્રત્યયનો લોપ થએલો હોવાથી वञ्च-स्रंस् આદિ ધાતુમાં

રહેલ નૈમિત્તિક અનુસ્વારનાં લોપનો પણ અભાવ થયો છે.

## मुरतोऽनुनासिकस्य । ४-१-५१

**અર્થ:-** અકાર થી પર (જે) અનુનાસિક અન્તવાળા यङन्त ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) मु આગમ થાય છે.

**વિવેચન** - बम्भण्यते = તે વારંવાર અથવા ખૂબ ભણે છે. भण-शब्दे (२६४) સાધનિકા ૪-૧-૪૮ માં જણાવેલ वनीवच्यते પ્રમાણે થશે. અહીં નો व्यञ्जन... ૪-૨-૪૫ સૂત્ર નહીં લાગે. અને भण् ધાતુમાં भ માં રહેલાં અકાર પછી ण् એ અનુનાસિક હોવાથી આ સૂત્રથી मु (म्) નો આગમ થશે. द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब् થશે.

**अत इति किम् ?** तेतिम्यते = તે ખૂબ ભીનું કરે છે. तिम-आर्द्रभावे (૧૧૬૦) સાધનિકા ૪-૧-૪૮ માં જણાવેલ यंयम्यते પ્રમાણે થશે. तिम् ધાતુમાં इ ની પછી અનુનાસિક છે. અકાર પછી નથી તેથી આ સૂત્રથી मु નો આગમ થયો નથી પણ आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં इ નો ગુણ થયો છે.

**अनुनासिकस्येति किम् ?** पापच्यते = તે વારંવાર રાંધે છે. સાધનિકા ૩-૩-૩ માં કરેલી છે. અહીં पच् ધાતુમાં અકાર છે પણ અનુનાસિક અન્તે નથી તેથી આ સૂત્રથી मु આગમ થયો નથી.

## जप-जभ-दह-दश-भञ्ज-पशः । ४-१-५२

**અર્થ:-** जप्, जभ्, दह्, दश्, भञ्ज् અને पश् એ यङन्त ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) मु આગમ થાય છે.

**વિવેચન** - (૧) जञ्जप्यते = તે ખરાબ રીતે જાપ કરે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૨) जञ्जभ्यते = તે ખરાબ રીતે સંભોગ કરે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૩) दन्दह्यते = તે ખરાબ રીતે બાળે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૪) दन्दश्यते = તે ખરાબ રીતે ડંખ મારે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૫) बम्भज्यते = તે વારંવાર અથવા ઘણું ભાંગે છે. भञ्जोंप्-आमर्दने (૧૪૮૬) સાધનિકા ઉપર જણાવેલ जञ्जप्यते પ્રમાણે થશે. પણ व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય થશે. અને द्वितीय... ૪-૧-૪૨ થી भ् નો ब् થશે.

(૬) पम्पश्यते = તે વારંવાર સ્પર્શ કરે છે. पशी (સૌત્રધાતુ છે.) સાધનિકા ઉપર જણાવેલ जञ्जप्यते પ્રમાણે થશે. પણ व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય થશે.

## चर-फलाम् । ४-१-५३

**અર્થ:-** यङन्त चर् અને फल् ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) मु આગમ થાય છે.

**વિવેચન** - (૧) चञ्चूर्यते = તે ખરાબ રીતે ચાલે છે. સાધનિકા ૩-૪-૧૨ માં કરેલી છે.

(૨) पम्फुल्यते = તે વારંવાર સફળ થાય છે. ञिफला-विशरणे (૪૧૪) અને फल-निष्पतौ (૪૨૮) સાધનિકા चञ्चूर्यते પ્રમાણે થશે. પણ यङ् પ્રત્યય व्यञ्जनादे... ૩-૪-૯ થી થશે. અને द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં फ् નો प् થશે.

✿ સૂત્રમાં બહુવચનનો નિર્દેશ કર્યો છે તેથી फल् (૪૨૮-૪૧૪) બંને ધાતુનું ગ્રહણ થશે.

## ति चोपान्त्याऽतोऽनोदुः । ४-१-५४

**અર્થ:-** यङ् પ્રત્યયાન્ત चर् અને फल् ધાતુનાં ઉપાન્ત્ય अ નો અને तकारादि પ્રત્યય પર છતાં चर् અને फल् ધાતુનાં ઉપાન્ત્ય अ નો उ થાય છે. અને તે उ નો ओ થતો નથી.

**વિવેચન** - (૧) चञ्चूर्यते, पम्फुल्यते. સાધનિકા ૪-૧-૫૩ માં કરેલી છે.

(૨) चूर्त्तिः = જવું. चरणं इति चूर्त्तिः.

चर्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી ति પ્રત્યય.

चुर्ति - આ સૂત્રથી अ નો उ.

चूर्ति - भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ.

चूर्त्ति - र्हादर्हे... ૧-૩-૩૧ થી ति નો त् દ્વિત્વ.

- सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી चूर्त्तिः થશે.

(૩) प्रफुल्तिः = ખીલવું. प्रफुलनं इति प्रफुल्तिः

प्रफल्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય.

प्रफुल्ति - આ સૂત્રથી अ નો उ.

सि વિગેરે કાર્ય થવાથી प्रफुल्तिः પ્રયોગ સિદ્ધ થાય છે.

**अत इति किम् ?** चञ्चार्यते = તે વારંવાર ચલાવે છે.

चर्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

चारि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

चारि+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

चाचारि+य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

चचारि+य - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

चम्चारि+य - चर... ૪-૧-૫૩ થી मु આગમ.

चञ्चारि+य - तौ मु-मौ... ૧-૩-૧૪ થી म् નો ञ्

चञ्चार्य - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

ते-शव् પ્રત્યય, लुगस्या... ૨-૧-૧૧૩ થી चञ्चार्यते થશે.

✿ એજ પ્રમાણે पम्फाल्यते = તે વારંવાર ખીલાવે છે. અહીં चर् અને फल् ધાતુને णिग् લાગ્યા પછી यङ् પ્રત્યય લાગ્યો છે તેથી ધાતુનાં ઉપાન્ત્યમાં अ નથી आ છે તેથી આ સૂત્રથી उ થયો નથી.

**अनोदिति किम् ?** चंचूर्त्ति = તે ખરાબ રીતે ચાલે છે.

चंचूर्यते ૩-૪-૧૨ માં જણાવેલ છે. चंचूर्य સુધી તેના પ્રમાણે થશે.

चंचूर्य+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चंचूर्ति - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

चंचूर्त्ति - र्हादर्हे... ૧-૩-૩૧ થી ति નો त् દ્વિત્વ.

એજ પ્રમાણે पम्फुल्ति પ્રયોગ થશે. અહીં लघोरु... ૪-૩-૪ થી ગુણની પ્રાપ્તિ હતી પણ સૂત્રમાં उ નો ओ ન થાય એમ કહ્યું છે તેથી ગુણ

થયો નથી.

✡ प्रफुल्तिः એ क्ति પ્રત્યય લાગીને બન્યું છે તેમાં જુદાં જુદાં પ્રયોગો મળે છે. બૃહદ્‌વૃત્તિમાં प्रफुल्लिः, प्रफुल्लः, प्रफुल्लवान् પ્રયોગ છે. લઘુવૃત્તિમાં प्रफुल्लिः પ્રયોગ છે. અને મધ્યમાવચૂરિમાં प्रफुल्लः પ્રયોગ છે. प्र+फल् ધાતુમાં क्ति, क्त કે क्तवतु નાં त् નો ल् કોઈપણ સૂત્રથી થતો નથી. अनुपसर्गाः... ૪-૨-૮૦ સૂત્રમાં फुल्लः, उत्फुल्लः संफुल्लः નિપાતન થાય છે. સૂત્રમાં અનુપસર્ગ કહ્યું છે તેથી उत् અને सम् ની સાથે નિપાતન થાય પણ प्र ઉપસર્ગની સાથે નિપાતન ન થઈ શકે. તેથી प्रफुल्तिः પ્રયોગ બરાબર જણાય છે. "तत्त्वं केवलि गम्यं"

## ऋमतां रीः । ૪-૧-૫૫

**અર્થઃ-** ऋકારવાળા यङन्त ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) री આગમ થાય છે.

**વિવેચન** - (૧) नरीनृत्यते = તે વારંવાર નાચે છે. नृतैच्-नर्तने (૧૧૫૨)

नृत्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

नृनृत्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

ननृत्य - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

नरीनृत्य - આ સૂત્રથી री નો આગમ.

ते-शव् પ્રત્યય, लुगस्या... ૨-૧-૧૧૩ થી नरीनृत्यते થશે.

नृते... ૨-૩-૯૫ થી नृत् ધાતુનાં न् નાં ण् નો નિષેધ થયેલો છે.

✡ એજ પ્રમાણે दृश्-दरीदृश्यते, वृत्-वरीवृत्यते, वृध्-वरीवृध्यते, धृज्-दरीधृज्यते વિગેરે પ્રયોગો થશે.

✡ સૂત્રમાં ऋमतां બહુવચન છે તેથી प्रच्छ्-परीपृच्छ्यते, व्रश्च्-वरीवृश्च्यते, ग्रह्-जरीगृह्यते વિગેરે લાક્ષણિક ધાતુઓનું પણ ગ્રહણ થશે. અહીં ग्रह-व्रश्च... ૪-૧-૮૪ થી य्वृत् થયા પછી ऋકારવાળો ધાતુ થાય છે એ લાક્ષણિકનું ગ્રહણ થવાથી આ સૂત્રથી री નો આગમ થયો છે.

**ऋमतामिति किम् ?** चेक्रीयते, जेह्रीयते અહીં कृग् અને हृग् ધાતુમાં ऋतोरीः ૪-૩-૧૦૯ થી ऋ નો री થયો છે પણ દ્વિત્વ થયા પછી ધાતુ ऋકારવાળો નથી રહેતો તેથી આ સૂત્રથી री નો આગમ નહીં થાય.

## रि-रौ च लुपि । ४-१-५६

**અર્થ:-** ऋकारવાળા यङ्लुबन्त ધાતુઓનું દ્વિત્વ થયે છતે પૂર્વને (પૂર્વનાં સ્વરને) रि, र् અને री આગમ થાય છે.

**વિવેચન** - (૧) चरिकर्त्ति = તે વારંવાર કાપે છે. कृतैत्-छेदने (૧૩૨૫)

कृत्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

कृकृत्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરી અંશ દ્વિત્વ.

ककृत्य - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चकृत्य - कङः... ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चकृत् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

चरिकृत् - આ સૂત્રથી रि નો આગમ.

चरिकृत्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चरिकर्त्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

(૨) चर्कर्त्ति - चकृत् સુધી ઉપર પ્રમાણે થશે.

चर्कृत् - આ સૂત્રથી र् નો આગમ.

चर्कृत्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चर्कर्त्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

(૩) चरीकर्त्ति - चकृत् સુધી ઉપર પ્રમાણે થશે.

चरीकृत् - આ સૂત્રથી री નો આગમ.

चरीकृत्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

चरीकर्त्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

એજ પ્રમાણે कृ-चरिकर्ति, चर्कर्ति, चरीकर्ति-हृ-जरिहर्ति, जर्हर्ति, जरीहर्ति-नृत्-नरिनर्त्ति, नर्नर्त्ति, नरीनर्त्ति વિગેરે પ્રયોગો થશે.

**लुपीति किम्** ? नरीनृत्यते. સાધનિકા ૪-૧-૫૫ માં કરેલી છે. અહીં यङ् પ્રત્યયનો લોપ થયો નથી તેથી આ સૂત્ર ન લાગતાં ઉપરનાં ૪-૧-૫૫ થી માત્ર री નો જ આગમ થયો છે.

## निजां शित्येत् । ४-१-५७

**અર્થ:-** निज्-विज् અને विष् ધાતુનું शित् પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે પૂર્વનો (પૂર્વનાં સ્વરનો) ए થાય છે.

**વિવેચન** - (૧) नेनेक्ति = તે સાફ કરે છે, તે પોષણ કરે છે. णिजृंकी-शौचे पोषणे च (૧૧૪૧)

निज्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

निज्निज्+ति - ह्वः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

निनिज्+ति - व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં ज् નો લોપ.

नेनिज्+ति - આ સૂત્રથી પૂર્વનાં इ નો ए.

नेनेज्+ति - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

नेनेग्+ति - चजः.... ૨-૧-૮૬ થી ज् નો ग्.

नेनेक्ति - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्.

(૨) वेवेक्ति = તે જુદો થાય છે. विजृंकी-पृथग्भावे (૧૧૪૨) સાધનિકા नेनेक्ति પ્રમાણે થશે.

(૩) वेवेष्टि = તે વ્યાપે છે. विष्लृंकी-व्याप्तौ (૧૧૪૩) સાધનિકા नेनेक्ति પ્રમાણે થશે. પણ અહીં विष् ધાતુ હોવાથી तवर्गस्य... ૧-૩-૬૦ થી ष् નાં યોગમાં ति નાં त् નો ट् થાય છે.

**शितीति किम् ?** निनेज = તેણે સાફ કર્યું. સાધનિકા ૪-૧-૩૭ માં જણાવેલ इयेष પ્રમાણે થશે. માત્ર ૪-૧-૩૭ સૂત્ર નહીં લાગે. અહીં शित् પ્રત્યય નથી પણ પરોક્ષાનો પ્રત્યય છે તેથી આ સૂત્રથી પૂર્વનાં इ નો ए થયો નથી.

## पृ-भृ-मा-हाङामिः । ४-१-५८

**અર્થ:-** शित् પ્રત્યય પર છતાં पृ, ऋ, भृ, मा, हा ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનો (પૂર્વનાં સ્વરનો) इ થાય છે.

**વિવેચન** - (૧) पिपर्ति = તે પાલન કરે છે. पृंक्-पालन पूरणयोः (૧૧૩૪)

पृ+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

पृपृ+ति - ह्वः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

पपृ+ति :- ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

पिपृ+ति - આ સૂત્રથી પૂર્વનાં अ નો इ.

पिपर्ति - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

(૨) इयर्ति = તે જાય છે. ऋंक्-गतौ (૧૧૩૫) સાધનિકા पिपर्ति પ્રમાણે થશે. પણ અહીં पूर्वस्या... ૪-૧-૩૭ થી પૂર્વનાં इ નો इय् આદેશ થશે.

(૩) बिभर्ति = તે ભરણ-પોષણ કરે છે, તે ધારણ કરે છે. डुडुभृंगक्-पोषणे धारणे च (૧૧૪૦) સાધનિકા पिपर्ति પ્રમાણે થશે. પણ અહીં द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब् આદેશ થશે.

(૪) मिमीते = તે માપે છે, તે અવાજ કરે છે. मांङ्क्-मान-शब्दयोः (૧૧૩૭) સાધનિકા पिपर्ति પ્રમાણે થશે. પણ एषामी... ૪-૨-૯૭ થી मा ધાતુનાં અન્ત્ય आ નો ई થશે. ગુણની પ્રાપ્તિ ન હોવાથી ૪-૩-૧ નહીં લાગે.

(૫) जिहीते = તે જાય છે, ओहांङ्क्-गतौ (૧૧૩૬) સાધનિકા पिपर्ति પ્રમાણે થશે. हा·ધાતુ આત્મનેપદી હોવાથી ते પ્રત્યય લાગશે, एषामी... ૪-૨-૯૭ થી हा ધાતુનાં અન્ત્ય आ નો ई થશે, गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज् થશે. ૪-૩-૧ સૂત્ર નહીં લાગે.

**हाङिति किम् ?** जहाति = તે ત્યાગ કરે છે, ओहांक्-त्यागे (૧૧૩૧) સાધનિકા पिपर्ति પ્રમાણે થશે. અહીં हा ધાતુ ङ् ઇત્‌વાળો ન હોવાથી આ સૂત્રથી પૂર્વનાં अ નો इ થયો નથી. અને ગુણની પ્રાપ્તિ ન હોવાથી ૪-૩-૧ સૂત્ર નહીં લાગે.

**शितीत्येव** - पपार = તેણે પાલન કર્યું. સાધનિકા ૩-૪-૪૨ માં જણાવેલ ममार પ્રમાણે થશે. અહીં पृ ધાતુથી પરમાં शित् પ્રત્યય નથી. પરોક્ષાનો પ્રત્યય છે તેથી આ સૂત્રથી પૂર્વનાં अ નો इ થયો નથી.

✿ કેટલાકનાં મતે पृ ધાતુની સાથે पॄ ધાતુનું પણ ગ્રહણ થાય છે.

## सन्यस्य । ૪-१-५९

**અર્થઃ**- सन् પ્રત્યય પર છતાં (ધાતુનું) દ્વિત્વ થયે છતે પૂર્વનાં अ નો इ થાય છે.

**વિવેચન** - पिपक्षति = તે રાંધવાની ઈચ્છા કરે છે.

पच्-स - तुमर्हा... ३-४-२१ थी सन् प्रत्यय.

पपच्स - सन्... ४-१-3 थी આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

पिपच्स - આ સૂત્રથી પૂર્વનાં अ નો इ.

पिपक्स - चजः... ૨-૧-૮૬ થી च् નો क्.

पिपक्ष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

હવે પછી तिव् વિગેરે કાર્ય થવાથી पिपक्षति રૂપ સિદ્ધ થશે.

**सनीति किम् ?** पपाच = તેણે રાંધ્યું. સાધનિકા ૩-૪-૪૬ માં કરેલી છે. અહીં દ્વિત્વ થયા પછી પૂર્વમાં અકાર છે પણ सन् પ્રત્યય પરમાં નથી તેથી આ સૂત્રથી अ નો इ થયો નથી.

**अस्येति किम् ?** पापचिषते = તે વારંવાર રાંધવાની ઈચ્છા કરે છે.

पापच्य સુધી ૩-૩-૩ માં જણાવેલ પ્રમાણે જાણવું.

पापच्य+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

पापच्य+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

पापच्य्+इस - अतः ૪-૩-૮૨ થી અન્ત્ય अ નો લોપ.

पापचिस - योऽशिति ૪-૩-૮૦ થી અન્ત્ય य् નો લોપ.

पापचिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

હવે પછી ते વગેરે કાર્ય થવાથી पापचिषते થશે. અહીં પૂર્વમાં અકાર ન હોવાથી सन् પ્રત્યય પરમાં હોતે છતે આ સૂત્રથી इ થયો નથી.

## ओर्जाऽन्तस्था-पवर्गेऽवर्णे । ४-१-६०

**અર્થઃ-** દ્વિત્વ થયે છતે પૂર્વનાં उ નો અવર્ણ અન્તે છે જેને એવા ज्, અન્તસ્થા અને पवर्ग પરમાં હોતે છતે सन् પ્રત્યય પર છતાં इ થાય છે.

**વિવેચન** - (૧) जिजावयिषति = તે મોકલવાને ઇચ્છે છે. जुं-गतौ (૧૯૯૦ સૌત્ર)

जु+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

जौ+इ - नामिनो... ૪-૩-૫૧ થી उ ની વૃદ્ધિ औ.

जावि - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

जावि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

जुजावि+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

जिजावि+स - આ સૂત્રથી પૂર્વનાં उ નો इ.

जिजावि+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

जिजावे+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

जिजावयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

जिजावयिष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી जिजावयिषति થશે.

✡ "णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानविद् भवति" - णि પર છતાં જે કાર્ય કરાયું હોય તે સર્વ સ્થાનિવદ્ થાય છે એ ન્યાયથી અહીં सन् પ્રત્યય લાગતાં દ્વિત્વ કરવાનાં પ્રસંગે जा નું દ્વિત્વ ન થતાં जु ધાતુનું જ દ્વિત્વ થયું છે.

(૨) यियावयिषति = તે મિશ્રણ કરાવવાને ઇચ્છે છે. युक्-मिश्रणे (૧૦૮૦) સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. અહીં य् એ અન્તસ્થાની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

(૩) रियावयिषति = તે અવાજ કરાવવાને ઇચ્છે છે. रु-शब्दे (૧૦૮૫) સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. અહીં र् એ અન્તસ્થાની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

(૪) लिलावयिषति = તે કપાવવાને ઇચ્છે છે. लूग्श्-छेदने (૧૫૧૯) સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. અહીં ल् એ અન્તસ્થાની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

(૫) पिपावयिषति = તે પવિત્ર કરાવવાને ઇચ્છે છે. पूग्श्-पवने (૧૫૧૮) સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. અહીં प् ની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

(૬) बिभावयिषति = તે પ્રાપ્ત કરાવવાને ઇચ્છે છે. સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. પણ द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब् થશે. અહીં प् વર્ગનાં भ् ની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

(૭) मिमावयिषति = તે બંધાવવાને ઇચ્છે છે. मूङ्-बन्धने (૯૦૧)

સાધનિકા जिजावयिषति પ્રમાણે થશે. અહીં प् વર્ગનાં म् ની પછી आ છે તેથી તેની પૂર્વનાં उ નો इ આ સૂત્રથી થયો છે.

✡ लू, पू, भू અને मू ધાતુનાં ऊ નો દ્વિત્વ થયા પછી ह्रस्वः ૪-૧-૩૯ થી હ્રસ્વ થશે. અને પછી આ સૂત્ર લાગશે.

(૮) यियविषति = તે મિશ્રણ કરવાને ઇચ્છે છે.

युस - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

युयु+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

युयु+इ+स - इवृध... ૪-૪-૪૭ થી सन् ની પૂર્વે इट्.

युयो+इस - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

युयविस - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

युयविष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

यियविष - આ સૂત્રથી પૂર્વનાં उ નો इ.

હવે પછી तिव् વગેરે કાર્ય થવાથી यियविषति રૂપ સિદ્ધ થશે. અહીં અન્તસ્થા य् થી પરમાં अ છે તેથી આ સૂત્રથી પૂર્વનાં उ નો इ થયો છે.

(૯) पिपविषते = તે પવિત્ર કરવાને ઇચ્છે છે. સાધનિકા यियविषति પ્રમાણે થશે. પણ ऋस्मि... ૪-૪-૪૮ થી इट् થશે. અહીં प् થી પરમાં अ છે તેથી આ સૂત્રથી પૂર્વનાં उ નો इ થયો છે.

**ओरिति किम् ?** पापचिषते = તે વારંવાર રાંધવાને ઈચ્છે છે. સાધનિકા ૪-૧-૫૯ માં કરેલી છે. અહીં प् ની પછી अ છે પણ પૂર્વમાં उ નથી आ છે તેથી આ સૂત્રથી इ થયો નથી.

**जान्तस्थापवर्ग इति किम् ?** जुहावयिषति = તે હોમ કરાવવાની ઈચ્છા કરે છે. ह्वेंग्-स्पर्द्धाशब्दयोः (૯૯૪)

ह्वे+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

ह्वा+इ - आत्... ૪-૨-૧ થી ए નો आ.

ह्वा+इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

हु+इस- णौङसनि ૪-૧-૮૮ થી वा નું य्वृत् उ.

हू+इस- दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય य्वृत् દીર્ઘ.

हौ+इस् - नामिनो... ४-૩-५१ थी ऊ नी वृद्धि औ.

हाविस- ओदौतो... १-२-२४ थी औ नो आव्.

हूहाविस - सन्... ४-१-૩ थी આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

हुहाविस - ह्रस्वः ४-१-૩९ थी પૂર્વનો સ્વર હ્રસ્વ.

हुहावि+इ+स - स्ताद्य... ४-४-૩२ थी सन् नी पूर्वे इट्.

हुहावे+इस - नामिनो... ४-૩-१ थी इ नो ગુણ ए.

हुहावयिस - एदैतो... १-२-२૩ थी ए नो अय्.

जुहावयिस - गहोर्जः ४-१-४० थी પૂર્વનાં ह् नो ज्.

जुहावयिष - नाम्य... २-૩-१५ थी स् नो ष्.

હવે પછી तिव् વિગેરે કાર્ય થવાથી जुहावयिषति રૂપ સિદ્ધ થશે. અહીં પૂર્વમાં उ છે પણ ह् ની પછી आ રહેલો છે. ज्, અન્તસ્થા કે प् વર્ગની પછી आ નથી તેથી આ સૂત્રથી પૂર્વનાં उ નો इ થયો નથી.

**अवर्ण इति किम् ?** बुभूषति = તે થવાને ઇચ્છે છે.

भू+स - तुमर्हा... ૩-४-२१ थी सन् प्रत्यय.

भूभूस - सन्... ४-१-૩ थी આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

भुभूस - ह्रस्वः ४-१-૩९ थी પૂર્વનો સ્વર હ્રસ્વ.

बुभूस - द्वितीय... ४-१-४२ थी પૂર્વનાં भ् नो ब्.

बुभूष - नाम्य... २-૩-१५ थी स् नो ष्.

હવે પછી तिव् વિગેરે કાર્ય થવાથી बुभूषति રૂપ સિદ્ધ થશે. અહીં ग्रह... ४-४-५९ थी इट् नो निषेध थयो छे. અને नामिनो.... ४-૩-૩૩ थी अनिट् सन् किद्वद् थाय छे. અહીં अवर्ण અન્તે નથી ऊ છે તેથી આ સૂત્રથી પૂર્વનાં उ નો इ થયો નથી.

✿ णि અન્તવાળા ધાતુઓમાં વૃદ્ધિ અને आव् કર્યા પછી દ્વિત્વ થાય ત્યાં પૂર્વમાં उ જ નથી રહેતો. તેથી यावि ધાતુનું દ્વિત્વ થવાથી यायावि થયા પછી "ह्रस्वः" થી ययावि અને "सन्यस्य" થી यियाविष સિદ્ધ થાય છે. તો પછી આવુ લાંબુ સૂત્ર શા માટે બનાવ્યું. અથવા "ओः पयेऽवर्णे" આવું સૂત્ર કરવાથી पिपविषते, यियविषति માં રહેલાં

પૂર્વનાં उ નો इ થઈ શકે છે. સાચી વાત છે. પણ "णौ यत्कृतं कार्यं तत्सर्वं स्थानिवद्" એ ન્યાયને જણાવવા માટે જ આ પ્રમાણે સૂત્ર બનાવ્યું છે.

## श्रु-स्रु-द्रु-प्रु-प्लु-च्योर्वा । ૪-૧-૬૧

**અર્થઃ-** श्रु, स्रु-द्रु-प्रु-प्लु અને च्यु ધાતુનું દ્વિત્વ થયે છતે અવર્ણ અન્તે છે જેને એવો અન્તસ્થા પરમાં હોતે છતે सन् પર છતાં इ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) शिश्रावयिषति, शुश्रावयिषति = તે સંભળાવવાને ઈચ્છે છે. श्रुंट्-श्रवणे (૧૨૯૬) સાધનિકા ૪-૧-૬૦ માં જણાવેલ जिजावयिषति પ્રમાણે થશે. પણ આ સૂત્રથી પૂર્વનાં उ નો इ વિકલ્પે થવાથી બે રૂપ થયા છે. એજ પ્રમાણે...

(૨) सिस्रावयिषति, सुस्रावयिषति = તે ટપકાવવાને ઈચ્છે છે. स्रुं-गतौ (૧૫)

(૩) दिद्रावयिषति, दुद्रावयिषति = તે પ્રવાહી કરાવવાને ઈચ્છે છે. द्रुं-गतौ (૧૩)

(૪) पिप्रावयिषति, पुप्रावयिषति = તે ગતિ કરાવવાને ઈચ્છે છે. प्रुंङ्-गतौ (૫૯૭)

(૫) पिप्लावयिषति, पुप्लावयिषति = તે ગતિ કરાવવાને ઈચ્છે છે. प्लुंङ्-गतौ (૫૯૮).

(૬) चिच्यावयिषति, चुच्यावयिषति = તે ગતિ કરાવવાને ઈચ્છે છે. च्युंङ्-गतौ (૫૯૪)

✡ આ સૂત્રનાં વચનબળથી शुश्रावयिषति વિગેરે ઉદાહરણોમાં એક વર્ણનું વ્યવધાન હોવા છતાં પણ પૂર્વનાં उ નો इ થયો છે.

**अवर्णइत्येव** - शुश्रूषते = તે સાંભળવાને ઈચ્છે છે. સાધનિકા ૪-૧-૬૦ માં જણાવેલ बुभूषति પ્રમાણે થશે.

**ओरित्येव** - सोस्रविषति = તે વારંવાર ઝરવાને ઈચ્છે છે. આ यङ् લુબન્ત પરથી સન્નન્તનો પ્રયોગ છે. र् અન્તસ્થાથી પર अ છે. પણ પૂર્વમાં उ નથી. તે उ નો आगुणा... ૪-૧-૪૮ થી ગુણ થઈને ओ થએલો હોવાથી આ સૂત્રથી इ થયો નથી.

## स्वपो णावुः । ४-१-६२

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં स्वप् ધાતુનું દ્વિત્વ થયે છતે પૂર્વનાં સ્વરનો उ થાય છે.

**વિવેચન** - सुष्वापयिषति = તે સુવાડવાને ઈચ્છે છે. ञिष्वपंक्-शये (૧૦૮૮)

स्वप्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

स्वापि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

स्वापि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

स्वास्वापि+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

सास्वापि+स - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

सुस्वापि+स - આ સૂત્રથી પૂર્વનાં आ નો उ.

सुस्वापि+इस - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

सुस्वापे+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

सुस्वापयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

सुस्वापयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

सुष्वापयिष - णिस्तो... ૨-૩-૩૭ થી स्वप् નાં स् નો ष्.

હવે પછી तिव् વગેરે કાર્ય થવાથી सुष्वापयिषति રૂપ સિદ્ધ થશે.

**णाविति किम् ?** सिष्वापकीयिषति = ઊંઘનારને ઇચ્છનારની ઈચ્છા કરે છે.

स्वप्+अक - णक... ૫-૧-૪૮ થી णक પ્રત્યય.

स्वापक - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

स्वापकं इच्छति અર્થમાં क्यन् પ્રત્યય.

स्वापक+य - अमाव्य... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય.

स्वापकीय - क्यनि ૪-૩-૧૧૨ થી અન્ત્ય अ નો ई.

स्वापकीय+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

स्वास्वापकीय+स - अन्यस्य ૪-૧-૮ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

सास्वापकीय+स - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

सस्वापकीय+स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

सस्वापकीय+इस - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

सिस्वापकीय+इस - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

सिस्वापकीयिस - अतः ૪-૩-૮૨ થી અન્ત્ય अ નો લોપ.

सिस्वापकीयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

सिष्वापकीयिष - णिस्तो... ૨-૩-૩૭ થી स्वप् નાં स् નો ष्.

હવે પછી तिव् વગેરે કાર્ય થવાથી सिष्वापकीयिषति રૂપ સિદ્ધ થશે. અહીં स्वप् ધાતુનું દ્વિત્વ થએલું છે પણ णि પ્રત્યય લાગ્યા બાદ દ્વિત્વ થએલું નથી તેથી આ સૂત્રથી પૂર્વનાં अ નો उ આદેશ થયો નથી.

**स्वपो णाविति किम् ?** सिष्वापयिषति = ઉંઘવાને ઇચ્છે છે.

स्वप्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

स्वाप - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

स्वापं चिकीर्षति અર્થમાં णिच् પ્રત્યય.

स्वाप+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

स्वापि - त्र्यन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય अ નો લોપ.

स्वापि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

स्वास्वापि+स - अन्यस्य ૪-૧-૮ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

सास्वापि+स - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

सस्वापि+स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

सस्वापि+इस - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

सिस्वापि+इस - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

सिस्वापे+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

सिस्वापयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

सिस्वापयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

सिष्वापयिष - णिस्तो... ૨-૩-૩૭ થી स्वप् નાં स् નો ष्.

હવે પછી तिव् વગેરે કાર્ય થવાથી सिष्वापयिषति રૂપ સિદ્ધ થશે.

અહીં ણિચ્ પ્રત્યય स्वप् ધાતુથી નથી લાગ્યો પણ स्वाप નામથી લાગ્યો છે તેથી આ સૂત્રથી स्वप् ધાતુનાં અન્ત્ય સ્વરનો उ થયો નથી.

**स्वपो णौ सति द्वित्व इति किम् ?** सोषोपयिषति = વારંવાર ઊંઘાડવાની ઇચ્છા કરે છે.

स्वप्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

सुप्य - स्वपे... ૪-૧-૮૦ થી व નું य्वृत् उ.

सुसुप्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

सोसुप्य - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં उ નો ગુણ ओ.

सोसुप् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

सोसुप्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

सोसोपि - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

सोसोपि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

सोसोपि+इस - स्ताद्य... ૪-૪-૩૨ થી सन् ની પૂર્વે इट्.

सोसोपे+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

सोसोपयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

सोसोपयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

सोषोपयिष - णिस्तो... ૨-૩-૩૭ થી स्वप् નાં स् નો ष्.

હવે પછી तिव् વગેરે કાર્ય થવાથી सोषोपयिषति રૂપ સિદ્ધ થશે. અહીં स्वप् ધાતુને णि પ્રત્યય લાગ્યા પછી દ્વિત્વ થએલું નથી પણ यङ्लुबन्त માં यङ् લાગતાં દ્વિત્વ થયા પછી णि પ્રત્યય લાગેલો છે તેથી આ સૂત્રથી પૂર્વનાં સ્વરનો उ થયો નથી.

## असमानलोपे सन्वल्लघुनि ङे । ४-१-६३

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે જે ધાતુઓમાં સમાનનો લોપ થયો નથી તેવા ધાતુઓનાં પૂર્વનાં સ્વરનું લઘુ ધાત્વક્ષર પરમાં હોતે છતે સન્વત્ કાર્ય થાય છે.

**વિવેચન** - अचीकरत् = તેણે કરાવ્યું. સાધનિકા ૩-૪-૫૮ માં કરેલી છે.

(૨) अजीजवत् = તેણે ગમન કરાવ્યું. સાધનિકા ૩-૪-૫૮ માં જણાવેલ अचीकरत् પ્રમાણે થશે. जु+इ માં उ ની વૃદ્ધિ औ અને ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव् થવાથી जावि બન્યું છે. ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે. जु ધાતુનાં પૂર્વનાં उ નો इ ૪-૧-૬૦ થી થશે.

(૩) अशिश्रवत् = તેણે સંભળાવ્યું. સાધનિકા अजीजवत् પ્રમાણે થશે. श्रु ધાતુનાં પૂર્વનાં उ નો इ ૪-૧-૬૧ થી થશે.

આ ત્રણે ઉદાહરણમાં લઘુ ધાત્વક્ષર પરમાં હોવાથી પૂર્વનાં સ્વરનો इ થયો છે. એજ પ્રમાણે यु-अयीयवत्, रु-अरीरवत्, लू-अलीलवत्, पू-अपीपवत् થશે.

**लघुनीति किम् ?** अततक्षत् = તેણે છોલાવ્યું. तक्षौ-तनूकरणे (૫૭૧) સાધનિકા ૩-૪-૫૮ માં જણાવેલ अचीकरत् પ્રમાણે થશે. પણ અહીં વૃદ્ધિનો અભાવ હોવાથી ૪-૩-૫૧ અને ૪-૨-૩૫ સૂત્ર નહીં લાગે. તથા तक्ष् માં क्ष् એ સંયોગવાળો અક્ષર હોવાથી તેની પૂર્વનો त એ ગુરૂ અક્ષર છે તેથી આ સૂત્રથી સન્વત્ કાર્ય પણ નહીં થાય.

**णावित्येव** - अचकमत = તેણે ઈચ્છા કરી. कमूङ्-कान्तौ (૭૮૯) સાધનિકા ૩-૪-૫૮ માં કરેલી છે. અહીં લઘુ ધાત્વક્ષર છે. ङ પ્રત્યય છે. પણ તેની પૂર્વમાં णि પ્રત્યય નથી તેથી આ સૂત્રથી સન્વત્ કાર્ય થયું નથી.

**असमानलोप इति किम् ?** अचकथत् = તેણે કહ્યું. कथण्-वाक्यप्रबन्धे (૧૮૮૦)

कथ+इ - चुरादिभ्यो... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

कथि - अतः ૪-૩-૮૨ થી અન્ત્ય अ નો લોપ.

कथि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अकथि+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकथि+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

अककथि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

अचकथि+अ+द् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

अचकथद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिच् નો લોપ.

*अचकथत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.*

અહીં લઘુ ધાત્વક્ષર છે. ङ પ્રત્યય છે તેની પૂર્વમાં णि પ્રત્યય પણ છે. પણ कथ ધાતુમાં રહેલાં अ નો (સમાનનો) લોપ થયેલો છે તેથી આ સૂત્રથી સન્વત્ કાર્ય થયું નથી.

## लघोर्दीर्घोऽस्वरादेः । ४-१-६४

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે સ્વરાદિ ધાતુઓને વર્જીને અન્ય ધાતુઓમાં સમાનનો લોપ થયો નથી તેવા ધાતુઓનો પૂર્વનો લઘુસ્વર લઘુધાત્વક્ષર પરમાં હોતે છતે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) अचीकरत् = તેણે કરાવ્યું. સાધનિકા ૩-૪-૫૮ માં કરેલી છે. લઘુધાત્વક્ષર પરમાં હોવાથી ૪-૧-૬૩ થી સન્વત્ કાર્ય થવાથી सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ થયો. અને તે इ લઘુસ્વર હોવાથી આ સૂત્રથી દીર્ઘ થયો.

**लघोरिति किम्** ? अचिक्कणत् = તેણે શબ્દ (અવાજ) કરાવ્યો. क्वण-शब्दे (૨૭૧) સાધનિકા अचीकरत् પ્રમાણે થશે. પણ વૃદ્ધિનો અભાવ હોવાથી ૪-૩-૫૧ અને ૪-૨-૩૫ સૂત્ર નહીં લાગે. અહીં क्व થી પૂર્વમાં चि માં રહેલો इ એ સંયોગવાળા અક્ષરની પૂર્વે હોવાથી ગુરુ છે તેથી આ સૂત્રથી પૂર્વમાં લઘુસ્વર ન હોવાથી દીર્ઘ થયું નથી.

**अस्वरादेरिति किम्** ? और्णुनवत् = તેણે ઢંકાવ્યું. ऊर्णुग्-आच्छादने (૧૧૨૩)

ऊर्नु+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

ऊर्नु+इ+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

ऊर्नु+इ+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

ऊर्नुनु+इ+अ+द् - स्वरादे... ૪-૧-૪ થી એકસ્વરી દ્વિતીયઅંશ દ્વિત્વ.

और्नुनु+इ+अ+द् - स्वरादे... ૪-૪-૩૧ થી ऊ ની વૃદ્ધિ औ.

और्नुनौ+इ+अ+द् - नामिनो... ૪-૩-૫૧ થી नु નાં उ ની વૃદ્ધિ औ.

और्नुनाव्+इ+अ+द् - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

और्नुनावद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

और्नुनवद् - उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

और्णुनवद् - र-षृवर्णा... २-३-६३ थी न् नो ण्.

और्ण्णुनवद् - र्हादर्ह... १-३-३१ थी ण् द्वित्व.

और्ण्णुनवत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

અહીં સ્વરાદિ ધાતુ હોવાથી લઘુ ધાત્વક્ષર પરમાં હોવા છતાં પૂર્વનાં લઘુ સ્વરનો દીર્ઘ આદેશ આ સૂત્રથી થયો નથી.

## स्मृ-दृ-त्वर-प्रथ-म्रद-स्तृ-स्पशेरः । ४-१-६५

**અર્થઃ-** ङ प्रत्यय પરમાં છે જેને એવો णि प्रत्यय પર છતાં દ્વિત્વ થયે છતે સમાનનો લોપ થયો નથી તેવા स्मृ, दृ, त्वर्, प्रथ्, म्रद्, स्तृ અને स्पश् ધાતુઓનાં પૂર્વનાં સ્વરનો अ થાય છે.

**વિવેચન** - (૧) असस्मरत् = તેણે સ્મરણ કરાવ્યું. स्मृं-चिन्तायाम् (१८)

स्मृ+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

स्मारि - नामिनो... ४-३-५१ थी ऋ नी वृद्धि आर्.

स्मारि+द् - दि-ताम्... ३-३-११ थी द् प्रत्यय.

स्मारि+अ+द् - णि-श्रि... ३-४-५८ थी ङ प्रत्यय.

स्मृस्मारि+अ+द् - आद्योंश... ४-१-२ थी આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सृस्मारि+अ+द् - व्यञ्जन... ४-१-४४ थी અનાદિવ્યંજન म् नो લોપ.

सस्मारि+अ+द् - ऋतोऽत् ४-१-३८ थी પૂર્વનાં ऋ नो अ.

सस्मरि+अ+द् - घटादे... ४-२-२४ थी સ્વર હ્રસ્વ.

असस्मरि+अ+द् - अड्... ४-४-२९ थी अट् આગમ.

असस्मरद् - णेरनिटि ४-३-८३ थी णिग् नो લોપ.

असस्मरत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

અહીં પણ "णौ यत्कृतंकार्यंतत्सर्वंस्थानिवत्" આ ન્યાયથી દ્વિત્વનાં પ્રસંગે स्मा નું દ્વિત્વ ન થતાં स्मृ ધાતુનું જ દ્વિત્વ થયું છે. એજ પ્રમાણે...

(૨) अददरत् = તેણે આદર કર્યો. दृंङ्त्-आदरे (१४६६) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે.

(૩) अतत्वरत् = તેણે ઉતાવળ કરાવી. जित्वरिष्-सम्भ्रमे (१०१०)

સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ અને ૪-૧-૩૮ સૂત્ર નહીં લાગે અને ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે.

(૪) अपप्रथत् = તેણે પ્રસિદ્ધ કરાવ્યું. प्रथिष्-प्रख्याने (૧૦૦૩) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૩૮ સૂત્ર નહીં લાગે અને ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે.

(૫) अमम्रदत् = તેણે મર્દન કરાવ્યું. म्रदिष्-मर्दने (૧૦૦૪) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૩૮ સૂત્ર નહીં લાગે અને ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે.

(૬) अतस्तरत् = તેણે ઢંકાવ્યું. स्तृश्-आच्छादने (૧૫૨૧) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે અને ह्रस्वः ૪-૧-૩૯ થી દ્વિત્વ થયા પછી પૂર્વનાં स्तृ નો ॠ હ્રસ્વ થશે. अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स्तृ નાં स् નો લોપ થશે. તથા આ ધાતુ ઘટાદિ ન હોવાથી उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય आ નો હ્રસ્વ अ થશે.

(૭) अपस्पशत् = તેણે ગ્રહણ કરાવ્યું. स्पशिण्-ग्रहणश्लेषणयोः (૧૮૪૨) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ અને ૪-૧-૩૮ સૂત્ર નહીં લાગે અને अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स्प નાં स् નો લોપ થશે. તથા આ ધાતુ ઘટાદિ ન હોવાથી उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય आ નો હ્રસ્વ अ થશે.

## वा वेष्ट-चेष्टः । ૪-૧-૬૬

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે સમાનનો લોપ થયો નથી તેવા वेष्ट् અને चेष्ट् ધાતુઓનાં પૂર્વનાં સ્વરનો अ વિકલ્પે થાય છે.

**વિવેચન -** (૧) अववेष्टत्, अविवेष्टत् = તેણે વીંટાવ્યું. वेष्टि-वेष्टने (૬૭૩) સાધનિકા असस्मरत् પ્રમાણે થશે. પણ ૪-૩-૫૧, ૪-૧-૪૪, ૪-૧-૩૮ અને ૪-૨-૨૪ સૂત્ર નહીં લાગે. અને अवेवेष्टत् થયા પછી ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનાં ए નો इ થવાથી अविवेष्टत् રૂપ થશે. તેનો આ સૂત્રથી अ થવાથી अववेष्टत् થશે. એટલે વિકલ્પે अ થતો હોવાથી બે રૂપ થશે.

(૨) अचचेष्टत्, अचिचेष्टत् = તેણે ચેષ્ટા કરાવી. चेष्टि-चेष्टायाम् (૯૭૦) સાધનિકા अववेष्टत्, अविवेष्टत् પ્રમાણે થશે.

## ई च गणः । ४-१-६७

**અર્થ**:- ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં દ્વિત્વ થયે છતે गण ધાતુનાં પૂર્વનાં સ્વરનો ई અને अ આદેશ થાય છે.

**વિવેચન** - अजीगणत्, अजगणत् = તેણે ગણાવ્યું. गणण्-संख्याने (૧૮૭૪) સાધનિકા ૪-૧-૬૩ માં કરેલ अचकथत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૬ ને બદલે गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज् થશે. તે પછી આ સૂત્રથી દીર્ઘ ई અને अ થવાથી બે રૂપ થશે.

✡ "इ वा गणः" આ પ્રમાણે સૂત્ર કરે તો અકારાન્ત એવા गण ધાતુનાં સમાનનો લોપ થવાથી વિકલ્પપક્ષે अजगणत् રૂપ સિદ્ધ થાત પરંતુ चुरादि ગણપાઠમાં गण ધાતુ અકારાન્ત હોવાથી તેના સમાનનો લોપ થયો હોય તો સન્વત્કાર્ય અને દીર્ઘત્વ પ્રાપ્ત નથી. णिच् અનિત્ય હોવાથી णिच् નાં યોગમાં જ गण ધાતુ અકારાન્ત છે. અને णिच् નાં અભાવમાં અકારાન્ત નો પણ અભાવ હોવાથી એક જ अजीगणत् રૂપ થાત. તેથી આ સૂત્રથી ઈકાર અને અકાર બન્ને કર્યા છે.

## अस्यादेशः परोक्षायाम् । ४-१-६८

**અર્થ**:- પરોક્ષામાં દ્વિત્વ થયે છતે પૂર્વનાં આદિ अ નો आ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) आदुः = તેઓએ ખાધું. अदं-भक्षणे (૧૦૫૯)

अद्+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

अद्अद्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अअद्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન द् નો લોપ.

आअदुस् - આ સૂત્રથી પૂર્વનાં अ નો आ.

आदुस् - समानानां... ૧-૨-૧ થી आ+अ=आ.

सोरुः, रःपदान्ते... થી आदुः થશે.

(૨) आरतुः = તેઓ બે ગયા. ऋं-प्रापणे गतौ च (૨૬) સાધનિકા ૪-૧-૧ માં કરેલ चक्रतुः પ્રમાણે થશે. પણ ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે અને

આ સૂત્રથી પૂર્વનાં अ નો आ થશે. समानानां... ૧-૨-૧ થી आ+अ=आ થઈને आरतुः સિદ્ધ થશે.

**अस्येति किम्** ? ईयुः = તેઓ ગયા. इंण्क्-गतौ (૧૦૭૫)

इ+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

इइ+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

इइयुस् - इणः ૨-૧-૫૧ થી इ નો इय् આદેશ.

હવે પછીની સાધનિકા आदुः પ્રમાણે થશે. અહીં દીર્ઘની અને इय् ની બન્નેની પ્રાપ્તિ છે. પરન્તુ "वार्णात्प्राकृतं बलीयः" એ ન્યાયથી પહેલાં इणः ૨-૧-૫૧ થી इय् કરવો. અને પછી समानानां... ૧-૨-૧ થી દીર્ઘ કરવું. અહીં આદિમાં अ નથી इ છે તેથી આ સૂત્ર લાગ્યું નથી.

✿ આ સૂત્ર लुगस्या... ૨-૧-૧૧૩ નું અપવાદ સૂત્ર છે.

## अनातो नश्चान्त ऋदाद्यशौ-संयोगस्य । ४-१-६९

**અર્થઃ**- પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ऋકારાદિ ધાતુનાં, अश् ધાતુનાં અને સંયોગાન્ત ધાતુનાં પૂર્વનાં अ નો (आ નાં સ્થાને થયેલાં अ સિવાયનાં अ નો) आ થાય છે. અને એ કરાએલાં आ ને અન્તે न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) आनृधुः = તેઓ વધ્યા. ऋधूच् (૧૧૮૬), ऋधूट् (૧૩૦૬) वृद्धौ.

ऋध्+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

ऋध्ऋध्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ऋऋध्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ध् નો લોપ.

अऋधुस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

आनृधुस् - આસૂત્રથી પૂર્વનાં अ નો आ અને न् આગમ.

सोरुः, रःपदान्ते.... થી आनृधुः થશે.

(૨) आनशे = તે વ્યાપ્ત થયો. अशौटि-व्याप्तौ (૧૩૧૪) સાધનિકા ૪-૧-૬૮ માં જણાવેલ आदुः પ્રમાણે થશે. પણ ૨-૧-૭૨ અને ૧-૩-૫૩ સૂત્ર નહીં લાગે અને अश् આત્મનેપદી હોવાથી ૩-૩-૧૨ થી આત્મનેપદનો ए પ્રત્યય લાગશે. અને આ સૂત્રથી अ નો आ અને न्

નો આગમ થશે.

(૩) आनञ्ज = તે બોલ્યો, તેણે માલિશ કરી, તે ગયો. अञ्जौप्-व्यक्ति-म्रक्षण-गतिषु (૧૪૮૮) સાધનિકા ૩-૪-૪૮ માં જણાવેલ आनर्च પ્રમાણે થશે.

**ऋदादीति किम् ?** आर = તે ગયો.

ऋ+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

ऋऋ+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अऋ+अ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

अआर - नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्.

आआर - अस्यादे... ૪-૧-૬૮ થી પૂર્વનાં अ નો आ.

आर - समानानां... ૧-૨-૧ થી आ+आ=आ.

એકલો ऋ ધાતુ આદિ અન્તવાળો હોવા છતાં પણ તેનું ગ્રહણ નહીં થાય કેમકે અન્ત્યનું કથન કરીએ તો ऋदादित्व નથી અને આદિનું કથન કરીએ તો ऋदन्तत्व નથી તેથી ऋ છે આદિમાં જ જેને એવું અવધારણ કરવાથી એકલા ऋ ધાતુનાં પૂર્વનાં अ નો आ આ સૂત્રથી થયો નથી.

**अनात इति किम् ?** आञ्छ = તેણે લાંબુ કર્યું. आछु-आयामे (૧૨૩)

आन्छ् - उदितः... ૪-૪-૯૮ થી न् આગમ.

आञ्छ् - म्नां... ૧-૩-૩૯ થી न् નો ञ्.

आञ्छ्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

आञ्छ्आञ्छ्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

आआञ्छ्+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ञ्-छ् નો લોપ.

अआञ्छ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

आञ्छ - समानानां... ૧-૨-૧ થી अ+आ=आ.

અહીં પૂર્વનાં आ નો अ થયેલો હોવાથી તે अ નો આ સૂત્રથી आ થયો નથી आ ન થયો એટલે न् નો આગમ પણ થયો નથી.

## भू-स्वपोरदुतौ । ४-१-७०

**અર્થઃ-** પરોક્ષામાં દ્વિત્વ થયે છતે भू અને स्वप् ધાતુનાં પૂર્વનાં સ્વરનો અનુક્રમે અકાર અને ઉકાર થાય છે.

**વિવેચન** - (૧) बभूव = તે થયો. સાધનિકા ૩-૪-૪૬ માં જણાવેલ चकासाम्बभूव માં बभूव પ્રમાણે થશે.

(૨) सुष्वाप = તે ઊંઘ્યો. ञिष्वपंक्-शये (૧૦૮૮) સાધનિકા ૩-૪-૪૬ માં જણાવેલ पपाच પ્રમાણે થશે. અને આ સૂત્રથી પૂર્વનાં स માં રહેલાં अ નો उ થશે. सुस्वाप् થયા પછી नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष् થવાથી सुष्वाप થશે. અહીં ધાતુપાઠમાં ष्वप् ધાતુ છે તેનો षः सो... ૨-૩-૯૮ થી स्वप् થયેલો છે તેથી તે કૃત સકાર હોવાથી ૨-૩-૧૫ થી षકાર થયો છે.

**परोक्षायामित्येव —** बुभूषति = તે થવાને ઇચ્છે છે. અહીં सन् પર છતાં દ્વિત્વ થયેલ છે. તેથી આ સૂત્રથી પૂર્વનાં સ્વરનો अ આદેશ થયો નથી.

## ज्या-व्ये-व्यधि-व्यचि-व्यथेरिः । ४-१-७१

**અર્થઃ-** પરોક્ષામાં દ્વિત્વ થયે છતે ज्या, व्ये, व्यध्, व्यच् અને व्यथ् ધાતુનાં પૂર્વનાં સ્વરનો इ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जिज्यौ = તે ઘટ્યું. ज्यांश्-हानौ (૧૫૨૪) સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન य् નો લોપ થશે. પછી આ સૂત્રથી પૂર્વનાં अ નો इ થવાથી जिज्यौ થશે.

(૨) संविव्याय = તેણે ઢાંક્યું. व्येंग्-संवरणे (૯૯૩)

सम्+व्ये+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

सम्+व्ये+अ - व्यस्थव्... ૪-૨-૩ થી અન્ત્ય ए નાં आ નો નિષેધ.

सम्+व्येव्ये+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सम्+वेव्ये+अ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન य् નો લોપ.

सम्+विव्ये+अ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

सम्+विव्यै+अ - नामिनो... ૪-૩-૫૧ થી ए ની વૃદ્ધિ ऐ.

सम्+विव्याय - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

संविव्याय - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संविव्याय - यजादि... ૪-૧-૭૨ થી वि નું य्वृत् उ થવાની પ્રાપ્તિ હતી તેનો નિષેધ કરીને આ સૂત્રે પૂર્વનાં इ સ્વરનો इ આદેશ કર્યો.

(૩) विव्याध = તેણે વીંધ્યું. व्यधंच्-ताडने (૧૧૫૭)

व्यध्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

व्यध्व्यध्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

वव्यध - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન य्-ध् નો લોપ.

विव्यध - આ સૂત્રથી પૂર્વનાં अ નો इ.

विव्याध - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

(૪) विव्याच = તેણે કપટ કર્યું. व्यचत्-व्याजीकरणे (૧૪૩૨) સાધનિકા विव्याध પ્રમાણે થશે.

(૫) विव्यथे = તે ભય પામ્યો. व्यथिष्-भय-चलनयोः (૧૦૦૨) સાધનિકા विव्याध પ્રમાણે થશે. અહીં ૩-૩-૧૨ થી આત્મનેપદનો ए પ્રત્યય લાગશે. અને વૃદ્ધિની પ્રાપ્તિ ન હોવાથી ૪-૩-૫૦ થી વૃદ્ધિ નહીં થાય.

## यजादि-वश्-वचः सस्वरान्तस्था य्वृत् । ૪-૧-૭૨

**અર્થઃ**- પરોક્ષામાં દ્વિત્વ થયે છતે यजादि ધાતુઓનાં તથા वश् અને वच् ધાતુનાં પૂર્વનાં સ્વરસહિત અંતસ્થા इકાર, उકાર અને ऋકાર રૂપ પ્રત્યાસત્તિ (य्वृत्) થાય છે.

**વિવેચન** - પ્રત્યાસત્તિ — वर्णानाम् सामीप्यं = વર્ણોનું સામીપ્ય.

य् નું સામીપ્ય इ હોવાથી य् નાં સ્થાને इ થાય છે.

व् નું સામીપ્ય उ હોવાથી व् નાં સ્થાને उ થાય છે.

र् નું સામીપ્ય ऋ હોવાથી र् નાં સ્થાને ऋ થાય છે.

(૧) इयाज = તેણે યજ્ઞ કર્યો. સાધનિકા ૪-૧-૩૭ માં કરેલી છે.

(૨) उवाय = તેણે વણ્યું. वेंग्-तन्तुसन्ताने (૯૯૨) वे ધાતુનો वेर्वय् ૪-૪-૧૯ થી वय् આદેશ થયા પછી સાધનિકા विव्याध પ્રમાણે થશે. પણ પૂર્વનાં સ્વરસહિત અંતસ્થા व નો उ આ સૂત્રથી થશે.

(૩) उवाश = તે દીપ્યો. वशक्-कान्तौ (૧૧૦૧) સાધનિકા विव्याध પ્રમાણે થશે. પણ પૂર્વનાં સ્વરસહિત અંતસ્થા व નો उ આ સૂત્રથી થશે.

(૪) उवाच = તે બોલ્યો. वचंक्-भाषणे (૧૦૯૬) સાધનિકા विव्याध પ્રમાણે થશે. પણ પૂર્વનાં સ્વરસહિત અંતસ્થા व નો उ આ સૂત્રથી થશે.

✿ वश् ધાતુનાં સાહચર્યથી वच् ધાતુ अदादि નો અને ब्रू નો જે वच् આદેશ થાય છે તે ગ્રહણ થશે. પરન્તુ चुरादि માં જે युजादि ગણપાઠમાં वच् ધાતુ છે તે ગ્રહણ નહીં થાય.

## न वयो य् । ४-१-७३

**અર્થઃ-** वे ધાતુનાં સ્થાને થયેલાં वय् નાં य् નું ય્વૃત્ પરોક્ષામાં થતું નથી.

**વિવેચન** - ऊयुः = તેઓએ વણ્યું.

वे+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

वय्+उस् - वेर्वय् ૪-૪-૧૯ થી वे નો वय् આદેશ.

वय्वय्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ववय्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન य् નો લોપ.

उवय्+उस् - यजादि... ૪-૧-૭૨ થી व નું ય્વૃત્ उ.

उवयुस् - इन्ध्य... ૪-૩-૨૧ થી उस् ને કિદ્વદ્ભાવ.

उउयुस् - यजादि... ૪-૧-૭૯ થી દ્વિતીય व નું ય્વૃત્.

ऊयुस् - समानानां... ૧-૨-૧ થી उ+उ=ऊ.

सोरुः, रःपदान्ते... થી ऊयुः થશે. અહીં यजादि... ૪-૧-૭૯ થી व અને य् બંનેના ય્વૃત્ની પ્રાપ્તિ હતી તેમાં य् નાં ય્વૃત્નો આ સૂત્રથી નિષેધ થયો પણ व નું ય્વૃત્ ૪-૧-૭૯ થી જ થયું છે.

पूर्वस्य શબ્દની નિવૃત્તિ થઈ છે.

## वेरयः । ४-१-७४

**અર્થઃ-** य् અન્તમાં ન હોય તો वे ધાતુનાં પૂર્વનાં અંતસ્થાનું કે પરનાં અંતસ્થાનું ય્વૃત્ પરોક્ષામાં થતું નથી.

**વિવેચન** - ववौ = મેં વણ્યું, તેણે વણ્યું. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ

पपौ પ્રમાણે થશે. आत्... ૪-૨-૧ થી वे ધાતુનાં ए નો आ થવાથી वा ધાતુ થાય છે. અહીં वे નું वय् થએલું ન હોવાથી य् અન્તમાં નથી તેથી આ સૂત્રથી ય્વૃત્ નો નિષેધ થયો છે.

**अय इति किम्** ? उवाय = તેણે વણ્યું. સાધનિકા ૪-૧-૭૨ માં જણાવેલ છે. અહીં वय् આદેશ થયેલો હોવાથી यजादि... ૪-૧-૭૨ થી પૂર્વનાં व નું ય્વૃત્ उ થયું છે.

✡ वेर्वय् ૪-૪-૧૯ સૂત્રથી वे ધાતુનું वय् વિકલ્પે થાય છે તેથી જ્યાં वय् થાય ત્યાં उवाय પ્રયોગ થશે. અને જ્યાં वय् ન થાય ત્યાં ववौ પ્રયોગ થશે.

## अविति वा । ४-१-७५

**અર્થ**:- य् અન્તમાં ન હોય તો वे ધાતુનાં પૂર્વનાં અંતસ્થાનું કે પરનાં અંતસ્થાનું ય્વૃત્ અવિત્ પરોક્ષાનો પ્રત્યય પર છતાં વિકલ્પે થતું નથી.

**વિવેચન** - ववुः = તેઓએ વણ્યું.

वे+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

वा+उस् - आत्... ૪-૨-૧ થી અન્ત્ય ए નો आ.

वावा+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ववा+उस् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

ववुस् - इडेत्... ૪-૩-૯૪ થી અન્ત્ય आ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી ववुः રૂપ સિદ્ધ થશે. यजादि... ૪-૧-૭૨ થી व નો उ અને यजादि... ૪-૧-૭૯ થી वा નો उ થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે વિકલ્પે નિષેધ કર્યો. જ્યારે બંનેનું ય્વૃત્ થશે ત્યારે ऊवुः

ववा+उस् - સુધી ઉપર પ્રમાણે.

उउ+उस् - ૪-૧-૭૨ અને ૪-૧-૭૯ થી व-वा નું ય્વૃત્ उ.

उउवुस् - धातो... ૨-૧-૫૦ થી દ્વિતીય उ નો उव्.

ऊवुस् - समानानां... ૧-૨-૧ થી उ+उ=ऊ.

सोरुः, रःपदान्ते... થી ऊवुः રૂપ થશે. અહીં "वार्णात्प्राकृतंबलीयः" એ ન્યાયથી દ્વિત્વ થયા **પછી**,પહેલાં उव् આદેશ થાય અને પછી સમાન સ્વરનો દીર્ઘ થાય.

वेंग्-वे ધાતુનાં પરોક્ષાનાં રૂપો.

| | એ.વ. | દ્વિ.વ. | બ.વ. |
|---|---|---|---|
| ૧.પુ. | उवय,उवाय,ववौ | ऊयिव,ऊविव,वविव | ऊयिम,ऊविम,वविम |
| ૨.પુ. | उवयिथ,वविथ | ऊयथुः,ऊवथुः,ववथुः | ऊयिथ,ऊविथ,वविथ |
| ૩.પુ. | उवाय,ववौ | ऊयतुः,ऊवतुः,ववतुः | ऊयुः,ऊवुः,ववुः। |

## ज्यश्च यपि । ૪-૧-૭૬

અર્થઃ- यप् પ્રત્યય પર છતાં ज्या અને वे ધાતુનું ય્વૃત્ થતું નથી.

વિવેચન - (૧) प्रज्याय = ઘટીને.

प्र+ज्या+त्वा - क्त्वा... ૫-૧-૧૩ થી क्त्वा પ્રત્યય.

प्रज्याय - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् આદેશ.

અહીં ज्या... ૪-૧-૮૧ થી ज्या નાં या નું ય્વૃત્ इ થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

(૨) प्रवाय = વણીને. आत्... ૪-૨-૧ થી वे ધાતુનાં ए નો आ આદેશ થયા પછી સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં यजादि... ૪-૧-૭૯ થી वा નું ય્વૃત્ उ થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

## व्यः । ૪-૧-૭૭

અર્થઃ- यप् પ્રત્યય પર છતાં व्ये ધાતુનું ય્વૃત્ થતું નથી.

વિવેચન - (૧) प्रव्याय = ઢાંકીને. आत्... ૪-૨-૧ થી व्ये ધાતુનાં ए નો आ થયા પછી સાધનિકા ૪-૧-૭૬ માં જણાવેલ प्रज्याय પ્રમાણે થશે. અહીં यजादि... ૪-૧-૭૯ થી व्या ધાતુનાં या નું ય્વૃત્ इ થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

✿ योगविभागः उत्तरार्थः - ૪-૧-૭૬ સૂત્રથી ૪-૧-૭૭ સૂત્રને જુદું બનાવ્યું તે ફક્ત व्ये ધાતુને જ નીચેનાં સૂત્રમાં લઈ જવા માટે. જો "ज्यव्यश्च यपि" આ પ્રમાણે સૂત્ર બનાવ્યું હોત તો નીચેનાં સૂત્રમાં ज्या, वे અને व्ये ત્રણે ધાતુની અનુવૃત્તિ આવત.

## संपरेर्वा । ४-१-७८

**અર્થ:-** यप् પ્રત્યય પર છતાં सम् અને परि ઉપસર્ગથી પર રહેલાં व्ये ધાતુનું વિકલ્પે ય્વૃત્ થતું નથી. (વિકલ્પે ય્વૃત્ થાય છે.)

**વિવેચન** - संव्याय, संवीय = સારી રીતે ઢાંકીને. સાધનિકા ૪-૧-૭૭ માં જણાવેલ प्रव्याय પ્રમાણે થશે. અને જ્યારે વિકલ્પપક્ષે ય્વૃત્ થાય ત્યારે.

सम्+व्ये+त्वा - क्त्वा... ૫-૧-૧૩ થી क्त्वा પ્રત્યય.

सम्+व्ये+य - अनञः... ૩-૨-૧૫૪ થી क्त्वा નો यप् આદેશ.

सम्+व्या+य - आत्... ૪-૨-૧ થી व्ये નાં ए નો आ.

सम्+विय - यजादि... ૪-१-૭૯ થી व्या નાં या નું ય્વૃત્ इ.

संविय - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संवीय - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય ય્વૃત્ દીર્ઘ.

(૨) परिव्याय, परिवीय = ચારે બાજુથી ઢાંકીને. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

✡ અહીં संवीय અને परिवीय માં ય્વૃત્ થાય ત્યારે તે ય્વૃત્ હ્રસ્વ હોવાથી हृस्वस्य... ૪-૪-૧૧૩ થી त् નો આગમ થવાની પ્રાપ્તિ છે પણ अन्तरङ्गं बहिरङ्गात् એ ન્યાયથી ય્વૃત્નું દીર્ઘ કરવું એ અંતરંગ કાર્ય હોવાથી પહેલાં ય્વૃત્ દીર્ઘ થશે. અને દીર્ઘ થયા પછી त् નાં આગમની પ્રાપ્તિ જ નથી.

## यजादि वचेःकिति । ४-१-७९

**અર્થ:-** કિત્ પ્રત્યય પર છતાં यजादि ધાતુઓનાં અને वच् ધાતુનાં સ્વર સહિત અંતસ્થા इ, उ અને ऋ રૂપ ય્વૃત્ થાય છે.

**વિવેચન** - (૧) ईजुः = તેઓએ યજ્ઞ કર્યો. સાધનિકા ૪-૧-૭૩ માં જણાવેલ ऊयुः પ્રમાણે થશે. ૪-૪-૧૯ સૂત્ર નહીં લાગે. અને અહીં ૪-૧-૭૨ થી અને આ સૂત્રથી બન્ને य નું ય્વૃત્ इ થશે.

(૨) ऊयुः = તેઓએ વણ્યું. સાધનિકા ૪-૧-૭૩ માં કરેલી છે.

(૩) ऊचुः = તેઓ બોલ્યાં. સાધનિકા ૪-૧-૭૩ માં જણાવેલ ऊयुः પ્રમાણે થશે. ૪-૪-૧૯ સૂત્ર નહીં લાગે.

**कितीति किम् ?** यक्षीष्ट = તે યજ્ઞ કરે.

यज्+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

यग्+सीष्ट - चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्.

यक्+सीष्ट - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्.

यक्षीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

અહીં કિત્ પ્રત્યય પરમાં હોય તો જ य નું ય્વૃત્ इ થાય છે. પણ सीष्ट પ્રત્યય કિત્ ન હોવાથી આ સૂત્રથી ય્વૃત્ થયું નથી.

न શબ્દની નિવૃત્તિ થાય છે.

## स्वपेर्यङ्-ङे च । ૪-૧-૮૦

**અર્થઃ-** यङ्, ङ અને કિત્ પ્રત્યય પર છતાં स्वप् ધાતુનાં સ્વર સહિત અંતસ્થા व નું ય્વૃત્ ઉ થાય છે.

**વિવેચન** - (૧) सोषुप्यते = તે વારંવાર ઉંઘે છે.

स्वप्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

सुप्य - આ સૂત્રથી व નું ય્વૃત્ उ.

सुसुप्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सोसुप्य - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં उ નો ગુણ ओ.

सोषुप्य - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

ते, शव् પ્રત્યય, लुगस्या... થી રૂપ સિદ્ધ થશે. અહીં કૃત સકાર હોવાથી ૨-૩-૧૫ થી स् નો ष् થયો છે.

(૨) असूषुपत् = તેણે ઉંઘાડ્યો.

स्वप्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

स्वप्+इ+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

स्वप्+इ+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

सुपि+अ+द् - આ સૂત્રથી व નું ય્વૃત્ उ.

सुसुपि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

असुसुपि+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

असुसोपि+अ+द् - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

असुसुपि+अ+द् - उपान्त्य... ४-२-३५ थी ओ नुं હ્રસ્વ उ.

असुसुपि+अ+द् - असमान... ४-१-६३ થી सु ने સન્વદ્ભાવ.

असूसुपि+अ+द् - लघो... ४-१-६४ થી सु નો उ દીર્ઘ.

असूसुपद् - णेरनिटि ४-३-८३ થી णिग् નો લોપ.

असूषुपद् - नाम्य... २-३-१५ થી स् નો ष्.

असूषुपत् - विरामे वा १-३-५१ થી द् નો त्.

(૩) सुषुप्सति = ઉંઘવાને ઇચ્છે છે.

स्वप्+स - तुमर्हा... ३-४-२१ થી सन् પ્રત્યય.

स्वप्स - रुदविद... ४-३-३२ થી सन् ને કિદ્વદ્ભાવ.

सुप्स - આ સૂત્રથી व નું પ્વૃત્ उ.

सुसुप्स - सन्... ४-१-२ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सुषुप्स - नाम्य... २-३-१५ થી स् નો ष्.

तिव्, शव् પ્રત્યય અને लुगस्या... થી રૂપ સિદ્ધ થશે.

**एष्विति किम् ?** स्वपिति = તે ઉંઘે છે. અહીં વર્તમાનકાળનો ति પ્રત્યય લાગેલો છે તેથી આ સૂત્રથી व નો उ થયો નથી.

## ज्या-व्यधः क्ङिति । ४-१-८१

**અર્થ:-** કિત્-ङित् પ્રત્યય પર છતાં ज्या અને व्यध् ધાતુનો સ્વરસહિત અંતસ્થા પ્વૃત્ થાય છે.

**વિવેચન** - (૧) जीयात् = તે ઘટે. ज्या+क्यात्. અહીં क्यात् પ્રત્યય આશીર્વાદનો લાગ્યો છે તે કિત્ છે તેથી આ સૂત્રથી ज्या નાં या નું પ્વૃત્ इ થવાથી जियात् થયું. અને दीर्घ... ४-१-१०३ થી અન્ત્ય પ્વૃત્ દીર્ઘ થવાથી जीयात् થશે.

(૨) जिनाति = તે ઘટે છે. ज्या+ति. क्र्यादेः ३-४-७९ થી श्ना પ્રત્યય અને એ श्ना પ્રત્યય અવિત્શિત્ હોવાથી शिदवित् ४-३-२० થી ङिद्वद् થાય છે તેથી આ સૂત્રથી ज्या નાં या નું પ્વૃત્ इ થવાથી जिनाति થશે. અહીં અન્ત્ય પ્વૃત્ હોવાથી ४-१-१०३ થી દીર્ઘ થશે અને प्वादे... ४-२-१०५ થી હ્રસ્વ થાય છે.

(૩) विध्यात् = તે વીંધે. સાધનિકા जीयात् પ્રમાણે થશે. પણ विध् થયા પછી તેમાં જે इ થયો છે તે અન્ત્ય ય્વૃત્ ન હોવાથી ૪-૧-૧૦૩ થી દીર્ઘ નહીં થાય.

(૪) विध्यति = તે વીંધે છે. व्यध्+ति. दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય અને એ श्य પ્રત્યય અવિત્શિત્ હોવાથી शिदवित् ૪-૩-૨૦ થી ङिद्वद् થાય છે તેથી આ સૂત્રથી व्यध् નાં य નું ય્વૃત્ इ થવાથી विध्यति થશે.

**क्ङितीति किम्** ? ज्याता = તે ઘટશે. व्यद्धा = તે વીંધશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય છે. તે કિત્ કે ङित् ન હોવાથી આ સૂત્રથી ય્વૃત્ થયું નથી.

## व्यचोऽनसि । ४-१-८२

**અર્થ**:- अस् પ્રત્યયને વર્જીને કિત્ કે ङित् પ્રત્યય પર છતાં व्यच् ધાતુનો સ્વર સહિત અંતસ્થા ય્વૃત્ થાય છે.

**વિવેચન** - विचति = તે કપટ કરે છે. व्यच्+अ+ति. અહીં तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય લાગ્યો છે તે श પ્રત્યય અવિત્શિત્ હોવાથી शिदवित् ૪-૩-૨૦ થી ङिद्वद् થાય છે. તેથી આ સૂત્રથી व्यच् નાં य નું ય્વૃત્ इ થવાથી विचति થશે.

**अनसीति किम्** ? उरुव्यचाः = અત્યન્ત કપટી.

उरुव्यच्+अस् - उणादि નો अस् પ્રત્યય.

उरुव्यच्+अस् - कुटादे... ૪-૩-૧૭ થી अस् ને ङिद्वद्भाव.

उरुव्यचस्+स् - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

उरुव्यचास्+स् - अभ्वादे... ૧-૪-૯૦ થી અન્ત્ય अ નો आ.

उरुव्यचास् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

सोरुः, रःपदान्ते... થી उरुव्यचाः થશે.

અહીં अस् પ્રત્યય ङित् છે તેથી આ સૂત્રથી य નાં ય્વૃત્ ની પ્રાપ્તિ હતી પણ સૂત્રમાં अस् પ્રત્યયનો નિષેધ છે તેથી આ સૂત્ર લાગ્યું નથી.

## वशेरयङि । ४-१-८३

**અર્થ:-** यङ् પ્રત્યય વર્જીને કિત્ કે ङित् પ્રત્યય પર છતાં वश् ધાતુનો સ્વર સહિત અંતસ્થા ય્વૃત્ થાય છે.

**વિવેચન** - (૧) उष्टः = તેઓ બે ઇચ્છે છે. वशक्-कान्तौ (૧૧૦૧)

वश्+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

वश्+तस् - शिदवित् ४-૩-૨૦ થી ङिद्वद्भाव.

उश्+तस् - આ સૂત્રથી व નું ય્વૃત્ उ.

उष्+तस् - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्.

उष्टस् - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

सोरुः, रःपदान्ते... થી उष्टः રૂપ થશે.

(૨) उशन्ति = તેઓ ઇચ્છે છે. वश्+अन्ति. अन्ति પ્રત્યય ङित् હોવાથી આ સૂત્રથી व નો उ થવાથી उशन्ति થશે.

**अयङीति किम् ?** वावश्यते = તે વારંવાર ઇચ્છે છે. સાધનિકા ૩-૩-૩ માં જણાવેલ पापच्यते પ્રમાણે થશે.

**क्ङितीत्येव —** वष्टि = તે ઇચ્છે છે. અહીં વર્તમાનનો तिव् પ્રત્યય છે તે वित्‌शित् છે તેથી આ સૂત્રથી व નો उ થયો નથી.

## ग्रह-व्रस्च-भ्रस्ज-प्रच्छः । ४-१-८४

**અર્થ:-** કિત્ કે ङित् પ્રત્યય પર છતાં ग्रह, व्रस्च्, भ्रस्ज् અને प्रच्छ् ધાતુનાં સ્વર સહિત અંતસ્થા ય્વૃત્ થાય છે.

**વિવેચન** - (૧) जगृहुः = તેઓએ ગ્રહણ કર્યું. ग्रहीश्-उपादाने (૧૫૧૭).

ग्रह+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

ग्रह+उस् - इन्ध्य... ४-૩-૨૧ થી उस् કિદ્વદ્.

गृह+उस् - આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ.

गृहगृहुस् - द्विर्धातुः... ४-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

गगृहुस् - व्यञ्जन... ४-૧-४४ થી અનાદિવ્યંજન ह् નો લોપ.

जगृहुस् - गहोर्जः ४-૧-४० થી પૂર્વનાં ग् નો ज्.

जगृहुस्. - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

सोरुः, रःपदान्ते... થી जगृहुः થશે.

(૨) गृह्णाति = તે ગ્રહણ કરે છે. અહીં જે क्रयादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય લાગે છે તે અવિત્‌શિત્ હોવાથી शिदवित् ૪-૩-૨૦ ङित् છે તેથી આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ થવાથી गृह्नाति થશે. અને र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી गृह्णाति થશે.

(૩) वृक्णः = કપાઈ ગયેલો. સાધનિકા ૨-૧-૮૮ માં કરેલી છે. औव्रस्चौत्-छेदने (૧૩૪૧).

व्रस्च्+त - क्तक्तवतू ૫-૧-૧૭૪ થી त પ્રત્યય.

व्रश्च्+त - सस्य... ૧-૩-૬૧ થી स् નો श्.

व्रश्च्+न - सूर्यत्या... ૪-૨-૭૦ થી त् નો न्.

वृश्च्+न - આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ.

वृच्+न - संयोग... ૨-૧-૮૮ થી श् નો લોપ.

वृक्न - चजः... ૨-૧-૮૬ થી च् નો क्.

वृक्ण - र-षृ.... ૨-૩-૬૩ થી न् નો ण्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી वृक्णः થશે.

(૪) वृश्चति = તે કાપે છે. व्रस्च्+ति. सस्य... ૧-૩-૬૧ થી स् નો श् થવાથી व्रश्चति. અહીં જે तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય લાગ્યો છે તે અવિત્‌શિત્ હોવાથી शिदवित् ૪-૩-૨૦ થી ङित् થાય છે. તેથી આ સૂત્રથી र નો ऋ થવાથી वृश्चति રૂપ થશે.

(૫) भृष्टः = પાકેલો. भ्रस्जींत्-पाके (૧૩૧૬)

भ्रस्ज्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

भ्रज्+त - संयोग... ૨-૧-૮૮ થી स् નો લોપ.

भृज्+त - આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ.

भृष्+त - यजसृज... ૨-૧-૮૭ થી ज् નો ष्.

भृष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી भृष्टः થશે.

(૬) भृज्जति = તે પાકે છે, તે શેકે છે.

भ्रस्ज्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

भ्रश्ज्+ति - सस्य... ૧-૩-૬૧ થી स् નો श्.

भ्रश्ज्+अ+ति - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય.

भ्रश्ज्+अ+ति - शिदवित् ૪-૩-૨૦ થી श પ્રત્યય ङित्.

भृश्ज्+अ+ति - આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ.

भृज्जति - तृतीय... ૧-૩-૪૯ થી श् નો ज्.

(૭) पृष्टः = પૂછેલો. प्रछंत्-ज्ञीप्सायाम् (૧૩૪૭)

प्रछ्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

प्रछ्छ्+त - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

प्रच्छ्+त - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्.

प्रश्+त - अनुनासिके... ૪-૧-૧૦૮ થી च्छ् નો श्.

प्रष्+त - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्.

प्रष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

पृष्ट - આ સૂત્રથી र નું ય્વૃત્ ऋ.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી पृष्टः થશે.

(૮) पृच्छा = પૂછવું. प्रच्छ् સુધી ઉપર પ્રમાણે થશે. प्रच्छ्+अ - भिदादयः ૫-૩-૧૦૮ થી अङ् પ્રત્યય. આ સૂત્રથી र નો ऋ થવાથી पृच्छ. आत् ૨-૪-૧૮ થી आप्, समानानां... ૧-૨-૧ થી अ+आ=आ થવાથી पृच्छा થશે.

## व्ये-स्यमोर्यङि । ૪-૧-૮૫

અર્થઃ- यङ् પ્રત્યય પર છતાં व्ये અને स्यम् ધાતુનાં સ્વર સહિત અંતસ્થા ય્વૃત્ થાય છે.

વિવેચન - (૧) वेवीयते = તે વારંવાર ઢાંકે છે.

व्ये+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

विय - આ સૂત્રથી ये નું ય્વૃત્ इ.

वीय - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય ય્વૃત્ દીર્ઘ.

वीवीयं - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

वेवीय - आ-गुणा.... ४-१-४८ થી પૂર્વનાં ई નો ગુણ ए.

ते પ્રત્યય, शव्, लुगस्या... वेवीयते રૂપ થશે.

(२) सेसिमीति = તે વારંવાર અવાજ કરે છે. स्यमू-शब्दे (३८७)

स्यम्+य - व्यञ्जना... ३-४-९ થી यङ् પ્રત્યય.

सिम्य - આ સૂત્રથી य નું વ્વૃત્ इ.

सिसिम्य - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सेसिम्य - आ-गुणा.... ४-१-४८ થી પૂર્વનાં इ નો ગુણ ए.

सेसिम् - बहुलं... ३-४-१४ થી यङ् નો લોપ.

सेसिम्+ति - तिव्... ३-३-६ થી तिव् પ્રત્યય.

सेसिमीति - यङ्... ४-३-६४ થી ईत् આગમ.

**यङीति किम् ?** व्ययति = તે ઢાંકે છે. અહીં વર્તમાનાનો तिव् પ્રત્યય લાગ્યો છે. यङ् પ્રત્યય નથી તેથી આ સૂત્રથી ये નું વ્વૃત્ થયું નથી.

## चायः की । ४-१-८६

**अर्थः-** यङ् પ્રત્યય પર છતાં चाय् ધાતુનો की આદેશ થાય છે.

**विवेचन** - (१) चेकीयते = તે વારંવાર પૂજા કરે છે. चायृग्-पूजा-निशामनयोः (८१७)

चाय्+य - व्यञ्जना... ३-४-९ થી यङ् પ્રત્યય.

कीय - આ સૂત્રથી चाय् નો की આદેશ. હવે પછીની સાધનિકા ४-१-८५ માં જણાવેલ वेवीयते પ્રમાણે થશે.

(२) चेकीतः = તેઓ બે વારંવાર પૂજા કરે છે. चाय्+य, આ સૂત્રથી की આદેશ થવાથી कीय, હવે પછીની સાધનિકા ४-१-८५ માં જણાવેલ सेसिमीति પ્રમાણે થશે. પણ कङश्चञ् ४-१-४६ થી પૂર્વનાં क् નો च् થશે. ४-३-६४ સૂત્ર નહીં લાગે. અને અહીં तस् પ્રત્યય લાગશે. सोरुः, रःपदान्ते... થી चेकीतः થશે.

✿ "चायः की" સૂત્રમાં की એ પ્રમાણે દીર્ઘ નિર્દેશ કર્યો છે તે यङ्लुबन्त માટે જ કર્યો છે. यङ् પ્રત્યય પર છતાં તો दीर्घ... ४-३-१०८ થી

દીર્ઘની પ્રાપ્તિ હતી જ.

## ह्वित्वे ह्वः । ४-१-८७

**અર્થઃ**- દ્વિત્વ વિષયમાં ह्वे ધાતુનો સ્વર સહિત અંતસ્થા વ્યૃત્ થાય છે.

વિવેચન - जुहूषति = તે સ્પર્ધા કરવાની ઈચ્છા કરે છે.

ह्वेंग्-स्पर्धाशब्दयोः (૯૯૩)

ह्वे+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

हुस - આ સૂત્રથી वे નું વ્યૃત્ उ.

हूस - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય વ્યૃત્ દીર્ઘ.

हूहूस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

हुहूस - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जुहूस - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जुहूष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्, शव्, लुगस्या... ૨-૧-૧૧૩ जुहूषति થશે.

## णौ ङ-सनि । ४-१-८८

**અર્થઃ**- ङ પ્રત્યય અને सन् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં ह्वे ધાતુનો સ્વર સહિત અંતસ્થા વ્યૃત્ થાય છે.

**વિવેચન** - (૧) अजूहवत् = તેણે હોમ કરાવ્યો.

ह्वे+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

ह्वा+इ - आत्... ૪-૨-૧ થી ए નો आ.

ह्वा+इ+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

ह्वा+इ+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

हु+इ+अ+द् - આ સૂત્રથી वा નું વ્યૃત્ उ.

हौ+इ+अ+द् - नामिनो... ૪-૩-૫૧ થી उ ની વૃદ્ધિ औ.

हावि+अ+द् - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

हुहावि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जुहाविꣳअ+द् - गहोर्जः ४-१-४० थी पूर्वनां ह् नो ज्.

जुहावद् - णेरनिटि ४-३-८३ थी णिग् नो લોપ.

अजुहावद् - अड्... ४-४-२९ थी अट् આગમ.

अजुहवद् - भ्राज... ४-२-३६ थी ઉપાન્ત્યસ્વર હ્રસ્વ.

अजुहवद् - असमान... ४-१-६३ थी સન્વદ્ભાવ.

अजूहवद् - लघो... ४-१-६४ थी जु नो उ દીર્ઘ.

अजूहवत् - विरामे वा १-३-५१ थी द् नो त्.

અહીં णि પ્રત્યયથી પરમાં ङ પ્રત્યય છે તેથી આ સૂત્રથી वा નું ય્વૃત્ उ થયું છે. ૪-૨-૩૬ થી હ્રસ્વ ન થાય ત્યારે अजुहावत् થશે.

(૨) जुहावयिषति = તે હોમ કરાવવાની ઈચ્છા કરે છે. સાધનિકા ૪-૧-૬૦ માં કરેલી છે. અહીં णि પ્રત્યયથી પરમાં सन् પ્રત્યય છે. તેથી આ સૂત્રથી वा નું य्वृत् उ થયું છે.

**ङसनीति किम् ?** ह्वाययति = હોમ કરાવે છે. અહીં णिग् પ્રત્યય લાગ્યો છે. પણ તેની પરમાં ङ કે सन् પ્રત્યય નથીં તેથી આ સૂત્રથી ય્વૃત્ થયું નથી.

✿ સૂત્રમાં णि વિષયે એ પ્રમાણે વિષય સપ્તમી કર્યું છે. તેથી पा-शा... ૪-૨-૨૦ થી પ્રાપ્ત યકારનો બાધ કરીને ય્વૃત્ થશે. અને ય્વૃત્ થયા પછી યકાર ન થાય. કેમકે अर्त्ति... ૪-૨-૨૧ થી થતાં પ્ આગમનો બાધ કરીને યકાર કર્યો છે તેથી આકારથી જ પ્રવૃત્તિ થાય છે માટે हु થયા પછી ૪-૨-૨૦ થી યકાર આગમ નહીં થાય.

## श्वेर्वा । ૪-૧-૮૯

**અર્થઃ**- ङ પ્રત્યય અને सन् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં श्वि ધાતુનો સ્વરસહિત અંતસ્થા ય્વૃત્ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) *अशूशवत्* = તેણે વધાર્યું. સાધનિકા ૪-૧-૮૮ માં જણાવેલ अजूहवत् પ્રમાણે થશે. પણ અહીં ૪-૨-૧ અને ૪-૧-૪૦ સૂત્ર નહીં લાગે અને ૪-૨-૩૬ ને બદલે ૪-૨-૩૫ લાગશે. જ્યારે આ સૂત્રથી ય્વૃત્ ન થાય ત્યારે...

(२) अशिश्वयत् = તેણે વધાર્યું. श्वि+इ+अ+द् સુધી ઉપર પ્રમાણે થશે.

श्वै+इ+अ+द् - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

श्वायि+अ+द् - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

श्विश्वायि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शिश्वायि+अ+द् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

अशिश्वायि+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अशिश्वायद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

अशिश्वयद् - उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अशिश्वयत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૩) शुशावयिषति = વધારવાની ઈચ્છા કરે છે. સાધનિકા ૪-૧-૬૦ માં જણાવેલ जुहावयिषति પ્રમાણે થશે. પણ ૪-૨-૧ અને ૪-૧-૪૦ સૂત્ર નહીં લાગે. જયારે આ સૂત્રથી વૃત્ ન થાય ત્યારે...

(૪) शिश्वाययिषति = વધારવાની ઈચ્છા કરે છે.

श्वि+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

श्वि+इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

श्वै+इस - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

श्वायिस - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

श्विश्वायिस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शिश्वायिस - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

शिश्वायि+इस - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

शिश्वाये+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

शिश्वाययिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

शिश्वाययिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्, शव्, लुगस्या... થી शिश्वाययिषति રૂપ થશે.

## वा परोक्षा-यङि । ४-१-९०

અર્થ:- પરોક્ષાનાં પ્રત્યય તેમજ यङ् પ્રત્યય પરમાં હોતે છતે श्वि ધાતુનો

સ્વરસહિત અંતસ્થા વ્વૃત્ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) शुशाव = ગયો. સાધનિકા ૪-૧-૧- માં કરેલી છે. આ સૂત્રથી જ્યારે વ્વૃત્ ન થાય ત્યારે...

(૨) शिश्वाय = ગયો, વધ્યો. સાધનિકા ૩-૪-૪૬ માં જણાવેલ पपाच પ્રમાણે થશે. પણ ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ અને ૧-૨-૨૩ થી ऐ નો आय् થશે.

(૩) शोशूयते = તે વારંવાર વધે છે.

श्वि+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

शुय - આ સૂત્રથી वि નું વ્વૃત્ उ.

शूय - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય વ્વૃત્ દીર્ઘ.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી शोशूयते થશે. આ સૂત્રથી વ્વૃત્ ન થાય ત્યારે..

(૪) शेश्वीयते = તે વારંવાર વધે છે.

श्वि+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

श्विश्विय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शिश्विय - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન व् નો લોપ.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી शेश्वियते થશે.

✿ અવિત્પરોક્ષામાં इन्ध्य... ૪-૩ ૨૧થી કિદ્‌વદ્ થવાથી यजादि... ૪-૧-૭૯ થી વ્વૃત્‌ની પ્રાપ્તિ હતી અને વિત્પરોક્ષામાં તથા यङ् પ્રત્યયમાં વ્વૃત્‌ની પ્રાપ્તિ ન હતી. તે બન્નેમાં વિકલ્પે વ્વૃત્‌ની પ્રાપ્તિ કરી.

## प्याय: पी । ४-१-९१

**અર્થ**:- પરોક્ષાનાં પ્રત્યય અને यङ् પ્રત્યય પર છતાં प्याय् ધાતુનો पी આદેશ થાય છે.

**વિવેચન** - (૧) आपिप्ये = તે વધ્યું. औप्यायैङ्-वृद्धौ (૮૦૫)

आप्याय्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

आपी+ए - આ સૂત્રથી प्याय् નો पी આદેશ.

आपीपी+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

आपिपी+ए - ह्रस्वः ४-१-३९ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

आपिप्ये - योऽनेक... ૨-૧-૫૬ થી ई નો य्.

(૨) आपेपीतः = તેઓ બે વારંવાર વધે છે.

आप्याय्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

आपीय - આ સૂત્રથી प्याय् નો पी આદેશ.

आपीपीय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

आपेपीय - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં ई નો ए.

आपेपी - बहुलं... ૪-૧-૧૪ થી यङ् નો લોપ.

વર્તમાના तस् પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી आपेपीतः થશે.

✡ पी એ પ્રમાણે દીર્ઘ નિર્દેશ यङ्लुबन्त માટે કર્યો છે. કેમકે यङ् પ્રત્યય પર છતાં दीर्घ... ૪-૩-૧૦૮ થી દીર્ઘ થાય જ છે.

## क्तयोरनुपसर्गस्य । ४-१-९२.

**અર્થ:-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં અનુપસર્ગ प्याय् ધાતુનો पी આદેશ થાય છે.

**વિવેચન** - पीनम्, पीनवन् मुखम् = વધેલું મુખ, જાડું થઈ ગયેલું મુખ.

प्याय्+त - गत्यर्था... ૫-૧-૧૧ થી क्त પ્રત્યય.

पीत - આ સૂત્રથી प्याय् નો पी આદેશ.

पीन - सूयत्या... ૪-૨-૭૦ થી त् નો न्.

૧-૧-૧૮ થી अम्, ૧-૪-૫૭ થી अम् નાં अ નો લોપ થવાથી पीनम् થશે. અને पीनवत् માં क्त... ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય થશે.

**अनुपसर्गस्येति किम् ?** प्रप्यानो मेघः = વધેલો મેઘ.

प्रप्याय्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

प्रप्यात - य्वोः... ૪-૪-૧૨૧ થી य् નો લોપ.

प्रप्यान - व्यञ्जना... ૪-૨-૭૧ થી त् નો न्.

सि, सोरुः, रःपदान्ते... प्रप्यानः થશે. અહીં प्र ઉપસર્ગ સહિત प्याय् ધાતુ હોવાથી આ સૂત્રથી प्याय् નો पी થયો નથી.

## आङोऽन्धूधसोः । ४-१-९३

**અર્થઃ-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં अन्धु (કુવો) અને ऊधस् (સ્તન) અર્થમાં વર્તતાં आ ઉપસર્ગ પૂર્વક प्याय् ધાતુનો पी આદેશ થાય છે.

**વિવેચન -** (૧) आपीनः अन्धुः = મોટો કુવો. आपीनम् ऊधः = મોટું સ્તન (આંચળ) સાધનિકા ૪-૧-૯૨ માં જણાવેલ पीनम् પ્રમાણે થશે.

**अन्धूधसोरिति किम् ?** आप्यानः चन्द्रः = વધેલો - પૂર્ણ (પૂનમનો) ચન્દ્ર. સાધનિકા ૪-૧-૯૨ માં જણાવેલ प्रप्यानः પ્રમાણે થશે. અહીં अन्धु કે ऊधस् અર્થ ન હોવાથી આ સૂત્રથી प्याय् નો पी થયો નથી.

**आङ एवेति नियमात् —** प्रप्यानः अन्धुः, परिप्यानम् ऊधः-અહીં अन्धु અને ऊधस् અર્થ હોવા છતાં आ ઉપસર્ગ પૂર્વક प्याय् ધાતુ ન હોવાથી આ સૂત્રથી प्याय् નો पी થયો નથી. સાધનિકા ૪-૧-૯૨ માં જણાવેલ प्रप्यानः પ્રમાણે થશે.

## स्फायः स्फी वा । ४-१-९४

**અર્થઃ-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં स्फाय् ધાતુનો स्फी આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન -** (૧) स्फीतः, स्फीतवान् = વધેલો. स्फायैङ् - वृद्धौ (૮૦૪) ૫-૧-૧૭૪ થી क्त-क्तवतु પ્રત્યય, આ સૂત્રથી स्फाय् નો स्फी આદેશ થવાથી स्फीत, स्फीतवत् બનશે. सि, सोरुः, रःपदान्ते... લાગવાથી स्फीतः પ્રયોગ થશે. અને स्फीतवान् ૪-૨-૬૭ માં જણાવેલ ह्रुत्रवान् પ્રમાણે થશે.જ્યારે स्फी આદેશ ન થાય ત્યારે...

(૨) स्फातः, स्फातवान् = વધેલો. ૫-૧-૧૭૪ થી क्त-क्तवतु પ્રત્યય થશે.

## प्रसमः स्त्यः स्ती । ४-१-९५

**અર્થઃ-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં प्रसम् (બંને સાથે) ઉપસંર્ગપૂર્વક स्त्यै ધાતુનો स्ती આદેશ થાય છે.

**વિવેચન -** प्रसंस्तीतः, प्रसंस्तीतवान् = ભેગો થઈ ગયો, અવાજ કર્યો. स्त्यै - सङ्घाते-शब्दे च (૪૦)

प्रसम्+स्त्यै+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

प्रसम्+स्तीत - આ સૂત્રથી स्त्यै નો स्ती આદેશ.

प्रसंस्तीत - शिड्ढे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર.

सि, सोरुः, रःपदान्ते... થી प्रसंस्तीतः બનશે. એ જ પ્રમાણે प्रसंस्तीतवान्.

**प्रसम इति किम् ?** संप्रस्त्यानः = અવાજ કર્યો.

संप्र+स्त्यै+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

संप्रस्त्यात - आत्... ૪-૨-૧ થી અન્ત્ય ऐ નો आ.

संप्रस्त्यान - व्यञ्जना... ૪-૨-૭૧ થી त નો न.

सि, सोरुः, रःपदान्ते... संप्रस्त्यानः થશે. અહીં प्रसम् ને બદલે संप्र છે તેથી આ સૂત્રથી स्त्यै નો स्ती આદેશ થયો નથી.

## प्रात् तश्च मो वा । ૪-૧-૧૬

**અર્થ:-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં ફક્ત प्र ઉપસર્ગથી જ પરમાં રહેલાં स्त्यै ધાતુનો स्ती આદેશ થાય છે. અને क्त-क्तवतु નાં त નો म વિકલ્પે થાય છે.

**વિવેચન** - प्रस्तीतः, प्रस्तीतवान् = ભેગો થયો, અવાજ કર્યો. ૫-૧-૧૭૪ થી क्त-क्तवतु પ્રત્યય, આ સૂત્રથી स्त्यै નો स्ती આદેશ થયો છે અને જ્યારે त નો म થાય ત્યારે प्रस्तीमः, प्रस्तीमवान् પ્રયોગ થશે.

## श्यः शीर्द्रवमूर्त्ति-स्पर्शे नश्चाऽस्पर्शे । ૪-૧-૧૭

**અર્થ:-** मूर्त्ति = काठिन्यम् = ઘટ્ટ થવું તે. द्रवमूर्त्ति = દ્રવનું (પીગળેલાનું) ઘટ્ટ થવું તે. क्त અને क्तवतु પ્રત્યય પર છતાં દ્રવમૂર્ત્તિ અને સ્પર્શ અર્થમાં વર્તતાં श्यै ધાતુનો शी આદેશ થાય છે. અને તેનાં યોગમાં અસ્પર્શ વિષય હોય તો क्त-क्तवतु નાં त નો न થાય છે.

**વિવેચન** - (૧) शीनम्, शीनवद् घृतम् = થીજી ગયેલું ઘી. श्यैङ्-गतौ (૯૦૬) ૫-૧-૧૭૪ થી क्त-क्तवतु પ્રત્યય, આ સૂત્રથી श्यै ધાતુનો शी આદેશ અને અહીં ઘી થીજી ગયું છે તેમાં સ્પર્શની જરૂર નથી તેથી અસ્પર્શ વિષય હોવાથી शी નાં યોગમાં क्त-क्तवतु નાં त નો न થયો છે.

(૨) शीतं वर्तते = ઠંડી છે, शीतः वायुः = ઠંડો પવન. અહીં આ સૂત્રથી

क्त પ્રત્યય પર છતાં श्यै નો शी આદેશ થયો પણ ઠંડીનો અનુભવ સ્પર્શ વિના થઈ શકતો નથી. તેથી शी નાં યોગમાં त् નો न् થયો નથી.

**द्रवमूर्तिस्पर्शे इति किम् ?** संश्यानः वृश्चिकः = વીંછી સંકોચાયો. સાધનિકા ૪-૧-૯૫ માં જણાવેલ संप्रस्त्यानः પ્રમાણે થશે. અહીં શીતવડે વીંછી સંકુચિત થયો છે તે દ્રવમૂર્તિ કે સ્પર્શનો વિષય બનતો નથી તેથી આ સૂત્રથી श्यै ધાતુનો शी આદેશ અને त् નો न् થયો નથી.

## प्रतेः । ४-१-९८

**અર્થઃ-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં प्रति ઉપસર્ગથી પર રહેલાં श्यै ધાતુનો शी આદેશ થાય છે. અને તેનાં યોગમાં क्त-क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - प्रतिशीनः,. प्रतिशीनवान् = શરદીથી પીડા પામ્યો. સાધનિકા ૪-૧-૯૭ માં જણાવેલ शीनम्, शीनवत् પ્રમાણે થશે. प्रति પૂર્વક श्यै ધાતુ રોગમાં વર્તે છે તેથી પૂર્વ સૂત્રવડે शी આદેશની પ્રાપ્તિ ન હોવાથી આ સૂત્ર બનાવ્યું.

## वाऽभ्यवाभ्याम् । ४-१-९९

**અર્થઃ-** क्त અને क्तवतु પ્રત્યય પર છતાં अभि અને अव ઉપસર્ગથી પર રહેલાં श्यै ધાતુનો शी આદેશ વિકલ્પે થાય છે. અને તે शी નાં યોગમાં અસ્પર્શ વિષય હોય તો क्त-क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - (૧) अभिशीनः, अभिशीनवान् = ચારે બાજુથી થીજી ગયેલો. સાધનિકા ૪-૧-૯૭ માં જણાવેલ शीनम्, शीनवद् પ્રમાણે થશે. વિકલ્પપક્ષે જ્યારે श्यै નો शी આદેશ ન થાય ત્યારે...

(૨) अभिश्यानः, अभिश्यानवान् = ચારે બાજુથી થીજી ગયેલો. સાધનિકા ૪-૧-૯૫ માં જણાવેલ संप्रस्त्यानः પ્રમાણે થશે.

(૩) अवशीनम्, अवशीनवान् = થીજી ગયેલો બરફ કે હિમ. સાધનિકા ૪-૧-૯૭ માં જણાવેલ शीनम्, शीनवद् પ્રમાણે થશે. વિકલ્પપક્ષે જ્યારે श्यै નો शी આદેશ ન થાય ત્યારે...

(૪) अवश्यानम् हिमम्, अवश्यानवान् = થીજી ગયેલું હિમ કે બરફ. સાધનિકા ૪-૧-૯૫ માં જણાવેલ संप्रस्त्यानः પ્રમાણે થશે.

✡ નંબર ૧ અને ૩ નાં ઉદાહરણમાં સ્પર્શનો વિષય નથી થીજી ગયેલી વસ્તુને આંખથી જોવાથી ખબર પડે છે તેથી આ સૂત્રથી क्त અને क्तवतु ના त् નો न् થયો છે.

✡ નંબર ૨ અને ૪ નાં ઉદાહરણમાં त् નો न् આ સૂત્રથી નહીં થાય કેમકે અસ્પર્શનો વિષય હોવા છતાં शी આદેશ વિકલ્પે થતો હોવાથી शी આદેશ ન થાય ત્યારે व्यञ्जना... ૪-૨-૭૧ થી त् નો न् થયો છે. ૪-૨-૭૧ થી સ્પર્શનો વિષય હોય તો પણ त् નો न् થાય છે. જેમ કે — अवश्यानः, अभिश्यानः वायुः અને સ્પર્શનો વિષય હોય તો આ સૂત્રથી श्यै નો शी આદેશ થશે પણ त् નો न् નહીં થાય જેમ કે — अभिशीतः, अवशीतः वायुः.

**अभ्यवाभ्यामिति किम् ?** संश्यानः, संश्यानवान् અહીં अभि કે अव ઉપસર્ગથી પરમાં श्यै ધાતુ નથી તેથી આ સૂત્રથી शी આદેશ થયો નથી. સાધનિકા ૪-૧-૯૫ માં જણાવેલ संप्रस्त्यानः પ્રમાણે થશે.

✡ वा શબ્દ વ્યવસ્થિત વિભાષા અર્થવાળો હોવાથી અન્ય ઉપસર્ગથી પર રહેલાં अभि અને अव થી પર श्यै ધાતુનો शी અને त् નો न् ન થાય જેમ કે — समभिश्यानः, समभिश्यानवान्, समवश्यानः, समवश्यानवान्. સાધનિકા ૪-૧-૯૫ માં જણાવેલ संप्रस्त्यानः પ્રમાણે થશે.

## श्रः शृतं हविः-क्षीरे । ४-१-१००

**અર્થઃ-** क्त પ્રત્યય પર છતાં હવિષ્ (ઘી) અને ક્ષીર (દૂધ) અર્થમાં વર્તતાં श्रा અને श्रै ધાતુનો शृ આદેશ નિપાતન થાય છે.

**વિવેચન -** शृतं हविः, शृतं क्षीरम् स्वयमेव = ઘી સ્વયં ગરમ થયું. દૂધ સ્વયં ગરમ થયું. क्त પ્રત્યય અને આ સૂત્રથી श्रा અને श्रै નો शृ આદેશ થયો છે. श्रां-पाके (૧૦૧૩) અને श्रांक्-पाके (૧૦૬૫) श्रैं-पाके (૪૬).

✡ श्रा અને श्रै એ બે અકર્મકધાતુઓ કર્મકર્તૃવિષયવાળા પકાવવું અર્થમાં વર્તે છે. તે બંને ધાતુનો शृ આદેશ નિપાતન થયો છે.

**हविः क्षीर इति किम् ?** श्राणा यवागूः = રાબડી રંધાઈ. श्रा-श्रै-त - ૫-૧-૧૭૪, श्रा-श्रा-त - ૪-૨-૧, व्यञ्जना... ૪-૨-૭૧ થી त् નો न्-श्रान, र-षृ... ૨-૩-૧૫ થી श्राण, आत् ૨-૪-૧૮ થી श्राणा રૂપ

થશે. અહીં हविस् કે क्षीर અર્થ નથી તેથી આ સૂત્રથી श्रा કે श्रै નો शृ આદેશ નિપાતન થયો નથી.

## श्रपेः प्रयोक्त्रैक्ये । ४-१-१०१

**અર્થ:-** क्त પ્રત્યય પર છતાં हविष् અને क्षीर અર્થમાં વર્તતાં ण्यन्त એવા श्रा અને श्रै ધાતુનો शृ આદેશ નિપાતન થાય છે. જો પ્રયોજકકર્તા એક જ હોય તો.

**વિવેચન્** - (૧) शृतं हविः क्षीरं वा चैत्रेण = ચૈત્ર વડે ઘી અથવા દૂધ ગરમ કરાયું. श्राति श्रायति वा हविः क्षीरं वा स्वयमेव = હવિ અથવા ક્ષીર સ્વયં ગરમ થાય છે. तत् चैत्रेण प्रायुज्यंत = તેને ચૈત્રવડે પ્રેરણા કરાય છે. આ અર્થમાં श्रा અને श्रै ધાતુને णिग् પ્રત્યય થાય છે.

श्रा, श्रै+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

श्रा, श्रा+इ - आत्... ૪-૨-૧ થી અન્ત્ય ऐ નો आ.

श्रा, श्रा+इ+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

श्राप्+इ+त - अर्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

श्रपि+त - घटादे... ૪-૨-૨૪ થી સ્વર હ્રસ્વ.

शृत - આ સૂત્રથી श्रपि નો शृ આદેશ.

शृत+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

शृत+अम् - अतः... ૧-૪-૫૭ થી सि નો अम्.

शृतम् - समाना... ૧-૪-૪૬ થી अम् નાં अ નો લોપ. અહીં પ્રયોજક કર્તા એક જ છે તેથી આ સૂત્રથી श्रपि નો शृ નિપાતન થયો છે.

**हविः क्षीर इत्येव** - श्रपिता यवागूः = (ચૈત્રવડે) રાબ રંધાઈ. श्रपि+त સુધી ઉપર પ્રમાણે થશે. श्रपि+इ+त - स्ताद्य... ૪-૪-૩૨ इट्, श्रपित - सेट्... ૪-૩-૮૪ થી णिग् નો લોપ. श्रपिता-आत् ૨-૪-૧૮ થી आप् થયો. અહીં क्त પ્રત્યય છે. णिगन्त श्रा અને श्रै ધાતુ છે. એક પ્રયોક્તા પણ છે પરંતુ हविष् કે क्षीर અર્થ નથી તેથી આ સૂત્રથી शृ આદેશ થયો નથી.

**प्रयोक्त्रैक्य इति किम् ?** श्रपितं हविः चैत्रेण मैत्रेण = મૈત્રે ચૈત્ર પાસે ઘી ગરમ કરાવ્યું. श्रपि+त સુધી ઉપર પ્રમાણે થશે.

श्रपि+इ+त - प्रयोक्तृ... ३-४-२० थी णिग् પ્રત્યય.

श्रपि+त - णेरनिटि ४-३-८३ थी પૂર્વનાં णिग् નો લોપ.

श्रपि+इ+त - स्ताद्य... ४-४-३२ थी इट्.

श्रपित - णेरनिटि ४-३-८३ थी પૂર્વનાં णिग् નો લોપ.

હવે પછી ઉપરનાં शृतम् પ્રમાણે સાધનિકા થશે. અહીં चैत्र એક પ્રયોક્તા હતો અને બીજો मैत्र પ્રયોક્તા આવ્યો. એટલે એક णिग् પર બીજો णिग् થયો તેથી આ સૂત્રથી शृ આદેશ નિપાતન ન થયો.

## य्वृत् सकृत् । ४-१-१०२

**અર્થઃ**- (પૂર્વ સૂત્રોમાં જણાવેલ સ્વર સહિત) અંતસ્થાનાં સ્થાને इ-उ અને ऋ રૂપ य्वृत् એક જ વાર થાય છે.

**વિવેચન** - संवीयते = ઢંકાય છે. व्ये ધાતુ.

सम्+व्ये+ते - तिव् तस्... ३-३-६ थी ते પ્રત્યય.

सम्+व्ये+य+ते - क्यः... ३-४-७० थी क्य પ્રત્યય.

सम्+वियते - यजादि... ४-१-७९ थी ये નું य्वृत् इ.

सम्वीयते - दीर्घ... ४-१-१०३ थी અન્ત્ય य्वृत् દીર્ઘ.

संवीयते - तौमु-मौ... १-३-१४ थी म् નો અનુસ્વાર પણ થાય.

અહીં એકવાર व्ये ધાતુનાં ये નું य्वृत् થયા પછી જે वी થયું તેનાં य्वृत्‌ની यजादि... ४-१-७९ થી ફરી પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો.

✡ "यावत्संभवः तावत्विधिः" એ ન્યાયથી ફરીથી य्वृत्‌ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

## दीर्घमवोऽन्त्यम् । ४-१-१०३

**અર્થઃ**- वे ધાતુ વર્જીને અન્ય ધાતુઓનું અન્ત્ય य्वृत् દીર્ઘ થાય છે.

**વિવેચન** - जीनः = ઘટેલો. ज्या+त - क्त... ५-१-१७४ थी क्त પ્રત્યય, ज्या+न - व्यञ्जना... ४-२-७१ थी त् નો न्, जिन - ज्या... ४-१-८१ थी या નું य्वृत् इ અને આ સૂત્રથી તે इ દીર્ઘ થવાથી जीन થશે. सि પ્રત્યય, सोरुः, रः पदान्ते... થી जीनः થશે.

**अव इति किम् ?** उतः = વણેલું. वे+त-૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, उत-यजादि... ૪-૧-૭૯ થી वे નું ય્વૃત્ उ પછી सि વિગેરે કાર્ય થવાથી उतः થયું. અહીં वे નું ય્વૃત્ उ થયા પછી દીર્ઘનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**अन्त्यमिति किम् ?** सुप्तः = સુતેલો. स्वप्+त-૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, सुप्त-स्वपे... ૪-૧-૮૦ થી व નું ય્વૃત્ उ થયું. તે उ નો દીર્ઘ ऊ આ સૂત્રથી નહીં થાય કેમકે ઉપાન્ત્ય ય્વૃત્ છે અન્ત્ય ય્વૃત્ નથી.

## स्वर-हन-गमोः सनि धुटि । ४-१-१०४

**અર્થઃ-** ધુડાદિ सन् પ્રત્યય પર છતાં સ્વરાન્ત ધાતુઓનો, हन् ધાતુનો અને गम् ધાતુનો સ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન -** (૧) चिचीषति = એકઠું કરવાને ઈચ્છે છે. સાધનિકા ૪-૧-૩૫ માં જણાવેલ जिगीषति પ્રમાણે થશે. અહીં चि સ્વરાન્ત ધાતુ છે. તેથી આ સૂત્રથી અન્ત્ય સ્વર इ દીર્ઘ થયો.

(૨) जिघांसति = હણવાને ઈચ્છે છે.

हन्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

हान्+स - આ સૂત્રથી हन् ધાતુનો સ્વર દીર્ઘ.

हाहान्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એક સ્વરાંશ દ્વિત્વ.

हहान्स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जहान्स - गहोर्जः ૪-૧-૪૦ થી ह् નો ज्.

जघान्स - अङे... ૪-૧-૩૪ થી ह् નો घ्.

जिघान्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

जिघांस - शिड्हे... ૧-૩-૪૦ થી न् નો અનુસ્વાર.

હવે પછી तिव्, शव्, लुगस्या... થી जिघांसति થશે. અહીં हन् ધાતુનો સ્વર આ સૂત્રથી દીર્ઘ થયો છે.

(૩) संजिगांसते = મળવાને ઈચ્છે છે. સાધનિકા ઉપર જણાવેલ जिघांसति પ્રમાણે થશે. ૪-૧-૩૪ સૂત્ર નહીં લાગે. અહીં गम् ધાતુનો સ્વર આ સૂત્રથી દીર્ઘ થયો છે.

**धुटीति किम् ?** यियविषति = તે મિશ્રણ કરવાને ઇચ્છે છે. સાધનિકા ૪-૧-૬૦ માં કરેલી છે. અહીં ૪-૪-૪૭ થી इट् થયેલ છે તેથી ધુડાદિ सन् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી यु ધાતુનો સ્વર उ દીર્ઘ થયો નથી.

## तनो वा । ४-१-१०५

**અર્થઃ-** ધુડાદિ सन् પ્રત્યય પર છતાં तन् ધાતુનો સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - तितांसति, तितंसति = વિસ્તાર કરવાને ઈચ્છે છે. तनूयी-विस्तारे (૧૪૯૯) સાધનિકા ૪-૧-૧૦૪ માં જણાવેલ जिघांसति પ્રમાણે થશે. ૪-૧-૩૪ - ૪-૧-૪૦ સૂત્ર નહીં લાગે અને જ્યારે આ સૂત્રથી દીર્ઘ ન થાય ત્યારે तितंसति રૂપ થશે.

**धुटीत्येव** - तितनिषति = વિસ્તાર કરવાને ઇચ્છે છે. સાધનિકા ૪-૧-૬૦ માં જણાવેલ यियविषति પ્રમાણે થશે. ૪-૩-૧ અને ૧-૨-૨૪ સૂત્ર નહીં લાગે. અહીં ૪-૪-૪૭ થી इट् થયેલ છે. તેથી ધુડાદિ सन् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી तन् ધાતુનો સ્વર દીર્ઘ થયો નથી.

## क्रमः क्त्वि वा । ४-१-१०६

**અર્થઃ-** ધુડાદિ क्त्वा પ્રત્યય પર છતાં क्रम् ધાતુનો સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - क्रान्त्वा, क्रन्त्वा = ચાલીને. क्रमू-पादविक्षेपे (૩૮૫).

क्रम्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી त्वा પ્રત્યય.

क्राम्त्वा - આ સૂત્રથી अ સ્વર વિકલ્પે દીર્ઘ.

क्रान्त्वा - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्. વિકલ્પપક્ષે દીર્ઘ ન થાય ત્યારે क्रन्त्वा રૂપ થશે.

**धुटीत्येव** - क्रमित्वा = પગે ચાલીને. क्रम्+त्वा-૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, ऊदितो वा ૪-૪-૪૨ થી इट् થવાથી क्रमित्वा થશે. અહીં इट् આવવાથી ધુડાદિ त्वा પ્રત્યય ન હોવાથી क्रम् ધાતુનો સ્વર વિકલ્પે દીર્ઘ થયો નથી.

✡ प्रक्रम्य માં આ સૂત્રથી દીર્ઘ કરવું તે અંતરંગ વિધિ છે. છતાં પણ તે દીર્ઘત્વનો બાધ કરીને પહેલાં જ अनञः... ૩-૨-૧૫૪ થી यप् આદેશ થાય છે. આ વાત यपि... ૪-૪-૧૬ સૂત્રમાં જણાવશે.

## अहन्-पञ्चमस्य क्वि-क्ङिति । ४-१-१०७

**અર્થઃ**- क्विप् અને ધુડાદિ કિત્-ङित् પ્રત્યય પર છતાં हन् ધાતુ વર્જીને પાંચમો વર્ણ અન્તે છે જેને એવા ધાતુઓનો સ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) प्रशान् = ઉપશમ પામનાર. प्र+शम्+क्विप् - क्विप् ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, प्रशाम् - આ સૂત્રથી शम् ધાતુનો સ્વર દીર્ઘ, प्रशाम्+सि-૧-૧-૧૮ થી सि પ્રત્યય, प्रशाम् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ, प्रशान् - मोनो... ૨-૧-૬૭ થી म् નો न्. સાધનિકા ૨-૧-૬૭ માં કરેલી છે.

(૨) शान्तः = શાંતિને પામેલો. शम्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, शाम्+त - આ સૂત્રથી शम् નો સ્વર દીર્ઘ, शान्त-म्नां... ૧-૩-૩૯ થી म् નો न्. सिं વિગેરે કાર્ય થવાથી शान्तः થશે.

(૩) शंशान्तः = તેઓ બે વારંવાર શાંત થાય છે.

शम्+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

शशम्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शशम् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

शम्शम् - मुरतो... ૪-૧-૫૧ થી मु આગમ.

शंशम् - तौ-मुमौ... ૧-૩-૧૪ થી मु નો અનુસ્વાર.

शंशम्+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

शंशम्+तस् - शिदवित् ૪-૩-૨૦ થી तस् ङिद्वत्.

शंशाम्+तस् - આ સૂત્રથી शम् નો સ્વર દીર્ઘ.

शंशान्तस् - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्.

सोरुः, रःपदान्ते... થી शंशान्तः થશે.

**पञ्चमस्येति किम् ?** पक्त्वा = રાંધીને. पच्+त्वा-૫-૪- ૪૭ થી क्त्वा પ્રત્યય, पक्त्वा - चजः... ૨-૧-૮૬ થી च् નો क् આદેશ થયો. અહીં च् એ વર્ગનો પ્રથમ વર્ણ છે. પંચમવર્ણ નથી તેથી આ સૂત્રથી पच् નો સ્વર દીર્ઘ થયો નથી.

**अहन्निति किम् ?** वृत्रहणि = ઇન્દ્રમાં. वृत्रं हन्ति અર્થમાં वृत्रहन् - ब्रह्म... ૫-૧-૧૬૧ થી क्विप् પ્રત્યય, वृत्रहन्+इ - स्यौ... ૧-૧-૧૮ થી ङि પ્રત્યય, वृत्रहणि - कवर्गै... ૨-૩-૭૬ થી न् નો ण् થયો છે. અહીં સૂત્રમાં हन् ધાતુનું વર્જન કરેલું હોવાથી સ્વર દીર્ઘ થયો નથી.

**धुटीत्येव** - यम्यते = અટકાય છે. यम्+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય. यम्यते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય થયો. તે क्य પ્રત્યય કિત્ છે પણ ધુડાદિ કિત્ ન હોવાથી આ સૂત્રથી यम् નો સ્વર દીર્ઘ થયો નથી.

## अनुनासिके च च्छ्-वः शूट् । ४-१-१०८

**અર્થઃ-** અનુનાસિક આદિમાં હોય એવો પ્રત્યય, क्विप् પ્રત્યય અને ધુડાદિ પ્રત્યય પર છતાં ધાતુનાં च्छ् અને व् નો અનુક્રમે श् અને ऊट् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) प्रश्नः = પૂછવું તે. સાધનિકા ૪-૧-૮૪-સૂત્રમાં જણાવેલ पृष्टः પ્રમાણે થશે. प्रच्छ् ધાતુને यजि... ૫-૩-૮૫ થી न પ્રત્યય લાગશે. ૨-૧-૮૭, ૧-૩-૬૦ અને ૪-૧-૮૪ સૂત્ર નહીં લાગે. न પ્રત્યય અનુનાસિક આદિવાળો હોવાથી આ સૂત્રથી च्छ् નો श् આદેશ થયો છે.

(૨) शब्दप्राशौ = શબ્દ પૂછનારાં બે. शब्दं पृच्छति અર્થમાં क्विप् પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી च्छ् નો श् આદેશ થયો છે.

(૩) पृष्टः = પૂછેલો. સાધનિકા ૪-૧-૮૪ માં કરેલી છે. અહીં ધુડાદિ કિત્ (क्त) પ્રત્યય હોવાથી આ સૂત્રથી च्छ् નો श् આદેશ થયો છે.

(૪) स्योमा = દરજી (સીવનાર). षिवूच्-उतौ. (૧૧૬૪)

सिव्+मन् - मन्... ૫-૧-૧૪૭ થી मन् પ્રત્યય.

सिऊ+मन् - આ સૂત્રથી व् નો ऊट्.

स्यूमन् - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

स्योमन् - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

स्योमन्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

स्योमान्+सि - निदीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

स्योमान् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

स्योमा - नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ. અહીં मन् પ્રત્યય અનુનાસિક આદિવાળો હોવાથી આ સૂત્રથી व् નો ऊट् આદેશ થયો છે.

આ સૂત્ર નિત્ય હોવાથી सिव् ધાતુનાં इ નો ગુણ કરતાં પહેલાં આ સૂત્રથી व् નો ऊट् કરવો. અને ऊट् કરાયા પછી અંતરંગ કાર્યમાં પણ જે અલ્પાશ્રિત હોય તે પ્રથમ કરાય છે તેથી ऊ નો ગુણ ओ કર્યા પહેલાં અલ્પાશ્રિત એવા इ નો य् પ્રથમ કરવો પછી ऊ નો ગુણ કરવો.

(૫) अक्षद्यूः = પાસાથી રમનાર. अक्षैः दीव्यति અર્થમાં अक्ष+दिव्-૫-૧-૧૪૮. થી क्विप् પ્રત્યય, अक्षदिऊ - આ સૂત્રથી व् નો ऊट्, अक्षद्यू - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य् થયો છે. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી अक्षद्यूः થયું. અહીં क्विप् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી व् નો ऊट् થયો છે.

(૬) द्यूतः = જુગાર. दिव्+त-૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, दिऊ+त - આ સૂત્રથી व् નો ऊट्, અને द्यूत - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य् થયો છે. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી द्यूतः થયું. અહીં ધુડાદિ પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી व् નો ऊट् થયો છે.

## म्व्यवि-श्रिवि-ज्वरि-त्वरेरुपान्त्येन । ४-१-१०९

**અર્થ:-** અનુનાસિક આદિમાં છે જેને એવો પ્રત્યય, क्विप् પ્રત્યય અને ધુડાદિ પ્રત્યય પર છતાં मव्, अव्, श्रिव्, ज्वर् અને त्वर् ધાતુનાં व् નો ઉપાન્ત્ય વર્ણની સાથે ऊट् થાય છે.

**વિવેચન** - (૧) मोमा = બાંધનાર. मव-बन्धने (૪૮૦) मव्+मन् - ૫-૧-૧૪૭ થી मन् પ્રત્યય, मूमन् - આ સૂત્રથી अव् નો ऊट्. હવે પછીની સાધનિકા स्योमन् પ્રમાણે થશે.

(૨) मूः = બાંધનાર. मवति इति અર્થમાં मव्+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, मू+क्विप् - આ સૂત્રથી अव् નો ऊट्, सि પ્રત્યયાદિ કાર્ય થવાથી मूः થશે.

(૩) मूतिः = બાંધવું તે. मव्+क्ति - स्त्रियांक्तिः ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, मूति - આ સૂત્રથી अव् નો ऊट्, सि પ્રત્યયાદિ કાર્ય થવાથી मूतिः થશે.

✿(૪) ओमा = રક્ષણ કરનાર. अव-रक्षण.... वृद्धिषु (૪૮૯) अव्+मन् - ૫-૧-૧૪૭ થી मन् પ્રત્યય, ऊमन् - આ સૂત્રથી अव् નો ऊट्, ओमन् - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ. હવે પછીની સાધનિકા स्योमन् પ્રમાણે થશે.

(૫) ओम् = રક્ષણ કરનાર. अव्+म्, ऊम्, ओम्. સાધનિકા ओमन् પ્રમાણે થશે. અહીં ઉણાદિનો म् પ્રત્યય લાગ્યો છે.

(૬) ऊः = રક્ષણ કરનાર. अवति इति क्विप् અર્થમાં अव् ધાતુને क्विप् પ્રત્યય થયો છે. સાધનિકા मूः પ્રમાણે થશે.

(૭) ऊतिः = રક્ષણ કરવું તે. સાધનિકા मूतिः પ્રમાણે થશે.

✿(૮) श्रोमा = જનાર. श्रिवूच्-गतिशोषणयोः (૧૧૬૫) સાધનિકા मोमा પ્રમાણે થશે. અહીં इव् નો ऊट् આદેશ થયો છે.

(૯) श्रूः = જનાર. સાધનિકા मूः પ્રમાણે થશે.

(૧૦) श्रूतिः = જવું તે. સાધનિકા मूतिः પ્રમાણે થશે.

✿(૧૧) जूर्मा = પીડા પામનાર. ज्वर-रोगे (૧૦૫૪) સાધનિકા मोमा પ્રમાણે થશે. અહીં ज्वर् ધાતુનાં व નો ऊट् થવાથી जूर्मन् બનશે. ઉપાન્ત્યમાં દીર્ઘ સ્વર હોવાથી ગુણ થયો નથી.

(૧૨) जूः = પીડા પામનાર. ज्वरति इति क्विप् અર્થમાં ज्वर्+क्विप्-૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, जूर् - આ સૂત્રથી व નો ऊट्, जूर्+सि-૧-૧-૧૮ થી सि પ્રત્યય, जूर्-दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ, जूः - रःपदान्ते... થી વિસર્ગ થયો છે.

(૧૩) जूर्त्तिः = પીડા પામવી તે. સાધનિકા मूतिः પ્રમાણે થશે. र्हादर्हे... ૧-૩-૩૧ થી र् ની પછી રહેલો त् દ્વિત્વ થયો છે.

✿(૧૪) तूर्मा = ઉતાવળ કરનાર. ञित्वरिष्-सम्भ्रमे (૧૦૧૦) સાધનિકા जूर्मा પ્રમાણે થશે.

(૧૫) तूः = ઉતાવળ કરનાર. સાધનિકા जूः પ્રમાણે થશે.

(૧૬) तूर्णः = ઉતાવળ. त्वर्+त-૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, तूर्त - આ સૂત્રથી व નો ऊट्, तूर्ण-रदाद... ૪-૨-૬૯ થી क्त નાં त् નો न् થયો છે. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી तूर्णः થશે.

✡ मव्, अव्, श्रिव् ધાતુઓમાં વકારથી પૂર્વમાં ઉપાન્ત્ય છે અને ज्वर्-त्वर् ધાતુમાં વકારથી પરમાં ઉપાન્ત્ય છે. આ રીતે પૂર્વ અને પરમાં રહેલ ઉપાન્ત્ય સહિત व् નો ऊट् થાય છે.

## राल्लुक् । ४-१-११०

**અર્થઃ-** અનુનાસિક આદિમાં છે જેને એવો પ્રત્યય, क्विप् પ્રત્યય અને ધુડાદિ પ્રત્યય પર છતાં र् થી પર રહેલાં ધાતુનાં छ् અને व् નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) मोर्मा = મૂર્છા પામનાર. मुर्छा-मोह-समुछ्राययोः (૧૨૬) मुर्च्छ् માં छ् દ્વિત્વ વિગેરે ૪-૧-૮૪ માં જણાવેલ प्रच्छ् પ્રમાણે થશે. मुर्च्छ्+मन् - ૫-૧-૧૪૭ થી मन् પ્રત્યય, मुर्+मन् - આ સૂત્રથી च्छ् નો લોપ થવાથી मुर्मन् થશે. હવે પછીની સાધનિકા ૪-૧-૧૦૮ માં જણાવેલ स्योमन् પ્રમાણે થશે.

(૨) मूः = મૂર્છા પામનાર. मुर्च्छति इति क्विप् અર્થમાં मुर्च्छ्+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, मुर्+० - આ સૂત્રથી च्छ् નો લોપ, मूर् - भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ, ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ થવાથી मूः થશે.

(૩) मूर्त्तिः = મૂર્છા. मुर्च्छ्+ति - ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, मुर्+ति - આ સૂત્રથી च्छ् નો લોપ, मूर्ति - भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ. र्हादर्ह... ૧-૩-૩૧ થી त् દ્વિત્વ થવાથી मूर्त्ति થશે.

✡ (૪) तोर्मा = હિંસા કરનાર. तुर्वै-हिंसायाम् (૪૭૧) સાધનિકા मोर्मा પ્રમાણે થશે. અહીં व् નો લોપ થવાથી तुर्+मन् થશે.

(૫) तूः = હિંસા કરનાર. સાધનિકા ઉપર જણાવેલ मूः પ્રમાણે થશે.

(૬) तूर्णः = હિંસાકરનાર. तुर्व्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, तुर्+त - આ સૂત્રથી व् નો લોપ, रदाद... ૪-૨-૬૯ થી त् નો न् થવાથી तुर्न, भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ થવાથી तूर्न અને र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી तुर्ण થશે. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી तूर्णः થશે.

## क्तेऽनिटश्च-जोः क-गौ घिति । ४-१-१११

**અર્થઃ-** क्त પ્રત્યય પર છતાં જે ધાતુ અનિટ્ છે તે ધાતુ સંબંધી च् અને ज् નો घित् પ્રત્યય પર છતાં અનુક્રમે क् અને ग् થાય છે.

વિવેચન - (૧) पाकः = રાંધવું.

पच्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

पाच - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

पाक - આ સૂત્રથી च् નો क्.

હવે પછી सि પ્રત્યયાદિ કાર્ય થવાથી पाकः થશે.

(૨) भोग्यम् = ભોગવવા યોગ્ય.

भुज्+य - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય.

भुग्+य - આ સૂત્રથી ज् નો ग्.

भोग्य - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

सि પ્રત્યયાદિ કાર્ય ૪-૧-૧૦૧ માં જણાવેલ शृतम् પ્રમાણે થશે.

**क्तेऽनिट इति किम्?** सङ्कोचः = સંકોચ પામવું. कुच-शब्दे तारे (૧૦૦)

सम्+कुच्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

सम्+कोच - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

सङ्कोच - म्नां... ૧-૩-૩૯ થી म् નો ङ्

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सङ्कोचः થશે. અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી क्त ની પૂર્વે इट् થાય છે. તેથી कुच् ધાતુ અનિટ્ ન હોવાથી આ સૂત્રથી च् નો क् થયો નથી. क्त પ્રત્યય પર છતાં कुच् નો संकुचितः પ્રયોગ થાય છે.

(૨) कूजः = અવ્યક્ત અવાજ. कूजू-अव्यक्ते शब्दे (૧૫૧)

कूज्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

कूज - सि પ્રત્યયાદિ કાર્ય થવાથી कूजः બનશે.

અહીં ऊदितो वा ૪-૪-૪૨ થી क्त ની પૂર્વે इट् થાય છે कूजितः પ્રયોગ થાય છે. તેથી कूज् ધાતુ અનિટ્ ન હોવાથી આ સૂત્રથી ज् નો ग् થયો નથી.

## न्यङ्कूद्ग-मेघाऽऽदयः । ४-१-११२

**અર્થઃ-** न्यङ्कु વિગેરે શબ્દોમાં કરાએલો च् નો क्, उद्ग વિગેરેમાં કરાએલો ज् નો ग् અને मेघ વિગેરેમાં કરાએલો ह् નો घ् નિપાતન છે.

**વિવેચન** --(૧) न्यङ्कुः = વિશેષ પ્રકારનું હરણ. नि+अञ्च् ધાતુનું न्यञ्चति इति અર્થમાં न्यङ्कु નિપાતન થાય છે. નિપાતનથી उ પ્રત્યય અને च् નો क् થયો છે.

(૨) शोकः = શોક. शुच् ધાતુને घञ्, ગુણ થવાથી शोच, અને च् નો क् નિપાતન થયો છે.

(૩) उद्गः = સરળ. उब्जत्-आर्जवे (૧૩૪૮) उब्ज् ધાતુને घञ् પ્રત્યય, ज् નો ग् અને ઉપાન્ત્ય ब् નો द् નિપાતન થયો છે. उब्ज् ધાતુ क्त પ્રત્યય પર છતાં સેટ્ હોવાથી ज् નાં ग् ની પ્રાપ્તિ ન હતી પણ નિપાતન કર્યું તેથી ज् નો ग् થઈ શક્યો.

(૪) न्युद्गः = સરળ. સાધનિકા उद्गः પ્રમાણે થશે.

(૫) मेघः = મેઘ. मिह् ધાતુને अच् પ્રત્યય, इ નો ગુણ ए, અને ह् નો घ् નિપાતન થાય છે.

(૬) ओघः = સમૂહ. वह् ધાતુને अच् પ્રત્યય, व નો ओ અને ह् નો घ् નિપાતન થાય છે.

✿ **न्यङ्कु વિગેરે નિપાતન શબ્દો** - न्यङ्कु, तञ्च-तक्र, वञ्च-वक्र, शुच्-शुक्र, शुच्-शोक, रुच्-रोक, पच्-श्वपाक, मांसपाक, पिण्डपाक, कपोतपाक, उलूकपाक, नीचेपाक, दूरेपाक, फलेपाक, क्षणेपाक, नीचेपाकु, दूरेपाकु, फलेपाकु, क्षणेपाकु, नीचेपाका, दूरेपाका, फलेपाका, क्षणेपाका, अनुवाक, सोम+प्र+वच्-सोमप्रवाक, नि+उच्-न्योक.

✿ **उद्ग વિગેરે નિપાતન શબ્દો** - उब्ज्-उद्ग, सम्+उब्ज्-समुद्ग, नि+उब्ज्-न्युद्ग, अभि+उब्ज्-अभ्युद्ग, सृज्-सर्ग, अव+सृज्- अवसर्ग, उप+सृज् - उपसर्ग, व्यति+सञ्ज् - व्यतिषङ्ग, अनु+सञ्ज् - अनुषङ्ग, मस्ज्-मद्गु, भ्रस्ज्-भृगु, युज्-योग, गोयोग.

✿ **मेघ વિગેરે નિપાતન શબ્દો** - मिह्-मेघ, वह्-ओघ, दह्-निदाघ, अव+दह् - अवदाघ, अर्ह्-अर्घ.

## न वञ्चेर्गतौ । ४-१-११३

**અર્થઃ**- ગત્યર્થક वञ्च् ધાતુનાં च् નો क् થતો નથી.

**વિવેચન** - वञ्चं वञ्चन्ति = તેઓ જવા યોગ્ય સ્થાને જાય છે. गन्तव्यं गच्छति

इत्यर्थः वञ्चू-गतौ (१०६) वञ्च+घञ् = वञ्च. घञ् અન્તવાળા वञ्च् ધાતુનાં च् નાં क् ની क्ते... ૪-૧-૧૧૧ થી પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે.

**गताविति किम् ?** वङ्कं काष्ठम् = વાંકું લાકડું. वञ्च्+अ-૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, वञ्क्+अ - क्ते... ૪-૧-૧૧૧ થી च् નો क्, वङ्क - म्नां... ૧-૩-૩૯ થી क् નાં યોગમાં ञ् નો ङ् થયો છે. અહીં वञ्च् ધાતુ ગત્યર્થક નથી તેથી આ સૂત્રથી च् નાં क् નો નિષેધ થયો નથી.

## यजेर्यज्ञाङ्गे । ४-१-११४

**અર્થઃ-** યજ્ઞનાં અંગ (સાધન) રૂપ અર્થમાં વર્તતાં यज् ધાતુનાં ज् નો ग् થતો નથી.

**વિવેચન** - पञ्च प्रयाजाः = યજ્ઞનાં પાંચસાધન વિશેષ. प्र+यज्+अ - व्यञ्जनाद्... ૫-૩-૧૩૨ થી घञ् પ્રત્યય. प्रयाज - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, प्रयाज+अस् - स्यौ... ૧-૧-૧૮ થી अस् પ્રત્યય, प्रयाजास् - समानानां... ૧-૨-૧ થી अ+अ=आ. सोरुः, रःपदान्ते... થી प्रयाजाः થશે. અહીં ૪-૧-૧૧૧ થી ज् નાં ग् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે નિષેધ કર્યો છે. એજ પ્રમાણે — त्रयोऽनुयाजाः, ऋतुयाजाः, एकादशोपयाजाः, उपांशुयाजाः, पत्नीसंयाजाः વિગેરે.

**यज्ञाङ्ग इति किम् ?** प्रयागः = સ્થાન વિશેષ. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં યજ્ઞનું અંગ અર્થ ન હોવાથી क्ते... ૪-૧-૧૧૧ થી ज् નો ग् થશે. એજ પ્રમાણે — अनुयागः,यागः વિગેરે.

## घ्यण्यावश्यके । ४-१-११५

**અર્થઃ-** અવશ્ય કરવું એવો અર્થ જણાતો હોય તો घ्यण् પ્રત્યય પર છતાં ધાતુનાં च् અને ज् નો અનુક્રમે क् અને ग् થતો નથી.

**વિવેચન** - (૧) अवश्यपाच्यम् = અવશ્ય રાંધવા યોગ્ય.

अवश्यम्+पच् - णिन्... ૫-૪-૩૬ થી કૃત્ય પ્રત્યય થાય છે.

अवश्यम्+पच्+य - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય.

अवश्यम्+पाच्य - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

अवश्यपाच्यम् - कृत्ये... ૩-૨-૧૩૮ થી म् નો લોપ.

अवश्यपाच्यम् - मयूर... ૩-૧-૧૧૬ થી તત્પુરૂષ સમાસ.

(૨) अवश्यरञ्ज्यम् = અવશ્ય રંગવા યોગ્ય. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં બન્ને ઉદાહરણમાં क्ते... ૪-૧-૧૧૧ થી च् અને ज् નાં क् અને ग् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**आवश्यक इति किम् ?** पाक्यम् = રાંધવા યોગ્ય. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં અવશ્ય કરવું એવો અર્થ જણાતો નથી. તેથી क्ते... ૪-૧-૧૧૧ થી च् નો क् થશે.

## नि-प्राद् युजः शक्ये । ४-१-११६

**અર્થ:-** શક્ય અર્થ ગમ્યમાન હોય તો घ्यण् પ્રત્યય પર છતાં नि અને प्र ઉપસર્ગ પૂર્વક युज् ધાતુનાં ज् નો ग् થતો નથી.

**વિવેચન** - (૧) नियोज्यः = જોડાવાને યોગ્ય, આજ્ઞા કરી શકાય તે.

नि+युज् - शक्ता... ૫-૪-૩૫ થી કૃત્ય પ્રત્યય થાય છે.

नियुज्य - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય.

नियोज्य - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી नियोज्यः થશે.

(૨) प्रयोज्यः = પ્રયોગ કરી શકાય તે. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં બન્ને ઉદાહરણમાં क्ते... ૪-૧-૧૧૧ થી ज् નાં ग् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**शक्य इति किम् ?** नियोग्यः = આજ્ઞા કરવા યોગ્ય. પણ આજ્ઞા કરી શકાય તેવું નથી. શક્ય અર્થ નથી તેથી क्ते... ૪-૧-૧૧૧ થી ज् નો ग् થયો છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

## भुजो भक्ष्ये । ४-१-११७

**અર્થ:-** ભક્ષ્ય અર્થ ગમ્યમાન હોય તો घ्यण् પ્રત્યય પર છતાં भुज् ધાતુનાં ज् નો ग् થતો નથી.

**વિવેચન** - भोज्यं पयः = ખાવા યોગ્ય દુધ. भुज्+य - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય, भोज्यम् - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ. सि વિગેરે કાર્ય ૪-૧-૧૦૧ માં જણાવેલ शृतम् પ્રમાણે થશે. ૪-૧-

૧૧૧ થી ज् નાં ग् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**भक्ष्य इति किम् ?** भोग्या भूः = ભોગવવા યોગ્ય પૃથ્વી. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં ભક્ષ્ય અર્થ ગમ્યમાન નથી તેથી ૪-૧-૧૧૧ થી ज् નો ग् થયો છે. પૃથ્વી સ્ત્રીલિંગ હોવાથી भोग्य શબ્દને आप् થયો છે.

## त्यज-यज-प्रवचः । ૪-૧-૧૧૮

**અર્થ:-** घ्यण् પ્રત્યય પર છતાં त्यज्, यज् અને प्रवच् ધાતુનાં च् નો क् અને ज् નો ग् થતો નથી.

**વિવેચન** - (૧) त्याज्यः = ત્યાગ કરવા યોગ્ય. त्यज्+य — ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય, त्याज्य - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી त्याज्यः થશે.

(૨) याज्यः = યજ્ઞ કરવા યોગ્ય. સાધનિકા त्याज्यः પ્રમાણે થશે.

(૩) प्रवाच्यः = પાઠવિશેષ અથવા ગ્રંથ. સાધનિકા त्याज्यः પ્રમાણે થશે.

અહીં ત્રણે ઉદાહરણમાં ૪-૧-૧૧૧ થી च् અને ज् નો क् અને ग् થવાની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

✡ "याज्यम्" માં આ સૂત્રથી ग् નો નિષેધ કરવાથી यज् ધાતુથી घ्यण् પ્રત્યય થઈ શક્યો. અન્યથા शकितकि... ૫-૧-૨૯ થી य પ્રત્યય જ થાત.

✡ प्र પૂર્વક वच् ધાતુનું સૂત્રમાં ગ્રહણ કરેલું હોવાથી શબ્દસંજ્ઞા અર્થમાં ઉપસર્ગ પૂર્વકનાં નિયમ માટે છે. प्र પૂર્વક જ वच् ધાતુથી कत्व નો નિષેધ થાય છે. અન્ય ઉપસર્ગપૂર્વક कत्व નો નિષેધ થતો નથી દા.ત. अधिवाक्यम्.

## वचोऽशब्दनाम्नि । ૪-૧-૧૧૯

**અર્થ:-** અશબ્દ સંજ્ઞા અર્થ ગમ્યમાન હોય તો घ्यण् પ્રત્યય પર છતાં वच् ધાતુનાં च् નો क् થતો નથી.

**વિવેચન** - वाच्यम् = કહેવા યોગ્ય. અથવા અર્થ. સાધનિકા ઉપર જણાવેલ त्याज्यः પ્રમાણે થશે. ૪-૧-૧૧૧ થી પ્રાપ્ત च् નાં क् નો આ સૂત્રથી નિષેધ થયો છે.

**अशब्दनाम्नीति किम् ?** वाक्यम् = વાક્ય. (પદ સમુદાય).

સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં અશબ્દસંજ્ઞા અર્થ ગમ્યમાન નથી તેથી ૪-૧-૧૧૧ થી च् નો क् થયો છે.

## भुज-न्युब्जं पाणि-रोगे । ४-१-१२०

**અર્થ:-** घञ् પ્રત્યયાન્ત भुज् અને नि+उब्ज् ધાતુનો पाणि (હાથ) અને રોગ અર્થમાં અનુક્રમે भुज અને न्युब्ज નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) भुजः पाणिः = હાથ. भुज्+अ-૫-૩-૧૩૨ થી घञ् પ્રત્યય, અહીં ૪-૩-૪ થી उ નાં ગુણની અને ૪-૧-૧૧૧ થી ज् નાં ग् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

(૨) न्युब्जः = રોગ. नि+उब्ज्-૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, અહીં ૪-૧-૧૧૨ થી ब् નાં द् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

## वीरुन्-न्यग्रोधौ । ४-१-१२१

**અર્થ:-** क्विप् પ્રત્યયાન્ત वि+रुह् ધાતુનાં અને अच् પ્રત્યયાન્ત न्यक् અવ્યય પૂર્વક रुह् ધાતુનાં અન્ત્ય ह् નો ध् આદેશ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) वीरुत् = વૃક્ષ. वि+रुह्+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, विरुध् - આ સૂત્રથી ह् નો ध्. विरुद् - ૨-૧-૭૬ થી ध् નો द् અને विरुत् - ૧-૩-૫૧ થી द् નો त्. અને નિપાતનથી वि નો इ દીર્ઘ થવાથી वीरुत् રૂપ થશે.

(૨) न्यग्रोधः = વૃક્ષ (વડ). न्यक्+रुह्+अ - ૫-૧-૪૯ થી अच् પ્રત્યય, न्यग्रोह - धुट... ૨-૧-૭૬ થી क् નો ग्, આ સૂત્રથી ह् નો ध् થવાથી न्यग्रोध - सि પ્રત્યયાદિ કાર્ય થવાથી न्यग्रोधः થશે.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान*
*स्वोपज्ञशब्दानुशासन लघुवृत्तौ चतुर्थस्याध्यायस्य*
*प्रथमः पादः समाप्तः ॥ ४-१ ॥*

*कुर्वन् कुन्तलशैथिल्यं मध्यदेशं निपीडयन् ।*
*अङ्गेषु विलसन् भूमेर्भर्ताऽभूद् भीमपार्थिवः ॥*

અર્થ :- કોઈ પુરુષ સ્ત્રીનાં કુંતલ (અંબોડાને) ઢીલો કરતો, મધ્યદેશ (કટિપ્રદેશ)ને પીડા પમાડતો અને શરીરનાં અંગોની સાથે વિલાસ કરતો સ્ત્રીનો સ્વામી હોય છે તેમ કુંતલ દેશને વેરવિખેર કરતો, મધ્યપ્રદેશને ત્રાસ પમાડતો અને અંગદેશમાં વિલાસ કરતો એવો ભીમ રાજા પૃથ્વીનો સ્વામી થયો.

॥ अर्हम् ॥

# चतुर्थस्याऽध्यायस्य - द्वितीयः पादः

## आत् सन्ध्यक्षरस्य । ४-२-१

**અર્થ:-** ધાતુનાં અન્ત્ય સન્ધ્યક્ષરનો आ થાય છે.

**વિવેચન** - (१) संव्याता = ઢાંકનાર.

सम्-व्ये-तृ - णकतृचौ ५-१-४८ થી तृच् પ્રત્યય.

सम्+व्यातृ - આ સૂત્રથી ए નો आ.

संव्यातृ - तौ-मुमो... १-३-१४ થી म् નો અનુસ્વાર.

संव्यातृ+सि - स्यौ... १-१-१८ થી सि પ્રત્યય.

संव्यातृ+आ - ऋदु... १-४-८४ થી सि નો डा.

संव्याता - डित्यन्त्य... २-१-११४ થી અન્ત્ય ऋ નો લોપ.

(२) सुग्लः = અત્યન્ત ખિન્ન. ग्लै-हर्षक्षये (३१)

सु+ग्लै+अ - उपसर्गा..., ५-१-५६ થી ड પ્રત્યય.

सुग्ला+अ - આ સૂત્રથી ऐ નો आ.

सुग्ल - डित्यन्त्य... २-१-११४ થી અન્ત્ય आ નો લોપ.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી सुग्लः થશે.

**धातोरिति किम् ?** गोभ्याम् = બે ગાયો વડે. અહીં गो એ નામ છે ધાતુ નથી. તેથી આ સૂત્રથી અન્ત્ય ओ નો आ થયો નથી.

✡ અન્ત્ય સંધ્યક્ષરનો आ થવો એ નિર્નિમિત્ત છે તેથી ધાતુનાં અન્ત્ય સંધ્યક્ષરનો પહેલાં આકાર કરાય છે અને પછી આકારાન્ત ધાતુ આશ્રયીને કાર્ય થાય છે.

## न शिति । ४-२-२

**અર્થ:-** शित् પ્રત્યયનાં વિષયમાં ધાતુનાં અન્ત્ય સન્ધ્યક્ષરનો आ થતો નથી.

**વિવેચન** - संव्ययति = તે ઢાંકે છે.

सम्-व्ये+ति - तिव्... ३-३-६ થી तिव् પ્રત્યય.

सम्+व्ये+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

संव्ये-अ+ति - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संव्ययति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

એજ પ્રમાણે ग्लायति = તે દુઃખી થાય છે.

## व्यस्थव्-णवि । ४-२-३

**અર્થઃ-** પરોક્ષાનાં थव् અને णव् પ્રત્યયનાં વિષયમાં व्ये ધાતુનાં અન્ત્ય સન્ધ્યક્ષરનો आ થતો નથી.

**વિવેચન** - (१) संविव्याय = તેણે ઢાંક્યું. સાધનિકા ૪-૧-૭૧ માં કરેલી છે.

(२) संविव्ययिथ = તેં ઢાંક્યું. सम्+विव्ये+थव् સુધી ૪-૧-૭૧ માં જણાવ્યા પ્રમાણે થશે. णव् ને બદલે थव् પ્રત્યય થશે.

सम्+विव्ये+इ+थ - ऋ-वृ... ૪-૪-૮૦ થી इट् આગમ.

संविव्ये+इ+थ - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संविव्ययिथ - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

## स्फुर-स्फुलोर्घञि । ४-२-४

**અર્થઃ-** घञ् પ્રત્યય પર છતાં स्फुर् અને स्फुल् ધાતુનાં સન્ધ્યક્ષરનો आ થાય છે.

**વિવેચન** - (૧) विस्फारः = સ્ફુરવું. स्फुरत्-स्फुरणे (૧૪૬૦)

विस्फुर्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

विस्फोर - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

विस्फार આ સૂત્રથી ओ નો आ.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી विस्फारः થશે.

(२) विस्फालः = સ્ફુરવું. ભેગું કરવું. स्फुल्-स्फुरणे संचये च (૧૪૬૧) સાધનિકા विस्फारः પ્રમાણે થશે.

✡ वेः ૨-૩-૫૪ થી वि ઉપસર્ગથી પર રહેલાં स्फुर् અને स्फुल् ધાતુનાં स् નો ष् વિકલ્પે થતો હોવાથી विष्फारः, विष्फालः પણ થશે.

**घञीति किम् ?** विस्फोरकः અહીં घञ् પ્રત્યય નથી પણ अक પ્રત્યય થયેલો હોવાથી આ સૂત્રથી ओ નો आ થયો નથી.

## वाऽपगुरो णमि । ४-२-५

અર્થઃ- णम् પ્રત્યય પર છતાં अप ઉપસર્ગથી પર રહેલાં गुर् ધાતુનાં સન્ધ્યક્ષરનો आ વિકલ્પે થાય છે.

વિવેચન - अपगारमपगारम्, अपगोरमपगोरम् = વારંવાર ઉદ્યમ કરીને.

गुरैति-उद्यमे (१४६४)

अपगुर्-अम् - ख्णम्... ૫-૪-૪૮ થી ख्णम् પ્રત્યય.

अपगोरम् - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

अपगारम् - આ સૂત્રથી ओ નો आ.

अपगारमपगारम् - भृशा... ૭-૪-૭૩ થી દ્વિત્વ.

વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી ओ નો आ ન થાય ત્યારે अपगोरम-पगोरम् બનશે.

## दीङः सनि वा । ४-२-६

અર્થઃ- सन् પ્રત્યય પર છતાં दीङ् ધાતુનાં અન્ત્ય વર્ણનો आ વિકલ્પે થાય છે.

વિવેચન - दीदासते = તે નષ્ટ થવાને ઇચ્છે છે. दीङ्च्-क्षये (१२४४)

दी+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

दास - આ સૂત્રથી ई નો आ.

दादास - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

ददास - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

दिदास - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

તે પ્રત્યયાદિ કાર્ય થવાથી दिदासते થશે. વિકલ્પપક્ષે ई નો आ ન થાય ત્યારે दिदीषते થશે. સાધનિકા ઉપર પ્રમાણે થશે. नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष् થશે.

## यबक्ङिति । ४-२-७

અર્થઃ- यप् પ્રત્યયનાં વિષયમાં અને कित्-ङित् પ્રત્યય વર્જીને અન્ય પ્રત્યયનાં વિષયમાં दीङ् ધાતુનાં અન્ત્યવર્ણનો आ થાય છે.

વિવેચન - (૧) उपदाय = નષ્ટ થઇને.

उपदी+त्वा - प्राक्काले ५-४-४७ थी क्त्वा प्रत्यय.

उपदीय - अनञः... ३-२-१५४ थी क्त्वा नो यप्.

उपदाय - આ સૂત્રથી ई नो आ.

(२) उपदाता = નષ્ટ થનાર.

उपदी+तृ - णकतृचौ ५-१-४८ थी तृच् प्रत्यय.

उपदातृ - આ સૂત્રથી ई नो आ.

હવે પછીની સાધનિકા ૪-૨-૧ માં જણાવેલ संव्याता પ્રમાણે થશે.

**विषयनिर्देशाद्** - उपदायो वर्तते = નષ્ટ થનાર.

उप+दी - અહીં तृच् પ્રત્યય થવાનો છે. પ્રત્યય છે નહીં પણ પ્રત્યયનો વિષય હોવાથી આ સૂત્રથી ई नो आ થવાથી उपदा થયું. હવે आકાર થયા પછી तन्... ५-१-६४ थी ण प्रत्ययनी प्राप्ति આવી તેથી उपदा+अ. आत... ४-३-५३ थी आ नो ऐ થવાથી उपदै+अ.एदैतो... १-२-२३ थी ऐ नो आय् થવાથી उपदाय પ્રયોગ થાય છે.

दीङ् માં ङકાર સહિત નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી आકાર નહીં થાય. જેમ કે-उपदेदेति.

## मिग्-मीगोऽखलचलि । ४-२-८

**અર્થઃ**- यप् પ્રત્યયનાં વિષયમાં અને खल्, अच् અને अल् પ્રત્યય વર્જીને कित्-ङित् પ્રત્યય સિવાયનાં વિષયમાં मिग् અને मीग् ધાતુનાં અન્ત્યવર્ણનો आ થાય છે.

**વિવેચન** - (१) निमाय = ફેંકીને. डुमिंग्ट् - प्रक्षेपणे (१२८९) સાધનિકા ૪-૨-૭ માં જણાવેલ उपदाय પ્રમાણે થશે. પણ આ સૂત્રથી मि નાં इ नो आ થશે.

(२) निमाता = ફેંકનાર. સાધનિકા ૪-૨-૧ માં જણાવેલ संव्याता પ્રમાણે થશે. પણ આ સૂત્રથી मि નાં इ नो आ થશે.

(३) प्रमाय = હણીને. मींग्श् - हिंसायाम् (१५१२) સાધનિકા ૪-૨-૭ માં જણાવેલ उपदाय પ્રમાણે થશે. પણ આ સૂત્રથી मी નાં-ई नो आ થશે.

(४) प्रमाता = હણનાર. સાધનિકા ૪-૨-૧ માં જણાવેલ संव्याता પ્રમાણે

થશે. પણ આ સૂત્રથી मी નાં ई નો आ થશે.

**अखलचलीति किम् ?** ईषन्निमयः = વિના પ્રયત્ને ફેંકનાર.

ईषद्+निमि+अ - दुःस्वी... ૫-૩-૧૩૯ થી खल् પ્રત્યય.

ईषद्निमे+अ - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

ईषद्निमय - एदैतो.. ૧-૨-૨૩ થી ए નો अय्.

ईषन्निमय - तृतीय... ૧-૩-૧ થી द् નો न्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી ईषन्निमयः થશે.

(૨) दुष्प्रमयः = મુશ્કેલીથી (કષ્ટથી) હિંસા કરવી. दुष्प्र+मी+अ. સાધનિકા ईषन्निमयः પ્રમાણે થશે. અહીં मी નાં ई નો ગુણ થશે. અહીં બન્ને ઉદાહરણમાં खल् પ્રત્યય હોવાથી આ સૂત્રથી इ કે ई નો आ થયો નથી.

(૩) मयः = ફેંકનાર. मि+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય, मे+अ - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए, मय - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી मयः થશે.

(૪) आमयः = રોગ. प्राणिनम् हिनस्ति = પ્રાણીને હણે છે તે રોગ. आ+मी સાધનિકા मयः પ્રમાણે થશે. આ બન્ને ઉદાહરણમાં अच् પ્રત્યય હોવાથી આ સૂત્રથી इ કે ई નો आ થયો નથી.

(૫) निमयः = ફેંકનાર. मि+अ - युवर्ण... ૫-૩-૨૮ થી अल् પ્રત્યય. સાધનિકા मयः પ્રમાણે થશે.

(૬) प्रमयः = હિંસા કરનાર. સાધનિકા मयः પ્રમાણે થશે. मी+अ-૫-૩-૨૮ થી अल् પ્રત્યય થશે. આ બન્ને ઉદાહરણમાં अल् પ્રત્યય હોવાથી આ સૂત્રથી इ કે ई નો आ થયો નથી.

✿ मिग् કે मीग् માં ગકાર નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી આકાર નહીં થાય જેમ કે - निमेमेति, प्रमेमेति.

**विषयनिर्देशात्** - निमाय = ફેંકનાર. સાધનિકા ૪-૨-૭ માં જણાવેલ उपदाय પ્રમાણે થશે.

✿ मीङ्च्- हिंसायाम् (૧૨૪૬) દિવાદિ ગણનો ગ્રહણ નહીં થાય. मेता, मेतुम् પ્રયોગ થશે. કેટલાક દિવાદિ ગણનો मी ધાતુ પણ અહીં ગ્રહણ

કરે છે તેઓનાં મતે माता, मातुम् પ્રયોગ પણ થશે.

✿ मितः = ફેંકેલું. मेमीयते = તે વારંવાર ભેટે છે. અહીં क्त પ્રત્યય કિત્ છે અને यङ् પ્રત્યય ङित् છે તેથી આ સૂત્રથી इ કે ई નો आ થયો નથી.

## लीङ् लिनोर्वा । ४-२-९

**અર્થઃ-** यप् પ્રત્યયનાં વિષયમાં અને खल्, अच् અને अल् પ્રત્યય વર્જીને कित् કે ङित् પ્રત્યય સિવાયનાં વિષયમાં દિવાદિ અને ક્યાદિ ગણનાં ली ધાતુનાં અન્ત્યવર્ણનો आ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) विलाय, विलीय = ભેટીને. लींङ्च् (૧૨૪૮), लींश् (૧૫૨૬) श्लेषणे. સાધનિકા ૪-૨-૭ માં જણાવેલ उपदाय પ્રમાણે થશે. વિકલ્પપક્ષે ई નો आ ન થાય ત્યારે विलीय પ્રયોગ થશે.

(૨) विलाता, विलेता = ભેટનાર. સાધનિકા ૪-૨-૧ માં જણાવેલ संव्याता પ્રમાણે થશે. વિકલ્પપક્ષે ई નો आ ન થાય ત્યારે नामिनो... ૪-૩-૧ થી ગુણ થવાથી विलेता પ્રયોગ થશે. એજ પ્રમાણે...

ભવિષ્યન્તી - विलास्यते, विलेष्यते, विलास्यति, विलेष्यति.

અદ્યતની - व्यलासीत्, व्यलैषीत्.

**अखलचलीत्येव**—खल्-ईषद्विलयः, अच्-विलयः, अल्-विलयः અહીં આ સૂત્રથી નિષેધ હોવાથી ई નો आ થયો નથી. સાધનિકા ૪-૨-૮ માં જણાવ્યા પ્રમાણે થશે.

**यबक्ङित्तीत्येव** - क्त પ્રત્યય - लीनः, विलीनः, यङ् - लेलीयते, ङित् - लिनाति. અહીં कित्-ङित् પ્રત્યય હોવાથી આ સૂત્રથી ई નો आ થયો નથી.

ङ ઈત્‌વાળો અને લુપ્ત तिव् નિર્દેશવાળો ली ધાતુ ગ્રહણ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી ई નો आ થતો નથી. જેમ કે - लेलेति.

## णौ क्री-जीङः । ४-२-१०

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં क्री, जि અને इ ધાતુનાં અન્ત્યસ્વરનો आ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) क्रापयति=તે ખરીદાવે છે. डुक्रींग्श्-द्रव्यविनिमये (૧૫૦૮)

क्री-इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

क्रा-इ - આ સૂત્રથી ई नो आ.

क्रापि - अर्त्ति... ४-२-२१ थी पु આગમ.

तिव्, शव्, ગુણ, अय् विगेरे કાર્ય થવાથી क्रापयति પ્રયોગ થશે.

(૨) जापयति = તે જીતાડે છે. जि-अभिभवे (८) સાધનિકા क्रापयति પ્રમાણે થશે.

(૩) अध्यापयति = તે ભણાવે છે. इंङ्क्-अध्ययने (११०४).

अधि+इ+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

अधि+आ+इ - આ સૂત્રથી इ नो आ.

अध्या+इ - इवर्णादि... १-२-२१ थी इ नो य्.

अध्यापि - अर्त्ति... ४-२-२१ थी पु આગમ.

तिव् विगेरे કાર્ય થવાથી अध्यापयति પ્રયોગ થશે.

## सिध्यतेरज्ञाने । ४-२-११

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં અજ્ઞાન અર્થમાં વર્તતાં सिध् ધાતુનાં સ્વરનો आ થાય છે.

**વિવેચન** - मन्त्रं साधयति = મન્ત્રને સિદ્ધ કરાવે છે. षिधूंच्-संराद्धौ (११८५)

सिध्+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

साधि - આ સૂત્રથી इ नो आ.

तिव् વગેરે કાર્ય થવાથી साधयति પ્રયોગ થશે. એજ પ્રમાણે तपः साधयति, अन्नं साधयति. અહીં મંત્ર વિગેરે સાધે છે પણ મંત્ર, તપ શું છે તે જાણતો નથી તેથી અજ્ઞાન છે.

**अज्ञान इति किम् ?** तपः तापसं सेधयति = તપ તપસ્વીને જ્ઞાન પ્રાપ્ત કરાવે છે. અહીં તપ કરવાથી તાપસને જ્ઞાન પ્રાપ્ત થાય છે. અનુભવ સાક્ષાત્કાર થાય છે. તેથી જ્ઞાન અર્થમાં सिध् ધાતુ હોવાથી इ नो आ આ સૂત્રથી થયો નથી. પણ लघो.... ४-३-४ थी इ नो ગુણ ए थयो છે.

✡ સન્ધ્યક્ષરની અનુવૃત્તિ ચાલતી હોવાથી સ્વરનો જ आ પ્રાપ્ત થાય છે નહીં તો षष्ठ्यान्त्यस्य ७-४-१०६ એ પરિભાષાથી ध् કારનો જ आ

થવાની પ્રાપ્તિ આવત.

✿ સૂત્રમાં सिध्यते પ્રયોગ દર્શાવ્યો હોવાથી દિવાદિ ગણનો જ ગ્રહણ થાય છે. પણ षिधू-गत्याम् (૩૨૦) भ्वादि ગણનો ગ્રહણ નહીં થાય.

## चि-स्फुरोर्नवा । ४-२-१२

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં चि અને स्फुर् ધાતુનાં સ્વરનો आ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) चापयति, चाययति = તે સંગ્રહ કરાવે છે. चिंगट्-चयने (૧૨૯૦) સાધનિકા ૪-૨-૧૦ માં જણાવેલ क्रापयति પ્રમાણે થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી इ નો आ ન થાય ત્યારે नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ થવાથી चाययति પ્રયોગ થશે.

(૨) स्फारयति, स्फोरयति = તે સ્ફૂરાવે છે.

स्फुर्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

स्फारि - આ સૂત્રથી उ નો आ. વિકલ્પપક્ષે उ નો आ ન થાય ત્યારે नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ થવાથી स्फोरि થશે. પછી तिव् વિગેરે કાર્ય થવાથી स्फारयति અને स्फोरयति થશે.

## वियः प्रजने । ४-२-१३

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં ગર્ભાધાન અર્થમાં વર્તતાં वी ધાતુનાં (અન્ત્ય) સ્વરનો आ વિકલ્પે થાય છે.

**વિવેચન** - प्रवापयति, प्रवाययति पुरो वातो गाः = પૂર્વ દિશાનો વાયુ ગાયોને ગર્ભ ધારણ કરાવે છે. સાધનિકા ૪-૨-૧૦ માં જણાવેલ क्रापयति પ્રમાણે થશે. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી અન્ત્ય ई નો आ ન થાય ત્યારે नामिनो... ૪-૩-૫૧ થી वी નાં ई ની વૃદ્ધિ ऐ થશે. પછી आय् થવાથી वायि ધાતુ બન્યા પછી तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रवाययति પ્રયોગ થશે.

✿ वींक् - प्रजनकान्त्यसनखादनेच (૧૦૭૬) प्रजन = ગર્ભગ્રહણ, કાન્તિ, અસન, ખાદન એમ ચાર અર્થમાં પ્રવર્તે છે તેમાંથી प्रजन અર્થ ગમ્યમાન હોય તો જ આ સૂત્ર લાગે છે.

## रुहः पः । ४-२-१४

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં रुह् ધાતુનાં ह् નો प् વિકલ્પે થાય છે.

**વિવેચન** - रोपयति, रोहयति वा तरुम् = વૃક્ષ રોપે છે. रुहं-जन्मनि (૯૮૮).

रुह्+इ - ૩-૪-૨૦ થી णिग्, આ સૂત્રથી ह् નો प् અને लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ થવાથી रोपि અને ह् નો प् ન થાય ત્યારે रोहि ધાતુ થશે. પછી तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી બે રૂપ બનશે.

## लियो नोऽन्तः स्नेहद्रवे । ४-२-१५

**અર્થ:-** ચીકણાં પદાર્થનું પીગળવું એવો અર્થ ગમ્યમાન હોય તો णि પ્રત્યય પર છતાં ली ધાતુનાં અન્તમાં न् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) घृतं विलीनयति, विलाययति = ઘીને પીગળાવે છે.

वि+ली+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

विलीनि - આ સૂત્રથી न् નો આગમ. न् નો આગમ ન થાય ત્યારે.

(૨) विली+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

विलै+इ - नामिनो... ૪-૩-૫૧ થી ई ની વૃદ્ધિ ऐ.

विलायि - एदै... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

विलीनि અને विलायि ધાતુ બન્યા પછી तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી विलीनयति, विलाययति' રૂપ થશે.

**स्नेहद्रव इति किम् ?** अयो विलाययति = લોખંડને પીગળાવે છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં ચીકણાં દ્રવ્યનું પીગળવું અર્થ નથી. તેથી આ સૂત્રથી ली ધાતુને न् નો આગમ થયો નથી.

✿ સૂત્રમાં સામાન્યથી ली ધાતુનું ગ્રહણ કરેલું હોવાથી लीङ्च्-श्लेषणे (૧૨૪૮), लींश्-श्लेषणे (૧૫૨૬) અને लीण्-द्रवीकरणे (૧૯૪૨) ત્રણે ધાતુનું ગ્રહણ થશે.

## लोलः । ४-२-१६

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં ચીકણાં પદાર્થનું પીગળવું અર્થ ગમ્યમાન હોય તો ला સ્વરૂપવાળાં (ली) ધાતુનાં અન્તે ल् નો આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) घृतं विलालयति, विलापयति = ઘીને પીગળાવે છે.

वि+ली+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

विला+इ - लीङ्... ૪-૨-૯ થી ई નો आ.

विलालि - આ સૂત્રથી ल् નો આગમ. વિકલ્પપક્ષે ल् નો આગમ ન થાય ત્યારે विला બન્યા પછી अर्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ થવાથી विलापि બનશે. પછી तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી विलालयति અને विलापयति પ્રયોગ થશે.

**स्नेहद्रव इत्येव** - जटाभिरालापयते = જટાઓથી પૂજાય છે. સાધનિકા ૩-૩-૯૦ માં કરેલી છે. અહીં ચીકણાં પદાર્થનું પીગળવું અર્થ ગમ્યમાન નથી. પૂજા અર્થ છે તેથી આ સૂત્રથી ल् નો આગમ થયો નથી.

## पातेः । ४-२-१७

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં पा ધાતુને અન્તે ल् નો આગમ થાય છે.

**વિવેચન** - पालयति = તે રક્ષણ કરાવે છે. पांक्-रक्षणे (૧૦૬૭)

पा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पालि - આ સૂત્રથી ल् નો આગમ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી पालयति પ્રયોગ થશે.

- ✡ पातेः એ પ્રમાણે तिव् નું ગ્રહણ હોવાથી બીજા पां-पाने, पैं-शोषणे... ધાતુઓની નિવૃત્તિ થશે. જેમ કે - पाययति.
- ✡ तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં પણ આ સૂત્ર નહીં લાગે. જેમ કે - पापाययति. આ यङ्लुबन्त-णिगन्त પ્રયોગ છે.
- ✡ चुरादि ગણનાં पलण्-रक्षणे (૧૬૯૮) ધાતુનો णि પર છતાં पालयति પ્રયોગ સિદ્ધ હોતે છતે पा ધાતુ આકારાન્ત હોવાથી પર સૂત્ર पा-शा... ૪-૨-૨૦ થી य् આગમ થતો હોવાથી पालयति પ્રયોગ ન થાત તેથી पातेः એ પ્રમાણે સૂત્ર બનાવ્યું. તેથી હવે पा ધાતુનો पालयति પ્રયોગ થશે. ૪-૨-૧૬ થી ૪-૨-૧૭ સૂત્ર જુદું બનાવ્યું તેથી वा ની નિવૃત્તિ થઈ.

## धूग्-प्रीगोर्नः । ४-२-१८

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં धू અને प्री ધાતુને અન્તે न् નો આગમ થાય છે.

**વિવેચન** - (૧) धूनयति = તે કંપાવે છે. धूगट् (૧૨૯૧), धूगश् (૧૫૨૦), धूगण् (૧૯૪૫) कम्पने. આ ત્રણે ધાતુનું ગ્રહણ થશે.

धू+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

धूनि - આ સૂત્રથી न् નો આગમ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી धूनयति પ્રયોગ થશે.

(૨) प्रीणयति = તે તૃપ્ત કરે છે, ખૂશ કરે છે. प्रींगश्-तृप्तिकान्त्योः (૧૫૧૦), प्रीगण्-तर्पणे (૧૯૪૪) આ બે ધાતુનું ગ્રહણ થશે. સાધનિકા धूनयति પ્રમાણે થશે. પણ र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થશે.

✡ धूग् અને प्रीग् એ પ્રમાણે અનુબંધ સહિત નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી न् નો આગમ નહીં થાય. જેમ કે - दोधावयति, प्रेपाययति. આ यङ्लुबन्त-णिगन्त પ્રયોગ છે.

✡ કેટલાક युजादि ગણનાં धू અને प्री ધાતુને न् નો આગમ ઈચ્છતાં નથી. ૧૯૪૫ અને ૧૯૪૪ નંબરના धू અને प्री ધાતુ युजादि છે. તેથી તેનાં રૂપો धावयति અને प्राययति થશે.

## वो विधूनने जः । ४-२-१९

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં કમ્પન અર્થમાં વર્તતાં वा ધાતુનાં અન્તે ज् નો આગમ થાય છે.

**વિવેચન** - पक्षेण उपवाजयति = પંખાવડે વીંઝે છે. वांक्-गतिगन्धनयोः (૧૦૬૩)

उप+वा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

उपवाजि - આ સૂત્રથી ज् ન. આગમ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી उपवाजयति પ્રયોગ થશે.

**विधूनन इति किम् ?** उच्चैः केशान् आवापयति = વાળને ઊંચા કરીને સૂકવે છે. ओवैं-शोषणे (૪૮)

आ+वै+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

आवा+इ - आत्... ૪-૨-૧ થી ऐ નો आ.

आवापि - अर्त्ति... ૪-૨-૨૧ થી प् નો આગમ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી आवापयति પ્રયોગ થશે.

## पा-शा-छा-सा-वे-व्या-ह्वो-यः । ४-२-२०

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં पा, शो, छो, सो वे, व्ये અને ह्वे ધાતુનાં અન્તે

य् નો આગમ થાય છે.

**વિવેચન** - (૧) पाययति = પીવડાવે છે, સૂકવે છે. पां-पाने (૨) पैं-शोषणे (૪૭)

पा, पै+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

पा, पा+इ - आत्... ૪-૨-૧ થી ऐ નો आ.

पायि - આ સૂત્રથી य् નો આગમ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી पाययति પ્રયોગ થશે.

(૨) शाययति = તે છોલાવે છે. शोंच्-तक्षणे (૧૧૪૭) સાધનિકા पाययति પ્રમાણે થશે. અહીં शो ધાતુનાં ओ નો आ થશે.

(૩) अवच्छाययति = તે છેદાવે છે. छोंच्-छेदने (૧૧૪૮) સાધનિકા पाययति પ્રમાણે થશે. અહીં छो ધાતુનાં ओ નો आ થશે. અને स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ द्वित्व, अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च् થશે.

(૪) अवसाययति = તે ક્ષય પમાડે છે. અથવા વિનાશ કરાવે છે. सैं-क्षये (૪૪), षोंच्-अन्तकर्मणि (૧૧૫૦). सै ધાતુનાં ऐ નો અને सो ધાતુનાં ओ નો आ થાય છે. સાધનિકા पाययति પ્રમાણે થશે.

(૫) वाययति = તે વણાવે છે. સાધનિકા पाययति પ્રમાણે થશે. वे નાં ए નો आ થયો છે.

(૬) व्याययति = તે ઢંકાવે છે. સાધનિકા पाययति પ્રમાણે થશે. व्ये ધાતુનાં ए નો आ થયો છે.

(૭) ह्वाययति = તે સ્પર્ધા કરાવે છે. સાધનિકા पाययति પ્રમાણે થશે. ह्वे ધાતુનાં ए નો आ થયો છે.

✡ સૂત્રમાં पा, शा વિગેરે કરાએલાં આકારવાળા ગ્રહણ કરાએલાં હોવાથી આ પ્રકરણમાં સર્વત્ર લાક્ષણિક ધાતુઓનું પણ ગ્રહણ થાય છે તેથી क्षापयति, जापयति, अध्यापयति માં अर्त्ति... ૪-૨-૨૧ થી पु આગમ થઈ શક્યો.

## अर्त्ति-री-व्ली-ह्री-क्नूयि-क्ष्माय्यातां पुः । ૪-૨-૨૧

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં ऋ, री, व्ली, ह्री, क्नूय् અને क्ष्माय् ધાતુનાં તેમજ આકારાન્ત ધાતુઓનાં અન્તે पु નો આગમ થાય છે.

**વિવેચન** - (૧) अर्पयति = તે પ્રાપ્ત કરાવે છે. અથવા તે મોકલે છે. ऋं-प्रापणे गतौ च (૨૬), ऋंक्-गतौ (૧૧૩૫) સામાન્યથી ऋ ધાતુનો નિર્દેશ હોવાથી બન્ને ધાતુનું ગ્રહણ થશે.

ऋ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, ऋपि - આ સૂત્રથી प् નો આગમ, अर्पि - पुस्पौ ૪-૩-૩ થી ऋ નો ગુણ अर्, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી अर्पयति પ્રયોગ થશે.

(૨) रेपयति = તે ટપકાવે છે અથવા મોકલે છે. रींङ्च्-स्रवणे (૧૨૪૭), रींश्-गतिरेषणयोः (૧૫૨૫). આ બન્ને ધાતુનું ગ્રહણ થશે.

री+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, रीपि - આ સૂત્રથી प् નો આગમ, रेपि - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી रेपयति પ્રયોગ થશે.

(૩) व्लेपयति = તે પસંદ કરાવે છે. व्लींश्-वरणे (૧૫૨૭) સાધનિકા रेपयति પ્રમાણે થશે.

(૪) ह्रेपयति = તે શરમાવે છે.ह्रींक्-लज्जायाम् (૧૧૩૩) સાધનિકા रेपयति પ્રમાણે થશે.

(૫) क्नोपयति = તે શબ્દ કરાવે છે અથવા ભીનું કરાવે છે. क्नूयैङ्-शब्दोन्दनयोः (૮૦૨) સાધનિકા रेपयति પ્રમાણે થશે. પણ અહીં ऊ નો ગુણ ओ અને य्वोः... ૪-૪-૧૨૧ થી य् નો લોપ થશે.

(૬) क्ष्मापयति = તે કંપાવે છે. क्ष्मायैङ्-विधूनने (૮૦૩) સાધનિકા रेपयति પ્રમાણે થશે. પણ અહીં य्वोः... ૪-૪-૧૨૧ થી य् નો લોપ થશે.

(૭) दापयति = તે અપાવે છે. दां-दाने (૭) સાધનિકા रेपयति પ્રમાણે થશે. दा અને क्ष्माय् માં ગુણની પ્રાપ્તિ નથી તેથી ગુણ નહીં થાય.

(૮) सत्यापयति = તે સત્ય કરે છે. સાધનિકા ૩-૪-૪૪ માં કરેલી છે.

✿ पु માં ઉકાર ઉચ્ચારણ માટે છે.

## स्फाय्-स्फाव् । ४-२-२२

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં स्फाय् નો स्फाव् થાય છે.

**વિવેચન** - स्फावयति = તે વૃદ્ધિ કરાવે છે. स्फायैङ्-वृद्धौ (૮૦૪)

स्फाय्-इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, स्फावि - આ સૂત્રથી स्फाय् નો स्फाव् આદેશ, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી स्फावयति પ્રયોગ થશે.

✡ ધાતુને અન્તે જે આગમ થતો હતો તે અભેદ નિર્દેશનો અધિકાર સમાપ્ત થયો.

## शदिरगतौ शात् । ४-२-२३

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં ગતિ સિવાયનાં અર્થમાં વર્તતાં शद् ધાતુનો शात् આદેશ થાય છે.

**વિવેચન** - पुष्पाणि शातयति = ફૂલોને ખંખરે છે. शद्लृं-शातने (૯૬૭)

शद्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, शाति - આ સૂત્રથી शद् નો शात् આદેશ, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી शातयति પ્રયોગ થશે.

**अगताविति किम् ?** गाः शादयति = ગાયોને લઈ જાય છે.

शद्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, शादि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી शादयति પ્રયોગ થશે. અહીં ગત્યર્થક शद् ધાતુ હોવાથી આ સૂત્રથી शात् આદેશ થયો નથી.

## घटादेर्ह्रस्वो दीर्घस्तु वा ञि-णम्परे । ४-२-२४

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં घटादि ધાતુઓનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી જ વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) घटयति = તે ચેષ્ટા કરાવે છે. घटिष्-चेष्टायाम् (૧૦૦૦)

घट्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, घाटि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, घटि - આ સૂત્રથી आ નો હ્રસ્વ अ, तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી घटयति પ્રયોગ થશે.

(૨) अघाटि, अघटि = (તેના વડે) ચેષ્ટા કરાવાઈ.

घटि - णिगन्त ધાતુ ઉપર પ્રમાણે થશે.

घटि+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अघटि+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अघटि+इ - भाव... ૩-૪-૬૮ થી जिच् પ્રત્યય અને त નો લોપ.

अघटि - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

अघाटि - આ સૂત્રથી ञि પ્રત્યય પર છતાં સ્વર દીર્ઘ. વિકલ્પપક્ષે દીર્ઘ ન થાય ત્યારે अघटि થશે.

(૩) घाटंघाटम्, घटंघटम् = વારંવાર ચેષ્ટા કરાવીને.

घटि - णिगन्त ધાતુ ઉપર પ્રમાણે થશે.

घटि+अम् - ख्णम्... ૫-૪-૪૮ થી ख्णम् પ્રત્યય.

घाटि+अम् - આ સૂત્રથી ધાતુનો સ્વર દીર્ઘ.

घाटम् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

घाटम्घाटम् - भृशा... ૭-૪-૭૩ થી દ્વિત્વ.

घाटंघाटम् - तौ मुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

વિકલ્પપક્ષે આ સૂત્રથી દીર્ઘ ન થાય ત્યારે घटंघटम् પ્રયોગ થશે.

(૨) (૧) व्यथयति = તે પીડા કરાવે છે. व्यथिष्-भय-चलनयोः (૧૦૦૨) સાધનિકા घटयति પ્રમાણે થશે.

(૨) अव्याथि, अव्यथि = (તેના વડે) દુઃખી કરાવાયા, પીડા કરાવાઈ. સાધનિકા अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) व्याथंव्याथम्, व्यथंव्यथम् = વારંવાર પીડા કરાવીને. સાધનિકા घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

## कगे-वनू-जनै-जृष्-क्नस्-रञ्जः । ૪-૨-૨૫

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં कग्, वन्, जन्, जृ, क्नस् અને रञ्ज् ધાતુઓનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી જ વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) कगयति = તે ક્રિયા કરાવે છે. कगे-क्रियासामान्यार्थोऽयमित्येके, अनेकार्थोऽयमित्येके (सौत्र ધાતુ) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) अकागि, अकगि = (તેના વડે) ક્રિયા કરાવાઈ. સાધનિકા ૪-૨-૨૪

માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) कागंकागम्, कगंकगम् = વારંવાર ક્રિયા કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

(૨) (૧) उपवनयति = તે મંગાવે છે. वनूयि-याचने (૧૫૦૬) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) उपावानि, उपावनि = (તેના વડે) મંગાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) उपवानमुपवानम्, उपवनमुपवनम् = વારંવાર મંગાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

(૩) (૧) जनयति = તે ઉત્પન્ન કરાવે છે. जनैचि-प्रादुर्भावे (૧૨૬૫) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) अजानि, अजनि = (તેના વડે) ઉત્પન્ન કરાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) जानंजानम्, जनंजनम् = વારંવાર ઉત્પન્ન કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

(૪) (૧) जरयति = તે જીર્ણ બનાવે છે. जृष्-जरसि (૧૧૪૫) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે. પરન્તુ नामिनो... ૪-૩-૫૧ થી जृ ધાતુનાં ऋ ની વૃદ્ધિ आर् થશે. પછી આ સૂત્રથી હ્રસ્વ થશે.

(૨) अजारि, अजरि = (તેના વડે) જીર્ણ બનાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) जारंजारम्, जरंजरम् = વારંવાર જીર્ણ બનાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

(૫) (૧) क्नसयति = તે કુટિલ કરાવે છે. क्नसूच्-ह्वृतिदीप्त्योः (૧૧૭૦) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) अक्नासि, अक्नसि = તેના વડે કુટિલ કરાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) क्नासंक्नासम्, क्नसंक्नसम् = વારંવાર કુટીલ કરાવીને. સાધનિકા ૪-

૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

(૬) (૧) रजयति = તે (મૃગને) રમાડે છે. रञ्जीं-रागे (૮૯૬), रञ्जींच्-रागे (૧૨૮૨) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે. પરન્તુ णौ... ૪-૨-૫૧ થી रञ्ज् ધાતુનાં न् (ञ्) નો લોપ થશે પછી આ સૂત્રથી હ્રસ્વ થશે.

(૨) अराजि, अरजि = તેના વડે (મૃગને) રમાડાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) राजंराजम्, रजंरजम् = વારંવાર (મૃગને) રમાડાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

✿ સૂત્રમાં वनू એ પ્રમાણે ऊકાર સહિત નિર્દેશ કરેલ હોવાથી આઠમાં ગણનો वन् ધાતુ ગ્રહણ થશે. પણ પહેલાં ગણનો वन-भक्तौ (૩૨૯) ગ્રહણ નહીં થાય.

✿ मृगरमण અર્થનો જ્યાં અભાવ હોય ત્યાં ૪-૨-૫૧ થી न् નો લોપ થતો નથી. અને જ્યાં न् નો લોપ ન થાય ત્યાં આ સૂત્રથી હ્રસ્વ-દીર્ઘ વિધિ પણ થતી નથી. જેમ કે - रञ्जयति, अरञ्जि, रञ्जंरञ्जम्.

## अमोऽकम्यमि-चमः । ४-२-२६

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં कम्, अम् અને चम् ધાતુ વર્જીને अम् અન્તવાળા ધાતુઓનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી જ વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) रमयति = તે રમાડે છે. रमिं-क्रीडायाम् (૯૮૯) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) अरामि, अरमि = (તેના વડે) રમાડાયું. સાધનિકા ૪-૨-૨૪ મા જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) रामंरामम्, रमंरमम् = વારંવાર રમાડાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે. એજ પ્રમાણે... दमयति,अदामि-अदमि, दामंदामम्-दमंदमम् થશે.

**अकम्यमिचम इति किम् ?** कामयते = તે ઈચ્છા કરાવે છે. સાધનિકા

घटयति પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૨) अकामि= તેણે ઈચ્છા કરાવી. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि પ્રમાણે થશે. અહીં હ્રસ્વ નહીં થાય.

(૩) कामंकामम् = વારંવાર ઈચ્છા કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम् પ્રમાણે થશે. અહીં હ્રસ્વ નહીં થાય.

(૨) (૧) आमयति = તે મોકલે છે. अम-गतौ (૩૯૨) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૨) आमि = તેના વડે મોકલાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૩) आममामम् = વારંવાર મોકલાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम् પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૩) (૧) आचामयति = તે ખવડાવે છે. चमू-अदने (૩૮૦) સાધનિકા घटयति પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૨) आचामि = તેના વડે ખવડાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય.

(૩) आचाममाचामम् = વારંવાર ખવડાવીને. સાધનિકા घाटंघाटम् પ્રમાણે થશે. પણ અહીં હ્રસ્વ નહીં થાય. અને ૧-૩-૧૪ સૂત્ર નહીં લાગે.

✿ संक्रामयति માં क्रम् ધાતુ अम् અન્તવાળો છે તો આ સૂત્રથી હ્રસ્વ કેમ ન થયું ? સાચી વાત છે. હ્રસ્વ થવું જોઈએ પણ क्रम् ધાતુને સીધો णि પ્રત્યય લાગ્યો નથી संक्रम् ધાતુને शतृ પ્રત્યય લાગીને संक्रमत् થયા પછી संक्रमत्+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् લાગ્યો. અને त्र्यन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય સ્વરાદિ अत् નો લોપ થવાથી संक्रमि થયું. ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થવાથી संक्रामि ધાતુ થયા પછી तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી संक्रामयति પ્રયોગ થયો. क्रम् ધાતુ शतृ પ્રત્યયાન્ત હોવાથી આ સૂત્રથી હ્રસ્વ થયું નથી.

## पर्यपात् स्खदः । ૪-૨-૨૭

અર્થ:- णि પ્રત્યય પર છતાં परि અને अप ઉપસર્ગથી પર રહેલાં स्खद् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પરમાં છે જેને એવો

णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી જ વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) परिस्खदयति = તે નરમ કરાવે છે. स्खदिष्-खदने (૧૦૦૫) સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) पर्यस्खादि, पर्यस्खदि = નરમ કરાવાયું. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે. इवर्णादि... ૧-૨-૨૧ લાગશે.

(૩) परिस्खादंपरिस्खादम्, परिस्खदंपरिस्खदम् = વારંવાર નરમ કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

✡ એજ પ્રમાણે... अपस्खदयति, अपास्खादि-अपास्खदि, अपस्खादमपस्खादम् - अपस्खदमपस्खदम् પ્રયોગ થશે.

**पर्यपादिति किम्** ? प्रस्खादयति = નરમ કરાવે છે. સાધનિકા ૪-૨-૨૬ માં જણાવેલ कामयते પ્રમાણે થશે. અહીં परि કે अप ઉપસર્ગથી પરમાં स्खद् ધાતુ નથી પણ प्र ઉપસર્ગથી પરમાં છે તેથી આ સૂત્રથી स्खद् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

✡ જો કે स्खद् ધાતુ ઘટાદિ ગણનો હોવાથી घटादे... ૪-૨-૨૪ થી प्रस्खादयति માં સ્વર હ્રસ્વ થઈ શકે પણ આ સૂત્ર બનાવ્યું તેથી હવે परि અને अप ઉપસર્ગ પૂર્વક स्खद् ધાતુ હોય તો જ સ્વર હ્રસ્વ થશે. તે સિવાયનાં કોઈપણ ઉપસર્ગથી પર રહેલાં स्खद् ધાતુનો સ્વર હવે घटादे... ૪-૨-૨૪ થી પણ હ્રસ્વ નહીં થાય.

## शमोऽदर्शने । ४-२-२८

**અર્થ:**- णि પ્રત્યય પર છતાં દર્શન (જોવું) સિવાયનાં અર્થમાં વર્તતાં शम् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી જ વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) शमयति रोगम् = રોગને શાંત કરાવે છે. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

(૨) अशामि, अशमि = શાંત કરાયો. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) शामंशामम्, शमंशमम् = વારંવાર શાંત કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

**अदर्शन इति किम् ?** निशामयति रुपम् = રૂપ દેખાડે છે. સાધનિકા ૪-૨-૨૬ માં જણાવેલ कामयते પ્રમાણે થશે. અહીં દર્શન અર્થ હોવાથી આ સૂત્રથી शम् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી. ૪-૨-૨૬ થી अम् અન્તવાળા ધાતુને હ્રસ્વ સ્વરની પ્રાપ્તિ હતી પણ આ સૂત્ર જુદું બનાવ્યું તેથી હવે ૪-૨-૨૬ થી દર્શન અર્થમાં પણ હ્રસ્વ નહીં થાય.

## यमोऽपरिवेषणे णिचि च । ४-२-२९

**અર્થ:-** णिच् રૂપ णि કે अणिच् રૂપ णि પ્રત્યય પર છતાં પરિવેષણ (આજુબાજુ રહેવું અથવા પીરસવું) સિવાયનાં અર્થમાં વર્તતાં यम् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) यमयति = નિગ્રહ કરે છે. અથવા નિગ્રહ કરાવે છે. સાધનિકા घटयति પ્રમાણે થશે. અહીં चुरादि... ૩-૪-૧૭ થી णिच् લાગેલાં यमि ધાતુનું પણ ગ્રહણ થશે. એટલે यम् ધાતુનો સ્વર णिच् લાગ્યો હોય તો પણ હ્રસ્વ થશે અને णिग् લાગ્યો હોય તો પણ હ્રસ્વ થશે.

(૨) अयामि, अयमि = નિગ્રહ કર્યો અથવા નિગ્રહ કરાવાયો. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) यामंयामम्, यमंयमम् = વારંવાર નિગ્રહ કરીને અથવા નિગ્રહ કરાવીને. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

**अपरिवेषण इति किम् ?** अतिथीन् यामयति = અતિથિઓને પીરસે છે. चन्द्रम् यामयति = ચન્દ્રની આજુબાજુ (આભા) રહે છે. અહીં પરિવેષણ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી यम् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી સાધનિકા ૪-૨-૨૬ માં જણાવેલ कामयति પ્રમાણે થશે.

૪-૨-૨૬ થી अम् અન્તવાળાને હ્રસ્વ સ્વરની પ્રાપ્તિ હતી પણ સૂત્ર જુદું બનાવ્યું તેથી હવે ૪-૨-૨૬ થી પરિવેષણ અર્થમાં પણ હ્રસ્વ નહીં થાય.

✿ ૪-૨-૧૦ માં જણાવેલ णौ થી णिच् અને णिग् બન્નેનું ગ્રહણ થાય પણ આ સૂત્રમાં "णिचि च" નાં ગ્રહણથી એમ જણાવાયું કે यम् ધાતુથી જ णिच् કે णिग् પ્રત્યય હોય તો હ્રસ્વ થાય પણ ૪-૨-૧૦ થી માંડીને ૪-૨-૨૮ સૂત્ર સુધીમાં જે णि નું ગ્રહણ છે તેનાથી માત્ર णिग् નું જ ગ્રહણ થશે પણ णिच् નું નહીં જેમ કે - स्यमिण्-वितर्के (૧૮૩૫) स्यामयते, अस्यामि, स्यामंस्यामम् અહીં णिच् પ્રત્યય લાગેલો છે તેથી ૪-૨-૨૯ થી स्यम् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

## मारण-तोषण-निशाने ज्ञश्च । ४-२-३०

**અર્થઃ-** णिच् રૂપ णि કે अणिच् રૂપ णि પ્રત્યય પર છતાં मारण (મારવું) तोषण (સંતોષ આપવો) અને निशान (શસ્ત્રને તીક્ષ્ણ કરવું) અર્થમાં વર્તતાં ज्ञा ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) संज्ञपयति पशुम् = પશુને મારે છે અથવા મરાવે છે. ज्ञाण्-मारणादिनियोजनेषु (૧૭૨૦) ज्ञांश्-अवबोधने (૧૫૪૦)

सम्+ज्ञा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् અથવા चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

सम्+ज्ञापि - अर्ति... ૪-૨-૨૧ થી प् આગમ.

संज्ञापि - तौ-मु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संज्ञपि - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી संज्ञपयति પ્રયોગ થશે.

✿ विज्ञपयति राजानम् = રાજાને ખુશ કરે છે અથવા ખુશ કરાવે છે. સાધનિકા ઉપર જણાવેલ संज्ञपयति પ્રમાણે થશે.

✿ प्रज्ञपयति शस्त्रम् = શસ્ત્રને તીક્ષ્ણ કરે છે અથવા કરાવે છે. સાધનિકા ઉપર જણાવેલ संज्ञपयति પ્રમાણે થશે.

(૨) अज्ञापि, अज्ञपि = માર્યું - મરાવ્યું, વિનંતિ કરી - વિનંતિ કરાવી, શસ્ત્ર તીક્ષ્ણ કર્યું - તીક્ષ્ણ કરાવ્યું. ज्ञपि સુધી ઉપર પ્રમાણે થશે પછીની સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) ज्ञापंज्ञापम्, ज्ञपंज्ञपम् = વારંવાર મારીને-મરાવીને, વારંવાર ખુશ કરીને-કરાવીને, વારંવાર તીક્ષ્ણ કરીને - કરાવીને. ज्ञपि સુધી ઉપર પ્રમાણે થશે. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

✡ અહીં પણ પૂર્વસૂત્રની જેમ णिच् રૂપ णि કે अणिच् રૂપ णि નાં પ્રયોગમાં અર્થભેદ જાણવો. णिच् સ્વાર્થનો અને णिग् પ્રેરકનો લેવો.

## चहणः शाठ्ये । ४-२-३१

**અર્થઃ-** णिच् રૂપ णि પ્રત્યય પર છતાં શાઠ્ય (છેતરવું) અર્થમાં વર્તતાં चह ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે. પરન્તુ ञि અને णम् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં આ સૂત્રથી વિહિત હ્રસ્વ સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) चहयति = તે છેતરે છે. चहण्-कल्कने (૧૯૨૪).

चह+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

चहि - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

चहि - આ સૂત્રથી अ નો હ્રસ્વ अ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી चहयति પ્રયોગ થશે.

(૨) अचाहि, अचहि = છેતર્યો. चहि સુધી ઉપર પ્રમાણે થશે પછીની સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ अघाटि, अघटि પ્રમાણે થશે.

(૩) चाहंचाहम्, चहंचहम् = છેતરીને. चहि સુધી ઉપર પ્રમાણે થશે પછીની સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घाटंघाटम्, घटंघटम् પ્રમાણે થશે.

**शाठ्य इति किम् ?** अचहि = ઈચ્છા કરી, चहंचहम् = વારંવાર ઈચ્છા કરીને. અહીં શાઠ્ય અર્થ નથી તેથી આ સૂત્રથી ञि-णम् પર છે જેને એવો णि પર છતાં દીર્ઘ થયું નથી.

✡ चहण् ધાતુ અકારાન્ત છે તેથી ञ्णिति થી વૃદ્ધિ થવાની ન હતી चह ધાતુ હ્રસ્વ જ રહેવાનો હતો તો પછી આ સૂત્રથી અકારનો જ હ્રસ્વ અકાર શા માટે કર્યો ? વાત સાચી છે. હ્રસ્વ જ હોવા છતાં પણ આ સૂત્રથી હ્રસ્વ કરવાથી ञि અને णम् પ્રત્યય પર છતાં આ સૂત્રથી વિહિત હ્રસ્વ સ્વરનું જ દીર્ઘ કરે છે. દીર્ઘ કરવાનાં હેતુથી હ્રસ્વનું હ્રસ્વ કર્યું છે તે બરાબર જ છે.

## ज्वल-ह्वल-ह्मल-ग्ला-स्ना-वनू-वम-नमोऽनुप-सर्गस्य वा । ४-२-३२

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં ઉપસર્ગ રહિત ज्वल्, ह्वल्, ह्मल्, ग्लै, स्ना, वन्, वम् અને नम् ધાતુઓનો સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

**વિવેચન** - (૧) ज्वलयति, ज्वालयति = તે બાળે છે. ज्वल-दीप्तौ (૧૦૫૮). સાધનિકા घटयति પ્રમાણે થશે. પણ આ સૂત્રથી હ્રસ્વ વિકલ્પે થશે. એજ પ્રમાણે.

(૨) ह्वलयति, ह्वालयति = તે ચલાવે છે. ह्वल-चलने (૧૦૫૬)

(૩) ह्मलयति, ह्मालयति = તે ચલાવે છે. ह्मल-चलने (૧૦૫૭)

(૪) ग्लपयति, ग्लापयति = તે ગ્લાનિ પમાડે છે. ग्लै-हर्षक्षये (૩૧) आत्... ૪-૨-૧ થી ग्लै ધાતુનાં અન્ત્ય ऐ નો आ થવાથી ग्ला. અને अर्त्ति... ૪-૨-૨૧ થી पु આગમ થવાથી ग्लापि. આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વ થવાથી - ग्लपि, ग्लापि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી બે રૂપ બનશે.

(૫) स्नपयति, स्नापयति = તે સ્નાન કરાવે છે. ष्णांक्-शौचे (૧૦૬૪) स्ना+इ, स्नापि આ સૂત્રથી હ્રસ્વ વિકલ્પે થવાથી स्नपि, स्नापि ધાતુને तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી બે રૂપ થશે.

(૬) वनयति, वानयति = યાચના કરાવે છે. वनूयि-याचने (૧૫૦૬)

(૭) वमयति, वामयति = વમન કરાવે છે. टुवमू-उद्गिरणे (૯૬૯)

(૮) नमयति, नामयति = નમન કરાવે છે. णमं-प्रह्वत्वे (૩૮૮)

**अनुपसर्गस्येति किम् ?** प्रज्वलयति, प्रह्वलयति, प्रह्मलयति, प्रग्लापयति, प्रस्नापयति, प्रवनयति, प्रवमयति અને प्रणमयति અહીં प्र+ज्वल्, प्र+ह्वल्, प्र+ह्मल् ધાતુનો સ્વર घटादे... ૪-૨-૨૪ થી, प्र+वन् ધાતુનો સ્વર कगे... ૪-૨-૨૫ થી અને प्र+वम्, प्र+नम् ધાતુનો સ્વર अमो... ૪-૨-૨૬ થી નિત્ય હ્રસ્વ થાય છે. प्र+ग्ला અને प्र+स्ना ધાતુનો સ્વર હ્રસ્વ થતો નથી. આ બધા ધાતુઓ ઉપસર્ગ સહિત હોવાથી આ સૂત્ર નહીં લાગે. અર્થ ઉપર પ્રમાણે થશે.

## छदेरिस्-मन्-त्रट्-क्वौ । ४-२-३३

**અર્થઃ**- इस्, मन्, त्रट् અને क्विप् પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં छद् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન** - (૧) छदिः = હોઠ. छदण्-संवरणे (૧૯૫૫)

छद्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

छदि+इस् - रुच्यर्चि... ૯૮૯ ઉણાદિથી इस्.

छादि+इस् - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

छादिस् - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

छदिस् - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

सोरुः, रःपदान्ते... થી छदिः રૂપ સિદ્ધ થશે.

(૨) छद्म = કપટ.

छद्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

छदि+मन् - मन्वन्... ૫-૧-૧૪૭ થી मन् પ્રત્યય.

छादि+मन् - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

छाद्+मन् - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

छद्मन् - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

छद्मन्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

छद्मन् - अनतो... ૧-૪-૫૯ થી सि નો લોપ.

छद्म - नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ.

(૩) छत्री = છત્રી.

छद्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

छदि+त्र - त्रट् — (૪૪૬) ઉણાદિથી त्रट् પ્રત્યય.

छादि+त्र - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

छाद्+त्र - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

छद्त्र - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

छद्त्र+ई - अणञे... ૨-૪-૨૦ થી ङी પ્રત્યય.

छद्त्री - अस्य... ૨-૪-૮૬ થી પૂર્વનાં अ નો લોપ.

छत्री - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

(૪) उपच्छत् = ઢાંકણું. छादयति इति અર્થમાં क्विप् પ્રત્યય.

उपछद्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

उपछद्+इ+० - क्विप् ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય.

उपछादि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

उपछाद् - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

उपछद् - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

उपछद्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

उपछद् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

उपछ्छद् - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

उपच्छद् - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्.

उपच्छत् - विरामेवा ૧-૩-૫૧ થી द् નો त्.

**त्रडिति किम्?** छात्रः = વિદ્યાર્થી. અહીં हुया... ૪ ૫ ૧ થી ઉણાદિનો त्र પ્રત્યય લાગ્યો છે. સૂત્રમાં त्रट् ગ્રહણ કર્યો છે તેથી આ સૂત્રથી त्र પ્રત્યય પર છતાં छद् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

## एकोपसर्गस्य च घे । ४-२-३४

**અર્થઃ**- घ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં એક ઉપસર્ગથી પર કે ઉપસર્ગ સિવાયનાં (અનુપસર્ગક) छद् ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન** - (૧) प्रच्छदः = છજું, હોઠ.

प्रछद्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्रछादि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

प्रछ्छादि - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ.

प्रच्छादि - अघोषे... ૧-૩-૫૦ થી छ् નો च्.

प्रच्छादि+अ - पुन्नाम्नि घः ૫-૩-૧૩૦ થી घ પ્રત્યય.

प्रच्छदि+अ - આ સૂત્રથી સ્વર હ્રસ્વ.

प्रच्छद - णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ.

सि, सोरुः, रःपदान्ते... થી प्रच्छदः પ્રયોગ થશે. એજ પ્રમાણે.

(૨) छदः = છજું, હોઠ. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**एकोपसर्गस्य चेति किम् ?** समुपच्छादः = ઢાંકવું, પલંગાદિનું આવરણ. અહીં બે ઉપસર્ગથી પર छद् ધાતુ હોવાથી આ સૂત્રથી સ્વર હ્રસ્વ થયો નથી. સાધનિકા प्रच्छदः પ્રમાણે થશે. માત્ર આ સૂત્ર નહીં લાગે.

**घ इति किम् ?** प्रच्छादनम् = ઢાંકવું. અહીં એક જ ઉપસર્ગ છે. णि પ્રત્યય પરમાં છે. પણ णि પ્રત્યયથી પરમાં घ પ્રત્યય નથી अनट् પ્રત્યય છે. તેથી આ સૂત્રથી छद् ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

## उपान्त्यस्याऽसमानलोपि-शास्वृदितो ङे । ४-२-३५

**અર્થઃ-** ङ પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં જે ધાતુનાં સમાનનો લોપ થવાનો હોય તેવા સમાનલોપી, शास् અને ऋ ઈત્‌વાળા ધાતુને વર્જીને અન્ય ધાતુઓનો ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન** - (१) अपीपचत् = તેણે રંધાવ્યું. સાધનિકા ૩-૪-૫૮ માં કરેલ अचीकरत् પ્રમાણે થશે. પરન્તુ ञ्णिति થી अ ની વૃદ્ધિ આ થશે. અને ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે. એજ પ્રમાણે - अलीलवत्.

(૨) मा भवान् अटिटत् = આપ ભમાડો નહીં. સાધનિકા स्वरादेः... ૪-૧-૪ માં કરેલ છે. અહીં मा નો યોગ હોવાથી स्वरादेः... ૪-૪-૩૧ થી આદિ સ્વરની વૃદ્ધિ થઈ નથી.

**असमानलोपि-शास्वृदित इति किम् ?** अत्यरराजत् = રાજાને ઓળંગી ગયો, રાજા કરતાં ચડી ગયો. राजानं अतिक्रान्तः અર્થમાં.

अतिराजन्+अ - राजन्सखेः ७-३-१०६ થી अट् સમાસાન્ત.

अतिराज - नोपदस्य... ७-४-६१ થી अन् નો લોપ.

अतिराजम् आख्यत् અર્થમાં णिच् પ્રત્યય.

अतिराज+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

अतिराजि - त्रन्त्य... ७-४-४૩ થી અન્ત્યસ્વરાદિનો લોપ.

अतिराजि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

अतिराजि+ङ+द् - णिश्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

अतिरारा‌जि+अ+द् - अन्यस्य ४-१-८ थी रा द्वित्व.

अतिरराजि+अ+द् - ह्रस्वः ४-१-૩૯ थी पूर्वनां रा नो र. (ह्रस्व)

अतिअरराजि+अ+द् - अड्... ४-४-૨૯ थी अट् આગમ.

अत्यरराजि+अ+द् - इवर्णादि... १-२-२१ थी इ नो य्.

अत्यरराजद् - णेरनिटि ४-૩-८૩ थी णिच् नो લોપ.

अत्यरराजत् - विरामे वा १-૩-૫१ थी द् नो त्.

અહીં अतिराजि નામ ધાતુ બન્યો તેમાં णि પર આવતાં ૭-૪-૪૩ થી अ નો લોપ થવાથી સમાનલોપી ધાતુ બન્યો તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થયો નથી.

(૩) अशशासत् = શાસન કરાવ્યું. शासूक्-अनुशिष्टौ (૧૦૯૫)

शास्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

शासि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

शासि+अ+द् - णिश्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

शाशासि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शशासि+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

अशशासि+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अशशासद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

अशशासत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

शास् ધાતુનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્યસ્વર હ્રસ્વ થયો નથી.

(૪) मा भवान् ओणिणत् = આપે ચોરાવ્યું નહીં. ओणृ-अपनयने (૨૭૩) સાધનિકા मा भवान् अटिटत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૩-૫૦ અને આ સૂત્ર નહીં લાગે. ओणृ માં ऋकार ઈત્ હોવાથી આ સૂત્રથી ओणृ ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

✿ मा भवान् अटिटत् માં આ સૂત્રથી જે હ્રસ્વ કરવાનું વિધાન કર્યું તે દ્વિત્વ વિગેરે કાર્યની પહેલાં થાય છે.

## भ्राज-भास-भाष-दीप-पीड-जीव-मील-कण-रण-बण-भण-श्रण-ह्वे-हेठ-लुट-लुप-लपां नवा । ४-२-३६

અર્થઃ- ङ પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં भ्राज्, भास्, भाष्, दीप्, पीड्, जीव्, मील्, कण्, रण्, बण्, भण्, श्रण्, ह्वे, हेठ्, लुट्, लुप् અને लप् ધાતુઓનો ઉપાન્ત્ય સ્વર વિકલ્પે હ્રસ્વ થાય છે.

વિવેચન - (૧) अबिभ्रजत्, अबभ्राजत् = શોભાવ્યું. भ्राजि-दीप्तौ (૬૬૧), टुभ्राजि-दीप्तौ (૮૯૪).

भ्राज्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

भ्राजि+द्- दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

भ्राजि+अ+द् - णिश्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

भ्रजि+अ+द् - આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

भ्राभ्रजि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

भ्रभ्रजि+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

भभ्रजि+अ+द् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

बभ्रजि+अ+द् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

अबभ्रजि+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अबभ्रजद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

अबभ्रजद् - असमान... ૪-૧-૬૩ થી સન્વદ્ભાવ.

अबिभ्रजद् - सन्यस्य ૪-૧-૫૯ થી अ નો इ.

अबिभ्रजत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

વિકલ્પપક્ષે આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ ન થાય ત્યારે अबभ्राजत् થશે. તેમાં આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ ન થવાથી ૪-૧-૬૩ સૂત્રથી સન્વત્ કાર્ય નહીં થાય એટલે ૪-૧-૫૯ સૂત્રથી अ નો इ પણ નહીં થાય. બાકીની સાધનિકા अबिभ्राजत् પ્રમાણે થશે.

✡ अबिभ्रजत् માં भ्र લઘુ છે પણ भ्र ની પૂર્વનો बि એ સંયોગની પૂર્વે હોવાથી ગુરૂ અક્ષર છે તેથી लघो... ૪-૧-૬૪ સૂત્રથી इ દીર્ઘ થયો નથી.

(૨) अबीभसत्, अबभासत् = શોભાવ્યું. भासि-दीप्तौ (૮૪૬) સાધનિકા

ઉપર પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે અને लघो... ૪-૧-૬૪ સૂત્રથી દીર્ઘ થશે.

(૩) अबीभषत्, अबभाषत् = બોલાવ્યું. भाषि-वक्तायां वाचि (૮૩૨) સાધનિકા ઉપર પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે અને ૪-૧-૬૪ સૂત્રથી દીર્ઘ થશે.

(૪) अदीदिपत्, अदिदीपत् = દીપાવ્યું. दीपैचि-दीप्तौ (૧૨૬૬) સાધનિકા ઉપર પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨, ૪-૧-૫૯ સૂત્ર નહીં લાગે અને ૪-૧-૬૪ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થશે. અને अदिदीपत् માં પૂર્વનો સ્વર ह्रस्वः ૪-૧-૩૯ થી હ્રસ્વ થયો છે.

(૫) अपीपिडत्, अपिपीडत् = પીડા કરી. पीडण्-गहने (૧૬૨૫) સાધનિકા ઉપરે પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨, ૪-૧-૫૯ સૂત્ર નહીં લાગે અને ૪-૧-૬૪ સૂત્ર લાગશે. તથા अपिपीडत् માં ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે.

(૬) अजीजिवत्, अजिजीवत् = જીવાડ્યું. जीव-प्राणधारणे (૪૬૫) સાધનિકા ઉપર પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨, ૪-૧-૫૯ સૂત્ર નહીં લાગે અને ૪-૧-૬૪ સૂત્ર લાગશે. તથા अजिजीवत् માં ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે.

(૭) अमीमिलत्, अमिमीलत् = (આંખ) મીંચાવી. मील-निमेषणे (૪૧૫) સાધનિકા ઉપર પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨, ૪-૧-૫૯ સૂત્ર નહીં લાગે અને ૪-૧-૬૪ સૂત્ર લાગશે. તથા अमिमीलत् માં ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે.

(૮) अचीकणत्, अचकाणत् = અવાજ કરાવ્યો. कण-शब्दे (૨૭૦) સાધનિકા ૪-૧-૨ માં કરેલી છે તે પ્રમાણે થશે. પણ અહીં प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય થશે.

(૯) अरीरणत्, अरराणत् = અવાજ કરાવ્યો. रण-शब्दे (૨૯૦) સાધનિકા ૪-૧-૨ માં કરેલ अचीकणत्, अचकाणत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે.

(૧૦) अबीबणत्, अबबाणत् = અવાજ કરાવ્યો. बण-शब्दे (૨૬૩) સાધનિકા ૪-૧-૨ માં કરેલ अचीकणत्, अचकाणत् પ્રમાણે થશે.

પરન્તુ ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે.

(૧૧) अबीभणत्, अबभाणत् = અવાજ કરાવ્યો. भण-शब्दे (૨૬૪) સાધનિકા ૪-૧-૨ માં કરેલ अचीकणत्, अचकाणत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૬ સૂત્રને બદલે द्वतीय... ૪-૧-૪૨ સૂત્રથી પૂર્વનાં भ् નો ब् થશે.

(૧૨) अशिश्रणत्, अशश्राणत् = અપાવ્યું. श्रण-दाने (૧૦૪૨) સાધનિકા ઉપર જણાવેલ अबिभ्रजत्, अबभ्राजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૨ સૂત્ર નહીં લાગે.

(૧૩) अजूहवत्, अजुहावत् = બોલાવરાવ્યું. સાધનિકા ૪-૧-૮૮ સૂત્રમાં કરેલી છે.

(૧૪) अजीहिठत्, अजिहेठत् = સંઘર્ષ કરાવ્યો. हेठि-विबाधायाम् (૬૭૬) સાધનિકા अबिभ्रजत्, अबभ्राजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૨ સૂત્ર નહીં લાગે. પણ गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज् થશે. અને लघो... ૪-૧-૬૪ થી પૂર્વનો इ દીર્ઘ થશે. अजिहेठत् માં ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે.

(૧૫) अलूलुटत्, अलुलोटत् = આલોટન કરાવ્યું. लुटच्-विलोटने (૧૧૭૭) लुट-विलोटने (૧૯૦) સાધનિકા अबिभ्रजत्, अबभ्राजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૨, ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે. ૪-૧-૬૪ સૂત્ર લાગશે. અહીં णि પ્રત્યય પર છતાં लघो... ૪-૩-૪ થી लुट् ધાતુનાં उ નો ગુણ ओ થશે. અને ओ નું હ્રસ્વ उ આ સૂત્રથી થશે.

(૧૬) अलूलुपत्, अलुलोपत् = નાશ કરાવ્યો. लुप्लृंती-छेदने (૧૩૨૩) સાધનિકા अबिभ्रजत्, अबभ्राजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૨, ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે. ૪-૧-૬૪ સૂત્રથી દીર્ઘ થશે. અહીં लुप् નાં उ ગુણ ओ થશે. અને ओ નું હ્રસ્વ उ આ સૂત્રથી થશે.

(૧૭) अलीलपत्, अललापत् = લપલપાટ કરાવ્યો. लप-व्यक्तेवचने (૩૩૬) સાધનિકા ૪-૧-૨ માં કરેલ अचीकणत्, अचकाणत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે.

✡ સૂત્ર બ.વ. માં છે તે શિષ્ટ પ્રયોગનાં અનુસરણ માટે છે. સૂત્રમાં આપેલાં ઉદાહરણ સિવાયનાં ઉદાહરણોનું પણ ગ્રહણ થશે. દા.ત.

भ्रास् धातु — अबिभ्रसत्, अबभ्रासत्.

## ऋदृवर्णस्य । ४-२-३७

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં ધાતુનાં ઉપાન્ત્ય ऋ વર્ણનો ऋ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अवीवृतत् = વર્તાવ્યું. वृतूङ्-वर्तने (૯૫૫) સાધનિકા ૪-૨-૩૬ માં જણાવેલ अबिभ्रजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨ સૂત્ર નહીં લાગે. આ સૂત્રથી ऋ નો જ ऋ આદેશ થવાથી ગુણ ન થયો. ऋतोत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ થયો. તે अ નો इ થયા પછી ૪-૧-૬૪ થી દીર્ઘ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી ऋ આદેશ ન થાય ત્યારે —

✧ अववर्त्तत् = વર્તાવ્યું.

वृत्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

वर्ति - लघो... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

वर्ति+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

वर्ति+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

वृवर्ति+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

ववर्ति+अ+द् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

अववर्ति+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अववर्तद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

अववर्त्तद्- र्हादर्ह... ૧-૩-૩૧ થી त् દ્વિત્વ.

अववर्त्तत्- विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) अचीकृतत् = પ્રશંસા કરાવી. कृतण्-संशब्दने (૧૬૪૯) સાધનિકા ૪-૨-૩૬ માં જણાવેલ अबिभ्रजत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪, ૪-૧-૪૨ સૂત્ર નહીં લાગે. પણ ૪-૧-૪૬ સૂત્ર લાગશે. આ સૂત્રથી ॠ નો ऋ આદેશ થવાથી कृत् નો कीर्त् આદેશ ન થયો. ऋतोऽत् થી ऋ નો अ થયો. તે अ નો इ થયા પછી ૪-૧-૬૪ થી દીર્ઘ થયો. વિકલ્પપક્ષે આ સૂત્રથી ऋ આદેશ ન થાય ત્યારે —

✿ अचिकीर्त्तत् = પ્રશંસા કરી.

कृत्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

कृति+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

कृति+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

कीर्त्ति+अ+द् - कृतः... ૪-૪-૧૨૨ થી कीर्त्त् આદેશ.

कीकीर्त्ति+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

किकीर्त्ति+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

चिकीर्त्ति+अ+द् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

अचिकीर्त्ति+अ+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अचिकीर्त्तद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिच् નો લોપ.

अचिकीर्त्तत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

## जिघ्रतेरिः । ४-२-३८

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં घ्रा ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો इ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - अजिघ्रिपत्, अजिघ्रपत् = સુંઘાડ્યું. घ्रां-गन्धोपादाने (૩)

घ्रा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

घ्रापि - अर्त्ति... ૪-૨-૨૧ થી पु આગમ.

घ्रापि+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

घ्रापि+अ+द् - णि-श्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

घ्रिपि+अ+द् - આ સૂત્રથી ઉપાન્ત્ય आ નો इ વિકલ્પે.

घ्राघ्रिपि+अ+द् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

घ्रघ्रिपि+अ+द् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

घघ्रिपि+अ+द् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

गघ्रिपि+अ+द् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં घ् નો ग्.

जघ्रिपि+अ+द् - गहोर्जः ૪-૧-૪૦ થી ग् નો ज्.

जघ्रिप्रि+अ+द् - असमान... ૪-૧-૬૩ થી સન્વદ્ભાવ.

जिघ्रिपि+अ+द् - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

जिघ्रिपद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ.

अजिघ्रिपद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अजिघ્रिपत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

વિકલ્પપક્ષે આ સૂત્રથી ઉપાન્ત્ય आ નો इ ન થાય ત્યારે अजिघ्रपत् પ્રયોગ થશે. સાધનિકા ઉપર પ્રમાણે જ થશે. પરંતુ उपान्त्य... ૪-૨-૩૫ થી ઉપાન્ત્ય आ નો હ્રસ્વ अ થશે.

✡ સૂત્રમાં तिव् નો નિર્દેશ કરેલો હોવાથી આ સૂત્ર यङ्लुबन्त માં નહીં લાગે. જેમ કે - अजाघ्रपत्.

## तिष्ठतेः । ४-२-३९

**અર્થઃ-** ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં स्था ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો इ આદેશ થાય છે.

**વિવેચન** - अतिष्ठिपत् = ઊભો કર્યો. ष्ठां-गतिनिवृतौ (૫) સાધનિકા ૪-૨-૩૮ માં જણાવેલ अजिघ्रिपत् પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ - ૪-૧-૪૦ સૂત્ર નહીં લાગે. તથા ૪-૧-૪૫, ૨-૩-૧૫, ૧-૩-૬૦ સૂત્ર લાગશે.

✡ ધાતુપાઠમાં રહેલા ष्ठा ધાતુનાં ष् નો स्, षःसोऽष्ट्यै... ૨-૩-૯૮ થી થયેલો હોવાથી नाम्य... ૨-૩-૧૫ થી તે स् નો ष् થયો છે.

✡ સૂત્રમાં तिव् નો નિર્દેશ કરેલો હોવાથી આ સૂત્ર यङ्लुबन्त માં નહીં લાગે. જેમ કે - अतास्थपत्.

✡ ૪-૨-૩૮ થી આ સૂત્ર જુદું બનાવ્યું તેથી वा ની નિવૃત્તિ થઈ.

## ऊद् दुषो णौ । ४-२-४०

**અર્થઃ-** णि પ્રત્યય પર છતાં दुष् ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો (उ નો) ऊ આદેશ થાય છે.

**વિવેચન** - दूषयति = તે દૂષિત કરે છે. दुषंच्-वैकृत्ये (૧૨૦૯).

दुष्-इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

दूषि - આ સૂત્રથી उ નો ऊ દીર્ઘ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી दूषयति પ્રયોગ થશે.

**णाविति किम्** ? दोषो वर्तते. અહીં णि પ્રત્યય નથી તેથી अच् પ્રત્યય પર છતાં આ સૂત્રથી उ નો ऊ ન થતાં लघो... ૪-૩-૪ થી ગુણ થયો છે.

✡ दोषणं इति क्विप् - दुट्, दोषम् आचष्टे - दुषयति. અહીં णिच् પ્રત્યય થયો છે. તે दुष् ધાતુ સંબંધી નથી પણ નામસંબંધી છે તેથી આ સૂત્રથી उ નો ऊ થયો નથી.

✡ णि પ્રત્યયની અનુવૃત્તિ ચાલતી હતી છતાં ફરીથી આ સૂત્રમાં णि નું ગ્રહણ કર્યું હોવાથી ङ પ્રત્યયની નિવૃત્તિ થઈ છે.

## चित्ते वा । ४-२-४१

**અર્થઃ**- णि પ્રત્યય પર છતાં दुष् ધાતુનો કર્તા જો ચિત્ત હોય તો दुष् ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો (उ નો) ऊ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - मनो दूषयति, दोषयति मैत्रः = મૈત્ર મનને દૂષિત કરે છે. मनो दुष्यति = મન દૂષિત થાય છે અને તેને મૈત્ર પ્રેરણા કરે છે. તેથી मन એ दुष् ધાતુનો મૂળ કર્તા હોવાથી આ સૂત્રથી णि પ્રત્યય પર છતાં ઉપાન્ત્ય उ નો દીર્ઘ ऊ થયો છે. વિકલ્પપક્ષે ऊ ન થાય ત્યારે लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ થવાથી दोषयति પ્રયોગ થશે.

✡ चित्त ના ગ્રહણથી प्रज्ञा નું પણ ગ્રહણ થશે. કારણ કે પ્રજ્ઞાને પણ ચિત્ત જ કહેવાય છે. જેમ કે - प्रज्ञा दुष्यति. મૂળ કર્તા પ્રજ્ઞા છે. તેને णि પ્રત્યય પર છતાં प्रज्ञां दूषयति, दोषयति वा मैत्रः પ્રયોગ આ સૂત્રથી થશે. એજ પ્રમાણે चित्तं दूषयति, दोषयति वा मैत्रः પ્રયોગ થશે.

## गोहः स्वरे । ४-२-४२

**અર્થઃ**- સ્વરાદિ પ્રત્યય પર છતાં કરાયો છે ગુણ જેનો એવાં गुह ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો (ओ નો) ऊ આદેશ થાય છે.

**વિવેચન** - निगूहति = તે છૂપાવે છે. गुहौग्-संवरणे (૮૩૫)

नि+गुह्+ति - तिव्तस्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

निगुह्+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

निगोहति - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

निगूहति - આ સૂત્રથી ओ નો ऊ આદેશ.

અહીં સ્વરાદિ शव् પ્રત્યય પર છતાં આ સૂત્રથી ગુણ પ્રાપ્ત गोह् નાં ओ નો દીર્ઘ ऊ થયો છે એજ પ્રમાણે - णि પ્રત્યય પર છતાં निगूहयति, अक પ્રત્યય પર છતાં निगूहकः, ख्णम् (अम्) પ્રત્યય પર છતાં निगूहंनिगूहम् અને णव् પ્રત્યય પર છતાં निजुगूह વિગેરે પ્રયોગ થશે.

**गोह इति किम् ?** निजुगुहुः = તેઓએ છુપાવ્યું.

नि+गुह्+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

निगुह्गुह्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

निगुगुह्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ह् નો લોપ.

निजुगुहुस् - गहोर्जः ૪-૧-૪૦ થી ग् નો ज्.

सोरुः, रःपदान्ते... થી निजुगुहुः પ્રયોગ થશે. અહીં इन्ध्य... ૪-૩-૨૧ થી અવિત્ પરોક્ષાનાં પ્રત્યયો કિદ્‌વદ્ થાય છે તેથી ગુણ ન થવાથી આ સૂત્રથી ऊ થયો નથી.

**स्वर इति किम् ?** निगोढा = છુપાવશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય લાગ્યો છે તે સ્વરાદિ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય ओ નો ऊ થયો નથી. એજ પ્રમાણે तुम् પ્રત્યય પર છતાં निगोढुम् થશે.

## भुवो वः परोक्षा-ऽद्यतन्योः । ૪-૨-૪૩

**અર્થ:-** પરોક્ષા અને અદ્યતનીનાં પ્રત્યય પર છતાં व् અન્તે છે જેને એવા भू ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો ऊ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) बभूव = તે થયો. સાધનિકા धातो... ૩-૪-૪૬ માં જણાવેલ चकासाम्बभूव પ્રમાણે થશે.

(૨) अभूवन् = તેઓ થયા.

भू+अन् - दि-ताम्... ૩-૩-૧૧ થી अन् પ્રત્યય.

भू+स्+अन् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अभू+स्+अन् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अभू+अन् - पिबैति... ४-३-६६ થી सिच् નો લોપ.

अभुवन् - धातो... २-१-५० થી ऊ નો उव्.

अभूवन् - આ સૂત્રથી ઉપાન્ત્ય उ નો ऊ.

**व इति किम् ?** बभूवान् = થયો. बभू+वस् સુધી बभूव પ્રમાણે થશે.

बभूवस् - तत्र... ५-२-२ થી क्वसु પ્રત્યય.

बभूवस्+सि - स्यौ... १-१-१८ થી सि પ્રત્યય.

बभूवन्स्+सि - ऋदुदितः १-४-७० થી न् આગમ.

बभूवान्स्+सि - न्समहतोः १-४-८६ થી સ્વર દીર્ઘ.

बभूवान्स् - दीर्घ... १-४-४५ થી सि નો લોપ.

बभूवान् - पदस्य २-१-८९ થી स् નો લોપ. અહીં बभू+वस् માં ઉપાન્ત્ય भ् છે व् અન્તે નથી તેથી આ સૂત્રથી ऊ થયો નથી.

(૨) अभूत् = થયો. સાધનિકા अभूवन् પ્રમાણે થશે. પરન્તુ २-१-५० અને व् અન્તવાળો ન હોવાથી આ સૂત્ર નહીં લાગે.

**परोक्षाद्यतन्योरिति किम् ?** भविष्यति = તે થશે. અહીં उ નો ગુણ ओ અને તેનો अव् થવાથી व् અન્તવાળો भू ધાતુ છે પણ ભવિષ્યન્તી નો પ્રત્યય લાગેલો હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો ऊ થયો નથી.

✡ भू ધાતુ જ્યારે ગુણ કે વૃદ્ધિ પામે અથવા भू ધાતુનાં ऊ નો उव् થાય ત્યારે व् અન્તવાળો થાય છે.

## गम-हन-जन-खन-घसः स्वरेऽनङि क्ङिति लुक् । ४-२-४४

**અર્થઃ-** अङ् પ્રત્યય વર્જીને સ્વરાદિ कित् કે ङित् પ્રત્યય પર છતાં गम्, हन्, जन्, खन् અને घस् ધાતુનાં ઉપાન્ત્ય વર્ણનો લોપ થાય છે.

**વિવેચન** - (१) जग्मुः = તેઓ ગયા. जगम् સુધી સાધનિકા ४-१-४० માં જણાવેલ जगाम પ્રમાણે થશે. પરન્તુ અહીં गम्+उस्-३-३-१२ થી उस् પ્રત્યય થશે અને ४-३-५० સૂત્ર નહીં લાગે.

जगम्+उस् - इन्ध्य... ४-३-२१ થી उस् પ્રત્યય કિદ્વદ્.

जग्मुस् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી जग्मुः પ્રયોગ થશે.

(૨) जघ्नुः = તેઓએ માર્યું. जहन् સુધી સાધનિકા ૪-૧-૪૦ માં જણાવેલ जगाम પ્રમાણે થશે. પરન્તુ हन्+उस्-૩-૩-૧૨ થી उस् પ્રત્યય થશે. અને ૪-૩-૫૦ સૂત્ર નહીં લાગે.

जहन्+उस् - इन्ध्य... ૪-૩-૨૧ થી उस् પ્રત્યય કિદ્વદ્.

जह्नुस् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

जघ्नुस्-अङे... ૪-૧-૩૪ થી ह् નો घ्.

सोरुः, रःपदान्ते... થી जघ्नुः પ્રયોગ થશે.

(૩) जज्ञे = તે ઉત્પન્ન થયો. जनैचि-प्रादुर्भावे (૧૨૬૫)

जन्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

जन्+ए - इन्ध्य... ૪-૩-૨૧ થી ए પ્રત્યય કિદ્વદ્.

जन्जन्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

जजन्+ए - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન न् નો લોપ.

जज्न्+ए - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

जज्ञ्+ए = जज्ञे - तवर्गस्य... ૧-૩-૬૦ થી न् નો ञ्.

(૪) चख्नुः = તેઓએ ખોદ્યું. चखन् સુધી સાધનિકા ૪-૧-૪૨ માં જણાવેલ चखान પ્રમાણે થશે. પણ खन्+उस्-૩-૩-૧૨ થી उस् પ્રત્યય થશે અને ૪-૩-૫૦ સૂત્ર નહીં લાગે.

चखन्+उस् - इन्ध्य... ૪-૩-૨૧ થી उस् પ્રત્યય કિદ્વદ્.

चख्नुस् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી चख्नुः પ્રયોગ થશે.

(૫) जक्षुः = તેઓએ ખાધું. घस्लृं-अदने (૫૪૪)

घस्+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

घस्+उस् - इन्ध्य... ૪-૩-૨૧ થી उस् પ્રત્યય કિદ્વત્.

घस्घस्+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

घघस्+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન स् નો લોપ.

गघस्+उस् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં घ् નો ग्.

जघस्+उस् - गहोर्जः ४-१-४० थी पूर्वनां ग् नो ज्.

जघ्स्+उस् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

जक्स्+उस् - अघोषे... १-३-५० थी घ् नो क्.

जक्ष्+उस् = जक्षुस् - घस्वसः २-३-३६ थी स् नो ष्.

सोरुः, रः पदान्ते... थी जक्षुः પ્રયોગ થશે.

અથવા अदं-भक्षणे (१०५९) ધાતુનો परोक्षायां... ४-४-१८ थी घस् આદેશ થાય તો પણ जक्षुः પ્રયોગ થશે. આ घस् ધાતુમાં કૃત સકાર હોવાથી २-३-१५ થી स् નો ष् થશે. જ્યારે घस् ધાતુ જ લીધો હોય ત્યારે એ કૃત સકાર ન હોવાથી २-३-३६ થી स् નો ष् થશે.

(६) घ्नन्ति = તેઓ હણે છે.

हन्+अन्ति - तिव्... ३-३-६ થી अन्ति પ્રત્યય.

हन्+अन्ति - शिदवित् ४-३-२० થી अन्ति પ્રત્યય ङिद्वत्.

ह्नन्ति - આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ.

घ्नन्ति - हनो... २-१-११२ થી ह्न નો घ्न.

**स्वर इति किम् ?** गम्यते = જવાય છે. અહીં गम् ધાતુને ३-४-७० થી કર્મણિ પ્રયોગમાં क्य પ્રત્યય થયો છે તે કિત્ હોવા છતાં સ્વરાદિ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ થયો નથી.

**अनङीति किम् ?** अगमत् = તે ગયો. સાધનિકા ३-४-६२ માં જણાવેલ अलिपत् પ્રમાણે થશે. અહીં अङ् પ્રત્યય અદ્યતનીનો થયો છે તે સ્વરાદિ ङित् હોવા છતાં સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ થયો નથી.

**क्ङितीति किम् ?** गमनम् = જવું. અહીં अनट् પ્રત્યય લાગ્યો છે તે સ્વરાદિ છે પણ કિત્ કે ङित् નથી તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય अ નો લોપ થયો નથી.

## नो व्यञ्जनस्याऽनुदितः । ४-२-४५

**अर्थः-** कित् કે ङित् પ્રત્યય પર છતાં અનુદિત્ (उ ઈત્ જે ધાતુમાં ન હોય તે) વ્યંજનાન્ત ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાય છે.

વિવેચન - (૧) स्रस्तः = ઢીલું કરાએલ.

स्रंस्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

स्रस्त - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી स्रस्तः પ્રયોગ થશે.

(૨) सनीस्रस्यते = વારંવાર ઢીલું કરાય છે. ૪-૧-૫૦ માં स्रंस् ધાતુ આવેલ છે પણ સાધનિકા ૪-૧-૪૮માં જણાવેલ वनीवच्यते પ્રમાણે થશે.

**व्यञ्जनस्येति किम् ?** नीयते = લઈ જવાય છે. અહીં ૩-૪-૭૦ થી नी ધાતુને क्य પ્રત્યય થયો છે. તે क्य પ્રત્યય કિત્ છે પણ नी ધાતુ વ્યંજનાન્ત નથી તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

**अनुदित इति किम् ?** नानन्द्यते = તે ખૂબ સમૃદ્ધ થાય છે. टुनदु-समृद्धौ (૩૧૨).

नद्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

नन्द्य - उदितः... ૪-૪-૯૮ થી न् નો આગમ.

ननन्द्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

नानन्द्य- आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

તે પ્રત્યયાદિ કાર્ય થવાથી नानन्द्यते પ્રયોગ થશે. અહીં ધાતુ ઉદિત્ હોવાથી ङित् પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી नन्द् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

**क्ङितीत्येव** - स्रंसिता = ઢીલું થશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય થયો છે તે કિત કે ङित् ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો (અનુસ્વારનો) લોપ થયો નથી.

**उपान्त्यस्येत्येव** - नह्यते = તે બાંધે છે. णहींच्-बन्धने (૧૨૮૫) અહીં दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય થયો છે તે ङित् છે પણ नह् ધાતુમાં ઉપાન્ત્ય अ છે न् નથી તેથી આ સૂત્રથી न् નો લોપ થયો નથી. એજ પ્રમાણે - नानह्यते = તે વારંવાર બાંધે છે. અહીં यङ् પ્રત્યય ङित् છે પણ ઉપાન્ત્યમાં न् ન હોવાથી આ સૂત્રથી न् નો લોપ થયો નથી.

## अञ्चोऽनर्चायाम् । ४-२-४६

**અર્થ:-** કિત્ કે ङित् પ્રત્યય પર છતાં અનર્ચા = પૂજા અર્થને વર્જીને અન્ય અર્થમાં વર્તતાં अञ्च् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાય છે.

**વિવેચન** - उदक्तं उदकं कूपात् = કૂવામાંથી પાણી કાઢ્યું. अञ्चूग्-गतौ च (૮૯૦)

उद्+अञ्च्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

उद्+अच्+त - આ સૂત્રથી ઉપાન્ત્ય न् (ञ्) નો લોપ.

उदक्त - चजः... ૨-૧-૮૬ થી च् નો क्.

सि, सि નો अम्, अम् નાં अ નો લુક્ થવાથી उदक्तं થશે.

**अनर्चायामिति किम्** ? अञ्चिता गुरवः = ગુરૂઓ પૂજાયા.

अञ्च्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

अञ्चित - लुभ्यञ्चे... ૪-૪-૪૪ થી इट्.

अञ्चित+अस् - स्यौ... ૧-૧-૧૮ થી जस् પ્રત્યય.

अञ्चितास् - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ.

सोरुः, रःपदान्ते... થી अञ्चिताः પ્રયોગ થશે.

✿ नो व्यञ्जन... ૪-૨-૪૫ થી अञ्च् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર બનાવ્યું તેથી નિયમ થયો કે અર્ચાનો વિષય હોય તો આ સૂત્રથી તો ઉપાન્ત્ય न् નો લોપ નહીં થાય પણ ૪-૨-૪૫ થી પણ ઉપાન્ત્ય न् નો લોપ નહીં થાય.

## लङ्गि-कम्प्योरुपतापाऽङ्गविकृत्योः । ४-२-४७

**અર્થ:-** કિત્ કે ङित् પ્રત્યય પર છતાં ઉપતાપ અર્થમાં વર્તતાં लङ्ग् ધાતુનાં અને અંગવિકાર અર્થમાં વર્તતાં कम्प् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાયે છે.

**વિવેચન** - (१) विलगितः = રોગવડે સંતાપ પામ્યો. लगु-गतौ (૭૯)

वि+लग्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

वि+लन्ग्+त - उदितः... ૪-૪-૯૮ થી न् નો આગમ.

विलङ्ग्+त - म्नां... ૧-૩-૩૯ થી न् નો ङ्.

विलग्+त - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો (ङ् નો) લોપ.

विलगित - स्ताद्य... ४-४-३२ થી इट्.

सि પ્રત્યય सोरुः, रःपदान्ते... થી विलगितः પ્રયોગ થશે.

(२) विकपितः = અંગો કંપયુક્ત થયા. कपुङ्-चलने (૭૫૭) સાધનિકા विलगितः પ્રમાણે થશે.

**उपतापाङ्गविकृत्योरिति किम् ?** विलङ्गितः = લંઘાઈને ચાલતો, કોઈ એક અંગવડે હીન થયેલો. અહીં ઉપતાપ અર્થ ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

विकम्पितः = ચિત્તમાં ભયભીત થવાથી કંપતો. અહીં અંગવિકૃતિ અર્થ ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

✿ लगु અને कपुङ् ધાતુ ઉદિત્ હોવાથી नो व्यञ्जन... ४-२-४५ થી ઉપાન્ત્ય न् નાં લોપની પ્રાપ્તિ ન હતી. આ સૂત્રની રચના કરી તેથી ઉપતાપ અર્થમાં અને અંગવિકૃતિ અર્થમાં ઉપાન્ત્ય न् નાં લોપની પ્રાપ્તિ થઈ.

✿ સૂત્રમાં બન્ને ષષ્ઠી દ્વિવચન્માં હોવાથી लग् ધાતુથી ઉપતાપ અર્થમાં અને कप् ધાતુથી અંગવિકૃતિ અર્થમાં એ પ્રમાણે યથાસંખ્ય થશે પણ लग् અને कप् ધાતુને क्ङिति એ પ્રમાણે સપ્તમી એકવચન હોવાથી તેની સાથે યથાસંખ્ય નહીં થાય.

## भञ्जेर्ञौ वा । ४-२-४८

**અર્થઃ-** ञि પ્રત્યય પર છતાં भञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ વિકલ્પે થાય છે.

**વિવેચન** - अभाजि, अभञ्जि = ભાંગી નંખાયું. भञ्जोंप्-आमर्दने (१४८६) સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે. અહીં ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ થશે. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી न् નો લોપ ન થાય ત્યારે ઉપાન્ત્યમાં न् હોવાથી अ ની વૃદ્ધિ નહીં થાય.

## दंश-सञ्जः शवि । ४-२-४९

**અર્થઃ-** शव् પ્રત્યય પર છતાં दंश् અને सञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાય છે.

**વિવેચન** - (१) दशति = ડંખે છે. दंशं-दशने (४८६)

दंश्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

दंश्+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

दशति - આ સૂત્રથી ઉપાન્ત્ય न् (અનુસ્વાર) નો લોપ.

(૨) सजति = સંગ કરે છે. षञ्ज-सङ्गे (૧૭૩) સાધનિકા दशति પ્રમાણે થશે. અહીં ઉપાન્ત્ય न् (ञ्) નો લોપ થશે.

✡ दंश् ધાતુનું दशति અને सञ्ज् ધાતુનું सजति રૂપ જ જો ઇષ્ટ છે તો दश् અને सज् ધાતુને તુદાદિ ગણમાં લીધા હોત તો પણ રૂપ સિદ્ધ થાત. પણ शव् પ્રત્યય કરવા માટે જ भ्वादि ગણમાં ગ્રહણ કર્યા છે. તેથી श्यशवः ૨-૧-૧૧૬ થી વર્તમાન કૃદન્ત સ્ત્રીલિંગમાં અને નપું. દ્વિવચનનો ई પ્રત્યય પર છતાં अत् નો अन्त् આદેશ થયો છે. જેમકે - दशन्ती, सजन्ती.

## अकट्-घिनोश्च रञ्जेः । ૪-૨-૫૦

**અર્થ**:- अकट्, घिनण् અને शव् પ્રત્યય પર છતાં रञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) रजकः = ધોબી. रञ्जीं-रागे (૮૯૬)

रञ्ज्+अक - नृत्... ૫-૧-૬૫ થી अकट् પ્રત્યય.

रजक - આ સૂત્રથી ઉપાન્ત્ય न् (ञ् નો) લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી रजकः પ્રયોગ થશે.

(૨) रागी = રાગવાળો સંસારી અથવા રંગવાળો.

रञ्ज्+इन् - युजभुज... ૫-૨-૫૦ થી घिनण् પ્રત્યય.

रजिन् - આ સૂત્રથી ઉપાન્ત્ય न् (ञ् નો) લોપ.

राजिन् - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

रागिन् - क्तेऽनिटश्च... ૪-૧-૧૧૧ થી ज् નો ग्.

रागिन्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

रागीन्+सि - नि दीर्घः ૧-૪-૮૫ થી न् ની પૂર્વનો સ્વર દીર્ઘ.

रागीन् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

रागी - नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ.

(૩) रजति = તે રંગે છે. સાધનિકા कृषि... ૩-૪-૭૪ માં કરેલી છે.

✿. रजः - मिथिरञ्जि... ૯૭૧ ઉણાદિથી अस् પ્રત્યય, रजनिः - रञ्जेः कित् ૬૮૧ ઉણાદિથી अनि પ્રત્યય, रजनम् - तुदादि... ૨૭૩ ઉણાદિથી अन પ્રત્યય અને रजतम् - पृषिरञ्जि... ૨૦૮ ઉણાદિથી अत પ્રત્યયો લાગ્યા છે અને તે પ્રત્યયો कित् હોવાથી नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ઉપાન્ત્ય न् નો લોપ થયેલો છે.

## णौ मृगरमणे । ૪-૨-૫૧

**અર્થઃ-** મૃગોને રમાડવું અર્થમાં વર્તતાં रञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न् નો णि પ્રત્યય પર છતાં લોપ થાય છે.

**વિવેચન** - रजयति मृगं व्याधः = શિકારી મૃગને રમાડે છે. આ પ્રયોગ ૪-૨-૨૫ માં છે. સાધનિકા ૪-૨-૨૪ માં જણાવેલ घटयति પ્રમાણે થશે.

**मृगरमण इति किम् ?** रञ्जयति रजकः वस्त्रम् = ધોબી (રંગારો) વસ્ત્રને રંગે છે. સાધનિકા સુગમ છે. रञ्ज्+इ - णिग् પ્રત્યય. रञ्जि+ति, रञ्जि+अ+ति, रञ्जे+अ+ति, रञ्जयति. અહીં ઉપાન્ત્યમાં न् (ञ्) હોવાથી વૃદ્ધિની પ્રાપ્તિ નથી. મૃગરમણ અર્થ ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી. એજ પ્રમાણે रञ्जयति सभां नटः = નટ સભાને આનંદ પમાડે છે.

## घञि भाव-करणे । ૪-૨-૫૨

**અર્થઃ-** ભાવ અને કરણ અર્થમાં વિધાન કરાએલો घञ् પ્રત્યય પર છતાં रञ्ज् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થાય છે.

**વિવેચન** - रागः = રંગવું. અથવા જેનાવડે રાગ કરાય તે સાધન.

रञ्जनं इति रागः અથવા रजति अनेन इति रागः

रञ्ज्+अ - भावाऽकर्त्रोः ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

रज - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ.

राज - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

राग - क्तेऽनिटश्च... ૪-૧-૧૧૧ થી ज् નો ग्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી रागः પ્રયોગ થશે.

**भावकरण इति किम् ?** रङ्गः = રંગવાનું પાત્ર. रजति अस्मिन् इति रङ्गः. અહીં આધાર અર્થમાં घञ् પ્રત્યય થયો છે તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી. रञ्ज्+घञ् - ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, ૪-૧-૧૧૧ થી ज् નો ग् થવાથી रञ्ग અને म्नां... ૧-૩-૩૯ થી ग् નાં યોગમાં ञ् નો ङ् થવાથી रङ्गः થશે.

**घञि इति किम् ?** रञ्जनम् = રંગવું. અહીં ભાવમાં પ્રત્યય છે પણ घञ् નથી अनट् પ્રત્યય છે તેથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

## स्यदो जवे । ४-२-५३

**અર્થ:-** घञ् પ્રત્યય પર છતાં વેગ અર્થમાં વર્તતાં स्यन्द् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ અને વૃદ્ધિનો અભાવ નિપાતન થાય છે.

**વિવેચન** - गोस्यदः = બળદનો વેગ. (ગતિ) स्यन्दौङ्-स्रवणे (૯૫૬)

गोस्यन्द्+अ - भावाऽकर्त्रोः ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

गोस्यद - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ અને વૃદ્ધિનો અભાવ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી गोस्यदः પ્રયોગ થશે. એજ પ્રમાણે-

अश्वस्यदः = ઘોડાની ગતિ. જો આ સૂત્રથી વૃદ્ધિનો અભાવ નિપાતન ન કર્યો હોત તો गोस्यादः, अश्वस्यादः એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**जव इति किम् ?** घृतस्यन्दः = ઘીનું ટપકવું. અહીં स्यन्द् ધાતુને घञ् પ્રત્યય લાગ્યો છે. પણ વેગ અર્થ ન હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ અને વૃદ્ધિનો અભાવ થતો નથી પણ ઉપાન્ત્યમાં न् હોવાથી વૃદ્ધિની પ્રાપ્તિ નથી. એજ પ્રમાણે - तैलस्यन्दः = તેલનું ટપકવું.

## दशना-ऽवोदैधौद्म-प्रश्रथ-हिमश्रथम् । ४-२-५४

**અર્થ:-** दशन, अवोद, एध, ओद्म, प्रश्रथ અને हिमश्रथ નામો કરાએલાં न् નાં લોપવાળા નિપાતન કરાય છે.

**વિવેચન** - (૧) दशनम् = ડંખવું, કરડવું. दश्यते अनेन इति दशनम्. અહીં दंश् ધાતુને करणाधारे ૫-૩-૧૨૯ થી કરણ અર્થમાં अनट् પ્રત્યય થયો છે. આ સૂત્રથી न् નો લોપ થવાથી दशनम् થયું. अनट् પ્રત્યયાન્ત નામ સ્ત્રીલિંગ અથવા નપુંસકલિંગમાં વપરાય છે.

(૨) अवोदः = ભીંજવવું, પોચું થવું. उन्दैप्-क्लेदने (१४९१)

अव+उन्द्+अ - भावाऽकर्त्रोः ५-३-१८ થી घञ् પ્રત્યય.

अव+ओन्द् - लघोरु... ४-३-४ થી उ નો ગુણ ओ.

अव+ओद - આ સૂત્રથી न् નો લોપ.

अवोद - उपसर्ग... १-२-१९ થી अव નાં અન્ત્ય अ નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી अवोदः પ્રયોગ થશે.

(૩) एधः = લાકડું. ञिइन्धैपि-दीप्तौ (१४९८) સાધનિકા अवोदः પ્રમાણે થશે.

(૪) ओद्म = ભીંજવનાર.

उन्द्+मन् - मन् (९११) ઉણાદિથી मन् પ્રત્યય.

उद्मन् - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ.

ओद्मन् - लघो... ४-३-४ થી उ નો ગુણ ओ.

ओद्मन्+सि - स्यौ... १-१-१८ થી सि પ્રત્યય.

ओद्मन् - अनतो... १-४-५९ થી सि નો લોપ.

ओद्म - नाम्नो... २-१-९१ થી न् નો લોપ.

(૫) प्रश्रथः = ઢીલું થવું, સંદર્ભ. श्रथुङ्-शैथिल्ये (७१८)

प्र+श्रन्थ्+अ - भावा... ५-३-१८ થી घञ् પ્રત્યય.

प्रश्रथ - આ સૂત્રથી ઉપાન્ત્ય न् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रश्रथः પ્રયોગ થશે.

(૬) हिमश्रथः = બરફનું ઓગળવું, હિમાલય. સાધનિકા प्रश्रथः પ્રમાણે થશે.

## यमि-रमि-नमि-गमि-हनि-मनि-वनति-तनादेर्धुटि क्ङिति । ४-२-५५

**અર્થ:-** ધુડાદિ (ધુટ્ વર્ણ આદિમાં છે જેને) क्ति् કે ङित् પ્રત્યય પર છતાં यम्, रम्, नम्, गम्, हन्, मन्, वन् અને તનાદિ ધાતુનાં અન્ત્યવર્ણનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) यतः = નિગ્રહ કરાએલો.

यम्+त - क्त... ५-१-१७४ થી क्त પ્રત્યય.

यत - આ સૂત્રથી અન્ત્ય म् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી यतः પ્રયોગ થશે.

(૨) रत्वा = રમીને.

रम्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

रत्वा - આ સૂત્રથી અન્ત્ય म् નો લોપ.

(૩) नतिः = નમસ્કાર.

नम्+ति - स्त्रियांक्तिः ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય.

नति - આ સૂત્રથી અન્ત્ય म् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી नतिः પ્રયોગ થશે.

(૪) गतः = ગયો. (૫) हतः = હણાયો. (૬) मतः = મનાયો. સાધનિકા यतः પ્રમાણે થશે.

(૭) वतिः = બોલવું, સેવા કરવી. સાધનિકા नतिः પ્રમાણે થશે. અહીં वन-भक्तौ (૩૨૯) ધાતુ ગ્રહણ કરવો. કેમકે આઠમાં ગણનો જે वनूयि ધાતુ છે તેનું તનાદિ ગણમાં ગ્રહણ થઈ જ જાય છે. અહીં वन् ધાતુનો क्ति પ્રત્યયાન્ત પ્રયોગ જ બતાવ્યો છે કેમકે क्त પ્રત્યય પર છતાં इट् થાય છે. इट् આવે એટલે તે क्त પ્રત્યય ધુડાદિ કિત્ રહેતો નથી તેથી આ સૂત્રથી न् નો લોપ પણ ન થાય. જેમકે - वनितः, वनितवान् પ્રયોગ થશે.

(૮) ततः = વિસ્તારેલો. (૯) क्षतः = ઘવાએલો. સાધનિકા यतः પ્રમાણે થશે.

✡ मन् ધાતુ દિવાદિ ગણનો જ ગ્રહણ કરવો. मनूयि આઠમાં ગણનો તનાદિ ગણપાઠમાં ગ્રહણ થઈ જ જાય છે.

**धुटीति किम् ?** यम्यते = નિગ્રહ કરાય છે. અહીં કર્મણિ પ્રયોગ છે. क्य પ્રત્યય લાગ્યો છે તે કિત્ છે પણ ધુડાદિ કિત્ ન હોવાથી આ સૂત્રથી यम् ધાતુનાં અન્ત્ય म् નો લોપ થયો નથી.

**क्ङित्तीति किम् ?** यन्ता = નિગ્રહ કરનાર. यम्+तृ - णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય થયો છે. તે ધુડાદિ છે પણ કિત્ નથી તેથી આ સૂત્રથી यम् ધાતુનાં म् નો લોપ થયો નથી.

यन्तृ - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्.

यन्तृ+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

यन्तृ+आ - ऋदुशनस्... ૧-૪-૮૪ થી सि નો डा.

यन्ता - डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી ऋ નો લોપ.

**एषामिति किम् ?** शान्तः, दान्तः અહીં शम्-दम् ધાતુને क्त પ્રત્યય થયો છે. ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થઈ છે. क्त પ્રત્યય ધુડાદિ કિત્ છે પણ સૂત્રમાં કહેલાં ધાતુથી અન્ય ધાતુ હોવાથી આ સૂત્રથી અન્ત્ય म् નો લોપ થયો નથી.

✡ સૂત્રમાં वन् ધાતુને તિવ્ નિર્દેશ છે અને तन् ધાતુને ગણ નિર્દેશ છે તેથી यङ्लुबन्त માં આ સૂત્રથી न् નો લોપ નહીં થાય. જેમકે वंवान्तः, तंतान्तः થશે. સાધનિકા ૪-૧-૧૦૭ માં જણાવેલ शंशान्तः પ્રમાણે થશે. બીજા ધાતુઓનાં અન્ત્ય વર્ણનો यङ्लुबन्त માં આ સૂત્રથી લોપ થશે. જેમકે यंयतः, रंतः, नंनतः, जंगतः, जंघतः, मंमतः થશે.

✡ તનાદિ ગણનાં ૧૪૯૯ થી ૧૫૦૭ નંબર સુધી ધાતુઓ છે તેમાંથી षणूयी-दाने (૧૫૦૦) ધાતુ અહીં ગ્રહણ નહીં થાય કેમકે सन् ધાતુનાં न् નો आः... ૪-૨-૬૦ થી आ થાય છે. જેમકે सातः.

## यपि । ४-२-५६

**અર્થઃ-** यप् પ્રત્યય પર છતાં यम्, रम्, नम्, गम्, हन्, मन्, वन् અને તનાદિ ધાતુનાં અન્ત્યવર્ણનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) प्रहत्य = હણીને.

प्र+हन्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रहन्+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

प्रह+य - આ સૂત્રથી અન્ત્ય न् નો લોપ.

प्रहत्य - ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી त् નો આગમ. એજ પ્રમાણે-

(૨) प्रमत्य = સમજીને, વિચારીને.

(૩) प्रवत्य = બોલીને, સેવા કરીને.

(૪) प्रतत्य = વિસ્તાર કરીને.

(૫) प्रसत्य = દાન આપીને.

**यपीति किम्** ? हन्यते, वन्यते, तन्यते. અહીં यप् પ્રત્યય નથી પણ કર્મણિનો य પ્રત્યય છે. તેથી આ સૂત્રથી न् નો લોપ થયો નથી.

✡ આ સૂત્ર પછી "वामः" સૂત્ર બનાવ્યું તેથી અહીં यम् વિગેરે ધાતુઓમાંથી न् અન્તવાળા ધાતુનું જ ગ્રહણ થશે.

## वा मः । ૪-૨-૫૭

**અર્થઃ**- यप् પ્રત્યય પર છતાં यम् વિગેરે ધાતુઓમાંથી म् અન્તવાળા ધાતુનાં અન્ત્યવર્ણનો વિકલ્પે લોપ થાય છે.

**વિવેચન** - (૧) प्रयत्य, प्रयम्य = નિગ્રહ કરીને. સાધનિકા ૪-૨-૫૬ માં જણાવેલ प्रहत्य પ્રમાણે થશે. વિકલ્પપક્ષે ધાતુનાં અન્ત્ય म् નો લોપ ન થાય ત્યારે प्रयम्य થશે. ह्रस्व... ૪-૪-૧૧૩ સૂત્ર નહીં લાગે.

(૨) विरत्य, विरम्य = વિરામ કરીને. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

(૩) प्रणत्य, प्रणम्य = પ્રણામ કરીને. સાધનિકા ઉપર પ્રમાણે થશે. र-षृवर्णान्नोण... ૨-૩-૬૩ થી न् નો ण् થશે.

(૪) आगत्य, आगम्य = આવીને. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**एषामित्येव** - उपशम्य = શાંત કરીને. અહીં (૪-૨-૫૫ માં) જણાવેલ यम् વિગેરે ધાતુઓમાંનો આ शम् ધાતુ ન હોવાથી આ સૂત્રથી ધાતુનાં અન્ત્ય म् નો લોપ થયો નથી.

## गमां क्वौ । ૪-૨-૫૮

**અર્થઃ**- કિત્ કે ઙિત્ એવો क्विप् પ્રત્યય પર છતાં गम् વિગેરે ધાતુનાં અન્ત્યવર્ણનો પ્રયોગાનુસાર લોપ થાય છે.

**વિવેચન** - (૧) जनङ्गत् = લોકની સાથે મળતાવડો. जनम् गच्छति इति—

जन+गम्+क्विप् - क्विप् ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય.

जनम्+गम्+क्विप् - पृषोदरादयः ૩-૨-૧૫૫ થી म् આગમ.

जनम्ग+क्विप् - આ સૂત્રથી गम् નાં म् નો લોપ.

जनम्गत् - ह्रस्वस्य... ૪-૪-૧૧૩ થી त् નો આગમ.

जनङ्गत् - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો ङ्

સિ પ્રત્યય, અને દીર્ઘ... ૧-૪-૪૫ થી સિ નો લોપ થશે એજ પ્રમાણે -

(૨) संयत् = રણમેદાન, સંયમી.

(૩) परीतत् = ચારે બાજુ ફેલાયેલ, વિસ્તાર કરનાર. અહીં गति... ૩-૨-૮૫ થી परि નો इ દીર્ઘ થયો છે.

(૪) सुमत् = સારો વિચાર કરનાર, સમજદાર.

(૫) सुवत् = વક્તા.

✿ "गमाम्" એ પ્રમાણે બહુવચન છે તે પ્રયોગોને અનુસરવા માટે છે. તેથી गम्, यम्, मन्, वन् અને તનાદિ આ પાંચ ધાતુઓનું જ આ સૂત્રમાં ગ્રહણ થશે. गमाम् એ પ્રમાણે કહેવાથી यमिरमि... ૪-૨-૫૫ સૂત્રમાં કહેલ गम्, हन्, मन्, वन् અને તનાદિ એ પ્રમાણે પાઠ ગ્રહણ થશે નહીં.

## न तिकि दीर्घश्च । ૪-૨-૫૯

**અર્થ:-** तिक् (तिं) પ્રત્યય પર છતાં ૪-૨-૫૫ માં જણાવેલ यम् વિગેરે ધાતુઓનાં અન્ત્યવર્ણનો લોપ અને દીર્ઘ આદેશ થતો નથી.

**વિવેચન** - (૧) यन्तिः = વ્યક્તિ વિશેષ. यम्यात् इति आशास्यमानः એ અર્થમાં

यम्+ति - तिक्कृतौ... ૫-૧-૭૧ થી तिक् પ્રત્યય.

यन्ति - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्. અહીં ૪-૨-૫૫ થી પ્રાપ્ત અન્ત્યવર્ણનાં લોપનો નિષેધ થયો અને अहन्... ૪-૧-૧૦૭ થી પ્રાપ્ત દીર્ઘાદેશનો નિષેધ થયો છે. એજ પ્રમાણે —

(૨) रन्तिः = વ્યક્તિ. रंसीष्ट इति आशास्यमानः

(૩) नन्तिः = વ્યક્તિ. नम्यात् इति आशास्यमानः

(૪) गन्तिः = વ્યક્તિ. गम्यात् इति आशास्यमानः

(૫) हन्तिः = વ્યક્તિ. हन्यात् इति आशास्यमानः

(૬) मन्तिः = વ્યક્તિ. मंसीष्ट इति आशास्यमानः

(૭) वन्तिः = વ્યક્તિ. वन्यात् इति आशास्यमानः

(૮) तन्तिः = વ્યક્તિ. तन्यात् इति आशास्यमानः

**एषामित्येव** - शान्तिः = શાન્તિનાથ ભગવાન. અહીં यम् વિગેરે જે ધાતુઓ બતાવ્યા છે તેનાથી આ शम् ધાતુ અન્ય હોવાથી આ સૂત્રથી म् નાં લોપનો કે દીર્ઘાદેશનો નિષેધ થતો નથી. म् નાં લોપની તો કોઈ સૂત્રથી પ્રાપ્તિ નથી પણ ૪-૧-૧૦૭ થી દીર્ઘાદેશ થયો છે.

**तिकीति किम् ?** यतिः, रतिः, ततिः અહીં तिक् પ્રત્યય નથી स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય થયેલો છે. તેથી ૪-૨-૫૫ થી અન્ત્યવર્ણનો લોપ થયો છે.

## आः खनि-सनि-जनः । ૪-૨-૬૦

**અર્થઃ-** ધુડાદિ કિત્ કે ઙિત્ પ્રત્યય પર છતાં खन्, सन् અને जन् ધાતુનાં અન્ત્યવર્ણનો (न् નો) आ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) खातः = ખોદેલો. સાધનિકા ૪-૨-૫૫ માં જણાવેલ यतः પ્રમાણે થશે. પણ न् નો આ સૂત્રથી आ થશે. પછી अ+आ = आ થવાથી खातः રૂપ થશે. એજ પ્રમાણે -

(૨) सातः = આપેલો, સેવા કરેલ.

(૩) जातः = ઉત્પન્ન થયેલ.

(૪) जातिः = ઉત્પન્ન થવું. ૪-૨-૫૫ માં જણાવેલ नतिः પ્રમાણે સાધનિકા થશે. પણ અહીં આ સૂત્રથી न् નો आ થશે. પછી समानानां... ૧-૨-૧ થી ज માં રહેલાં अ+आ = आ થશે.

✡ षणूयि-दाने (૧૫૦૦), षन-भक्तौ (૩૩૦) બન્ને सन् ધાતુનું અહીં ગ્રહણ થશે. તેથી सायते स्म અથવા सन्यते स्म इति सातः પ્રયોગ થશે.

✡ सात्वा પ્રયોગ षणूयि ધાતુનો જ થશે. કેમકે તે ઊદિત્ હોવાથી ऊदितो वा ૪-૪-૪૨ થી क्त्वा ની પૂર્વે વિકલ્પે इट् થશે. એટલે જ્યારે इट् નહીં થાય ત્યારે सात्वा પ્રયોગ થશે. અને इट् થશે ત્યારે सनित्वा પ્રયોગ થશે. षन् ધાતુનો તો सनित्वा એક જ પ્રયોગ થશે. કેમકે તે ઊદિત્ ન હોવાથી નિત્ય इट् થશે.

**क्ङितीत्येव** - चङ्खन्ति = તે વારંવાર ખોદે છે.

खन्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

खखन्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

खखन् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

कखन् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ख् નો क्.

चखन् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चम्खन् - मुरतो... ૪-૧-૫૧ થી मु આગમ.

चङ्खन् - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો ङ्.

चङ्खन्+ति = चङ्खन्ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

यङ्लुबन्त ધાતુઓને शव् પ્રત્યય લાગતો નથી. એજ પ્રમાણે संसन्ति, जंजन्ति પ્રયોગ થશે. અહીં यङ् પ્રત્યય ङित् છે પણ તેનો લોપ થએલો હોવાથી આ સૂત્રથી અન્ત્ય न् નો आ થયો નથી. કારણ કે लुप् નો સ્થાનીવદ્ભાવ થતો નથી.

**धुटीत्येव** - 'जनित्वा અહીં क्त्वा પ્રત્યય ધુડાદિ કિત્ છે પણ इट् નો આગમ થાય ત્યારે તે क्त्वा પ્રત્યય ધુડાદિ રહેતો નથી તેથી આ સૂત્રથી અન્ત્ય न् નો आ થયો નથી.

## सनि । ૪-૨-૬૧

**અર્થઃ-** ધુડાદિ सन् પ્રત્યય પર છતાં खन्, सन् અને जन् ધાતુનાં અન્ત્યવર્ણનો (न् નો) आ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) सिषासति = આપવાની ઈચ્છા કરે છે.

सन्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ससन्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सिसन्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

सिषन्स - नाम्यन्त... ૨-૩-૧૫ થી सन् ધાતુનાં स् નો ष्.

सिषआस - આ સૂત્રથી न् નો आ.

सिषास - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી सिषासति રૂપ થશે. અહીં षणूयि અને षन બન્ને सन् ધાતુમાં ધાતુપાઠમાં ष છે તેનો षः-सोऽष्ट्यै... ૨-૩-૯૮ થી स થયેલો છે તેથી नाम्य... ૨-૩-૧૫ થી सन् ધાતુનાં स् નો ष् થયો છે.

**धुटीत्येव** - सिसनिषति = આપવાની ઈચ્છા કરે છે. અહીં इवृध...

૪-૪-૪૭ થી सन् પ્રત્યયની પૂર્વે इट् આગમ થવાથી ધુડાદિ सन् પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી सन् ધાતુનાં न् નો आ થયો નથી. અહીં ધાતુપાઠમાં षन-षणूयि હોવાથી नाम्य... ૨-૩-૧૫ થી सन् ધાતુનાં स् નાં ष् ની પ્રાપ્તિ હતી પણ णिस्तो... ૨-૩-૩૭ સૂત્રથી નિયમ થયો કે षत्वभूत सन् પ્રત્યય પરમાં હોય તો ધાતુનાં स् નો ष् થાય તો ण्यन्त અને स्तु ધાતુનાં જ स् નો ष् થાય. તેથી અહીં सन् ધાતુમાં षत्वभूत सन् પ્રત્યય પરમાં છે પણ सन् ધાતુ હોવાથી ધાતુનાં स् નો ष् થયો નથી. તેથી હવે नाम्य... ૨-૩-૧૫ થી પ્રાપ્તિ હોવા છતાં પણ सन् ધાતુનાં स् નો ष् નહીં થાય.

✡ खन् અને जन् ધાતુને इट् આગમ નિત્ય થાય છે. તેથી ધુડાદિ सन् પ્રત્યય રહેતો ન હોવાથી આ સૂત્રમાં તેનાં ઉદાહરણ આપ્યા નથી.

✡ कित् કે ङित् નો અસંભવ હોવાથી અહીં સંબંધ નથી. પણ ઉત્તરસૂત્રમાં તેની અનુવૃત્તિ ચાલશે.

## ये नवा । ४-२-६२

**અર્થઃ-** યકાર રૂપ कित् કે ङित् પ્રત્યય પર છતાં खन्, सन् અને जन् ધાતુનાં અન્ત્યવર્ણનો (न् નો) आ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) खायते, खन्यते = ખોદાય છે. અહીં क्यः... ૩-૪-૭૦ થી કર્મણિમાં क्य પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી खन् ધાતુનાં न् નો વિકલ્પે आ આદેશ થયો. એજ પ્રમાણે सायते, सन्यते - जायते, जन्यते.

(૨) चाखायते, चङ्खन्यते = વારંવાર ખોદે છે.

खन्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

खखन्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

कखन्य - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ख् નો क्.

चखन्य - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चखआय - આ સૂત્રથી न् નો आ.

चखाय - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

चाखाय - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

તે પ્રત્યયાદિ કાર્ય થવાથી चाखायते પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી न् નો आ ન થાય ત્યારે चङ्खन्यते થશે. સાધનિકા ૪-૨-૬૦ માં જણાવેલ चङ्खन्ति પ્રમાણે થશે. પણ बहुलं... ૩-૪-૧૪ સૂત્રથી यङ् નો લોપ નહીં થાય. અહીં यङ् પ્રત્યય ङित् હોવાથી આ સૂત્રથી खन् ધાતુનાં न् નો आ વિકલ્પે થયો છે. એજ પ્રમાણે सासायते, संसन्यते - जाजायते, जञ्जन्यते.

(૩) प्रजाय, प्रजन्य = ઉત્પન્ન થઈને.

प्र+जन्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रजन्+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

प्रजआय - આ સૂત્રથી न् નો आ.

प्रजाय - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ. વિકલ્પપક્ષે આ સૂત્રથી ધાતુનાં न् નો आ ન થાય ત્યારે प्रजन्य થશે. એજ પ્રમાણે प्रखाय, प्रखन्य - प्रसाय, प्रसत्य. અહીં यपि ૪-૨-૫૬ થી सन् ધાતુનાં न् નો લોપ થયો છે. षणूयि આઠમાં ગણનો सन् ધાતુ હોય ત્યારે જ प्रसत्य પ્રયોગ થશે. જો षन પહેલાં ગણનો सन् ધાતુ હશે ત્યારે વિકલ્પપક્ષે प्रसन्य પ્રયોગ થશે. અહીં क्त्वा પ્રત્યય कित् હોવાથી તેનો यप् આદેશ પણ कित् કહેવાય છે તેથી આ સૂત્રથી ધાતુનાં न् નો आ આદેશ વિકલ્પે થયો છે.

**क्ङितीत्येव** - सान्यम्, जन्यम् - અહીં सन् અને जन् ધાતુને ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય લાગ્યો છે તે य સ્વરૂપ છે પણ कित् કે ङित् ન હોવાથી ધાતુનાં न् નો आ થયો નથી. सान्यम् માં ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિ થઈ છે અને जन्यम् માં नजन... ૪-૩-૫૪ થી વૃદ્ધિનો નિષેધ થયો છે.

✡ યકાર રૂપ य પ્રત્યયનો નિર્દેશ કરેલો હોવાથી खन्यात्, सन्यात् આશીર્વાદનો क्यात् પ્રત્યય પર છતાં આ સૂત્રથી ધાતુનાં न् નો आ આદેશ વિકલ્પે થયો નથી કારણ કે क्यात् પ્રત્યય कित् હોવા છતાં आકાર રૂપ यात् પ્રત્યય છે. જો અહીં પણ ધાતુનાં न् નો आ વિકલ્પે કરવો જ હોત તો સૂત્રમાં ये ને બદલે यि એ પ્રમાણે કરત. કોઈક न् નો आ આદેશ માને પણ છે. જેમ કે - खायात्, सायात्.

✡ जन् ધાતુનો श्य પ્રત્યય પર છતાં जाज्ञा... ૪-૨-૧૦૪ થી जा આદેશ નિત્ય થાય છે તેથી श्य પ્રત્યય यकार રૂપ ङित् હોવા છતાં આ સૂત્ર ન લાગવાથી जायते પ્રયોગ દર્શાવ્યો નથી.

## तनः क्ये । ૪-૨-૬૩

**અર્થઃ-** क्य પ્રત્યય પર છતાં तन् ધાતુનાં અન્ત્યવર્ણનો (न् નો) आ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - तायते, तन्यते = વિસ્તાર કરાય છે. અહીં क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય થયો છે તેથી આ સૂત્રથી तन् ધાતુનાં न् નો आ થવાથી तआयते થશે. પછી समानानां... ૧-૨-૧ થી अ+आ = आ થવાથી तायते પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી न् નો आ ન થાય ત્યારે तन्यते થશે.

**क्य इति किम् ?** तन्तन्यते = ખૂબ વિસ્તાર કરે છે.

तन्य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

ततन्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

तम्तन्य - मुरतो... ૪-૧-૫૧ થી मु આગમ.

तन्तन्य - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો न्. તે પ્રત્યયાદિ કાર્ય થવાથી तन्तन्यते પ્રયોગ થશે. અહીં यङ् પ્રત્યય છે. क्य પ્રત્યય નથી તેથી આ સૂત્રથી तन् ધાતુનાં न् નો आ આદેશ વિકલ્પે થયો નથી.

## तौ सनस्तिकि । ૪-૨-૬૪

**અર્થઃ-** तिक् પ્રત્યય પર છતાં सन् ધાતુનાં અન્ત્યવર્ણનો (न् નો) લોપ અને आ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - सतिः, सातिः, सन्तिः = દાની કોઈક વ્યક્તિ વિશેષ.

सन्+ति - तिक्... ૫-૧-૭૧ થી तिक् પ્રત્યય.

**सति** - આ સૂત્રથી न् નો લોપ. વિકલ્પપક્ષે न् નો લોપ ન થાય ત્યારે-

सआति - આ સૂત્રથી न् નો आ.

**साति** - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ. આ સૂત્રથી न् નો

લોપ અને આ બન્ને ન થાય ત્યારે **सन्ति.** सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી सतिः, सातिः, सन्तिः પ્રયોગ થશે.

✿ षणूयि અને षन બન્ને सन् ધાતુનું આ સૂત્રમાં ગ્રહણ થશે. અહીં ઉદાહરણ બતાવ્યા છે તે षणूयि ધાતુનાં છે. કેમકે सन्तिः પ્રયોગમાં अहन्... ૪-૧-૧૦૭ થી દીર્ઘ થવાની પ્રાપ્તિ હતી પણ न-तिकि... ૪-૨-૫૯ થી આઠમાં ગણનો सन् ધાતુ હોય તો દીર્ઘનો નિષેધ થતો હોવાથી અહીં सन्तिः પ્રયોગમાં દીર્ઘ થયો નથી. પરંતુ षन ધાતુનાં પ્રયોગો सतिः, सातिः सान्तिः એ પ્રમાણે થશે. षन ધાતુ भ्वादि ગણનો હોવાથી न-तिकि... ૪-૨-૫૯ થી દીર્ઘનો નિષેધ થતો નથી તેથી अहन्... ૪-૨-૧૦૭ થી દીર્ઘ થઈને सान्तिः પ્રયોગ થયો છે.

## वन्याङ् पञ्चमस्य । ४-२-६५

**અર્થઃ-** वन् પ્રત્યય પર છતાં ધાતુનાં પંચમવર્ણનો आङ् (आ) આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) विजावा = ઉત્પન્ન થનાર. विजायते इति.

वि+जन्+वन् - मन्वन्... ૫-૧-૧૪૭ થી वन् પ્રત્યય.

विजावन् - આ સૂત્રથી ધાતુનાં न् નો आ. અને अ+आ = आ.

विजावन् - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

विजावान्+सि - निदीर्घः ૧-૪-૮૫ થી સ્વર દીર્ઘ.

विजावान् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

विजावा - नाम्नो... ૨-૧-૯૧ થી न् નો લોપ.

(૨) घ्वावा = ભટકનાર. घुणि-भ्रमणे (૭૦૮), घुण-भ्रमणे (૧૩૬૭)

घुण्+वन् - मन्वन्... ૫-૧-૧૪૭ થી वन् પ્રત્યય.

घुआवन् - આ સૂત્રથી ण् નો आ.

घ्वावन् - इवर्णादि... ૧-૨-૨૧ થી उ નો व्.

હવે પછીની સાધનિકા विजावा પ્રમાણે થશે. ङ् ઇત્‌વાળો आङ् આદેશ થતો હોવાથી અહીં ગુણ નો નિષેધ થયો છે. એજ પ્રમાણે -

✿ (૧) खन् - विखावा, (૨) क्रम् - दधिक्रावा, (૩) गम् - अग्रेगावा

(૪) घूर्ण - घूरावा, (૫) ओणृ - अवावा - ओण्+वन्, ओआवन्, अवावन्. આ સૂત્રથી ण् નો आ અને ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव् વિગેરે કાર્ય થવાથી अवावा પ્રયોગ થશે. (૬) इव् - यावा - इव्+वन्, उदितः... ૪-૪-૯૮ થી न् આગમ થવાથી इन्व्+वन्, य्वोः... ૪-૪-૧૨૧ થી व् નો લોપ इन्+वन्, આ સૂત્રથી न् નો आ થવાથી इआवन्, इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य् વિગેરે કાર્ય થવાથી यावा પ્રયોગ થશે.

✿ आ ની અનુવૃત્તિ ચાલતી હતી છતાં સૂત્રમાં ફરી आ નું ગ્રહણ હોવાથી तौ અને नवा ની અનુવૃત્તિ અટકી ગઈ.

## अपाच्चायश्चिः क्तौ । ૪-૨-૬૬

**અર્થઃ-** क्ति પ્રત્યય પર છતાં अप ઉપસર્ગથી પર રહેલાં चाय् ધાતુનો चि આદેશ થાય છે.

**વિવેચન** - अपचितिः = પૂજા. चायृग्-पूजा-निशामनयोः (૯૧૭)

अपचाय्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય.

अपचिति - આ સૂત્રથી चाय् નો चि આદેશ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી अपचितिः પ્રયોગ થશે.

## ह्लादो ह्लद् क्तयोश्च । ૪-૨-૬૭

**અર્થઃ-** क्त, क्तवतु અને क्ति પ્રત્યય પર છતાં ह्लाद् ધાતુનો ह्लद् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) ह्लन्नः = સુખી થયો, અવાજ કર્યો. ह्लादैङ्-सुखेशब्देच (૭૩૮)

ह्लाद्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

ह्लद्+त - આ સૂત્રથી ह्लाद् નો ह्लद् આદેશ.

ह्लन्न - रदाद... ૪-૨-૬૯ થી त् નો न्. અને ધાતુનાં द् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી ह्लन्नः પ્રયોગ થશે.

(૨) ह्लन्नवान् = સુખી થયો, ह्लन्नवत् સુધી ઉપર પ્રમાણે થશે.

ह्लन्नवत्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

ह्लन्नवन्त्+सि - ऋदुदितः ૧-૪-૭૦ થી न् નો આગમ.

ह्लन्नवन्+सि - पदस्य ૨-૧-૮૯ થી त् નો લોપ.

ह्लन्नवान्+सि - निदीर्घः १-४-८५ थी स्वर દીર્ઘ.

ह्लन्नवान् - दीर्घ... १-४-४५ थी सि નો લોપ.

(૩) ह्लत्तिः = સુખી થવું. ह्लद्+ति - स्त्रियां... ५-३-९१ थी क्ति પ્રત્યય.

ह्लत्ति - अघोषे... १-३-५० थी द् નો त्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... थी ह्लत्तिः પ્રયોગ થશે.

**क्तयोश्चेति किम् ?** ह्लादित्वा = સુખી થઈને. અહીં क्त, क्तवतु કે क्ति પ્રત્યય નથી પણ क्त्वा પ્રત્યય હોવાથી આ સૂત્રથી ह्लाद् નો ह्लद् આદેશ થયો નથી.

## ॠल्वादेरेषां तो नोऽप्रः । ४-२-६८

**અર્થઃ-** पृ ધાતુ વર્જીને દીર્ઘ ॠકારાન્ત ધાતુથી અને लू વિગેરે ल्वादि ધાતુથી પર રહેલાં क्ति, क्त અને क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - (૧) तीर्णिः = તરવું. तॄ-प्लवनतरणयोः (२७)

तॄ+ति - स्त्रियां... ५-३-९१ थी क्ति પ્રત્યય.

तिर्+ति - ॠतां... ४-४-११६ थी ॠ नो इर्.

तीर्+ति - भ्वादेः... २-१-६३ थी इर् नो इ દીર્ઘ.

तीर्नि - આ સૂત્રથી ति નાં त् નો न्.

तीर्णि - र-षृ... २-३-६३ थी नि નાં न् નો ण्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... थी तीर्णिः પ્રયોગ થશે.

(૨) तीर्णः = તરેલો. क्त... ५-१-१७४ थी क्त પ્રત્યય. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

(૩) तीर्णवान् = તરેલો. क्त... ५-१-१७४ थी क्तवतु પ્રત્યય. तीर्णवत् સુધી ઉપર પ્રમાણે થશે. પછી ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૪) लूनिः = કાપવું. लूग्श्-छेदने (१५१९)

लू+ति - स्त्रियां... ५-३-९१ थी क्ति પ્રત્યય.

लूनि - આ સૂત્રથી ति નાં त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... थी लूनिः પ્રયોગ થશે.

(૫) लूनः = કાપેલો. ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય. સાધનિકા लूनिः પ્રમાણે થશે.

(૬) लूनवान् = કાપ્યું. ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય. लू+तवत् આ સૂત્રથી त् નો न् થવાથી लूनवत्. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लनवान् પ્રમાણે થશે.

(૭) धूनिः = કંપવું, ધૂણવું. धूग्श्-कम्पने (૧૫૨૦) સાધનિકા लूनिः પ્રમાણે થશે.

(૮) धूनः = ધૂણેલો. સાધનિકા लूनः પ્રમાણે થશે.

(૯) धूनवान् = ધૂણ્યો. સાધનિકા लूनवान् પ્રમાણે થશે.

**अप्र इति किम् ?** पूर्त्तिः = પૂરવું.

पॄ+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય.

पुर्+ति - ओष्ठ्या... ૪-૪-૧૧૭ થી ॠ નો उर्

पूर्ति - भ्वादे... ૨-૧-૬૩ થી उर् નો उ દીર્ઘ.

पूर्त्ति - र्हादर्ह... ૧-૩-૩૧ થી त् દ્વિત્વ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पूर्त्तिः પ્રયોગ થશે.

(૨) पूर्त्तः = પૂરું કરેલ. સાધનિકા पूर्त्तिः પ્રમાણે થશે. પણ ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય થશે.

(૩) पूर्त्तवान् = પૂરું કરેલ. સાધનિકા पूर्त्तवत् સુધી पूर्त्तिः પ્રમાણે થશે. પણ ૫-૧-૧૭૪ થી तवत् પ્રત્યય થશે અને પછીની સાધનિકા ह्लनवान् પ્રમાણે થશે.

✡ ધાતુપાઠમાં ૧૫૧૯ થી ૧૫૩૯ સુધીનાં ધાતુઓ ल्वादि ગણનાં છે.

✡ ल्वादि ગણની મધ્યમાં જે દીર્ઘ ॠકારાન્ત स्तॄ વિગેરે ધાતુઓ છે તેઓનો ॠકારાન્તનાં ગ્રહણથી તકારનો નકાર આદેશ સિદ્ધ હોવા છતાં ल्वादि ગણમાં પાઠ છે તે प्वादि ગણનાં કાર્ય માટે છે.

✡ ખરેખર ॠકારાન્ત ધાતુઓનો इर् આદેશ થવાથી र् અન્તવાળા ધાતુને નીચેનાં ૪-૨-૬૯ સૂત્રથી त् નો न् આદેશ સિદ્ધ થાય જ છે તો આ સૂત્રમાં ॠકારાન્ત ધાતુનું ગ્રહણ શા માટે કર્યું ? સાચી વાત છે પણ ૪-૨-૬૯ સૂત્રમાં क्त અને क्तवतु નાં त् નો न् થાય છે જ્યારે આ સૂત્રવડે તો क्ति-क्त અને क्तवतु ત્રણેનાં त् નો न् થાય છે હવે જો क्ति

ને માટે જ કરવું હોય તો "ॠतां क्तौ" એ પ્રમાણે કહે તો ॠકારાન્ત ધાતુથી क्ति નાં જ त् નો न् થાય આવો નિયમ થવાથી क्त અને क्तवतु નાં त् નો न् ૪-૨-૬૯ ઉત્તરસૂત્રથી પણ ન થાય. તેથી અહીં ॠકારાન્ત ધાતુનું ગ્રહણ છે તે બરાબર છે.

## रदादमूर्च्छ-मदः क्तयोर्दस्य च । ४-२-६९

**અર્થ:-** मूर्च्छ् અને मद् ધાતુ વર્જીને र् અને द् અન્તવાળા ધાતુથી પર રહેલાં क्त અને क्तवतु નાં त् નો न् થાય છે ત્યારે તેનાં યોગમાં ધાતુનાં द् નો न् થાય છે.

**વિવેચન** - (૧) पूर्णः = પૂર્ણ કરેલ. पूरैचि-आप्यायने (૧૨૬૮)

पूर्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

पूर्न - આ સૂત્રથી त् નો न्.

पूर्ण - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पूर्णः પ્રયોગ થશે.

(૨) पूर्णवान् = પૂરું કર્યું. पूर्णवत् સુધી ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૩) भिन्नः = ભેદાએલ. भिदृंपी-विदारणे (૧૪૭૭)

भिद्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

भिन्न - આ સૂત્રથી त् નો न् અને ધાતુનાં द् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી भिन्नः પ્રયોગ થશે.

(૪) भिन्नवान् = ભેદ્યું. भिन्नवत् સુધી ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

**अमूर्च्छमद इति किम् ?** मूर्त्तः = મૂર્ચ્છા પામેલો. સાધનિકા ૪-૧-૧૧૦ માં જણાવેલ मूर्त्तिः પ્રમાણે થશે. પણ અહીં क्त પ્રત્યય ૫-૧-૧૭૪ થી થશે.

(૨) मत्तः = મદવાળો, છકી ગયેલ. मदै-हर्षग्लपनयोः (૧૦૪૮), मदैच्-हर्षे (૧૨૩૬), मदिण्-तृप्तियोगे (૧૮૦૭) मद्+त = मत्त - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી मत्तः પ્રયોગ

થશે. અહીં मूर्च्छ् અને मद् ધાતુનો નિષેધ કરેલો હોવાથી આ સૂત્રથી त् નો न् અને मद् ધાતુનાં द् નો न् થયો નથી. અન્યથા मूर्नः અને मन्नः એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**रदात्तस्येति किम् ?** चरितम् = આચરણ. चर-भक्षणे गतौ च (૪૧૦) मुदितम् = આનંદ. मुदि-हर्षे (૭૨૬) અહીં चर् અને मुद् ધાતુને क्त પ્રત્યય ૫-૧-૧૭૪ થી થયો. અને स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી चरितम्, मुदितम् પ્રયોગ થશે. અહીં र् અને द् અન્તવાળા ધાતુ છે પણ र् અને द् તથા क्त ની વચ્ચે इट् નું વ્યવધાન હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

✡ कृतः, कृतवान् અહીં વર્ણનાં ગ્રહણવડે વર્ણનાં એકદેશનું ગ્રહણ થતું ન હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી. એટલે ऋकार સ્વરૂપ વર્ણ અને તેનો એકદેશ રેફ (र्) તેનું ગ્રહણ ન થાય. કારણ કે ऋ માં રહેલાં र् અને त् ની વચ્ચે સ્વરનું વ્યવધાન રહેલું છે. ऋकारની મધ્યમાં અર્ધમાત્ર રેફ છે અને આગળ પાછળ પા પા ભાગ સ્વર છે. આ પ્રમાણે પૂર્વાચાર્યોવડે નિશ્ચય કરાયો છે તે લખવા માટે શક્ય નથી.

**क्तयोरिति किम् ?** चूर्तिः, भित्तिः અહીં चर् અને भिद् ધાતુથી क्ति પ્રત્યય થયેલો છે તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

✡ चूर्णिः પ્રયોગ કેવી રીતે થયો ? कावाक्री... ઉણાદિ (૬૩૪) થી चर् ધાતુને णि પ્રત્યય થએલો હોવાથી चूर्णिः પ્રયોગ થયેલો છે.

✡ चीर्णिः પ્રયોગ કેવી રીતે થયો ? ऋत्-घृ-सृ... ૬૩૫ ઉણાદિથી चृ ધાતુને કિત્ णि પ્રત્યય થએલો હોવાથી चीर्णिः પ્રયોગ થયેલો છે.

✡ आचीर्णः, आचीर्णवान् પ્રયોગ કેવી રીતે થયા ? चृ ધાતુથી અન્ય એવા चरति ધાતુનાં સમાનાર્થક ધાતુથી क्त-क्तवतु પ્રત્યયનાં વિષયમાં આ પ્રયોગ થયા છે એમ માને છે.

## सूयत्याद्योदितः । ૪-૨-૭૦

**અર્થઃ-** (દિવાદિ ગણનાં) सूयति (सू વિગેરે) નવ ધાતુથી અને ओ ઇત્વાળા ધાતુથી પર રહેલાં क्त અને क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - (૧) सूनः = જન્મેલો. षूङौच्-प्राणिप्रसवे (૧૨૪૨)

सू+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

सून - આ સૂત્રથી त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી सूनः પ્રયોગ થશે.

(૨) सूनवान् = જન્મ આપ્યો. सूनवत् થયા પછી સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે.-

(૩) दूनः = ખેદ પામેલો, दूनवान् = ખેદ પામ્યો. दूङ्च्-परितापे (૧૨૪૩)

(૪) दीनः = નાશ પામેલો, दीनवान् = નાશ પામ્યો. दीङ्च्-क्षये (૧૨૪૪)

(૫) धीनः = અપમાનિત થયેલો, धीनवान् = અપમાન કર્યું. धींग्च्-अनादरे (૧૨૪૫)

(૬) मीनः = મરણ પામેલો, मीनवान् = મૃત્યુ પામ્યો. मींङ्च्-हिंसायाम् (૧૨૪૬)

(૭) रीणः = ટપકેલ, रीणवान् = ટપક્યું. रींङ्च्-स्रवणे (૧૨૪૭)

(૮) लीनः = જોડાએલ, लीनवान् = આલિંગન કર્યું. लींङ्च्-श्लेषणे (૧૨૪૮)

(૯) डीनः = ગયેલો, डीनवान् = ગયો. डींङ्च्-गतौ (૧૨૪૯)

(૧૦) व्रीणः = સ્વીકારેલો, व्रीणवान् = સ્વીકાર્યું. व्रींङ्च्-वरणे (૧૨૫૦)

सू વિગેરે નવ ધાતુનાં આ ઉદાહરણો છે.

(૧૧) लग्नः = લજ્જા પામેલો. ओलजैङ्-ओलस्जैति-व्रीडे (૧૪૬૯-૭૦)

लज्-लस्ज्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

लज्+त. - संयोग... ૨-૧-૮૮ થી ધાતુનાં स् નો લોપ.

लज्+न - આ સૂત્રથી त् નો न्.

लग्+न - चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી लग्नः પ્રયોગ થશે.

(૧૨) लग्नवान् = લજ્જા પામ્યો. लग्नवत् સુધી ઉપર પ્રમાણે થશે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે-

✿ उद्विग्नः, उद्विग्नवान् - ओविजैति-भय-चलनयोः (૧૪૬૮)

✡ पीनः, पीनवान् - ओप्यायैङ् - वृद्धौ (८०५) प्याय्+त - गत्यर्थ... ५-१-११ थी क्त प्रत्यय, पीत-क्तयो... ४-१-९२ थी प्याय् नो पी आદેશ, આ સૂત્રથી त् નો न् થવાથી पीनः, पीनवान् પ્રયોગ થશે.

✡ शूनः,शूनवान् - ट्वोश्वि-गतिवृद्ध्योः (९९७) श्वि+त - ५-१-१७४ थी क्त प्रत्यय, शुत-यजादि... ४-१-७९ थी य्वृत्. शून-दीर्घ... ४-१-१०३ थी દીર્ઘ. આ સૂત્રથી त् નો न् થવાથી शूनः, शूनवान् પ્રયોગ થશે.

✡ वृक्णः, वृक्णवान् - ओव्रस्चौत्-छेदने (१३४१) સાધનિકા लग्नः, लग्नवान् પ્રમાણે થશે. અહીં र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થશે. આ ઉદાહરણો ओ ઇત્‌વાળા ધાતુનાં છે.

**एभ्य इति किम् ?** पीतः, पीतवान् - पींङ्च्-पाने (१२५१) पी ધાતુ એ સૂ વિગેરે નવ ધાતુમાંનો ધાતુ નથી તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

✡ सूयति એ પ્રમાણે સૂત્રમાં श्य નો નિર્દેશ કરેલો હોવાથી सूति બીજા ગણનાં અને सुवति છઠ્ઠા ગણનાં ધાતુનો આ સૂત્રમાં સમાવેશ થતો નથી.

## व्यञ्जनान्तस्थाऽऽतोऽख्या-ध्यः । ४-२-७१

**અર્થઃ-** ख्या અને ध्या ધાતુને વર્જીને અન્ય ધાતુ સંબંધી વ્યંજનથી પર રહેલાં અંતસ્થાથી પરમાં आ હોય તેવા ધાતુથી પર રહેલાં क्त અને क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - (૧) स्त्यानः= ભેગું કરેલો. स्त्यै-संघाते शब्दे च (४०)

स्त्यै+त - क्त... ५-१-१७४ थी क्त प्रत्यय.

स्त्यात - आत्... ४-२-१ थी ऐ नो आ.

स्त्यान - આ સૂત્રથી त् નો न्.

सि प्रत्यय, सोरुः, रःपदान्ते... थी स्त्यानः थशे.

(૨) स्त्यानवान् = ભેગું કર્યું. स्त्यानवत् થયા પછી સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. અહીં स्त्या ધાતુનો વ્યંજન त्, તેની પછી અંતસ્થા य् અને તેની પછી आ છે તેથી આ સૂત્રથી त् નો न् થયો. એજ પ્રમાણે - ग्लै ધાતુનો ग्लानः, ग्लानवान् પ્રયોગ થશે.

**व्यञ्जन इति किम् ?** यातः = ગયેલો. यांक्-प्रापणे (१०६२) અહીં

ધાતુસંબંધી વ્યંજનથી પરમાં અંતસ્થા નથી. આદિમાં અંતસ્થા છે તેથી તે य ની પછી રહેલાં आ થી પર त् નો न् આ સૂત્રથી થયો નથી.

**अन्तस्था इति किम् ?** स्नातः = સ્નાન કરેલો. ष्णांक्-शौचे (૧૦૬૪) અહીં ધાતુસંબંધી स् વ્યંજનથી પરમાં न् છે અંતસ્થા નથી તેથી आ થી પર त् નો न् આ સૂત્રથી થયો નથી.

**आत इति किम् ?** च्युतः = સીચેલો, પડેલો. च्युत्-आसेचने (૨૮૦) અહીં ધાતુસંબંધી च् વ્યંજનથી પર य् અંતસ્થા છે પણ તેનાથી પર आ નથી उ છે. તેથી उ થી પર રહેલ त् નો न् આ સૂત્રથી થયો નથી. એજ પ્રમાણે द्रुतः, प्लुतः વિગેરે.

**धातोर्व्यञ्जनेति किम् ?** निर्यातः = નીકળેલો. અહીં ઉપસર્ગ સંબંધી र् વ્યંજનથી પરમાં અંતસ્થા य् છે તેથી आ થી પર રહેલાં त् નો न् આ સૂત્રથી થયો નથી. ધાતુસંબંધી જ વ્યંજન જોઈએ.

**अख्याध्य इति किम् ?** ख्यातः = કહેલો. ख्यांक्-प्रथने (૧૦૭૧) ध्यातः = ધ્યાન કરેલો, વિચારેલો. ध्यै-चिन्तायाम् (૩૦) અહીં ધાતુસંબંધી ख् અને ध् થી પર અંતસ્થા य् છે અને તેનાથી પર आ છે પણ સૂત્રમાં ख्या અને ध्या ધાતુનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

**आतः परस्येति किम् ?** दरिद्रितः = દરિદ્ર થયેલો. दरिद्राक्-दुर्गतौ (૧૦૯૨) दरिद्रा+त, दरिद्रा+इ+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्, दरिद्रितः - इडेत्... ૪-૩-૯૪ થી ધાતુનાં आ નો લોપ. અહીં ધાતુ સંબંધી द् થી પર र् અંતસ્થા છે તથા તે र् ની પછી आ છે પણ आ અને त ની વચ્ચે इट् નું વ્યવધાન છે તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

## पू-दिव्यञ्चेर्नाशाऽद्यूताऽनपादाने । ૪-૨-૭૨

**અર્થઃ-** નાશ અર્થમાં વર્તતાં पू ધાતુથી પર, અદ્યૂત (જુગાર ભિન્ન) અર્થમાં વર્તતાં दिव् ધાતુથી પર અને અનપાદાન (અપાદાન કારકથી અન્ય વિષયવાળી ક્રિયા) અર્થમાં વર્તતાં अञ्च् ધાતુથી પર રહેલાં क्त અને क्तवतु નાં त् નો न् થાય છે.

**વિવેચન** - (૧) पूनाः यवाः = નાશ પામેલા જવ.

पूङ्, पूग्श्-पवने (६००/१५१८)

पू+त - क्त... ५-१-१७४ थी क्त પ્રત્યય.

पून - આ સૂત્રથી त् નો न्.

पून-अस् - स्यौ... १-१-१८ થી जस् પ્રત્યય.

पूनास् - समानानां... १-२-१ થી अ+अ = आ.

पूनाः - सोरुः, रःपदान्ते... થી स् નો र् અને र् નો વિસર્ગ.

(૨) आद्यूनः = રોગી. दिवूच्-क्रीडाजयेच्छापणिद्युतिस्तुतिगतिषु (११४४)

आ+दिव्+त - क्त... ५-१-१७४ थी क्त પ્રત્યય.

आ+दिऊ+त - अनुनासिके... ४-१-१०८ થી व् નો ऊट्.

आद्यूत - इवर्णादि... १-२-२१ થી इ નો य्.

आद्यून - આ સૂત્રથી त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી आद्यूनः પ્રયોગ થશે.

(૩) समक्नौ पक्षौ = સમેટેલી બે પાંખો (शकुनेः (पक्षिणः) पक्षौ संगतौ इत्यर्थः)

सम्+अञ्च्+त - क्त... ५-१-१७४ थी क्त પ્રત્યય.

समच्+त - अञ्चो... ४-२-४६ થી न् નો (ञ् નો) લોપ.

समक्+त - चजः... २-१-८६ થી च् નો क्.

समक्न - આ સૂત્રથી त् નો न्.

समक्न+औ - स्यौ... १-१-१८ થી औ પ્રત્યય.

समक्नौ - ऐदौत्... १-२-१२ થી अ+औ = औ.

**नाशाऽद्यूताऽनपादान इति किम् ?** पूतम् धान्यम् = પવિત્ર (સારું) ધાન્ય. અહીં નાશ અર્થ ન હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

(૨) द्यूतम् = જુગાર. સાધનિકા ૪-૧-૧૦૮ માં કરેલી છે. અહીં જુગાર અર્થ હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

(૩) उदक्तं जलं (कूपात्) = કૂવામાંથી પાણી કાઢ્યું. સાધનિકા ૪-૨-૪૬ માં કરેલી છે. અહીં अञ्च् ધાતુની ક્રિયા અપાદાન કારકનાં વિષયવાળી

હોવાથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

**अनपादान** = अञ्च् ધાતુથી કહેવાતી ક્રિયા અપાદાન કારકનાં વિષયવાળી ન હોવી જોઈએ.

## सेर्ग्रासे कर्म्मकर्त्तरि । ४-२-७३

**અર્થઃ**- ગ્રાસ (કોળીયો) કર્મકર્તા હોય તો સિ ધાતુથી પર રહેલ क्त અને क्तवतु પ્રત્યયનાં त् નો न् થાય છે.

**વિવેચન** - सिनः ग्रासः स्वयमेव = કોળીયો સ્વયં બંધાઈ ગયો. (કર્મકર્ત્તરિ)

मैत्रः ग्रासं सिनोति सिनाति वा = મૈત્ર કોળીયાને બાંધે છે. (કર્તરિ).

અહીં કર્તરિ વાક્યનું કર્મ ગ્રાસ એજ ગ્રાસ કર્મકર્ત્તરિ વાક્યમાં કર્તા છે.

सि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

सिन - આ સૂત્રથી त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી सिनः પ્રયોગ થશે.

**कर्मकर्त्तरीति किम्** ? सितः ग्रासः मैत्रेण = મૈત્રવડે ગ્રાસ બંધાયો. અહીં કર્મણિ વાક્ય હોવાથી ગ્રાસ એ કર્મ છે પણ કર્મકર્તા નથી. મૈત્ર કર્તા છે તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

**ग्रास इति किम्** ? सितं कर्म स्वयमेव = કર્મ સ્વયં બંધાયા. અહીં सि ધાતુનું કર્મકર્તા ગ્રાસ શબ્દ નથી. कर्म શબ્દ છે તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

✡ षिगृट्-षिगृश्-बन्धने (૧૨૮૭-૧૫૦૯) એમ બન્ને सि ધાતુનું અહીં ગ્રહણ થશે.

## क्षेः क्षी चाऽध्यार्थे । ४-२-७४

**અર્થઃ**- क्षी ધાતુથી પર રહેલ अध्यण् અર્થમાં વર્તતાં (ध्यण् - ભાવ -કર્મ. તેનાથી અન્ય કર્ત્રાદિ અર્થમાં વર્તતાં) क्त અને क्तवतु નાં त् નો न् થાય છે અને તેનાં યોગમાં क्षि ધાતુનો क्षी આદેશ થાય છે.

**વિવેચન** - (૧) क्षीणः = મૈત્ર ક્ષીણ થયો क्षि-क्षये (૧૦)

क्षि+त - गत्यर्थ... ૫-૧-૧૧ થી क्त પ્રત્યય.

क्षीन - આ સૂત્રથી त् નો न् અને क्षि નો क्षी.

क्षीण - र-षृ... २-३-६३ थी न् नो ण्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી क्षीणः પ્રયોગ થશે.

(૨) क्षीणवान् = મૈત્ર ક્ષીણ થયો. ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય - क्षीणवंत ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्रन्नवान् પ્રમાણે થશે.

(૩) અધિકરણમાં क्त પ્રત્યય થાય ત્યારે इदम् एषाम् क्षीणम् = આ આમાં ક્ષીણ થયો. અહીં अद्यर्थात्... ૫-૧-૧૨ થી क्त પ્રત્યય થયેલો છે. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**अध्यार्थे इति किम् ?** क्षितम् अस्य = આનો ક્ષય થયો. અહીં क्षि ધાતુને ભાવમાં क्लीबे क्तः ૫-૩-૧૨૩ થી क्त પ્રત્યય થયો છે. તેથી આ સૂત્રથી त् નો न् અને क्षि નો क्षी આદેશ થયો નથી.

## वाऽऽक्रोश-दैन्ये । ૪-૨-૭૫

**અર્થ:-** આક્રોશ અને દિનતા અર્થ ગમ્યમાન હોયતો क्षि ધાતુથી પર રહેલ अध्यण् (ध्यण्-ભાવ-કર્મ. તેનાથી અન્ય કર્ત્રાદિ) અર્થમાં વર્તતાં क्त અને क्तवतु નાં त् નો न् વિકલ્પે થાય છે અને તેનાં યોગમાં क्षि ધાતુનો क्षी આદેશ થાય છે.

**વિવેચન** - (૧) क्षीणायुर्जाल्मः - क्षितायुर्जाल्मः = આ નીચ માણસ ક્ષીણ આયુષ્યવાળો છે. અહીં આક્રોશ અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી त् નો न् વિકલ્પે થયો છે. સાધનિકા ૪-૨-૭૪ માં જણાવેલ क्षीणः પ્રમાણે થશે.

(૨) क्षीणकः तपस्वी - क्षितकः तपस्वी = તપસ્વી (બિચારો) ક્ષીણ થયો. સાધનિકા ૪-૨-૭૪ માં જણાવેલ क्षीणः પ્રમાણે થશે. અહીં દીનતા અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી त् નો न् વિકલ્પે થયો છે.

अनुकम्पा... ૭-૩-૩૪ થી क्षीण અને क्षित નામને સ્વાર્થમાં क પ્રત્યય થયો છે. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી त् નો न् ન થાય ત્યારે क्षि નો क्षी આદેશ પણ નહીં થાય.

**अध्यार्थ इत्येव —** क्षितं जाल्मस्य = લુચ્ચાનું આયુષ્ય ક્ષીણ થવું તે. क्षितं तपस्विनः = તપસ્વીનું ક્ષીણ થવું. અહીં આક્રોશ અને દીનતા

અર્થ ગમ્યમાન છે પણ क्लीबे क्तः ૫-૩-૧૨૩ થી ભાવમાં क्त પ્રત્યય થયો છે. તેથી આ સૂત્રથી त् નો न् થયો નથી.

## ऋ-ह्री-घ्रा-ध्रा-त्रोन्द-नुद-विन्तेर्वा । ४-२-७६

**અર્થઃ-** ऋ, ह्री, घ्रा, ध्रा,त्रा, उन्द, नुद् અને विद् ધાતુઓથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો न् વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) ऋणम् = ઋણ - કરજ, ऋतम् = સત્ય. ऋं-प्रापणे गतौ च (२६)

ऋ+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

ऋन - આ સૂત્રથી त् નો न् વિકલ્પે.

ऋण - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्.

सि નો अम्, समाना... ૧-૪-૪૬ થી अम् નાં अ નો લોપ થવાથી ऋणम् થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી त् નો न् ન થાય ત્યારે ऋतम् થશે.

(૨) ह्रीणः, ह्रीतः = શરમાયેલો. ह्रींक्-लज्जायाम् (૧૧૩૩) સાધનિકા ऋणम्, ऋतम् પ્રમાણે થશે. અહીં सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી પ્રયોગ થશે.

(૩) ह्रीणवान्, ह्रीतवान् = શરમાયેલો. ह्रीणवत्, ह्रीतवत् સુધી ઉપર પ્રમાણે થશે. બાકીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૪) घ्राणः, घ्रातः = સૂંઘેલો. घ्रां-गन्धोपादाने (૩) સાધનિકા ऋणम्, ऋतम् પ્રમાણે થશે.

(૫) ध्राणः, ध्रातः = તૃપ્ત થયેલો. ध्रै-तृप्तौ (૩૫) સાધનિકા ऋणम्, ऋतम् પ્રમાણે થશે. પણ आत्... ૪-૨-૧ થી ध्रै ધાતુનાં ऐ નો आ થવાથી ध्रा ધાતુ બનશે.

(૬) त्राणः, त्रातः = રક્ષણ કરાએલો. त्रैङ्-पालने (૬૦૫) आत्... ૪-૨-૧ થી त्रै નાં ऐ નો आ થવાથી त्रा ધાતુ બનશે. પછીની સાધનિકા ऋणम्, ऋतम् પ્રમાણે થશે.

(૭) समुन्नः, समुत्तः = ભીંજાવેલો. उन्दैप्-क्लेदने (૧૪૯૧)

सम्+उन्द्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

समुद्+त - नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ઉપાન્ત્ય न् નો લોપ.

समुद्+न - આ સૂત્રથી त् નો न् વિકલ્પે.

समुन्न - रदाद... ૪-૧-૬૯ થી द् નો न्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી समुन्नः પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી त् નો न ન થાય ત્યારે समुद्+त - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त् થવાથી समुत्तः પ્રયોગ થશે.

(૮) नुन्नः, नुत्तः = પ્રેરણા કરાએલો. णुदंत्-प्रेरणे (૧૩૭૦) સાધનિકા समुन्नः, समुत्तः પ્રમાણે થશે.

(૯) विन्नः, वित्तः = વિચારેલો. विदिंप्-विचारणे (૧૪૯૭) સાધનિકા समुन्नः, समुत्तः પ્રમાણે થશે. विन्ते એ પ્રમાણે न् નો નિર્દેશ કરેલો હોવાથી विदिंच्-सत्तायाम् (૧૨૫૮) દિવાદિ ગણનાં અને विद्लृंती-लाभे (૧૩૨૨) તુદાદિ ગણનાં विद् ધાતુથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો न् रदाद... ૪-૨-૬૯ થી નિત્ય થશે. જેમકે विन्नः, विन्नवान्.

✡ ऋ અને ह्री ધાતુમાં त् નાં न् ની પ્રાપ્તિ ન હતી, घ्रा, ध्रा અને त्रा ધાતુમાં व्यञ्जना... ૪-૨-૭૧ થી त् નાં न् ની પ્રાપ્તિ હતી અને उन्द्, नुद् અને विद् ધાતુમાં रदाद... ૪-૨-૬૯ થી त् નાં न् ની પ્રાપ્તિ હતી સર્વત્ર આ સૂત્રથી વિકલ્પ કર્યો. પણ द् અન્તવાળા ધાતુનાં द् નો न् रदाद... ૪-૨-૬૯ થી થશે. અને જ્યાં त् નો न् ન થાય ત્યાં ધાતુનાં द् નો न् પણ નહીં થાય.

✡ ह्रीणवान्, ह्रीतवान् એ પ્રમાણે એકજ ઉદાહરણ આપ્યું છે પણ બધા ધાતુનાં ઉદાહરણ થશે. જેમ કે - ऋणवान्-ऋतवान्, घ्राणवान्-घ्रातवान्, ध्राणवान्-ध्रातवान्, त्राणवान्-त्रातवान्, समुन्नवान्-समुत्तवान्, नुन्नवान्-नुत्तवान्, विन्नवान्-वित्तवान् પ્રયોગો થશે.

## दु-गोरू च । ૪-૨-૭૭

**અર્થઃ-** दु અને गु ધાતુથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો न् થાય છે અને તેના યોગમાં दु અને गु ધાતુનાં उ નો ऊ થાય છે.

**વિવેચન** - (૧) दूनः = દુષિત થયેલો, દૂણાયેલો. टुदुंट्-उपतापे (૧૨૯૭) સાધનિકા ૪-૨-૭૦ માં જણાવેલ सुनः પ્રમાણે થશે. પણ त् નો न् આ સૂત્રથી થાય ત્યારે दु નાં उ નો ऊ થવાથી दूनः પ્રયોગ થશે.

(૨) दूनवान् = દુષિત થયો, દૂણાયો. સાધનિકા ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે-

(૩) गूनः = નિહાર કરાએલ. गुंङ्-शब्दे (૫૯૧)

(૪) गूनवान् = નિહાર કર્યો. લાદ કરેલો હાથી. સંસ્કૃત द्व्याश्रय કાવ્ય નવમો સર્ગ શ્લોક ૫૫ માં "इभगूने" એ પ્રમાણે પ્રયોગ છે.

## क्षै-शुषि-पचो म-क-वम् । ૪-૨-૭૮

**અર્થ:-** क्षै ધાતુથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો म् આદેશ થાય છે.

शुष् ધાતુથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો क् આદેશ થાય છે.

पच् ધાતુથી પર રહેલ क्त અને क्तवतु નાં त् નો व् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) क्षामः = ક્ષય પામેલો. क्षैं-क्षये (૪૨)

क्षै+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

क्षात - आत्... ૪-૨-૧ થી ऐ નો आ.

क्षाम - આ સૂત્રથી त् નો म्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી क्षामः પ્રયોગ થશે.

(૨) क्षामवान् = ક્ષય પામ્યો. क्षामवत् સુધી ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૩) शुष्कः = સુકાએલો. शुषंच्-शोषणे (૧૨૦૮)

शुष्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

शुष्क - આ સૂત્રથી त् નો क्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शुष्कः પ્રયોગ થશે.

(૪) शुष्कवान् = સુકાઈ ગયો. शुष्कवत् સુધી ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૫) पक्वः = પકાવેલો.

पच्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

पच्-व - આ સૂત્રથી त् નો व्.

पक्व - चजः... ૨-૧-૮૬ થી च નો क्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पक्वः પ્રયોગ થશે.

(૬) पक्ववान् = પકાવ્યું. पक्ववत् સુધી ઉપર પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्रवान् પ્રમાણે થશે. અહીં त् નો व् થયા પછી धुट् પ્રત્યય પરમાં નથી પણ च् નો क् કરતી વખતે તે व् પરકાર્યમાં અસત્ મનાય છે તેથી ૨-૧-૮૬ થી च् નો क् થયો. ૪-૨-૭૮ મું સૂત્ર ૨-૧-૬૧ સૂત્રમાં મનાય છે. અને ૨-૧-૬૧ થી ૨-૧-૮૬ મું સૂત્ર પર છે તેથી પર કાર્યમાં व् અસત્ થવાથી च् નો क् થઈ શક્યો. क्त પ્રત્યયનાં જે જે આદેશો થાય છે તે બધા સૂત્રો ૨-૧-૬૧ સૂત્રમાં છે એમ મનાય છે આવી રીતે જ્યાં જ્યાં ફેરફાર થયા હોય ત્યાં અસત્વિધિ જાણવી.

## निर्वाणमवाते । ૪-૨-૭૯

**અર્થઃ-** વાયુ સિવાયનો કર્તા હોય તો निर् પૂર્વક वा ધાતુથી પર રહેલ क्त-क्तवतु નાં त् નો न् નિપાતન થાય છે.

**વિવેચન** - निर्वाणः मुनिः = મુનિ શાંત થયા. वांक्-गतिगन्धनयोः (૧૦૬૩)

निर्+वा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

निर्वान - આ સૂત્રથી त् નો न्.

निर्वाण - स्वरात् ૨-૩-૮૫ થી न् નો ण्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી निर्वाणः પ્રયોગ થશે.

**अवात इति किम् ?** निर्वातः वातः = વાયુ વાયો. અહીં વાયુ કર્તા છે તેથી આ સૂત્રથી त् નો न् નિપાતન થયો નથી.

✡ निर्वाणः प्रदीपः वातेन = વાયુવડે દીપક ઓલવાયો. અહીં વાયુ કરણ છે प्रदीप કર્તા છે તેથી આ સૂત્રથી त् નો न् નિપાતન થયો.

## अनुपसर्गाः क्षीबोल्लाघ-कृश-परिकृश-फुल्लोत्फुल्ल-संफुल्लाः । ૪-૨-૮૦

**અર્થઃ-** क्त પ્રત્યયાન્ત ઉપસર્ગરહિત क्षीब, उल्लाघ, कृश, परिकृश, फुल्ल, उत्फुल्ल અને सम्फुल्ल શબ્દો નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) क्षीबः = અહંકારી. क्षीबृङ्-मदे (૭૬૮) क्षीब्+त-૫-૧-

૧૭૪ થી क्त પ્રત્યય, નિપાતનનાં કારણે स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો નિષેધ, क्त પ્રત્યયનાં त् નો લોપ થવાથી क्षीब्+अ = क्षीब: પ્રયોગ થયો. એજ પ્રમાણે -

(૨) उल्लाघ: = સમર્થ. लाघृङ्-सामर्थ्ये (૬૪૩)

(૩) कृश: (૪) परिकृश: = દુર્બળ. कृशच्-तनुत्वे (૧૨૦૭)

(૫) फुल्ल: = વિકસિત. त्रिफला-विशरणे (૪૧૪)

फल्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

फल्+ल - આ સૂત્રથી त् નો ल् અને इट् નો અભાવ નિપાતન.

फुल्ल - ति चोपान्त्या... ૪-૧-૫૪ થી ધાતુનાં अ નો उ.

सि પ્રત્યય, सोरु:, र:पदान्ते... થી फुल्ल: પ્રયોગ થશે. એજ પ્રમાણે-

(૬) उत्फुल्ल: (૭) संफुल्ल: = વિકસિત, વિશરણ પામેલો.

**अनुपसर्गा इति किम् ?** प्रक्षीबित: = અતિશય અહંકારી. અહીં प्र ઉપસર્ગપૂર્વક क्षीब् ધાતુ હોવાથી આ સૂત્રથી इट् નો અભાવ કે क्त પ્રત્યયનાં त् નો લોપ વિગેરે નિપાતન થતું નથી.

✿ क्त પ્રત્યયથી क्तवतु પ્રત્યય પર છતાં પણ નિપાતન થશે. જેમકે क्षीबवान्, उल्लाघवान्, कृशवान्, परिकृशवान्, फुल्लवान्, उत्फुल्लवान् અને संफुल्लवान् આ પ્રયોગો માટે જ સૂત્રમાં બહુવચન છે.

✿ क्षीब વિગેરે શબ્દો क પ્રત્યય કે अच् પ્રત્યયવડે સિદ્ધ થઈ શકે છે પણ क्षीबित: વિગેરે રૂપનાં નિષેધ માટે આ સૂત્ર કરાયું છે.

✿ प्रक्षीब: પ્રયોગ ક્યાંક દેખાય છે તો તેમાં તો ઉપસર્ગ છે તેથી ઉપર પ્રમાણે प्रक्षीबित: જ થાય प्रक्षीब: કેવી રીતે થયું ? સાચી વાત છે પણ प्रक्षीब: પ્રયોગ નિપાતન નથી સામાસિક શબ્દ છે. प्रगत: क्षीब: इति प्रक्षीब: પ્રાદિ તત્પુરૂષ સમાસ છે.

## भित्तं शकलम् । ૪-૨-૮૧

**अर्थ:-** शकल પર્યાય જણાતો હોય તો भिद् ધાતુથી પર રહેલ क्त પ્રત્યયનાં त् નાં न् નો અભાવ નિપાતન થાય છે.

**વિવેચન** - भित्तं शकलमित्यर्थ: = શકલ, ખંડ, ટૂકડો, ભિત્ત.

भिद्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

भित्त - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

रदाद... ૪-૨-૬૯ થી त् નો न् અને ધાતુનાં द् નાં न् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી શકલ અર્થમાં નિષેધ થયો છે.

**शकलमिति किम् ?** भिन्नं भित्तम् = ટુકડો ભેદાયો. ભેદન ક્રિયા દ્વારા થતો જે ટૂકડો (શકલ) તેમાં भित्त પ્રયોગ નહીં થાય પણ भिन्न પ્રયોગ થશે. તેમાં भिन्न વિશેષણ છે. જ્યારે भित्त શબ્દ શકલ શબ્દનો પર્યાય થાય ત્યારે शकल શબ્દનો પ્રયોગ થતો નથી. કારણ કે भित्त કહો કે शकल કહો બન્ને એકબીજાનાં પર્યાયવાચક શબ્દો છે. અને પર્યાયોનો વાક્યમાં એકસાથે પ્રયોગ થતો નથી. અહીં रदाद... ૪-૨-૬૯ થી भिन्नं પ્રયોગ થયો છે.

## वित्तं धन-प्रतीतम् ।• ૪-૨-૮૨

**અર્થઃ-** ધન અને પ્રતીતનો પર્યાયવાચી બનતો હોય તો विद् ધાતુથી પર રહેલ क्त પ્રત્યયનાં त् નાં न् નો અભાવ નિપાતન થાય છે.

**વિવેચન** - वित्तं धनम् = ધન, वित्तः प्रतीतः = પ્રતીત (જાણેલો.) સાધનિકા ૪-૨-૮૧ માં જણાવેલ भित्तम् પ્રમાણે થશે.

**धनप्रतीतमिति किम् ?** विन्नः = મેળવેલો. અંહીં विन्न એ ધન કે પ્રતીતનો પર્યાયવાચી ન હોવાથી આ સૂત્રથી त् નાં न् નો અભાવ નિપાતન થતો નથી. સાધનિકા વિગેરે भिन्नं भित्तम् પ્રમાણે થશે.

✡ विद्लृंती-लाभे (૧૩૨૨) ધાતુનું જ આ સૂત્રથી નિપાતન થશે. પણ જો विदक्-ज्ञाने (૧૦૯૯) બીજા ગણનો ધાતુ હોય તો विदितम् પ્રયોગ થશે, विदिंप्-विचारणे (૧૪૯૭) સાતમાં ગણનો ધાતુ હોય તો ૪-૨-૭૬ થી विन्नं, वित्तम् પ્રયોગ થશે. અને विदिंच्-सत्तायाम् (૧૨૫૮) ચોથા ગણનો ધાતુ હોય તો ૪-૨-૬૯ થી विन्नं પ્રયોગ થશે.

## हु-धुटो हेर्धिः । ૪-૨-૮૩

**અર્થઃ-** हु ધાતુથી પર રહેલ તેમજ ધુડન્ત (ધુટ્ વર્ણ અન્તે છે જેને એવાં) ધાતુથી પર રહેલ हि પ્રત્યયનો धि આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जुहुधि = હોમ કર. हुंक्-दानाऽदनयोः (૧૧૩૦)

हु-हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

हु-धि - આ સૂત્રથી हि નો धि આદેશ.

हुहुधि - ह्वः शिति ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

जुहुधि - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

(૨) विद्धि = તું જાણ. विदक्-ज्ञाने (૧૦૯૯)

विद्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

विद्+धि = विद्धि - આ સૂત્રથી हि નો धि આદેશ. એજ પ્રમાણે-

अद्-अद्धि, छिन्द्-छिन्द्धि, भिन्द्-भिन्द्धि.

**हुधुट् इति किम् ?** क्रीणीहि = તું ખરીદ કર. અહીં क्री ધાતુ हु કે ધુટ્ અન્તવાળો નથી પણ સ્વરાન્ત છે તેથી આ સૂત્રથી हि પ્રત્યયનો धि આદેશ થયો નથી.

✿ रुदिहि = તું રડ. रुद्+हि, रुद्+इ+हि = रुदिहि અહીં रुद्... ૪-૪-૮૮ થી इट् આગમ થયો છે. ધુડન્ત ધાતુ છે તેથી આ સૂત્રથી हि નાં धि આદેશની પ્રાપ્તિ હતી પણ વચ્ચે इट् નું વ્યવધાન છે છતાં પણ "आगमा यद्गुणीभूतास्तद्ग्रहणेनं गृह्यन्ते" આગમો જેનાં અવયવ બન્યાં હોય તે શબ્દનાં ગ્રહણવડે આગમનું પણ ગ્રહણ થાય છે. એ ન્યાયથી रुद् ધાતુને इट् સહિત हि નાં धि આદેશની પ્રાપ્તિ છે. છતાં પણ हि એ પ્રમાણે વ્યક્તિગત પ્રત્યયનું ગ્રહણ હોવાથી इट् સહિત हि નો धि આદેશ અહીં નહીં થાય. એજ પ્રમાણે स्वपिहि.

✿ કોઈક આચાર્યો हिंस् ધાતુથી પર રહેલાં हि પ્રત્યયનો अत् આદેશ માનીને हिंस એ પ્રમાણે રૂપ કરે છે પણ આપણાં આચાર્યશ્રી તો हिंस् ધાતુનું हिन्धि રૂપ જ માને છે. તે આ પ્રમાણે -

हिंस्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

हिंस्+धि - આ સૂત્રથી हि નો धि આદેશ.

हिनस्+धि - रुधां... ૩-૪-૮૨ થી न પ્રત્યય અને ધાતુનાં न् નો લોપ.

हिन्स्+धि - श्ना... ૪-૨-૯૦ થી श्न નાં अ નો લોપ.

हिन्धि - सोधिवा ૪-૩-૭૨ થી स् નો વિકલ્પે લોપ.

વિકલ્પપક્ષે स् નો લોપ ન થાય ત્યારે -

हिन्द्+धि - तृतीय... १-૩-४૯ थी स् नो द्.

हिन्द्धि-हिन्धि - धुटो... १-૩-४८ थी द् नो विકल्पे लोप.

हि नो જ धि આદેશ થાય છે એ પ્રમાણે સૂત્રમાં કહેલું હોવાથી जुहुतात् त्वम्, भित्तात् त्वम् માં हि નો तातङ् આદેશ થયા પછી તે तातङ् નો આ સૂત્રથી ફરી धि આદેશ થતો નથી.

## शासस्-हनः शाध्येधि-जहि । ४-२-८४

**અર્થઃ-** हि પ્રત્યયાન્ત शास्, अस् અને हन् ધાતુનો અનુક્રમે शाधि, एधि અને जहि આદેશ થાય છે.

**વિવેચન** - (૧) शाधि = તું શાસન કર. शासूक्-अनुशिष्टौ (૧૦૯૫)

शास्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

शाधि - આ સૂત્રથી शास्हि નો शाधि આદેશ.

(૨) एधि = તું થા. असक्-भुवि (૧૧૦૨)

अस्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

एधि - આ સૂત્રથી अस्हि નો एधि આદેશ.

(૩) जहि = તું હિંસા કર. हनंक्-हिंसागत्योः (૧૧૦૦)

हन्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

जहि - આ સૂત્રથી हन्हि નો जहि આદેશ.

✡ शास् અને हन् નાં સાહચર્યથી अस् ધાતુ પણ અદાદિનો જ ગ્રહણ થશે.

## अतः प्रत्ययाल्लुक् । ४-२-८५

**અર્થઃ-** ધાતુથી પરમાં જે અકારાન્ત પ્રત્યય અને તેનાથી પર રહેલ हि પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - दीव्य = તું રમ.

दिव्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

दिव्य+हि - दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

दिव्य - આ સૂત્રથી य માં રહેલાં अ થી પર हि નો લોપ.

दीव्य - भ्वादे... ૨-૧-૬૩ થી इ દીર્ઘ. એજ પ્રમાણે-

- ✿ पच-पठ - कर्त्तर्य... ૩-૪-૭૧ થી થયેલ शव् માં રહેલાં अ થી પર हि નો લોપ થયેલો છે.
- ✿ तुद - तुदादेः... ૩-૪-૮૧ થી થયેલ श માં રહેલાં अ થી પર हि નો લોપ થયેલો છે.
- ✿ चोरय - અહીં शव् માં રહેલાં अ થી પર हि નો લોપ થયેલો છે.

**अत इति किम् ?** राध्नुहि = સિદ્ધ કર. राधं-संसिद्धौ (૧૩૦૪)

राध्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

राध्+नु+हि - स्वादेः... ૩-૪-૭૫ થી नु પ્રત્યય.

राध्नुहि - અહીં अકારથી પર हि પ્રત્યય નથી. પણ नु પ્રત્યયમાં રહેલાં उકારથી પર हि પ્રત્યય છે તેથી આ સૂત્રથી हि નો લોપ થયો નથી.

**प्रत्ययादिति किम् ?** पापहि = વારંવાર જા. पयि-गतौ (૭૯૨)

पय्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

पपय्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

पापय्य - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

पापय् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

पापय्+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

पापहि - य्वोः... ૪-૪-૧૨૧ થી य् નો લોપ. અહીં प નાં अકારથી પરમાં हि પ્રત્યય છે પણ अકારાન્ત પ્રત્યયથી પરમાં हि પ્રત્યય નથી તેથી આ સૂત્રથી हि પ્રત્યયનો લોપ થયો નથી. એજ પ્રમાણે वयि-गतौ (૭૯૧) वावहि પ્રયોગ થશે.

## असंयोगादोः । ૪-૨-૮૬

**અર્થઃ-** અસંયુક્ત વ્યંજનથી પર જે પ્રત્યય સંબંધી उ, તેનાથી પર રહેલ हि પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - सुनु = સ્નાન કર. षुंगट्-अभिषवे (૧૨૮૬)

सु+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

सुनुहि - स्वादेः... ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

सुनु - આ સૂત્રથી हि નો લોપ. એજ પ્રમાણે - तनु, कुरु, चिनु.

**असंयोगादिति किम् ?** अक्ष्णुहि = સંબંધ કર. अक्षौ-व्याप्तौ संघाते च (૫૭૦) अक्ष्+हि, अक्ष्+नु+हि, र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થવાથી अक्ष्णुहि પ્રયોગ થશે. અહીં સંયુક્ત વ્યંજનથી પર उ અન્તવાળા नु પ્રત્યયથી પર हि પ્રત્યય છે તેથી આ સૂત્રથી हि નો લોપ થયો નથી.

**ओरिति किम् ?** क्रिणीहि = ખરીદ કર.

क्री+हि - तुव् ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

क्रीनाहि - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

क्रीनीहि - एषामी... ૪-૨-૯૭ થી श्ना નાં आ નો ई.

क्रीणीहि - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्. અહીં અસંયુક્ત વ્યંજન न् થી પર પ્રત્યય સંબંધી उ નથી आ છે તેથી આ સૂત્રથી हि પ્રત્યયનો લોપ થયો નથી.

**प्रत्ययादित्येव** - युहि, रुहि - અહીં અસંયુક્ત વ્યંજન य् અને र् થી પરમાં उ છે પણ તે પ્રત્યય સંબંધી उ નથી ધાતુ સંબધી છે તેથી તે उ થી પર રહેલ हि પ્રત્યયનો લોપ થતો નથી.

## वम्यविति वा । ४-२-८७

**અર્થઃ-** व् અને म् થી શરૂ થતાં अवित् પ્રત્યય પર છતાં અસંયુક્ત વ્યંજનથી પર રહેલ પ્રત્યય સંબંધી उ નો વિકલ્પે લોપ થાય છે.

**વિવેચન** - (૧) सुन्वः, सुनुवः = અમે બે સ્નાન કરીએ છીએ.

सु+वस् - तिव्... ૩-૩-૬ થી वस् પ્રત્યય.

सुनुवस् - स्वादेः... ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

सुन्वस्, सुनुवस् - આ સૂત્રથી नु નાં उ નો વિકલ્પે લોપ.

सोरुः, रःपदान्ते... થી सुन्वः, सुनुवः પ્રયોગ થશે. એજ પ્રમાણે-

(૨) सुन्मः, सुनुमः = અમે સ્નાન કરીએ છીએ, सुन्वहे, सुनुवहे - सुन्महे, सुनुमहे - तन्वः, तनुवः - तन्मः, तनुमः - तन्वहे, तनुवहे - तन्महे, तनुमहे વિગેરે પ્રયોગ થશે.

**अवितीति किम् ?** सुनोमि = હું સ્નાન કરું છું. સાધનિકા ૩-૪-૭૫ માં જણાવેલ सुनोति પ્રમાણે થશે. અહીં म् થી શરૂ થતો પ્રત્યય છે

અસંયુક્ત વ્યંજનથી પર રહેલો પ્રત્યય સંબંધી उ છે પણ वित् પ્રત્યય છે. અવિત્ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી उ નો વિકલ્પે લોપ થયો નથી.

**असंयोगादित्येव**-तक्ष्णुवः = અમે બે પતલું કરીએ છીએ. અહીં व् થી શરૂ થતો અવિત્ પ્રત્યય છે. પણ જે પ્રત્યય સંબંધી उ છે તે સંયુક્ત વ્યંજનથી પરમાં છે તેથી આ સૂત્રથી उ નો વિકલ્પે લોપ થયો નથી.

**वमीति किम् ?** सुनुतः, तनुतः - અહીં અસંયુક્ત વ્યંજનથી પરમાં પ્રત્યય સંબંધી उ છે. અવિત્ પ્રત્યય પણ છે. પરન્તુ તે અવિત્ પ્રત્યય व् કે म् થી શરૂ થતો નથી તેથી આ સૂત્રથી उ નો વિકલ્પે લોપ થયો નથી.

**प्रत्ययस्येत्येव —** युवः, युमः - અહીં व् અને म् થી શરૂ થતો અવિત્ પ્રત્યય છે. અસંયુક્ત વ્યંજનથી પરમાં उ છે પણ તે પ્રત્યય સંબંધી નથી ધાતુ સંબંધી છે તેથી આ સૂત્રથી उ નો વિકલ્પે લોપ થયો નથી.

## कृगो यि च । ४-२-८८

**અર્થઃ-** कृ ધાતુથી પરમાં રહેલાં उ નો य् થી શરૂ થતો પ્રત્યય તેમજ व् અને म् થી શરૂ થતાં અવિત્ પ્રત્યય પર છતાં લોપ થાય છે.

**વિવેચન** - (१) कुर्युः = તેઓ કરે. डुकृंग्-करणे (८८८)

कृ+युस् - यात्... ૩-૩-૭ થી युस् પ્રત્યય.

कृ+उ+युस् - कृग्... ૩-૪-૮૩ થી उ પ્રત્યય.

कर्+उ+युस् - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

कुर्+उ+युस् - अतः... ૪-૨-૮૯ થી अ નો उ.

कुर्युस् - આ સૂત્રથી પ્રત્યયનાં उ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી कुर्युः પ્રયોગ થશે. એજ પ્રમાણે-

(૨) कुर्वः = અમે બે કરીએ છીએ. ૩-૩-૬ થી वस् પ્રત્યય થશે.

(૩) कुर्मः = અમે કરીએ છીએ. ૩-૩-૬ થી मस् પ્રત્યય થશે.

**यिचेति किम् ?** कुरुतः - અહીં य्, व् અને म् થી શરૂ થતાં પ્રત્યય નથી પણ तस् પ્રત્યય છે તેથી આ સૂત્રથી कृ ધાતુથી પર રહેલાં उ નો લોપ થયો નથી.

**अवितीत्येव —** करोमि - સાધનિકા ૩-૪-૮૩ માં જણાવેલ करोति

પ્રમાણે થશે. અહીં मिव् પ્રત્યય અવિત્ નથી वित् છે તેથી આ સૂત્રથી कृ ધાતુથી પર રહેલાં उ નો લોપ થયો નથી.

✡ कृंगृट्-हिंसायाम् (૧૨૯૩) અહીં પાંચમાં ગણનો कृ ધાતુ જ છે પણ તેને श्नु પ્રત્યય લાગે છે कृ ધાતુ પછી તરત જ उ નથી વચ્ચે નૃકારનું વ્યવધાન છે તેથી આ સૂત્રથી कृ થી પરમાં રહેલાં उ નો લોપ થતો નથી. જેમકે कृणुयात्, कृणुवः, कृणुमः.

## अतः शित्युत् । ४-२-८९

**અર્થ:-** અવિત્ શિત્ પ્રત્યય પર છતાં उ પ્રત્યયનાં નિમિત્તે થયેલાં कृ ધાતુનાં અકારનો उ થાય છે.

**વિવેચન** - कुरु = તું કર. कृ+हि, कृ+उ+हि, कर्+उ+हि, कुरु+हि સુધીની સાધનિકા ૪-૨-૮૮ માં જણાવેલ कुर्युः પ્રમાણે થશે. हि પ્રત્યયનો ૪-૨-૮૬ થી લોપ થવાથી कुरु પ્રયોગ થશે. એજ પ્રમાણે - कुरुतः, कुर्वन्ति, कुरुताम्,कुर्यात्, कुर्वन्, कुर्वाणः વિગેરે પ્રયોગો થશે.

**अवितीत्येव** - करोति - સાધનિકા ૩-૪-૮૩ માં કરેલી છે. અહીં तिव् પ્રત્યય અવિત્ શિત્ નથી, વિત્શિત્ છે તેથી આ સૂત્રથી कृ ધાતુનાં अ નો उ થયો નથી.

✡ कुर्वन्, कुर्वाणः માં उ પ્રત્યયનાં નિમિત્તે लघो... ૪-૩-૪ થી उ નાં ગુણની પ્રાપ્તિ આવે પણ उકારનાં વિધાન સામર્થ્યથી જ ગુણ થતો નથી. નહીં તો कोर्वन्, कोर्वाणः એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત.

✡ कुर्यात् માં उ પ્રત્યયનાં નિમિત્તે ગુણ થવાથી અકાર થયેલો છે. અને તે उ પ્રત્યયનો ૪-૨-૮૮ થી લોપ થવા છતાં પણ અહીં આ સૂત્રથી અકારનો उ થયો છે.

## श्ना-ऽस्त्योर्लुक् । ४-२-९०

**અર્થ:-** અવિત્શિત્ પ્રત્યય પર છતાં श्न પ્રત્યયનાં अ નો અને अस् ધાતુનાં अ નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) रुन्धः = તેઓ બે રોકે છે. रुधृंपी-आवरणे (૧૪૭૩)

रुध्+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

रुनध्+तस् - रुधां... ૩-૪-૮૨ થી ध् ની પૂર્વે श्न પ્રત્યય.

रुन्ध्+तस् - આ સૂત્રથી श्न નાં अ નો લોપ.

रुन्ध्+धस् - अधश्चतु... ૨-૧-૭૯ થી तस् નાં त् નો ध्.

रुन्ध्स् - धुटो... ૧-૩-૪૮ થી ધાતુનાં ध् નો લોપ.

सोरुः, रःपदान्ते... થી रुन्धः પ્રયોગ થશે. એજ પ્રમાણે- रुन्धन्ति, रुन्ध्यात्, रुन्धन्, रुन्धानः વગેરે પ્રયોગો થશે.

(૨) स्तः = તેઓ બે છે.

अस्+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

स्तस् - આ સૂત્રથી अस् ધાતુનાં अ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી स्तः પ્રયોગ થશે. એજ પ્રમાણે- स्थः, स्थ, स्वः, स्मः, सन्ति,स्यात्, सन् વગેરે પ્રયોગો થશે.

**अत इत्येव** — आस्ताम् = તેઓ બે હતા.

अस्+ताम् - दिव्... ૩-૩-૯ થી ताम् પ્રત્યય.

आस्ताम् - एत्य... ૪-૪-૩૦ થી अ ની વૃદ્ધિ आ. અહીં अस् ધાતુનાં आ નો લોપ આ **સૂત્રથી** થતો નથી.

**अवितीत्येव** - रुणद्धि-अस्ति - અહીં तिव् પ્રત્યય વિત્ શિત્ છે તેથી આ સૂત્રથી श्न નાં अ નો અને अस् ધાતુનાં अ નો લોપ થયો નથી.

✿ સૂત્રમાં अस्ति એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી अस् ધાતુ असक्-भुवि (૧૧૦૨) ગ્રહણ થશે પણ દિવાદિનો असूच्-क्षेपणे (૧૨૨૧) ધાતુનું ગ્રહણ નહીં થાય.

✿ अतः એ પ્રમાણે અધિકાર ન લીધો હોય તો षष्ठ्यान्त्यस्य પરિભાષાથી अस् ધાતુનાં અન્ત્ય स् નો લોપ થાત. અને प्रत्ययस्य પરિભાષાથી આખા श्न પ્રત્યયનો લોપ થાત. આવું ન થાય તેથી સૂત્રમાં અકારનો અધિકાર કરાયો છે.

## वा द्विषाऽऽतोऽनः पुस् । ४-२-९१

**अर्थः**- द्विष् અને આકારાન્ત ધાતુથી પર રહેલ અવિત્શિત્ પ્રત્યય સંબંધી अन् પ્રત્યયનો पुस् (उस्) આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अद्विषुः, अद्विषन् = તેઓએ દ્વેષ કર્યો. द्विषींक्-अप्रीतौ (૧૧૨૬)

द्विष्+अन् - दिव्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

अद्विष्+अन् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ. (अद्विषन्)

अद्विषुस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

सोरुः, रःपदान्ते... થી अद्विषुः પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી अन् નો पुस् આદેશ ન થાય ત્યારે अद्विषन् પ્રયોગ થશે.

(૨) अयुः, अयान् = તેઓ ગયા. यांक्-प्रापणे (૧૦૬૨)

या+अन् - दिव्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

अया+अन् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अया+उस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

अयुस् - इडेत्... ૪-૩-૯૪ થી या ધાતુનાં आ નો લોપ.

सोरुः, रःपदान्ते... થી अयुः પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી अन् નો पुस् ન થાય ત્યારે अया+अन् - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ થવાથી अयान् પ્રયોગ થશે.

✿ पुस् આદેશમાં पकार છે તે पुस्पौ ૪-૩-૩ થી ગુણ કરવા માટે છે. અહીં પ્રાપ્તિ નથી પણ નામ્યન્ત ધાતુથી पुस् થાય ત્યારે ૪-૩-૩ થી ગુણ થાય.

## सिज्-विदोऽभुवः । ४-२-९२

**અર્થઃ**- सिच् પ્રત્યયાન્ત भू ધાતુને છોડીને અન્ય ધાતુથી અને विद् ધાતુથી પર રહેલ अन् પ્રત્યયનો पुस् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अकार्षुः = તેઓએ કર્યું.

कृ+अन् - दिताम्... ૩-૩-૧૧ થી अन् પ્રત્યય.

कृ+स्+अन् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अकृ+स्+अन् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अकृ+स्+उस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

अकार्+स्+उस् - सिचि... ૪-૩-૪૪ થી ऋ ની વૃદ્ધિ आर्.

अकार्षुस् - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

सोरुः, रःपदान्ते... थी अकार्षुः પ્રયોગ થશે.

(૨) अविदुः = તેઓએ જાણ્યું.

विद्+अन् - दिव्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

विद्+उस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

अविदुस् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

सोरुः, रःपदान्ते... થી अविदुः પ્રયોગ થશે.

**अभुव इति किम् ?** अभूवन् = તેઓ થયા. સાધનિકા ૪-૨-૪૩ માં કરેલી છે. અહિં सिच् પ્રત્યયાન્ત भू ધાતુનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી अन् નો पुस् આદેશ થયો નથી.

## द्व्युक्त-जक्षपञ्चतः । ४-२-९३

**અર્થ:-** દ્વિત્વ કરાએલાં ધાતુઓથી તેમજ जक्ष् પંચક (जक्ष्, दरिद्रा, जागृ, चकास् અને शास्) ધાતુથી પરમાં રહેલાં અવિત્‌શિત્ પ્રત્યય સંબંધી अन् પ્રત્યયનો पुस् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अजुहवुः = તેઓએ હોમ્યું.

हु+अन् - दिव्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

हुहु+अन् - हवः... ૪-૧-૧૨ થી हु ધાતુ દ્વિત્વ.

जुहु+अन् - गहोर्जः ૪-૧-૪૦ થી ह् નો ज्.

जुहु+उस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

अजुहु+उस् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अजुहो+उस् - पुस्पौ ૪-૩-૩ થી उ નો ગુણ ओ.

अजुहवुस् - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

सोरुः, रःपदान्ते... થી अजुहवुः પ્રયોગ થશે. એજ પ્રમાણે—

भी-अबिभयुः, दा-अददुः, धा-अदधुः, निज्-अनेनिजुः વિગેરે.

(૨) अजक्षुः = તેઓએ ખાધું. जक्षक्-भक्ष-हसनयोः (૧૦૯૧)

जक्ष्+अन् - दिव्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

अजक्ष्+अन् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अजक्षुस् - આ સૂત્રથી अन् નો पुस् આદેશ.

सोरुः, रःपदान्ते... થી अजक्षुः પ્રયોગ થશે. એજ પ્રમાણે —

(૩) अदरिद्रुः = તેઓ દરિદ્ર થયા. दरिद्राक्-दुर्गतौ (૧૦૯૨) इडेत्... ૪-૩-૯૪ થી दरिद्रा નાં आ નો લોપ થશે.

(૪) अजागरुः = તેઓ જાગ્યા. जागृक्-निद्राक्षये (૧૦૯૩) पुस्पौ ૪-૩-૩ થી जागृ ધાતુનાં ऋ નો ગુણ अर् થશે.

(૫) अचकासुः = તેઓ પ્રકાશિત થયા. चकासृक्-दीप्तौ (૧૦૯૪)

(૬) अशासुः = તેઓએ શાસન કર્યું. शासूक्-अनुशिष्टौ (૧૦૯૫).

## अन्तो नो लुक् । ૪-૨-૧૪

**અર્થઃ-** દ્વિત્વ કરાએલાં ધાતુઓથી તેમજ जक्ष् વિગેરે પાંચ ધાતુઓથી પર રહેલાં અવિત્‌શિત્ એવાં अन्त् પ્રત્યયનાં न् નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) जुह्वति = તેઓ હોમ કરે છે.

हु+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

हुहु+अन्ति - हवः... ૪-૧-૧૨ થી हु ધાતુ દ્વિત્વ.

जुहु+अन्ति - गहोर्जः ૪-૧-૪૦ થી ह् નો ज्.

जुह्वन्ति - ह्विणो... ૪-૩-૧૫ થી ધાતુનાં उ નો व्.

जुह्वति - આ સૂત્રથી अन्ति નાં न् નો લોપ.

(૨) जुह्वत् = હોમ કરતો. हु+अत् - शत्रा.... ૫-૨-૨૦ થી शतृ પ્રત્યય, हुहु+अत्, जुहु+अत्, जुह्वत् સુધી ઉપર પ્રમાણે થશે.

जुह्वत्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય.

जुह्वन्त्+सि - ऋदुदितः ૧-૪-૭૦ થી न् આગમ.

जुह्वन्त् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ.

जुह्वत् - આ સૂત્રથી अन्त् નાં न् નો લોપ. એજ પ્રમાણે - जुह्वतौ, जुह्वतः, जुह्वतु વિગેરે પ્રયોગો થશે. दा-ददति, ददतु, ददत्, ददतौ, ददती વ.કૃ. સ્ત્રીલિંગ, નપું. પ્ર. દ્વિ. દ્વિવ.

(૩) जक्षति = તેઓ ખાય છે.

जक्ष्+अन्ति - तिव्... ३-३-६ थी अन्ति प्रत्यय.

जक्षति - આ સૂત્રથી अन्ति નાં न् નો લોપ.

(૪) जक्षत् = ખાતો. जक्ष्+अत् - ૫-૨-૨૦ થી शतृ પ્રત્યય. जक्षत् થયા પછીની સાધનિકા जुह्वत् પ્રમાણે થશે. એજ પ્રમાણે —

(૫) दरिद्रति = તેઓ દરિદ્ર થાય છે. श्नश्चातः ૪-૨-૯૬ થી दरिद्रा નાં आ નો લોપ થશે. એજ પ્રમાણે दरिद्रत् = દરિદ્ર થતો.

(૬) जाग्रति = તેઓ જાગે છે, जाग्रत् = જાગતો. અહીં इवर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र् થશે.

(૭) चकासति = તેઓ પ્રકાશે છે, चकासत् = પ્રકાશતો.

(૮) शासति = તેઓ શાસન કરે છે, शासत् = શાસન કરતો.

## शौ वा । ४-२-९५

**અર્થ:-** દ્વિત્વ કરાએલાં ધાતુઓથી તેમજ जक्ष् વિગેરે પાંચ ધાતુઓથી પર રહેલાં अन्त् નાં न् નો शि વિષયમાં વિકલ્પે લોપ થાય છે.

**વિવેચન** - (૧) ददति, ददन्ति = આપતાં એવા કુલો, કુલોને.

दा+अत् - शत्रा... ૫-૨-૨૦ થી शतृ પ્રત્યય.

दादा+अत् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

ददा+अत् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

ददत् - श्नश्चातः ૪-૨-૯૬ થી आ નો લોપ.

ददत्+अस् - स्यौ... ૧-૧-૧૮ થી जस् કે शस् પ્રત્યય.

ददत्+इ - नपुंसकस्य... ૧-૪-૫૫ થી जस्-शस् નો शि.

ददन्त्+इ - ऋदुदितः ૧-૪-૭૦ થી न् નો આગમ.

ददति, ददन्ति - આ સૂત્રથી अन्त् નાં न् નો લોપ વિકલ્પે. એજ પ્રમાણે - दधति, दधन्ति.

(૨) जक्षति, जक्षन्ति = ખાતાં કુલો, કુલોને.

जक्ष्+अत् - शत्रा... ૫-૨-૨૦ થી शतृ પ્રત્યય.

जक्षत्+अस् - પછીની સાધનિકા ददति, ददन्ति પ્રમાણે થશે. એજ પ્રમાણે-

(૩) दरिद्रति, दरिद्रन्ति = દરિદ્ર બનતાં કુલો. ૪-૨-૯૬ થી आ નો લોપ થશે.

(૪) जाग्रति, जाग्रन्ति = જાગતાં કુલો. इवर्णादे... ૧-૨-૨૧ થી ऋ નો र् થશે.

(૫) चकासति, चकासन्ति = પ્રકાશ પામતાં કુલો, કુલોને.

(૬) शासति, शासन्ति = શાસન કરતાં કુલો, કુલોને.

**शाविति किम्** ? ददती, दधती कुले અહીં जस्-शस् પ્રત્યય જ નથી તેથી शि પ્રત્યય પણ ન થાય. અહીં તો औ પ્રત્યય છે તે औ નો औरीः ૧-૪-૫૬ થી ई આદેશ થયેલો છે તેથી ऋदुदितः થી न् ઉમેરાતો પણ નથી અને આ સૂત્રથી લોપ પણ થતો નથી.

## श्नश्चाऽऽतः । ४-२-९६

**અર્થ**:- અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં દ્વિત્વ કરાએલાં ધાતુઓનાં आ નો, जक्ष् વિગેરે પાંચ ધાતુઓનાં आ નો અને श्ना પ્રત્યયનાં आ નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) मिमते = તેઓ માપે છે. मांक्-माने (૧૦૭૩)

मा+अन्ते - तिव्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

मामा+अन्ते - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

ममा+अन्ते - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

मिमा+अन्ते - पृ-भृ-मा... ૪-૧-૫૮ થી પૂર્વનાં अ નો इ.

मिमन्ते - આ સૂત્રથી मा નાં आ નો લોપ.

मिमते - अनतो... ૪-૨-૧૧૪ થી अन्ते નાં अन्त् નો अत्.

એજ પ્રમાણે - अन्ताम् પ્રત્યય પર છતાં मिमताम्, अन्त પર છતાં - अमिमत. हा ધાતુ अन्ति-संजिहते, अन्ताम्-संजिहताम्, अन्त-समजिहत.

(૨) दरिद्रति = તેઓ દરિદ્ર થાય છે.

दरिद्रा+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

दरिद्रा+अति - अन्तो... ૪-૨-૯૪ થી अन्ति નાં न् નો લોપ.

दरिद्रति - આ સૂત્રથી दरिद्रा નાં आ નો લોપ. એજ પ્રમાણે - दरिद्रतु. जक्ष् વિગેરે પાંચમાંથી दरिद्रा જ આકારાન્ત છે. તેથી એક दरिद्रा જ ધાતુ અહીં ગ્રહણ થશે.

(૩) क्रीणन्ति = તેઓ ખરીદ કરે છે.

क्री+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

क्री+श्ना+अन्ति - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

क्रीनन्ति - આ સૂત્રથી श्ना નાં आ નો લોપ.

क्रीणन्ति - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्. એજ પ્રમાણે - क्रीणन्तु अक्रीणन्, लू-लूनते, लुनताम्, अलुनत. पू-पुनते, पुनताम्, अपुनत વગેરે.

**अवितीत्येव** - अजहाम् = મેં છોડ્યું. ओहांक्-त्यागे (૧૧૩૧)

हा+अम् - दिव्... ૩-૩-૯ થી अम्व् પ્રત્યય.

हाहा+अम् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

हहा+अम् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जहा+अम् - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

अजहा+अम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अजहाम् - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ. અહીં અવિત્‌શિત્ પ્રત્યય પરમાં નથી अम् એ વિત્‌શિત્ પ્રત્યય છે તેથી આ સૂત્રથી हा ધાતુનાં आ નો લોપ થયો નથી. એજ પ્રમાણે —

(૨) अक्रीणाम् = મેં ખરીદ્યું. क्री+ना+अम् માં પણ अम् પ્રત્યય વિત્‌શિત્ હોવાથી આ સૂત્રથી श्ना પ્રત્યયનાં आ નો લોપ થયો નથી.

**श्नश्चेति किम् ?** यान्ति, वान्ति — અહીં अन्ति પ્રત્યય અવિત્‌શિત્ છે. પણ आ એ श्ना પ્રત્યય, દ્વિરુક્ત ધાતુ કે जक्ष् વિગેરે પાંચધાતુ સંબંધી નથી. या અને वा ધાતુ સંબંધી છે તેથી આ સૂત્રથી आ નો લોપ થયો નથી.

**आत इति किम् ?** बिभ्रति, जक्षति - અહીં अन्ति પ્રત્યય અવિત્ શિત્ છે. પણ भृ ધાતુ અને जक्ष् ધાતુમાં આકાર નથી તેથી આ સૂત્રથી લોપ પણ થતો નથી. अन्तो... ૪-૨-૯૪ થી अन्ति નાં न् નો લોપ થયેલો છે.

## एषामीर्व्यञ्जनेऽदः । ૪-૨-૯૭

**अर्थः-** વ્યંજનાદિ અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં दा સંજ્ઞક ધાતુને વર્જીને અન્ય દ્વિત્વ કરાએલાં ધાતુઓનાં, जक्ष् વિગેરે પાંચ ધાતુઓનાં અને श्ना

પ્રત્યયનાં आ નો ई થાય છે.

**વિવેચન** - (૧) मिमीते = તે માપે છે.

मा+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

मामा+ते - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

ममा+ते - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

मिमा+ते - पृ- भृ... ૪-૧-૫૮ થી પૂર્વનાં अ નો इ.

मिमीते - આ સૂત્રથી मा નાં आ નો ई. એજ પ્રમાણે - मिमीताम्, अमिमीत.

(૨) लुनीतः = તેઓ બે કાપે છે.

लू+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

लु+तस् - प्वादेः... ૪-૨-૧૦૫ થી लू નો ऊ હ્રસ્વ.

लुनातस् - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

लुनीतस् - આ સૂત્રથી श्ना નાં आ નો ई.

सोरुः, रः पदान्ते... થી लुनीतः પ્રયોગ થશે. એજ પ્રમાણે — लुनीहि, लुनीयात्.

**व्यञ्जन इति किम् ?** मिमते = તેઓ માપે છે. સાધનિકા ૪-૨-૯૬ માં કરેલી છે. અહીં અવિત્શિત્ પ્રત્યય છે પણ વ્યંજનાદિ નથી સ્વરાદિ છે તેથી આ સૂત્રથી ધાતુનાં आ નો ई ન થતાં ૪-૨-૯૬ થી લોપ થયો છે. એજ પ્રમાણે - लुनन्ति અહીં श्ना પ્રત્યયનાં आ નો ई થયો નથી.

**अद इति किम् ?** दत्तः = તેઓ બે આપે છે.

दा+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

दादा+तस् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

ददा+तस् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

दद्+तस् - श्नश्चातः ૪-૨-૯૬ થી ધાતુનાં आ નો લોપ.

दत्तस् - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

सोरुः, रः पदान्ते... થી दत्तः પ્રયોગ થશે. એજ પ્રમાણે धत्तः - धधा+तस् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ध् નો द् થવાથી दधा+तस्, धाग... ૨-૧-૭૮ થી પૂર્વનાં द् નો ध् થવાથી धधा-तस्,

धध्+तस्, धत्+तस् = धत्तः પ્રયોગ થશે. અહીં दा અને धा ધાતુ दा સંજ્ઞક હોવાથી આ સૂત્રથી आ નો ई થયો નથી.

✿ दादीतः = તે વારંવાર શોધે (આપે) છે. दांव्क्-लवने (૧૦૭૦) અને दैव्-शोधने (૨૯) આ બે ધાતુઓ दा સંજ્ઞક નથી તેથી यङ्लुबन्त માં આ दा ધાતુનાં आ નો આ સૂત્રથી ई થયો છે. એજ પ્રમાણે दादीथः.

**अवितीत्येव** — जहाति, लुनाति - અહીં तिव् પ્રત્યય વિત્‌શિત્ છે તેથી વ્યંજનાદિ પ્રત્યય હોવા છતાં हा ધાતુનાં आ નો અને श्ना પ્રત્યયનાં आ નો ई આ સૂત્રથી થયો નથી.

**शितीत्येव** — संजिहासते - અહીં हा ધાતુ દ્વિરુક્ત છે स પ્રત્યય વ્યંજનાદિ પણ છે છતાં તે स પ્રત્યય शित् નથી સન્નન્ત નો स છે તેથી આ સૂત્રથી आ નો ई થયો નથી.

## इर्दरिद्रः । ૪-૨-૯૮

**અર્થઃ**- વ્યંજનાદિ અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં दरिद्रा ધાતુનાં आ નો इ થાય છે.

**વિવેચન** - (૧) दरिद्रितः = તેઓ બે દરિદ્ર થાય છે.

दरिद्रा+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

दरिद्रितस् - આ સૂત્રથી दरिद्रा ધાતુનાં आ નો इ.

सोरुः, रःपदान्ते... થી दरिद्रितः પ્રયોગ થશે. એજ પ્રમાણે — दरिद्रिथः, दरिद्रिथ, दरिद्रिवः, दरिद्रिमः, दरिद्रियात्. ૪-૨-૯૭ સૂત્રથી દીર્ઘ ई ની પ્રાપ્તિ હતી પણ दरिद्रा ધાતુને વ્યંજનાદિ અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં હ્રસ્વ इ કરવો છે તેથી સૂત્ર જુદું બનાવ્યું.

**व्यञ्जन इत्येव** - दरिद्रति = તેઓ દરિદ્ર થાય છે. સાધનિકા ૪-૨-૯૬માં કરેલી છે. અહીં અવિત્‌શિત્ પ્રત્યય વ્યંજનાદિ નથી પણ સ્વરાદિ છે તેથી આ સૂત્રથી दरिद्रा ધાતુનાં आ નો इ થયો નથી.

**शितीत्येव** — दिदरिद्रासति - અહીં સન્નન્ત નો स પ્રત્યય લાગ્યો છે તે શિત્ પ્રત્યય ન હોવાથી આ સૂત્રથી दरिद्रा ધાતુનાં आ નો इ થયો નથી.

**अवितीत्येव** — दरिद्राति - અહીં तिव् પ્રત્યય લાગ્યો છે તે વિત્‌શિત્ પ્રત્યય છે તેથી વ્યંજનાદિ પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી दरिद्रा ધાતુનાં आ નો इ થયો નથી.

## भियो नवा । ४-२-९९

**અર્થ:-** વ્યંજનાદિ અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં भी ધાતુનાં ई નો इ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) बिभितः, बिभीतः = તેઓ બે ડરે છે. ञिभींक्-भये (૧૧૩૨)

भी+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

भीभी+तस् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

भिभी+तस् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

बिभी+तस् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बिभितस्, बिभीतस् - આ સૂત્રથી ધાતુનાં ई નો इ વિકલ્પે.

सोरुः, रःपदान्ते... થી बिभितः, बिभीतः પ્રયોગ થશે. એજ પ્રમાણે- बिभिथः, बिभीथः-बिभियात्, बिभीयात्, यङ्लुबन्त-बेभितः, बेभीतः થશે.

**व्यञ्जन इत्येव —** बिभ्यति, बिभ्यतु - અહીં અવિત્‌શિત્ પ્રત્યય છે પણ अन्ति અને अन्तु પ્રત્યય છે તે સ્વરાદિ છે વ્યંજનાદિ નથી તેથી આ સૂત્રથી भी ધાતુનાં ई નો इ વિકલ્પે થયો નથી. પણ योऽनेक... ૨-૧-૫૬ થી ई નો य् થયો છે.

**शितीत्येव —** बिभीषति - અહીં સન્નન્તનો सन् પ્રત્યય શિત્ ન હોવાથી તેમજ बेभीयते - અહીં યઙન્તનો यङ् પ્રત્યય शित् ન હોવાથી આ સૂત્રથી भी ધાતુનાં ई નો इ વિકલ્પે થયો નથી.

**अवितीत्येव —** बिभेति, बिभेषि - અહીં तिव्-सिव् પ્રત્યય शित् છે પણ અવિત્‌શિત્ નથી તેથી વ્યંજનાદિ પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી भी ધાતુનાં ई નો इ વિકલ્પે ન થતાં ई નો ગુણ થયો છે.

## हाकः । ४-२-१००

**અર્થ:-** વ્યંજનાદિ અવિત્‌શિત્ પ્રત્યય પર છતાં हा ધાતુનાં आ નો इ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) जहितः, जहीतः = તેઓ બે છોડે છે. ओहांक्-त्यागे (૧૧૩૧)

हा+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

हाहा+तस् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

हहा+तस् - ह्रस्वः ४-१-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जहा+तस् - गहोर्जः ४-१-४० થી પૂર્વનાં ह् નો ज्.

जहितस् - આ સૂત્રથી ધાતુનાં आ નો इ વિકલ્પે.

सोरुः, रःपदान्ते... થી जहितः પ્રયોગ થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી आ નો इ ન થાય ત્યારે जहा+तस् -एषामीः... ૪-૨-૯૭ થી आ નો ई થવાથી जहीतः પ્રયોગ થશે. એજ પ્રમાણે - जहिथः, जहीथः- जहिवः, जहीवः - जहिमः, जहीमः વગેરે.

**व्यञ्जन इत्येव** - जहति, जहतु - અહીં अन्ति અને अन्तु પ્રત્યય અવિત્‌શિત્ છે પણ વ્યંજનાદિ નથી. સ્વરાદિ છે તેથી આ સૂત્રથી हा ધાતુનાં आ નો इ વિકલ્પે થયો નથી. પરન્તુ ૪-૨-૯૪ થી अन्ति અને अन्तु નાં न् નો લોપ અને ૪-૨-૯૬ થી आ નો લોપ થયો છે.

**शितीत्येव** — जिहासति - અહીં સન્નન્તનો सन् પ્રત્યય શિત્ ન હોવાથી તેમજ जेहीयते - અહીં યઙ્ન્તનો यङ् પ્રત્યય शित् ન હોવાથી આ સૂત્રથી हा ધાતુનાં आ નો इ વિકલ્પે થયો નથી.

**अवितीत्येव** — जहाति, जहासि - અહીં तिव्-सिव् પ્રત્યય शित् છે પણ વિત્ છે તેથી આ સૂત્રથી हा ધાતુનાં आ નો इ વિકલ્પે થયો નથી.

✿ हाकः એ પ્રમાણે અનુબંધનો નિર્દેશ કરેલો હોવાથી ओहांङ्क्-गतौ (૧૧૩૬) ધાતુનો અને यङ्लुबन्त નો નિષેધ થયો છે.

✿ हाकः ની અનુવૃત્તિ નીચેનાં સૂત્રમાં લઈ જવા માટે ૪-૨-૯૯ સૂત્રથી ૪-૨-૧૦૦ સૂત્ર જુદું બનાવ્યું છે

## आ च हौ । ४-२-१०१

**અર્થઃ**- हि પ્રત્યય પર છતાં हा ધાતુનાં आ નો आ અને इ વિકલ્પે થાય છે.

**વિવેચન** - जहाहि, जहिहि, जहीहि = તું ત્યાગ કર. जहा સુધી ૪-૨-૧૦૦ માં જણાવ્યા પ્રમાણે. जहा+हि - तुव्-ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

जहाहि, जहिहि - આ સૂત્રથી आ અને इ વિકલ્પે. આ સૂત્રથી आ નો आ અને इ ન થાય ત્યારે एषामीः... ૪-૨-૯૭ થી आ નો ई થવાથી जहीहि પ્રયોગ થશે. એમ બે વિકલ્પે ત્રણ રૂપ થશે.

✡ हि વિભક્તિને આશ્રયીને જ સૂત્રની પ્રવૃત્તિ હોવાથી अविति પદની નિવૃત્તિ થાય છે (वित्‌નો અસંભવ હોવાથી) शित् એ પ્રમાણે પદની અનુવૃત્તિ વર્તે છે.

## यि लुक् । ४-२-१०२

**અર્થ:-** य કારાદિ શિત્ પ્રત્યય પર છતાં हा ધાતુનાં आ નો લોપ થાય છે.

**વિવેચન** - जह्यात् = તે ત્યાગ કરે. जहा સુધી ૪-૨-૧૦૦ માં જણાવ્યા પ્રમાણે.

जहा+यात् - यात्... ૩-૩-૭ થી यात् પ્રત્યય.

जह्यात् - આ સૂત્રથી हा ધાતુનાં आ નો લોપ. એજ પ્રમાણે - जह्याताम्, जह्युः વિગેરે.

**शितीत्येव —** जेहीयते - અહીં यङन्त માં यङ् પ્રત્યય શિત્ નથી તેમજ हेयात् - અહીં આશીર્વાદનો यात् પ્રત્યય પણ શિત્ નથી તેથી આ સૂત્રથી हा ધાતુનાં आ નો લોપ થયો નથી. गा-पा... ૪-૩-૯૬ થી हा નાં आ નો ए થવાથી हेयात् પ્રયોગ થયો છે.

✡ नवा ની અનુવૃત્તિ इकारનાં અધિકારમાં હતી તેથી અહીં लुक् નો અધિકાર ચાલુ થવાથી नवा ની નિવૃત્તિ થઈ છે.

## ओतः श्ये । ४-२-१०३

**અર્થ:-** श्य પ્રત્યય પર છતાં ધાતુનાં ओ નો લોપ થાય છે.

**વિવેચન** - अवद्यति = તે છેદે છે. दोंच्-छेदने (૧૧૪૮)

अव+दो+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

अव+दो+य+ति - दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

अवद्यति - આ સૂત્રથી दो ધાતુનાં ओ નો લોપ. એજ પ્રમાણે - सो-अवस्यति, शो-निश्यति, छो-अवच्छ्यति વગેરે.

**श्य इति किम् ?** गवति = ગાયની જેમ આચરણ કરે છે.

गौः इव आचरति અર્થમાં गो+क्विप् - कर्त्तुः... ૩-૪-૨૫ થી क्विप् પ્રત્યય લાગવાથી गो ધાતુ બન્યો. તેથી गो+ति, गो+अ+ति, गवति. અહીં गो નામ ધાતુથી પરમાં श्य પ્રત્યય નથી शव् પ્રત્યય છે તેથી આ સૂત્રથી ओ નો લોપ થયો નથી.

## जा-ज्ञा-जनोऽत्यादौ । ४-२-१०४

અર્થઃ- तिव् વગેરે પ્રત્યયો અનન્તર (ધાતુની પછી તરત) ન હોય તો शित् પ્રત્યય પર છતાં ज्ञा અને जन् ધાતુનો जा આદેશ થાય છે.

વિવેચન - (૧) जानाति = તે જાણે છે. ज्ञांश्-अवबोधने (૧૫૪૦)

ज्ञा+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

ज्ञा+ना+ति - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

जानाति - આ સૂત્રથી ज्ञा નો जा આદેશ.

(૨) जायते = તે ઉત્પન્ન થાય છે. जनैचि-प्रादुर्भावे (૧૨૬૫)

जन्+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

जन्+य+ते - दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

जायते - આ સૂત્રથી जन् નો जा આદેશ.

**शितीत्येव** - ज्ञायते, जन्यते - અહીં क्यः... ૩-૪-૭૦ થી य પ્રત્યય લાગ્યો છે તે शित् નથી તેથી આ સૂત્રથી ज्ञा અને जन् ધાતુનો जा આદેશ થયો નથી.

**अत्यादाविति किम् ?** जाज्ञाति = તે વારંવાર જાણે છે.

ज्ञा+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

ज्ञाज्ञाय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जाज्ञाय - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ञ् નો લોપ.

जज्ञाय - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

जाज्ञाय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

जाज्ञा - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

जाज्ञा+ति = जाज्ञाति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

(૨) जञ्जन्ति = વારંવાર ઉત્પન્ન થાય છે.

जन्+य - जन्य, जजन्य - यङ् પ્રત્યય અને દ્વિત્વ.

जम्जन्य - मुरतो... ૪-૧-૫૧ થી मु આગમ.

जञ्जन्य - तौ मु-मौ... ૧-૩-૧૪ થી मु નો ञ्.

जज्ञन् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

जज्ञन्ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય. અહીં બન્ને ઉદાહરણમાં ધાતુથી તરત જ પરમાં तिव् પ્રત્યય હોવાથી આ સૂત્રથી ज्ञा અને जन् ધાતુનો जा આદેશ થયો નથી.

## प्वादेर्ह्रस्वः । ४-२-१०५

**અર્થઃ-** तिव् વગેરે પ્રત્યયો અનન્તર ન હોય તો शित् પ્રત્યય પર છતાં पू વિગેરે ધાતુનો સ્વર હ્રસ્વ થાય છે.

**વિવેચન** - पुनाति = તે પવિત્ર કરે છે.

पू+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

पू+ना+ति - क्र्यादेः ૩-૪-૭૯ થી श्ना પ્રત્યય.

पुनाति - આ સૂત્રથી पू નો ऊ હ્રસ્વ. એજ પ્રમાણે -

(૨) लुनाति = તે કાપે છે.

**प्वादेरिति किम् ?** व्रीणाति = તે વરે છે, भ्रीणाति = તે ભરે છે. व्रींश्-वरणे (૧૫૪૨), भ्रींश्-भरणे (૧૫૪૩) આ व्री અને भ्री ધાતુ પ્વાદિ નથી તેથી આ સૂત્રથી સ્વર હ્રસ્વ થયો નથી.

**अत्यादावित्येव —** पोपूतः = તે વારંવાર પવિત્ર કરે છે. पू+य-૩-૪-૯, पूपूय - ૪-૧-૩, पोपूय - ૪-૧-૪૮, पोपू - ૩-૪-૧૪, पोपूतस् - ૩-૩-૬, पोपूतर् - ૩-૪-૭૧, पोपूतः - ૧-૩-૫૩.અહીં तस् પ્રત્યય ધાતુથી તરત જ પરમાં હોવાથી આ સૂત્રથી पू ધાતુનો સ્વર હ્રસ્વ થયો નથી.

✡ ધાતુપાઠમાં ૧૫૧૮ થી ૧૫૩૯ સુધીનાં ૨૨ ધાતુઓ પ્વાદિ છે.

## गमिषद्यमश्छः । ४-२-१०६

**અર્થઃ-** तिव् વગેરે પ્રત્યયો અનન્તર ન હોય તો शित् પ્રત્યય પર છતાં गम्, इष् અને यम् ધાતુનાં અન્ત્યવર્ણનો छ् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) गच्छति = તે જાય છે. સાધનિકા ૩-૩-૮૪ માં જણાવેલ सङ्गच्छते પ્રમાણે થશે.

(૨) इच्छति = તે ઇચ્છે છે.

इष्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

इष्+अ+ति - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય.

इछ्+अ+ति - આ સૂત્રથી ष् નો छ्.

इछ्छति - ૧-૩-૩૦, इच्छति - ૧-૩-૫૦ થી થશે.

(૩) यच्छति = તે અટકે છે. आयच्छते = તે લાંબુ કરે છે. સાધનિકા ૩-૩-૮૬ માં જણાવેલી છે. यच्छति પણ એ પ્રમાણે જ થશે.

**अत्यादावित्येव** - जङ्गन्ति = તે વારંવાર જાય છે. गम्+य - ૩-૪-૯, गगम्य - ૪-૧-૩, जगम्य - ૪-૧-૪૦, जम्गम्य - ૪-૧-૫૧, जङ्गम्य - ૧-૩-૧૪, जङ्गम् - ૩-૪-૧૪, जङ्गम्+ति - ૩-૩-૬, जङ्गन्ति - ૧-૩-૩૯. અહીં गम् ધાતુથી પરમાં તરત જ तिव् પ્રત્યય હોવાથી આ સૂત્રથી गम् ધાતુનાં म् નો छ् થયો નથી. એજ પ્રમાણે - यंयन्ति પ્રયોગ થશે.

**शितीत्येव** — गन्ता, यष्टा, यन्ता અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય થયો છે તે શિત્ નથી તેથી આ સૂત્રથી गम्-इष् અને यम् ધાતુનાં અન્ત્યવર્ણનો छ् આદેશ થયો નથી.

✿ इषत् માં તકાર નિર્દેશ હોવાથી इषत्-इच्छायाम् (૧૪૧૯) ધાતુ ગ્રહણ થશે પણ इषच्-गतौ (૧૧૬૮), इषश्-आभीक्ष्ण्ये (૧૫૫૯) ધાતુનું ગ્રહણ નહીં થાય.

## वेगे सर्त्तेर्धाव् । ૪-૨-૧૦૭

**અર્થ:-** તિવાદિ પ્રત્યયો અનન્તર ન હોય તો શિત્ પ્રત્યય પર છતાં વેગ અર્થમાં વર્તતાં सृ ધાતુનો धाव् આદેશ થાય છે.

**વિવેચન** - धावति = તે દોડે છે. सृं-गतौ (૨૫)

सृ+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

सृ+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

धावति - આ સૂત્રથી सृ નો धाव् આદેશ.

**वेग इति किम् ?** धर्मं अनुसरति = ધર્મને અનુસરે છે. प्रियां अनुसरति = પ્રિયાને (પત્નિને) અનુસરે છે. અહીં सृ ધાતુનો વેગ અર્થ નથી

તેથી આ સૂત્રથી धाव् આદેશ થયો નથી. सृ ધાતુનાં ऋ નો नामिनो... ૪-૩-૧ થી ગુણ થવાથી सरति પ્રયોગ થયો છે.

✡ સૂત્રમાં सर्त्ते એ પ્રમાણે तिव् નિર્દેશ यङ्लुबन्त ની નિવૃત્તિ માટે છે. જેમકે सर्स्रत्, सरीस्रत्, सरिस्रत्.

**श्रौति-कृवु-धिवु-पा-घ्रा-ध्मा-स्था-म्ना-दाम्-दृश्यर्त्ति-शद-सदः शृ-कृ-धि-पिब-जिघ्र-धम तिष्ठ-मन-यच्छ-पश्यर्च्छ-शीय-सीदम्** । ४-२-१०८

**અર્થ:-** તિવાદિ પ્રત્યયો અનન્તર ન હોય તો શિત્ પ્રત્યય પર છતાં श्रु નો शृ, कृव् નો कृ, धिव् નો धि, पा નો पिब, घ्रा નો जिघ्र, ध्मा નો धम, स्था નો तिष्ठ, म्ना નો मन, दाम् નો यच्छ, दृश् નો पश्य, ऋ નો ऋच्छ, शद् નો शीय અને सद् નો सींद આદેશ થાય છે.

**વિવેચન** - (૧) शृणु = તું સાંભળ. श्रुंट्-श्रवणे (૧૨૯૬)

श्रु+हि - तुव्ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

श्रु+नु+हि - स्वादेः... ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

शृनुहि - આ સૂત્રથી श्रु નો शृ આદેશ.

शृनु - असंयोगादोः ૪-૨-૮૬ થી हि નો લોપ.

शृणु - र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण्. એજ પ્રમાણે —

(૨) कृणु = તું માર. कृवुट्-हिंसाकरणयोः (૧૩૧૦) कृन्व् નો कृ આદેશ.

(૩) धिनु = તું જા. धिवुट्-गतौ (૧૩૧૧) धिन्व् નો धि આદેશ.

(૪) पिब = તું પી. पां-पाने (૨)

पा+हि - तुव्ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

पा+अ+हि - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पिब+अ+हि - આ સૂત્રથી पा નો पिब આદેશ.

पिब+अ - अतः... ૪-૨-૮૫ થી हि નો લોપ.

पिब - लुगस्यादे... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ. એજ પ્રમાણે-

(૫) जिघ्र = તું સુંઘ घ्रां-गन्धोपादने (૩) घ्रा નો जिघ्र આદેશ.

(૬) धम = તું તપાવ. ध्मां-शब्दाऽग्निसंयोगयोः (૪) ध्मा नो धम આદેશ.

(૭) तिष्ठ = તું ઉભો રહે. ष्ठां-गतिनिवृत्तौ (૫) स्था નો तिष्ठ આદેશ.

(૮) मन = તું અભ્યાસ કર. म्नां-अभ्यासे (૬) म्ना નો मन આદેશ.

(૯) यच्छ = તું આપ. दां-दाने (૭) दाम् નો यच्छ આદેશ.

(૧૦) पश्य = તું જો. दृशृं-प्रेक्षणे (૪૯૫) दृश् નો पश्य.

(૧૧) ऋच्छ = તું જા. ऋं-प्रापणे गतौ च (૨૬) ऋ નો ऋच्छ આદેશ.

(૧૨) शीयते = તે દુઃખી થાય છે. સાધનિકા ૩-૩-૪૧ માં કરેલી છે.

(૧૩) सीद = તું દુઃખી થા. षद्लृं-विशरणगत्यवसादनेषु (૯૬૬) सद् નો सीद.

✿ श्रौति, अर्त्ति એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી शृ, ऋच्छ આદેશ નહીં થાય. જેમ કે - शोश्रुवत्, आरत्. कृवु, धिवु, दृशृ, दाम् એ પ્રમાણે અનુબંધ નિર્દેશ હોવાથી यङ्लुबन्तમાં આ સૂત્રથી कृ, धि, पश्य, यच्छ આદેશ નહીં થાય. જેમ કે - चरीकृण्वत्, देधिन्वत्, दर्दृशत्, दादत्. चरीकृण्वत् - कृव्+य - ૩-૪-૯, कृन्व्य - ૪-૪-૯૮, कृण्व्य - ૨-૩-૬૩, कृकृण्व्य - ૪-૧-૩, ककृण्व्य - ૪-૧-૩૮, चकृण्व्य - ૪-૧-૪૬, चरीकृण्व्य - ૪-૧-૫૬, चरीकृण्व् - ૩-૪-૧૪, चरीकृण्वत् - ૫-૨-૨૦ એજ પ્રમાણે देधिन्वत् થશે. અહીં આ સૂત્રથી આદેશ થયા નથી.

✿ घ्रा અને ध्मा નાં સાહચર્યથી पां-पाने भ्वादि ગણનો જ ગ્રહણ થશે. पै-शोषणे ધાતુનાં ऐ નો आ થવાથી पा ધાતુ થાય છે પણ તે લાક્ષણિક હોવાથી અહીં ગ્રહણ નહીં થાય. તેનો पायति પ્રયોગ થશે. पा નો पिब આદેશ અકારાન્ત હોવાથી ઉપાન્ત્ય इ નો ગુણ થતો નથી અન્યથા पेबति એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

✿ दाम् માં મ્કારનો નિર્દેશ કર્યો છે તે दा સંજ્ઞકની નિવૃત્તિ માટે છે.

✿ कृवु-धिवु ધાતુમાં उदितः... ૪-૪-૯૮ થી न् આગમ થવાથી ધાતુ જ कृण्व्-धिन्व् છે તેથી આ સૂત્રથી कृण्व् અને धिन्व् નો कृ અને धि આદેશ થાય છે.

✿ पा નો पिब આદેશ સ્વરાન્ત (અકારાન્ત) છે તેવી રીતે અન્ય ધાતુઓનાં આદેશો સ્વરાન્ત જ સમજવા. આદેશો અકારાન્ત હોવાથી लुगस्या...

૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ થવાથી પ્રયોગોની સિદ્ધિ થશે.

## क्रमो दीर्घः परस्मै । ४-२-१०९

**અર્થઃ-** તિવાદિ પ્રત્યયો અનન્તર ન હોય તો પરસ્મૈપદ નિમિત્તક શિત્ પ્રત્યય પર છતાં क्रम् ધાતુનો (સ્વર) દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) क्राम = તું ચાલ. क्रमू-पादविक्षेपे (૩૮૫)

क्रम्+हि - तुव्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

क्रम्+अ+हि - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

क्रामहि - આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર દીર્ઘ.

क्राम - अतः... ૪-૨-૮૫ થી हि નો લોપ. એજ પ્રમાણે क्राम्य.

(૨) क्राम्यति = તે ચાલે છે.

क्रम्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

क्रम्+य+ति - भ्रास... ૩-૪-૭૩ થી श्य પ્રત્યય.

क्राम्यति - આ સૂત્રથી ઉપાન્ત્ય સ્વર દીર્ઘ. એજ પ્રમાણે क्रामति.

**परस्मैपद इति किम् ?** आक्रमते सूर्यः = સૂર્ય ઉગે છે. અહીં ૩-૩-૫૨ થી આત્મનેપદ થાય છે તેથી આ સૂત્રથી क्रम् ધાતુનો સ્વર દીર્ઘ થયો નથી. સાધનિકા ૩-૩-૪૭ માં જણાવેલી છે.

**अत्यादावित्येव —** चङ्क्रन्ति = તે વારંવાર ચાલે છે. क्रम्+य - ૩-૪-૯, क्रक्रम्य - ૪-૧-૩, ककम्य - ૪-૧-૪૪, चक्रम्य - ૪-૧-૪૬, चम्क्रम्य - ૪-૧-૫૧, चङ्क्रम्य - ૧-૩-૧૪, चङ्क्रम् - ૩-૪-૧૪, चङ्क्रम्+ति - ૩-૩-૬, चङ्क्रन्ति - ૧-૩-૩૯. અહીં क्रम् ધાતુથી પરમાં તરત જ तिव् પ્રત્યય છે તેથી આ સૂત્રથી क्रम् ધાતુનો સ્વર દીર્ઘ થયો નથી.

✡ પરસ્મૈપદ નિમિત્ત એ પ્રમાણે કહેલું હોવાથી हि પ્રત્યયનો લોપ થયા પછી પણ ધાતુનો સ્વર દીર્ઘ થાય છે.

## ष्ठिवू-क्लम्वाऽऽचमः । ४-२-११०

**અર્થઃ-** તિવાદિ પ્રત્યય અનન્તર ન હોય તો શિત્ પ્રત્યય પર છતાં ष्ठिव्, क्लम् અને आ પૂર્વક चम् ધાતુનાં ઉપાન્ત્ય સ્વર  દીર્ઘ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) ष्ठीव = તું થૂંક. ष्ठिवू-निरसने (૪૬૩) સાધનિકા ૪-૨-૧૦૯ માં જણાવેલ क्राम પ્રમાણે થશે. અહીં પહેલાં ગણનો જ ष्ठिव् ધાતુ ગ્રહણ થશે. કેમકે ष्ठिवूच् ચોથા ગણનાં ધાતુનું તો भ्वादे... ૨-૧-૬૩ થી દીર્ઘ થાય જ છે.

(૨) क्लाम, क्लाम्य = તું થાક, તું ગ્લાનિ પામ. क्लमूच्-ग्लानौ (૧૨૩૭) સાધનિકા ૪-૨-૧૦૯ માં જણાવેલ क्राम, क्राम्य પ્રમાણે થશે. અહીં भ्रास... ૩-૪-૭૩ થી श्य વિકલ્પે થાય છે. તેથી श्य અને शव् બન્ને થશે.

(૩) आचाम = તું ખા. चमू-अदने (૩૮૦) સાધનિકા ૪-૨-૧૦૯ માં જણાવેલ क्राम પ્રમાણે થશે.

**आङिति किम् ?** चम = તું ખા. आ ઉપસર્ગથી પર चम् ધાતુ ન હોવાથી આ સૂત્રથી દીર્ઘ થયો નથી. તે પ્રમાણે विचम અહીં પણ वि પૂર્વક છે आ પૂર્વક નથી તેથી પણ આ સૂત્રથી સ્વર દીર્ઘ થયો નથી.

✿ ष्ठिवू અને क्लमू એ પ્રમાણે સૂત્રમાં ઉકાર સહિત નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી ધાતુનો સ્વર દીર્ઘ થતો નથી જેમકે तेष्ठिवत्, चंक्लमत्. અહીં यङ्लुबन्त तेष्ठिव् અને चंक्लम् ધાતુને शतृ પ્રત્યય લાગ્યો છે તેથી આ સૂત્રથી દીર્ઘ આદેશ થયો નથી. પરન્તુ चम् ધાતુનું यङ्लुबन्त चञ्चम् થાય અને તેને अत् (शतृ) પ્રત્યય લાગે તો આ સૂત્રથી દીર્ઘ થશે. જેમકે - चञ्चामत्.

**अत्यादावित्येव** — आचञ्चन्ति = વારંવાર ખાય છે. સાધનિકા ૪-૨-૧૦૯ માં જણાવેલ चङ्क्रन्ति પ્રમાણે થશે. અહીં તિવાદિ પ્રત્યય आचम् ધાતુથી તરત જ પરમાં છે તેથી આ સૂત્રથી चम् ધાતુનો સ્વર દીર્ઘ થયો નથી.

## शमुसप्तकस्य श्ये । ૪-૨-૧૧૧

**અર્થઃ**- श्य પ્રત્યય પર છતાં शम् વિગેરે સાત (शम्, दम्, तम्, श्रम्, भ्रम्, क्षम् અને मद्) ધાતુઓનો ઉપાન્ત્યસ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) शाम्य = તું શાન્ત થા. शमूच्-उपशमे (૧૨૩૦)

शम्+हि - तुव्ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

शम्+य+हि - दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

शाम्यहि - આ સૂત્રથી शम् ધાતુનો સ્વર દીર્ઘ.

शाम्य - अतः... ૪-૨-૮૫ થી हि નો લોપ. એજ પ્રમાણે -

(૨) दाम्य = તું શાન્ત થા. दमूच्-उपशमे (૧૨૩૧)

(૩) ताम्य = તું ઈચ્છ. तमूच्-काङ्क्षायाम् (૧૨૩૨)

(૪) श्राम्य = તું ખેદ કર. श्रमूच्-खेदतपसोः (૧૨૩૩)

(૫) भ्राम्य = તું ભટક. भ्रमूच्-अनवस्थाने (૧૨૩૪) અહીં भ्रास... ૩-૪-૭૩ થી भ्रम् ધાતુને श्य પ્રત્યય વિકલ્પે થાય છે.

(૬) क्षाम्य = તું સહન કર. क्षमौच्-सहने (૧૨૩૫)

(૭) माद्य = તું ઉન્માદ કર. (તું ખુશી થા) मदैच्-हर्षे (૧૨૩૬)

**श्य इति किम् ?** भ्रमति = તે ભટકે છે. અહીં भ्रास... ૩-૪-૭૩ થી श्य પ્રત્યય ન થાય ત્યારે વિકલ્પપક્ષમાં कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય થાય છે. भ्रमूच् ધાતુનું જ આ રૂપ જાણવું.

**शम्सप्तकस्येति किम् ?** अस्यति = તે ફેંકે છે. असूच्-क्षेपणे (૧૨૮૧) આ ધાતુ शमादि સાત ધાતુમાં નથી તેથી આ સૂત્રથી अस् ધાતુનો ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થયો નથી.

✿ अत्यादौ ની અહીં નિવૃત્તિ થઈ છે અને शमादि ગણ હોવાથી આ સૂત્ર यङ्लुबन्त માં લાગતું નથી. જેમ કે - शंशन्ति, दन्दन्ति, तन्तन्ति, शंश्रन्ति, बम्भ्रन्ति, चंक्षन्ति. સાધનિકા ૪-૨-૧૦૯ માં જણાવેલ चङ्क्रन्ति પ્રમાણે થશે. અને मद् ધાતુનો मामत्ति પ્રયોગ થશે કેમકે અનુનાસિક અન્તવાળો ધાતુ ન હોવાથી ૪-૧-૫૧ થી मु આગમ ન થવાથી आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ થશે.

## ष्ठिव्-सिवोऽनटि वा । ४-२-११२

**અર્થઃ-** अनट् પ્રત્યય પર છતાં ष्ठिव् અને सिव् ધાતુનો ઉપાન્ત્ય સ્વર વિકલ્પે દીર્ઘ થાય છે.

**વિવેચન** - (૧) निष्ठीवनम्, निष्ठेवनम् = થૂંકવું.

नि-ष्ठिव्+अनट् - अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય.

निष्ठीवन - આ સૂત્રથી ष्ठिव् નો સ્વર દીર્ઘ.

सि, सि नो अम्, अम् नां अ नो लुक् थवाथी निष्ठीवनम् थशे. विकल्पपक्षे आ सूत्रथी दीर्घ न थाय त्यारे लघो... ४-३-४ थी इ नो गुण ए थवाथी निष्ठेवनम् प्रयोग थशे. એજ પ્રમાણે -

(२) सीवनम्, सेवनम् = सीववुं. षिवूच्-उतौ (११६४)

## म-व्यस्याः । ४-२-११३

**अर्थः-** धातुथी विधान કરાએલાં મકારાદિ અને વકારાદિ પ્રત્યય પર છતાં અકારનો દીર્ઘ आ થાય છે.

**વિવેચન** - (१) पचामि = हुं रांधुं छुं, पचावः = અમે બે રાંધીએ છીએ, पचामः = અમે બધા રાંધીએ છીએ. અહીં पच् ધાતુને मि-वस्-मस् પ્રત્યય ૩-૩-૬ થી થયાં, कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् લાગ્યો. અને આ સૂત્રથી સ્વર દીર્ઘ થયો છે. એજ પ્રમાણે पचावहे, पचामहे પ્રયોગ થશે.

✿ वयि-गतौ (७९१) वय् ધાતુનું यङ्लुबन्त - वय्+य - ૩-૪-૯, ववय्य - ૪-૧-૩, वावय्य - ૪-૧-૪૮, वावय् - ૩-૪-૧૪, वावय्+मि - ૩-૩-૬, वावमि - ૪-૪-૧૨૧, वावामि-આ સૂત્રથી સ્વર દીર્ઘ. એજ પ્રમાણે वावावः, वावामः પ્રયોગ થશે.

**अस्येति किम् ?** चिनुवः, चिनुमः, रुवः, रुमः અહીં व અને म થી શરૂ થતો પ્રત્યય છે પણ ધાતુમાં उકાર છે अકાર નથી તેથી આ સૂત્રથી સ્વર દીર્ઘ થયો નથી.

✿ અહીં ધાતુનો वકારાદિ - मકારાદિ પ્રત્યયની સાથે સંબંધ છે. अકારની સાથે સંબંધ નથી. તેથી અહીં પ્રત્યય રૂપ अકારનો દીર્ઘ આદેશ થાય છે.

## अनतोऽन्तोऽदात्मने । ४-२-११४

**अर्थः-** अनत - अકારને વર્જીને અન્ય વર્ણથી પર રહેલાં આત્મનેપદ સંબંધી अन्त् નો अत् થાય છે.

**વિવેચન** - (१) चिन्वते = તેઓ સંચય કરે છે.

चि+अन्ते - तिव्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

चि+नु+अन्ते - स्वादेः... ૩-૪-૭૫ થી श्नु પ્રત્યય.

चिन्वन्ते - इवर्णादे... ૧-૨-૨૧ થી उ નો व्.

चिन्वते - આ સૂત્રથી अन्ते નાં अन्त् નો अत्. એજ પ્રમાણે - अचिन्वत, लुनते, लुनताम्, मिमते, मिमताम्, अमिमत.

**आत्मनेपद इति किम् ?** चिन्वन्ति = તેઓ સંચય કરે છે. સાધનિકા चिन्वते પ્રમાણે થશે. અહીં अકાર સિવાયનાં વર્ણથી પરમાં પરસ્મૈપદનો अन्ति પ્રત્યય છે તેથી આ સૂત્રથી अन्ति નાં अन्त् નો अत् આદેશ થયો નથી.

**अनत इति किम् ?** पचन्ते = તેઓ રાંધે છે. અહીં આત્મનેપદ સંબંધી अन्ते પ્રત્યય છે. પણ अકારથી પરમાં છે તેથી આ સૂત્રથી अन्ते નાં अन्त् નો अत् આદેશ થયો નથી.

## शीङो रत् । ૪-૨-૧૧૫

**અર્થઃ-** शीङ् ધાતુથી પર રહેલાં આત્મનેપદ સંબંધી अन्त् નો रत् આદેશ થાય છે.

**વિવેચન** - शेरते = તેઓ ઊંઘે છે.

शी+अन्ते - तिव्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

शीरते - આ સૂત્રથી अन्ते નાં अन्त् નો रत्.

शेरते - शीङ... ૪-૩-૧૦૪ થી शी નાં ई નો ए. એજ પ્રમાણે - शेरताम्, अशेरत.

## वेत्तेर्नवा । ૪-૨-૧૧૬

**અર્થઃ-** विद् ધાતુથી પર રહેલાં આત્મનેપદ સંબંધી अन्त् નો रत् વિકલ્પે થાય છે.

**વિવેચન** - संविद्रते, संविदते = તેઓ જાણે છે.

सम्+विद्+अन्ते - तिव्... ૩-૩-૬ થી अन्ते પ્રત્યય.

सम्+विद्+रते - આ સૂત્રથી अन्ते નાં अन्त् નો रत्.

संविद्रते - तौमु-मौ.... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

વિકલ્પપક્ષે આ સૂત્રથી रत् આદેશ ન થાય ત્યારે संविद्-अन्ते - अनतो... ૪-૨-૧૧૪ થી अन्ते નાં अन्त् નો अत् આદેશ થવાથી संविदते પ્રયોગ થશે.

**आत्मनेपद इत्येव** - विदन्ति = તેઓ જાણે છે. અહીં विद् ધાતુથી

પર આત્મનેપદનો પ્રત્યય નથી પણ પરસ્મૈપદનો अन्ति પ્રત્યય છે તેથી આ સૂત્રથી अन्ति નાં अन्त् નો अत् આદેશ થયો નથી.

## तिवां णवः परस्मै । ४-२-११७

**અર્થઃ-** विद् ધાતુથી પર રહેલાં પરસ્મૈપદનાં तिव् વિગેરે નવ પ્રત્યયનાં સ્થાને પરસ્મૈપદનાં જ અનુક્રમે णव् વિગેરે નવ પ્રત્યયો વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) वेद, वेत्ति = તે જાણે છે.

विद्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

विद्+अ - આ સૂત્રથી तिव् નો णव् આદેશ.

वेद - लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए. વિકલ્પપક્ષે આ સૂત્રથી णव् આદેશ ન થાય ત્યારે विद्+ति, वेद्+ति - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त् થવાથી वेत्ति રૂપ થશે.

(૨) विदतुः, वित्तः = તેઓ બે જાણે છે. અહીં तस् પ્રત્યયનાં સ્થાને अतुस् પ્રત્યય વિકલ્પે થયો છે.

(૩) विदुः, विदन्ति = તેઓ જાણે છે. અહીં अन्ति પ્રત્યયનાં સ્થાને उस् પ્રત્યય વિકલ્પે થયો છે.

(૪) वेत्थ, वेत्सि = તું જાણે છે. અહીં सिव् પ્રત્યયનાં સ્થાને थव् પ્રત્યય વિકલ્પે થયો છે. लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए થશે.

(૫) विदथुः, वित्थः = તમે બે જાણો છો. અહીં थस् પ્રત્યયનાં સ્થાને अथुस् પ્રત્યય વિકલ્પે થયો છે.

(૬) विद, वित्थ = તમે જાણો છો. અહીં थ પ્રત્યયનાં સ્થાને अ પ્રત્યય વિકલ્પે થયો છે.

(૭) वेद, वेद्मि = હું જાણું છું. અહીં मिव् પ્રત્યયનાં સ્થાને णव् પ્રત્યય વિકલ્પે થયો છે. लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए થશે.

(૮) विद्व, विद्वः = અમે બે જાણીએ છીએ. અહીં वस् પ્રત્યયનાં સ્થાને व પ્રત્યય વિકલ્પે થયો છે.

(૯) विद्म, विद्मः = અમે જાણીએ છીએ. અહીં मस् પ્રત્યયનાં સ્થાને म પ્રત્યય વિકલ્પે થયો છે.

## ब्रूग: पञ्चानां पञ्चाऽऽहश्च । ૪-૨-૧૧૮

અર્થઃ- ब्रू ધાતુથી પર રહેલાં तिव् વિગેરે પાંચ (तिव्, तस्, अन्ति, सिव्, थस्) પ્રત્યયોનાં સ્થાને અનુક્રમે णव् વિગેરે પાંચ (णव्, अतुस्, उस्, थव्, अथुस्) પ્રત્યયો વિકલ્પે થાય છે. અને णव् વિગેરે આદેશનાં યોગમાં ब्रू ધાતુનો आह् આદેશ થાય છે.

વિવેચન - (૧) आह, ब्रवीति = તે બોલે છે.

ब्रू+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

आह्+अ = आह - આ સૂત્રથી तिव् નાં સ્થાને णव् અને ब्रू નો आह्.

વિકલ્પપક્ષે णव् આદેશ ન થાય ત્યારે ब्रू+ति - ૩-૩-૬ થી ति પ્રત્યય, ब्रू+ई+ति - ब्रूतः... ૪-૩-૬૩ થી ईत्, ब्रो+ई+ति - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ, ब्रवीति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव् થશે.

(૨) आहतुः, ब्रूतः = તેઓ બે બોલે છે. અહીં तस् પ્રત્યયનાં સ્થાને अतुस् પ્રત્યય થયો તેનાં યોગમાં ब्रू નો आह् થયો છે.

(૩) आहुः, ब्रुवन्ति = તેઓ બોલે છે. અહીં अन्ति પ્રત્યયનાં સ્થાને उस् પ્રત્યય થયો તેનાં યોગમાં ब्रू નો आह् થયો છે. ब्रुवन्ति માં ब्रू+अन्ति, धातो... ૨-૧-૫૦ થી ऊ નો उव् થયો છે.

(૪) आत्थ, ब्रवीषि = તું બોલે છે. અહીં सिव् પ્રત્યયનાં સ્થાને थव् પ્રત્યય વિકલ્પે થયો તેનાં યોગમાં ब्रू નો आह् થયો છે. તેથી आह्+थ - नहाहो... ૨-૧-૮૫ થી ह् નો त् થવાથી आत्थ થશે. ब्रवीषि ની સાધનિકા ब्रवीति પ્રમાણે થશે.

(૫) आहथुः, ब्रूथः = તમે બે બોલો છો. અહીં थस् પ્રત્યયનાં સ્થાને अथुस् પ્રત્યય વિકલ્પે થયો તેનાં યોગમાં ब्रू નો आह् થયો છે.

**पञ्चानामिति किम्?** ब्रूथ = તમે બોલો છો. અહીં थ પ્રત્યય એ પાંચમો નથી છઠ્ઠો છે તેથી આ સૂત્રથી थ નાં સ્થાને अ પ્રત્યય થયો નથી અને ब्रू નો आह् આદેશ પણ થયો નથી.

## आशिषि तु-ह्योस्तातङ् । ૪-૨-૧૧૯

અર્થઃ- આશીર્વાદ અર્થ ગમ્યમાન હોય તો પંચમીનાં तुव् અને हि પ્રત્યયનાં

સ્થાને तातङ् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) जीवतात्, जीवतु भवान् = આપ જીવો.

जीव्+तु - तुव् ताम्... ૩-૩-૮ થી तुव् પ્રત્યય.

जीव्-अ+तु - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

जीवतु, जीवतात् - આ સૂત્રથી तुव् નો વિકલ્પે तात् આદેશ.

(૨) जीवतात्, जीव त्वम् = તું જીવ.

जीव्+हि - तुव्-ताम्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

जीवहि - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

जीवतात् - આ સૂત્રથી हि નો વિકલ્પે तात् આદેશ.

जीव - अतः... ૪-૨-૮૫ થી हि નો લોપ. એજ પ્રમાણે

(૩) नन्दतात्, नन्दतु भवान् = આપ આનંદ પામો.

(૪) नन्दतात्, नन्द त्वम् = તું આનંદ પામ. नदु ધાતુને उदितः... ૪-૪-૯૮ થી न् આગમ થવાથી नन्द् ધાતુ બનશે પછીની સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**आशिषीति किम् ?** जीवतु = તે જીવે, जीव=તું જીવ. અહીં આશીર્વાદ અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી तुव् અને हि પ્રત્યયનો तातङ् આદેશ થયો નથી.

✿ तातङ् એ પ્રમાણે ङित् નિર્દેશ કર્યો છે તેથી ગુણનો નિષેધ થયો.

## आतो णव औः । ४-२-१२०

**અર્થ:-** ધાતુનાં આકારથી પર આવેલાં પરોક્ષાનાં णव् પ્રત્યયનો औ આદેશ થાય છે.

**વિવેચન** - पपौ = તેણે પીધું, મેં પીધું. સાધનિકા ૪-૧-૧ માં કરેલી છે.

✿ "नवा" શિતિ પ્રત્યયની સાથે સંબંધ ધરાવતો હતો હવે આ સૂત્રમાં णव् ગ્રહણ કરવાથી नवा ની નિવૃત્તિ થઈ છે.

✿ અહીં સૂત્રમાં औकार ના બદલે ओकार કરવાથી રૂપની સિદ્ધિ થાત કેમકે पपा+ओ - ऐदौत्... ૧-૨-૧૨ થી आ+ओ=औ થવાનો જ છે છતાં પણ ओकार ન કરતાં औकार કર્યો છે તે ददरिद्रौ રૂપને સિદ્ધ

કરવા માટે છે. કેમકે अशित्यस्सन्... ૪-૩-૭૭ થી અશિત્ પ્રત્યયનાં વિષયમાં दरिद्रा નાં आ નો લોપ થવાથી ददरिद्रौ ને બદલે ददरिद्रो એવું અનિષ્ટ રૂપ થાત. વાત બરાબર છે. પણ दरिद्रा ધાતુ તો અનેકસ્વરી હોવાથી आम् આદેશ થાય તો પછી ददरिद्रौ રૂપ કેમ કર્યું ? સાચી વાત છે પણ આકારથી પર णव् નો औकार કરવાથી જ आम् આદેશ અનિત્ય થાય છે એટલે કે નથી થતો.

## आतामाते-आथामाथे आदिः । ४-२-१२१

**અર્થઃ-** અકારથી પર રહેલાં आताम्, आते, आथाम् અને आथे પ્રત્યયનાં आ નો इ આદેશ થાય છે.

**વિવેચન** - પંચમી વિભક્તિ ત્રીજા પુરૂષ દ્વિવચનનો आताम् પ્રત્યય.

પંચમી વિભક્તિ બીજા પુરૂષ દ્વિવચનનો आथाम् પ્રત્યય.

વર્તમાનકાળ ત્રીજા પુરૂષ દ્વિવચનનો आते પ્રત્યય.

વર્તમાનકાળ બીજા પુરૂષ દ્વિવચનનો आथे પ્રત્યય.

(૧) पचेताम् = તેઓ બે રાંધે.

पच्+आताम् - तुवृताम्... ૩-૩-૮ થી आताम् પ્રત્યય.

पच्+अ+आताम् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पच+इताम् - આ સૂત્રથી आताम् નાં आ નો इ.

पचेताम् - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+इ = ए. એજ પ્રમાણે -

(૨) पचेथाम् = તમે બે રાંધો.

(૩) पचेते = તેઓ બે રાંધે છે. અહીં पच् ધાતુને आते પ્રત્યય तिव्... ૩-૩-૬ થી થશે અને તે आते પ્રત્યયનો આ સૂત્રથી इते થશે. બાકીની સાધનિકા पचेताम् પ્રમાણે થશે. એજ પ્રમાણે-

(૪) पचेथे = તમે બે રાંધો છો.

**आदिति किम् ?** मिमाताम् = તેઓ બે માપે.

मा+आताम् - तुव् ताम्... ૩-૩-૮ થી आताम् પ્રત્યય.

मामा+आताम् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

ममा+आताम् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

मिमा+अताम् - पृ-भृ... ૪-૧-૫૮ થી પૂર્વનાં अ નો इ.

मिमाताम् - श्नश्चातः ૪-૨-૯૬ થી ધાતુનાં आ નો લોપ. એજ પ્રમાણે मिमाथाम्, मिमाते, मिमाथे પ્રયોગ થશે. અહીં आताम् વિગેરે પ્રત્યયો अકારથી પર નથી आકારથી પર છે તેથી આ સૂત્રથી आताम् વિગેરે પ્રત્યયોનાં आ નો इ થયો નથી.

✿ "अर्थवशात् विभक्तिः विपरिणामः" એ ન્યાયથી ૪-૨-૧૨૦ સૂત્રમાં आतः એ પંચમી વિભક્તિ હતી અને આ સૂત્રમાં आतः એ ષષ્ઠી વિભક્તિ થઈ છે.

## यः सप्तम्याः । ४-२-१२२

**અર્થઃ**- अકારથી પર રહેલાં સપ્તમી વિભક્તિનાં या શબ્દનો इ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) पचेत् = તે રાંધે.

पच्+यात् - यात् याताम्... ૩-૩-૭ થી यात् પ્રત્યય.

पच्+अ+यात् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पच+इत् - આ સૂત્રથી या નો इ.

पचेत् - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+इ = ए. એજ પ્રમાણે - पचेताम्, पचेः, पचेतम्, पचेत, पचेव, पचेम પ્રયોગ થશે.

**आदित्येव** - अद्यात् = તે ખાય. અહીં अद् ધાતુથી यात् પ્રત્યય થયો છે अકારથી પરમાં यात् નથી તેથી આ સૂત્રથી या નો इ થયો નથી.

✿ आકારનો અધિકાર હોવાથી "येन नाऽव्यवधानेन तेन व्यवहितेऽपि - स्यात्" એ ન્યાયથી વ્યવધાન હોતે છતે પણ आ જ છે તેથી અહીં य નું વ્યવધાન હોવા છતાં પણ या નો इ થાય છે અથવા प्रत्ययस्य પરિભાષાથી આખા यात् પ્રત્યયનો इ આદેશ પ્રાપ્ત છે એમ ન કરવું જો આખાં यात् વિગેરે પ્રત્યયનો इ આદેશ ઈષ્ટ હોત તો "यादि सप्तम्याः" એ પ્રમાણે સૂત્ર કરત.

## याम्-युसोरियमियुसौ । ४-२-१२३

**અર્થઃ**- अકારથી પર રહેલાં याम् અને युस् પ્રત્યયનો અનુક્રમે इयम् અને इयुस् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) पचेयम् = હું રાંધું.

पच्+याम् - यात्... ૩-૩-૭ થી याम् પ્રત્યય.

पच्+अ+याम् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

पच+इयम् - આ સૂત્રથી याम् નો इयम् આદેશ.

पचेयम् - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+इ = ए.

(૨) पचेयुः = તેઓ રાંધે. સાધનિકા पचेयम् પ્રમાણે થશે. सोरुः रःपदान्ते... થી पचेयुः થશે.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान स्वोपज्ञशब्दानुशासन लघुवृत्तौ चतुर्थस्याध्यायस्य द्वितीयः पादः समाप्तः ॥ ४-२ ॥*

*श्रीभीमपृतनोत्खात, रजोभिर्वैरिभूभुजाम् ।*
*अहो ! चित्रमवर्धन्त, ललाटे जलबिन्दवः ॥*

**અર્થ** :- અહો ! આશ્ચર્યની વાત છે કે શ્રી ભીમરાજાની સેના વડે ઉખડેલી (ઉડેલી) ધૂળવડે શત્રુ રાજાઓનાં કપાળમાં જલબિંદુઓ (પરસેવાનાં બિંદુઓ) વધતાં હતાં.

॥ अर्हम् ॥

# चतुर्थस्याऽध्यायस्य तृतीयः पादः

## नामिनो गुणोऽक्ङिति । ४-३-१

**અર્થ:-** कित्-ङित् પ્રત્યય વર્જીને અન્ય પ્રત્યય પર છતાં નામ્યન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - चेता = એકઠું કરશે.

चि+ता - ता तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

चेता - આ સૂત્રથી इ નો ગુણ ए. એજ પ્રમાણે.

नेता, स्तोता, लविता, कर्ता, तरिता, जयति, नयति, भवति, करोति, तरति વિગેરે પ્રયોગો થશે.

**अक्ङिति इति किम् ?** युतः = તેઓ બે મિશ્રણ કરે છે. युक्-मिश्रणे (૧૦૮૦) यु+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય. शिदवित् ૪-૩-૨૦ થી तस् પ્રત્યય અવિત્શિત્ હોવાથી ङित् થાય છે તેથી આ સૂત્રથી यु ધાતુનાં उ નો ગુણ થયો નથી. તથા युतः પ્રયોગ क्त પ્રત્યય લાગીને પણ થશે. એજ પ્રમાણે -

✡ अशिश्रियत् - અહીં અદ્યતનીનો ङ પ્રત્યય લાગ્યો છે તે ङित् છે. તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

लुलुवे - અહીં પરોક્ષાનો ए પ્રત્યય इन्ध्य... ૪-૩-૨૧ થી कित् થાય છે તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

**नामिन इति किम् ?** उम्भिता = પૂર્ણ કરશે. उम्भत्-पूरणे (૧૩૮૬) અહીં નામિ સ્વર અન્ત્યમાં નથી તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

✡ याति = તે જાય છે. या ધાતુમાં અન્ત્યમાં નામી સ્વર નથી તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

✡ ग्लायति, म्लायति - ग्लै અને म्लै ધાતુમાં અન્ત્ય નામી સ્વર છે ઐકારનાં બળથી ગુણ થતો નથી. કેમકે કોઈનો પણ ગુણ કરીએ તો ઉત્કર્ષ થવો જોઈએ તેનાં બદલે ग्लै-म्लै ધાતુનાં અન્ત્ય ऐ નો ગુણ ए

કરીએ તો હાનિ થાય છે તેથી ગુણ થતો નથી.

## उ श्नोः । ४-३-२

**અર્થઃ-** कित्-ङित् પ્રત્યય વર્જીને અન્ય પ્રત્યય પર છતાં ધાતુથી વિધાન કરાએલ उ અને श्नु પ્રત્યયનો ગુણ થાય છે.

**વિવેચન** - (૧) तनोति = તે વિસ્તાર કરે છે. સાધનિકા ૩-૪-૮૩ માં કરેલી છે.

(૧) सुनोति = તે સ્નાન કરે છે. સાધનિકા ૩-૪-૭૫ માં કરેલી.છે.

**अक्ङितीत्येव** - कुरुतः, सुनुतः - અહીં तस् પ્રત્યય ङित् છે તેથી આ સૂત્રથી उ કે श्नु પ્રત્યયનો ગુણ થયો નથી.

## पुस्-पौ । ४-३-३

**અર્થઃ-** पुस् અને पु આગમ પર છતાં નામ્યન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - (૧) ऐयरुः = તેઓ ગયા. ऋंक्-गतौ (૧૧૩૫)

ऋ+अन् - दिव् ताम्... ૩-૩-૯ થી अन् પ્રત્યય.

ऋऋ+अन् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ.

अऋ+अन् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

इऋ+अन् - पृ-भृ... ૪-૧-૫૮ થી પૂર્વનાં अ નો इ.

इऋ+उस् - द्व्युक्त... ૪-૨-૯૩ થી अन् નો पुस्.

इय्+उस् - पूर्वस्या... ૪-૧-૩૭ થી इ નો इय्.

ऐय्+उस् - स्वरादेः... ૪-૪-૩૧ થી इ ની વૃદ્ધિ ऐ.

ऐयरुस् - આ સૂત્રથી ऋ નો ગુણ अर्.

सोरुः, रः पदान्ते... થી ऐयरुः પ્રયોગ થશે.

(૨) अर्पयति = તે મોકલે છે. સાધનિકા ૪-૨-૨૧ માં કરેલી છે.

**नाम्यन्तस्येत्येव** - अनेनिजुः, क्ष्मापयति, दापयति - અહીં निज्, क्ष्माय्, दा ધાતુ નામ્યન્ત નથી તેથી આ સૂત્રથી पुस् પ્રત્યય અને पु આગમ પર છતાં ગુણ થયો નથી.

✿ अर्ति... ૪-૨-૨૧ થી જે पु નો આગમ થાય છે તે पु ને આગમ ન

ગણતાં પ્રત્યય તરીકે સ્વીકાર્યો હોત તો नामिनो... ૪-૩-૧ થી ગુણ થઈ જ જાત તેથી पु પર છતાં ગુણ કરવા માટે આ સૂત્રમાં पु ને ગ્રહણ ન કરવો પડત. અને જો पु ને આગમ ગણો તો આપત્તિ તો છે જ કેમકે पु આગમ હોવાથી ધાતુનાં ગ્રહણવડે पु નું પણ ગ્રહણ થાય તેથી अर्पयति માં ગુણ થશે પણ रेपयति માં ગુરુ ઉપાન્ત્યમાં હોવાથી ગુણ સિદ્ધ નહીં થાય તેથી पु ને પ્રત્યય તરીકે ગણો તો સર્વત્ર ગુણ સિદ્ધ થાય - સાચી વાત છે પણ જો पु ને પ્રત્યય ગણીએ તો अरीरिपत्, अदीदपत् માં ઉપાન્ત્યનો અભાવ થવાથી (पु પ્રત્યય હોય તો પ્રત્યયનું અંગ બને તેથી री માં અન્ત્ય નામી સ્વર રહેવાથી) उपान्त्य... ૪-૨-૩૫ થી હ્રસ્વ નહીં થાય. તેથી पु આગમ જ ગણવો જોઈએ.

✡ अरीरिपत् = તેણે ટપકાવ્યું, મોકલાવ્યું. री+णिग् - ૩-૪-૨૧, रीपि - ૪-૨-૨૧, रीपि+त् - ૩-૩-૧૧, रीपि+ङ+त् - ૩-૪-૫૮, रीरीपि+ङ+त् - ૪-૧-૨, अरीरीपि+ङ+त् - ૪-૪-૨૯, अरीरिपि+ङ+त् - ૪-૨-૩૫, अरीरिपत् - ૪-૩-૮૩ થી સિદ્ધ થશે.

✡ अदीदपत् = તેણે અપાવ્યું. दा+णिग् - ૩-૪-૨૧, दापि - ૪-૨-૨૧, दापि+त् - ૩-૩-૧૧, दापि+ङ+त् - ૩-૪-૫૮, दादापि+ङ+त् - ૪-૧-૨, ददापि+ङ+त् - ૪-૧-૩૯, अददापि+अ+त् - ૪-૪-૨૯, अददापि+अ+त् - ૪-૧-૬૩, अददपि+अ+त् - ૪-૨-૩૫, अदिदपि+अ+त् - ૪-૧-૫૯, अदीदपि+अ+त् - ૪-૧-૬૪, अदीदपत् - ૪-૩-૮૩ થી સિદ્ધ થશે.

## लघोरुपान्त्यस्य । ४-३-४

**અર્થઃ-** कित्-ङित् પ્રત્યય વર્જીને અન્ય પ્રત્યય પર છતાં ધાતુનાં લઘુ (હ્રસ્વ) ઉપાન્ત્ય નામિ સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - भेत्ता = તે ભેદશે. भिदृंपी-विदारणे (૧૪૭૭)

भिद्+ता - ता तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

भेद्+ता - આ સૂત્રથી ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ ए.

भेत्ता - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्. એજ પ્રમાણે.

गोप्ता, भेदनम्, गोपनम्, वेत्ति, दोग्धि, नर्नर्ति વિગેરે પ્રયોગો થશે.

**लघोरिति किम् ?** ईहते = તે ચેષ્ટા કરે છે. ईहि-चेष्टायाम् (૮૫૭) આ ધાતુ ઉપાન્ત્યમાં દીર્ઘ સ્વરવાળો છે તેથી આ સૂત્રથી ગુણ થયો નથી. એજ પ્રમાણે ऊहते પ્રયોગ થશે.

**उपान्त्यस्येति किम् ?** भिनत्ति = ભેદે છે. અહીં ૩-૪-૮૨ થી भिद् ધાતુનાં સ્વરની પછી श्न વિકરણ પ્રત્યય લાગવાથી भिनद् ધાતુ બને છે હવે ઉપાન્ત્યમાં નામી સ્વર ન હોવાથી આ સૂત્રથી ગુણ થયો નથી. એજ પ્રમાણે रुणद्धि, तृणत्ति, छृणत्ति વિગેરે પ્રયોગો થશે.

**अक्ङितीत्येव** - भिन्न:, भिन्नवान् - અહીં क्त-क्तवतु પ્રત્યય કિત્ છે. बेभिद्यते - मरीमृज्यते અહીં यङ् પ્રત્યય ङित् છે. તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

## मिदः श्ये । ४-३-५

**અર્થ:-** श्य પ્રત્યય પર છતાં मिद् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - मेद्यति = તે સ્નિગ્ધ કરે છે. ञिमिदाच्-स्नेहने (૧૧૮૦)

मिद्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

मिद्+य+ति - दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય.

मेद्यति - આ સૂત્રથી ધાતુનાં इ નો ગુણ ए. એજ પ્રમાણે मेद्यतः, मेद्यन्ति વિગેરે પ્રયોગ થશે.

✡ श्य પ્રત્યય અવિત્શિત્ હોવાથી ङित् થવાથી मिद् ધાતુનાં ઉપાન્ત્ય સ્વર इ નાં ગુણની लघो... ૪-૩-૪ થી પ્રાપ્તિ ન હતી તેથી આ સૂત્રની રચના કરી.

## जागुः किति । ४-३-६

**અર્થ:-** કિત્ પ્રત્યય પર છતાં जागृ ધાતુનાં અન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - जागरितः = તે જાગ્યો.

जागृ+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

जागर्+त - આ સૂત્રથી जागृ ધાતુનાં ऋ નો ગુણ अर्.

जागरित - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી जागरितः પ્રયોગ થશે. એજ પ્રમાણે

जागरितवान् - क्तवतु પ્રત્યય કિત્ છે, जागर्यते - અહીં क्य પ્રત્યય કિત્ છે, जागर्यात् - અહીં क्यात् પ્રત્યય આશીર્વાદનો છે તે કિત્ છે તેથી આ સૂત્રથી जागृ ધાતુનાં ऋ નો ગુણ अर् થયો છે.

**कितीति किम् ?** जागृतः - અહીં तस् પ્રત્યય ङित् છે, जाग्रति - અહીં अन्ति પ્રત્યય ङित् છે, जाग्रत् - शतृ પ્રત્યય ङित् છે, जागृयात् - સપ્તમીનો यात् પ્રત્યય ङित् છે તેથી અહીં સર્વત્ર આ સૂત્રથી जागृ ધાતુનાં ऋ નો ગુણ થયો નથી.

✿ जागरिता - અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય લાગ્યો છે તે કિત્ નથી તેથી આ સૂત્રથી ગુણ નથી થયો પણ नामिनो... ૪-૩-૧ થી ગુણ થયો છે.

✿ કિત્ પ્રત્યય પર છતાં जागृ ધાતુનાં ऋ નાં ગુણની नामिनो... ૪-૩-૧ થી પ્રાપ્તિ ન હતી તેથી આ સૂત્ર બનાવ્યું.

## ऋवर्ण-दृशोऽङि । ४-३-७

**અર્થઃ-** अङ् પ્રત્યય પર છતાં ऋ વર્ણાન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો અને दृश् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - (૧) आरत् = તે ગયો. સાધનિકા ૩-૪-૬૧ માં કરેલી છે.

(૨) असरत् = તે ગયો. સાધનિકા ૩-૪-૬૧ માં કરેલી છે.

(૩) अजरत् = તે ઘરડો થયો. સાધનિકા ૩-૪-૬૧ માં જણાવેલ असरत् પ્રમાણે થશે. પણ ૩-૪-૬૫ થી अङ् પ્રત્યય થશે. આ સૂત્ર ऋ વર્ણાન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો ગુણ કરે છે તેથી जॄ ધાતુ દીર્ઘ હોવા છતાં પણ ॠ નો ગુણ આ સૂત્રથી થયો છે.

(૪) अदर्शत् = તેણે જોયું. સાધનિકા ૩-૪-૬૧ માં જણાવેલ असरत् પ્રમાણે થશે. પણ दृशृं ધાતુ ऋ ઇત્વાળો હોવાથી अङ् પ્રત્યય ૩-૪-૬૫ થી થશે. આ સૂત્રથી दृश् ધાતુનાં ઉપાન્ત્ય ऋ નો ગુણ अर् થયો છે.

✿ आरत् - અહીં स्वरादेः... ૪-૪-૩૧ સૂત્ર પરસૂત્ર હોવાથી ऋ ની વૃદ્ધિ आर् પહેલાં થઈ જ જાય. આ સૂત્ર અહીં લાગવાની શક્યતા નથી. છતાં લઘુવૃત્તિમાં ૩-૪-૬૧ અને ૪-૩-૭ માં ऋ નો आरत् પ્રયોગ કેમ આપ્યો છે તે સમજાતું નથી જો मा भवान् अरत् આવો પ્રયોગ કરે તો જ આ સૂત્રથી ऋ નો ગુણ થઈ શકે. કેમકે मा નાં યોગમાં વૃદ્ધિ

થતી નથી. અને બૃહદ્વૃત્તિમાં પણ मा भवान् अरत् જ પ્રયોગ છે તે વિચારણીય છે.

## स्कृच्छ्रतोऽकि परोक्षायाम् । ૪-૩-૮

**અર્થ:-** कृ થી ઉપલક્ષિત (જણાવેલ) क्वसु અને कान પ્રત્યયને વર્જીને પરોક્ષાનાં પ્રત્યય પર છતાં स्कृ (स्सट् આગમ સહિત कृ) ધાતુનાં ऋच्छ् ધાતુનાં અને દીર્ઘ ॠકારાન્ત ધાતુનાં નામી સ્વરનો ગુણ થાય છે.

**વિવેચન** - (૧) सञ्चस्करुः = તેઓએ સંસ્કાર કર્યો.

सम्+स्कृ - संपरेः... ૪-૪-૯૧ થી कृ ની આદિમાં स्सट्.

सम्+स्कृ+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

सम्+स्कृस्कृ+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सम्+कृस्कृ+उस् - अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ.

सम्+कस्कृ+उस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

सम्+चस्कृ+उस् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

सम्चस्करुस् - આ સૂત્રથી ऋ નો ગુણ अर्.

सञ्चस्करुस् - तौमुमौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

सोरुः, रः पदान्ते... થી सञ्चस्करुः પ્રયોગ થશે. એજ પ્રમાણે सञ्चस्करतुः વિગેરે પ્રયોગો થશે.

(૨) आनर्च्छुः = તેઓએ પ્રાપ્ત કર્યું. સાધનિકા ૪-૧-૬૯ માં જણાવેલ आनृधुः પ્રમાણે થશે. અહીં આ સૂત્રથી ऋ નો ગુણ अर् થવાથી आनर्च्छुः પ્રયોગ થશે. એજ પ્રમાણે आनर्च्छतुः વિગેરે થશે.

(૩) तेरुः = તેઓ તર્યા. સાધનિકા ૪-૧-૨૫ માં કરેલી છે. એજ પ્રમાણે तेरतुः-कृ-विचकरुः, विचकरतुः-शृ-विशशरुः, विशशरतुः-दृ-विददरुः, विददरतुः-पृ-निपपरुः, निपपरतुः વિગેરે પ્રયોગો થશે.

**अकीति किम् ?** सञ्चस्कृवान् = સંસ્કારી કર્યું. સાધનિકા ઉપર પ્રમાણે થશે. પછી सि વિગેરે પ્રત્યય લાગીને જે સાધનિકા થશે તે ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે आनृच्छवान्, वितितीर्वान् પ્રયોગ થશે. અહીં क्वसु પ્રત્યય થયેલો છે. તેથી આ

સૂત્રથી ગુણ થયો નથી.

**स्कृ इति कृगः सस्सट उपादानादिह न भवति** - चकतुः, चक्रुः અહીં कृ ધાતુને स्सट् આગમ થયેલો નથી તેથી આ સૂત્રથી ગુણ થયો નથી.

✿ स्कृ ધાતુમાં स्सट् નો આગમ થયા પછી સંયોગથી પરમાં ऋ છે તેથી ઉત્તરસૂત્ર ૪-૩-૯, ૪-૩-૧૦ થી ગુણ સિદ્ધ હતો છતાં પણ स्कृ ધાતુને આ સૂત્રમાં ગ્રહણ કર્યો છે તેથી ઉત્તરસૂત્રમાં જે સંયોગ છે તે સ્વાભાવિક સંયોગ હોવો જોઈએ. જ્યારે स्कृ માં સ્વાભાવિક સંયોગ નથી स्सट् નો આગમ થવાથી સંયોગ થયેલો છે માટે આ સૂત્રથી स्कृ ધાતુનાં ऋ નો ગુણ થશે. તેથી संस्क्रियते માં ૪-૩-૧૦ થી ગુણ ન થતાં रिःशक्या... ૪-૩-૧૧૦ થી ऋ નો रि થયો છે.

✿ विचकार, विजगार - અહીં कृ અને गृ ધાતુને પરોક્ષાનો णव् પ્રત્યય લાગ્યો છે णव् પ્રત્યય પર છતાં તો ૪-૩-૫૧ થી વૃદ્ધિ થાય છે તે પરસૂત્ર હોવાથી વૃદ્ધિ જ કરવી આ સૂત્રથી ગુણ ન કરવો.

## संयोगादृदर्त्तेः । ४-३-९

**અર્થઃ-** સંયોગથી પરમાં રહેલો જે ऋ તેવા ऋकारान्त ધાતુનાં ऋ નો અને ऋ ધાતુનાં ऋ નો क् થી ઉપલક્ષિત क्वसु-कान પ્રત્યયને વર્જીને પરોક્ષાનાં પ્રત્યય પર છતાં ગુણ થાય છે.

**વિવેચન** - (૧) सस्मरुः = સ્મરણ કર્યું. स्मृं-चिन्तायाम् (૧૮)

स्मृ+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

स्मृस्मृ+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सृस्मृ+उस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન म् નો લોપ.

सस्मृ+उस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

सस्मरुस् આ સૂત્રથી ऋ નો ગુણ अर्.

सोरुः, रः पदान्ते... થી सस्मरुः પ્રયોગ થશે. એજ પ્રમાણે सस्मरतुः.

(૨) सस्वरुः = અવાજ કર્યો. औस्वृ-शब्दोपतापयोः (૨૧) સાધનિકા सस्मरुः પ્રમાણે થશે. એજ પ્રમાણે सस्वरतुः. द्वृं-वरणे (૨૨) ધાતુનું રૂપ दद्वरतुः, दद्वरुः થશે, ध्वृं-ह्वृं-कौटिल्ये (૨૩-૨૪) ધાતુનું રૂપ दध्वरतुः, दध्वरुः - जह्वरतुः, जह्वरुः થશે.

(૩) आरुः = તેઓ ગયા. સાધનિકા सस्मरुः પ્રમાણે થશે. પણ ૪-૧-૪૪ સૂત્ર અહીં નહીં લાગે. અને अस्यादेरा... ૪-૧-૬૮ થી પૂર્વનાં अ નો आ આદેશ થશે.

**संयोगादिति किम् ?** चक्रुः = તેઓએ કર્યું. સાધનિકા ૪-૧-૧ માં જણાવેલ चक्रतुः પ્રમાણે થશે. અહીં उस् પ્રત્યય થશે. અહીં कृ ધાતુમાં ऋ સંયોગની પછી નથી તેથી આ સૂત્રથી ऋ નો ગુણ થયો નથી.

**ऋदर्त्तेरिति किम् ?** चिक्षियतुः, चिक्षियुः - અહીં क्षि ધાતુમાં સંયોગ છે પણ સંયોગની પછી ऋ નથી इ છે તેથી આ સૂત્રથી ગુણ ન થતાં अतुस् અને उस् પ્રત્યય પર છતાં संयोगात् ૨-૧-૫૨ થી इय् થયો છે.

✡ सस्मार, सस्वार - અહીં णव् પર છતાં नामिनो... ૪-૩-૫૧ સૂત્ર પરસૂત્ર હોવાથી વૃદ્ધિ જ થશે. પણ આ સૂત્રથી ગુણ નહીં થાય.

✡ अर्त्ति માં तिव् નિર્દેશ ઉત્તરસૂત્ર માટે છે. यङ्लुबन्त ની નિવૃત્તિ માટે નથી. यङ्लुबन्त માં ધાતુનું દ્વિત્વ વિગેરે કાર્ય થવાથી અનેકસ્વરી છે તેથી પરોક્ષામાં आम् થશે. અને कृ-भू-अस् નાં રૂપો જોડાશે. તેથી अरराञ्चकार, अरियराञ्चकार માં આ સૂત્રથી ગુણ થયો છે.

## क्य-यङाशीर्ये । ४-३-१०

**અર્થઃ-** સંયોગથી પરમાં રહેલો જે ऋ તેવાં ऋકારાન્ત ધાતુનાં ऋ નો અને ऋ ધાતુનાં ऋ નો क्य, यङ् અને યકારાદિ આશીર્વાદનાં પ્રત્યયો પર છતાં ગુણ થાય છે.

**વિવેચન** - (૧) स्मर्यते = સ્મરણ કરાય છે.

स्मृ+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

स्मृ+य+ते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય.

स्मर्यते - આ સૂત્રથી ऋ નો ગુણ अर्. એજ પ્રમાણે.

(૨) स्वर्यते = અવાજ કરાય છે.

(૩) अर्यते = જવાય છે.

(૪) सास्मर्यते = તે વારંવાર સ્મરણ કરે છે.

स्मृ+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

स्मृस्मृय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सृस्मृय - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન म् નો લોપ.

सस्मृय - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

सास्मृय - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

सास्मर्य - આ સૂત્રથી ऋ નો ગુણ अर्.

ते પ્રત્યય, शव् પ્રત્યય, लुगस्या... થી सास्मर्यते થશે. એજ પ્રમાણે —

(૫) सास्वर्यते = તે વારંવાર અવાજ કરે છે.

(૬) अरार्यते = તે વારંવાર જાય છે. સાધનિકા ૩-૪-૧૦ માં કરેલી છે.

(૭) स्मर्यात् = તે સ્મરણ કરે.

स्मृ+यात् - क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય.

स्मर्यात् - આ સૂત્રથી ऋ નો ગુણ अर्. એજ પ્રમાણે —

(૮) स्वर्यात् = તે અવાજ કરે.

(૯) अर्यात् = તે જાય.

**औपदेशिकसंयोग ग्रहणात् इह न भवति** - संस्क्रियते, संचेस्क्रियते, संस्क्रियात्. અહીં સ્વાભાવિક સંયોગ ન હોવાથી ऋ નો ગુણ આ સૂત્રથી થયો નથી પણ रिःशक्या... ૪-૩-૧૧૦ થી ऋ નો रि થયો છે.

**ऋत इत्येव** - आस्तीर्यते, आतेस्तीर्यते, आस्तीर्यात्. અહીં स्तॄ ધાતુમાં સંયોગ છે પણ દીર્ઘ ॠ પરમાં છે તેથી આ સૂત્રથી ॠ નો ગુણ થયો નથી પણ ॠतां... ૪-૪-૧૧૬ થી इर् થયો છે. અને તે इर् નો इ भ्वादेः... ૨-૧-૬૩ થી દીર્ઘ થયો છે.

**आशीर्य इति किम् ?** स्मृषीष्ट, स्वृषीष्ट, समृषीष्ट - અહીં આશીર્વાદનાં પ્રત્યય છે પણ य થી શરૂ થતાં પ્રત્યય નથી તેથી આ સૂત્રથી ऋ નો ગુણ થયો નથી.

**अर्त्तेः इति तिव् निर्देशात् यङ्लुपि न भवति** - आरियात् अर्य्रियात् - અહીં ऋ ધાતુનું ગ્રહણ સૂત્રમાં अर्त्तेः એ પ્રમાણે तिव् નિર્દેશ પૂર્વક કરેલું હોવાથી यङ्लुबन्त માં य થી શરૂ થતો આશીર્વાદનો यात् પ્રત્યય પરમાં હોવા છતાં આ સૂત્રથી ગુણ થયો નથી.

✡ आरियात् - ऋ+य - ३-४-९, ऋऋय - ४-१-३, अऋय - ४-१-३८, अर्ऋय - ४-१-५६, अरिय - ४-३-११०, आरिय - १-३-४१, आरिय+यात् - ३-३-१३, आरियात् - ३-४-१४ થી પ્રયોગ થશે.

✡ अर्य्रियात् - ऋ+य - ३-४-९, ऋऋय - ४-१-३, अऋय - ४-१-३८, अरिऋय કે अरीऋय - ४-१-५६, अर्यृऋय - १-२-२१, अर्यृरिय - ४-३-११०, अर्य्रि - ३-४-१४, अर्य्रियात् - ३-३-१३ થી પ્રયોગ થશે.

## न वृद्धिश्चाऽविति क्ङिल्लोपे । ४-३-११

**અર્થ:-** અવિત્ પ્રત્યય પરમાં હોતે છતે જે કિત્ કે ઙિત્ પ્રત્યય છે તેનો લોપ થયે છતે ગુણ કે વૃદ્ધિ થતાં નથી.

**વિવેચન** - (૧) चेच्यः = વારંવાર ભેગું કરનાર. સાધનિકા ૩-૪-૧૫ માં કરેલી છે. અહીં चेची+अ થયા પછી नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए થવાની પ્રાપ્તિ છે. પરંતુ अच् પ્રત્યય અવિત્ હોવાથી તેની પૂર્વે રહેલાં ઙિત્ એવા यङ् પ્રત્યયનો अचि ૩-૪-૧૫ થી લોપ થયેલો હોવાથી अच् પ્રત્યય પર છતાં આ સૂત્રથી ई નાં ગુણનો નિષેધ થયેલો છે.

(૨) मरीमृजः = વારંવાર સાફ કરનાર.

मृज्+य-मृज्य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

मृमृज्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

ममृज्य - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

मरीमृज्य - रिरौ... ૪-૧-૫૬ થી री આગમ.

मरीमृज्य+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય.

मरीमृज - अचि ૩-૪-૧૫ થી यङ् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रः पदान्ते... થી मरीमृजः પ્રયોગ થશે.

અહીં मरीमृज+अ આ અવસ્થામાં ऋतः... ૪-૩-૪૩ થી ऋ ની વૃદ્ધિ आर् થવાની પ્રાપ્તિ હતી પણ અવિત્ એવો अच् પ્રત્યય પર છતાં પૂર્વનાં ઙિત્ એવા यङ् પ્રત્યયનો લોપ થયેલો છે તેથી આ સૂત્રથી ऋ ની વૃદ્ધિનો નિષેધ થયેલો છે.

**क्ङिदिति किम् ?** रागी, रागः - અહીં घिनण् અને घञ् પ્રત્યય લાગતાં रञ्ज् ધાતુનાં न् નો લોપ થયેલો છે. घिनण् કે घञ् પ્રત્યય અવિત્ છે પણ न् નો લોપ થયો છે તે કિત્ કે ङित् નથી તેથી વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ ન થતાં ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ થઈ છે.

## भवतेः सिज्लुपि । ४-३-१२

**અર્થ:-** सिच् પ્રત્યયનો લોપ થયે છતે भू ધાતુનાં સ્વરનો ગુણ થતો નથી.

**વિવેચન** - अभूत् = થયું. સાધનિકા ૪-૨-૪૩ માં કરેલી છે. અહીં सिच् નો લોપ થયા પછી अभू+त् આ અવસ્થામાં नामिनो... ૪-૩-૧ થી ऊ નાં ગુણની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો. એજ પ્રમાણે अभूताम्, अभूः પ્રયોગ થશે.

**सिज्लुपीति किम् ?** व्यत्यभविष्ट = તે કોઈનાં બદલે થયો.

व्यति+भू+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

व्यति+भू+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

व्यति+अभू+स्+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

व्यत्यभू+स्+त - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यत्यभू+इ+स्+त - स्ताद्य... ૪-૪-૩૨ થી सिच् ની પૂર્વે इट्.

व्यत्यभो+इ+स्+त - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

व्यत्यभवि+स्+त - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

व्यत्यभविष्+त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

व्यत्यभविष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. અહીં सिच् પ્રત્યયનો લોપ થયેલો નથી તેથી આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી.

**तिव् निर्देशात् यङ्लुपि न प्रतिषेधः** - अबोभोत् = તે વારંવાર થયો. भू+य - ૩-૪-૯, भूभूय - ૪-૧-૩, बूभूय - ૪-૧-૪૨, बोभूय - ૪-૧-૪૮, बोभू - ૩-૪-૧૪, बोभू+त् - ૩-૩-૧૧, अबोभू+त् - ૪-૪-૨૯, अबोभू+स्+त् - ૩-૪-૫૩, अबोभू+त्-૪-૩-૬૬, अबोभोत् - ૪-૩-૧ થી પ્રયોગ થશે. અહીં सिच् નો લોપ થયો છે પણ આ સૂત્રમાં भवते એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં આ

સૂત્રથી ગુણનો નિષેધ થતો નથી.

## सूतेः पञ्चम्याम् । ४-३-१३

**અર્થઃ**- પંચમી વિભક્તિનો પ્રત્યય પર છતાં सू ધાતુનાં સ્વરનો ગુણ થતો નથી.

**વિવેચન** - सुवै = હું ઉત્પન્ન કરું. षूङौक्-प्राणिगर्भविमोचने (૧૧૦૭)

सू+ऐ - तुव्ताम्... ૩-૩-૮ થી ऐव् પ્રત્યય.

सुवै - धातोरिवर्णो... ૨-૧-૫૦ થી ऊ નો उव्. અહીં नामिनो... ૪-૩-૧ થી ऊ નાં ગુણની પ્રાપ્તિ હતી પણ આ સૂત્રથી નિષેધ થયો. એજ પ્રમાણે सुवावहै, सुवामहै પ્રયોગ થશે.

**तिव् निर्देशात् यङ्लुपि गुणो भवति एव** - सोषवाणि - હું વારંવાર ઉત્પન્ન કરું. सू+य - ૩-૪-૯, सूसूय - ૪-૧-૩, सोसूय - ૪-૧-૪૮, सोषूय - ૨-૩-૧૫, सोषू - ૩-૪-૧૪, सोषू+आनि - ૩-૩-૮, सोषो+आनि - ૪-૩-૧, सोषवानि - ૧-૨-૨૪, सोषवाणि - ૨-૩-૬૩ થી પ્રયોગ થશે. અહીં પંચમી વિભક્તિનો आनिव् પ્રત્યય છે પણ સૂત્રમાં सूतेः એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી. ધાતુપાઠમાં षू છે તે षू નાં ष् નો ૨-૩-૯૮ થી स् (सू) થયેલો છે તેથી પ્રયોગમાં ધાતુનાં स् નો ष् ૨-૩-૧૫ થી થયો એજ પ્રમાણે सोषवाव, सोषवाम प्रયોગ થશે.

## द्व्युक्तोपान्त्यस्य शिति स्वरे । ४-३-१४

**અર્થઃ**- સ્વરાદિ શિત્ પ્રત્યય પર છતાં દ્વિરુક્ત ધાતુનાં ઉપાન્ત્ય નામી સ્વરનો ગુણ થતો નથી.

**વિવેચન** - नेनिजानि = હું સાફ કરૂં.

नेनिज्+आनि સુધી ૪-૧-૫૭ માં જણાવ્યા પ્રમાણે થશે.

नेनिजानि - आनिव् પ્રત્યય સ્વરાદિ શિત્ છે તેથી ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નાં ગુણ ए ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

**उपान्त्यस्येति किम् ?** जुहवानि = હું હોમ કરું.

हु+आनि - तुव्ताम्... ૩-૩-૮ થી आनिव् પ્રત્યય. સાધનિકા ૪-૧-૧૨ માં જણાવેલ जुहोति પ્રમાણે થશે. ओदौतो... ૧-૨-૨૪ સૂત્રથી ओ

નો अव् થવાથી जुहवानि પ્રયોગ થશે. અહીં સ્વરાદિ શિત્ પ્રત્યય છે પણ ઉપાન્ત્યનામી સ્વર નથી અન્ત્યનામી સ્વર છે તેથી આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી.

**शितीति किम् ?** निनेज = મેં સાફ કર્યું. સાધનિકા ૪-૧-૩૭ માં જણાવેલ इयेष પ્રમાણે થશે. માત્ર ૪-૧-૩૭ સૂત્ર નહીં લાગે અહીં સ્વરાદિ પ્રત્યય णव् છે પણ તે શિત્ નથી તેથી આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી.

**स्वर इति किम् ?** नेनेक्ति = તે સાફ કરે છે. સાધનિકા ૪-૧-૫૭ માં કરેલી છે. અહીં સ્વરાદિ શિત્ પ્રત્યય જ નથી વ્યંજનાદિ શિત્ પ્રત્યય છે તેથી આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી.

**द्व्युक्तेति किम् ?** वेदानि - અહીં સ્વરાદિ શિત્ પ્રત્યય છે. પણ ધાતુ દ્વિરુક્ત નથી તેથી આ સૂત્રથી ગુણનો નિષેધ થયો નથી.

## ह्विणोरप्विति व्-यौ । ४-३-१५

**અર્થ:-** पित् અને क्ङित् પ્રત્યય વર્જીને અન્ય સ્વરાદિ શિત્ પ્રત્યય પર છતાં हु અને इ ધાતુનાં અન્ત્યનામી સ્વરનો અનુક્રમે व् અને य् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जुह्वति = તેઓ હોમ કરે છે. સાધનિકા ૪-૨-૯૪ માં કરેલી છે.

(૨) यन्तु = તેઓ જાય. इंण्क्-गतौ (૧૦૭૫)

इ+अन्तु - तुव्... ૩-૩-૮ થી अन्तु પ્રત્યય.

यन्तु - આ સૂત્રથી इ નો य्. એજ પ્રમાણે - यन्ति.

**अप्वितीति किम् ?** अजुहवुः = તેઓએ હોમ કર્યો. સાધનિકા ૪-૨-૯૩ માં કરેલી છે. અહીં उस् (पुस्) પ્રત્યય પિત્ છે તેથી આ સૂત્રથી हु નાં उ નો व् આદેશ થયો નથી.

(૨) अयानि = હું જાઉં.

इ+आनि - तुव्ताम्... ૩-૩-૮ થી आनिव् પ્રત્યય.

ए+आनि - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

अयानि - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्. અહીં आनिव् પ્રત્યય वित् છે તેથી આ સૂત્રથી इ નો य् આદેશ થયો નથી.

**शितीत्येव** - जुहुवतुः, ईयतुः, ईयुः - અહીં अतुस् અને उस् પ્રત્યય સ્વરાદિ છે પણ શિત્ નથી પરોક્ષાનાં પ્રત્યય છે તેથી આ સૂત્રથી उ નો व् અને इ નો य् આદેશ થયો નથી.

**स्वरादावित्येव** - जुहुतः, इतः - અહીં तस् પ્રત્યય શિત્ છે પણ સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી हु ધાતુનાં उ નો व् અને इ નો य् આદેશ થયો નથી.

## इको वा । ४-३-१६

**અર્થઃ-** સ્વરાદિ અવિત્ શિત્ પ્રત્યય પર છતાં इक् ધાતુનાં इ નો य् વિકલ્પે થાય છે.

**વિવેચન** - अधियन्ति, अधीयन्ति = તેઓ સ્મરણ કરે છે. इंक्-स्मरणे (૧૦૭૪)

अधि+इ+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

अधि+य्+अन्ति - આ સૂત્રથી इ નો य्.

अधियन्ति વિકલ્પપક્ષે આ સૂત્રથી इ નો य् ન થાય ત્યારે

✡ अधि+इ+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

अधि+इयन्ति - धातो... ૨-૧-૫૦ થી इ નો इय्.

अधीयन्ति - समानानां... ૧-૨-૧ થી इ+इ = ई. એજ પ્રમાણે अधियन्तु - अधीयन्तु, अधियन्ताम् - अधीयन्ताम् પ્રયોગ થશે.

## कुटादेर्ङिद्वदञ्णित् । ४-३-१७

**અર્થઃ-** कुटादि ગણ પાઠમાંનાં कुट् વિગેરે ધાતુઓથી પર રહેલાં ञित् અને णित् પ્રત્યય વર્જીને અન્ય પ્રત્યય ङिद्वत् થાય છે.

**વિવેચન** - (૧) कुटिता = કુટિલતા કરશે. कुटत्-कौटिल्ये (૧૪૨૬)

कुट्+ता - ता तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

कुट्+ता - આ સૂત્રથી ता પ્રત્યયને ङिद्वद्भाव.

कुट्+इ+ता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

कुटिता- - અહીં लघो... ૪-૩-૪ થી ગુણની પ્રાપ્તિ હતી પણ આ સૂત્રથી ता પ્રત્યય ङिद्वद् થવાથી ગુણનો નિષેધ થયો. એજ પ્રમાણે-

(૨) गुता = વિષ્ટા કરશે. गुंत्-पुरीषोत्सर्गे (૧૪૨૭) અહીં गु ધાતુમાં नामिनो... ૪-૩-૧ થી ગુણની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

**अञ्णिदिति किम्** ? उत्कोटः = કુટિલતા કરનાર.

उद्+कुट्+घञ् - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

उद्+कोट - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

उत्कोट - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्. અહીં घञ् પ્રત્યય ञित् છે તેથી આ સૂત્રથી घञ् ને ङिद्वद्भाव ન થવાથી ગુણ થયો.

(૨) उच्चुकोट = ઘણી કુટિલતા કરી.

उद्+कुट्+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

उद्+कुट्कुट्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

उद्+कुकुट - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ट् નો લોપ.

उद्+चुकुट - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

उत्चुकुट - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

उत्चुकोट - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

उच्चुकोट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો च्. અહીં णव् એ णित् છે તેથી णव् ને આ સૂત્રથી ङिद्वद्भाव ન થવાથી ગુણ થઈ શક્યો.

**कुटादेरिति किम्** ? लेखनीयम् = લખનાર. लिखत्-अक्षरविन्यासे (૧૩૩૬) આ ધાતુ कुटादि નથી તેથી આ સૂત્રથી अनीय પ્રત્યયને ङिद्वद्भाव થતો નથી તેથી लघो... ૪-૩-૪ થી ગુણ થયો છે.

✿ कुटादि ગણ ધાતુપાઠમાં ૧૪૨૬ થી ૧૪૬૪ નંબર સુધી છે.

## विजेरिट् । ४-३-१८

**અર્થઃ**- विज् ધાતુથી પરમાં રહેલ इट् ङिद्वद् થાય છે.

**વિવેચન** - उद्विजिता = ઉદ્વિગ્ન થશે. ओविजैति (૧૪૬૮) ओविजैप् (૧૪૮૯) भय-चलनयोः.

उद्+विज्+ता - ता-तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

उद्विज्+इ+ता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

उद्विजिता.અહીં इट् ङिद्वद् થવાથી लघो... ૪-૩-૪ થી ગુણ થયો નથી.

**इडिति किम् ?** उद्वेजनम् = ઉદ્વેગ, उद्वेजयति = ઉદ્વેગ કરાવે છે. અહીં अनट् પ્રત્યય તેમજ उद्वेजि ધાતુમાં પ્રેરકનો णिग् પ્રત્યય આ સૂત્રથી ङिद्वद् થતો નથી. માત્ર इट् જ ङिद्वद् થાય છે તેથી विज् ધાતુનાં इ નો ગુણ ए लघो... ૪-૩-૪ થી થયો છે.

## वोर्णोः । ४-३-१९

**અર્થઃ-** ऊर्णु ધાતુથી પર રહેલ इट् વિકલ્પે ङिद्वद् થાય છે.

**વિવેચન** - प्रोर्णुविता, प्रोर्णविता = તે ઢાંકશે.

प्र+ऊर्णु+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

प्रोर्णु+ता - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ.

प्रोर्णु+इ+ता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

प्रोर्णु+इ+ता - આ સૂત્રથી इट् ङिद्वत्.

प्रोर्णुविता - धातो... ૨-૧-૫૦ થી उ નો उव्. વિકલ્પપક્ષે

✡ प्रोर्णु+इ+ता - इट् ङिद्वद् ન થાય ત્યારે

प्रोर्णो+इ+ता - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्रोर्णविता - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्. એજ પ્રમાણે प्रोर्णुवितुम्, प्रोर्णवितुम् - प्रोर्णुविष्यति, प्रोर्णविष्यति.

**इडित्येव** - प्रोर्णवनम्, प्रोर्णवनीयम् - અહીં अनट् અને अनीय પ્રત્યય પર છતાં इट् આગમ થતો નથી તેથી अनट्-अनीय પ્રત્યય આ સૂત્રથી ङिद्वद् થતાં નથી ङिद्वद् તો માત્ર इट् જ થાય છે. તેથી અહીં नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ થયો છે.

## शिदवित् । ४-३-२०

**અર્થઃ-** ધાતુથી પર રહેલાં वित् પ્રત્યયને વર્જીને અન્ય शित् પ્રત્યયો ङिद्वद् થાય છે.

**विवेचन** - (१) इतः = તેઓ બે જાય છે.

इ+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

इतस् - एताः... ૩-૩-૧૦ થી तस् ને शित् સંજ્ઞા.

इतस् - આ સૂત્રથી અવિત્શિત્ तस् ને ङित्वद् ભાવ.

इतः- सोरुः, रःपदान्ते... થી स् નો र् અને र् નો વિસર્ગ.

આ સૂત્રથી तस् ને ङिद्वद् ભાવ થવાથી ૪-૩-૧ થી ગુણ થયો નથી.

(૨) क्रीणाति = તે ખરીદે છે. સાધનિકા ૪-૨-૧૦૫ માં જણાવેલ पुनाति પ્રમાણે થશે. श्ना પ્રત્યય शित् છે તેને આ સૂત્રથી ङित्वद् ભાવ થવાથી क्री ધાતુનાં ई નો ૪-૩-૧ થી ગુણ થયો નથી. એજ પ્રમાણે सुतः, जागृतः, वित्तः, अधीते, दीव्यति, सुनुतः, तुदति, जिनाति વિગેરે પ્રયોગો થશે.

**अविदिति किम्** ? एति = તે જાય છે. અહીં इ થી પરમાં तिव् પ્રત્યય वित् છે તેથી આ સૂત્રથી તે वित् પ્રત્યય ङित्वद् થતો ન હોવાથી नाम्नो... ૪-૩-૧ થી ગુણ થયો છે. એજ પ્રમાણે जुहोति, जयति, वेत्ति વિગેરે પ્રયોગો થશે.

**शिदिति किम्** ? चेषीष्ट = તે ભેગું કરે.

चि+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

चेसीष्ट - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

चेषीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. અહીં सीष्ट પ્રત્યય અવિત્ હોવા છતાં शित् ન હોવાથી આ સૂત્રથી ङित्वद् થયો નથી. એજ પ્રમાણે - वेत्ता.

## इन्ध्यसंयोगात् परोक्षा किद्वत् । ४-३-२१

**અર્થઃ**- इन्ध् ધાતુથી પર રહેલાં તેમજ અસંયોગાન્ત ધાતુથી પર રહેલાં પરોક્ષાનાં અવિત્ પ્રત્યયો કિદ્વત્ થાય છે.

**विवेचन** - (१) समीधे = પ્રકાશ્યું. સાધનિકા ૩-૪-૪૯ માં કરેલી છે. આ સૂત્રથી ए પ્રત્યય કિદ્વત્ થવાથી ૪-૨-૪૫ થી इन्ध् ધાતુનાં न् નો લોપ થયો છે. એજ પ્રમાણે समीधाते, समीधिरे.

(૨) निन्युः = તેઓ લઈ ગયા.

नी+उस् - णव्... ૩-૩-૧૨ થી उस् પ્રત્યય.

नीनी+उस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

निनी+उस् - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

निनी+उस् - આ સૂત્રથી उस् પ્રત્યય કિદ્દ્વત્.

निन्युस् - योऽनेक... ૨-૧-૫૬ થી नी નાં ई નો य्.

सोरुः, रःपदान्ते... થી निन्युः થશે. અહીં उस् પ્રત્યય આ સૂત્રથી કિદ્દ્વત્ થવાથી नी ધાતુનાં ई નો नामिनो... ૪-૩-૧ થી ગુણ થયો નથી. એજ પ્રમાણે - निन्यतुः, निन्युः, बिभिदतुः, बिभिदुः.

**इन्ध्यसंयोगादिति किम् ?** सस्रंसे = નીચે પડ્યો. સાધનિકા ૩-૪-૪૯ માં જણાવેલ समीधे પ્રમાણે થશે. પણ સંયોગાન્ત ધાતુ હોવાથી આ સૂત્રથી ए પ્રત્યય કિદ્દ્વત્ થતોં નથી તેથી ૪-૨-૪૫ થી स्रंस् ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી. એજ પ્રમાણે - दध्वंसे.

**परोक्षेति किम् ?** इन्धिता, नेता - અહીં ता પ્રત્યય શ્વસ્તનીનો છે પરોક્ષાનો નથી તેથી આ સૂત્રથી ता પ્રત્યય કિદ્દ્વત્ થતો નથી તે કારણે इन्ध् ધાતુનાં न् નો ૪-૨-૪૫ થી લોપ થયો નથી અને नी ધાતુનાં ई નો ગુણ ए नामिनो... ૪-૩-૧ થી થયો છે.

**अविदित्येव** - निनाय, निनयिथ, इयाज, इयजिथ - અહીં णव् અને थव् પ્રત્યય પરોક્ષાનાં છે પણ વિત્ પરોક્ષા છે અવિત્ પરોક્ષા નથી તેથી આ સૂત્રથી णव् અને थव् પ્રત્યય કિદ્દ્વત્ થયા નથી.

✿ ङिद्वद् નો અધિકાર ચાલતો જ હતો ङिद्वद् કરવાથી પણ અહીં ચાલી શકત છતાં પણ આ સૂત્રમાં કિદવત્ થાય એ પ્રમાણે કહ્યું તે यजादि... ૪-૧-૭૨ વિગેરે સૂત્રોથી ય્વૃત્ કરવા માટે અને जागृ ધાતુનાં ऋ નો जागुः... ૪-૩-૬ થી ગુણ કરવા માટે જ કહ્યું છે. જો ङिद्वद् કર્યુ હોત તો ય્વૃત્ અને ગુણ ન થાત.

## स्वञ्जेर्नवा । ४-३-२२

**અર્થઃ**- स्वञ्ज् ધાતુથી પર રહેલાં પરોક્ષાનાં પ્રત્યયો વિકલ્પે કિદ્દ્વદ્ થાય છે.

**વિવેચન** - सस्वजे, सस्वञ्जे = સંગ કર્યો. સાધનિકા ૩-૪-૪૯ માં જણાવેલ

સમીધે પ્રમાણે થશે. ए પ્રત્યય આ સૂત્રથી કિદ્વત્ થશે ત્યારે ૪-૨-૪૫ સૂત્રથી न् નો લોપ થશે અને ए પ્રત્યય કિદ્વત્ નહીં થાય ત્યારે न् નો લોપ નહીં થાય.

## ज-नशो न्युपान्त्ये तादिः क्त्वा । ४-३-२३

અર્થઃ- न् ઉપાન્ત્યમાં હોય એવાં ज् અન્તવાળાં ધાતુથી પરમાં રહેલ તેમજ न् ઉપાન્ત્યમાં હોય એવાં नश् ધાતુથી પરમાં રહેલ તકારાદિ क्त्वा પ્રત્યય કિદ્વત્ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) रक्त्वा, रङ्क्त्वा = રંગીને, રાગી કરીને.

रञ्ज्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

रञ्ज्+त्वा - આ સૂત્રથી क्त्वा કિદ્વદ્.

रज्+त्वा - नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ.

रग्त्वा - चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्.

रक्त्वा - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી क्त्वा કિદ્વત્ ન થાય ત્યારે रञ्ज्+त्वा, रञ्ग्+त्वा, रञ्क्त्वा - म्नां... ૧-૩-૩૯ થી ધાતુનાં न् નો ङ् થવાથી रङ्क्त्वा પ્રયોગ થશે.

(૨) नष्ट्वा, नंष्ट्वा = નાશ કરીને.

नश्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

नन्श्+त्वा - नशो धुटि ૪-૪-૧૦૯ થી ધાતુમાં न् આગમ.

नन्श्+त्वा - આ સૂત્રથી क्त्वा કિદ્વત્.

नश्+त्वा - नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ.

नष्+त्वा - यजसृज... ૨-૧-૮૭ થી ધાતુનાં श् નો ष्.

नष्ट्वा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त्वा નાં त् નો ट्. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી क्त्वा કિદ્વત્ ન થાય ત્યારે नश्+त्वा, नन्श्+त्वा, नन्ष्+त्वा, नन्ष्ट्वा - शिड्हे... ૧-૩-૪૦ થી न् નો અનુસ્વાર થવાથી नंष्ट्वा પ્રયોગ થશે.

**नीति किम् ?** भुक्त्वा = ખાઈને.

भुज्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

भुग्त्वा - चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्.

भुक्त्वा - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्. અહીં भुज् ધાતુમાં ઉપાન્ત્યમાં न् નથી તેથી આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે કિદ્વત્ થતો નથી. જો અહીં પણ કિદ્વત્ વિકલ્પે થયો હોત તો જ્યારે क्त्वा પ્રત્યય કિદ્વત્ ન થાય ત્યારે भुज् ધાતુનાં ઉપાન્ત્ય उ નો ગુણ ओ થઈને भोक्त्वा એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત.

**उपान्त्य इति किम् ?** निक्त्वा = સાફ કરીને. સાધનિકા भुक्त्वा પ્રમાણે થશે. निज् ધાતુમાં न् ઉપાન્ત્યમાં નથી આદિમાં છે તેથી આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે કિદ્વત્ થતો નથી. નહીંતર કિદ્વદ્ભાવનાં અભાવમાં निज् ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ ए થઈને नेक्त्वा એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત.

**तादिरिति किम् ?** विभज्य = વિભાગ કરીને.

वि+भञ्ज्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

विभञ्ज्+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો य.

विभज्य - नोव्यञ्जन... ૪-૨-૪૫ થી ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ. અહીં भञ्ज् ધાતુમાં न् ઉપાન્ત્યમાં છે પણ તકારાદિ क्त्वा પ્રત્યય નથી त्वा નો यप् આદેશ થઈ ગયો છે તેથી આ સૂત્રથી क्त्वा પ્રત્યય વિકલ્પે કિદ્વત્ થતો નથી. નહીંતર કિદ્વત્ ભાવનાં અભાવમાં ૪-૨-૪૫ થી ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ ન થવાથી विभञ्ज्य એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત.

**क्त्वेति किम् ?** भङ्क्ता, नंष्टा - અહીં भञ्ज् અને नश् ધાતુથી શ્વસ્તનીનો ता પ્રત્યય છે क्त्वा પ્રત્યય નથી તેથી આ સૂત્રથી ता પ્રત્યય કિદ્વત્ ન થવાથી ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી.

## ऋत्-तृष-मृष-कृश-वञ्च-लुञ्च-थ-फः सेट् । ૪-૩-૨૪

**અર્થઃ-** ऋत्, तृष्, मृष्, कृश्, वञ्च्, लुञ्च् અને न् ઉપાન્ત્યમાં છે જેને એવા थ् અને फ् અન્તવાળા ધાતુઓથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યય કિદ્વત્ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) ऋतित्वा, अर्तित्वा = જઈને. ऋत-गति-घृणास्पर्द्धेषु (૨૮૭)

ऋत्-त्वा - प्राक्काले ५-४-४७ થી क्त्वा પ્રત્યય.

ऋत्-इ+त्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

ऋतित्वा - આ સૂત્રથી इट् સહિત क्त्वा કિદ્વત્ થવાથી ગુણનો અભાવ થયો. क्त्वा કિદ્વત્ ન થાય ત્યારે लघो... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर् થવાથી अर्तित्वा પ્રયોગ થશે. એજ પ્રમાણે -

(૨) तृषित्वा, तर्षित्वा = તરસ્યો થઈને. ञितृषच्-पिपासायाम् (૧૨૧૨)

(૩) मृषित्वा, मर्षित्वा = સહન કરીને. मृषू-सहने च (૫૨૮)

(૪) कृशित्वा, कर्शित्वा = પાતળું કરીને. कृशच्-तनुत्वे (૧૨૦૭)

(૫) वचित्वा, वञ्चित्वा = ઠગીને. वञ्चिण्-प्रलम्भने (૧૮૦૫)

वञ्च्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

वञ्च्+इ+त्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

वञ्च्+इत्वा - આ સૂત્રથી इट् સહિત क्त्वा કિદ્વત્.

वचित्वा - नो व्यञ्जन... ૪-૨-૪૫ થી ઉપાન્ત્ય न् નો લોપ. આ સૂત્રથી इट् સહિત क्त्वा કિદ્વત્ ન થાય ત્યારે ધાતુનાં ઉપાન્ત્ય न् નો લોપ નહીં થવાથી वञ्चित्वा પ્રયોગ થશે એજ પ્રમાણે -

(૬) लुचित्वा, लुञ्चित्वा = દૂર કરીને. लुञ्च-अपनयने (૧૦૩)

(૭) श्रथित्वा, श्रन्थित्वा = શિથિલ થઈને. श्रथुङ्-शैथिल्ये (૭૧૭)

(૮) गुफित्वा, गुम्फित्वा = ગૂંથીને. गुम्फत्-ग्रन्थने (૧૩૮૪)

**न्युपान्त्य इति किम् ?** कोथित्वा = હિંસા કરીને, સંક્લેશ કરીને, रेफित्वा = કહીને, લડાઈ કરીને, હણીને, આપીને. कुथच्-पूतिभावे (૧૧૫૩), रिफत्-कथनयुद्धहिंसादानेषु (૧૩૭૬) कुथ्, रिफ्+त्वा - ૫-૪-૪૭, कुथित्वा, रिफित्वा - ૪-૪-૩૨, कोथित्वा, रेफित्वा - ૪-૩-૪ થી उ નો ગુણ ओ અને इ નો ગુણ ए થયો છે. અહીં न् ઉપાન્ત્યમાં નથી તેથી थ् અને फ् અન્તવાળો ધાતુ હોવા છતાં આ સૂત્રથી સેટ્ त्वा વિકલ્પે કિદ્વત્ થયો નથી. અન્યથા જો न् ઉપાન્ત્ય એવું વિશેષણ ન મૂક્યું હોત તો વિકલ્પપક્ષે સેટ્ त्वा કિદ્વત્ થવાથી कुथित्वा અને रिफित्वा એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ પણ થાત.

**सेडिति किम् ?** वक्त्वा = ઠગીને. वञ्चू-गतौ (૧૦૬)

वञ्च्-त्वा - ५-४-४७, वच्+त्वा - ४-२-४५, वक्त्वा - २-१-८६; ऊदितो वा ४-४-४२ થી त्वा પ્રત્યય પર છતાં इट् વિકલ્પે થાય છે અહીં इट् પ્રત્યય થયેલો ન હોવાથી सेट् त्वा નથી તેથી આ સૂત્રથી કિદ્વત્ થયો નથી એજ પ્રમાણે - मृषू-मृष्ट्वा.

✡ **क्त्वेति किम् ?** ग्रथितः, ग्रथितवान् - અહીં सेट् क्त-क्तवतु પ્રત્યય છે क्त्वा પ્રત્યય જ નથી તેથી આ સૂત્રથી કિદ્વત્ વિકલ્પે થતો નથી.

✡ અહીં न् ઉપાન્ત્ય એ વિશેષણ थ् અને फ् અન્તવાળા નામોને જ ઘટે છે કારણ કે ऋत्, तृष्, मृष् અને कृश् ધાતુમાં સંભવ નથી અને वञ्च् તથા लुञ्च् માં તો न् ઉપાન્ત્યમાં છે જ. જ્યારે थ् અને फ् અન્તવાળા ધાતુમાં જ એવું છે કે કેટલાંક ધાતુમાં न् ઉપાન્ત્યમાં આવી શકે છે અને કેટલાંક ધાતુમાં न् ઉપાન્ત્યમાં નથી આવતો. એટલે જેમાં उदितः स्वराज्नोन्तः વિગેરે સૂત્રોથી न् નો આગમ થતો હોય તેવા જ थ् અને फ् અન્તવાળા ધાતુઓનું આ સૂત્રમાં ગ્રહણ થશે.

## वौ व्यञ्जनाऽऽदेः सन् चाऽय्-वः । ४-३-२५

**અર્થઃ-** उ અને इ ઉપાન્ત્યમાં હોય તથા य् અને व् અન્તે ન હોય એવા વ્યંજનાદિ ધાતુથી પરમાં રહેલ सेट् क्त्वा અને सन् પ્રત્યય કિદ્વત્ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) द्युतित्वा, द्योतित्वा = પ્રકાશિત થઈને. द्युति-दीप्तौ (૯૩૭) સાધનિકા ४-३-२४ માં જણાવેલ ऋतित्वा, अर्तित्वा પ્રમાણે થશે અહીં उ નો ગુણ ओ થશે. એજ પ્રમાણે - मुदित्वा, मोदित्वा.

(૨) दिद्युतिषते, दिद्योतिषते = પ્રકાશિત થવાને ઈચ્છે છે.

द्युत्+स - तुमर्हा... ३-४-२१ થી सन् પ્રત્યય.

द्युतिस - स्ताद्य... ४-४-३२ થી इट्.

द्युद्युतिस - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

दुद्युतिस - व्यञ्जन... ४-१-४४ થી અનાદિવ્યંજન य् નો લોપ.

दिद्युतिस - द्युतेरिः ४-१-४१ થી પૂર્વનાં उ નો इ.

दिद्युतिष - नाम्य... २-३-१५ થી स् નો ष्.

दिद्युतिष - આ સૂત્રથી सेट् सन् કિદ્વત્.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી दिद्युतिषते પ્રયોગ થશે. આ સૂત્રથી કિદ્વત્ ન થાય ત્યારે लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ થવાથી दिद्योतिषते પ્રયોગ થશે. એજ પ્રમાણે मुमुदिषते, मुमोदिषते.

(૩) लिखित्वा, लेखित्वा = લખીને. लिखत्-अक्षरविन्यासे (૧૩૩૬) સાધનિકા ૪-૩-૨૪ માં જણાવેલ ऋतित्वा, अर्त्तित्वा પ્રમાણે થશે. અહીં इ નો ગુણ ए થશે. એજ પ્રમાણે श्वितित्वा, श्वेतित्वा.

(૪) लिलिखिषति, लिलेखिषति = લખવાની ઈચ્છા કરે છે. સાધનિકા दिद्युतिषते, दिद्योतिषते પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૪૪ અને ૪-૧-૪૧ સૂત્ર અહીં નહીં લાગે. એજ પ્રમાણે शिश्वितिषते, शिश्वेतिषते.

**वावितिं किम् ?** वर्तित्वा = વર્તીને, રહીને. वृतूङ्-वर्तने (૯૫૫) वृत्+त्वा - ૫-૪-૪૭, वृतित्वा - ૪-૪-૩૨, वर्तित्वा - ૪-૩-૪ થી ગુણ. અહીં ઉપાન્ત્યમાં ऋ છે इ કે उ નથી તેથી આ સૂત્રથી સેટ્ क्त्वा વિકલ્પે કિદ્વત્ થયો નથી. સેટ્ सन् પણ કિદ્વત્ નહીં થાય. - विवर्तिषते.

**व्यञ्जनादेरिलि किम् ?** ओषित्वा = બાળીને. उषू-दाहे (૫૨૯) उष्+त्वा - ૫-૪-૪૭, उषित्वा - ૪-૪-૩૨, ओषित्वा - ૪-૩-૪ થી ગુણ. અહીં આદિમાં વ્યંજન નથી સ્વર છે તેથી આ સૂત્રથી સેટ્ क्त्वा વિકલ્પે કિદ્વત્ થયો નથી. સેટ્ सन् પણ કિદ્વત્ નહીં થાય. - ओषिषिषति.

**अय्व इति किम् ?** देवित्वा = રમીને. दिव् ધાતુ व् અન્તમાં છે તેથી આ સૂત્રથી સેટ્ क्त्वा વિકલ્પે કિદ્વત્ થયો નથી સેટ્ सन् પણ કિદ્વત્ નહીં થાય - दिदेविषति.

**सेडित्येव** - भुक्त्वा = જમીને. भुज् ધાતુમાં उ ઉપાન્ત્યમાં છે व् કે य् અન્તે નથી ज् અન્તમાં છે. વ્યંજનાદિ ધાતુ છે. પણ તે સેટ્ નથી તેથી क्त्वा પ્રત્યય આ સૂત્રથી વિકલ્પે કિદ્વત્ થતો નથી. સેટ્ क्त्वा જ વિકલ્પે કિદ્વત્ થાય છે. તેવી રીતે સેટ્ सन् હોય તો જ વિકલ્પે કિદ્વત્ થાય. बुभुक्षते માં સેટ્ सन् નથી. તેથી सन् આ સૂત્રથી વિકલ્પે કિદ્વત્ થતો નથી.

ઉપરનાં સૂત્રમાં જણાવેલ कोथित्वा અને रेफित्वा માં कुथ् અને रिफ् ધાતુથી પર રહેલ સેટ્ क्त्वा વિકલ્પે કિદ્વત્ આ સૂત્રથી થઈ શકે છે પણ ૪-૩-૨૪ માં વર્જન કરેલું હોવાથી क्त्वा ૪-૩-૨૯ સૂત્રથી કિદ્વત્ નો નિત્ય નિષેધ થાય છે.

## उति शवर्हाऽद्भ्यः क्तौ भावाऽऽरम्भे । ४-३-२६

**अर्थः**- उ ઉપાન્ત્યમાં હોય એવા शव् પ્રત્યયને યોગ્ય ધાતુથી પરમાં રહેલાં તેમજ अदादि ધાતુઓથી પરમાં રહેલાં ભાવ અને આરંભ અર્થમાં વિધાન કરાએલ સેટ્ क्त અને क्तवतु પ્રત્યય વિકલ્પે કિદ્વત્ થાય છે.

**વિવેચન** - (૧) कुचितम्, कोचितम् अनेन = આનાવડે અવાજ કરાયો.

कुच-शब्दे तारे (૧૦૦)

कुच्+त - क्त... ૫-૧-૧૭૪ થી ભાવમાં क्त પ્રત્યય.

कुचित - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

कुचित - આ સૂત્રથી સેટ્ क्त કિદ્વત્.

अम् પ્રત્યય, समाना... ૧-૪-૪૬ થી अम् નાં अ નો લોપ થવાથી कुचितम् થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી કિદ્વત્ ન થાય ત્યારે लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય उ નો ગુણ થવાથી कोचितम् પ્રયોગ થશે.

(૨) प्रकुचितः, प्रकोचितः = તેણે અવાજ કરવાનો આરંભ કર્યો.

प्रकुच्+त - आरम्भे ૫-૧-૧૦ થી આરંભ અર્થમાં क्त પ્રત્યય.

प्रकुचित - ૪-૪-૩૨ થી इट्. આ સૂત્રથી સેટ્ क्त કિદ્વત્.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रकुचितः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી કિદ્વત્ ન થાય ત્યારે लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય उ નો ગુણ થવાથી प्रकोचितः પ્રયોગ થશે.

क्त પ્રત્યય ભાવમાં થાય છે અને આરંભ અર્થમાં કર્તામાં થાય છે પણ क्तवतु પ્રત્યય તો કર્તામાં થાય જ છે તેથી प्रकुचितवान्, प्रकोचितवान् પ્રયોગની સાધનિકા ઉપર પ્રમાણે થશે. એજ પ્રમાણે -

द्युतितम्, द्योतितम् अनेन - ભાવમાં क्त પ્રત્યય.

प्रद्युतितः, प्रद्योतितः - આરંભ અર્થમાં કર્તામાં क्त પ્રત્યય.

प्रद्योतितवान्, प्रद्युतितवान् - કર્તામાં क्तवतु પ્રત્યય.

(૩) रुदितम्, रोदितम् एभिः = એઓ વડે રડાયું. સાધનિકા कुचितम्, कोचितम् अनेन પ્રમાણે થશે.

(૪) प्ररुदितः, प्ररोदितः = તેણે રડવાનો આરંભ કર્યો. સાધનિકા प्रकुचितः,

प्रकोचितः પ્રમાણે થશે. એજ પ્રમાણે-

(૫) प्ररुदितवान्, प्ररोदितवान् = તે રડ્યો. આ रुद् ધાતુ अदादि હોવાથી આ સૂત્રથી સેટ્ क्त-क्तवतु વિકલ્પે કિદ્વત્ થયા છે.

**उतीति किम् ?** श्वितितम् एभिः = એઓ વડે ધોળા થવાયું. श्विताङ्-वर्णे (૯૪૩) प्रश्वितितः = તેઓએ ધોળા થવાનો આરંભ કર્યો. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં ભાવમાં અને આરંભ અર્થમાં क्त પ્રત્યય થયો છે. शव् ને યોગ્ય ધાતુ છે પણ ઉપાન્ત્યમાં इ છે उ નથી. તેથી આ સૂત્રથી સેટ્ क्त વિકલ્પે કિદ્વત્ થયો નથી અને આ ધાતુમાં આ ઈત્ હોવાથી ૪-૪-૭૨ થી इट् થયો છે.

**शवर्हाद्भ्य इति किम् ?** गुधितम् = તેઓવડે ગુસ્સો કરાયો. प्रगुधितः = તેઓએ ગુસ્સે થવાનો આરંભ કર્યો. गुधश्-रोषे (૧૫૫૧) અહીં ભાવ અને આરંભ અર્થમાં क्त પ્રત્યય છે, ઉપાન્ત્યમાં उ છે. પણ शव् યોગ્ય નથી क्यादि ગણનો ધાતુ છે તેથી આ સૂત્રથી સેટ્ क्त વિકલ્પે કિદ્વત્ થયો નથી. અન્યથા વિકલ્પપક્ષે प्रगोधितः એવો અનિષ્ટ પ્રયોગ થાત. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

**भावाऽऽरम्भ इति किम् ?** रुचितः = તેનાવડે રુચિ કરાઈ. સાધનિકા ઉપર પ્રમાણે થશે. અહીં ઉપાન્ત્યમાં उ છે. शव् ને યોગ્ય છે. પણ જે क्त પ્રત્યય થયો છે તે ભાવ કે આરંભમાં નથી. કર્મમાં વિહિત છે તેથી આ સૂત્રથી સેટ્ क्त વિકલ્પે કિદ્વત્ થયો નથી. અન્યથા વિકલ્પપક્ષે रोचितः એવો અનિષ્ટ પ્રયોગ થાત.

**क्ताविति किम् ?** प्रद्योतिषीष्ट અહીં सीष्ट પ્રત્યય આશીર્વાદનો છે તેથી આ સૂત્રથી વિકલ્પે કિદ્વત્ થતો નથી.

**सेडिति किम् ?** रूढम् अनेन, प्ररूढः - અહીં क्त પ્રત્યય ભાવ અને આરંભ અર્થમાં છે, उ ઉપાન્ત્યમાં છે, शव् યોગ્ય ધાતુ છે પણ क्त પ્રત્યય સેટ્ નથી તેથી આ સૂત્રથી વિકલ્પે કિદ્વત્ થયો નથી અન્યથા વિકલ્પપક્ષે रोढम् એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

**न डीङ्-शीङ्-पूङ्-धृषि-क्ष्विदि-स्विदि-मिदः । ४-३-२७**

**અર્થ:-** डी-शी-पू-धृष्-क्ष्विद्-स्विद् અને मिद् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त

અને क्तवतु પ્રત્યય કિદ્‌વત્ થતાં નથી.

**વિવેચન** - (૧) डयितः, डयितवान् = તે ઊડ્યો. डीङ्-विहायसां गतौ (૫૮૮)

डी+त, तवत् - क्त... ૫-૧-૧૭૪ થી क्त, क्तवतु પ્રત્યય.

डी+इ+त, तवत् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

डी+इ+त, तवत् - આ સૂત્રથી क्त, क्तवतु ને કિદ્‌વત્‌નો નિષેધ.

डे+इ+त, तवत् - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए.

डयित, डयितवत् - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી डयितः પ્રયોગ થશે. डयितवान् ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે–

(૨) शयितः, शयितवान् = તે ઊંઘ્યો. शीङ्क्-स्वप्ने (૧૧૦૫) અહીં श्लिष्... ૫-૧-૯ થી क्त પ્રત્યય, ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય થશે.

(૩) पवितः, पवितवान् = તે પવિત્ર થયો. पूङ्-पवने (૬૦૦) અહીં पूङ्... ૪-૪-૪૫ થી इट् થશે અને ऊ નો ગુણ ओ થશે.

(૪) प्रधर्षितः, प्रधर्षितवान् = તે ધીઠો થયો. ञिधृषाट्-प्रागल्भ्ये (૧૩૧૨)

प्रधृष्+त, तवत् - क्त... ૫-૧-૧૭૪ થી क्त, क्तवतु પ્રત્યય.

प्रधृषित, प्रधृषितवत् - नवा... ૪-૪-૭૨ થી इट्.

प्रधृषित, प्रधृषितवत् - આ સૂત્રથી सेट् क्त, क्तवतु ને કિદ્‌વત્‌નો નિષેધ.

प्रधर्षित, प्रधर्षितवत् - लघो... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रधर्षितः પ્રયોગ થશે. प्रधर्षितवान् - ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે -

(૫) प्रक्ष्वेदितः, प्रक्ष्वेदितवान् = તે મુક્ત થયો, તે ભીનો થયો. ञिक्ष्विदाङ्-स्नेहने मोचने च (૯૪૫) અહીં इ નો ગુણ ए થયો છે.

(૬) प्रस्वेदितः, प्रस्वेदितवान् = તે પરસેવાવાળો થયો. ञिष्विदाङ्-स्नेहने मोचने च (૯૪૬) અહીં इ નો ગુણ ए થયો છે.

(૭) प्रमेदितः, प्रमेदितवान् = તે સ્નિગ્ધતાવાળો થયો, ञिमिदाङ्-स्नेहने (૯૪૪) અહીં इ નો ગુણ ए થયો છે.

**सेटावित्येव** - डीनः, डीनवान् = તે ગયો. डीङ्च्-गतौ (૧૨૪૯)

डी+त, तवत् - क्त... ૫-૧-૧૭૪ થી क्त, क्तवतु પ્રત્યય.

डीन, डीनवत् - सूयत्या... ૪-૨-૭૦ થી त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી डीनः પ્રયોગ થશે. डीनवान् - ૪-૨-૬૭ માં જણાવેલ ह्रन्नवान् પ્રમાણે થશે. અહીં દિવાદિ ગણનાં डी ધાતુને डीय... ૪-૪-૬૧ થી क्त-क्तवतु પ્રત્યય પર છતાં इट् નો નિષેધ થતો હોવાથી અનિટ્ क्त-क्तवतु પ્રત્યયને આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવનો નિષેધ થતો નથી. એટલે અનિટ્ क्त-क्तवतु પ્રત્યય કિત્ ગણાય છે.

**डीङ्शीङ्पूङामनुबन्धनिर्देशोयङ्लुप्निवृत्यर्थः** - डेड्यितः, डेड्यितवान् = તે વારંવાર ઊડ્યો. डी+य - ૩-૪-૯, डीडी+य - ૪-૧-૩, डेडीय - ૪-૧-૪૮, डेडी - ૩-૪-૧૪, डेडी+त, तवत् - ૫-૧-૧૭૪, डेडी+इ+त, तवत् - ૪-૪-૩૨, डेड्यित, डेड्यितवत् - ૨-૧-૫૬ सि પ્રત્યય सोरुः, रःपदान्ते... થી डेड्यितः પ્રયોગ થશે અને डेड्यितवान् ૪-૨-૬૭ માં જણાવેલ ह्रन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે -

(૨) शेश्यितः, शेश्यितवान् = તે વારંવાર ઊંઘ્યો.

(૩) पोपुवितः, पोपुवितवान् = તે વારંવાર પવિત્ર થયો. અહીં ૨-૧-૫૦ થી ऊ નો उव् થશે.

## मृषः क्षान्तौ । ૪-૩-૨૮

**અર્થઃ-** ક્ષમા અર્થમાં વર્તતાં मृष् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त-क्तवतु પ્રત્યય કિદ્‌વત્ થતાં નથી.

**વિવેચન** - (૧) मर्षितः, मर्षितवान् = તેણે ક્ષમા કરી, તેણે સહન કર્યું. मृषीच्-तितिक्षायाम् (૧૨૮૪) સાધનિકા ૪-૩-૨૭ માં જણાવેલ डयितः, डयितवान् પ્રમાણે થશે પરન્તુ અહીં लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય ऋ નો ગુણ अर् થશે.

**क्षान्ताविति किम् ?** अपमृषितं वाक्यम् = ઈર્ષ્યાવાળું વાક્ય. अपमृषितं = सासूयं = समत्सरं वचनं वदति. मृषू-सहने च (૫૨૮) અહીં मृष् ધાતુ ક્ષમાર્થક ન હોવાથી સેટ્ क्त પ્રત્યયને આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવનો નિષેધ થતો નથી.

**सेटावित्येव** - मृष्टः, मृष्टवान् = તેણે સહન કર્યું. मृष्+त - ૫-૧-૧૭૪,

मृष्ट - १-३-६०. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી मृष्टः પ્રયોગ થશે. અને मृष्टवान् ૪-૨-૬૭ માં જણાવેલ हृन्नवान् પ્રમાણે થશે. અહીં मृषू - सहने च (૫૨૮) ધાતુ ऊ ઈત્‌વાળો હોવાથી ऊदितो... ૪-૪-૪૨ થી क्त्वा પ્રત્યય પર છતાં इट् વિકલ્પે થાય છે તેથી वेटो... ૪-૪-૬૨ થી क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ થાય છે માટે અનિટ્ क्त-क्तवतु પ્રત્યયને આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવનો નિષેધ થતો નથી.

## क्त्वा । ४-३-२९

**અર્થ:-** ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યય કિદ્‌વત્ થતો નથી.

**વિવેચન** - देवित्वा = રમીને.

दिव्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

दिवित्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

दिवि त्वा - આ સૂત્રથી સેટ્ क्त्वा ને કિદ્‌વદ્‌ભાવનો નિષેધ.

देवित्वा - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए. એજ પ્રમાણે - सेवित्वा, वर्त्तित्वा, भ्रंशित्वा, ध्वंसित्वा, व्रश्चित्वा વિગેરે. આ સૂત્રથી સેટ્ क्त्वा પ્રત્યય કિદ્‌વદ્ ન થવાથી ગુણની પ્રાપ્તિ હતી ત્યાં ગુણ થયો, भ्रंश्, ध्वंस् માં ઉપાન્ત્ય न् નો લોપ ન થયો અને व्रश्च् ધાતુમાં र નું य्वृत् ऋ ન થયું.

**सेडित्येव** - कृत्वा = કરીને. અહીં त्वा પ્રત્યયની પૂર્વે एकस्वरा... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થયો છે. તેથી અનિટ્ क्त्वा પ્રત્યયને આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવનો નિષેધ થયો નથી.

✡ कथं कुटत् धातोः कुटित्वा - અહીં त्वा પ્રત્યય સેટ્ છે તો આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવનો નિષેધ થવાથી ઉપાન્ત્ય उ નો ગુણ થવો જોઈએ પણ કેમ નથી થયો ? અહીં ગુણ નહીં થાય કેમકે कुटादे... ૪-૩-૧૭ થી ञित्-णित् પ્રત્યયને વર્જીને બધા પ્રત્યયો कुटादि ધાતુથી ङिद्‌वत् થાય છે તેથી कोटित्वा રૂપ ન થતાં कुटित्वा જ થશે.

## स्कन्द-स्यन्दः । ४-३-३०

**અર્થ:-** स्कन्द અને स्यन्द् ધાતુથી પરમાં રહેલ क्त्वा પ્રત્યય કિદ્‌વત્ થતો નથી.

**વિવેચન** - (૧) स्कन्त्वा = જઈને, સુકાવીને. स्कन्दृं-गतिशोषणयोः (૩૧૮)

स्कन्द्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

स्कन्द्+त्वा - આ સૂત્રથી અનિટ્ क्त्वा ને કિદ્વદ્ભાવનો નિષેધ.

स्कन्त्वा - धुटो... ૧-૩-૪૮ થી ધાતુનાં द् નો લોપ. અનિટ્ क्त्वा પ્રત્યયને આ સૂત્રથી કિદ્વદ્ભાવનો નિષેધ થતો હોવાથી नोव्यञ्जन... ૪-૨-૪૫ થી પ્રાપ્ત ઉપાન્ત્ય न् નો લોપ થયો નથી. એજ પ્રમાણે -

(૨) स्यन्त्वा = ઝરીને, ટપકીને. स्यन्दौङ्-स्रवणे (૯૫૬) स्यन्द् ધાતુ औ ઈત્વાળો હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् થાય છે. એટલે જ્યારે અનિટ્ क्त्वा પ્રત્યય હશે ત્યારે આ સૂત્રથી કિદ્વદ્ભાવનો નિષેધ થશે. અને સેટ્ क्त्वा પ્રત્યય હશે ત્યારે क्त्वा ૪-૩-૨૯ સૂત્રથી કિદ્વદ્ભાવનો નિષેધ થશે. તેથી ૪-૨-૪૫ થી બંને પ્રયોગમાં ઉપાન્ત્ય न् નો લોપ નહીં થાય. જેમ કે - स्यन्दित्वा, स्यन्त्वा.

✡ ઉપરનાં સૂત્રમાં સેટ્ क्त्वा પ્રત્યયને કિદ્વદ્ભાવનો નિષેધ થતો હોવાથી આ સૂત્રમાં અનિટ્ क्त्वा પ્રત્યયનું જ ગ્રહણ થશે.

## क्षुध-क्लिश-कुष-गुध-मृड-मृद-वद-वसः । ४-३-३१

**અર્થ:**- क्षुध्, क्लिश्, कुष्, गुध्, मृड्, मृद्, वद् અને वस् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યય કિદ્વત્ થાય છે.

**વિવેચન** - (૧) क्षुधित्वा = ભૂખ્યા થઈને. क्षुधंच्-बुभुक्षायाम् (૧૧૮૨)

क्षुध्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

क्षुधित्वा - क्षुध... ૪-૪-૪૩ થી इट्.

क्षुधित्वा - આ સૂત્રથી સેટ્ क्त्वा ને કિદ્વદ્ભાવ. એજ પ્રમાણે -

(૨) क्लिशित्वा = દુઃખી થઈને. क्लिशौश्-विबाधने (૧૫૫૭) क्लिशिच्-उपतापे (૧૨૭૬) અહીં पूङ्... ૪-૪-૪૫ થી વિકલ્પે इट् થાય છે. જ્યારે इट् થશે ત્યારે સેટ્ क्त्वा ને આ સૂત્રથી કિદ્વદ્ભાવ થશે.

(૩) कुषित्वा = બહાર કાઢીને. कुषश्-निष्कर्षे (૧૫૬૫) અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થશે.

(૪) गुधित्वा = ક્રોધ કરીને, વીંટીને. गुधश्-रोषे (૧૫૫૧), गुधच्-

परिवेष्टने (૧૧૫૫) અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થશે.

(૫) मृडित्वा = સુખી કરીને. मृडत्-सुखने (૧૩૫૮), मृडश्-सुखने (૧૫૪૫) અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થશે.

(૬) मृदित्वा = મર્દન કરીને, ચૂરો કરીને. मृदश्-क्षोदे (૧૫૫૦)અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થશે.

(૭) उदित्वा = બોલીને. वद-व्यक्तायां वाचि (૯૯૮).

वद्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

वदित्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

वदित्वा - આ સૂત્રથી સેટ્ क्त्वा ને કિદ્વદ્ભાવ.

उदित्वा - यजादि... ૪-૧-૭૯ થી व નું ય્વૃત્ उ.

(૮) उषित्वा = રહીને. वसं-निवासे (૯૯૯) સાધનિકા उदित्वा પ્રમાણે થશે પણ वस् ધાતુનાં स् નો ष् घंस्वसः ૨-૩-૩૬ થી થશે.

✡ આ સૂત્ર જુદું બનાવ્યું છે તેથી न ની નિવૃત્તિ થઈ છે.

✡ क्षुध्, क्लिश्, कुष् અને गुध् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યયને वौव्यञ्जनादेः... ૪-૩-૨૫ થી વિકલ્પે કિદ્વદ્ભાવનો નિષેધ થતો હતો તથા मृड्, मृद्, वद् અને वस् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યયને क्त्वा ૪-૩-૨૯ સૂત્રથી કિદ્વદ્ભાવનો નિષેધ થતો હતો તે બન્ને સૂત્રનો બાધ કરીને આ સૂત્ર બનાવ્યું તેથી સેટ્ क्त्वा પ્રત્યય क्षुध् વિગેરે ધાતુથી પરમાં હોય તો કિદ્વદ્ભાવ થાય છે. કિદ્વદ્ભાવ થવાથી क्षुध् વિગેરે ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ ન થયો અને वद् તથા वस् ધાતુનાં व નું ય્વૃત્ થયું.

## रुद-विद-मुष-ग्रह-स्वप-प्रच्छः सन् च । ४-३-३२

અર્થઃ- रुद्, विद्, मुष्, ग्रह्, स्वप् અને प्रच्छ् ધાતુથી પરમાં રહેલ क्त्वा અને सन् પ્રત્યય કિદ્વત્ થાય છે.

વિવેચન - (૧) रुदित्वा = રડીને. रुदक्-अश्रुविमोचने (૧૦૮૭)

रुद्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

रुदित्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

रुदित्वा -- આ સૂત્રથી क्त्वा પ્રત્યયને કિદ્‌વદ્‌ભાવ. એજ પ્રમાણે -

(૨) विदित्वा = જાણીને. विदक्-ज्ञाने (૧૦૯૯)

(૩) मुषित्वा = ચોરી કરીને, હિંસા કરીને. मुष-हिंसायाम् (૫૧૩), मुषश्-स्तेये (૧૫૬૩)

(૪) गृहीत्वा = ગ્રહણ કરીને. ग्रहीश्-उपादाने (૧૫૧૭) ग्रह्+त्वा - ૫-૪-૪૭, ग्रह्+इ+त्वा - ૪-૪-૩૨, ग्रहित्वा - આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ, गृहित्वा - ૪-૧-૮૪, गृहीत्वा - ૪-૪-૩૪.

(૫) सुप्त्वा = ઊંઘીને. ञिष्वपंक्-शये (૧૦૮૮) स्वप्+त्वा - ૫-૪-૪૭, सुप्त्वा - આ સૂત્રથી त्वा કિદ્‌વદ્ થવાથી स्वपे... ૪-૧-૮૦ થી व નું ય્વૃત્ उ થયું.

(૬) पृष्ट्वा = પૂછીને. સાધનિકા ग्रह... ૪-૧-૮૪ સૂત્રમાં જણાવેલ पृष्टः પ્રમાણે થશે. પરન્તુ ૫-૪-૪૭ થી त्वा પ્રત્યય થશે.

(૭) रुरुदिषति = તે રડવાની ઈચ્છા કરે છે.

रुद्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

रुदिस - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

रुरुदिस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

रुरुदिस - આ સૂત્રથી सन् ને કિદ્‌વદ્‌ભાવ.

रुरुदिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી रुरुदिषति પ્રયોગ થશે. એજ પ્રમાણે-

(૮) विविदिषति = જાણવાની ઈચ્છા કરે છે.

(૯) मुमुषिषति = ચોરવાની ઈચ્છા કરે છે.

(૧૦) जिघृक्षति = ગ્રહણ કરવાની ઈચ્છા કરે છે.

ग्रह+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ग्रह्स - ग्रहगुह... ૪-૪-૫૯ થી इट् નો નિષેધ.

ग्रह्स - આ સૂત્રથી सन् ને કિદ્‌વદ્‌ભાવ.

गृह्स - ग्रह... ૪-૧-૮૪ થી र નું ય્વૃત્ ऋ.

गृगृह्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

गगृह्स - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

जगृह्स - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जिगृह्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

जिगृढ्स - हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

जिघृढ्स - गडदबादेः... ૨-૧-૭૭ થી ग् નો घ्.

जिघृक्स - षढोः... ૨-૧-૬૨ થી ढ् નો क्.

जिघृक्ष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી जिघृक्षति પ્રયોગ થશે.

(૧૧) सुषुप्सति = ઊંઘવાની ઈચ્છા કરે છે. સાધનિકા ૪-૧-૮૦ માં કરેલી છે.

(૧૨) पिपृच्छिषति = પુછવાની ઈચ્છા કરે છે.

प्रच्छ्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

प्रच्छ्स - આ સૂત્રથી सन् ને કિદ્વદ્ભાવ.

प्रच्छिस - ऋस्मि... ૪-૪-૪૮ થી इट्.

पृच्छिस - ग्रह... ૪-૧-૮૪ થી र નું ય્વૃત્ ऋ.

पृपृच्छिस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

पपृच्छिस - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

पिपृच्छिस - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

पिपृच्छिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી पिपृच्छिषति પ્રયોગ થશે.

✡ रुद्, विद् અને मुष् ધાતુથી પરમાં રહેલ સેટ્ क्त्वा પ્રત્યયને वौ-व्यञ्जनादे... ૪-૩-૨૫ થી વિકલ્પે કિદ્વદ્ભાવનો નિષેધ થતો હતો તથા ग्रह् ધાતુથી પર રહેલ સેટ્ क्त्वा પ્રત્યયને क्त्वा ૪-૩-૨૯ થી કિદ્વદ્ભાવનો નિષેધ થતો હતો. તે બન્ને સૂત્રનો બાધ કરીને આ સૂત્ર બનાવ્યું તેથી क्त्वा અને सन् પ્રત્યય रुद् વિગેરે ધાતુથી પરમાં હોય તો કિદ્વત્ થાય છે. કિદ્વત્ થવાથી रुद्, विद्, मुष् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ ન થયો અને ग्रह्, स्वप्, प्रच्छ् ધાતુમાં ય્વૃત્ થયું.

✡ આ સૂત્રમાં સેટ્ની નિવૃત્તિ થઈ છે. તેથી સેટ્ અને અનિટ્ બંને क्त्वा

અને सन् કિદ્વત્ થયા.

## नामिनोऽनिट् । ४-३-३३

**અર્થ:-** નામ્યન્ત ધાતુથી પરમાં રહેલ અનિટ્ सन् પ્રત્યય કિદ્વત્ થાય છે.

**વિવેચન** - चिचीषति = ભેગું કરવાની ઈચ્છા કરે છે. સાધનિકા ૪-૧-૩૫ માં જણાવેલ जिगीषति પ્રમાણે થશે. પણ અહીં ૪-૧-૩૫ સૂત્ર નહીં લાગે. આ સૂત્રથી અનિટ્ सन् કિદ્વત્ થવાથી चि ધાતુનાં इ નો ગુણ થયો નથી એજ પ્રમાણે - तुष्टूषति, लुलूषति, चिकीर्षति, तितीर्षति.

**अनिडिति किम् ?** शिशयिषते = ઊંઘવાની ઈચ્છા કરે છે.

शी+स - तुमर्हा... ३-४-२१ થી सन् પ્રત્યય.

शीशीस - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शिशीस - ह्रस्वः ४-१-३९ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

शिशीइस - स्ताद्य... ४-४-३२ થી इट्.

शिशेइस - नामिनो... ४-३-१ થી ई નો ગુણ ए.

शिशयिस - एदैतो... १-२-२३ થી ए નો अय्.

शिशयिष - नाम्य... २-३-१५ થી स् નો ष्.

ते પ્રત્યય, शव्, लुगस्या... થી शिशयिषते પ્રયોગ થશે. અહીં સેટ્ सन् પ્રત્યય હોવાથી આ સૂત્રથી કિદ્વત્ થતો નથી તેથી ગુણ થયો.

**नामिन इति किम् ?** पिपासति, तिष्ठासति - અહીં पा અને स्था ધાતુ સ્વરાન્ત છે પણ નામ્યન્ત નથી તેથી આ સૂત્રથી અનિટ્ सन् કિદ્વત્ થયો નથી.

**सनित्येव** - चेता, नेता - અહીં चि અને नी ધાતુ નામ્યન્ત છે પણ અનિટ્ सन् પ્રત્યય પરમાં નથી શ્વસ્તનીનો ता પ્રત્યય છે તેથી આ સૂત્રથી કિદ્વદ્ભાવ ન થવાથી ગુણ થયો છે.

## उपान्त्ये । ४-३-३४

**અર્થ:-** નામી સ્વર ઉપાન્ત્યમાં હોય તેવા ધાતુથી પરમાં રહેલ અનિટ્ सन् પ્રત્યય કિદ્વત્ થાય છે.

**વિવેચન** - बिभित्सति = ભેદવાની ઈચ્છા કરે છે. भिदंपी-विदारणे (१४७७)

भिद्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

भिद्स - આ સૂત્રથી सन् ને કિદ્‌વદ્‌ભાવ.

भिभिद्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

बिभिद्स - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बिभित्स - अघोषे... ૧-૩-૫૦ થી द् નો त्.

तिव् પ્રત્યય, शव्, लुगस्या... થી बिभित्सति પ્રયોગ થશે. કિદ્‌વત્ થવાથી भिद् ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ થયો નથી એજ પ્રમાણે - बुध्-बुभुत्सते, वृत्-विवृत्सति, दम्भ्-धिप्सति.

**अनिडित्येव** - विवर्तिषते = વર્તન કરવાની ઈચ્છા કરે છે. वृत्+स - ૩-૪-૨૧, वृतिस - ૪-૪-૩૨, वृवृतिस - ૪-૧-૩, ववृतिस - ૪-૧-૩૮, विवृतिस - ૪-૧-૫૯, विवर्तिस - ૪-૩-૪ , विवर्तिष - ૨-૩-૧૫, विवर्तिष+ते - ૩-૩-૬, विवर्तिष+अ+ते - ૩-૪-૭૧, विवर्तिषते - ૨-૧-૧૧૩ અહીં सन् પ્રત્યય સેટ્ છે અનિટ્ નથી તેથી આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ ન થવાથી ગુણ થયો. એજ પ્રમાણે - वृध्-विवर्धिषते.

**नामिन इत्येव** - यियक्षति = હોમ કરવાની ઈચ્છા કરે છે. यज्+स - ૩-૪-૨૧, ययज्स - ૪-૧-૩, यियज्स - ૪-૧-૫૯, यियष्स - ૨-૧-૮૭, यियक्स - ૨-૧-૬૨, यियक्ष - ૨-૩-૧૫, यियक्ष+ति - ૩-૩-૬, यियक्ष+अ+ति - ૩-૪-૭૧, यियक्षति - ૨-૧-૧૧૩. એજ પ્રમાણે वस्-विवत्सति. અહીં यज् અને वस् ધાતુથી પરમાં અનિટ્ सन् પ્રત્યય છે પણ ઉપાન્ત્યમાં નામી સ્વર ન હોવાથી આ સૂત્રથી सन् કિદ્‌વત્ થયો નથી. અન્યથા કિદ્‌વત્ થવાથી ય્વૃત્‌ની પ્રાપ્તિ આવત.

**सनित्येव** - भेत्ता = ભેદશે. અહીં અનિટ્ સન્ પ્રત્યય પરમાં નથી શ્વસ્તનીનો ता પ્રત્યય છે તેથી આ સૂત્રથી કિદ્‌વત્ ન થવાથી भिद् ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ ए થયો છે.

## सिजाशिषावात्मने । ४-३-३५

**અર્થઃ-** નામી સ્વર ઉપાન્ત્યમાં હોય તેવા ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત અનિટ્ सिच् પ્રત્યય અને આશીર્વાદનાં પ્રત્યયો કિદ્‌વત્ થાય છે.

**વિવેચન** - (૧) अभित्त = તેણે ભેદ્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પરન્તુ અહીં ૧-૩-૪૯ ને બદલે ૧-૩-૫૦ થી द् નો त् થશે. અને ૨-૧-૭૯ સૂત્ર નહીં લાગે. बुध् ધાતુમાં અને અહીં ઉપાન્ત્યમાં નામી સ્વર છે અનિટ્ સિચ્ પ્રત્યય છે તેથી આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ થતો હોવાથી ઉપાન્ત્ય સ્વરનો ગુણ થયો નથી. એજ પ્રમાણે - अबुद्ध, असृष्ट.

(૨) भित्सीष्ट = તે ભેદે. भिद्+सीष्ट - ૩-૩-૧૩, भित्सीष्ट - ૧-૩-૫૦ આ સૂત્રથી આત્મનેપદનો આશીર્વાદનો सीष्ट પ્રત્યય કિદ્‌વત્ થવાથી ગુણ થયો નથી. એજ પ્રમાણે - भुत्सीष्ट, सृक्षीष्ट.

**आत्मने इति किम् ?** अस्राक्षीत् = તેણે સર્જન કર્યું. સાધનિકા ૩-૪-૫૪ માં જણાવેલ अस्राक्षीत् પ્રમાણે થશે. અહીં सृज् ધાતુમાં નામીસ્વર ઉપાન્ત્યમાં છે, અનિટ્ સિચ્ પરમાં છે પણ આત્મનેપદનો વિષય ન હોવાથી આ સૂત્રથી સિચ્ ને કિદ્‌વદ્‌ભાવ થયો નથી. તેથી सृज् ધાતુનાં ज् ની પૂર્વે अ આગમ થયો. એજ પ્રમાણે - अद्राक्षीत्.

**सिजाशिषाविति किम् ?** भेत्स्यते, भोत्स्यते - અહીં भिद् અને बुध् ધાતુમાં નામીસ્વર ઉપાન્ત્યમાં છે, આત્મનેપદનો વિષય છે પણ સિચ્ કે આશીર્વાદનાં પ્રત્યય નથી ભવિષ્યન્તી પ્રત્યય છે તેથી આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ ન થવાથી ગુણ થયો છે.

**नामिन इत्येव** - अयष्ट = તેણે હોમ કર્યો. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પણ ૨-૧-૭૯ અને ૧-૩-૪૯ સૂત્ર નહીં લાગે અને ૨-૧-૮૭ અને ૧-૩-૬૦ સૂત્ર લાગશે. અહીં यज् ધાતુમાં ઉપાન્ત્યનામી સ્વર નથી તેથી આત્મનેપદનો વિષય અને અનિટ્ સિચ્ પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ થયો નથી.

(૨) यक्षीष्ट = હોમ કરે. यज्+सीष्ट - ૩-૩-૧૩, यष्-सीष्ट - ૨-૧-૮૭, यक्+सीष्ट - ૨-૧-૬૨, यक्षीष्ट - ૨-૩-૧૫. અહીં પણ નામીસ્વર ઉપાન્ત્યમાં નથી તેથી આત્મનેપદ વિષયક આશીર્વાદનો અનિટ્ सीष्ट પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ થયો નથી.

**उपान्त्य इत्येव** - अचेष्ट = તેણે ચેષ્ટા કરી. चेषीष्ट = તે ચેષ્ટા કરે. અહીં નામીસ્વર ઉપાન્ત્યમાં નથી અન્તે છે તેથી આત્મનેપદ વિષયક

સિચ્ અને આશીર્વાદનો પ્રત્યય હોવા છતાં આ સૂત્રથી કિદ્વદ્ભાવ થયો નથી.

**अनिडित्येव** - अवर्धिष्ट = વધ્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अदीपिष्ट પ્રમાણે થશે. પણ અહીં ઉપાન્ત્ય ऋ નો ગુણ થશે. તથા वर्धिषीष्ट = તે વધે. અહીં वृध् ધાતુમાં નામીસ્વર ઉપાન્ત્યમાં છે, આત્મનેપદ વિષયક સિચ્ અને આશીર્વાદનો सीष्ट પ્રત્યય છે પણ અનિટ્ નથી સેટ્ છે તેથી આ સૂત્રથી કિદ્વદ્ભાવ થયો નથી.

## ऋवर्णात् । ४-३-३६

**અર્થઃ**- ऋ વર્ણાન્ત ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત અનિટ્ सन् પ્રત્યય અને આશીર્વાદનાં પ્રત્યયો કિદ્વત્ થાય છે.

**વિવેચન** - (૧) अकृत = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પણ ૨-૧-૭૯ અને ૧-૩-૪૯ સૂત્ર નહીં લાગે. આ સૂત્રથી આત્મનેપદ વિષયક અનિટ્ सन् કિદ્વત્ થયો તેથી ગુણ થયો નથી.

(૨) कृषीष्ट = તે કરે. कृ+सीष्ट - ૩-૩-૧૩, कृषीष्ट - ૨-૩-૧૫. અહીં અનિટ્ सीष्ट પ્રત્યય કિદ્વત્ થવાથી ગુણ થયો નથી.

(૩) अतीर्ष्ट = તે તર્યો. तॄ+त - ૩-૩-૧૧, तॄ+स्+त - ૩-૪-૫૩, तॄ+स्+त - આ સૂત્રથી સિચ્ કિદ્વત્, अतॄ+स्+त - ૪-૪-૨૯, अतिर्+स्+त - ૪-૪-૧૧૬, अतीर्+स्त - ૨-૧-૬૩, अतीर्ष्त - ૨-૩-૧૫, अतीर्ष्ट - ૧-૩-૬૦. દીર્ઘ ॠ કારાન્ત ધાતુ છે તેથી ૪-૪-૩૬ થી આત્મનેપદ સિચ્ પર છતાં इट् વિકલ્પે થાય છે. અહીં इट् થયેલો નથી તેથી અનિટ્ સિચ્ આ સૂત્રથી કિદ્વત્ થવાથી ॠ નો इर् થયો.

(૪) तीर्षीष्ट = તે તરે. तॄ+सीष्ट - ૩-૩-૧૩, तॄसीष्ट - આ સૂત્રથી सीष्ट કિદ્વત્, तिर्सीष्ट - ૪-૪-૧૧૬, तीर्सीष्ट - ૨-૧-૬૩, तीर्षीष्ट - ૨-૩-૧૫. અહીં अतीर्ष्ट પ્રમાણે इट् ન થવાથી આ સૂત્રથી કિદ્વત્ થયો છે.

✡ એજ પ્રમાણે पॄ ધાતુનું अपूर्ष्ट, पूर्षीष्ट પ્રયોગ થશે. સાધનિકા अतीर्ष्ट, तीर्षीष्ट પ્રમાણે થશે પણ અહીં ओष्ठ्या... ૪-૪-૧૧૭ થી ॠ નો उर् થશે.

**अनिटावित्येव** - अवरिष्ट = તે વર્યો. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अदीपिष्ट પ્રમાણે થશે પણ અહીં અન્ત્ય ऋ નો ગુણ થશે.

તથા वरिषीष्ट = તે વરે. અહીં वृ ધાતુમાં ऋ અન્તે છે આત્મનેપદ વિષયક सिच् અને આશીર્વાદનો सीष्ट પ્રત્યય છે પણ અનિટ્ નથી સેટ્ છે તેથી આ સૂત્રથી કિદ્વદ્ભાવ થયો નથી.

(૨) अतरिष्ट, तरिषीष्ट - અહીં પણ સાધનિકા अवरिष्ट, वरिषीष्ट પ્રમાણે થશે. અહીં तृ ધાતુને इट्... ૪-૪-૩૬ થી इट् વિકલ્પે થતો હોવાથી અહીં इट् થયેલો છે તેથી આ સૂત્રથી સેટ્ सिच् અને આશીર્વાદનાં પ્રત્યયને કિદ્વદ્ભાવ થયો નથી.

## गमो वा । ४-३-३७

**અર્થઃ-** गम् ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् પ્રત્યય અને આશીર્વાદનાં પ્રત્યયો વિકલ્પે કિદ્વત્ થાય છે.

**વિવેચન** - (१) समगत, समगंस्त = તે મળ્યો.

सम्+गम्+त - दि ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

समगम्+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

समगम्+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

समगम्+स्+त - આ સૂત્રથી सिच् ને કિદ્વદ્ભાવ.

समगम्+त - धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

समगत - यमि-रमि... ૪-૨-૫૫ થી गम् ના म् નો લોપ. વિકલ્પપક્ષે सिच् કિદ્વદ્ ન થાય ત્યારે सिच् નો અને गम् ધાતુનાં म् નો લોપ ન થવાથી समगंस्त પ્રયોગ થશે. गम् ધાતુનાં म् નો शिड्हे... ૧-૩-૪૦ થી અનુસ્વાર થયો છે.

(૨) संगसीष्ट, संगंसीष्ट = તે મળે.

सम्+गम्+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

सम्+गम्+सीष्ट - આ સૂત્રથી सीष्ट ને કિદ્વદ્ભાવ.

सम्+ग+सीष्ट - यमि... ૪-૨-૫૫ થી गम् ધાતુનાં म् નો લોપ.

संगसीष्ट - तौमुमौ... ૧-૩-૧૪ થી सम् ના म् નો અનુસ્વાર. વિકલ્પપક્ષે सीष्ट કિદ્વદ્ ન થાય ત્યારે गम् ધાતુનાં म् નો લોપ ન થવાથી संगंसीष्ट પ્રયોગ થશે. शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર

થયો છે.

✡ કર્મ ન હોય તો सम् પૂર્વક गम् ધાતુને આત્મનેપદનાં પ્રત્યયો समोग... ૩-૩-૮૪ થી થાય છે. અહીં પણ એવી જં રીતે આત્મનેપદ થયેલું છે તેથી આ સૂત્રથી કિદ્‌વદ્‌ભાવ થયો. માત્ર गम् ધાતુને આત્મનેપદ કરવું હોય તો કર્મણિપ્રયોગમાં જ થાય. જેમ કે अगसाताम्, अगंसाताम् ग्रामौ चैत्रेण = ચૈત્રવડે બે ગામ જવાયું, गसीष्ट, गंसीष्ट चैत्रेण = ચૈત્રવડે જવાય.

## हनः सिच् । ४-३-३८

**અર્થ:-** हन् ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् પ્રત્યય કિદ્‌વત્ થાય છે.

**વિવેચન** - आहत = તેણે હણ્યો. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगत પ્રમાણે થશે. आहसाताम्, आहसत. અહીં પણ सिच् કિદ્‌વત્ થવાથી हन् ધાતુનાં न् નો લોપ ૪-૨-૫૫ થી થયો છે.

## यमः सूचने । ४-३-३९

**અર્થ:-** સૂચન અર્થમાં વર્તતાં यम् ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् પ્રત્યય કિદ્‌વત્ થાય છે.

**વિવેચન** - उदायत = તેણે પરદોષો પ્રગટ કર્યા. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगत પ્રમાણે થશે. અહીં आङो... ૩-૩-૮૬ થી આત્મનેપદ થયું છે.

**सूचन इति किम् ?** आयंस्त रज्जुम् कूपात् = કુવામાંથી દોરડાને કાઢ્યું. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगंस्त પ્રમાણે થશે. અહીં समुदाङो... ૩-૩-૯૮ થી આત્મનેપદ થયું છે. પણ यम् ધાતુ સૂચન અર્થમાં વર્તતો ન હોવાથી આ સૂત્રથી सिच् કિદ્‌વદ્ થયો નથી. તેથી यम् ધાતુનાં म् નો ૪-૨-૫૫ થી લોપ પણ થયો નથી.

✡ परदोषाविष्करणं सूचनं उच्यते = પરનાં દોષોનું પ્રગટ કરવું તેને સૂચન કહેવાય છે.

## वा स्वीकृतौ । ४-३-४०

**અર્થ:-** સ્વીકાર અર્થમાં વર્તતાં यम् ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં

વિષયભૂત सिच् પ્રત્યય વિકલ્પે કિદ્વત્ થાય છે.

**વિવેચન** - उपायत, उपायंस्त महास्त्राणि = મોટા અસ્ત્રોનો સ્વીકાર કર્યો. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगत, समगंस्त પ્રમાણે થશે. અહીં यमः... ૩-૩-૫૯ થી આત્મનેપદ થયું છે. उपायंस्त ની સાધનિકા ૩-૩-૫૯ માં પણ કરેલી છે. पूर्वकविप्रयोगाविमौ - मोपयध्वंभयं सीतां नो उपायंस्त दशाननः.

**स्वीकृताविति किम् ?** आयंस्त पाणिम् = હાથ લાંબો કર્યો. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगंस्त પ્રમાણે થશે. અહીં समुदाङो... ૩-૩-૯૮ થી આત્મનેપદ થયું છે. પણ સ્વીકાર અર્થ ન હોવાથી આ સૂત્રથી सिच् પ્રત્યય કિદ્વત્ થયો નથી તેથી सिच् નો અને यम् ધાતુનાં म् નો લોપ થયો નથી.

**सिजित्येव** - उपयंसीष्ट कन्याम् = કન્યાને સ્વીકારે. અહીં આશીર્વાદનો પ્રત્યય છે सिच् નથી તેથી આ સૂત્રથી કિદ્વદ્ભાવ થયો નથી.

## इश्च स्था-दः । ४-३-४१

**અર્થઃ**- स्था અને दा સંજ્ઞક ધાતુથી પરમાં રહેલ આત્મનેપદનાં વિષયભૂત सिच् પ્રત્યય કિદ્વત્ થાય છે અને તેનાં યોગમાં स्था અને दा સંજ્ઞક ધાતુનાં અન્ત્યવર્ણનો इ થાય છે.

**વિવેચન** - (१) उपास्थित = તે ઉપસ્થિત થયો. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगत પ્રમાણે થશે. પણ ૪-૨-૫૫ સૂત્ર નહીં લાગે. આ સૂત્રથી सिच् કિદ્વત્ અને स्था નાં आ નો इ થયો છે. એજ પ્રમાણે-

(૨) दाम् - व्यत्यदित वस्त्रम् = વસ્ત્રને ગ્રહણ કર્યું.

(૩) देङ् - अदित पुत्रम् = પુત્રને રક્ષ્યો.

(૪) डुदांग्क् - अदित धनम् = ધનને આપ્યું.

(૫) दोंच् - व्यत्यदित दण्डौ = બે દંડને છેદ્યા.

(૬) ट्धें - व्यत्यधित स्तनौ = બે સ્તનને પીધા.

(૭) डुधांग्क् - अधित भारम् = ભારને ધારણ કર્યો. આ છ ધાતુ दा સંજ્ઞક છે. व्यत्यदित વિગેરેમાં જ્યાં व्यति પૂર્વકનો પ્રયોગ છે ત્યાં क्रिया... ૩-૩-૨૩ થી, देङ् માં इङितः... ૩-૩-૨૨ થી, डुदांग्क् અને डुधांग्क्

માં ઈ-गितः ૩-૩-૯૫ થી આત્મનેપદ થયું છે.

**स्थाद इति किम् ?** व्यत्यदास्त = તેણે કાપ્યું અથવા તેણે સાફ કર્યું. અહીં दांवक् અને दैव् ધાતુ दा સંજ્ઞક નથી તેથી આ સૂત્રથી सिच् પ્રત્યય કિદ્‌વત્ ન થવાથી सिच् નો લોપ થયો નથી. સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगंस्त પ્રમાણે થશે. ૪-૨-૫૫ સૂત્ર નહીં લાગે.

**आत्मनेपद इत्येव** - अधासीत् = ધારણ કર્યું. સાધનિકા ૩-૪-૫૩માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૩-૪૪ અને ૨-૩-૧૫ સૂત્ર નહીં લાગે. અહીં दा સંજ્ઞક ધાતુ છે. પણ આત્મનેપદનો વિષય નથી પરસ્મૈપદનો વિષય છે તેથી આ સૂત્રથી सिच् ને કિદ્‌વદ્‌ભાવ થયો નથી.

✡ इકારનાં વિધાન સામર્થ્યથી જ ગુણની પ્રાપ્તિ નથી તો सिच् ને कित् કરવાથી શું ફાયદો ? સાચી વાત છે. कित्નાં વિધાન સામર્થ્યથી જ હ્રસ્વ इ થયો છે અને તે હ્રસ્વ દ્વારા જ धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ થઈ શક્યો છે.

✡ धुड्... ૪-૩-૭૦ સૂત્રથી सिच् નો લોપ કરવો એ પરકાર્ય છે परान्नित्यं એ ન્યાયથી नामिनो... ૪-૩-૧ થી ગુણ કરવો એ કાર્ય નિત્ય છે પણ सिच् ને कित् કરવાથી હવે ગુણ નહીં થાય.

## मृजोऽस्य वृद्धिः । ४-३-४२

**અર્થ:-** मृज् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરનો ગુણ થયા પછી अ ની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - मार्ष्टि = તે સાફ કરે છે. સાધનિકા ૩-૩-૧ માં કરેલી છે.

**अत इति किम् ?** मृष्टः = તેઓ બે સાફ કરે છે. मृज्+तस् - ૩-૩-૬, मृष्+तस् - ૨-૧-૮૭, मृष्टस् - ૧-૩-૬૦, मृष्टर् - ૨-૧-૭૨, मृष्टः - ૧-૩-૫૩. અહીં मृज् ધાતુનાં ઉપાન્ત્ય ऋ નો ગુણ થયેલો ન હોવાથી अ નથી તેથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

✡ જો ऋ ની વૃદ્ધિ आर् કરી હોત તો मार्ष्टि પ્રયોગ સિદ્ધ થવાનો જ હતો પણ સાથે સાથે मृष्टः ને બદલે मार्ष्टः એવો અનિષ્ટ પ્રયોગ થાત તેથી સૂત્રમાં ગુણ થયા પછી જ अ ની વૃદ્ધિ કરવાનું કહ્યું છે. એટલે જ્યાં ગુણ થશે ત્યાં જ આ સૂત્ર લાગશે.

## ऋतः स्वरे वा । ४-३-४३

**અર્થ**:- સ્વરાદિ પ્રત્યય પર છતાં મૃજ્ ધાતુનાં ऋ ની વૃદ્ધિ વિકલ્પે થાય છે.

**વિવેચન** - परिमार्जन्ति, परिमृजन्ति = તેઓ બધા સાફ કરે છે.

परिमृज्+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય.

परिमार्जन्ति - આ સૂત્રથી મૃજ્ ધાતુનાં ऋ ની વૃદ્ધિ आर्. વિકલ્પપક્ષે વૃદ્ધિ ન થાય ત્યારે परिमृजन्ति પ્રયોગ થશે. એજ પ્રમાણે - परिमार्जन्तु, परिमृजन्तु - पर्यमार्जन्, पर्यमृजन् - परिममार्जतुः, परिममृजतुः-परिमार्जन्, परिमृजन् વિગેરે પ્રયોગ થશે.

**ऋत इति किम् ?** ममार्ज = તેણે સાફ કર્યું. मृज्+अ - ૩-૩-૧૨, मृजमृज्+अ - ૪-૧-૧, मृमृज्+अ - ૪-૧-૪૪, ममृज - ૪-૧-૩૮, ममर्ज - ૪-૩-૪, ममार्ज - ૪-૩-૪૨. અહીં મૃજ્ ધાતુનાં ऋ નો ગુણ થયા પછી ઉપાન્ત્યમાં ऋ નથી, अ છે તેથી આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ ન થતાં ૪-૩-૪૨ થી अ ની વૃદ્ધિ आ નિત્ય થઈ છે. આ સૂત્રમાં તો ऋ હોય તો જ વૃદ્ધિ થાય છે. તેથી જ સૂત્રમાં ऋतः એ પ્રમાણે લખ્યું છે.

ममार्ज માં આ સૂત્ર પર હોવાથી ગુણ કર્યા પહેલાં જ વૃદ્ધિ કરવી જોઈએ. ગુણ કરીને પછી વૃદ્ધિ શા માટે કરી ? સાચી વાત છે પણ વિકલ્પનાં બળથી જ પહેલાં ગુણ કરવો અને પછી ૪-૨-૪૨ થી अ ની વૃદ્ધિ કરવી. કેમકે આ સૂત્રથી ऋ ની વૃદ્ધિ કરીને ममार्ज પ્રયોગ થાય. વિકલ્પપક્ષે ગુણ થયા પછી ૪-૨-૪૨ થી अ ની વૃદ્ધિ आ થાય તો પણ ममार्ज જ પ્રયોગ થવાનો છે તેથી "परान्नित्यं" એ ન્યાયથી આ સૂત્ર ન લાગતાં ૪-૨-૪૨ સૂત્ર જ લાગશે.

**स्वर इति किम् ?** मृज्वः = અમે બે સાફ કરીએ છીએ. અહીં મૃજ્ ધાતુથી પરમાં वस् પ્રત્યય વ્યંજનાદિ છે સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી ऋ ની વૃદ્ધિ વિકલ્પે થઈ નથી.

## सिचि परस्मै समानस्याऽङिति । ४-३-४४

**અર્થ**:- સમાન અન્તવાળા ધાતુથી પરમાં પરસ્મૈપદનાં વિષયભૂત અઙિત્ सिच् પ્રત્યય હોય તો વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - अचैषीत् = તેણે ભેગું કર્યું. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ

अनैषीत् પ્રમાણે થશે. એજ પ્રમાણે - अकार्षीत्.

**परस्मै इति किम्** ? अच्योष्ट = તે ગયો. च्युङ्-गतौ (૫૯૪)

च्यु+त - दि ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

च्यु+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

च्युष्+त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

च्युष्ट - तवर्ग... ૧-૩-૬૦ થી त् નો ट्.

अच्युष्ट - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अच्योष्ट - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ. અહીં આત્મનેપદનો વિષય હોવાથી આ સૂત્રથી અન્ત્ય उ ની વૃદ્ધિ ન થતાં ગુણ થયો છે. એજ પ્રમાણે प्लुङ् ધાતુનું अप्लोष्ट રૂપ થશે.

**समानस्येति किम्** ? अगवीत् = ગાયની જેમ આચરણ કર્યું.

गौः इव आचारीत् इति गो. (નામધાતુ)

गो+० - कर्त्तुः... ૩-૪-૨૫ થી क्विप् પ્રત્યય.

गो+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

गो+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

गो+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट्.

गो+इ+स्+ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ.

गो+इ+ईद् - इटईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अगो+इ+ईद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अगव्+इ+ईद् - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

अगवीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

अगवीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्. અહીં गो ધાતુમાં સમાન સ્વર અન્તે ન હોવાથી આ સૂત્રથી ओ ની વૃદ્ધિ થઈ નથી.

**अङितीति किम्** ? न्यनुवीत् = તેણે સ્તુતિ કરી. णूत्-स्तवने (૧૪૨૯) સાધનિકા अगवीत् પ્રમાણે થશે. પણ कुटाद्रे... ૪-૩-૧૭ થી सिच् ङिद्वत् થવાથી આ સૂત્રથી અન્ત્ય ऊ ની વૃદ્ધિ થતી નથી તેમજ नामिनो... ૪-૩-૧ થી ગુણ થતો નથી. પણ धातो... ૨-૧-૫૦

થી ऊ નો उव् થયો છે. એજ પ્રમાણે ધૂ-न्यधुवीत् થશે.

## व्यञ्जनानामनिटि । ४-३-४५

**અર્થઃ-** વ્યંજનાન્ત ધાતુથી પરમાં રહેલ પરસ્મૈપદનાં વિષયભૂત અનિટ્ સિચ્ પ્રત્યય પર છતાં સમાન સ્વરની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - अराङ्क्षीत् = તેણે રંગ કર્યો. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પરન્તુ ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ આ સૂત્રથી થશે. અને अराञ्ज्+स्+द् થયા પછી चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्, अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क् થવાથી अराञ्क्+स्+द्, ૧-૩-૩૯ થી ञ् નો ङ् થવાથી अराङ्क्+स्+द्, ૨-૩-૧૫ થી स् નો ष् થવાથી अराङ्क्षीत् પ્રયોગ થશે. એજ પ્રમાણે - अभाङ्क्षीत्, अपाक्षीत्, अभैत्सीत्, अरौत्सीत् વિગેરે પ્રયોગો થશે.

**समानस्येत्येव** - उदवोढाम् = તે બંનેએ વિવાહ કર્યો.

उद्+वह्+ताम् - दि ताम्... ૩-૩-૧૧ થી ताम् પ્રત્યય.

उद्+वह्+स्+ताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

उदवह्+स्+ताम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

उदवाह्+स्+ताम् - આ સૂત્રથી ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ आ.

उदवाह्+ताम् - धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ.

उदवाढ्+ताम् - हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

उदवाढ्+धाम् - अधश्च... ૨-૧-૭૯ થી त् નો ध्.

उदवाढ्+ढाम् - तवर्गस्य... ૧-૩-૬૦ થી ध् નો ढ्.

उदवोढाम् - सहि... ૧-૩-૪૩ થી પૂર્વનાં ढ् નો લોપ અને आ નો ओ.

उदवो+ढाम् - અહીં ૧-૩-૪૩ થી ढ् નો લોપ થયો છે તેથી હવે ધાતુ વ્યંજનાન્ત નથી પણ પરકાર્ય (આ સૂત્રથી વૃદ્ધિ) કરવાના પ્રસંગે લોપ ને અસત્ માનવાથી ढ् છે એમ મનાય છે તેથી હવે ધાતુ વ્યંજનાન્ત હોવાથી આ સૂત્રથી વૃદ્ધિની પ્રાપ્તિ આવે પરન્તુ આ સૂત્રથી તો સમાન સ્વરની જ વૃદ્ધિ થાય છે જ્યારે ओકાર એ સમાન સ્વર નથી તેથી વૃદ્ધિ થઈ નથી.

**अनिटीति किम् ?** अतक्षीत् = તેણે પાતળું કર્યું. तक्ष्+द् - ३-३-११, तक्ष्+स्+द् - ३-४-५३, अतक्ष्+स्+द् - ४-४-२९, अतक्ष्+इ+स्+द् - ४-४-३८, अतक्ष+इ+स्+ईद् - ४-३-६५, अतक्ष्+इ+ईद् - ४-३-७१, अतक्षीद् - १-२-१, अतक्षीत् - १-३-५१. અહીં सेट् सिच् પ્રત્યય હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય સમાનની વૃદ્ધિ થઈ નથી. औदित् હોવાથી धूगौदितः ४-४-३८ થી વિકલ્પે इट् થાય છે એટલે જ્યારે इट् ન થાય ત્યારે અનિટ્ सिच् પરમાં હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય સમાન સ્વરની વૃદ્ધિ થાય ત્યારે अताक्षीत् પ્રયોગ પણ થશે.

## वोर्णुगः सेटि । ४-३-४६

**અર્થઃ**- પરસ્મૈપદનાં વિષયભૂત सेट् सिच् પ્રત્યય પર છતાં ऊर्णु ધાતુનાં અન્ત્ય સ્વરની વિકલ્પે વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - प्रौर्णावीत्, प्रौर्णवीत्, प्रौर्णुवीत्. = તેણે ઢાંક્યું.

प्र+ऊर्णु+द् - दि ताम्... ३-३-११ થી द् પ્રત્યય.

प्र+ऊर्णु+स्+द् - सिज... ३-४-५३ થી सिच् પ્રત્યય.

प्र+ऊर्णु+इ+स्+द् - स्ताद्य... ४-४-३२ થી इट्.

प्र+ऊर्णु+इ+स्+ईद् - सः सिज... ४-३-६५ થી ईत्.

प्र+और्णु+इ+स्+ईद् - स्वरादे... ४-४-३१ થી આદિસ્વરની વૃદ્ધિ.

प्रौर्णु+इ+स्+ईद् - ऐदौत्... १-२-१२ થી अ+औ = औ.

प्रौर्णौ+इ+स्+ईद् - આ સૂત્રથી उ ની વૃદ્ધિ औ.

प्रौर्णौ+इ+ईद् - इटईति ४-३-७१ થી सिच् નો લોપ.

प्रौर्णौ+ईद् - समानानां... १-२-१ થી इ+ई = ई.

प्रौर्णावीद् - ओदौतो... १-२-२४ થી औ નો आव्.

प्रौर्णावीत् - विरामे वा... १-३-५१ થી द् નો त्. વિકલ્પપક્ષે આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે नामिनो... ४-३-१ થી उ નો ગુણ ओ થવાથી प्रौर्णो+ईत्, ओदौतो... १-२-२४ થી ओ નો अव् થવાથી प्रौर्णवीत् પ્રયોગ થશે. અને જ્યારે वोर्णोः ४-३-१९ થી इट् ङिद्वद् થાય ત્યારે ગુણ પણ નહીં થાય તેથી संयोगात् २-१-५२ થી उ નો उव्

થવાથી प्रौर्ण्णुवीत् પ્રયોગ થશે. એ પ્રમાણે બે વિકલ્પ હોવાથી ત્રણ પ્રયોગ થશે.

**परस्मै इत्येव** - प्रौर्ण्णविष्ट = તેણે ઢાંક્યું. અહીં આત્મનેપદનો વિષય છે પરસ્મૈપદનો વિષય ન હોવાથી આ સૂત્રથી उ ની વિકલ્પે વૃદ્ધિ થઈ નથી તેથી ગુણ થયો છે.

**सानुबन्धोपादानं यङ्लुप्निवृत्यर्थम्** - प्रौर्ण्णोनावीत् = તેણે વારંવાર ઢાંક્યું. ऊर्ण्णु+य - ૩-૪-૯, ऊर्ण्णुनुय - ૪-૧-૪, ऊर्ण्णोनुय - ૪-૧-૪૮, ऊर्ण्णोनु - ૩-૪-૧૪, ऊर्ण्णोनु+द् - ૩-૩-૧૧, ऊर्ण्णोनु+स्+द् - ૩-૪-૫૩, ऊर्ण्णोनु+इ+स्+द् - ૪-૪-૩૨, ऊर्ण्णोनु+इ+स्+ईद् - ૪-૩-૬૫, और्ण्णोनु+इ+स्+ईद् - ૪-૪-૩૧, प्रौर्ण्णोनु+इ+स्+ईद् - ૧-૨-૧૨, प्रौर्ण्णोनौ+इ+स्+ईद् - ૪-૩-૪૪, प्रौर्ण्णोनावि+स्+ईद् - ૧-૨-૨૪, प्रौर्ण्णोनावि+ईद् - ૪-૩-૭૧, प्रौर्ण्णोनावीद् - ૧-૨-૧, प्रौर्ण्णोनावीत् - ૧-૩-૫૧. આ સૂત્રમાં यङ्लुबन्त નો નિષેધ કરેલો હોવાથી આ સૂત્રથી વૃદ્ધિ ન થતાં ૪-૩-૪૪ થી વૃદ્ધિ થઈ છે. અને वोर्ण्णोः ૪-૩-૧૯ સૂત્રથી इट् વિકલ્પે ङित् થવાથી ૪-૩-૪૪ થી વૃદ્ધિ નહીં થાય અને ૪-૩-૧ થી ગુણ પણ નહીં થાય તેથી संयोगात् ૨-૧-૫૨ થી उ નો उव् થવાથી प्रौर्ण्णोनुवीत् રૂપ પણ થશે. એટલે यङ्लुबन्त માં બે પ્રયોગો થશે.

## व्यञ्जनादेर्वोपान्त्यस्याऽतः । ૪-૩-૪૭

**અર્થઃ**- પરસ્મૈપદનાં વિષયભૂત સેટ્ સિચ્ પ્રત્યય પર છતાં વ્યંજનાદિ ધાતુનાં ઉપાન્ત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - अकाणीत्, अकणीत् = તેણે અવાજ કર્યો. कण-शब्दे (૨૭૦) कण्+द् - ૩-૩-૧૧, अकण्+द् - ૪-૪-૨૯, अकण्+स्+द् - ૩-૪-૫૩, अकण्+इ+स्+द् - ૪-૪-૩૨ अकण्+इ+स्+ईद् - ૪-૩-૬૫, अकाण्+इ+स्+ईद् - આ સૂત્રથી વૃદ્ધિ, अकाण्+इ+ईद् - ૪-૩-૭૧, अकाणीद् - ૧-૨-૧, अकाणीत् - ૧-૩-૫૧. વિકલ્પપક્ષે આ સૂત્રથી વૃદ્ધિ ન થાય ત્યારે अकणीत् પ્રયોગ થશે. એજ પ્રમાણે - अक्काणीत्, अक्कणीत् - अश्वासीत्, अश्वसीत् - गौः इव आचारीत् -

अगावीत्, अगवीत् વિગેરે પ્રયોગો થશે. अगवीत् ની સાધનિકા ૪-૩-૪૪ માં કરેલી છે. તે પ્રમાણે ओ નો अव् થયા પછી આ સૂત્રથી अ ની વૃદ્ધિ થઈ છે.

**व्यञ्जनादेरिति किम् ?** मा भवान् अटीत् = તમે ન ભટકો. સાધનિકા ઉપર જણાવેલ अकणीत् પ્રમાણે થશે. સ્વરાદિ ધાતુ હોવાથી આ સૂત્રથી ઉપાન્ત્ય સમાન સ્વરની વૃદ્ધિ થઈ નથી. અને અહીં माङ् નો યોગ હોવાથી स्वरादे... ૪-૪-૩૧ થી આદિસ્વરની વૃદ્ધિ થઈ નથી.

**उपान्त्यस्येति किम् ?** अवधीत् = તેણે હણ્યો, માર્યો. સાધનિકા अद्यतन्यां... ૪-૪-૨૨ માં કરેલી છે. અહીં वध આદેશ અકારાન્ત હોવાથી ઉપાન્ત્યમાં अ નથી તેથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

**अत इति किम् ?** अदेवीत् = તેણે ક્રીડા કરી. दिव्+द् - ૩-૩-૧૧, दिव्+स्+द् - ૩-૪-૫૩, दिव्+इ+स्+द् - ૪-૪-૩૨, अदिव्+इ+स्+द् - ૪-૪-૨૯, अदिव्+इ+स्+ईद् - ૪-૩-૬૫, अदेवि+स्+ईद् - ૪-૩-૪, अदेवि+ईद् - ૪-૩-૭૧, अदेवीद् - ૧-૨-૧, अदेवीत् - ૧-૩-૫૧. અહીં ઉપાન્ત્યમાં अ નથી. इ છે તેથી આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ ન થતાં ૪-૩-૪ થી ગુણ થયો છે.

**सेटीत्येव** - अधाक्षीत् = તેણે બાળ્યું. સાધનિકા ૩-૪-૫૫ માં કરેલી છે. અહીં અનિટ્ सिच् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી दह् ધાતુના ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થઈ નથી. પણ ૪-૩-૪૫ થી વૃદ્ધિ થઈ છે. ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થયો છે.

## वद-व्रज-लृः । ४-३-४८

**અર્થઃ-** પરસ્મૈપદનાં વિષયભૂત સેટ્ सिच् પ્રત્યય પર છતાં वद् અને व्रज् ધાતુનાં તેમજ ल् અને र् અન્તવાળા ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) अवादीत् = તે બોલ્યો. वद-वक्तायां वाचि (૯૯૮), वदुङ्-स्तुत्यभिवादनयोः (૭૨૧) સાધનિકા ૪-૩-૪૭ માં જણાવેલ अकाणीत् પ્રમાણે થશે. પણ અહીં વૃદ્ધિ આ સૂત્રથી થશે. એજ પ્રમાણે -

(૨) अव्राजीत = તે ગયો. व्रज-गतौ (૧૩૭)

(૩) अज्वालीत् = તે પ્રજ્વલિત થયો. ज्वल-दीप्तौ (૯૬૦) એજ પ્રમાણે - अचालीत्.

(૪) अक्षारीत् = તે ટપક્યો. क्षर-संचलने (૯૭૧) એજ પ્રમાણે - त्सर्-अत्सारीत्.

**उपान्त्यस्येत्येव** - अश्वल्लीत् = ઊતાવળું ચાલ્યો, દોડ્યો, નાસ્યો. श्वल्ल-आशुगतौ (૪૫૧), अबभ्रीत् = તે ગયો. बभ्र-गतौ (૪૦૯) સાધનિકા अकणीत् પ્રમાણે થશે. અહીં ઉપાન્ત્યમાં अ નથી પણ ल् અને भ् છે. તેથી ल् અને र् અન્તવાળો ધાતુ હોવા છતાં આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

**अत इत्येव** - न्यमीलीत् = તેણે આંખ મીંચી. मील-निमेषणे (૪૧૫), न्यखोरीत् = તે લંગડાતો ચાલ્યો. खोर्-प्रतीघाते (૪૧૨) અહીં मील् ધાતુ ल् અન્તવાળો છે પણ ઉપાન્ત્યમાં अ નથી इ છે. અને खोर् ધાતુ र् અન્તવાળો છે પણ ઉપાન્ત્યમાં अ નથી ओ છે તેથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

✿ પૂર્વ સૂત્રથી (૪-૩-૪૭ થી) ઉપાન્ત્ય अ ની વૃદ્ધિની પ્રાપ્તિ હતી પણ વિકલ્પે થતી હતી જ્યારે આ સૂત્રથી નિત્ય વૃદ્ધિ થાય છે. તેથી આ સૂત્ર પૂર્વસૂત્રનાં અપવાદરૂપ છે.

## न श्वि-जागृ-शस-क्षण-हम्येदितः । ४-३-४९

**અર્થઃ-** પરસ્મૈપદનાં વિષયભૂત સેટ્ सिच् પ્રત્યય પર છતાં श्वि, जागृ, शस् અને क्षण् ધાતુનાં ह - म् અને य् અન્તવાળા ધાતુનાં તથા ए ઇત્‌વાળા ધાતુનાં સ્વરની વૃદ્ધિ થતી નથી.

**વિવેચન** - (૧) अश्वयीत् = તે ગયો. સાધનિકા ૩-૪-૬૫ માં કરેલી છે

(૨) अजागरीत् = તે જાગ્યો. સાધનિકા ૩-૪-૬૫ માં જણાવેલ अश्वयीत् પ્રમાણે થશે પણ અહીં ऋ નો ગુણ अर् થશે.

(૩) अशसीत् = તેણે હિંસા કરી. शसू-हिंसायाम् (૫૪૯)

(૪) अक्षणीत् = તેણે હિંસા કરી. क्षणूग्-हिंसायाम् (૧૫૦૧)

(૫) अग्रहीत् = તેણે ગ્રહણ કર્યું. ग्रहीश्-उपादाने (૧૫૧૭) ह् અન્તવાળો.

(૬) अवमीत् = તેણે વમન કર્યું. टुवमू-उद्गिरणे (૯૬૯) म् અન્તવાળો.

(૭) अहयीत् = તે ગયો. हय-क्लान्तौ गतौ च (૩૯૭) य् અન્તવાળો.

(૮) अकगीत् = તેણે કર્યું. कगे-सौत्र (૧૯૮૯) ए ઇત્‌વાળો.

બધાની સાધનિકા अश्वयीत् પ્રમાણે થશે. પણ અહીં ગુણની પ્રાપ્તિ ન હોવાથી ૪-૩-૧ સૂત્ર નહીં લાગે. અને ग्रह् ધાતુથી પરમાં રહેલ इट्- गृहणो... ૪-૩-૩૪ થી દીર્ઘ થશે.

✡ श्वि અને जागृ ધાતુને सिचि... ૪-૩-૪૪ થી નિત્ય વૃદ્ધિની પ્રાપ્તિ હતી અને शस्, क्षण्, ग्रह्, वम्, हय् અને कग् ધાતુને व्यञ्जनादे... ૪-૩-૪૭ થી વિકલ્પે વૃદ્ધિની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

✡ श्वि વિગેરે ધાતુઓમાં यङ्लुबन्त માં પણ વૃદ્ધિનો નિષેધ થશે. એટલે यङ्लुबन्त અદ્યતની પ્રયોગ હશે ત્યારે વૃદ્ધિ નહીં થાય. જેમ કે - अशेश्वयीत्, अजर्जागरीत्, अशाशसीत्, अचङ्क्षणीत्, अजर्गहीत्, अवावमीत्, अजाहयीत्.

✡ ए ઇત્‌વાળા ધાતુઓમાં यङ्लुबन्त અદ્યતની પ્રયોગમાં વૃદ્ધિનો નિષેધ થતો નથી. જેમ કે अचाकागीत्, अजाहासीत्. हसे-हसने (૫૪૫)

**सेटीत्येव** - अधाक्षीत् = તેણે બાળ્યું. સાધનિકા ૩-૪-૫૫ માં કરેલી છે. અહીં અનિટ્ सिच् પ્રત્યય હોવાથી આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થયો નથી.

## ञ्णिति । ૪-૩-૫૦

**અર્થ:-** ञित् અને णित् પ્રત્યય પર છતાં ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) पाकः = રાંધવું. સાધનિકા ૪-૧-૧૧૧ માં કરેલી છે.

(૨) पपाच = તેણે રાંધ્યું. સાધનિકા ૩-૪-૪૬ માં કરેલી છે.

**अत इत्येव** - भोगः = પાલન કરવું. भोजयति = પાલન કરાવે છે. અહીં घञ् પ્રત્યય અને णिग् પ્રત્યય હોવા છતાં ઉપાન્ત્યમાં अ નથી उ છે તેથી આ સૂત્રથી વૃદ્ધિ ન થતાં लघो... ૪-૩-૪ થી ગુણ થયો છે.

**उपान्त्यस्येत्येव** - भङ्गः, भञ्जकः, चकासयति. અહીં भञ्ज् ધાતુને घञ् અને णक પ્રત્યય લાગ્યો છે પણ ઉપાન્ત્યમાં अ નથી અને चकास् ધાતુને णिग् પ્રત્યય લાગ્યો છે પણ ઉપાન્ત્યમાં आ છે તેથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

**ञ्णिति इति किम् ?** पचति = તે રાંધે છે. અહીં शव् પ્રત્યય લાગ્યો

છે ञित् અને णित् પ્રત્યય નથી તેથી આ સૂત્રથી વૃદ્ધિ થઈ નથી.

## नामिनोऽकलिहलेः । ४-३-५१

**અર્થઃ-** ञित् અને णित् પ્રત્યય પર છતાં નામ્યન્ત ધાતુનાં અથવા कलि અને हलि વર્જીને નામનાં અન્ત્ય નામી સ્વરની વૃદ્ધિ થાય છે.

**વિવેચન - (૧)** अचायि = તેના વડે ભેગું કરાયું. સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે. પણ અહીં चि ધાતુનાં અન્ત્ય इ ની વૃદ્ધિ ऐ થશે. અને एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय् થશે. એજ પ્રમાણે अनायि, अलावि, अतारि, अयावि વિગેરે...

(૨) कारकः = કરનાર. कृ+णक- ૫-૧-૪૮, कारक - આ સૂત્રથી ऋ ની વૃદ્ધિ आर्, कारक+सि - ૧-૧-૧૮, कारकर् - ૨-૧-૭૨, कारकः - ૧-૩-૫૩. એજ પ્રમાણે कारः, हारः, हारकः વિગેરે...

(૩) अपीपटत् = પટુને કહ્યું. पटुम् आख्यत् આ અર્થમાં -

पटु+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

पटौ+इ - આ સૂત્રથી पटु નામનાં उ ની વૃદ્ધિ औ.

पटि - त्र्यन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય औ નો લોપ.

હવે પછીની સાધનિકા णि-स्नु.. ૩-૪-૯૨ માં જણાવેલ अपीपचत् પ્રમાણે થશે. પણ ૪-૧-૬૯ **અને** ૪-૨-૩૫ સૂત્ર નહીં લાગે.

**कलि-हलिवर्जनं किम् ?** अचकलत् = કલિને કહ્યું. अजहलत् = હલિને કહ્યું. कलिं आख्यत्, हलिं आख्यत् આ અર્થમાં -

कलि, हलि+इ - णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય.

कलि, हलि - त्र्यन्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય इ નો લોપ.

कलि, हलि+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

कलि, हलि+अ+द् - णिश्रि... ૩-૪-૫૮ થી ङ પ્રત્યય.

ककलि, हहलि+अद् - आद्योंश... ૪-૧-૨ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चकलि+अ+द् - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

जहलि+अ+द् - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

चकलद्, जहलद् - णेरनिटि ૪-૩-૮૩ થી णिच् નો લોપ.

अचकलद्, अजहलद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अचकलत्, अजहलत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

कलि અને हलि નામનું સૂત્રમાં વર્જન કરેલું હોવાથી इ ની વૃદ્ધિ ऐ થઈ નથી. તેથી ૭-૪-૪૩ થી इ નો લોપ થવાથી ધાતુ સમાનનાં લોપવાળો બને છે. તે કારણે ૪-૨-૩૫, ૪-૧-૬૩, ૪-૧-૬૪ સૂત્ર લાગતાં નથી. જો વૃદ્ધિ થયા પછી ऐ નો લોપ થયો હોત તો ધાતુ અસમાન લોપી બનત તો अचीकलत्, अजीहलत् એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગો થાત.

✿ अपीपटत् વિગેરે પ્રયોગોની સિદ્ધિ કરવા માટે આ સૂત્રની રચના કરી છે. નહીં તો नामिनः... ૪-૩-૧ થી ગુણ કર્યા પછી, अय्, अव् વિગેરે આદેશ કરાયા પછી ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ થવાથી સર્વે પણ ધાતુઓનાં રૂપોની સિદ્ધિ થાત. અને नामिनो... ૪-૩-૧ માં જ कलि-हलि નું વર્જન કર્યું હોત તો નામનાં અન્ત્યનામી સ્વરનો ગુણ થઈને पटु નું पटो થયા પછી ૭-૪-૪૩ થી ओ નો લોપ કરીને अपीपटत् રૂપની સિદ્ધિ થાત છતાં પણ તે પ્રમાણે ન કરતાં આ સૂત્રની રચના કરી છે તેથી એમ જણાય છે કે જો नामिनो... ૪-૩-૧ માં कलि-हलि નું વર્જન કરે તો सखि વિગેરે નામમાં પણ ગુણ કરવાની પ્રાપ્તિ આવે માટે આ સૂત્રની રચના કરી છે તે બરાબર છે.

✿ સૂત્રમાં कलि અને हलि નામનું વર્જન કર્યું છે તેથી તે સિવાયનાં અન્ય નામનાં અન્ત્ય નામી સ્વરની વૃદ્ધિ થશે.

## जागुर्ञि-णवि । ૪-૩-૫૨

**અર્થઃ-** ञित् અને णित् એવા ञि અને णव् પ્રત્યય જ પર છતાં जागृ ધાતુનાં અન્ત્ય નામી સ્વરની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) अजागारि = તેના વડે જગાયું. સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે.

(૨) जजागार = તે અથવા હું જાગ્યો. સાધનિકા ૩-૪-૪૯ માં કરેલી છે.

**ञिणवीति किम्** ? जागरयति = તે જગાડે છે. સાધનિકા ૩-૪-૨૦

માં જણાવેલ कारयति પ્રમાણે થશે. અહીં णिग् પ્રત્યય લાગેલો હોવાથી આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થતો હોવાથી વૃદ્ધિ નહીં થાય. એજ પ્રમાણે - णक-जागरकः, णम्-जागरंजागरम्, घञ्-जागरः અહીં ञित-णित् પ્રત્યય છે પણ ञि અને णव् પ્રત્યય સિવાયનાં પ્રત્યય પર છતાં વૃદ્ધિ થતી ન હોવાથી અહીં વૃદ્ધિ થઈ નથી.

जागृ ધાતુનાં સ્વરની ञित्-णित् પ્રત્યય પર છતાં જ વૃદ્ધિ થશે એવો નિયમ કરવો પણ ञित्-णित् પ્રત્યય પર છતાં जागृ ધાતુની જ વૃદ્ધિ થશે એવો વિપરીત નિયમ ન કરવો. કેમકે णिद्वा... ૪-૩-૫૮ થી णव् પ્રત્યય વિકલ્પે णिद् થાય છે. એટલે णित् થાય ત્યારે વૃદ્ધિ થાય છે. અને नजन... ૪-૩-૫૪ વિગેરેમાં ञित् પ્રત્યય પર છતાં વૃદ્ધિનો નિષેધ પણ થાય છે. જો વિપરીત નિયમ કરીએ તો ञि અને णव् પ્રત્યય પર છતાં जागृ ધાતુ સિવાય કોઈ ધાતુનાં સ્વરની વૃદ્ધિ ન થાય.

## आत ऐः कृञ्ञौ । ४-३-५३

**અર્થ:-** ञित् અને णित् એવા કૃદન્તનાં પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં આકારાન્ત ધાતુનાં અન્ત્ય સ્વરનો (आ નો) ऐ થાય છે.

**વિવેચન** - (૧) दायः = આપવું.

दा+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

दै+अ - આ સૂત્રથી आ નો ऐ.

दाय - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી दायः પ્રયોગ થશે.

(૨) दायकः = આપનાર.

दा+अक - णक... ૫-૧-૪૮ થી णक પ્રત્યય.

दै+अक - આ સૂત્રથી दा નાં आ નો ऐ.

दायक - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી दायकः પ્રયોગ થશે.

(૩) अदायि = તેનાવડે અપાયું.

दा+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

दा+इ - भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય અને त નો લોપ.

दै-इ - આ સૂત્રથી दा નાં आ નો ऐ.

दायि - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

अदायि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

**कृदिति किम् ?** ददौ = આપ્યું. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. અહીં णव् પ્રત્યય णित् છે પણ કૃદન્તનો નથી પરોક્ષાનો છે તેથી આ સૂત્રથી दा નાં आ નો ऐ થયો નથી.

(૨) दापयति = તે અપાવે છે. સાધનિકા ૪-૨-૨૧ માં કરેલી છે. અહીં णिग् પ્રત્યય णित् છે પણ કૃદન્તનો ન હોવાથી આ સૂત્રથી दा નાં आ નો ऐ થયો નથી.

## न जन-बधः । ૪-૩-૫૪

**અર્થઃ-** ञित् અને णित् એવા કૃદન્તનાં પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં जन् અને बध् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થતી નથી.

**વિવેચન** - (૧) प्रजनः = ઉત્પન્ન કરવું. प्र+जन्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય. प्रजन - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रजनः પ્રયોગ થશે.

(૨) जन्यः = ઉત્પન્ન કરવા યોગ્ય. जन्+य - ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય. जन्य - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી जन्यः પ્રયોગ થશે.

(૩) अजनि = તેનાવડે ઉત્પન્ન થવાયું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ છે.

(૪) बधः = બાંધવું. बधि-बन्धने (૭૪૬) સાધનિકા प्रजनः પ્રમાણે થશે.

(૫) बध्यः = બાંધવા યોગ્ય. સાધનિકા जन्यः પ્રમાણે થશે.

(૬) अबधि = બંધાયું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अजनि પ્રમાણે થશે.

✡ ञ्णिति - ૪-૩-૫૦ થી વૃદ્ધિની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો.

✡ અહીં बधि-बन्धने ધાતુનું જ ગ્રહણ થશે. કેમકે "भक्षकः चेद् नास्ति-बधकः अपि न विद्यते" જો ભક્ષણ કરનાર ન હોય તો વધ કરનાર પણ ન હોય. એ ઉક્તિથી हन् ધાતુનો જે वध આદેશ થાય છે તે અકારાન્ત થાય છે તેમાં વૃદ્ધિનો નિષેધ જ છે પ્રાપ્તિ જ નથી તો તેનો નિષેધ કરવાથી શું ફાયદો ? તેથી અહીં वध ધાતુનું ગ્રહણ ન કરતાં

बध् धातुनुं ग्रहण કરાશે.

## मोऽकमि-यमि-रमि-नमि-गमि-वमा-ऽऽचमः । ४-३-५५

અર્થ:- કૃદન્તનાં ञित्-णित् પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં कम्, यम्, रम्, नम्, गम्, वम् અને आ+चम् ધાતુને વર્જીને म् અન્તવાળા ધાતુનાં ઉપાન્ત્ય अ ની વૃદ્ધિ થતી નથી.

વિવેચન - (૧) शमः = શાન્ત. સાધનિકા ૪-૩-૫૪ માં જણાવેલ प्रजनः પ્રમાણે થશે. એજ પ્રમાણે दमः, तमः, श्रमः, भ्रमः, क्षमः.

(૨) शमकः = શાન્ત કરનાર, શાન્ત થનાર.

शम्+अक - णक... ૫-૧-૪૮ થી णक પ્રત્યય.

शमक - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शमकः પ્રયોગ થશે.

એજ પ્રમાણે - दमकः, तमकः, श्रमकः, भ्रमकः, क्षमकः.

(૨) अशमि = શાન્ત થવાયું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अजनि પ્રમાણે થશે. વૃદ્ધિનો નિષેધ આ સૂત્રથી થશે. એજ પ્રમાણે - अदमि, अतमि, अश्रमि, अभ्रमि, अक्षमि. અહીં ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે.

**कम्यादिवर्जनं किम् ?** कामः = ઈચ્છા.

कम्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય.

काम - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી कामः પ્રયોગ થશે. એજ પ્રમાણે यामः, रामः, नामः, वामः, आचामः પ્રયોગો થશે. गम् ધાતુને घञ् પ્રત્યય થતો નથી युवर्ण... ૫-૩-૨૮ થી अल् પ્રત્યય થવાથી गमः પ્રયોગ થાય છે.

(૨) कामुकः = ઈચ્છા કરનાર.

कम्+उक - शृ-कम... ૫-૨-૪૦ થી उकण् પ્રત્યય.

कामुक - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી कामुकः પ્રયોગ થશે. એજ પ્રમાણે आगामुकः પ્રયોગ થશે. બીજા ધાતુઓને उकण् પ્રત્યય ન થતાં णक પ્રત્યય લાગીને यामकः, रामकः, नामकः, वामकः, आचामकः પ્રયોગ થશે.

(૩) अकामि = ઇચ્છા કરાઈ. સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે. પણ ૪-૩-૫૧ ને બદલે ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે. એજ પ્રમાણે - अयामि, अरामि, अनामि, आगामि, अवामि, आचामि.

**आचम इति किम् ?** चमः, विचमः, चमकः, विचमकः, अचमि, व्यचमि. અહીં घञ्, णक અને ञि પ્રત્યય પર છતાં આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થયો છે કેમકે સૂત્રમાં आ+चम् હોય તો જ વર્જન કર્યું છે.

**कृञ्ञावित्येव** - शशाम = શાન્ત કર્યો. અહીં णव् પ્રત્યય કૃદન્તનો નથી પરોક્ષાનો છે અને निशामयते = શાન્ત કરાવે છે. અહીં णिग् પ્રત્યય णिगन्त નો છે તેથી આ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થયો નથી.

✡ आमः, आमकः, आमि માં વૃદ્ધિ થયેલી છે તો સૂત્રમાં म् અન્તવાળાને તો વૃદ્ધિનો નિષેધ કહેલો છે. अमण्-रोगे (૧૭૪૭) ૧૦ માં ગણનો अम् ધાતુ હોય તો વૃદ્ધિ થશે અને अम-शब्द-भक्त्योः (૩૯૧) પહેલાં ગણનો अम् ધાતુ હોય તો વૃદ્ધિનો આ સૂત્રથી નિષેધ થવાથી अमः, अमकः, अमि પ્રયોગ થશે.

## विश्रमेर्वा । ४-३-५६

**અર્થ:-** કૃદન્તનાં ञित्-णित् પ્રત્યય અને ञि પ્રત્યય પર છતાં वि પૂર્વક श्रम् ધાતુનાં ઉપાન્ત્ય अ ની વિકલ્પે વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) विश्रामः, विश्रमः = આરામ. वि+श्रम्+अ - ५-३-१८, विश्राम- ४-३-५०. વિકલ્પપક્ષે વૃદ્ધિ ન થાય ત્યારે विश्रम. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विश्रामः, विश्रमः પ્રયોગ થશે.

(૨) विश्रामकः, विश्रमकः = આરામ કરનાર. वि+श्रम्+अक - ૫-૧-૪૮, विश्रामक - ૪-૩-૫૦ થી વૃદ્ધિ. વિકલ્પપક્ષે વૃદ્ધિ ન થાય ત્યારે विश्रमक. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विश्रामकः, विश्रमकः પ્રયોગ થશે.

(૩) व्यश्रामि, व्यश्रमि = આરામ કરાયો. સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ अकारि પ્રમાણે થશે. પણ ૪-૩-૫૧ ને બદલે ૪-૩-૫૦ થી વૃદ્ધિ થશે. વિકલ્પપક્ષે વૃદ્ધિ ન થાય ત્યારે व्यश्रमि પ્રયોગ થશે.

**वीति किम् ?** घञ्-श्रमः, णक-श्रमकः, ञि-अश्रमि. સાધનિકા ૪-૩-૫૫ માં જણાવ્યા પ્રમાણે થશે. અહીં वि પૂર્વક श्रम् ધાતુ ન હોવાથી ૪-૩-૫૫ સૂત્રથી વૃદ્ધિનો નિષેધ થયો છે.

**कृञ्ञावित्येव** - विशश्राम, विश्रामयति. અહીં પરોક્ષાનો णव् અને णिगन्त નો णिग् પ્રત્યય છે તેથી આ સૂત્રથી વિકલ્પે વૃદ્ધિ ન થતાં ञ्णिति ૪-૩-૫૦ થી નિત્ય વૃદ્ધિ થઈ છે.

✡ वि પૂર્વક श्रम् ધાતુમાં વૃદ્ધિ થતી નથી એવું કેટલાંક માને છે. જ્યારે કેટલાંક એમ માને છે કે નિત્ય વૃદ્ધિ થાય છે અને કેટલાંક એમ માને છે કે घञ् પ્રત્યય પર છતાં જ વિકલ્પે વૃદ્ધિ થાય છે.

## उद्यमोपरमौ । ४-३-५७

**અર્થઃ-** घञ् પ્રત્યય પરે છતાં उद् પૂર્વક यम् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરની અને उप પૂર્વક रम् ધાતુનાં ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિનો અભાવ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) उद्यमः = મહેનત, પ્રયત્ન, उपरमः = વિરામ, શાન્તિ. સાધનિકા ૪-૩-૫૪ માં જણાવેલ प्रजनः પ્રમાણે થશે. અહીં ञ्णिति ૪-૩-૫૦ થી વૃદ્ધિની પ્રાપ્તિ હતી. તેનો આ સૂત્રથી નિષેધ થયો.

**अन्यत्र पूर्वेण वृद्धिरेव** - यामः, संयामः, रामः, विरामः - સાધનિકા ૪-૩-૫૫ માં જણાવેલ क्रामः પ્રમાણે થશે. અહીં उद् પૂર્વક यम् ન હોવાથી અને उप પૂર્વક रम् ન હોવાથી આ સૂત્રથી વૃદ્ધિનો અભાવ નિપાતન ન થતાં ૪-૩-૫૦ થી નિત્ય વૃદ્ધિ થઈ છે.

## णिद्वाऽन्त्यो णव् । ४-३-५८

**અર્થઃ-** પરોક્ષાનો અન્ત્ય (પ્રથમ પુરુષ એકવચનનો) णव् પ્રત્યય णित् વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अहं चिचय, चिचाय = મેં ભેગું કર્યું.

चि+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

चि+अ - આ સૂત્રથી णव् પ્રત્યય णित् વિકલ્પે.

चिचि+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

चिचे+अ - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

चिचय - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्. વિકલ્પપક્ષે આ સૂત્રથી णव् પ્રત્યય णित् થાય ત્યારે नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ અને ऐ નો आय् થવાથી चिचाय પ્રયોગ થશે. એજ પ્રમાણે निनय, निनाय - लुलव, लुलाव - विवय, विवाय - जजागर, जजागार પ્રયોગ થશે.

(૨) चुकुट, चुकोट = મેં કુટિલતા કરી. સાધનિકા ૪-૩-૧૭ માં જણાવેલ उच्चुकोट પ્રમાણે થશે. જ્યારે વિકલ્પપક્ષે આ સૂત્રથી णव् પ્રત્યય णित् ન થાય ત્યારે कुटादे... ૪-૩-૧૭ થી णव् પ્રત્યય ङिद्वद् થાય છે તેથી ગુણ ન થવાથી चुकुट પ્રયોગ થશે.

**अन्त्य इति किम् ?** स पपाच = તેણે રાંધ્યું. સાધનિકા ૩-૪-૪૬ માં કરેલી છે. અહીં ત્રીજા પુરૂષ એ.વ. નો णव् પ્રત્યય છે. અન્ત્ય (પહેલાં પુરુષ એ.વ.નો) णव् નથી તેથી આ સૂત્રથી णव् પ્રત્યય णित् વિકલ્પે થયો નથી.

✡ અહીં આ સૂત્રમાં णित्व આશ્રયીને વિકલ્પ હોવાથી णव् આશ્રયીને જે કાર્ય થતું હોય તે નિત્ય થાય છે. જેમ કે अहं पपौ. આ સૂત્રથી णव् णित् વિકલ્પે થાય છે પણ आतो... ૪-૨-૧૨૦ થી णव् પ્રત્યયનો औ થાય છે તે વિકલ્પે ન થાય તે કાર્ય તો નિત્ય જ થાય.

✡ णव् આશ્રયીને જે કાર્ય થાય તે નિત્ય થાય છે તો जागु... ૪-૩-૫૨ સૂત્રથી जजागार પ્રયોગમાં નિત્ય વૃદ્ધિ થશે ? નાં, નિત્ય વૃદ્ધિ ન થાય કેમકે આ સૂત્રવડે વૃદ્ધિ નથી થતી. આ સૂત્ર તો માત્ર णव् પ્રત્યયને णिद् વિકલ્પે કરે છે. અને ૪-૩-૫૨ સૂત્ર વૃદ્ધિ કરે છે. તેથી કંઈ વૃદ્ધિ વિકલ્પે થાય છે એમ ન કહેવાય. તેથી જ્યારે આ સૂત્રથી णव् णिद् થશે ત્યારે ૪-૩-૫૨ થી વૃદ્ધિ થશે અને આ સૂત્રથી णव् પ્રત્યય णित् ન થાય ત્યારે ૪-૩-૫૨ થી વૃદ્ધિ ન થતાં ૪-૩-१ થી ગુણ થશે.

## उत और्विति-व्यञ्जनेऽद्वेः । ४-३-५९

**અર્થઃ**- વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં અદ્વિરુક્ત એવાં ઉકારાન્ત ધાતુનાં અન્ત્ય उ નો औ થાય છે.

**વિવેચન** - यौति = તે મિશ્રણ કરે છે. यु+ति - ૩-૩-૬ થી तिव् પ્રત્યય, यौति - આ સૂત્રથી उ નો औ થયો. એજ પ્રમાણે यौषि, यौमि, रौति, रौषि, रौमि, यौतु, रौतु, अयौत्, अरौत्, अयौः, अरौः પ્રયોગો થશે.

**उत इति किम् ?** एति = તે જાય છે. इ+ति - ૩-૩-૬, एति - ૪-૩-૧. અહીં इ ધાતુ इકારાન્ત છે उકારાન્ત નથી તેથી આ સૂત્રથી औ થયો નથી.

**धातोरित्येव** - सुनोति = તે સ્નાન કરે છે. સાધનિકા ૩-૪-૭૫ માં કરેલી છે. અહીં उ એ ધાતુનો નથી પ્રત્યયનો છે તેથી આ સૂત્રથી તે उ નો औ થયો નથી.

**वितीति किम् ?** रुतः = તેઓ બે અવાજ કરે છે. रु ધાતુને तस् પ્રત્યય લાગ્યો છે તે वित् પ્રત્યય નથી તેથી આ સૂત્રથી उ નો औ થયો નથી.

**व्यञ्जन इति किम् ?** स्तवानि = હું સ્તુતિ કરું. અહીં स्तु ધાતુને आनिव् પ્રત્યય લાગ્યો છે તે સ્વરાદિ वित् છે પણ વ્યંજનાદિ वित् નથી તેથી આ સૂત્રથી स्तु ધાતુનાં उ નો औ થયો નથી.

**अद्वेरिति किम् ?** जुहोति = તે હોમ કરે છે. સાધનિકા ૪-૧-૧૨ માં કરેલી છે. અહીં વ્યંજનાદિ वित् પ્રત્યય છે. પણ ધાતુ દ્વિરુક્ત છે તેથી આ સૂત્રથી हु ધાતુનાં उ નો औ થયો નથી.

(૨) योयोति = તે વારંવાર મિશ્રણ કરે છે. અહીં यङ्लुबन्त यु ધાતુનું દ્વિત્વ થયેલું હોવાથી આ સૂત્રથી यु ધાતુનાં उ નો औ થયો નથી.

✿ કેટલાંક यङ्लुबन्त માં उ નો औ થાય એમ માને છે તેઓનાં મતે योयौति, नोनौति, रोरौति પ્રયોગ થશે.

## वोर्णोः । ૪-૩-૬૦

**અર્થઃ-** વ્યંજનાદિ वित् પ્રત્યય પર છતાં અદ્વિરુક્ત ऊर्णु ધાતુનાં અન્ત્ય उ નો औ વિકલ્પે થાય છે.

**વિવેચન** - प्रोर्णौति, प्रोर्णोति = તે ઢાંકે છે.

प्र+ऊर्णु+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

प्रोर्णु+ति - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+उ = ओ.

प्रोर्णौति - આ સૂત્રથી उ નો औ. વિકલ્પપક્ષે આ સૂત્રથી उ નો औ ન થાય ત્યારે नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ થવાથી प्रोर्णोति પ્રયોગ થશે.

**अद्वेरित्येव** - प्रोर्णोनोति = તે વારંવાર ઢાંકે છે.

प्रोर्णोनुय - સુધી ૩-૪-૧૦ માં જણાવ્યા પ્રમાણે થશે.

प्रोर्ण्णोनुय - र्हादर्ह... ૧-૩-૩૧ થી ण् द्वित्व.

प्रोर्ण्णोनु - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

प्रोर्ण्णोनु+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

प्रोर्ण्णोनोति - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ. અહીં ऊर्ण्णु ધાતુ દ્વિરુક્ત છે તેથી આ સૂત્રથી ધાતુનાં उ નો औ વિકલ્પે થયો નથી.

**व्यञ्जनादावित्येव** - प्रोर्ण्णवानि = હું ઢાંકું. અહીં ऊर्ण्णु ધાતુથી પરમાં વ્યંજનાદિ વિત્ પ્રત્યય નથી સ્વરાદિ વિત્ પ્રત્યય છે તેથી આ સૂત્રથી उ નો औ વિકલ્પે થયો નથી.

**वितीत्येव** - प्रोर्ण्णुतः = તેઓ બે ઢાંકે છે. અહીં तस् પ્રત્યય લાગ્યો છે તે વ્યંજનાદિ છે પણ વિત્ નથી તેથી આ સૂત્રથી उ નો औ વિકલ્પે થયો નથી.

✡ ૪-૩-૫૯ સૂત્રથી उ નો औ નિત્ય થતો હતો. તેનો આ સૂત્ર બનાવવાથી વિકલ્પે થયો છે.

✡ કેટલાંક यङ्लुबन्त માં ऊर्ण्णु ધાતુનાં उ નો औ માને છે તેઓનાં મતે प्रोर्ण्णोनौति પ્રયોગ થશે.

## न दि-स्योः । ४-३-६१

**અર્થઃ**- दिव् અને सिव् પ્રત્યય પર છતાં ऊर्ण्णु ધાતુનાં અન્ત્ય उ નો औ થતો નથી.

**વિવેચન** - (૧) प्रौर्ण्णोत् = તેણે ઢાંક્યું.

प्र+ऊर्ण्णु+द् - दिव्ताम्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય.

प्र+और्ण्णु+द् - स्वरादे... ૪-૪-૩૧ થી ऊ ની વૃદ્ધિ औ.

प्रौर्ण्णुद् - ऐदौत्... ૧-૨-૧૨ થી अ+औ = औ.

प्रौर्ण्णोद् - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्रौर्ण्णोत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) प्रौर्ण्णोः = તેં ઢાંક્યું. સાધનિકા प्रौर्ण्णोत् પ્રમાણે થશે. सोरुः, रःपदान्ते... થી स् નો र् અને र् નો વિસર્ગ થશે.

**दिस्योरिति किम् ?** प्रोर्णौति, प्रोर्णौषि - અહીં વર્તમાનકાળનો तिव्

અને सिव् પ્રત્યય છે તેથી ૪-૩-૬૦ થી उ નો औ વિકલ્પે થશે.

✿ સૂત્ર જુદું બનાવ્યું તેથી ૪-૩-૬૦ થી औની વિકલ્પે પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. જો નિષેધ ન કરવો હોત તો "वोर्णोर्दिस्योः" એ પ્રમાણે સૂત્ર કરત.

✿ दि નાં સાહચર્યથી सिव् વર્તમાનાનો ગ્રહણ ન કરતાં હ્યસ્તનીનો જ सिव् પ્રત્યય ગ્રહણ થશે.

## तृहः श्नादीत् । ४-३-६२

**અર્થઃ-** વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં तृह् ધાતુથી પર રહેલ श्न પ્રત્યયની પરમાં ईत् આગમ થાય છે.

**વિવેચન** - तृणेढि = તે હિંસા કરે છે. तृहप्-हिंसायाम् (૧૪૯૫)

तृह्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

तृनह्+ति - रुधां... ૩-૪-૮૨ થી સ્વરથી પરમાં श्न પ્રત્યય.

तृनईह्+ति - આ સૂત્રથી श्न ની પરમાં ईत्.

तृणईह्+ति - रषृ... ૨-૩-૬૩ થી न् નો ण्.

तृणेह्+ति - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+ई = ए.

तृणेढ्+ति - हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

तृणेढ्+धि - अधश्चतु... ૨-૧-૭૯ થી ति નાં त् નો ध्.

तृणेढ्+ढि - तवर्गस्य... ૧-૩-૬૦ થી धि નાં ध् નો ढ्.

तृणेढि - ढस्तड्ढे ૧-૩-૪૨ થી પૂર્વનાં ढ् નો લોપ. એજ પ્રમાણે - तृणेक्षि, तृणेह्मि, तृणेढु વિગેરે પ્રયોગો થશે.

**व्यञ्जनादावित्येव** - तृणहानि, अतृणहम् - અહીં आनिव् અને अम्व् પ્રત્યય સ્વરાદિ વિત્ છે વ્યંજનાદિ વિત્ નથી તેથી આ સૂત્રથી श्न પ્રત્યયની પરમાં ईत् આગમ થયો નથી.

**वितीत्येव** - तृण्ढः - અહીં तस् પ્રત્યય લાગ્યો છે તે વ્યંજનાદિ છે પણ વિત્ નથી તેથી આ સૂત્રથી श्न પ્રત્યયની પરમાં ईत् આગમ થયો નથી. ૪-૨-૯૦ થી श्न પ્રત્યયનાં अ નો લોપ થવાથી तृण्ढः પ્રયોગ થશે.

ईत् આગમમાં દીર્ઘનું વિધાન ઉત્તરસૂત્ર (૪-૩-૬૩) માટે છે.

✡ अतृणेट् - હ્યસ્તની - ૩. પુ.એ.વ. માં व्यञ्जनाद्... ૪-૩-૭૮ થી द् પ્રત્યયનો લોપ થયેલો છે. આ સૂત્રમાં વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં ईत् આગમનું વિધાન પ્રત્યય આશ્રયીને છે તેથી "प्रत्ययलोपेऽपि प्रत्ययलक्षणं कार्यं विज्ञायते" એ ન્યાયથી અહીં द् પ્રત્યયનો લોપ થયેલો હોવા છતાં આ સૂત્રથી ईत् આગમ થઈ શક્યો છે.

## ब्रूतः परादिः । ४-३-६३

**અર્થ:-** વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં ब्रू ધાતુનાં ऊ થી પરમાં પરાદિ (પ્રત્યયનાં અવયવરૂપ) ईत् થાય છે.

**વિવેચન** - ब्रवीति = તે બોલે છે. ब्रूंग्क्-व्यक्तायांवाचि (૧૧૨૫) સાધનિકા ૪-૨-૧૧૮ માં કરેલી છે. એજ પ્રમાણે ब्रवीषि, ब्रवीमि, अब्रवीत्.

**ऊत इति किम् ?** आत्थ = તું બોલે છે. સાધનિકા ૪-૨-૧૧૮ માં કરેલી છે. અહીં ૪-૨-૧૧૮ થી सिव् નો थ પ્રત્યય અને ब्रू નો आह् આદેશ થવાથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

**व्यञ्जनादावित्येव** - ब्रवाणि, अब्रवम् - અહીં आनिव् અને अम्व् પ્રત્યય સ્વરાદિ વિત્ છે વ્યંજનાદિ વિત્ ન હોવાથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

**वितीत्येव** - ब्रूतः - અહીં तस् પ્રત્યય વ્યંજનાદિ છે પણ વિત્ નથી તેથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

## यङ्-तु-रु-स्तोर्बहुलम् । ४-३-६४

**અર્થ:-** વ્યંજનાદિ વિત્ પ્રત્યય પર છતાં यङ्लुबन्त ધાતુથી પરમાં તથા અદ્વિરુક્ત એવાં तु-रु અને स्तु ધાતુથી પરમાં પરાદિ ईत् બહુલતાએ થાય છે.

વિવેચન - "**क्वचित्प्रवृत्तिः, क्वचिदप्रवृत्तिः ।**
**क्वचिद्विभाषा, क्वचिदन्यदेव ॥**"

(૧) क्वचिद् वा - बोभोति, बोभवीति = વારંવાર થાય છે. સાધનિકા ૩-૪-૧૪ માં કરેલી છે.

(૨) क्वचिद् न (अप्रवृत्ति) - वर्वर्त्ति = વારંવાર વર્તે છે. સાધનિકા ૪-૪-૫૬ માં જણાવેલ चर्कर्त्ति પ્રમાણે થશે.

(૩) क्वचित्प्रवृत्ति - वावदीति, लालपीति, रोरवीति અહીં નિત્ય ईत् નો આગમ થયો છે. સાધનિકા ૩-૪-૧૪ માં જણાવેલ बोभवीति પ્રમાણે થશે.

(૪) तवीति, तौति = તે જાય છે. तुंक् - वृत्ति-हिंसा-पूरणेषु (૧૦૭૯)

तु+ति - तिव्... ૩-૩-૬ થી ति પ્રત્યય.

तु+ई+ति - આ સૂત્રથી ईत् આગમ.

तो+ई+ति - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

तवीति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्. બહુલાધિકારને કારણે આ સૂત્રથી ईत् નો આગમ ન થાય ત્યારે उत... ૪-૩-૫૯ થી ધાતુનાં उ નો औ થવાથી तौति પ્રયોગ થશે. એજ પ્રમાણે -

(૫) रवीति, रौति = તે અવાજ કરે છે. रुंक्-शब्दे (૧૦૮૫)

(૬) स्तवीति, स्तौति = તે સ્તુતિ કરે છે. ष्टुंग्क्-स्तुतौ (૧૧૨૪)

**अद्वेरित्येव** - तुतोथ = તું ગયો.

तु+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

तुतुथ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

तुतोथ - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

(૨) तुष्टोथ = તેં સ્તુતિ કરી. स्तु+थ - ૩-૩-૧૨, स्तुस्तुथ - ૪-૧-૧, तुस्तुथ - ૪-૧-૪૫, तुष्तुथ - ૨-૩-૧૫, तुष्टुथ - ૧-૩-૬૦, तुष्टोथ - ૪-૩-૧. અહીં ધાતુ દ્વિરુક્ત હોવાથી આ સૂત્રથી तु અને स्तु ધાતુથી પરમાં ईत् આગમ થયો નથી.

**व्यञ्जनादावित्येव** - बोभवानि, अबोभवम्, तवानि, रवाणि, स्तवानि - અહીં आनिव् અને अम्व् પ્રત્યય સ્વરાદિ વિત્ છે વ્યંજનાદિ વિત્ નથી તેથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

**वितीत्येव** - बोभूतः, तुतः, रुतः, स्तुतः - અહીં तस् પ્રત્યય વ્યંજનાદિ છે પણ વિત્ નથી તેથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

✿ આ સૂત્રમાં यङ् એ પ્રમાણે સામાન્યથી કહેલું હોવા છતાં यङ्लुबन्त નું જ ગ્રહણ થશે. કેમકે यङन्त ધાતુ આત્મનેપદી હોવાથી વ્યંજનાદિ વિત્ પ્રત્યયનો સંભવ જ નથી. यङ्लुबन्त ધાતુને જ પરસ્મૈપદી ધાતુ કહ્યા છે. તેથી यङ्लुबन्त ધાતુથી પરમાં तिव्-सिव् વિગેરે પ્રત્યયો થાય છે.

## सः सिजस्तेर्दि-स्योः । ४-३-६५

**અર્થ:-** दि અને सि પ્રત્યય પર છતાં સકારાન્ત सिच् અન્તવાળા ધાતુથી પરમાં તેમજ अस् ધાતુથી પરમાં પરાદિ ईत् થાય છે.

**વિવેચન** - (૧) अकार्षीत् = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. અહીં ऋ ની વૃદ્ધિ आर् થશે.

(૨) अकार्षीः = તેં કર્યું. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પણ અહીં ૧-૩-૫૧ સૂત્ર નહીં લાગે. અને सोरुः, रःपदान्ते... થી अकार्षीः પ્રયોગ થશે.

(૩) आसीत् = તે હતો.

अस्+द् - दिव्ताम्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય.

आस्+द् - एत्य... ૪-૪-૩૦ થી अस् ધાતુનાં अ ની વૃદ્ધિ आ.

आसीद् - આ સૂત્રથી दिव् ની પૂર્વે ईत् આગમ.

आसीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૪) आसीः = તું હતો. સાધનિકા आसीत् પ્રમાણે થશે. ૧-૩-૫૧ સૂત્ર નહીં લાગે અને सोरुः, रःपदान्ते... થી आसीः પ્રયોગ થશે.

**स इति किम् ?** अदात् = તેણે આપ્યું. સાધનિકા ૩-૪-૫૯ માં જણાવેલ अधात् પ્રમાણે થશે. અહીં सिच् પ્રત્યય લાગ્યો છે પણ ૪-૩-૬૬ થી લોપ થયેલો હોવાથી અહીં સકારાદિ सिच् પ્રત્યય दा ધાતુથી પરમાં ન હોવાથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

(૨) अभूत् = તે થયો. સાધનિકા ૪-૨-૪૩ માં કરેલી છે. અહીં सिच् નો ૪-૩-૬૬ થી લોપ થયેલો હોવાથી સકારાદિ सिच् પ્રત્યય अस् ધાતુનાં થયેલાં भू આદેશથી પરમાં નથી તેથી આ સૂત્રથી ईत् આગમ થયો નથી.

**दिस्योरिति किम् ?** अस्ति, असि - અહીં तिव् અને सिव् પ્રત્યય વર્તમાન કાળનો છે તેથી अस् ધાતુ હોવા છતાં આ સૂત્રથી ईत् આગમ થયો નથી. दिव् નાં સાહચર્યથી सिव् હ્યસ્તનીનો જ ગ્રહણ થશે.

✡ आसीत् અને आसीः ઉદાહરણ બતાવ્યા છે તે હ્યસ્તનીનાં જ જાણવાં. કેમકે અદ્યતનીમાં તો अस्ति... ૪-૪-૧ થી अस् નો भू આદેશ થાય છે.

✿ ह्यस्तनी दिव् અને सिव् પ્રત્યય પર છતાં ईत् આગમનાં વિધાન સામર્થ્યથી व्यञ्जनाद्... ૪-૩-૭૮ થી दिव् નો લોપ થતો નથી. તેથી आसीत् પ્રયોગ થશે.

✿ आसीः માં "आदेशादागमः" આદેશથી આગમ બળવાન બને છે એ ન્યાયથી अस् ધાતુનાં स् નો સકારાદિ सिव् પ્રત્યય પર છતાં ૪-૩-૭૩ થી લોપની પ્રાપ્તિ આવે તે પહેલાં જ આ સૂત્રથી ईत् આગમ થઈ જાય છે.

## पिबैति-दा-भू-स्थः सिचो लुप् परस्मै न चेट् । ४-३-६६

**અર્થઃ-** पा, इ, दा સંજ્ઞક, भू અને स्थां ધાતુથી પરમાં રહેલ सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં લોપ થાય છે અને ત્યારે (सिच् લોપનાં યોગમાં) इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) अपात् = તેણે પીધું. पां-पाने (૨) સાધનિકા ૩-૪-૫૯ માં જણાવેલ अधात् પ્રમાણે થશે. પણ सिच् નો લોપ આ સૂત્રથી થશે. એજ પ્રમાણે -

(૨) अगात् = તે ગયો. इंण्क्-गतौ (૧૦૭૫), अध्यगात् = તે પામ્યો. इंक्-स्मरणे (૧૦૭૪) અહીં इणिको... ૪-૪-૨૩ થી इ નો गा આદેશ થયો છે.

(૩) अदात् = તેણે આપ્યું.

(૪) अधात् = તેણે ધારણ કર્યું.

(૫) अभूत् = તે થયો. સાધનિકા ૪-૨-૪૩ માં કરેલી છે. અહીં भू ધાતુ અને अस् નો भू આદેશ થાય છે તે બન્ને भू ધાતુનું ગ્રહણ થશે. सिच् નો લોપ થયા પછી ईत् આગમ બાધ પામે છે. (થતો નથી.)

(૬) अस्थात् = તે ઊભો રહ્યો. સાધનિકા ૩-૪-૫૯ માં જણાવેલ अधात् પ્રમાણે થશે.

**परस्मै इति किम् ?** अपासत पयांसि तैः = તેઓવડે દૂધ પીવાયું.

पा+अन्त - दि-ताम्... ૩-૩-૧૧ થી अन्त પ્રત્યય.

पा+स्+अन्त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अपास्-अन्त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अपासत - अनतो... ૪-૨-૧૧૪ થી अन्त નાં अन्त् નો अत्. અહીં આત્મનેપદનો વિષય હોવાથી આ સૂત્રથી सिच् નો લોપ થયો નથી.

**पिबेति किम् ?** अपासीत् वनं वस्त्रं वा = વનનું અથવા વસ્ત્રનું રક્ષણ કર્યું અથવા શોષણ કર્યું. સાધનિકા अनैषीत् પ્રમાણે થશે પરન્તુ ૪-૩-૪૪ અને ૨-૩-૧૫ સૂત્રની પ્રાપ્તિ ન હોવાથી અહીં નહીં લાગે. આ સૂત્રમાં पिब् નું ગ્રહણ હોવાથી पांक्-रक्षणे (૧૦૬૭) અને पैं-शोषणे (૪૭) ધાતુનું ગ્રહણ ન થવાથી પરસ્મૈપદ હોવા છતાં सिच् નો લોપ થયો નથી.

**दासंज्ञ इति किम् ?** अदासीत् केदारम् भोजनम् वा = તેણે કેદારને કાપ્યું અથવા ભોજનને શુદ્ધ (સંસ્કારીત) કર્યું. दांवक्-लवने (૧૦૭૦) અને दैव्-शोधने (૨૯) સાધનિકા अनैषीत् પ્રમાણે થશે. આ બે ધાતુ दा સંજ્ઞક નથી તેથી આ સૂત્રથી પરસ્મૈપદ હોવા છતાં सिच् નો લોપ થયો નથી.

सिच् નો लुक् થાય છે એમ ન કહેતાં लुप् થાય છે એમ કહ્યું તેથી હવે सिच् નો સ્થાનિવદ્ભાવ નહીં થાય. તેથી अबोभोत् માં सिच् નો લોપ થયો છે તેનો સ્થાનિવદ્ભાવ ન થવાથી ૪-૩-૪૪ થી વૃદ્ધિ ન થઈ.

## ट्धे-घ्रा-शा-च्छा-सो वा । ४-३-६७

**અર્થઃ-** ट्धे, घ्रा, शा, च्छा અને सा ધાતુથી પરમાં રહેલ सिच् પ્રત્યયનો પરસ્મૈપદમાં વિકલ્પે લોપ થાય છે અને જ્યારે सिच् નો લોપ થાય છે ત્યારે इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) अधात्, अधासीत् = તેણે પીધું. ट्धें-पाने (૨૮) अधात् ની સાધનિકા ૩-૪-૫૯ માં કરેલી છે. અને अधासीत् ની સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પણ ૪-૩-૪૪ અને ૨-૩-૧૫ સૂત્ર નહીં લાગે. એજ પ્રમાણે -

(૨) अघ्रात्, अघ्रासीत् = તેણે સુંઘ્યું. घ्रां-गन्धोपादाने (૩)

(૩) अशात्, अशासीत् = તેણે પતલું કર્યું. शोंच्-तक्षणे (૧૧૪૭) અહીં आत्... ૪-૨-૧ થી शो ધાતુનાં ओ નો आ થયો છે.

(૪) अच्छात्, अच्छासीत् = તેણે કાપ્યું. छोंच्-छेदने (૧૧૪૮) ૪-૨-૧ થી

छो नां ओ नो आ, स्वरेभ्यः १-३-३० थी छ् द्वित्व, अघोषे... १-३-५० थी पूर्वनां छ् नो च् थवाथी च्छा धातु थशे.

(५) असात्, असासीत् = ते नाश पाम्यो. अथवा तेणे नाश कर्यो. षोंच्-अन्तकर्मणि (११५०), सैं-क्षये (४४) ४-२-१ थी षो धातुनां ओ नो अने सै धातुनां ऐ नो आ थयो छे.

**परस्मै इत्येव** - अधिषाताम् स्तनौ वत्सेन = वाछरडावडे बे स्तन पीवाया. साधनिका ३-४-५९ मां करेली छे. अहीं धा धातु छे पण परस्मैपद नथी आत्मनेपदनो विषय छे तेथी आ सूत्रथी सिच् नो लोप थयो नथी.

✿ ट्धे धातु दा संज्ञक छे तेथी ४-३-६६ थी सिच् नां लोपनी नित्य प्राप्ति हती अने घ्रा-शा-च्छा अने सा धातुने सिच् नां लोपनी अप्राप्ति हती तेनो आ सूत्रथी विकल्पे लोप थयो.

✿ छो अने शो धातुनी मध्यमां सो न होवाथी साहचर्य ग्रहण थतुं नथी तेथी सो धातु दिवादि गणनो ज ग्रहण नहीं थाय. एटले भ्वादि अने दिवादि बन्ने गणनां धातुनुं ग्रहण थशे.

## तन्भ्यो वा त-थासि न्-णोश्च । ४-३-६८

**अर्थः-** त अने थास् प्रत्यय पर छतां तनादि गणनां धातुथी परमां रहेल सिच् प्रत्ययनो विकल्पे लोप थाय छे. अने ज्यारे सिच् नो लोप थाय छे त्यारे धातुनां न् अने ण् नो लोप थाय छे तेमज इट् आगम थतो नथी.

**विवेचन** - (१) अतत, अतनिष्ट = तेणे विस्तार्युं.

तन्+त - दि-ताम्... ३-३-११ थी त प्रत्यय.

तन्+स्+त - सिज... ३-४-५३ थी सिच् प्रत्यय.

अतन्+स्+त - अड्... ४-४-२९ थी अट् आगम.

अतत - आ सूत्रथी सिच् अने धातुनां न् नो लोप. विकल्पपक्षे सिच् प्रत्ययनो लोप न थाय त्यारे अतन्+इ+स्+त - स्ताद्य... ४-४-३२ थी इट् थवाथी अतनिस्त, र-षृ... २-३-१५ थी स् नो ष् अने तवर्ग... १-३-६० थी त् नो ट् थवाथी अतनिष्ट प्रयोग थशे. एज प्रमाणे - असत, असनिष्ट = तेणे आप्युं.

(૨) अतथाः, अतनिष्ठाः = તેં વિસ્તાર્યું. સાધનિકા अतत, अतनिष्ट પ્રમાણે થશે. પણ त ને બદલે थास् પ્રત્યય થશે. सोरुः, रःपदान्ते... લાગશે. અને अतनिष्ठाः માં ૧-૩-૬૦ થી थास् પ્રત્યયનાં थ् નો ठ् થશે. એજ પ્રમાણે - असथाः, असनिष्ठाः = તેં આપ્યું..

क्षण् - अक्षत, अक्षणिष्ट - अक्षथाः, अक्षणिष्ठाः.

क्षिण् - अक्षित, अक्षिणिष्ट - अक्षिथाः, अक्षिणिष्ठाः.

ऋण् - आर्त्त, आर्णिष्ट - आर्थाः, आर्णिष्ठाः.

तृण् - अतृत, अतर्णिष्ट - अतृथाः, अतर्णिष्ठाः.

घृण् - अघृत, अघर्णिष्ट - अघृथाः, अघर्णिष्ठाः.

वन् - अवत, अवनिष्ट - अवथाः, अवनिष्ठाः.

मन् - अमत, अमनिष्ट - अमथाः, अमनिष्ठाः.

સૂત્રમાં थास् પ્રત્યયનું ગ્રહણ કરેલું હોવાથી પરસ્મૈપદની નિવૃત્તિ થાય છે. પ્રત્યયનાં સાહચર્યથી "साहचर्यात् सदृशस्यैव" એ ન્યાયથી त પ્રત્યય પણ આત્મનેપદનો જ ગ્રહણ થશે. પણ પરસ્મૈપદ દ્વિ.પુ.બ.વ. નો त પ્રત્યય ગ્રહણ નહીં થાય. જેમ કે अतनिष्ट यूयम्. व्यञ्जनादे... ૪-૩-૪૭ થી સેટ્ सिच् પ્રત્યય પર છતાં પરસ્મૈપદમાં વિકલ્પે વૃદ્ધિ થતી હોવાથી अतानिष्ट પ્રયોગ પણ થશે.

## सनस्तत्राऽऽवा । ४-३-६९

**अर्थः**- सन् ધાતુથી પરમાં રહેલ सिच् પ્રત્યયનો તેમજ ધાતુનાં न् નો લોપ થયે છતે सन् ધાતુનાં સ્વરનો आ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) असात, असत = તેણે આપ્યું.

(૨) असाथाः, असथाः = તેં આપ્યું. સાધનિકા ૪-૩-૬૮ માં જણાવેલ अतत - अतथाः પ્રમાણે થશે. તેથી सन् ધાતુનાં त અને थास् પ્રત્યય પર છતાં ત્રણ ત્રણ રૂપો થશે. असत, असात અને असनिष्ट. असथाः, असाथाः અને असनिष्ठाः.

**तत्रेति किम् ?** असनिष्ट = તેણે આપ્યું. સાધનિકા ૪-૩-૬૮ માં જણાવેલ अतनिष्ट પ્રમાણે થશે. અહીં सिच् નો કે ધાતુનાં न् નો લોપ થયેલો ન હોવાથી આ સૂત્રથી ધાતુનાં સ્વરનો आ વિકલ્પે થયો નથી.

- ✡ કેટલાંક સન્ ધાતુનાં સ્વરનો આ ઈચ્છતાં નથી તેઓનાં મતે બે બે રૂપો થશે. જેમકે - असत, असनिष्ट - असथाः, असनिष्ठाः.
- ✡ કેટલાંક સન્ ધાતુનાં સ્વરનો આ નિત્ય માને છે તેઓનાં મતે પણ બે બે રૂપો થશે. જેમકે - असात, असनिष्ट - असाथाः, असनिष्ठाः.

## धुड्-ह्रस्वाल्लुगनिटस्त-थोः । ४-३-७०

**અર્થઃ-** त् અથવા थ् આદિમાં છે જેને એવા તકારાદિ અને થકારાદિ પ્રત્યય પર છતાં ધુટ્ વર્ણાન્ત અને હ્રસ્વ સ્વરાન્ત ધાતુથી પર રહેલ અનિટ્ સિચ્ પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) अभित्त = તેણે ભેદ્યું. अभित्थाः = તેં ભેદ્યું.

अकृत = તેણે કર્યું. अकृथाः = તેં કર્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પણ ૧-૩-૪૯ ને બદલે ૧-૩-૫૦ સૂત્રથી द् નો त् થશે અને ૨-૧-૭૯ સૂત્ર નહીં લાગે. આ સૂત્રથી ધુટ્ વર્ણાન્ત भिद् ધાતુથી તેમજ હ્રસ્વ સ્વરાન્ત कृ ધાતુથી પર રહેલ त અને थास् પ્રત્યય પર છતાં સિચ્ પ્રત્યયનો લોપ થયો છે.

**अनिट इति किम् ?** व्यद्योतिष्ट = તે પ્રકાશિત થયો. द्युति-दीप्तौ (૯૩૭)

वि+द्युत्+त - दि-ताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

वि+द्युत्+स्+त - सिज... ૩-૪-૫૩ થી સિચ્ પ્રત્યય.

वि+अद्युत्+स्+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

व्यद्युत्+स्+त - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

व्यद्युतिस्+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

व्यद्योतिस्+त - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

व्यद्योतिष्+त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

व्यद्योतिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

અહીં द्युत् ધાતુ ધુટ્ વર્ણાન્ત છે પણ અનિટ્ સિચ્ પ્રત્યય પરમાં ન હોવાથી આ સૂત્રથી સિચ્ પ્રત્યયનો લોપ થયો નથી.

**धुड् ह्रस्वादिति किम् ?** अमंस्त, अमंस्थाः - मनिच्-ज्ञाने (૧૨૬૩) આ मन् ધાતુ અનિટ્ છે તેથી તેનાથી પર રહેલ સિચ્ એ અનિટ્

કહેવાય પણ मन् ધાતુ ધુટ્ વર્ણાન્ત નથી તેથી આ સૂત્રથી सिच् નો લોપ થયો નથી.

(૨) अच्योष्ट, अच्योष्ठाः - અહીં च्यु ધાતુ હ્રસ્વ સ્વરાન્ત છે તેનાથી પરમાં અનિટ્ सिच् પ્રત્યય પણ છે છતાં च्यु ધાતુમાં રહેલ उ નો ગુણ કરવો એ નિત્ય કાર્ય હોવાથી सिच् નો લોપ કરવો એ (આ સૂત્રનું કાર્ય) પર હોવા છતાં પહેલાં ગુણ થાય છે અને ગુણ થયા પછી ધાતુ હ્રસ્વ સ્વરાન્ત રહેતો નથી તેથી આ સૂત્રથી सिच् નો લોપ થયો નથી.

**तथोरिति किम् ?** अभित्साताम्, अभित्सत - अकृषाताम्, अकृषत - અહીં भिद् ધાતુ ધુટ્ વર્ણાન્ત અને कृ ધાતુ હ્રસ્વ સ્વરાન્ત હોવા છતાં તકારાદિ કે થકારાદિ પ્રત્યય નથી પણ आताम् અને अन्त એ સ્વરાદિ પ્રત્યય હોવાથી આ સૂત્રથી सिच् પ્રત્યયનો લોપ થયો નથી.

✡ पिबैति... ૪-૩-૬૬ થી लुप् નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં लुक् નું ગ્રહણ सिच् પ્રત્યયનાં સ્થાનિવદ્ભાવ માટે છે તેથી सिच् આશ્રયીને થતાં વૃદ્ધિ વિગેરે કાર્યો सिच् નો લોપ થયે છતે પણ થશે. જેમકે वस् ધાતુનું अवात्तम् થશે.

✡ तनभ्यो... ૪-૩-૬૮ થી तथासि નો અધિકાર ચાલુ હોવા છતાં આ સૂત્રમાં तथ નું ગ્રહણ વ્યાપ્તિ માટે છે તેથી સાહચર્યનું ગ્રહણ નહીં થાય. એટલે પરસ્મૈપદનાં તકારાદિ પ્રત્યયો પણ ગ્રહણ થશે. જેમકે अभैत्तम्, अभैत्ताम्, अभैत्त. સ્થાનિવદ્ભાવ થવાથી व्यञ्जना... ૪-૩-૪૫ થી વૃદ્ધિ થઈ છે.

✡ સૂત્રમાં तथोः એ પ્રમાણે દ્વિવચનનું ગ્રહણ ધુટ્ વર્ણાન્ત અને હ્રસ્વ સ્વરાન્તની સાથે યથાસંખ્યની નિવૃત્તિ માટે છે.

## इट ईति । ४-३-७१

**અર્થઃ-** इट् થી પર રહેલાં सिच् પ્રત્યયનો ईत् પર છતાં લોપ થાય છે.

**વિવેચન** - (૧) अलावीत् = તેણે કાપ્યું.

लू+द् - दि-ताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

लू+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

लू+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अलू+इ+स्+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अलू+इ+स्+ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ.

अलू+इ+ईद् - આ સૂત્રથી सिच् નો લોપ.

अलौ+इ+ईद् - सिचि... ૪-૩-૪૪ થી ऊ ની વૃદ્ધિ औ.

अलावि+ईद् - ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव्.

अलावीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

अलावीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

અહીં सिच् પ્રત્યયનો લોપ થવા છતાં સ્થાનિવદ્ભાવ થવાથી ૪-૩-૪૪ થી વૃદ્ધિ થઈ છે.

**इट इति किम् ?** अकार्षीत् = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. અહીં ऋ ની વૃદ્ધિ आर् થશે. અહીં ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થતો હોવાથી सिच् પ્રત્યય इट् થી પરમાં નથી તેથી આ સૂત્રથી सिच् પ્રત્યયનો લોપ થયો નથી.

**ईतीति किम् ?** अभणिषम् = હું બોલ્યો.

भण्+अम् - दि-ताम्... ૩-૩-૧૧ થી अम् પ્રત્યય.

भण्+स्+अम् - सिंज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अभण्+स्+अम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अभणि+स्+अम् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अभणिषम् - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

અહીં इट् થી પરમાં सिच् પ્રત્યય છે પણ તેનાથી પરમાં ईत् નથી તેથી આ સૂત્રથી सिच् પ્રત્યયનો લોપ થયો નથી. કેમકે ईत् આગમ दि અને सि પ્રત્યયો પરમાં હોય તો જ થાય છે અહીં તો अम् પ્રત્યય છે.

## सो धि वा । ४-३-७२

**अर्थः-** ધાતુથી વિધાન કરાએલાં ધકારાદિ પ્રત્યય પર છતાં પૂર્વનાં स् નો લોપ વિકલ્પે થાય છે.

**विवेचन** - (૧) चकाधि, चकाद्धि = તું પ્રકાશિત થા. चकासृक्-दीप्तौ (૧૦૯૪)

चकास्+हि - तुव्... ૩-૩-૮ થી हि પ્રત્યય.

चकास्+धि - हु धुटो... ૪-૨-૮૩ થી हि નો धि.

चकाधि - આ સૂત્રથી ધાતુનાં स् નો લોપ. વિકલ્પપક્ષે स् નો લોપ ન થાય ત્યારે तृतीय... ૧-૩-૪૯ થી स् નો द् થવાથી चकाद्धि પ્રયોગ થશે. એજ પ્રમાણે शास् ધાતુનું - आशाध्वम्, आशाद्ध्वम्.

(૨) अलविध्वम्, अलविड्ढ्वम् = તમે કાપ્યું.

लू+ध्वम् - दि-ताम्... ૩-૩-૧૧ થી ध्वम् પ્રત્યય.

लू+स्+ध्वम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अलू+स्+ध्वम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अलू+इ+स्+ध्वम् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अलो+इ+स्+ध्वम् - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ.

अलवि+स्+ध्वम् - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

अलविध्वम् - આ સૂત્રથી स् નો લોપ. વિકલ્પપક્ષે स् નો લોપ ન થાય ત્યારે अलविष्+ध्वम् - नाम्यं... ૨-૩-૧૫ થી स् નો ष्, अलविड्+ध्वम् - तृतीय... ૧-૩-૪૯ થી ष् નો ड्, अलविड्ढ्वम् - तवर्गस्य... ૧-૩-૬૦ થી ध् નો ढ् થશે..

✡ सिच् ની અનુવૃત્તિ ચાલતી હોવા છતાં આ સૂત્રમાં स् નું ગ્રહણ કર્યું છે તે સામાન્ય स् નાં ગ્રહણ માટે છે તેથી પ્રકૃતિનાં સકારનો અને પ્રત્યયનાં સકારનો (બન્નેનો) લોપ થશે.

✡ કેટલાંક स् નો લોપ વિકલ્પે ઈચ્છતા નથી એટલે કે નિત્ય લોપ ઈચ્છે છે. તેઓનાં મતે चकाधि, अलविध्वम् એ પ્રમાણે એક જ પ્રયોગ થશે.

## अस्तेः सि हस्त्वेति । ૪-૩-૭૩

**અર્થઃ-** સકારાદિ પ્રત્યય પર છતાં अस् ધાતુનાં स् નો લોપ થાય છે અને ए પ્રત્યય પર છતાં अस् ધાતુનાં स् નો ह् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) असि = તું છે. अस्+सि - तिव्... ૩-૩-૬ થી सिव् પ્રત્યય, असि - આ સૂત્રથી अस् ધાતુનાં स् નો લોપ થયો છે.

(૨) व्यतिसे = તેને બદલે તું છે.

वि+अति+अस् - क्रिया... ૩-૩-૨૩ થી આત્મનેપદ.

वि+अति+अस्-से - तिव्... ३-३-६ थी से પ્રત્યય.

व्यति+अस्+से - इवर्णादि... १-२-२१ थी इ नो य्.

व्यति+स्+से - श्ना... ४-२-९० थी अस् नां अ नो લોપ.

व्यतिसे - આ સૂત્રથી अस् नां स् नो લોપ. આ પ્રમાણે અકાર અને સકારનો લોપ થવાથી પ્રત્યય માત્ર રહેશે.

(૩) व्यतिहे = તેને બદલે હું છું.

व्यति+अस्+ए - तिव्... ३-३-६ थी ए પ્રત્યય.

व्यति+अहे - આ સૂત્રથી अस् नां स् नो ह्.

व्यतिहे - श्ना... ४-२-९० थी अस् नां अ नो લોપ.

(૪) भावयामाहे = મેં ઉત્પન્ન કર્યું (મારાવડે ઉત્પન્ન કરાયું.)

भू+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् પ્રત્યય.

भौ+इ - नामिनो... ४-३-५१ थी ऊ ની વૃદ્ધિ औ.

भावि - ओदौतो... १-२-२४ थी औ नो आव्.

भावि+ए - णव्... ३-३-१२ थी ए પ્રત્યય.

भावि+आम् - धातो... ३-४-४६ थी ए પ્રત્યયનાં સ્થાને आम्.

भावयाम्+अस्+ए - आमन्ता... ४-३-८५ थी णिग् नो अय्.

भावयाम्+अस्अस्+ए - द्विधातुः... ४-१-१ थी ધાતુ દ્વિત્વ.

भावयाम्+अअस्+ए - व्यञ्जन... ४-१-४४ थी અનાદિવ્યંજનનો લોપ.

भावयाम्+आअस्+ए - अस्या... ४-१-६८ थी अ नो आ.

भावयामासे - समानानां... १-२-१ थी आ+अ = आ.

भावयामाहे - આ સૂત્રથી अस् नां स् नो ह्.

કેટલાંક પરોક્ષાનો એકાર પર છતાં अस् ધાતુનાં स् नो ह् ઈચ્છતા નથી તેઓનાં મતે भावयामासे પ્રયોગ થશે.

**दुह्-दिह्-लिह्-गुहो दन्त्यात्मने वा सकः । ४-३-७४**

**अर्थः-** દન્ત્યવર્ણ છે આદિમાં જેને એવા આત્મનેપદનાં પ્રત્યય પર છતાં दुह्, दिह्, लिह् અને गुह् ધાતુથી પર રહેલ सक् પ્રત્યયનો લોપ વિકલ્પે

થાય છે.

**વિવેચન** - (૧) अदुग्ध = તેણે દોહ્યું. સાધનિકા ૩-૪-૮૭ માં કરેલી છે. વિકલ્પપક્ષે सक् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે अधुक्षत. સાધનિકા ૩-૪-૫૫ માં જણાવેલ अधुक्षत् પ્રમાણે થશે.

(૨) अदिग्ध = તેણે લીંપ્યું. સાધનિકા ૩-૪-૮૭ માં જણાવેલ अदुग्ध પ્રમાણે થશે. જ્યારે सक् પ્રત્યયનો લોપ ન થાય ત્યારે अधिक्षत. સાધનિકા ૩-૪-૫૫ માં જણાવેલ अधुक्षत् પ્રમાણે થશે.

(૩) अलीढाः = તેં ચાટ્યું.

लिह्+थास् - दि-ताम्... ૩-૩-૧૧ થી थास् પ્રત્યય.

लिह्+स+थास् - ह-शिटो... ૩-૪-૫૫ થી सक् પ્રત્યય.

अलिह्+स+थास् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अलिह्+थास् - આ સૂત્રથી सक् નો લોપ.

अलिढ्+थास् - होधुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

अलिढ्+धास् - अधश्च... ૨-૧-૭૯ થી પ્રત્યયનાં थ् નો ध्.

अलिढ्+ढास् - तवर्गस्य... ૧-૩-૬૦ થી ध् નો ढ्.

अलीढास् - ढस्तड्ढे ૧-૩-૪૨ થી પૂર્વનાં ढ् નો લોપ અને પૂર્વનો इ દીર્ઘ. सोरुः, रःपदान्ते... થી अलीढाः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી જ્યારે सक् નો લોપ ન થાય ત્યારે अलिक्षथाः.

✡ अलिह्+स+थास् - સુધી ઉપર પ્રમાણે થશે.

अलिढ्+स+थास् - होधुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

अलिक्+स+थास् - षढोः... ૨-૧-૬૨ થી ढ् નો क्.

अलिक्षथास् - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

सोरुः, रःपदान्ते... થી अलिक्षथाः થશે.

(૪) न्यगुह्वहि = અમે બેએ ગૂઢ રાખ્યું.

नि+गुह्+वहि - दि-ताम्... ૩-૩-૧૧ થી वहि પ્રત્યય.

नि+गुह्+स+वहि - ह-शिटो... ૩-૪-૫૫ થી सक् પ્રત્યય.

नि+अगुह्+स+वहि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

न्यगुह्-स-वहि - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

न्यगुह्वहि - આ સૂત્રથી सक् નો લોપ. વિકલ્પપક્ષે આ સૂત્રથી જ્યારે सक् નો લોપ ન થાય ત્યારે न्यघुक्षावहि.

✿ न्यगुह्+स-वहि - સુધી ઉપર પ્રમાણે થશે.

न्यगुढ्+स-वहि - होधुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

न्यघुढ्+स+वहि - गडदबादे... ૨-૧-૭૭ થી ग् નો घ्.

न्यघुक्+स+वहि - षढोः... ૨-૧-૬૨ થી ढ् નો क्.

न्यघुक्षवहि - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

न्यघुक्षावहि - मव्यस्याः ૪-૨-૧૧૩ થી अ નો आ.

**दन्त्य इति किम् ?** अधुक्षामहि = અમે દોહ્યું. સાધનિકા न्यघुक्षावहि પ્રમાણે થશે. અહીં महि પ્રત્યય દન્ત્ય વર્ણવાળો નથી તેથી આ સૂત્રથી सक् પ્રત્યયનો વિકલ્પે લોપ થયો નથી.

## स्वरेऽतः । ૪-૩-૭૫

**અર્થઃ**- સ્વરાદિ પ્રત્યય પર છતાં सक् પ્રત્યયનાં अ નો લોપ થાય છે.

**વિવેચન** - अधुक्षाताम् = તે બે જણાએ દોહ્યું. સાધનિકા ૪-૩-૭૪ માં જણાવેલ न्यघुक्षावहि પ્રમાણે થશે. પરન્તુ वहि ને બદલે आताम् પ્રત્યય થશે. ૨-૧-૮૨ ને બદલે ૨-૧-૮૩ થી ह् નો घ् અને ૨-૧-૭૭ થી द् નો ध् થશે. અને ૪-૨-૧૧૩ સૂત્ર નહીં લાગે. અહીં સ્વરાદિ પ્રત્યય હોવાથી सक् નાં अ નો લોપ થયો છે. એજ પ્રમાણે - अधुक्षाथाम्, अधुक्षि.

**स्वर इति किम् ?** अधुक्षत = તેણે દોહ્યું. સાધનિકા ૩-૪-૫૫ માં જણાવેલ अधुक्षत् પ્રમાણે થશે. અહીં त પ્રત્યય છે સ્વરાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી सक् નાં अ નો લોપ થયો નથી.

✿ अधुक्षन्त = તેઓએ દોહ્યું. અહીં सक् પ્રત્યયનાં अ નો લોપ થયા પછી તે अ નો સ્થાનીવદ્ભાવ થવાથી अनतो... ૪-૨-૧૧૪ થી अन्त નાં अन्त् નો अत् આદેશ થયો નથી.

## दरिद्रोऽद्यतन्यां वा । ४-३-७६

**અર્થ:-** અદ્યતનીનાં વિષયમાં दरिद्रा ધાતુનાં आ નો લોપ વિકલ્પે થાય છે.

**વિવેચન** - अदरिद्रीत्, अदरिद्रासीत् = તે દરિદ્ર થયો. સાધનિકા ૪-૩-૭૧ માં જણાવેલ अलावीत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૩-૪૪ અને ૧-૨-૨૪ સૂત્ર નહીં લાગે. અને આ સૂત્રથી ધાતુનાં आ નો લોપ વિકલ્પે થશે. વિકલ્પપક્ષે જ્યારે आ નો લોપ ન થાય ત્યારે अदरिद्रा+स्+ई+द् સુધી ઉપર પ્રમાણે થશે.

अदरिद्रास्-इ+स्+ईद् - यमि... ૪-૪-૮૬ થી इट् અને स् આગમ.

अदरिद्रास्+इ+ईद् - इटईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अदरिद्रासीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

अदरिद्रासीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

✡ आदेशात् आगमः बलवान् - એ ન્યાયથી પ્રથમ यमि... ૪-૪-૮૬ થી इट् અને स् અન્તે થવો જોઈએ પણ આ સૂત્રમાં વિષયનું કથન કરેલું હોવાથી इट् અને स् અન્તે ન થતાં પહેલાં दरिद्रा ધાતુનાં आ નો લોપ થાય છે અને લોપ થયા પછી इट् અને स् આગમની પ્રાપ્તિ નથી. તેથી अदरिद्रीत् પ્રયોગ થશે.

## अशित्यस्सन्-णकच्-णकाऽनटि । ४-३-७७

**અર્થ:-** સકારાદિ सन् પ્રત્યય, णकच्, णक અને अनट् પ્રત્યય વર્જીને અન્ય અશિત્ પ્રત્યયનાં વિષયમાં दरिद्रा ધાતુનાં आ નો લોપ થાય છે.

**વિવેચન** - दुर्दरिद्रम् = દુ:ખ, દુ:ખદાયક દારિદ્ર્ય.

दुर्+दरिद्रा+अ - दुःस्वी... ૫-૩-૧૩૯ થી खल् (अ) પ્રત્યય.

दुर्दरिद्र - આ સૂત્રથી ધાતુનાં અન્ત્ય आ નો લોપ.

अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી दुर्दरिद्रम् થશે.

(૨) दरिद्रयति. અહીં णिग् પ્રત્યય પ્રેરકનો થયેલ છે. તેથી अर्त्ति... ૪-૨-૨૧ થી આકારાન્ત ધાતુથી पु નો આગમ થવો જોઈએ પણ વિષયનું કથન કરેલું હોવાથી પહેલાં આ સૂત્રથી आ નો લોપ થશે. અને લોપ થયા પછી पु આગમની પ્રાપ્તિ નથી.

(૩) दरिद्रितुम्. અહીં तुम् પ્રત્યય અશિત્ હોવાથી આ સૂત્રથી आ નો લોપ

થયો છે.

(૪) दरिद्र्यति - અહીં કર્મણિનો क्य પ્રત્યય અશિત્ હોવાથી આ સૂત્રથી आ નો લોપ થયો છે.

(૫) दरिद्रिता - અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય અશિત્ હોવાથી આ સૂત્રથી आ નો લોપ થયો છે.

(૬) दरिद्रः - અહીં अच् પ્રત્યય અશિત્ હોવાથી આ સૂત્રથી दरिद्रा ધાતુનાં आ નો લોપ થયો છે. વિષય સપ્તમીનો નિર્દેશ કરેલો હોવાથી પહેલાં આ સૂત્રથી आ નો લોપ થશે અને પછી अच् પ્રત્યય થશે. જો आ નો લોપ કર્યા પહેલાં अच् પ્રત્યય કરવા જઈએ તો अच् પ્રત્યય ન થતાં આકારાન્ત ધાતુથી तन्... ૫-૧-૬૪ થી ण પ્રત્યય લાગવાની પ્રાપ્તિ આવત.

**अशितीति किम् ?** दरिद्राति = તે દુઃખી થાય છે. અહીં વર્તમાનાનો तिव् પ્રત્યય શિત્ હોવાથી આ સૂત્રથી ધાતુનાં आ નો લોપ થયો નથી.

**सन्नादिवर्जनं किम् ?** दिदरिद्रासति = તે દુઃખી થવાને ઈચ્છે છે. ૩-૪-૨૧, ૪-૧-૩, ૪-૧-૫૯, ૩-૩-૬, ૩-૪-૭૧, ૨-૧-૧૧૩ સૂત્રો લાગીને સાધનિકા થશે. અહીં सन् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી ધાતુનાં आ નો લોપ થયો નથી.

(૨) दरिद्रायकः याति = દરિદ્ર થવાને જાય છે. दरिद्रा+अक - क्रियायां - ૫-૩-૧૩ થી णकच् પ્રત્યય, दरिद्रै+अक - आतः... ૪-૩-૫૩ થી आ નો ऐ, दरिद्रायक - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી दरिद्रायकः થશે. અહીં णकच् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી आ નો લોપ થયો નથી.

(૩) दरिद्रायकः = દરિદ્ર. સાધનિકા दरिद्रायकः પ્રમાણે થશે. અહીં णक... ૫-૧-૪૮ થી णक પ્રત્યય લાગેલો હોવાથી આ સૂત્રથી ધાતુનાં आ નો લોપ થયો નથી.

(૪) दरिद्राणम् = દરિદ્ર થવું તે. दरिद्रा+अन - अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય, दरिद्रान - समानानां.... ૧-૨-૧ થી आ+अ = आ, दरिद्राण - रषृवर्णा... ૨-૩-૬૩ થી न् નો ण्. अम् પ્રત્યયાદિ કાર્ય થવાથી दरिद्राणम् થશે. અહીં अनट् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી ધાતુનાં

आ नो લોપ થયો નથી.

**सनः सादिविशेषणं किम् ?** दिदरिद्रिषति = તે દુઃખી થવાને ઈચ્છે. છે. સૂત્રમાં सन् ને બદલે स्सन् પ્રત્યયનું ગ્રહણ હોવાથી જ્યારે सन् પ્રત્યયની પૂર્વે इवृध... ૪-૪-૪૭ થી इट् ન થાય ત્યારે જ આ સૂત્રથી सन् પ્રત્યયનું વર્જન થશે પણ જ્યારે इट् થાય ત્યારે આ સૂત્રથી आ નો લોપ થશે.

✡ સૂત્રમાં સકારાદિ सन् પ્રત્યયનું વર્જન કર્યું છે જો સામાન્યથી सन् પ્રત્યયનું વર્જન કર્યું હોત તો सन् પ્રત્યય પર છતાં आ નાં લુક્નો નિષેધ થાય છે તેમ इट् સહિત (सेट्) सन् પ્રત્યય પર છતાં પણ इडेत्... ૪-૩-૯૪ સૂત્ર ન લાગતાં આ સૂત્રથી आ નાં લુક્નો નિષેધ થઈ જ જાય. તે ઈષ્ટ નથી માટે स्सन् નું વર્જન કરેલું હોવાથી दिदरिद्रिषति પ્રયોગની સિદ્ધિ આ સૂત્રથી आ નો લોપ થવાથી થશે.

✡ સૂત્રમાં अक એ પ્રમાણે નિષેધ કર્યો હોત તો णकच् અને णक બન્નેનો નિષેધ થઈ જાત છતાં પણ બંને પ્રત્યયોનો જુદો જુદો નિષેધ બતાવ્યો છે તે आशिष्यकन् ૫-૧-૭૦ થી अकन् પ્રત્યય પર છતાં आ નાં લોપનો નિષેધ ન કરવા માટે છે. એટલે दरिद्रा ધાતુનાં आ નો લોપ णकच् અને णक પ્રત્યય પર છતાં નહીં થાય પણ अकन् પ્રત્યય પર છતાં તો આ સૂત્રથી आ નો લોપ થશે. જેમકે दरिद्रा+अक - ૫-૧-૭૦ થી अकन् પ્રત્યય, दरिद्रक - આ સૂત્રથી आ નો લોપ, सि પ્રત્યયાદિ કાર્ય થવાથી दरिद्रकः પ્રયોગ થશે.

## व्यञ्जनाद् देः सश्च दः । ४-३-७८

**અર્થઃ-** વ્યંજનાન્ત ધાતુથી પર રહેલાં दि પ્રત્યયનો લોપ થાય છે અને ધાતુમાં અન્ત્ય स् હોય તો તેનો द् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अचकात् = તે પ્રકાશિત થયો. चकास्+द् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, चकाद् - આ સૂત્રથી दिव् નો લોપ અને ધાતુનાં स् નો द्, अचकाद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अचकात् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) अजागः = તે જાગ્યો. जागृ+द् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, जागर्+द् - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्, जागर्-આ સૂત્રથી

द् નો લોપ, अजागर् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अजागः र:पदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

(૩) अबिभः = તેણે પોષણ કર્યું. भृ-दिव् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, भृभृ-दिव् - हवः... ૪-૧-૧૨ થી ધાતુ દ્વિત્વ, भभृ+दिव् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ, बभृ+दिव् - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्, बिभृ+दिव् - पृ-भृ... ૪-૧-૫૮ થી પૂર્વનાં अ નો इ, बिभर्-दिव् - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्, बिभर् - આ સૂત્રથી दिव् નો લોપ, अबिभर् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अबिभः - र:पदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

(૪) अन्वशात् = તેણે અનુશાસન કર્યું. अनु+शास्+द् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, अनु+शाद् - આ સૂત્રથી दिव् નો લોપ અને ધાતુનાં स् નો द्, अनु+अशाद्- अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अन्वशाद् - इवर्णादि... ૧-૨-૨૧ થી उ નો व्, अन्वशात् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

**व्यञ्जनादिति किम् ?** अयात् = તે ગયો. અહીં હ્યસ્તનીનો दिव् પ્રત્યય છે. પણ ધાતુ વ્યંજનાંન્ત નથી તેથી આ સૂત્રથી दिव् પ્રત્યયનો લોપ થયો નથી.

**धातोरित्येव** - अभैत्सीत् = તેણે ભેદ્યું. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. અહીં જે सःसिज... ૪-૩-૬૫ થી ईत् થયો છે તે પરાદિ (પરનો અવયવ) હોવાથી ईत् સહિત दिव् પ્રત્યયનાં લોપની પ્રાપ્તિ હતી પણ તે दि પ્રત્યય सिच् પ્રત્યયથી પરમાં છે વ્યંજનાન્ત ધાતુથી પરમાં નથી તેથી આ સૂત્રથી दि પ્રત્યયનો લોપ થયો નથી.

## सेः स्-द्-धां च रुर्वा । ४-३-७९

**અર્થ:-** વ્યંજનાન્ત ધાતુથી પર રહેલાં सि પ્રત્યયનો લોપ થાય છે અને ધાતુમાં અન્ત્ય स्-द् અને ध् હોય તો તેનો વિકલ્પે रु થાય છે.

**વિવેચન** - (૧) अचकाः त्वम्, अचकात् त्वम् = તું પ્રકાશિત થયો. चकास्+सिव् - दिव्... ૩-૩-૯ થી सिव् પ્રત્યય, अचकास्+सि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अचकार् - આ સૂત્રથી सि

પ્રત્યયનો લોપ અને ધાતુનાં स् નો रु, अचकाः - रःपदान्ते... ૧-૩-૫૩ થી વિસર્ગ. વિકલ્પપક્ષે આ સૂત્રથી જ્યારે ધાતુનાં स् નો रु ન થાય ત્યારે धुटस्तृतीयः ૨-૧-૭૬ થી स् નો द् થવાથી अचकाद्, विरामे वा ૧-૩-૫૧ થી द् નો त् થવાથી अचकात् થશે.

(૨) अभिनः, अभिनत् त्वम् = તેં ભેદ્યું. भिद्+सि - दिव्... ૩-૩-૯ થી सिव् પ્રત્યય, अभिद्+सि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अभिनद्+सि - रुधां... ૩-૪-૮૨ થી श्न પ્રત્યય, अभिनर् - આ સૂત્રથી सि નો લોપ અને ધાતુનાં द् નો रु, अभिनः - रःपदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ. વિકલ્પપક્ષે આ સૂત્રથી જ્યારે ધાતુનાં द् નો रु ન થાય ત્યારે अघोषे... ૧-૩-૫૦ થી द् નો त् થવાથી अभिनत् થશે.

(૩) अरुणः, अरुणत् त्वम् = તેં રોક્યું. સાધનિકા अभिनः, अभिनत् પ્રમાણે થશે. र-षृ... ૨-૩-૬૩ થી न् નો ण् થશે અને ध् નો रु આ સૂત્રથી થશે.

✿ व्यञ्जनाद्... ૪-૩-૭૮ સૂત્રમાં दि પ્રત્યય હ્યસ્તની સંબંધી ગ્રહણ કર્યો છે તેનાં સાહચર્યથી આ સૂત્રમાં सि પ્રત્યક્ષ પણ હ્યસ્તની સંબંધી જ ગ્રહણ થશે તેથી भिनत्सि, हिनत्सि વર્તમાનાનાં सि પ્રત્યયનો લોપ નહીં થાય.

✿ સૂત્રમાં જે स्, द् અને ध् નો रु થાય છે તે उदित् કર્યો છે તેથી अभिनोऽत्र, अरुणोऽत्र એ પ્રમાણે उत्वादि કાર્ય થશે.

## योऽशिति । ४-३-८०

**અર્થઃ-** અશિત્ પ્રત્યય પરમાં હોતે છતે વ્યંજનાન્ત ધાતુથી પરમાં રહેલાં य् નો લોપ થાય છે.

**વિવેચન** - जङ्गमिता = કુટિલ રીતે જશે.

गम्+य - गत्यर्थात्... ૩-૪-૧૧ થી यङ् પ્રત્યય.

गगम्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जगम्य - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जम्गम्य - मुरतो... ૪-૧-૫૧ થી मु આગમ.

जङ्गम्य - तौ-मुमौ... १-3-१४ थी म् नो ङ्.

जङ्गम्य+ता - ता-तारौ... 3-3-१४ थी ता प्रत्यय.

जङ्गम्य+इ+ता - स्ताद्य... ४-४-3२ थी इट् આગમ.

जङ्गम्य्+इ+ता - अतः ४-3-८२ थी अ नो લોપ.

जङ्गमिता - આ સૂત્રથી य् नो લોપ.

**व्यञ्जनादित्येव** - लोलूयिता - વારંવાર કાપશે. लू+य - व्यञ्जना... 3-४-૯ થી यङ् પ્રત્યય, लूलूय - सन्... ४-१-3 થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ, लोलूय - आ-गुणा... ४-१-४८ થી ऊ નો ગુણ ओ, लोलूय+ता - ता-तारौ... 3-3-१४ થી ता પ્રત્યય, लोलूय+इ+ता - स्ताद्य... ४-४-3२ થી इट् આગમ, लोलूयिता - अतः ४-3-८२ થી अ નો લોપ. અહીં વ્યંજનાન્ત ધાતુથી પરમાં य् નથી સ્વરાન્ત ધાતુથી પરમાં છે તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

**अशितीति किम् ?** बेभिद्यते = વારંવાર ભેદે છે. भिद्+य - व्यञ्जना... 3-४-૯ થી यङ् પ્રત્યય, भिभिद्य - सन्... ४-१-3 થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ, बिभिद्य - द्वितीय... ४-१-४२ થી भ् નો ब्, बेभिद्य - आ-गुणा... ४-१-४८ થી इ નો ગુણ ए, बेभिद्य+ते - तिव्... 3-3-६ થી ते પ્રત્યય, बेभिद्य+अ+ते - कर्त्तर्य... 3-४-७१ થી शव् પ્રત્યય, बेभिद्यते - लुगस्या... २-१-११3 થી પૂર્વનાં अ નો લોપ. અહીં ते પ્રત્યય શિત્ છે તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

**धातोरित्येव** - ईर्ष्यिता, पुत्रकाम्यिता - અહીં ता પ્રત્યય અશિત્ છે. પણ ધાતુથી પરમાં य् નથી નામ ધાતુથી પરમાં य् છે તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

## क्यो वा । ४-३-८१ .

**अर्थः**- અશિત્ પ્રત્યય પરમાં હોતે છતે વ્યંજનાન્ત ધાતુથી પરમાં રહેલાં क्य પ્રત્યય સંબંધી य् નો લોપ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (१) समिधिष्यति, समिध्यिष्यति = તે લાકડા વિશેષની ઈચ્છા કરશે.

समिधमिच्छति અર્થમાં अमा... 3-४-२3 થી क्यन् પ્રત્યય થાય છે.

समिध्य+स्यति - स्यति... 3-3-१५ થી स्यति પ્રત્યય.

समिर्ध्य+इ-स्यति - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

समिर्ध्य्+इ+स्यति - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

समिर्ध्य्+इ+ष्यति - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

समिधिष्यति - આ સૂત્રથી य् નો લોપ. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી य् નો લોપ ન થાય ત્યારે समिर्ध्यिष्यति પ્રયોગ થશે.

(૨) दृषदिष्यते, दृषद्यिष्यते = તે પથ્થર જેવું આચરણ કરે છે. दृषदिवाचरति આ અર્થમાં क्यङ् ૩-૪-૨૬ થી क्यङ् પ્રત્યય થાય છે. પછીની સાધનિકા समिधिष्यति, समिर्ध्यिष्यति પ્રમાણે થશે.

**व्यञ्जनादित्येव** - पटीयिता - અહીં पटु એ સ્વરાન્ત નામથી પરમાં क्यन् નો य् છે તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

**अशितीत्येव** - समिर्ध्यति, दृषद्यते - અહીં વ્યંજનાન્ત ધાતુથી પરમાં क्य સંબધી य् છે પણ તેનાથી પરમાં અશિત્ પ્રત્યય નથી વર્તમાનાનો तिव् અને ते પ્રત્યય છે તેથી આ સૂત્રથી य् નો લોપ થયો નથી.

✿ સૂત્રમાં क्य એ પ્રમાણે સામાન્યથી નિર્દેશ કરેલો હોવાથી क्यन् અને क्यङ् બંનેનું ગ્રહણ થશે. क्यङ्ष् નું પણ ગ્રહણ થઈ શકે પરન્તુ क्यङ्ष् પ્રત્યય વ્યંજનાન્ત ધાતુથી પર થતો જ નથી. તેથી क्यन् અને क्यङ् પ્રત્યય બે જ ગ્રહણ થશે.

## अतः । ૪-૩-૮૨

**અર્થઃ-** અકારાન્ત ધાતુથી વિધાન કરાએલો અશિત્ પ્રત્યય પરમાં હોતે છતે ધાતુનાં અન્ત્ય अ નો લોપ થાય છે.

**વિવેચન** - कथयति = તે કહે છે. સાધનિકા ૩-૪-૧૭ માં જણાવેલ चोरयति પ્રમાણે થશે. ૪-૩-૪ સૂત્ર નહીં લાગે. कथ ધાતુનાં अ નો લોપ આ સૂત્રથી થયો છે.

**विहितविशेषणं किम् ?** गतः = ગયો. અહીં વ્યંજનાન્ત गम् ધાતુથી क्त પ્રત્યય વિધાન કરાએલો છે. અકારાન્ત ધાતુથી વિધાન કરાએલ નથી यमि... ૪-૨-૫૫ થી म् નો લોપ થયો છે પણ गम् ધાતુને क्त પ્રત્યય લાગ્યા પછી म् નો લોપ થયો છે તેથી આ સૂત્રથી ग નાં अ નો લોપ થયો નથી.

**अत इति किम् ?** याता = તે જશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય અશિત્ છે પણ અકારાન્ત ધાતુથી પરમાં નથી. આકારાન્ત ધાતુથી પરમાં છે તેથી આ સૂત્રથી અન્ત્ય સ્વરનો લોપ થયો નથી.

✡ चिकीर्ष्यते, चिकीर्ष्यात् - અહીં સન્નન્ત ધાતુને લાગેલો કર્મણિનો क्य પ્રત્યય અને આશીર્વાદનો यात् પ્રત્યય અશિત્ છે તે પ્રત્યયો અકારાન્તથી વિધાન કરાએલા છે. તેથી આ સૂત્રથી अ નો લોપ થયો છે. તે લોપ વિધિ બળવાન હોવાથી दीर्घ... ૪-૩-૧૦૮થી अ નો દીર્ઘ આદેશ થતો નથી. સૂત્રમાં વિષયનું કથન હોવાથી પહેલાં જ अ નો લોપ થાય છે. અને લોપ થયા પછી દીર્ઘની પ્રાપ્તિ નથી.

## णेरनिटि । ४-३-८३

**અર્થ:-** અનિટ્ અશિત્ પ્રત્યય પરમાં હોતે છતે णि પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) अततक्षत् = પતલું કરાવ્યું. સાધનિકા ૪-૧-૫૮ માં જણાવેલ अचीकरत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૩-૫૧, ૪-૨-૩૫ સૂત્ર નહીં લાગે તથા क्ष् એ સંયોગવાળો અક્ષર હોવાથી તેની પૂર્વનો त એ ગુરૂ છે તેથી ૪-૧-૬૩ સૂત્રથી સન્વત્ કાર્ય પણ નહીં થાય.

(૨) चेतनः = આત્મા. चितुंण्-स्मृत्याम् (૧૬૪૫)

चित्+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

चेति - लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए.

चेत् - આ સૂત્રથી णिच् નો લોપ.

चेतन - इङितो... ૫-૨-૪૪ થી अन પ્રત્યય.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી चेतनः થશે.

**अनिटीति किम् ?** कारयिता, हारयिता - અહીં कृ ધાતુ અને हृ ધાતુને णिग् લાગીને कारि અને हारि ધાતુ બન્યા પછી શ્વસ્તનીનો ता પ્રત્યય લાગતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આવવાથી ता પ્રત્યય અશિત્ હોવા છતાં અનિટ્ નથી તેથી આ સૂત્રથી णिग् નો લોપ થયો નથી.

**अशितीत्येव** - कारयति, हारयति - અહીં कृ અને हृ ધાતુને णिग् પ્રત્યય લાગીને कारि અને हारि ધાતુ બન્યા પછી तिव् પ્રત્યય વર્તમાનાનો થયો છે તે શિત્ છે તેથી આ સૂત્રથી णिग् નો લોપ થયો નથી.

✡ "अनिटि" એ પ્રમાણે સૂત્રમાં વિષય સપ્તમીનો નિર્દેશ કરેલો હોવાથી चेतन: પ્રયોગમાં णिच् નો લોપ થયે છતે इङितो... ૫-૨-૪૪ થી अन પ્રત્યય થઈ શક્યો અન્યથા चिति અનેકસ્વરી ધાતુ હોવાથી निन्दहिंस... ૫-૨-૬૮ થી णक પ્રત્યય જ થાત.

✡ इय्, य्, ગુણ-વૃદ્ધિ અને દીર્ઘત્વ આગમનો આ સૂત્ર બાધક સૂત્ર છે.

## सेट्क्तयोः । ४-३-८४

**અર્થ:-** सेट् क्त અને क्तवतु પ્રત્યય પર છતાં णि પ્રત્યયનો લોપ થાય છે.

**વિવેચન** - (૧) कारितः = કરાવ્યો. कृ+णिग् - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, कारि-नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर्, कारि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, कारि+इत - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, कारित - આ સૂત્રથી णिग् નો લોપ, सि પ્રત્યયાદિ કાર્ય થવાથી कारितः થશે.

(૨) गणितवान् = ગણનારો. गण+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય, गणि - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ, गणि+तवत् - ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય, गणि+इ+तवत् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, गणितवत् - આ સૂત્રથી णिच् નો લોપ, હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે हारितः, हारितवान् થશે.

**सेडिति किमर्थम् ?** इट् આગમ કરાયે છતે જ णि નો લોપ થાય છે. જેમકે शाकितः, शाकितवान्. અન્યથા અહીં एकस्वरा... ૪-૪-૫૬ સૂત્રવડે इट् નો નિષેધ થઈ જાત. કેમકે णि નો લોપ થયા પછી शाक् ધાતુ એકસ્વરવાળો થઈ જાય છે. તેથી इट् કરાયા પછી જ णि નો લોપ થશે.

## आमन्ताऽऽल्वाऽऽय्येत्नावय् । ४-३-८५

**અર્થ:-** आम्, अन्त, आलु, आय्य અને इत्नु પ્રત્યય પરમાં હોતે છતે णि નો अय् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) कारयाञ्चकार = કરાવ્યું.

कारि - ૪-૩-૮૪ માં જણાવ્યા પ્રમાણે થશે.

कारि+अ - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

कारि+आम् - धातोर... ૩-૪-૪૬ થી णव् ને સ્થાને आम्.

कारयाम् - આ સૂત્રથી णिग् નો अय्.

कारयाञ्चकार - હવે પછી ૩-૪-૪૬ માં જણાવ્યા પ્રમાણે થશે.

(૨) गण्डयन्तः = ઘેટો.

गण्ड्+इ - गण्डि - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

गण्डि+अन्त - तृजिभू... ઉણાદિ ૨૨૧ થી अन्त પ્રત્યય.

गण्डयन्त - આ સૂત્રથી णिग् નો अय्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી गण्डयन्तः થશે.

(૩) स्पृहयालुः = સ્પૃહાવાળો. स्पृहण्-ईप्सायाम् (૧૯૨૮)

स्पृह+इ - चुरादि... ૩-૪-૧૭ થી णिच् પ્રત્યય.

स्पृहि - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

स्पृहि+आलु - शीङ्... ૫-૨-૩૭ થી आलु પ્રત્યય.

स्पृहयालु - આ સૂત્રથી णिच् નો अय्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી स्पृहयालुः થશે.

(૪) महयाय्यः = અશ્વમેધ યજ્ઞ. महण्-पूजायाम् (૧૯૨૫)

महि - स्पृहि પ્રમાણે થશે.

महि+आय्य - श्रुदक्षि... ઉણાદિ ૩૭૩ થી आय्य પ્રત્યય.

महयाय्य - આ સૂત્રથી णिच् નો अय्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી महयाय्यः થશે.

(૫) स्तनयित्नुः = મેઘ. स्तनण्-गर्जे (૧૮૮૫)

स्तनि - स्पृहि પ્રમાણે થશે.

स्तनि+इत्नु - हृषिपुषि... ઉણાદિ ૭૯૭ થી इत्नु પ્રત્યય.

स्तनयित्नु - આ સૂત્રથી णिच् નો अय्.

सि પ્રત્યયાદિ કાર્ય થવાથી स्तनयित्नुः થશે. એજ પ્રમાણે - गणयाञ्चकार, मण्डयन्तः, गृहयालुः, स्पृहयाय्यः, गदयित्नुः પ્રયોગો થશે.

## लघोर्यपि । ४-३-८६

**અર્થ:-** यप् પ્રત્યય પર છતાં લઘુવર્ણથી પર રહેલાં णि નો अय् આદેશ થાય છે.

**વિવેચન** - प्रशमय्य = શાન્ત કરીને. प्रशमि સુધી ૪-૨-૨૪ માં જણાવેલ घटि પ્રમાણે થશે. ह्रस्व ૪-૨-૨૬ થી થશે.

प्रशमि+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रशमि+य - अनञः... ૩-૨-૧૫૪ થી क्त्वा નો यप्.

प्रशमय्य - આ સૂત્રથી णिग् નો अय्. એજ પ્રમાણે - प्रगणय्य.

**लघोरिति किम् ?** प्रतिपाद्य = પ્રતિપાદન કરીને.

प्रतिपद्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्रतिपादि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

प्रतिपादि+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रतिपादि+य - अनञः... ૩-૨-૧૫૪ થી क्त्वा નો यप्.

प्रतिपाद्य - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ. અહીં દીર્ઘ સ્વરથી પરમાં णिग् પ્રત્યય છે તેથી આ સૂત્રથી णिग् નો अय् થયો નથી.

✡ प्रशमि અને प्रतिपादि બન્ને ધાતુથી પરમાં રહેલ णि પ્રત્યય म् અને द् વ્યંજનથી પરમાં છે લઘુવર્ણ કે દીર્ઘવર્ણથી પરમાં નથી. પરન્તુ આ સૂત્રમાં લઘુવર્ણ અને णि પ્રત્યય એ બન્નેની મધ્યમાં એકવર્ણનું (વ્યંજનનું) વ્યવધાન હોય તો પણ णि નો अय् થાય છે.

✡ प्रबेभिदय्य - અહીં यङन्त ધાતુથી પરમાં णिग् પ્રત્યય છે. यङ्लुबन्त ધાતુથી પરમાં णिग् નથી. अतः ૪-૩-૮૨ થી अ નો અને योऽशिति ૪-૩-૮૦ થી य् નો લોપ થવાથી प्रबेभिदि ધાતુ બન્યો છે. ૪-૩-૮૦ થી જે य् નો લોપ થયો છે તેનો સ્થાનિવદ્ભાવ થવાથી भिद् ધાતુનાં ઉપાન્ત્ય इ નો ગુણ થયો નથી. જો यङ्लुबन्त નો પ્રયોગ હોત તો ઉપાન્ત્ય इ નો ગુણ થયો હોત.

## वाऽऽप्नोः । ४-३-८७

**અર્થ:-** यप् પ્રત્યય પર છતાં आप् ધાતુથી પર રહેલાં णि નો अय् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૩) प्रापय्य, प्राप्य = પ્રાપ્ત કરાવીને. आप्लृंट्-व्याप्तौ (૧૩૦૭)

प्र-आप्-इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्र-आपि - ञ्णिति ૪-૩-૫૦ થી ઉપાન્ત્ય સ્વરની વૃદ્ધિ.

प्रापि - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

प्रापि+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रापि+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

प्रापय्य - આ સૂત્રથી णि નો अय्. આ સૂત્રથી णि નો अय् ન થાય ત્યારે णेरनिटि ૪-૩-૮૩ થી णि નો લોપ થવાથી प्राप्य થશે.

**आप्नोरिति किम् ?** अध्याप्य = ભણાવીને

अध्यापि સુધી ૪-૨-૧૦ માં જણાવેલ પ્રમાણે થશે.

अध्यापि+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

अध्यापि+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

अध्याप्य - णेरनिटि ૪-૩-૮૩ થી णिग् નો લોપ. અહીં इ નો आ અને प् નો આગમ થવાથી आप् બને છે તે લાક્ષણિક आप् ધાતુથી પરમાં રહેલ णिग् નો अय् આ સૂત્રથી થતો નથી.

✿ સૂત્રમાં श्नु નો નિર્દેશ કરેલો હોવાથી સાતમાં ગણનો જ ગ્રહણ થશે. તેથી आप्लृण्-लम्भने (૧૯૭૨) ધાતુ ગ્રહણ નહીં થાય.

## मेङो वा मित् । ૪-૩-૮૮

**અર્થ:-** यप् પ્રત્યય પરમાં હોતે છતે मेङ् ધાતુનો मित् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - अपमित्य, अपमाय = બદલે આપીને. मेंङ्-प्रतिदाने (૬૦૩)

अप+मे+त्वा - निमील्या... ૫-૪-૪૬ થી क्त्वा પ્રત્યય.

अपमा+त्वा - आत्... ૪-૨-૧ થી ए નો आ.

अपमा+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

अपमित्य - આ સૂત્રથી मित् આદેશ. આ સૂત્રથી मित् આદેશ ન થાય ત્યારે अपमाय થશે.

✿ અહીં मित् ને બદલે मि આદેશ કર્યો હોત તો ह्रस्वस्य... ૪-૪-૧૧૩

થી यप् પ્રત્યય પર છતાં त् ઉમેરાવાથી मित् થઈ જ જવાનો હતો છતાં સૂત્રમાં मित् આદેશ કર્યો છે તે પ્રક્રિયા લાઘવ માટે કર્યો છે.

## क्षेः क्षी । ४-३-८९

**અર્થઃ**- यप् પ્રત્યય પરમાં હોતે છતે क्षि ધાતુનો क्षी આદેશ થાય છે.

**વિવેચન** - प्रक्षीय = નષ્ટ થઈને. क्षि-क्षये (१०)

प्रक्षि+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

प्रक्षि+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्.

प्रक्षीय - આ સૂત્રથી क्षि નો क्षी આદેશ. એજ પ્રમાણે - उपक्षीय.

✡ સૂત્રમાં નિરનુબન્ધ क्षि ધાતુનું ગ્રહણ કરેલું હોવાથી "निरनुबन्ध-ग्रहणे न सानुबन्धस्य" એ ન્યાયથી क्षिष्-हिंसायाम् (૧૫૪૧) ધાતુનો क्षी આદેશ આ સૂત્રથી થતો નથી. જેમકે - प्रक्षित्य.

✡ કેટલાંક क्षिष्श् ધાતુનો પણ क्षी આદેશ માને છે.

✡ અહીં પૂર્વાચાર્ય પ્રસિદ્ધ અનુબંધનું ગ્રહણ હોવાથી क्षित्-निवास-गत्योः (૧૩૩૧) ધાતુનું ગ્રહણ થઈ શકે છે.

## क्षय्य-जय्यौ शक्तौ । ४-३-९०

**અર્થઃ**- य પ્રત્યય પરમાં હોતે છતે શક્તિ અર્થ ગમ્યમાન હોય તો क्षि અને जि ધાતુનાં અન્ત્ય इ નો अय् આદેશ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) क्षय्यो व्याधिः = નાશ કરી શકાય એવો રોગ.

क्षेतुं शक्यः એ અર્થમાં य एच्वातः ૫-૧-૨૮ થી य પ્રત્યય, क्षि+य. આ સૂત્રથી क्षि નાં इ નો अय् થવાથી क्षय्य. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી क्षय्यः થશે. એજ પ્રમાણે -

(૨) जय्यः शत्रुः = જીતી શકાય એવો શત્રુ. (जेतुं शक्यः)

**शक्ताविति किम् ?** क्षेयं पापम् = ક્ષય કરવા યોગ્ય પાપ, जेयं मनः = જીતવા યોગ્ય મન. અહીં शक्तार्हे कृत्याश्च ૫-૪-૩૫ થી યોગ્ય અર્થમાં य પ્રત્યય થયો છે. શક્તિ અર્થમાં નથી તેથી આ સૂત્રથી क्षि અને जि ધાતુનાં इ નો अय् આદેશ નિપાતન થયો નથી..

## क्रय्यः क्रयार्थे । ४-३-११

**અર્થ:-** य પ્રત્યય પરમાં હોતે છતે ખરીદવા માટે વસ્તુ પ્રસારિત - મૂકેલી હોય એવો અર્થ ગમ્યમાન હોય તો क्री ધાતુનાં ई નો अय् આદેશ નિપાતન થાય છે.

**વિવેચન** - क्रय्यो गौः = ખરીદવા માટે બજારમાં મૂકેલો બળદ. क्री ધાતુને य एच्चातः ૫-૧-૨૮ થી य પ્રત્યય અને આ સૂત્રથી क्री ધાતુનાં અન્ત્ય ई નો अय् થયો છે.

**क्रयार्थ इति किम् ?** क्रेयं ते धान्यं न चास्ति प्रसारितम् = તારું ધાન્ય ખરીદવા યોગ્ય છે પણ તે બજારમાં મુકાએલું નથી. અહીં य एच्चातः ૫-૧-૨૮ થી य પ્રત્યય થયો પણ પ્રસારિત અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી क्री ધાતુનાં ई નો अय् ન થતાં नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए થયો છે.

✿ ધાતુ અનેક અર્થવાળા હોવાથી અહીં क्री ધાતુ પ્રસારિત અર્થમાં છે.

## सस्तः सि । ४-३-९२

**અર્થ:-** સકારાન્ત ધાતુનાં स् નો અશિત્ સાદિ (स् થી શરૂ થતાં) પ્રત્યયનાં વિષયમાં त् આદેશ થાય છે.

**વિવેચન** - वत्स्यति = રહેશે.

वस्+स्यति - स्यति... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય.

वत्स्यति - આ સૂત્રથી ધાતુનાં स् નો त्. એજ પ્રમાણે -

ક્રિયા-अवत्स्यत्, અદ્યતની-अवात्सीत्, આશીર્વાદ-वत्सीष्ट, સન્નન્ત-विवत्सति, अद् ધાતુનો સન્નન્તમાં घस्लृ... ૪-૪-૧૭ થી घस् આદેશ થવાથી जिघत्सति, घस् ધાતુનું ભવિષ્યન્તી-घत्स्यति વિગેરે પ્રયોગો થશે.

**स इति किम् ?** यक्षीष्ट = તે યજ્ઞ કરે. यज्+सीष्ट- क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય, यष्+सीष्ट - यज... ૨-૧-૮૭ થી ज् નો ष्, यक्-सीष्ट - षढोः... ૨-૧-૬૨ થી ष् નો क्, यक्षीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. અહીં સકારાન્ત ધાતુ ન હોવાથી આ સૂત્રથી ज् નો त् આદેશ થયો નથી. એજ પ્રમાણે - यक्ष्यति = તે યજ્ઞ કરશે.

**सीति किम् ?** वसिषीष्ट = તે રહે. અહીં वस् ધાતુને આશીર્વાદનો

सीष्ट પ્રત્યય લાગ્યો છે પણ इट् આગમ થવાથી સકારાદિ પ્રત્યય સ્વરાદિ થવાથી આ સૂત્રથી वस् ધાતુનાં स् નો त् થયો નથી.

✡ સિ એ પ્રમાણે વિષય સપ્તમીનો નિર્દેશ કરેલો હોવાથી अवात्ताम्, अवात्त પ્રયોગમાં સિચ્ આવ્યા પહેલાં જ वस् ધાતુનાં સકારનો તકાર થઈ જાય છે. સિચ્ નો લોપ થયે છતે સ્થાનિવદ્ભાવ થવાથી સકારનો તકાર થાય એ પ્રમાણે ન કહેવું કારણ કે સકારાદિ પ્રત્યય પર છતાં સકારનો તકાર થાય છે એમ કહ્યું છે અને સિચ્ નો લોપ એ વર્ણવિધિ હોવાથી વર્ણવિધિમાં સ્થાનિવદ્ભાવનો અભાવ થાય છે સ્વરનાં આદેશનો સ્થાનિવદ્ભાવ થાય પણ વ્યંજનનાં આદેશનો સ્થાનિવદ્ભાવ ન થાય. એટલે સિચ્ નો લોપ થયે છતે વૃદ્ધિ થાય પણ સકારનો તકાર ન થાય.

## दीय् दीङः क्ङिति स्वरे । ४-३-९३

**અર્થઃ-** અશિત્ સ્વરાદિ કિત્-ङित् પ્રત્યય પર છતાં दीङ् ધાતુનો दीय् આદેશ થાય છે.

**વિવેચન** - उपदिदीयाते = તેઓ બે નજીકમાં નષ્ટ થયા.

उप+दी+आते - णव्... ૩-૩-૧૨ થી आते પ્રત્યય.

उपदी+आते - इन्ध्य... ૪-૩-૨૧ થી आते પ્રત્યય કિદ્વત્.

उपदीदी+आते - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

उपदिदी+आते - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

उपदिदीयाते - આ સૂત્રથી दी નો दीय् આદેશ.

**क्ङितीति किम् ?** उपदानम् = નાશ.

उपदी+अन - अनट् ૫-૩-૧૨૪ થી अनट् પ્રત્યય.

उपदा+अन - यब... ૪-૨-૭ થી दी નાં ई નો आ.

उपदान - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ.

सि પ્રત્યય, अतः... ૧-૪-૫૭ થી सि નો अम्, समानाद... ૧-૪-૪૬ થી अम् નાં अ નો લોપ થવાથી उपदानम् થશે. અહીં अनट् પ્રત્યય અશિત્ સ્વરાદિ છે પણ કિત્-ङित् નથી તેથી આ સૂત્રથી दी ધાતુનો दीय् આદેશ થયો નથી.

**स्वर इति किम् ?** उपदेदीयते = વારંવાર નાશ પામે છે.

उपदी+य - व्यञ्जना... ३-४-८ થી यङ् પ્રત્યય.

उपदीदीय - सन्... ४-१-३ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

उपदेदीय - आ-गुणा... ४-१-४८ થી પૂર્વનાં ई નો ગુણ ए.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી उपदेदीयते થશે. અહીં यङ् પ્રત્યય અશિત્ ङित् છે પણ સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી दी ધાતુનો दीय् આદેશ થયો નથી.

✡ दीङ् એ પ્રમાણે ङित् કરેલું હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી दी ધાતુનો दीय् આદેશ નહીં થાય જેમ કે - उपदेदियतः - उप+दी+य - ३-४-८, उपदीदीय - ४-१-३, उपदेदीय - ४-१-४८, उपदेदी - ३-४-१४, उपदेदी+त - ५-१-१७४, उपदेदी+इत - ४-४-३२, उपदेदियत - २-१-५६ सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી उपदेदियतः થશે.

✡ "दीय् दीङः परोक्षायाम्" એ પ્રમાણે સૂત્ર કરવાથી પ્રયોગ સિદ્ધ હોવા છતાં क्ङिति स्वरे એ પ્રમાણે સૂત્રમાં મૂક્યું છે તે ઉત્તરસૂત્ર માટે છે.

## इडेत्-पुसि चाऽऽतो लुक् । ४-३-९४

**અર્થઃ-** અશિત્ સ્વરાદિ કિત્-ङित् પ્રત્યય પર છતાં તેમજ इट्, ए અને पुस् પ્રત્યય પર છતાં આકારાન્ત ધાતુનાં आ નો લોપ થાય છે.

**વિવેચન** - (१) पपुः = તેઓએ પીધું. સાધનિકા ४-३-२१ માં જણાવેલ नीन्युः પ્રમાણે થશે. પરન્તુ २-१-५६ સૂત્ર નહીં લાગે.

(२) अदधत् = તેણે પીધું. સાધનિકા ३-४-५८ માં કરેલી છે.

(३) पपिथ = તેં પીધું.

पा+थ - णव्... ३-३-१२ થી थव् પ્રત્યય.

पापाथ - द्विर्धातुः... ४-१-१ થી ધાતુ દ્વિત્વ.

पपाथ - ह्रस्वः ४-१-३९ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

पपा-इथ - स्क्र... ४-४-८१ થી इट् આગમ.

पपिथ - આ સૂત્રથી पा નાં आ નો લોપ.

(४) व्यतिरे = પરસ્પર આપું છું. (બીજાનાં બદલે હું આપું છું.)

व्यति-रा+ए - तिव्... ३-३-६ थी ए प्रत्यय.

व्यतिरे - આ સૂત્રથી रा નાં आ નો લોપ.

(૫) अदुः = તેઓએ આપ્યું.

दा+अन् - दि-ताम्... ૩-૩-૧૧ થી अन् પ્રત્યય.

दा+स्+अन् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

दा+स्+उस् - सिज्... ૪-૨-૯૨ થી अन् નો पुस्.

दा+उस् - पिबैति... ૪-૩-૬૬ થી सिच् નો લોપ.

दुस् - આ સૂત્રથી दा નાં आ નો લોપ.

अदुस् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

सोरुः, रःपदान्ते... થી अदुः થશે.

**अशितीत्येव** - यान्ति = તેઓ જાય છે. અહીં अन्ति પ્રત્યય સ્વરાદિ ङित् છે પણ અશિત્ નથી शित् છે તેથી આ સૂત્રથી या ધાતુનાં आ નો લોપ થયો નથી.

**क्ङितीत्येव** - दानम् - અહીં अनट् પ્રત્યય સ્વરાદિ અશિત્ છે પણ કિત્ કે ङित् નથી તેથી આ સૂત્રથી दा ધાતુનાં आ નો લોપ થયો નથી. એજ પ્રમાણે - ददौ માં णव् પ્રત્યયનો જે औ થયો છે તે સ્વરાદિ અશિત્ છે પણ कित् કે ङित् નથી તેથી આ સૂત્રથી दा ધાતુનાં आ નો લોપ થયો નથી.

**स्वर इत्येव** - ग्लायते - અહીં क्य પ્રત્યય અશિત્ કિત્ છે પણ સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી ग्ला ધાતુનાં आ નો લોપ થયો નથી.

## संयोगाऽऽदेर्वाऽऽशिष्येः । ४-३-९५

**અર્થઃ-** આશીર્વાદનાં કિત્-ङित् પ્રત્યયો પરમાં હોતે છતે સંયોગ આદિમાં છે જેને એવા આકારાન્ત ધાતુનાં आ નો ए વિકલ્પે થાય છે.

**વિવેચન** - ग्लेयात्, ग्लायात् = તે ગ્લાનિ પામે.

ग्ला - आत्... ૪-૨-૧ થી અશિત્ પ્રત્યયનાં વિષયમાં ऐ નો आ.

ग्ला+यात् - क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય.

ग्लेयात् - આ સૂત્રથી ग्ला નાં आ નો ए. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી

आ नो ए न थाय त्यारे ग्लायात् थशे. એજ પ્રમાણે - म्लेयात्, म्लायात्.

**संयोगादेरिति किम् ?** यायात् = તે જાય. અહીં यात् પ્રત્યય આશીર્વાદનો છે પણ या ધાતુ આદિમાં સંયોગવાળો નથી તેથી આ સૂત્રથી या નાં आ નો ए થયો નથી.

**क्ङितीत्येव** - ग्लासीष्ट = તે ગ્લાનિ પામે. અહીં सीष्ट પ્રત્યય આશીર્વાદનો છે. આદિમાં સંયોગવાળો ग्लै ધાતુ છે પણ सीष्ट પ્રત્યય કિત્ કે ङित् નથી તેથી આ સૂત્રથી ग्ला ધાતુનાં आ નો ए થયો નથી.

**धातोरित्येव** - निर्यायात् = તે નીકળે. અહીં यात् પ્રત્યય આશીર્વાદનો અને કિત્ છે પણ આદિમાં જે સંયોગ છે તે ધાતુનો નથી પરન્તુ ઉપસર્ગનો છે તેથી આ સૂત્રથી या નાં आ નો ए થયો નથી.

**आशिषीति किम् ?** ग्लानः, म्लानः - અહીં સંયોગાદિવાળો ધાતુ છે પણ આશીર્વાદનો પ્રત્યય જ નથી તેથી આ સૂત્રથી आ નો ए થયો નથી.

✿ अपच्छायात् = તે છેદે. अप+छो+यात् - ૩-૩-૧૩ થી यात् પ્રત્યય, अपछायात् - आत्... ૪-૨-૧ થી ओ નો आ, अपछ्छायात् - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ, अपच्छायात् - अघोषे... ૧-૩-૫૦ થી પૂર્વનાં छ् નો च्. અહીં छ् દ્વિત્વ થયા પછી આદિમાં સંયોગવાળો ધાતુ છે પણ એવા લાક્ષણિક સંયોગનું ગ્રહણ થતું નથી. મૂળથી સંયોગવાળો ધાતુ હોય તો જ આ સૂત્રથી आ નો ए થાય છે. તેથી અહીં छा ધાતુનાં आ નો ए આ સૂત્રથી થયો નથી. કેમકે "लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्" એ ન્યાયથી લાક્ષણિક અને સ્વાભાવિક બે નાં સંભવમાં સ્વાભાવિકનું જ ગ્રહણ થાય છે.

## गा-पा-स्था-सा-दा-मा-हाकः । ४-३-९६

**અર્થઃ-** આશીર્વાદનાં કિત્-ङित् પ્રત્યયો પરમાં હોતે છતે गा, पा, स्था, सा, दा, मा અને हा ધાતુનાં आ નો ए થાય છે.

**વિવેચન** - (૧) गेयात् = તે (ગીત) ગાય. गै-शब्दे (૩૭)

गै+क्यात् - क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય.

गा+यात् - आत्... ૪-૨-૧ થી ऐ નો आ.

गेयात् - આ સૂત્રથી गा નાં आ નો ए. એજ પ્રમાણે -

(૨) पेयात् = તે પીએ. અથવા તે સુકાય. पां-पाने (૨), पैं-शोषणे (૪૭)

(૩) स्थेयात् = તે ઊભો રહે. ष्ठां-गतिनिवृत्तौ (૫)

(૪) अवसेयात् = તે ક્ષય કરે. सैं-क्षये (૪૪), षोंच्-अन्तकर्मणि (૧૧૫૦)

(૫) देयात् = તે આપે. दां-दाने (૭) दा સંજ્ઞક બધા ધાતુઓ લેવાશે.

(૬) धेयात् = તે ધારણ કરે. डुधांग्क्-धारणे (૧૧૩૯)

(૭) मेयात् = તે માપે. मांक्-माने (૧૦૭૩)

(૮) हेयात् = તે ત્યાગ કરે. ओहांक्-त्यागे (૧૧૩૧)

**एषामिति किम् ?** यायात् = તે જાય. गा વિગેરે ધાતુઓ જે સૂત્રમાં બતાવ્યા છે તેનાથી અન્ય या ધાતુ હોવાથી આ સૂત્રથી या નાં आ નો ए થયો નથી.

**क्ङितीत्येव** - गासीष्ट, पासीष्ट - અહીં આશીર્વાદનો सीष्ट પ્રત્યય કિત્ કે ઙિત્ નથી તેથી આ સૂત્રથી आ નો ए થયો નથી.

✡ गा અને स्था ની મધ્યમાં पा ધાતુ હોવાથી ભ્વાદિ ગણનાં જ ગ્રહણ થશે પણ पांक्-रक्षणे (૧૦૬૭) ધાતુ ગ્રહણ નહીં થાય.

✡ हाकः માં क् અનુબંધ હોવાથી यङ्लुबन्त માં आ નો ए નહીં થાય. બીજા બધા ધાતુઓમાં થશે. જેમકે - जागेयात्, पापेयात्, तास्थेयात्, अवसासेयात्, दादेयात्, दाधेयात्, मामेयात्, जाहायात्.

## ईर्व्यञ्जनेऽयपि । ४-३-९७

**અર્થ:-** यप् પ્રત્યય વર્જીને અશિત્ વ્યંજનાદિ કિત્ - ઙિત્ પ્રત્યય પરમાં હોતે છતે गा, पा, स्था, सा, दा, मा અને हा ધાતુનાં आ નો ई થાય છે.

**વિવેચન** - (૧) गीयते = ગવાય છે. गा+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય, गा+य+ते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય, गीयते - આ સૂત્રથી गा નાં आ નો ई.

जेगीयते = વારંવાર ગાય છે. गी+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય, गीगीय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ, जीगीय - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्, जेगीय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં ई નો ગુણ ए. ते-शव् પ્રત્યય, लुगस्या... થી जेगीयते થશે.

गीतः, गीतवान्, गीत्वा - અશિત્ વ્યંજનાદિ કિત્-ङित् પ્રત્યય પરમાં હોવાથી આ સૂત્રથી आ નો ई થયો છે. એજ પ્રમાણે -

(૨) पीयते = પીવાય છે, पेपीयते = વારંવાર પીવે છે. पीतः, पीतवान्, पीत्वा.

(૩) स्थीयते = ઊભા રહેવાય છે, तेष्ठीयते = વારંવાર ઊભા રહે છે. પણ स्थितः, स्थितवान्, स्थित्वा વિગેરે પ્રયોગો दोसो... ૪-૪-૧૧ થી થશે.

(૪) अवसीयते = ક્ષય કરાય છે, अवसेसीयते = વારંવાર ક્ષય કરે છે. પણ अवसितः, अवसितवान्, अवसित्वा વિગેરે પ્રયોગો दोसो... ૪-૪-૧૧ થી થશે. सो ધાતુ ષોપદેશ હોવાથી स् નો ष् नाम्य... ૨-૩-૧૫ થી થાય તેથી તેનો अवसेषीयते પ્રયોગ થશે.

(૫) दीयते = અપાય છે, देदीयते = વારંવાર આપે છે. પણ दत्तः, दत्तवान्, दत्त्वा વિગેરે પ્રયોગો दत् ૪-૪-૧૦ થી થશે.

(૬) धीयते = ધારણ કરાય છે, देधीयते = વારંવાર ધારણ કરે છે. धीतः, धीतवान्, धीत्वा.

(૭) मीयते = મપાય છે, मेमीयते = વારંવાર માપે છે. પણ मितः, मितवान्, मित्वा વિગેરે પ્રયોગો दोसो... ૪-૪-૧૧ થી થશે. मांक्, माङ् અને मेङ् ત્રણેનું ગ્રહણ થાય છે. मांक् ધાતુનાં आ નો ई કેટલાંક ઇચ્છતા નથી તેથી मायते, मामायते પ્રયોગ થશે.

(૮) हीयते = ત્યાગ કરાય છે, जेहीयते = વારંવાર ત્યાગ કરે છે. हीनः, हीनवान्. ओहाङ्क्-गतौ (૧૧૩૬) ધાતુનાં आ નો ई થતો નથી તેથી हायते, जाहायते પ્રયોગો થશે. પરંતુ क्त्वा પ્રત્યય પર છતાં તો हांक् ધાતુનાં हा નો हाको... ૪-૪-૧૪ થી हि થવાથી हित्वा પ્રયોગ થશે.

**व्यञ्जन इति किम् ?** तस्थुः = તેઓ ઊભા રહ્યા. સાધનિકા ૪-૧-૩૯ માં જણાવેલ पपौ પ્રમાણે થશે. પણ अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ અને द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં थ् નો त થશે. તથા णव् ને બદલે उस् પ્રત્યય થશે. અહીં उस् પ્રત્યય અશિત્ હોવા છતાં વ્યંજનાદિ નથી સ્વરાદિ છે તેથી આ સૂત્રથી स्था નાં आ નો ई થયો નથી.

**अयपीति किम् ?** प्रगाय, प्रपाय, प्रस्थाय, प्रदाय, प्रधाय, प्रमाय અને प्रहाय અહીં क्त्वा નો यप् આદેશ થયેલો હોવાથી આ સૂત્રથી અન્ત્ય

આ નો ઈ થયો નથી.

**अशितीत्येव** - माहि = તું માપ. અહીં हि પ્રત્યય પંચમીનો હોવાથી શિત્ છે તેથી આ સૂત્રથી मा ધાતુનાં आ નો ई થયો નથી.

**क्ङितीत्येव** - गाता, दाता - અહીં तृच् પ્રત્યય વ્યંજનાદિ અશિત્ છે પણ કિત્ કે ङित् પ્રત્યય નથી તેથી આ સૂત્રથી ધાતુનાં અન્ત્ય आ નો ई થયો નથી.

✡ आपीय પ્રયોગ દેખાય છે તેમાં यप् પ્રત્યય છે તો પછી आ નો ई કેમ થયો ? અહીં आपीय માં पा ધાતુ નથી પણ पीङ्च्-पाने (૧૨૫૧) ધાતુ છે. ધાતુ જ पी છે એટલે આ સૂત્રથી आ નો ई થયો નથી.

✡ इडेत्... ૪-૩-૯૪ થી સ્વરાદિ કિત્-ङित् પ્રત્યય પર છતાં અન્ત્ય आ નાં લોપનું વિધાન હોવાથી આ સૂત્રમાં व्यञ्जने એ પ્રમાણે નિર્દેશ ન કર્યો હોત તો પણ વ્યંજનાદિ કિત્-ङित् પ્રત્યયનું જ ગ્રહણ થતું હોવા છતાં व्यञ्जने એ પ્રમાણે નિર્દેશ કર્યો છે તે સાક્ષાત્ વ્યંજનાદિ પ્રત્યય હોય તો જ आ નો ई થશે પણ જ્યાં क्विप् પ્રત્યયનો લોપ થાય છે તેનાં સ્થાનિવદ્ભાવને આશ્રયીને આ સૂત્રથી आ નો ई નહીં થાય જેમકે शं - सुखं तिष्ठति इति शंस्थाः पुमान्.

## घ्रा-ध्मो यँङि । ૪-૩-૯૮

**અર્થઃ**- यङ् પ્રત્યય પરમાં હોતે છતે घ्रा અને ध्मा ધાતુનાં आ નો ई થાય છે.

**વિવેચન** - (૧) जेघ्रीयते = તે વારંવાર સુંઘે છે. સાધનિકા ૪-૧-૧ માં કરેલી છે.

(૨) देध्मीयते = તે વારંવાર તપાવે છે. સાધનિકા ૪-૧-૧ માં જણાવેલ जेघ्रीयते પ્રમાણે થશે. પણ ૪-૧-૪૦ સૂત્ર નહીં લાગે.

**यङीति किम् ?** घ्रायते, ध्मायते - અહીં क्य પ્રત્યય છે તેથી આ સૂત્રથી आ નો ई થયો નથી.

✡ जाघ्रीतः, दाध्मीतः - અહીં यङ्लुबन्त માં આચાર્ય મહારાજનાં મત પ્રમાણે આ સૂત્રથી आ નો ई થતો નથી પણ દ્વિત્વ થયા પછી વ્યંજનાદિ અવિત્ શિત્ એવો तस् પ્રત્યય પર છતાં एषा... ૪-૨-૯૭ થી ई થયો છે. અને કેટલાંક यङ्लुबन्त માં પણ आ નો ई માને છે તેઓનાં મતે जेघ्रीतः, देध्मीतः પ્રયોગ થશે.

## हनो घ्नीर्वधे । ४-३-९९

**અર્થ**:- यङ् પ્રત્યય પરમાં હોતે છતે વધ અર્થવાળા हन् ધાતુનો घ्नी આદેશ થાય છે.

**વિવેચન** - जेघ्नीयते = તે વારંવાર હિંસા કરે છે. સાધનિકા ૪-૧-૧ માં જણાવેલ जेघ्रीयते પ્રમાણે થશે. પણ हन् નો घ्नी આદેશ આ સૂત્રથી થશે. हनंक्-हिंसा-गत्योः (૧૧૦૦) અહીં हन् ધાતુનો અર્થ વધ કર્યો છે તેથી આ સૂત્રથી हन् નો घ्नी આદેશ થયો છે.

**वध इति किम् ?** जङ्घन्यते = તે વારંવાર જાય છે. સાધનિકા ૪-૧-૩૪ માં કરેલી છે. અહીં ગતિ અર્થ હોવાથી આ સૂત્રથી हन् નો घ्नी આદેશ થયો નથી.

✿ घ्नी એ પ્રમાણે દીર્ઘ નિર્દેશ यङ्लुबन्त નાં પ્રયોગ માટે છે. જેમકે जेघ्नीतः. यङन्त માં તો ૪-૩-૧૦૮ થી દીર્ઘ થઈ શકે છે. કેટલાંક यङ्लुबन्त માં हन् નો घ्नी માનતા નથી તેઓનાં મતે जंघतः પ્રયોગ થશે.

✿ કેટલાંક हन् નો અર્થ વધ હોય તો પણ घ्नी આદેશ વિકલ્પે માને છે. જેમકે "त्वं तु राजन् ! चटकमपि न जंघन्यसे ।" આવો પ્રયોગ પણ જોવા મળે છે.

## ञ्णिति घात् । ४-३-१००

**અર્થ**:- ञित् કે णित् પ્રત્યય પર છતાં हन् ધાતુનો घात् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) घातः = હણવું અથવા જવું. हन्+घञ् - ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, घात - આ સૂત્રથી हन् નો घात् આદેશ. सि પ્રત્યયાદિ કાર્ય થવાથી घातः થશે.

(૨) घातयति = હણાવે છે અથવા મોકલે છે. हन्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, घात्+इ - આ સૂત્રથી हन् નો घात् આદેશ. तिव् પ્રત્યયાદિ કાર્ય થવાથી घातयति પ્રયોગ થશે. એજ પ્રમાણે - णक પ્રત્યય પર છતાં घातकः, ख्णम् પ્રત્યય પર છતાં घातंघातम् થશે.

**ञ्णितीति किम् ?** हतः - क्त પ્રત્યય ञित् કે णित् નથી कित् છે તેથી આ સૂત્રથી हन् નો घात् આદેશ થયો નથી. પણ यमिरमि... ૪-૨-૫૫ થી न् નો લોપ થવાથી हतः પ્રયોગ થયો છે.

## ञि-णवि घन् । ४-३-१०१

**અર્થઃ**- ञि કે णव् પ્રત્યય પરમાં હોતે છતે हन् ધાતુનો घन् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अघानि = મરાયું. हन्+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય, हन्+इ - भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય અને त નો લોપ, घन्+इ - આ સૂત્રથી हन् નો घन् આદેશ, अघनि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अघानि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

(૨) जघान = માર્યો. हन्+णव् - णव्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય, घन्+अ - આ સૂત્રથી हन् નો घन् આદેશ, घन्घन्+अ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ, घघन्+अ- व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન न् નો લોપ, गघन - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં घ् નો ग्, जघन - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्, जघान - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

✡ अङे... ૪-૧-૩૪ સૂત્રથી દ્વિતીય हन् નાં ह् નો घ् થવાથી जघान રૂપની સિદ્ધિ થઈ શકે તેમ છે છતાં આ સૂત્રમાં णव् પ્રત્યયનું ગ્રહણ કર્યું તે ञ्णिति घात् ૪-૧-૧૦૦ સૂત્રથી घात् આદેશનો બાધ કરવા માટે ગ્રહણ કર્યું છે.

## नशेर्नेश् वाऽङि । ४-३-१०२

**અર્થઃ**- अङ् પ્રત્યય પરમાં હોતે છતે नश् ધાતુનો नेश् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - अनेशत्, अनशत् = નષ્ટ થયો. नशौच्-अदर्शने (૧૨૦૨) नश्+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય, नश्+अ+द् - लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય, नेशद् - આ સૂત્રથી नश् નો नेश् આદેશ, अनेशद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अनेशत् - विरामेवा ૧-૩-૫૧ થી द् નો त्. વિકલ્પપક્ષે આ સૂત્રથી नश् નો नेश् આદેશ ન થાય ત્યારે अनशत् થશે. એજ પ્રમાણે - अनेशताम्, अनशताम् - अनेशन्, अनशन् - अनेशम्, अनशम्.

**अङीति किम् ?** नश्यति = નાશ પામે છે. અહીં नश् ધાતુથી दिवादेः... ૩-૪-૭૨ થી श्य પ્રત્યય થયો છે. તેથી આ સૂત્રથી नश् નો नेश् આદેશ થયો નથી.

## श्वयत्यसू-वच-पतः श्वाऽऽस्थ-वोच-पप्तम् । ४-३-१०३

**અર્થઃ**- अङ् પ્રત્યય પરમાં હોતે છતે श्वि નો श्व, अस् નો आस्थ्, वच् નો वोच् અને पत् નો पप्त् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अश्वत् = ગયો. સાધનિકા ૩-૪-૫૯ માં કરેલી છે.

(૨) आस्थत् = ફેંક્યું. સાધનિકા ૩-૪-૬૦ માં કરેલી છે.

(૩) अवोचत् = કહ્યું. સાધનિકા ૩-૪-૬૦ માં કરેલી છે.

(૪) अपप्तत् = તે પડ્યો. पत्+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય, पत्+अ+द् - लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય, पप्तद् - આ સૂત્રથી पत् નો पप्त् આદેશ, अपप्तद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अपप्तत् - विरामे वा... ૧-૩-૫૧ થી द् નો त्.

(૧) श्वि ધાતુ - સૂત્રમાં श्वयति એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં श्वि નો श्व આદેશ થતો નથી જેમકે - अशेश्वियत्, अशोशुवत्. અહીં ૩-૪-૬૫ થી अङ्. વિકલ્પપક્ષે ૩-૪-૫૯ થી ङ અને ૪-૧-૯૦ થી य्वृत् વિકલ્પે થશે.

(૨) अस् ધાતુ સ્વરાદિ હોવાથી यङ् પ્રત્યયની જ પ્રાપ્તિ નથી.

(૩) वच् ધાતુ - ૩-૪-૬૦ માં व्यक्ति એ પ્રમાણે तिव् નિર્દેશ હોવાથી अङ् પ્રત્યય यङ्लुबन्त માં નહીં થાય તેથી यङ्लुबन्त અદ્યતની પ્રયોગમાં આ સૂત્રથી वच् નો वोच् આ શ પણ નહીં થાય. જેમકે - अवावचीत्.

(૪) पत् ધાતુ - ૩-૪-૬૪ સૂત્રમાં लृ અનુબંધથી अङ् પ્રત્યય થતો હોવાથી यङ्लुबन्त અદ્યતની પ્રયોગમાં अङ् પ્રત્યય નહીં થાય તેથી આ સૂત્રથી पत् નો पप्त् આદેશ પણ નહીં થાય. જેમકે - अपनीपतीत्.

## शीङ एः शिति । ४-३-१०४

**અર્થઃ**- શિત્ પ્રત્યય પરમાં હોતે છતે शी ધાતુનાં અન્ત્ય ई નો ए થાય છે.

**વિવેચન** - शेते = તે ઊંઘે છે. સાધનિકા ૩-૩-૨૨ માં કરેલી છે.

**शितीति किम् ?** शिश्ये - અહીં ए પ્રત્યય પરોક્ષાનો છે શિત્ નથી તેથી આ સૂત્રથી शी નાં ई નો ए થયો નથી. તેમજ संशीतिः અહીં क्ति પ્રત્યય થયેલો છે તે કૃદન્તનો છે શિત્ નથી તેથી આ સૂત્રથી शी નાં ई નો ए થયો નથી.

✿ સૂત્રમાં शीङ् એપ્રમાણે ङित् નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં शी ધાતુનાં ई નો ए નહીં થાય જેમકે - शेश्यीतः, शेश्यति- અહીં अन्ति પ્રત્યય પર છતાં ई નો य् થયો છે અને अन्ति નાં न् નો अन्तो... ૪-૨-૯૪ થી લોપ થયો છે.

## क्ङिति यि शय् । ४-३-१०५

**અર્થઃ-** યકારાદિ કિત્ કે ङित् પ્રત્યય પરમાં હોતે છતે शी ધાતુનો शय् આદેશ થાય છે.

**વિવેચન** - (१) शय्यते = ઊંઘાય છે. સાધનિકા ૩-૪-૭૦ માં કરેલી છે.

(૨) शाशय्यते = વારંવાર ઊંઘે છે.

शी+य - व्यञ्जना... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

शय्य - આ સૂત્રથી शी નો शय् આદેશ.

शशय्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शाशय्य - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી शाशय्यते પ્રયોગ થશે.

(૩) संशय्य = ઊંઘીને. અહીં क्त्वा પ્રત્યયનો यप् આદેશ થયો છે તે યકારાદિ કિત્ હોવાથી આ સૂત્રથી शी ધાતુનો शय् આદેશ થયો છે.

(૪) शय्या = શય્યા, પથારી, પલંગ. અહીં समज... ૫-૩-૯૯ થી સંજ્ઞામાં क्यप् (य) પ્રત્યય થયો છે. તે યકારાદિ કિત્ હોવાથી આ સૂત્રથી शी ધાતુનો शय् આદેશ થયો છે.

**यीति किम् ?** शिश्यानः - અહીં कान પ્રત્યય લાગતાં પૂર્વનાં ई નો य् થયો છે. યકારાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી शी ધાતુનો शय् આદેશ થયો નથી.

**क्ङितीति किम् ?** शेयम् - અહીં य પ્રત્યય કૃદન્તનો થયો છે તે યકારાદિ છે પણ કિત્ કે ङित् નથી તેથી આ સૂત્રથી शी ધાતુનો शय् આદેશ થયો નથી.

यङ्लुबन्त માં शी નો शय् આદેશ થતો નથી જેમકે - संशेशीय. અહીં यङ्लुबन्त शेशी ધાતુને क्त्वा પ્રત્યય થયો અને सं પૂર્વક शेशी ધાતુ હોવાથી क्त्वा નો यप् આદેશ થયેલો છે.

## उपसर्गादूहो ह्रस्वः । ४-३-१०६

**અર્થઃ-** યકારાદિ કિત્ કે ङित् પ્રત્યય પરમાં હોતે છતે ઉપસર્ગપૂર્વક ऊह् ધાતુનાં ऊ નો હ્રસ્વ (उ) થાય છે.

**વિવેચન** - समुह्यते = ભેગા થવાય છે. ऊहि-तर्के (૮૭૦) सम्+ऊह्+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય, सम्+ऊह्+य+ते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય, समुह्यते - આ સૂત્રથી ऊह् નો ऊ હ્રસ્વ. એજ પ્રમાણે पर्युह्यते, अभ्युह्यते. આશીર્વાદનો क्यात् પ્રત્યય પર છતાં - समुह्यात्, पर्युह्यात्, अभ्युह्यात्. क्त्वा નો यप् પર છતાં - समुह्य, पर्युह्य, अभ्युह्य વિગેરે પ્રયોગો થશે.

**उपसर्गादिति किम् ?** ऊह्यते = તર્ક કરાય છે. સાધનિકા समुह्यते પ્રમાણે થશે પણ અહીં ऊह् ધાતુ ઉપસર્ગ પૂર્વક ન હોવાથી ऊह् ધાતુનો ऊ હ્રસ્વ થયો નથી.

**यीत्येव** - समूहितम् - અહીં क्त પ્રત્યય થયો છે. स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થયો છે क्त પ્રત્યય કિત્ છે પણ યકારાદિ નથી તેથી આ સૂત્રથી ऊह् ધાતુનો ऊ હ્રસ્વ થયો નથી.

**ऊऊह इति प्रश्लेषः किम् ?** ओह्यते, समोह्यते. आ+ऊह्यते માં આ સૂત્રથી ऊ હ્રસ્વ થઈને अवर्ण.. ૧-૨-૬ થી आ+उ = ओ થવાથી ओह्यते બને છે અને सम्+ओह्यते = समोह्यते બને છે. જો ऊह् ધાતુનાં ऊ નો હ્રસ્વ થાય છે એ પ્રમાણે ન કહ્યું હોત તો ओह्यते થયા પછી ओ નું પણ હ્રસ્વ થવાનો પ્રસંગ આવે. એવી રીતે ઉત્તરસૂત્ર (૪-૩-૧૦૭) માં પણ इण् નાં ई નો હ્રસ્વ થાય છે એ પ્રમાણે કહ્યું છે.

## आशिषीणः । ४-३-१०७

**અર્થઃ-** આશીર્વાદનાં યકારાદિ કિત્ કે ङित् પ્રત્યય પરમાં હોતે છતે इण् ધાતુનાં ई નો હ્રસ્વ (इ) થાય છે.

**વિવેચન** - उदियात् = તે ઉદય પામે. उद्+इ+यात् - क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય, उद्+ई+यात् - दीर्घ... ૪-૩-૧૦૮ થી इ દીર્ઘ, उदियात् - આ સૂત્રથી ई હ્રસ્વ. એજ પ્રમાણે - समियात्, अन्वियात्.

**आशिषीति किम् ?** उदीयते - અહીં क्य પ્રત્યય કિત્ છે પણ આશીર્વાદનો નથી તેથી दीर्घ... ૪-૩-૧૦૮ થી થયેલાં ई નો इ હ્રસ્વ

આ સૂત્રથી થયો નથી.

**उपसर्गादित्येव** - ईयात् = તે જાય. અહીં इ ધાતુનો દીર્ઘ... ૪-૩-૧૦૮ થી દીર્ઘ ई થયો છે. यात् એ આશીર્વાદનો પ્રત્યય છે પણ ઉપસર્ગપૂર્વક इ ધાતુ નથી તેથી ૪-૩-૧૦૮ થી થયેલાં દીર્ઘ ई નો આ સૂત્રથી હ્રસ્વ इ થયો નથી.

**ई इण इति प्रश्लेषः किम् ?** ઉપરનાં ૪-૩-૧૦૬ માં કહ્યા પ્રમાણે અહીં પણ आ+ईयात् નું एयात् થયા પછી પણ ए નું હ્રસ્વ થવાની પ્રાપ્તિ ન આવે માટે इण् નો ई હ્રસ્વ થાય છે એ પ્રમાણે કહ્યું છે. એજ પ્રમાણે सम्+एयात् = समेयात्.

✿ प्रतीयात् માં प्रति+ईयात् = प्रतीयात् - समानानां... ૧-૨-૧ થી દીર્ઘ થયા પછી इण् ધાતુ સ્વતંત્ર રહેતો જ નથી प्रति ઉપસર્ગની સાથે એકમેક થઈ જાય છે તેથી प्रतीयात् થયા પછી આ સૂત્રથી હ્રસ્વ આદેશ થતો નથી. "दीर्घे सति उपसर्गात्परस्य इण् धातोरभावात्"

## दीर्घश्च्वि-यङ्-यक्-क्येषु च । ૪-૩-૧૦૮

**અર્થઃ**- च्वि, यङ्, यक्, क्य પ્રત્યય તેમજ આશીર્વાદનાં યકારાદિ કિત્ કે ङित् પ્રત્યય પરમાં હોતે છતે પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

**વિવેચન** - क्य થી क्यन्, क्यङ् અને क्यङ्ष् ત્રણે પ્રત્યયનું ગ્રહણ થશે.

(૧) **च्वि પ્રત્યય** - शुचीकरोति = અપવિત્રને પવિત્ર કરે છે. अशुचिं शुचिं करोति આ અર્થમાં द्वितीयान्त शुचि નામને कृ-भ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી દ્વિતીયા વિભક્તિનો લોપ शुचिकरोति. આ સૂત્રથી शुचि નો इ દીર્ઘ થવાથી शुचीकरोति પ્રયોગ થશે.

(૨) **यङ् પ્રત્યય** - तोष्टूयते = વારંવાર સ્તુતિ કરે છે.

स्तुय - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

स्तुस्तुय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

तुस्तुय - अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ.

तोस्तुय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં उ નો ગુણ ओ.

तोष्तुय - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

तोष्टुय - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

तोष्टूय - આ સૂત્રથી यङ् ની પૂર્વનો उ દીર્ઘ.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી तोष्टूयते થશે.

(૩) **यक् પ્રત્યય** - मन्तूयति = તે રોષ કરે છે. मन्तु-रोषवैमनस्ययोः (૧૯૯૬) मन्तु+य - धातोः... ૩-૪-૮ થી यक् પ્રત્યય, मन्तूय - આ સૂત્રથી यक् ની પૂર્વનો સ્વર દીર્ઘ. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી मन्तूयति થશે.

(૪) **क्यन् પ્રત્યય** - दधीयति = તે દહીંને ઇચ્છે છે. दधि इच्छति અર્થમાં दधि+य - अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય, दधीय - આ સૂત્રથી क्यन् ની પૂર્વનો સ્વર દીર્ઘ, तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી दधीयति થશે.

(૫) **क्यङ् પ્રત્યય** - भृशायते = જે ઘણું નથી તે ઘણું થાય છે. अभृशः भृशः भवति આ અર્થમાં च्व्यर्थे... ૩-૪-૨૯ થી क्यङ् પ્રત્યય થશે.સાધનિકા ૩-૪-૨૭ માં જણાવેલ पयायते પ્રમાણે થશે.

(૬) **क्यङ्ष् પ્રત્યય** - लोहितायते = જે લાલ નથી તેને લાલ થાય છે. अलोहितः लोहितः भवति અર્થમાં लोहित નામને डाच्... ૩-૪-૩૦ થી क्यङ्ष् પ્રત્યય, આ સૂત્રથી लोहित નામનો અન્ત્ય સ્વર દીર્ઘ થવાથી लोहिताय. ते-शव् પ્રત્યય, लुगस्या... થી लोहितायते થશે.

(૭) **क्य પ્રત્યય** - स्तूयते = સ્તવાય છે. स्तु+ते ૩-૩-૬ થી ते પ્રત્યય, स्तुयते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય, स्तूयते- આ સૂત્રથી क्य ની પૂર્વનો સ્વર દીર્ઘ.

(૮) **આશીર્વાદનો યકારાદિ કિત્ પ્રત્યય** - ईयात् = તે જાય. इयात् - ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય, આ સૂત્રથી यात् ની પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી ईयात् થશે.

**आशिषि यीत्येव** - चेषीष्ट = ચેષ્ટા કર. અહીં આશીર્વાદનો सीष्ट પ્રત્યય છે પણ યકારાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી પૂર્વનો સ્વર દીર્ઘ થતો નથી.

✿ च्वि અને क्य નાં ગ્રહણથી અધાતુથી (નામથી) પણ આ વિધિ થશે. એટલે નામનો અન્ત્ય સ્વર પણ દીર્ઘ થશે.

## ऋतोरीः । ४-३-१०९

અર્થઃ- च्वि, यङ्, यक्, અને क्य (क्यन्, क्यङ् અને क्यङ्ष्) પ્રત્યય પરમાં

હોતે છતે ऋકારાન્તનાં ऋ નો री થાય છે.

**વિવેચન** - (૧) **च्वि પ્રત્યય** - पित्रीस्यात् = પિતા ન હોય તે પિતા થાય. अपिता पिता स्यात् આ અર્થમાં पितृ નામને च्वि પ્રત્યય कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી થશે. ऐकार्थ्ये ૩-૨-૮ થી सि નો લોપ, અને આ સૂત્રથી पितृ નામનાં ऋ નો री આદેશ થવાથી पित्रीस्यात् થશે.

(૨) **यङ् પ્રત્યય** - चेक्रीयते = તે વારંવાર કરે છે.

कृय - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

क्रीय - આ સૂત્રથી यङ् પ્રત્યયની પૂર્વે રહેલાં ऋ નો री.

क्रीक्रीय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

कीक्रीय - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

चीक्रीय - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चेक्रीय - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં ई નો ગુણ ए.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી चेक्रीयते થશે.

(૩) **क्यङ् પ્રત્યય** - मात्रीयते = માતા જેવું આચરણ કરે છે. मातुः इव आचरति અર્થમાં मातृ નામને क्यङ् ૩-૪-૨૬ થી क्यङ् પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી ષષ્ઠી વિભક્તિનાં अस् નો લોપ, આ સૂત્રથી मातृ નામનાં ऋ નો री થવાથી मात्रीय ધાતુ બન્યો. ते-शव् પ્રત્યય, लुगस्या... થી मात्रीयते થશે. એજ પ્રમાણે -

(૪) पित्रीयते = પિતા જેવું આચરણ કરે છે.

**ऋत इति किम् ?** चेकीर्यते = તે વારંવાર ફેંકે છે.

कॄय - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

किर्य - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

कीर्य - भ्वादे... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

कीकीर्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चीकीर्य - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

चेकीर्य - आ-गुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં ई નો ગુણ ए.

ते-शव् પ્રત્યય, लुगस्या... થી चेकीर्यते થશે. અહીં ॠકારાન્ત ધાતુ છે પણ દીર્ઘ ऋકારાન્ત છે તેથી આ સૂત્રથી ॠ નો री ન થતાં इर् થયો છે.

## रिः श-क्याऽऽशीर्ये । ४-३-११०

**અર્થ:-** श, क्य અને આશીર્વાદનો યકારાદિ પ્રત્યય પરમાં હોતે છતે ऋકારાન્ત ધાતુનાં ऋ નો रि થાય છે.

**વિવેચન** - (૧) व्याप्रियते = વ્યાપાર કરે છે. पृङ्त्-व्यायामे (૧૪૬૫)

व्या+पृ+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય.

व्यापृ+अ+ते - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય.

व्याप्रि+अ+ते - આ સૂત્રથી पृ ધાતુનાં ऋ નો रि.

व्याप्रियते - धातो... ૨-૧-૫૦ થી इ નો इय्.

(૨) क्रियते = કરાય છે. સાધનિકા ૩-૪-૭૦ માં કરેલી છે.

(૩) ह्रियात् = તે હરણ કરે. हृ+यात् - क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય, ह्रियात् - આ સૂત્રથી हृ ધાતુનાં ऋ નો रि. આ સૂત્રમાં હ્રસ્વ रि નું વિધાન કરેલું હોવાથી दीर्घ... ૪-૩-૧૦૮ થી દીર્ઘ આદેશ થતો નથી. જો હ્રસ્વનું દીર્ઘ કરવું હોત તો दीर्घ... ૪-૩-૧૦૮થી દીર્ઘ આદેશની પ્રાપ્તિ હતી જ.

**आशीर्य इति किम् ?** कृषीष्ट, हृषीष्ट - અહીં ऋકારાન્ત ધાતુથી પરમાં આશીર્વાદનો सीष्ट પ્રત્યય છે તે યકારાદિ નથી તેથી આ સૂત્રથી ધાતુનાં ऋ નો रि આદેશ થયો નથી.

✿ અહીં तुदादेः... થી श પ્રત્યય થાય છે તેમ कृगः शचवा ૫-૩-૧૦૦ થી થતાં કૃદન્તનાં श પ્રત્યયનું પણ ગ્રહણ થશે. જેમકે - क्रिया.

## ईश्च्वाववर्णस्याऽनव्ययस्य । ४-३-१११

**અર્થ:-** च्वि પ્રત્યય પરમાં હોતે છતે અવ્યય નામોને વર્જીને અન્ય નામનાં અન્ત્ય अ વર્ણનો ई આદેશ થાય છે.

**વિવેચન** - (૧) शुक्लीस्यात् = શુક્લ નથી તે શુક્લ થાય છે. अशुक्लः शुक्लः स्यात् આ અર્થમાં शुक्ल નામને कृभ्वस्ति... ૭-૨-૧૨૬ થી च्वि પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી सि નો લોપ, આ સૂત્રથી शुक्ल નામનાં अ નો ई થવાથી शुक्लीस्यात् થશે. એજ પ્રમાણે - शुक्लीकरोति, शुक्लीभवति.

(૨) मालीस्यात् = જે માલા નથી તે માલા થાય છે. अमाला माला स्यात्

આ અર્થમાં माला નામને कृभ्वस्ति... ७-२-१२६ થી च्वि પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી सि નો લોપ, આ સૂત્રથી माला નામનાં आ નો ई થવાથી मालीस्यात् થશે. એજ પ્રમાણે - मालीकरोति, मालीभवति.

**अनव्ययस्येति किम् ?** दिवाभूता रात्रिः = રાત્રિ દિવસ જેવી થઈ. अदिवा दिवाभूता અર્થમાં दिवा નામને कृभ्वस्ति... ७-२-१२६ થી च्वि પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી અવ્યય નામને લાગેલી सि વિભક્તિનો લોપ, दीर्घ... ૪-૩-૧૦૮થી પૂર્વનો સ્વર દીર્ઘ થવાથી दिवाभूता થશે. અહીં અવ્યય નામ હોવાથી આ સૂત્રથી आ નો ई આદેશ થયો નથી. એજ પ્રમાણે दोषाभूतम् अहः = દિવસ રાત્રિ જેવો થયો.

✡ આ સૂત્ર दीर्घ... ૪-૩-૧૦૮ નું અપવાદ સૂત્ર છે.

## क्यनि । ४-३-११२

**અર્થ:-** क्यनि પ્રત્યય પરમાં હોતે છતે अवर्णान्त નામનાં અન્ત્ય अवर्णनो ई આદેશ થાય છે.

**વિવેચન** - (૧) पुत्रीयति = પુત્રને ઈચ્છે છે. સાધનિકા ૩-૪-૨૩ માં કરેલી છે.

(૨) मालीयति = માલાને ઈચ્છે છે. સાધનિકા ૩-૪-૨૩ માં જણાવેલ पुत्रीयति પ્રમાણે થશે. પણ અહીં माला નામનાં અન્ત્ય आ નો ई થશે.

✡ दीर्घ... ૪-૩-૧૦૮ સૂત્રનું આ સૂત્ર અપવાદ સૂત્ર છે. આ સૂત્ર ૪-૩-૧૧૧ સૂત્રમાં च्वि ની સાથે क्यन् લઈ લીધો હોત તો ચાલત પણ ઉત્તરસૂત્ર માટે क्यनि સૂત્ર જુદું બનાવ્યું છે.

## क्षुत्-तृड्-गर्द्धेऽशनयोदन्य-धनायाम् । ४-३-११३

**અર્થ:-** क्यनि પ્રત્યય પરમાં હોતે છતે ક્ષુધા અર્થ ગમ્યમાન હોય તો अशन નામનાં અન્ત્ય अ નો आ, તૃષા અર્થ ગમ્યમાન હોય તો उदक નામનો उदन् અને ગર્દ્ધા (આસક્તિ) અર્થ ગમ્યમાન હોય તો धन નામનાં અન્ત્ય अ નો आ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) अशनायति = ભૂખથી ભોજનને ઈચ્છે છે. क्षुधा अशनम् इच्छति - આ અર્થમાં अशन નામને अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી अम् નો લોપ, આ સૂત્રથી अशन નામનાં अ નો आ થવાથી अशनाय. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી अशनायति થશે.

(૨) उदन्यति = તૃષાથી પાણીને ઈચ્છે છે. तृषा उदकम् इच्छति આ અર્થમાં ૩-૪-૨૩ થી क्यन्, ૩-૨-૮ થી अम् નો લોપ અને આ સૂત્રથી उदक નો उदन् આદેશ થવાથી उदन्य. तिव्-शव् પ્રત્યય लुगस्या... થી उदन्यति થશે.

(૩) धनायति = આસક્તિથી ધનને ઈચ્છે છે. गद्‌र्ध्या धनम् इच्छति આ અર્થમાં ૩-૪-૨૩ થી धन નામને क्यन् પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી अम् નો લોપ, આ સૂત્રથી धन નામનાં અન્ત્ય अ નો आ થવાથી धनाय. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી धनायति થશે.

**क्षुदादाविति किम् ?** अशनीयति दातुम् = આપવા માટે ભોજન ઇચ્છે છે. उदकीयति दातुम् = આપવા માટે પાણી ઈચ્છે છે, धनीयति दातुम् = આપવા માટે ધન ઇચ્છે છે. અહીં ક્ષુધા, તૃષા કે આસક્તિ અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી નિપાતન ન થતાં क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई થયો છે.

## वृषाऽश्वान्मैथुने स्सोऽन्तः । ४-३-११४

અર્થ:- क्यन् પ્રત્યય પરમાં હોતે છતે મૈથુન અર્થ ગમ્યમાન હોય તો वृष् અને अश्व નામને स् આગમ થાય છે.

વિવેચન - (૧) वृषस्यति गौः = ગાય બળદને ઈચ્છે છે. गौः मैथुनाय वृषं इच्छति - આ અર્થમાં वृष નામને अमाव्ययात्... ૩-૪-૨૩ થી क्यन् પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી अम् નો લોપ, આ સૂત્રથી वृष નામને અન્તે स् નો આગમ થવાથી वृषस्य. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી वृषस्यति થશે. એજ પ્રમાણે -

(૨) अश्वस्यति वडवा = ઘોડી ઘોડાને ઈચ્છે છે. वडवा मैथुनाय अश्वं इच्छति. સાધનિકા ઉપર જણાવેલ वृषस्यति પ્રમાણે થશે.

**मैथुन इति किम् ?** वृषीयति - अश्वीयति ब्राह्मणी = બ્રાહ્મણી બળદને ઈચ્છે છે, ઘોડાને ઈચ્છે છે. અહીં મૈથુન અર્થ ગમ્યમાન ન હોવાથી वृष કે अश्व નામને અન્તે આ સૂત્રથી स् નો આગમ થયો નથી. પણ क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई થયો છે.

✿ આ સૂત્રમાં स्स એ પ્રમાણે દ્વિસકારનો નિર્દેશ षत्वનાં નિષેધ માટે છે તેથી ઉત્તરસૂત્રમાં दधिस्यति, मधुस्यति પ્રયોગમાં नाम्य... ૨-૩-૧૫ થી

स् नो ष् न थयो.

## अस् च लौल्ये । ४-३-११५

**अर्थः-** क्यनि પ્રત્યય પરમાં હોતે છતે लौल्य અર્થ ગમ્યમાન હોય તો નામને स् અને अस् નો આગમ થાય છે. लौल्य = ભોગની ઈચ્છાનો અતિરેક તેને લૌલ્ય કહેવાય છે.

**વિવેચન** - दधिस्यति, दध्यस्यति = દહીં ખાવાની તીવ્ર ઈચ્છા કરે છે. दधि भक्षितुम् इच्छति આ અર્થમાં दधि નામને अमाव्ययात्... ૩-૪-૨૩.થી क्यन् પ્રત્યય, ऐकार्थ्ये ૩-૨-૮ થી अम् નો લોપ, આ સૂત્રથી दधि નામને અન્તે स् થવાથી दधिस्य. तिव्-शव् પ્રત્યય, लुगस्या...થી दधिस्यति થશે. અને જયારે दधि નામને અન્તે अस् થાય ત્યારે दधिअस्+य - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य् થવાથી दध्यस्य. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી दध्यस्यति થશે. એજ પ્રમાણે - मधुस्यति, मध्वस्यति - क्षीरस्यति -, लवणस्यति વિગેરે પ્રયોગ થશે. **लौल्य इति किम् ?** क्षीरीयति दातुम् = આપવા માટે દુધને ઈચ્છે છે. અહીં લૌલ્ય અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી क्षीर નામને અન્તે स् કે अस् નો આગમ ન થતાં क्यनि ૪-૩-૧૧૨ થી अ નો ई થયો છે.

✡ अस् વિધાન अनकारान्त નામને માટે છે. अकारान्त નામને અન્તે થયેલો अस् આગમ પરમાં હોય તો लुगस्या... થી પૂર્વનાં अ નો લોપ થવાથી કંઈ વિશેષ જણાતો નથી તેથી अकारान्तने અન્તે अस् આગમ ન થતાં अकारान्त સિવાયનાં નામને અન્તે अस् થાય છે.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान*
*स्वोपज्ञशब्दानुशासनलघुवृत्तौ चतुर्थस्याध्यायस्य*
*तृतीयः पादः समाप्तः* ॥ ૪ - ૩ ॥

*कर्णं च सिन्धुराजं च, निर्जित्य युधि दुर्जयम् ।*
*श्रीभीमेनाधुना चक्रे, महाभारतमन्यथा ॥*

**અર્થ** -યુદ્ધમાં દુર્જય એવા કર્ણરાજાને અને સિન્ધુરાજાને જીતીને શ્રી ભીમરાજાએ હમણાં (હાલમાં) મહાભારતને અન્યથા કર્યું.

॥ अर्हम् ॥

# चतुर्थस्याध्यायस्य चतुर्थः पादः

## अस्ति-ब्रुवोर्भू-वचावशिति । ४-४-१

**અર્થઃ-** અશિત્ પ્રત્યયનાં વિષયમાં अस् અને ब्रू ધાતુનો અનુક્રમે भू અને वच् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) भव्यम् = થવા યોગ્ય. अस्+य - य एच्चातः ५-१-२८ થી य પ્રત્યય, भूय - આ સૂત્રથી अस् નો भू આદેશ, भोय - नामिनो... ४-३-१ થી ऊ નો ગુણ ओ, भव्य - य्यक्ये १-२-२५ થી ओ નો अव्, भव्य+सि - १-१-१८ થી सि પ્રત્યય, भव्य+अम् - अतः... १-४-५७ થી सि નો अम्, भव्यम् - समानाद... १-४-४६ થી अम् નાં अ નો લોપ. એજ પ્રમાણે અદ્યતનીમાં - अभूत्, પરોક્ષામાં - बभूव, શ્વસ્તનીમાં - भविता, ભવિષ્યન્તીમાં - भविष्यति, ક્રિયાતિપત્તિમાં - अभविष्यत्, यङन्तमां - बोभूयते, सन्नन्तमां - बुभूषति વિગેરે પ્રયોગ થશે.

(૨) अवोचत् = તે બોલ્યો. ब्रू+द् - ३-३-११ થી दि પ્રત્યય, वच्+द् - આ સૂત્રથી ब्रू ધાતુનો वच् આદેશ. સાધનિકા ३-४-६० માં કરેલી છે. એજ પ્રમાણે કર્મણિનો क्य પ્રત્યય પર છતાં - उच्यते, પરોક્ષામાં - उवाच, શ્વસ્તનીમાં - वक्ता, આશીર્વાદમાં - उच्यात्, ભવિષ્યન્તીમાં - वक्ष्यति, ક્રિયાતિપત્તિમાં - अवक्ष्यत्, यङन्तमां - वावच्यते, सन्नन्तमां - विवक्षति વિગેરે પ્રયોગો થશે.

**अशितीति किम् ?** स्यात् = તે થાય. अस्+यात्- ३-३-७ થી यात् પ્રત્યય, स्यात् - श्नास्त्यो... ४-२-९० થી अस् નાં अ નો લોપ. અહીં વિધ્યર્થનો પ્રત્યય હોવાથી આ સૂત્રથી अस् ધાતુનો भू આદેશ થયો નથી.

(૨) ब्रूते = તે બોલે છે. ब्रू+ते - ३-३-६ થી ते પ્રત્યય થયેલો છે તે શિત્ છે તેથી આ સૂત્રથી ब्रू ધાતુનો वच् આદેશ થયો નથી.

✿ જો કે भू અને वच् ધાતુ પૃથગ્ હોવાથી આ સૂત્રથી अस् અને ब्रू નો भू અને वच् આદેશ કર્યા વિના પણ भव्यम् અને अवोचत् રૂપ સિદ્ધ

જ હતાં પણ અશિત્ પ્રત્યયનાં વિષયમાં अस् અને ब्रू ધાતુનો પ્રયોગ ન કરવા માટે अस् નો भू અને ब्रू નો वच् આદેશ કર્યો છે.

✿ चकासामास પ્રયોગમાં धातोरनेक... ૩-૪-૪૬ માં कृ-भू અને अस् નાં અનુપ્રયોગનું પૃથગ્ વિધાન હોવાથી અશિત્ પ્રત્યયનો વિષય હોવા છતાં આ સૂત્રથી अस् ધાતુનો भू આદેશ થતો નથી.

✿ અહીં વિષય સપ્તમીનાં સામર્થ્યથી પહેલાં જ अस् નો भू અને ब्रू નો वच् આદેશ થાય છે અને પછી જ પ્રત્યયો થાય છે. તેથી य एच्चातः ૫-૧-૨૮ થી य પ્રત્યય અને ऋवर्ण... ૫-૧-૧૭ થી घ्यण् પ્રત્યય થઈ શક્યો. નહીં તો भव्यम् અને वाच्यम् પ્રયોગ સિદ્ધ ન થાત. કારણ કે य પ્રત્યય સ્વરાન્ત ધાતુથી થાય છે. અને घ्यण् પ્રત્યય વ્યંજનાન્ત ધાતુથી થાય છે.

## अघञ्क्यबलच्यजेर्वी । ૪-૪-૨

**અર્થ:-** घञ्, क्यप्, अल् અને अच् પ્રત્યયને વર્જીને અશિત્ પ્રત્યયનાં વિષયમાં अज् ધાતુનો वी આદેશ થાય છે.

**વિવેચન** - प्रवेयम् = જવા યોગ્ય, ફેંકવા યોગ્ય. अज-क्षेपणे गतौ च (૧૩૯) प्र+अज् - य પ્રત્યય લગાડવો છે એટલે અશિત્ પ્રત્યય આવ્યા પહેલાં તેનાં વિષયમાં જ આ સૂત્રથી अज् નો वी આદેશ થવાથી प्रवी+य - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए થવાથી प्रवेय. ૪-૪-૧ માં જણાવેલ भव्यम् પ્રમાણે सि પ્રત્યયાદિ કાર્ય થવાથી प्रवेयम् પ્રયોગ થશે. એજ પ્રમાણે પરોક્ષામાં - विवाय, આશીર્વાદમાં - वीयात्, શ્વસ્તનીમાં - प्रवेता, अनीय પ્રત્યય પર છતાં - प्रवयणीयम्, अक પ્રત્યય પર છતાં - प्रवायकः, क्त्वा (यप्) પ્રત્યય પર છતાં - प्रवीय, क्त પ્રત્યય પર છતાં - प्रवीतः, क्ति પ્રત્યય પર છતાં - प्रवीतिः વિગેરે પ્રયોગો થશે.

**अघञ्क्यबलचीति किम् ?** समाजः = લોકોનો સમુદાય. सम्-अज्-अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, समाज - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી समाजः થશે.

(૨) समज्या = સમાજ, સભા. सम्+अज्+य - समज... ૫-૩-૯૯ થી क्यप् પ્રત્યય, समज्य+आ - आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય, समज्या - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

(૩) उदजः = પશુઓનો સમુદાય. उद्+अज्+अ - समुदो... ૫-૩-૩૦ થી अल् પ્રત્યય, उदज - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી उदजः થશે.

(૪) अजः = પશુ, બકરો. अज्+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી अजः થશે. અહીં घञ्, क्यप्, अल् અને अच् પ્રત્યયનું આ સૂત્રમાં વર્જન હોવાથી अज् ધાતુનો वी આદેશ થયો નથી.

✿ वीं માં અનુસ્વાર ઈત્ આદેશનું વિધાન इट् આગમનાં નિષેધ માટે છે.

## त्रने वा । ४-४-३

**અર્થ:-** तृ અને अन પ્રત્યયનાં વિષયમાં अज् ધાતુનો वीं આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) प्रवेता, प्राजिता = સારથિ, હાંકનાર. प्र+अज्+तृ - णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય, प्रवीतृ - આ સૂત્રથી अज् નો वी આદેશ, प्रवेतृ - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए, प्रवेतृ+सि - स्यौः... ૧-૧-૧૮ થી सि પ્રત્યય, प्रवेतृ+आ - ऋदुशनस्... ૧-૪-૮૪ થી सि નો डा, प्रवेता- डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી અન્ત્ય સ્વરાદિનો લોપ. આ સૂત્રથી જ્યારે अज् નો वी આદેશ ન થાય ત્યારે प्र+अज्+तृ - प्राज्+तृ - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ, प्राजितृ - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, प्राजितृ+सि, प्राजितृ+आ (डा), प्राजिता પ્રયોગ થશે.

(૨) प्रवयणः, प्राजनः दण्डः = દંડ, પરોણો, ચાબુક. प्र+अज्+अन - करणाधारे ૫-૩-૧૨૯ થી अनट् પ્રત્યય, प्रवी+अन - આ સૂત્રથી अज् નો वी આદેશ, प्रवे+अन - नामिनो... ૪-૩-૧ થી ई નો ગુણ ए, प्रवयन - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्, प्रवयण - स्वरात् ૨-૩-૮૫ થી न् નો ण्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रवयणः થશે. આ સૂત્રથી જ્યારે अज् નો वी આદેશ ન થાય ત્યારે प्र+अज्+अन - प्राजन - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्राजनः થશે.

## चक्षो वाचि क्शांग्-ख्यांग् । ४-४-४

**અર્થ:-** અશિત્ પ્રત્યયનાં વિષયમાં "બોલવું" અર્થવાળા चक्ष् ધાતુનો क्शांग्

(क्शा) અને ख्यांग् (ख्या) આદેશ થાય છે.

**વિવેચન** - (૧) आक्शास्यति, आक्शास्यते - आख्यास्यति, आख्यास्यते = તે બોલશે. चक्षिक्-व्यक्तायां वाचि (૧૧૨૨) चक्ष् ધાતુને ૩-૩-૧૫ થી ભવિષ્યન્તીનો स्यति, स्यते પ્રત્યય લાગતાં પહેલાં જ चक्ष् નો क्शा અને ख्या આદેશ થાય છે. ग् ઇત્ હોવાથી ईगितः ૩-૩-૯૫ થી ફલવાન કર્તામાં આત્મનેપદ થાય અને शेषात्... ૩-૩-૧૦૦ થી અફલવાન કર્તા હોય ત્યારે પરસ્મૈપદ થાય. અને અનુસ્વાર ઈત્ હોવાથી इट् નો આગમ નહીં થાય.

(૨) आक्शेयम्, आख्येयम् = કહેવા યોગ્ય. य एच्चातः ૫-૧-૨૮ થી य પ્રત્યય લાગતાં પહેલાં જ चक्ष् નો क्शा અને ख्या આદેશ થયો. અને य પ્રત્યયનાં યોગમાં आ નો ए થયો છે. વિષય સપ્તમી હોવાથી આ પ્રયોગો સિદ્ધ થયા. નહીં તો चक्ष् ધાતુને य પ્રત્યય ન લાગી શકત.

**वाचीति किम् ?** विचक्षणः = જાણકાર. वि+चक्ष्+अन - नन्द्यादि... ૫-૧-૫૨ થી अन પ્રત્યય, विचक्षण - स्वरात् ૨-૩-૮૫ થી न् નો ण्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विचक्षणः થશે. અહીં અશિત્ પ્રત્યય છે પણ બોલવું અર્થ વાળો चक्ष् ધાતુ નથી જાણવું અર્થ છે. તેથી આ સૂત્રથી चक्ष् નાં क्शा અને ख्या આદેશ થયા નથી. એજ પ્રમાણે-

✡ सञ्चक्ष्याः, परिसञ्चक्ष्याः अवसंचक्ष्याः दुर्जनाः = ખરાબ પુરુષો. અહીં પણ चक्ष् ધાતુનો અર્થ બોલવું નથી તેથી આ સૂત્રથી क्शा અને ख्या આદેશ થયા નથી.

✡ नृचक्षा राक्षसः = રાક્ષસ. અહીં પણ चक्ष् ધાતુનો અર્થ બોલવું નથી. હિંસા અર્થ છે તેથી આ સૂત્રથી क्शा અને ख्या આદેશ થયા નથી.

**अशितीत्येव** - आचष्टे = તે બોલે છે. અહીં તે પ્રત્યય શિત્ છે અશિત્ નથી તેથી આ સૂત્રથી चक्ष् નો क्शा અને ख्या આદેશ થયો નથી.

## नवा परोक्षायाम् । ४-४-५

**અર્થઃ**- પરોક્ષાનાં વિષયમાં "બોલવું" અર્થવાળા चक्ष् ધાતુનો क्शांग् અને ख्यांग् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) आचक्शौ = તેણે કહ્યું.

आचक्ष्+अ - णव् अतुस्... ૩-૩-૧૨ થી णव् પ્રત્યય.

आक्शा+अ - આ સૂત્રથી क्शा આદેશ.

आक्शा+औ - आतो... ૪-૨-૧૨૦ થી णव् નો औ આદેશ.

आक्शाक्शा+औ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

आकाक्शा+औ - व्यञ्जन... ૪-૧-૪૪ થી श् નો લોપ.

आकक्शा+औ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનાં आ નો अ.

आचक्शा+औ - कङश्चञ् ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

आचक्शौ - ऐदौत्... ૧-૨-૧૨ થી आ+औ = औ.

शिट्याद्यस्य... ૧-૩-૫૯ થી વિકલ્પે क् નો ख् થવાથી आचख्शौ પ્રયોગ પણ થશે. વિકલ્પપક્ષે ख्यांग् આદેશ થાય ત્યારે -

(૨) आचख्यौ = તેણે કહ્યું. સાધનિકા आचक्शौ પ્રમાણે થશે. પરન્તુ द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ख् નો क् થશે. વિકલ્પપક્ષે क्शांग् - ख्यांग् આદેશ ન થાય ત્યારે -

(૩) आचचक्षे = તેણે કહ્યું. आचक्ष्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય, आचक्ष्चक्ष्+ए - द्विर्धातुः...૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ, आचचक्षे - व्यञ्जन... ૪-૧-૪૪ થી क्ष् નો લોપ. चक्ष् ધાતુ આત્મનેપદી હોવાથી આત્મનેપદનો ए પ્રત્યય લાગ્યો છે. क्शांग् અને ख्यांग् આદેશો ग् ઇત્‌વાળા હોવાથી ઊભયપદી છે તેથી પરસ્મૈપદનો णव् પ્રત્યય થયો છે.

## भृज्जो भर्ज् । ૪-૪-૬

**અર્થઃ**- અશિત્ પ્રત્યયનાં વિષયમાં भ्रस्ज् ધાતુનો भर्ज् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) भर्ष्टा, भ्रष्टा = ભુંજશે. भ्रस्जींत्-पाके (૧૩૧૬)

भ्रस्ज्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

भर्ज्+ता - આ સૂત્રથી भ्रस्ज् નો भर्ज् આદેશ.

भर्ष्+ता - यजसृज... ૨-૧-૮૭ થી ज् નો ष्.

भर्ष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. વિકલ્પપક્ષે આ સૂત્રથી भर्ज् આદેશ ન થાય ત્યારે -

भ्रस्ज्+ता - ता·तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

भ्रज्+ता - संयोगस्यादौ... ૨-૧-૮૮ થી भ्रस्ज् નાં स् નો લોપ.

પછી ઉપર પ્રમાણે ज् નો ष् અને त् નો ट् થવાથી भ्रष्टा થશે. એજ પ્રમાણે - પરોક્ષામાં - बभर्ज, बभ्रज्ज, આશીર્વાદમાં - भर्क्षीष्ट, भ्रक्षीष्ट, અદ્યતનીમાં - अभार्क्षीत्, अभ्राक्षीत्, સન્નન્તમાં - बिभर्क्षति, बिभ्रक्षति, बिभर्जिषति, बिभ्रज्जिषति, तुम् પ્રત્યય પર છતાં - भर्ष्टुम्, भ्रष्टुम्, अनट् પ્રત્યય પર છતાં - भर्जनम्, भ्रज्जनम् વિગેરે પ્રયોગ થશે. बभ्रज्ज, भ्रज्जनम् પ્રયોગમાં तृतीय... ૧-૩-૪૯ થી स् નો द् અને तवर्गस्य... ૧-૩-૬૦ થી द् નો ज् થયો છે.

**अशितीत्येव** - भृज्जति = તે ભુંજે છે. અહીં तिव् પ્રત્યય शित् છે अशित् નથી તેથી આ સૂત્રથી भ्रस्ज् નો भर्ज् આદેશ થયો નથી. भ्रस्ज्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય, भ्रस्ज्+अ+ति - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય, भृस्ज्+अ+ति - ग्रह... ૪-૧-૮૪ થી ય્વૃત્, भृद्ज्+अ+ति - तृतीय... ૧-૩-૪૯ થી स् નો द्, भृज्जति - तवर्गस्य... ૧-૩-૬૦ થી द् નો ज् થયો છે.

✡ भृज्यात्, भृज्यते, भृष्टः, भृष्टवान्, बरीभृज्यते વિગેરેમાં भ्रस्ज् નો भर्ज् આદેશ થયો નથી કેમકે ય્વૃત્ કરવું તેનાં કરતાં भर्ज् આદેશ કરવો એ પર હોવાથી भर्ज् આદેશ જ થવો જોઈએ પણ भर्ज् આદેશ કર્યા પછી પણ સ્થાનિવદ્‌ભાવ થવાથી સ્વર સહિત ય્વૃત્ થાય જ છે તેથી भर्ज् ન કરતાં ય્વૃત્ જ કરવું.

✡ भृज्जो भर्ज् એ પ્રમાણે સૂત્રમાં લુપ્ત तिव् નિર્દેશ હોવાથી यङ्लुबन्त માં भर्ज् આદેશનો નિષેધ થાય છે. જેમકે - बरीभृज्जीत्.

## प्राद् दागस्त्त आरम्भे क्ते । ૪-૪-૭

**અર્થઃ**- क्त પ્રત્યય પર છતાં આરંભ અર્થમાં વર્તતાં प्र ઉપસર્ગપૂર્વક दा ધાતુનો त्त् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - प्रत्तः, प्रदत्तः = દાન આપવાનો આરંભ કર્યો. डुदांग्क्-दाने (૧૧૩૮)

प्र+दा+त - आरम्भे ૫-૧-૧૦ થી क्त પ્રત્યય.

प्र-त्त्+त - આ સૂત્રથી दा નો त्त् આદેશ.

प्रत्त - धुटो... ૧-૩-૪૮ થી त्त् નાં त् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रत्तः થશે. વિકલ્પપક્ષે दा નો त्त् આદેશ ન થાય ત્યારે दत् ૪-૪-૧૦ થી दा નો दत् આદેશ થવાથી प्रदत्तः પ્રયોગ થશે.

**प्रादिति किम् ?** परीत्तम् = દાન આપવાની શરૂઆત કરી.

परि+दा+त - आरम्भे... ૫-૧-૧૦ થી क्त પ્રત્યય.

परि+त्त्+त - स्वरादु... ૪-૪-૯ થી दा નો त्त् આદેશ.

परित्त - धुटो... ૧-૩-૪૮ થી त्त् નાં त् નો લોપ.

परीत्त - दस्ति ૩-૨-૮૮ થી परि નો इ દીર્ઘ.

सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી परीत्तम् થશે. અહીં प्र ઉપસર્ગથી પરમાં दा ધાતુ નથી परि ઉપસર્ગથી પરમાં છે તેથી આ સૂત્રથી दा નો त्त् આદેશ ન થતાં ૪-૪-૯ થી त्त् આદેશ થયો છે.

**दाग इति किम् ?** प्रत्तम् = છેદવાની શરૂઆત કરી. અહીં दोंच्-छेदने (૧૧૪૮) ધાતુ છે. તેથી આ સૂત્રથી दा નો त्त् આદેશ ન થતાં ૪-૪-૯ થી त्त् આદેશ થયો છે.

**आरम्भ इति किम् ?** प्रत्तम् - प्रकर्षेण दीयते स्म અહીં दाग् ધાતુ છે પણ આરંભ અર્થમાં નથી. ખેંચીને દાન અપાવે છે તેથી આ સૂત્રથી दा નો त्त् આદેશ ન થતાં ૪-૪-૯ થી त्त् આદેશ થયો છે.

**क्त इति किम् ?** प्रत्तवान् = દાન આપવાની પ્રવૃત્તિ કરાઈ. અહીં क्त પ્રત્યય પરમાં નથી क्तवतु પ્રત્યય છે તેથી આ સૂત્રથી दा નો त्त् આદેશ ન થતાં ૪-૪-૯ થી त्त् આદેશ થાય છે.

✩ त्त એ પ્રમાણે દ્વિતકાર સૂત્રમાં ગ્રહણ કર્યો છે તે પ્રક્રિયા લાઘવ માટે છે અન્યથા दा નાં અન્ત્યનો (आ નો) त् આદેશ કરાએ છતે अघोषे... ૧-૩-૫૦ થી द् નો त् થવાથી પ્રયોગ સિદ્ધ થતો જ હતો. દ્વિતકાર પાઠથી આખા दा નો त्त् આદેશ થયો. નહીં તો षष्ठ्यान्त्यस्य પરિભાષાથી અન્ત્યનો જ त्त् આદેશ થાત.

✩ त्त માં અકાર ઉચ્ચારણ માટે છે.

## नि-वि-स्वन्ववात् । ૪-૪-૮

**અર્થ:-** क्त પ્રત્યય પર છતાં नि, वि, सु, अनु અને अव ઉપસર્ગથી પર રહેલાં दा ધાતુનો त्त् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) नीत्तम्, निदत्तम् = આપ્યું, નિરંતર આપેલું.

नि+दा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

नि+त्त्+त - આ સૂત્રથી दा નો त्त् આદેશ.

नित्त - धुटो... ૧-૩-૪૮ થી त्त् નાં त् નો લોપ.

नीत्त - दस्ति ૩-૨-૮૮ થી नि નો इ દીર્ઘ.

सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી नीत्तम् થશે. વિકલ્પપક્ષે दा નો त्त् ન થાય ત્યારે दत् ૪-૪-૧૦ થી दा નો दत् આદેશ થવાથી निदत्तम् પ્રયોગ થશે. એજ પ્રમાણે -

(૨) वीत्तम्, विदत्तम् = આપ્યું, વિશેષ આપેલું.

(૩) सूत्तम्, सुदत्तम् = આપ્યું, સારી રીતે આપેલું.

(૪) अनूत्तम्, अनुदत्तम् = આપ્યું, પછી આપેલું.

(૫) अवत्तम्, अवदत्तम् = આપેલું. અહીં अव ઉપસર્ગ છે તે નામ્યન્ત નથી તેથી ૩-૨-૮૮ સૂત્રથી દીર્ઘ આદેશ થયો નથી.

✡ स्वरादुपसर्गाद्... ૪-૪-૯ થી નિત્ય त्त् આદેશ થતો હતો તેનો આ સૂત્રથી વિકલ્પે થયો છે.

✡ કેટલાંક આરંભ અર્થમાં જ दा ધાતુનો त्त् આદેશ વિકલ્પે ઈચ્છે છે.

## स्वरादुपसर्गाद् दस्ति कित्यधः । ૪-૪-૯

**અર્થ:-** તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં સ્વરાન્ત ઉપસર્ગથી પર રહેલાં धा વર્જીને दा સંજ્ઞક ધાતુનો નિત્ય त्त् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) प्रत्तः = આપેલું અથવા આપનાર.

प्र+दा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

प्र+त्त्+त - આ સૂત્રથી दा નો त्त् આદેશ.

प्रत्त - धुटो... ૧-૩-૪૮ થી त्त् નાં त् નો લોપ.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रत्तः થશે. એજ પ્રમાણે - प्रत्तवान्, परीत्तः, परीत्तवान् પ્રયોગો થશે.

(૨) परीत्त्रिमम् = દાનથી થયેલું. डुदांग्क्-दाने (૧૧૩૮)

परि+दा+त्रिम - ड्वित... ૫-૩-૮૪ થી त्रिमक् પ્રત્યય.

परित्त्+त्रिम - આ સૂત્રથી दा નો त्त् આદેશ.

परित्त्रिम - धुटो... ૧-૩-૪૮ થી त्त् નાં त् નો લોપ.

परीत्त्रिम - दस्ति ૩-૨-૮૮ થી परि નો इ દીર્ઘ.

सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી परीत्त्रिमम् થશે.

**उपसर्गादिति किम् ?** दधि दत्तम् = દહીં આપ્યું. અહીં दा નો दत् આદેશ दत् ૪-૪-૧૦ થી થયો છે. दधि એ ઉપસર્ગ નથી તેથી તેનાથી પર રહેલાં दा નો આ સૂત્રથી त्त् આદેશ થયો નથી.

**स्वरादिति किम् ?** निर्दत्तम् = આપ્યું. અહીં निर् ઉપસર્ગ એ સ્વરાન્ત નથી તેથી તેનાથી પર રહેલાં दा ધાતુનો આ સૂત્રથી त्त् આદેશ ન થતાં दत् ૪-૪-૧૦ થી दत् આદેશ થયો છે. એજ પ્રમાણે - दुर्दत्तम् થશે.

**द इति किम् ?** प्रदाताः व्रीहयः = કાપેલાં ચોખા. दांवक्-लवने (૧૦૭૦) અહીં दा ધાતુ दा સંજ્ઞક ન હોવાથી આ સૂત્રથી दा નો त्त् આદેશ થયો નથી. એજ પ્રમાણે निदातानि भाजनानि = વાસણો સાફ કર્યા. दैव्-शोधने (૨૯)

**तीति किम् ?** प्रदाय = આપીને. प्र+दा+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, प्रदाय - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप्. અહીં क्त्वा ને સ્થાને થયેલો यप् પ્રત્યય કિત્ છે પણ તકારાદિ કિત્ નથી તેથી આ સૂત્રથી दा નો त्त् આદેશ થયો નથી.

**कितीति किम् ?** प्रदाता = આપનાર. અહીં तृच् પ્રત્યય થયો છે તે કિત્ નથી તેથી આ સૂત્રથી दा ધાતુનો त्त् આદેશ થયો નથી.

**अध इति किम् ?** निधीतः = પીધું. ट्धें-पाने (૨૮) અહીં धा ધાતુનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી धा નો त्त् આદેશ ન થતાં ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई થયો છે.

निहितः = ધારણ કર્યું, દાન આપ્યું. डुधांग्क्-धारणे दाने च

(૧૧૩૯) અહીં પણ धा નું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી धा નો त् આદેશ ન થતાં धागः ૪-૪-૧૫ થી धा નો हि આદેશ થયો છે.

## दत् । ૪-૪-૧૦

**અર્થઃ-** તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં धा વર્જીને दा સંજ્ઞક ધાતુઓનો दत् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) दत्तः = આપેલ. दा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, दत्त - આ સૂત્રથી दा નો दत् આદેશ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી दत्तः થશે. એજ પ્રમાણે - दत्तवान्.

(૨) दत्तिः = આપવું. दा+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, दत्ति - આ સૂત્રથી दा નો दत् આદેશ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી दत्तिः થશે. એજ પ્રમાણે क्त्वा પ્રત્યય પર છતાં दत्त्वा થશે.

**अध इत्येव** - धीतः = પીધું. धा ધાતુનું સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી धा નો दत् આદેશ ન થતાં ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई આદેશ થયો છે. એજ પ્રમાણે - धीतवान्, धीत्वा, धीतिः

**द इत्येव** - दातं बर्हिः = તેણે બર્હિસ્ નામનાં ઘાસને કાપ્યું. अवदातं मुखम् = તેણે મુખને સાફ કર્યું. दैव्, दांवक् ધાતુઓ दा સંજ્ઞક નથી તેથી આ સૂત્રથી दत् આદેશ થયો નથી.

✡ द्यते - दो ધાતુનાં અન્ત્ય સ્વરનો दोसो... ૪-૪-૧૧ થી इ થાય છે તેથી दितः, दितवान् પ્રયોગ થશે.

## दो-सो-मा-स्थ इः । ૪-૪-૧૧

**અર્થઃ-** તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં दो-सो-मा-स्था ધાતુનાં અન્ત્ય સ્વરનો इ આદેશ થાય છે.

**વિવેચન** - (૧) निर्दितः = કાપી નાંખેલ. निर्+दो+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, निर्दात - आत्... ૪-૨-૧ થી दो નાં ओ નો आ, निर्दित - આ સૂત્રથી અન્ત્ય સ્વર आ નો इ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી निर्दितः થશે.

(૨) सित्वा = નાશ કરીને. सो+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, सात्वा - आत्... ૪-૨-૧ થી सो નાં ओ નો आ, सित्वा - આ સૂત્રથી

અન્ત્યસ્વર आ નો इ થયો છે.

(૩) मितिः = માપ અથવા તિથિ. मा+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, मिति - આ સૂત્રથી मा નાં आ નો इ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી मितिः થશે.

(૪) स्थितवान् = ઉભો રહેલો. स्था+तवत् - क्त... ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય, स्थितवत् - આ સૂત્રથી અન્ત્ય आ નો इ. હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्नत्रवान् પ્રમાણે થશે.

✡ दो ધાતુનાં - निर्दितवान्, दित्वा, दितिः પ્રયોગ થશે.

सो ધાતુનાં - अवसितः, अवसितवान्, सितिः પ્રયોગ થશે.

मा ધાતુનાં - मितः, मितवान्, मित्वा પ્રયોગ થશે.

स्था ધાતુનાં - स्थितः, स्थित्वा, स्थितिः પ્રયોગ થશે.

✡ गा-मा-दा નાં ગ્રહણમાં સર્વ સામાન્ય गा-मा-दा સ્વરૂપવાળા ધાતુનું ગ્રહણ થાય છે. તેથી मेंङ् (૬૦૩), मांक् (૧૦૭૩), मांङ्क् (૧૧૩૭) ત્રણે मा ધાતુનું ગ્રહણ થશે.

✡ दो-सो એ પ્રમાણે ઓકારનો નિર્દેશ કરેલો હોવાથી દિવાદિ ગણનાં दोंच् (૧૧૪૮) અને षोंचें (૧૧૫૦) ધાતુ ગ્રહણ થશે.

**तीत्येव** - दादितः = વારંવાર કાપેલ. दो ધાતુનો ૪-૨-૧ થી दा.

दा+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

दादाय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

दादा - बहुलं... ૩-૪-૧૪ થી यङ् પ્રત્યયનો લોપ.

ददा - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

दादा - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં अ નો आ.

दादा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

दादा+इ+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

दादित - इडेत्... ૪-૩-૯૪ થી आ નો લોપ. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી दादितः થશે. એજ પ્રમાણે - दादितवान् અહીં त પ્રત્યયની પૂર્વે इट् આગમ થયેલો હોવાથી તકારાદિ કિત્ પ્રત્યય નથી

તેથી આ સૂત્રથી आ નો इ થયો નથી.

**कितीत्येव** - अवदाता, अवसाता, माता, स्थाता - અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય અથવા तृच् પ્રત્યય છે તે પ્રત્યય કિત્ નથી તેથી આ સૂત્રથી અન્ત્ય आ નો इ થયો નથી.

✡ આ સૂત્ર ईर्व्यञ्जनेऽयपि ૪-૩-૯૭ સૂત્રનું અપવાદ સૂત્ર છે.

## छा-शोर्वा । ૪-૪-૧૨

**અર્થ:-** તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં छो અને शो ધાતુનાં અન્ત્યસ્વરનો इ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अवच्छितः, अवच्छातः = કાપેલ, ક્ષીણ થયેલો. अवछो+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, अवछात - आत्... ૪-૨-૧ થી ओ નો आ, अवछ्छात - स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ, अवच्छात - अघोषे... ૧-૩-૫૦ થી छ् નો च्, अवच्छित - આ સૂત્રથી અન્ત્ય आ નો इ વિકલ્પે, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते..., થી अवच्छितः, अवच्छातः પ્રયોગ થશે. એજ પ્રમાણે - अवच्छितवान्, अवच्छातवान्.

(૨) निशितः, निशातः = તીક્ષ્ણ કર્યું. સાધનિકા ઉપર પ્રમાણે થશે. એજ પ્રમાણે निशितवान्, निशातवान्.

✡ शोंच् ધાતુનાં ओ નો आ થવાથી शात અને शिंगट् ધાતુનો शित એ પ્રમાણે क्त પ્રત્યયાન્ત પ્રયોગો સિદ્ધ હોવા છતાં અહીં शोंच् ધાતુનાં જ અન્ત્ય आ નો વિકલ્પે इ કર્યો તેથી क्तं... ૩-૧-૧૦૫ થી शाताशितम् સમાસ થઈ શક્યો. જો બંને રૂપો જુદાં જુદાં ધાતુનાં હોય તો માત્ર નञ् થી જ ભિન્ન એવા क्त પ્રત્યયાન્ત शात-अशित નો સમાસ ન થઈ શકે.

## शो व्रते । ૪-૪-૧૩

**અર્થ:-** क्त પ્રત્યય પર છતાં વ્રત વિષયક પ્રયોગ હોતે છતે शो ધાતુનાં અન્ત્ય સ્વરનો इ નિત્ય થાય છે.

**વિવેચન** - (૧) संशितं व्रतम् = કઠોર વ્રત, તલવારની ધાર જેવું તીક્ષ્ણ વ્રત. सम्+शो+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, सम्शात - आत्... ૪-૨-૧ થી ओ નો आ, संशात - तौमुमौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર, संशित - આ સૂત્રથી અન્ત્ય आ નો इ, सि પ્રત્યય, सि

નો अम्. અને अम् નાં अ નો લોપ થવાથી संशितम् પ્રયોગ થશે.

(૨) संशितः साधुः = કઠોર વ્રતધારી સાધુ. સાધનિકા ઉપર પ્રમાણે થશે. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી संशितः પ્રયોગ થશે.

**व्रत इति किम् ?** निशातः = તીક્ષ્ણ કર્યું. અહીં વ્રત વિષયક પ્રયોગ નથી તેથી અન્ત્ય आ નો इ નિત્ય ન થતાં ૪-૪-૧૨ થી વિકલ્પે થશે. વ્રત વિષયમાં તો संशात પ્રયોગ થશે જ નહીં.

✡ व्रत વિષયમાં इत्व નો નિત્ય પ્રયોગ કહેલો હોવાથી व्रत શબ્દ ઉક્ત થવાથી व्रत શબ્દનો પ્રયોગ જરૂરી નથી પણ અન્યઅર્થમાં इत्व નો પ્રયોગ પ્રાપ્ત થાય છે તેથી व्रत શબ્દનો પ્રયોગ કર્યો છે.

## हाको हिः क्त्वि । ૪-૪-૧૪

**અર્થઃ-** તકારાદિ કિત્ क्त्वा પ્રત્યય પર છતાં हा ધાતુનો हि આદેશ થાય છે.

**વિવેચન** - हित्वा = ત્યાગ કરીને. ओहांक्-त्यागे (૧૧૩૧) हा+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, हित्वा - આ સૂત્રથી हा નો हि આદેશ.

**क्त्वीति किम् ?** हीनः = છોડેલું. हा+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, हीत - ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई, हीन - सूयत्या... ૪-૨-૭૦ થી त् નો न्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી हीनः થશે. અહીં તકારાદિ કિત્ પ્રત્યય છે પણ क्त्वा પ્રત્યય નથી તેથી આ સૂત્રથી हा નો हि આદેશ થયો નથી.

**तीत्येव** - प्रहाय = છોડીને. प्र+हा+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, प्रहाय - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् આદેશ. અહીં તકારાદિ કિત્ क्त्वा પ્રત્યય નથી त्वा નો यप् આદેશ થયેલો છે તેથી આ સૂત્રથી हा નો हि આદેશ થયો નથી.

✡ हाकः એ પ્રમાણે क् નો નિર્દેશ કરેલો હોવાથી ओहांङ्-गतौ (૧૧૩૬) ધાતુનો નિષેધ થાય છે. તેથી हात्वा એ પ્રમાણે પ્રયોગ થશે.

✡ સૂત્રમાં हाकः એ પ્રમાણે અનુબંધ સહિત ગ્રહણ કરેલો હોવાથી यङ्लुबन्त માં हा નો हि આદેશ નહીં થાય. જેમકે - हा+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય, हाहाय - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ, हहाय - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર

હ્રસ્વ, जहाय - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्, जहाय-नहाको... ૪-૧-૪૯ થી પૂર્વનાં अ નાં आ નો નિષેધ, जहा - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ, जहा+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી त्वा પ્રત્યય, जहा+इ+त्वा - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, जहित्वा-इडेत्... ૪-૩-૯૪ થી आ નો લોપ. કેટલાંક પૂર્વનાં अ નો आ માને છે તેઓનાં મતે जाहित्वा થશે.

✿ हा નાં आ નો इ કરે તો પણ हित्वा રૂપ સિદ્ધ જ હતું પણ ઉત્તરસૂત્ર માટે हि આદેશ કર્યો છે જો ઉત્તરસૂત્રમાં इ કરે તો धित એ પ્રમાણે અનિષ્ટ રૂપ થાત.

## धागः । ૪-૪-૧૫

**અર્થઃ-** તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં धा ધાતુનો हि આદેશ થાય છે.

**વિવેચન** - (૧) विहितः = વિધાન કરેલ. वि+धा+त- क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, विहित - આ સૂત્રથી धा નો हि આદેશ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विहितः થશે. એજ પ્રમાણે - विहितवान्.

(૨) हित्वा = ધારણ કરીને. धा+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, हित्वा - આ સૂત્રથી धा નો हि આદેશ. એજ પ્રમાણે हितिः.

**तीत्येव** - प्रधाय = ધારણ કરીને. અહીં त्वा પ્રત્યયનો यप् આદેશ થયેલો છે. તે તકારાદિ કિત્ નથી તેથી આ સૂત્રથી धा નો हि આદેશ થયો નથી.

✿ ग् કારનો નિર્દેશ કરેલો હોવાથી ट्धें ધાતુની નિવૃત્તિ થાય છે. જેમ કે - धे - ધાતુનું धीतः, धीतवान्, धीत्वा, धीतिः અહીં ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી आ નો ई થયો છે.

✿ સૂત્રમાં धागः એ પ્રમાણે અનુબંધ સહિત નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં धा નો हि આદેશ થતો નથી જેમકે - दाधितः સાધનિકા ૪-૪-૧૧ માં જણાવેલ दादितः પ્રમાણે થશે. પણ અહીં द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં ध् નો द् થશે. એજ પ્રમાણે - दाधितवान्, दाधित्वा વિગેરે પ્રયોગો થશે.

## यपि चाऽदो जग्ध् । ૪-૪-૧૬

**અર્થઃ-** तकारादि કિત્ પ્રત્યય અને यप् પ્રત્યય પર છતાં अद् ધાતુનો जग्ध् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जग्धिः = ખાવું તે. अद्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, जग्ध्+ति - આ સૂત્રથી अद् નો जग्ध् આદેશ, जग्ध्+धि - अधश्च... ૨-૧-૭૯ થી ति નાં त् નો ध्, जग्धि - धुटो... ૧-૩-૪૮ થી जग्ध् નાં ध् નો લોપ. એજ પ્રમાણે - जग्धः, जग्धवान्, जग्ध्वा.

(૨) प्रजग्ध्य = ખાઈને. प्र+अद्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, प्र+अद्+य - अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् આદેશ, प्रजग्ध्य - આ સૂત્રથી अद् નાં जग्ध् આદેશ.

**यपि चेति किम् ?** अदनम् - यप् પ્રત્યય પરમાં હોય તો જ अद् નો जग्ध् આદેશ થાય છે અહીં તો अनट् પ્રત્યય છે તેથી अद् નો जग्ध् આદેશ થયો નથી.

**तीत्येव** - अद्यात् - અહીં આશીર્વાદનો क्यात् પ્રત્યય કિત્ છે પણ तकारादि કિત્ નથી તેથી આ સૂત્રથી अद् નો जग्ध् આદેશ થયો નથી.

**कितीत्येव** - अत्तव्यम् - અહીં तव्य પ્રત્યય तकारादि છે પણ કિત્ નથી તેથી આ સૂત્રથી अद् નો जग्ध् આદેશ થયો નથી.

✡ अन्न શબ્દ अनक्-प्राणने (૧૦૮૯) ધાતુ પરથી पा-धा-पन्यनि... ૨૫૮ ઉણાદિથી न લાગીને બનેલો છે અથવા अदोऽनन्नात् ૫-૧-૧૫૦ સૂત્ર જ્ઞાપક હોવાથી अद्यते यद् तत् - अन्नम् પણ બનશે.

✡ प्रजग्ध्य રૂપમાં अद् નો जग्ध् આદેશ એ એકપદને આશ્રયીને થતો હોવાથી અંતરંગ વિધિ છે. અને यप् આદેશ त्वा પ્રત્યયને અને પૂર્વપદ-ઉત્તરપદને (એમ બે પદને) આશ્રયીને થતો હોવાથી બહિરંગ વિધિ છે. એથી त्वा પ્રત્યયનો यप् આદેશ થાય તે પહેલાં જ तकारादि કિત્ क्त्वा પ્રત્યય પર છતાં अद् નો जग्ध् આદેશ સિદ્ધ જ છે તેથી "यपि च" એમ કહેવાની જરૂર નથી. છતાં પણ સૂત્રમાં જે "यपि च" એ પ્રમાણે કહ્યું છે તે "अन्तरंगानपि विधीन् यबादेशो बाधते" અંતરંગવિધિનો બહિરંગ એવો यप् આદેશ બાધ કરે છે એ ન્યાયને જણાવવા માટે કહ્યું છે. તેથી પહેલાં त्वा નો यप् આદેશ થશે અને यप् થયા પછી तकारादि કિત્ પ્રત્યય પરમાં છે જ નહીં તો प्रजग्ध्य

રૂપની સિદ્ધિ નહીં થાય માટે સૂત્રમાં "यपि च" કહ્યું છે તે સાર્થક છે. આ ન્યાયનું ફળ દર્શાવતાં ઉદાહરણો - (૧) प्रशम्य - अहन्... ૪-૧-૧૦૭ થી થતાં દીર્ઘત્વનો (૨) प्रपृच्छ्य - अनुनासिके... ૪-૧-૧૦૮ થી થતાં च्छ् નાં श् નો (૩) प्रदीव्य - अनुनासिके... ૪-૧-૧૦૮ થી થતાં व् નાં ऊट् નો (૪) प्रखन्य - आःखनि... ૪-૨-૬૦ થી થતાં आ નો (૫) प्रस्थाय - दोसो... ૪-૪-૧૧ થી થતાં इत्व નો (૬) प्रपाय - ईर्व्यञ्जने... ૪-૩-૯૭ થી થતાં ईत्व નો (૭) प्रदाय - प्राद्... ૪-૪-૭ થી થતાં त् નો (૮) प्रधाय - धागः ૪-૪-૧૫ થી થતાં हि નો (૯) प्रपठ्य - स्ताद्य... ૪-૪-૩૨ થી થતાં इट् નો यप् આદેશ બાધ કરે છે.

## घस्लृ सनद्यतनी-घञचलि । ૪-૪-૧૭

**અર્થઃ**- सन्, अद्यतनी, घञ्, अच् અને अल् પ્રત્યય પર છતાં अद् ધાતુનો घस्लृ (घस्) આદેશ થાય છે.

**વિવેચન** - (૧) जिघत्सति = તે ખાવાની ઈચ્છા કરે છે.

अद्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

घस्+स - આ સૂત્રથી अद् નો घस् આદેશ.

घघस्+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

गघस्+स - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં घ् નો ग्.

जघस्+स - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

जिघस्+स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

जिघत्स - सस्तः सि ૪-૩-૯૨ થી घस् નાં स् નો त्.

तिव्-शव् પ્રત્યય लुगस्या... થી जिघत्सति થશે.

(૨) अघसत् = તેણે ખાધું.

अद्+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

घस्+द् - આ સૂત્રથી अद् નો घस् આદેશ.

घस्+अ+द् - लृदिद्... ૩-૪-૬૪ થી अङ् પ્રત્યય.

अघसद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अघसत् :- विरामे वा १-३-५१ થી द् નો त्.

(૩) घासः = ખાવું તે. अद्+अ - भावाकर्त्रोः ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, घस्+अ - આ સૂત્રથી अद् નો घस् આદેશ, घास - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી घासः થશે.

(૪) प्रघसः = ખાનાર. प्र+अद्+अ - अच् ૫-૧-૪૯ થી अच् પ્રત્યય, प्रघस - આ સૂત્રથી अद् નો घस् આદેશ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रघसः થશે.

(૫) प्रघसः = ખાવું તે. प्रादनम् અર્થમાં भूश्र्यदोऽल् ૫-૩-૨૩ થી अल् પ્રત્યય, સાધનિકા प्रघसः પ્રમાણે થશે.

✡ घस्लृं-अदने (૫૪૪) ધાતુથી આ બધા રૂપો સિદ્ધ જ હતાં પણ सन्नन्त, અદ્યતની, घञ्, अच् અને अल् પ્રત્યય પર છતાં अद् થી થતાં રૂપોની નિવૃત્તિ માટે છે. એટલે કે अद् નો घस् આદેશ થઈને જ રૂપો થશે.

✡ घस्लृ માં लृ ઇત્ અદ્યતનીમાં अङ् પ્રત્યયની પ્રાપ્તિ માટે છે.

## परोक्षायां नवा । ४-४-१८

**અર્થ:-** પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં अद् ધાતુનો घस् આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) जक्षुः, आदुः = તેઓએ ખાધું. जक्षुः ની સાધનિકા ૪-૨-૪૪ માં કરેલી છે અને आदुः ની સાધનિકા ૪-૧-૬૮ માં કરેલી છે. એજ પ્રમાણે - जघास, आद - जक्षतुः, आदतुः પ્રયોગ થશે.

✡ घस् ધાતુનું जघास અને अद् ધાતુનું आद રૂપ સિદ્ધ હોવા છતાં વિકલ્પ કર્યો તે अद् ધાતુનો घस् આદેશ પરોક્ષા સિવાય બીજા પ્રત્યયો પર છતાં નહીં કરવા માટે છે. તેથી શ્વસ્તનીમાં घस्ता, मरक् પ્રત્યય પર છતાં घस्मरः એ घस् ધાતુનાં પ્રયોગો છે પણ अद् નાં घस आदेशનાં નહીં. કારણ કે अद् ધાતુનો मरक् પ્રત્યય પર છતાં अद्मरः પ્રયોગ થાય છે.

## वेर्वय् । ४-४-१९

**અર્થ:-** પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં वे ધાતુનો वय् વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) ऊयुः, ववुः = તેઓએ વણ્યું. ऊयुः ની સાધનિકા ૪-૧-

૭૩ માં કરેલી છે અને વવુઃ ની સાધનિકા ૪-૧-૭૫ માં કરેલી છે.

✡ ऊयुः - અહીં न वयोय् ૪-૧-૭૩ થી ય્વૃત્ નો નિષેધ થયેલો છે. ववुः - અહીં अविति वा ૪-૧-૭૫ થી ય્વૃત્ નો નિષેધ થયેલો છે.

## ऋः शॄ-दॄ-प्रः । ૪-૪-૨૦

**અર્થઃ**- પરોક્ષાનાં પ્રત્યયો પર છતાં શ઼-દૃ અને પૃ ધાતુનાં અન્ત્ય ॠ નો ऋ આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) विशश्रतुः, विशशरतुः = તે બેએ હિંસા કરી. शॄश्-हिंसायाम् (૧૫૩૧)

विशॄ+अतुस् - णव्... ૩-૩-૧૨ થી अतुस् પ્રત્યય.

विशॄ+अतुस् - इन्ध्य... ૪-૩-૨૧ થી अतुस् ને કિદ્વદ્ભાવ.

विशृ+अतुस् - આ સૂત્રથી ॠ નો ऋ આદેશ.

विशृशृ+अतुस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

विशशृ+अतुस् - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

विशश्रतुस् - इवर्णादे... ૧-૨-૨૧ થી ऋ નો र्.

सोरुः, रःपदान्ते... થી विशश्रतुः થશે. આ સૂત્રથી જ્યારે ॠ નો ऋ ન થાય ત્યારે ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થશે અને स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर् થવાથી विशशरतुः પ્રયોગ થશે. એજ પ્રમાણે -

(૨) विदद्रतुः, विददरतुः = તે બેએ ફાડ્યું. दृश्-विदारणे (૧૫૩૫)

(૩) विपप्रतुः, विपपरतुः = તે બેએ પાલન કર્યું. पृश्-पालनपूरणयोः (૧૫૩૨)

✡ विशशार - णव् પ્રત્યય પર છતાં આ સૂત્રથી ॠ નો ऋ કરે છતે नामिनो... ૪-૩-૫૧ થી ऋ ની વૃદ્ધિ आर् થવાથી विशशार થશે અને આ સૂત્રથી ॠ નો ऋ આદેશ ન કરે તો પણ नामिनो... ૪-૩-૫૧ થી ॠ ની વૃદ્ધિ आर् થવાથી विशशार પ્રયોગ થશે. બન્ને રીતે રૂપો સમાન જ થશે. એજ પ્રમાણે - विददार, निपपार.

✡ विशशरतुः, विददरतुः, निपपरतुः આ પ્રયોગો शॄश् વિગેરે ધાતુનાં ॠ નો स्कृ... ૪-૩-૮ થી ગુણ કરાએ છતે સિદ્ધ છે. અને विशश्रतुः,

विदद्रतुः, निपप्रतुः પ્રયોગો श्रां-पाके (૧૦૬૫), द्रां-कुत्सितगतौ (૧૦૬૬), प्रांक्-पूरणे (૧૦૭૨) થી સિદ્ધ છે તો પછી આ સૂત્રની જરૂર નથી છતાં સૂત્ર બનાવ્યું છે તે क्वसु પ્રત્યયાન્ત પ્રયોગો સિદ્ધ કરવા માટે બનાવ્યું છે. જો આ સૂત્રથી ॠ નો ऋ આદેશ ન થાય તો માત્ર એક જ विशिशीर्वान्, विदिदीर्वान्, निपुपूर्वान् પ્રયોગ થાત પણ विशश्रृवान्, विददृवान्, निपपृवान् પ્રયોગ ન થાત એટલે क्वसु પ્રત્યય પરે છતાં બે પ્રયોગોની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની જરૂર છે.

## हनो वध आशिष्यञौ । ૪-૪-૨૧

**અર્થઃ-** આશીર્વાદનાં વિષયમાં ञिट् પ્રત્યયનો વિષય ન હોય તો हन् ધાતુનો वध આદેશ થાય છે.

**વિવેચન** - वध्यात् = તે વધ કરે. हन्+यात्- क्यात्... ૩-૩-૧૩ થી क्यात् પ્રત્યય, वधयात् - આ સૂત્રથી हन् નો वध આદેશ, वध्यात् - अतः ૪-૩-૮૨ થી वध નાં अ નો લોપ.

**अञाविति किम् ?** घानिषीष्ट = તે વધ કરે. સાધનિકા ૩-૪-૬૮ માં જણાવેલ घानिष्यते પ્રમાણે થશે. ञिट् નાં વિકલ્પપક્ષે वधिषीष्ट પ્રયોગ થાય ત્યારે वध ધાતુનાં अ નો લોપ થયા પછી સ્થાનિવદ્ ભાવનાં કારણે वध અનેકસ્વરી હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થાય છે.

✡ પરોક્ષાની નિવૃત્તિ થવાથી वा ની પણ નિવૃત્તિ થઈ છે.

## अद्यतन्यां वा त्वात्मने । ૪-૪-૨૨

**અર્થઃ-** અદ્યતનીનાં વિષયમાં हन् ધાતુનો वध આદેશ થાય છે પરન્તુ આત્મનેપદનાં વિષયમાં हन् ધાતુનો वध આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अवधीत् = તેણે હણ્યો.

हन्+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

वध+द् - આ સૂત્રથી हन् નો वध આદેશ.

वध+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

वध+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

वधि+स्+द् - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

वधि+स्+ईद् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ.

वधि+ईद् - इट्ईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अवधि+ईद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अवधीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

अवधीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) आवधिष्ट, आहत = તેણે આઘાત કર્યો. आवधिष्ट ની સાધનિકા ૩-૪-૬૯ માં જણાવેલ अवधिषाताम् પ્રમાણે થશે. પરન્તુ आताम् ને બદલે त પ્રત્યય થશે. અને तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट् થશે. તથા आहत ની સાધનિકા ૪-૩-૩૭ માં જણાવેલ समगत પ્રમાણે થશે. પરન્તુ धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ થશે. અહીં આત્મનેપદનો વિષય છે તેથી આ સૂત્રથી हन् નો वध આદેશ વિકલ્પે થયો છે.

**अद्यतन्यामिति किम् ?** आजघ्ने = હણ્યો. हन्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય, हन्+ए - इन्ध्य... ૪-૩-૨૧ થી ए ને કિદ્વદ્ભાવ, हन्हन्+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી દ્વિત્વ, हहन्+ए - व्यञ्जन... ૪-૧-૪૪ થી न् નો લોપ, जहन्+ए - गहोर्जः ૪-૧-૪૦ થી ह નો ज, जह्न्+ए - गमहन... ૪-૨-૪૪ થી हन् નાં अ નો લોપ, जघ्ने - अङे... ૪-૧-૩૪ થી ह् નો घ्. आ+जघ्ने = आजघ्ने અહીં અદ્યતનીનો વિષય નથી પરોક્ષાનો વિષય છે તેથી આ સૂત્રથી हन् નો वध આદેશ થયો નથી.

## इणिकोर्गा । ૪-૪-૨૩

**અર્થઃ-** અદ્યતનીનાં વિષયમાં इण् અને इक् ધાતુનો गा આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अगात् = તે ગયો. इंण्क्-गतौ (૧૦૭૫) સાધનિકા ૩-૪-૫૯ માં જણાવેલ अधात् પ્રમાણે થશે. પણ ૪-૨-૧ સૂત્ર નહીં લાગે અને सिच् નો લોપ पिबैति... ૪-૩-૬૬ થી થશે. એજ પ્રમાણે-

(૨) अध्यगात् = તે ભણ્યો. इंक्-स्मरणे (૧૦૭૪) સાધનિકા ૪-૩-૬૬ માં છે.

✡ વિષય વ્યાખ્યાન વિના अगात् પ્રયોગમાં सिच् નો લોપ થયા પછી गा આદેશ થાય પણ अगायि પ્રયોગમાં ञिच् નું વ્યવધાન હોવાથી गा

આદેશ ન થાત માટે અદ્યતનીનાં વિષયમાં એ પ્રમાણે કહ્યું છે.

## णावज्ञाने गमुः । ૪-૪-૨૪

**અર્થ:-** णि પ્રત્યય પર છતાં જ્ઞાન અર્થને વર્જીને અન્ય અર્થમાં વર્તતાં इण् અને इक् ધાતુનો गमु (गम्) આદેશ થાય છે.

**વિવેચન** - (૧) गमयति = સ્મરણ કરાવે છે, પહોંચાડે છે.

इ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

गम्+इ - આ સૂત્રથી इ નો गम् આદેશ.

गामि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

गमि - अमोऽकमि... ૪-૨-૨૬ થી आ નું હ્રસ્વ अ.

गमि+ति - तिव्... ૩-૩-૬ થી ति પ્રત્યય.

गमि+अ+ति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય.

गमे+अ+ति - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

गमयति - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्. એજ પ્રમાણે -

(૨) अधिगमयति = તે સમજાવે છે, પ્રાપ્ત કરાવે છે, યાદ કરાવે છે.

**अज्ञान इति किम् ?** अर्थान् प्रत्याययति = અર્થોને જણાવે છે.

प्रति+इं+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

प्रति+ऐ+इ - नामिनो... ૪-૩-૫૧ થી इ ની વૃદ્ધિ ऐ.

प्रति+आयि - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

प्रत्यायि - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

હવે પછીની સાધનિકા गमयति પ્રમાણે થશે. અહીં જ્ઞાન અર્થ છે તેથી આ સૂત્રથી इ નો गमु આદેશ થયો નથી. इंक् ધાતુ જ્ઞાનાર્થક હોવાથી इण् ધાતુ જ અજ્ઞાનાર્થક સમજવો. अज्ञानार्थक વિશેષણ इण् ધાતુનું જ છે. इंक् માં અજ્ઞાનનો સંભવ ન હોવાથી.

✡ गमु માં उકાર છે તેની स्वरहन... ૪-૧-૧૦૪ સૂત્રમાં વિશેષતા જણાય છે. એ સૂત્રમાં संजिगांसते રૂપ इण्-इक् ધાતુનાં गमु આદેશનું છે પણ गम् ધાતુનું નથી.

✿ णौ એ પ્રમાણે વિષય સપ્તમી હોવાથી अजीगमत् રૂપની સિદ્ધિ થઈ. નહીં તો गम् આદેશ કરાએ છતે "णौ यत्कृतं कार्यं तत् स्थानिवद् भवति" એ ન્યાયથી णि પર છતાં કરાએલો गम् આદેશ સ્થાનિવદ્ થવાથી इ જ મનાય અને इ નું દ્વિત્વ થાત પણ गम् નું દ્વિત્વ ન થાત અને अजीगमत् રૂપની સિદ્ધિ ન થાત.

✿ गमयति પ્રયોગ તો गम् ધાતુથી પણ સિદ્ધ હતો છતાં આ સૂત્રમાં इण् અને इक् નો गम् આદેશ કર્યો તે इक् ધાતુને અજ્ઞાનાર્થકથી અન્યત્ર (જ્ઞાનાર્થકમાં) અને इण् ધાતુને અજ્ઞાનાર્થકમાં णि પર છતાં इ નાં રૂપો ન કરતાં गम् નાં જ કરવા એ જણાવવા માટે જ इण् અને इक् નો गम् આદેશ કર્યો છે.

## सनीङश्च । ૪-૪-૨૫

**અર્થઃ**- सन् પ્રત્યય પર છતાં इङ्, इक् અને અજ્ઞાનાર્થક इण् ધાતુને गमु આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अधिजिगांसते = ભણવાની ઈચ્છા કરે છે. इंङ्क्-अध्ययने (૧૧૦૪) સાધનિકા ૪-૧-૧૦૪ માં જણાવેલ जिघांसति પ્રમાણે થશે. પરંતુ અહીં તે પ્રત્યય થશે અને ૪-૧-૩૪ સૂત્ર નહીં લાગે.

(૨) जिगमिषति ग्रामम् = ગામ જવાની ઇચ્છા કરે છે.

इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

गम्+स - આ સૂત્રથી इ નો गमु આદેશ. સાધનિકા ૩-૪-૨૧ માં જણાવેલ जिगमिषति પ્રમાણે થશે.

(૩) अधिजिगमिषति मातुः = માતાનું સ્મરણ કરવાની ઈચ્છા કરે છે.

अधि+इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अधिगम्+स - આ સૂત્રથી इ નો गमु આદેશ. સાધનિકા ૩-૪-૨૧ માં જણાવેલ जिगमिषति પ્રમાણે થશે.

**अज्ञान इत्येव** - अर्थान् प्रतीषिषति = અર્થોને જણાવવાની ઈચ્છા કરે છે. સાધનિકા ૩-૪-૨૧ માં કરેલી છે. તેની વિશેષ સમજુતી ૪-૧-૩ માં આપેલી છે. અહીં અજ્ઞાન અર્થ નથી જ્ઞાન અર્થ છે તેથી આ સૂત્રથી इ નો गमु આદેશ થયો નથી.

## गाः परोक्षायाम् । ४-४-२६

**અર્થ**:- પરોક્ષાનાં વિષયમાં इङ् ધાતુનો गा આદેશ થાય છે.

**વિવેચન** - अधिजगे = તે ભણ્યો. इङ्क्-अध्ययने (૧૧૦૪)

अधि+इ - अधिगा - આ સૂત્રથી इ નો गा આદેશ.

अधिगा+ए- णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

अधिगागा+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

अधिगगा+ए - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

अधिजगा+ए - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्.

अधिजगे - इडेत्... ૪-૩-૯૪ થી गा નાં आ નો લોપ.

✿ સૂત્રમાં પરોક્ષાવિષયે એ પ્રમાણે વિષય નિર્દેશ કરેલો હોવાથી अधि+इ ધાતુને પરોક્ષાનાં પ્રત્યયો લાગે તે પહેલાં જ આ સૂત્રથી इ નો गा આદેશ થઈ જાય છે તેથી गा આદેશનું જ દ્વિત્વ થયું. प्राक् तु स्वरे स्वरविधेः એ પંક્તિ હવે નહીં લાગી શકે. એટલે સ્વરાદિ પ્રત્યય પર છતાં પહેલાં ધાતુ દ્વિત્વ થાય અને પછી સ્વરવિધિ થાય એવું જે ૪-૧-૧સૂત્રમાં કહ્યું છે તે હવે પરોક્ષાનાં વિષયમાં गा આદેશ થવાથી गा નું જ દ્વિત્વ થશે. પણ इ ધાતુનું દ્વિત્વ નહીં થાય.

## णौ सन्-ङे वा । ४-४-२७

**અર્થ**:- सन् અને ङ પ્રત્યય પરમાં છે જેને એવો णि પ્રત્યય પર છતાં इङ् ધાતુનો गा આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अधिजिगापयिषति, अध्यापिपयिषति = ભણાવવાની ઈચ્છા કરે છે.

अधि+इ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

अधि+इ+इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अधिगा+इ+स - આ સૂત્રથી इ ધાતુનો गा આદેશ.

अधिगापि+स - अर्त्ति... ૪-૨-૨૧ થી पु આગમ.

अधिगागापि+स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

अधिगगापि+स - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

अधिजगापि-स - गहोर्जः ४-१-४० थी पूर्वनां ग् नो ज्.

अधिजिगापि+स - सन्यस्य ४-१-५९ थी पूर्वनां अ नो इ.

अधिजिगापि+इ+स - स्ताद्य... ४-४-३२ थी इट् આગમ.

अधिजिगापे+इ+स - नामिनो... ४-३-१ थी इ नो ગુણ ए.

अधिजिगापयिस - एदैतो... १-२-२३ थी ए नो अय्.

अधिजिगापयिष - नाम्यन्त... २-३-१५ थी स् नो ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... थी अधिजिगापयिषति થશે. અહીં णौक्रीजीङः ४-२-१० थी इ ધાતુનો आ અને अर्त्ति... ४-२-२१ थी पु નો આગમ એ બન્ને અંતરંગવિધિનો આ સૂત્ર અપવાદ હોવાથી આ સૂત્રથી आत्व અને पु આગમનો બાધ કરીને પહેલાં જ गा આદેશ થયો છે. અને પછી अर्त्ति.... ४-२-२१ पु આગમ થયો છે. અથવા

अधि+इ+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् પ્રત્યય.

अधिआ+इ - णौ क्री... ४-२-१० थी इ नो आ.

अधिआप्+इ - अर्त्ति... ४-२-२१ थी पु આગમ.

अधिआप्+इ+स - तुमर्हा... ३-४-२१ थी सन् પ્રત્યય.

अधिगा+इ+स - આ સૂત્રથી आप् नो गा આદેશ.

अधिगापि+स - अर्त्ति... ४-२-२१ थी पु આગમ.

હવે પછીની સાધનિકા ઉપર પ્રમાણે થશે. આ રીતે પણ अधिजिगापयिषति પ્રયોગ થશે. અહીં यावत्संभवस्तावद्विधिः એ ન્યાયથી पु આગમ બે વાર થયો છે. જ્યારે આ સૂત્રથી इ નો गा આદેશ ન થાય ત્યારે - अधि+आप्+स - સુધી ઉપર પ્રમાણે થશે.

अध्यापि+स - इवर्णादे... १-२-२१ थी इ नो य्.

अध्यापिपि+स - स्वरादे... ४-१-४ थी દ્વિતીય અંશ દ્વિત્વ.

अध्यापिपि+इस - स्ताद्य... ४-४-३२ थी इट् આગમ.

अध्यापिपे+इस - नामिनो... ४-३-१ थी इ नो ગુણ ए.

अध्यापिपयिस - एदैतो... १-२-२३ थी ए नो अय्.

अध्यापिपयिष - नाम्य... २-३-१५ थी स् नो ष्.

तिव्-शव् प्रत्यय, लुगस्या... थी अध्यापिपयिषति थशे.

(૨.) अध्यजीगपत्, अध्यापिपत् = ભણાવ્યું.

अधि+इ+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ थी णिग् प्रत्यय.

अधि+इ+इ+द् - दिताम्... ૩-૩-૧૧ थी दि प्रत्यय.

अधि+इ+इ+अ+द् - णिश्रि... ૩-૪-૫૮ थी ङ प्रत्यय.

अधिगा+इ+अ+द् - આ સૂત્રથી इ ધાતુનો गा આદેશ.

अधिगापि+अ+द् - अर्त्ति... ૪-૨-૨૧ थी पु આગમ.

अधिगपि+अ+द् - उपान्त्यस्या... ૪-૨-૩૫ थी ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ.

अधिगगपि+अ+द् - आद्योंश... ૪-૧-૨ थी આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

अधिजगपि+अ+द् - गहोर्जः ૪-૧-૪૦ थी પૂર्वनां ग् नो ज्.

अधिजगपि+अ+द् - असमान... ૪-૧-૬૩ थी સન્વદ્ભાવ.

अधिजिगपि+अ+द् - सन्यस्य ૪-૧-૫૯ थी પૂર્વનાં अ नो इ.

अधिजीगपि+अ+द् - लघो... ૪-૧-૬૪ थी પૂર્વનો इ દીર્ઘ.

अधिजीगपद् - णेरनिटि ૪-૩-૮૩ थी णिग् नो લોપ.

अधिअजीगपद् - अड्... ૪-૪-૨૯ थी अट् આગમ.

अध्यजीगपद् - इवर्णादि... ૧-૨-૨૧ थी इ नो य्.

अध्यजीगपत् - विरामे वा ૧-૩-૫૧ थी द् नो त्. જ્યારે આ સૂત્રથી इ ધાતુનો गा આદેશ ન થાય ત્યારે अधि+इ+इ+अ+द् સુધી ઉપર પ્રમાણે થશે.

अधि+आ+इ+अ+द् - णौक्री... ૪-૨-૧૦ थी इ ધાતુનો आ આદેશ.

अधि+आपि+अ+द् - अर्त्ति... ૪-૨-૨૧ थी पु આગમ.

अधि+आपि+अ+द् - स्वरादेः... ૪-૧-૩૧ थी आ नी વૃદ્ધિ आ.

अध्यापि+अ+द् - इवर्णादि... ૧-૨-૨૧ थी इ नो य्.

अध्यापिपि+अ+द् - स्वरादेः... ૪-૧-૪ थी દ્વિતીય અંશ દ્વિત્વ.

अध्यापिपद् - णेरनिटि ૪-૩-૮૩ थी णिग् नो લોપ.

अध्यापिपत् - विरामे वा ૧-૩-૫૧ थी द् नो त्.

**णाविति किम् ?** अधिजिगांसते = ભણવાને ઈચ્છે છે. સાધનિકા ૪-૧-૧૦૪ માં જણાવેલ जिघांसति પ્રમાણે થશે પરન્તુ અહીં ते પ્રત્યય થશે અને ૪-૧-૩૪ સૂત્ર નહીં લાગે. અહીં सन् પ્રત્યય છે પણ णि થી પરમાં सन् નથી તેથી આ સૂત્રથી इ ધાતુનો गा આદેશ થયો નથી.

**सनङ इति किम् ?** अध्यापयति = તે ભણાવે છે. સાધનિકા ૪-૨-૧૦ માં કરેલી છે. અહીં णि પ્રત્યય છે પણ તેનાથી પરમાં सन् કે ङ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી इ ધાતુનો गा આદેશ થયો નથી.

## वाऽद्यतनी-क्रियातिपत्त्योर्गीङ् । ૪-૪-૨૮

**અર્થઃ-** અદ્યતની અને ક્રિયાતિપત્તિનાં પ્રત્યયો પર છતાં इङ् ધાતુનો गीङ् (गी) આદેશ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अध्यगीष्ट, अध्यैष्ट = ભણ્યો.

अधि+इ+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अधि+गी+त - આ સૂત્રથી इ ધાતુનો गी આદેશ.

अधि+अगी+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अध्यगी+त - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

अध्यगी+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अध्यगीष्+त - नाम्यन्तस्था... ૨-૩-૧૫ થી स् નો ष्.

अध्यगीष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. જ્યારે આ સૂત્રથી इ ધાતુનો गी આદેશ ન થાય ત્યારે -

अधि+इ+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

अधि+ऐ+त - स्वरादेः... ૪-૪-૩૧ થી આદિ સ્વરની વૃદ્ધિ ऐ.

अध्यै+त - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्. હવે પછીની સાધનિકા ઉપર પ્રમાણે થશે. अध्यगीषाताम्, अध्यैषाताम्-अध्यगीषत, अध्यैषत.

(૨) अध्यगीष्यत, अध्यैष्यत = (ભણાવ્યું હોત તો) તે ભણત.

अधि+इ+स्यत - स्यत्... ૩-૩-૧૬ થી स्यत પ્રત્યય.

अधि+गी+स्यत - આ સૂત્રથી इ ધાતુનો गी આદેશ.

अधि+अगी+स्यत - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अध्यगीस्यत - इवर्णादेः... ૧-૨-૨૧ થી इ નો य्.

अध्यगीष्यत - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्. જ્યારે गी આદેશ ન થાય ત્યારે -

अधि+इ+स्यत - स्यत्... ૩-૩-૧૬ થી स्यत પ્રત્યય.

अधि+ऐ+स्यत - स्वरादेः... ૪-૪-૩૧ થી આદિ સ્વરની વૃદ્ધિ ऐ.

अध्यैस्यत - इवर्णादि... ૧-૨-૨૧ થી इ નો य्.

अध्यैष्यत - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्. એજ પ્રમાણે - अध्यगीष्येताम्, अध्यैष्येताम् - अध्यगीष्यन्त, अध्यैष्यन्त.

✡ गीङ् આદેશમાં ङ्कार છે તે ગુણનાં નિષેધ માટે જ છે. गीङ् નાં વિધાન સામર્થ્યથી ગુણ નથી થયો એમ ન કહેવું કેમકે જો વિધાન સામર્થ્યથી ગુણ ન થાય તેમ કહીએ તો अध्यगायि માં વૃદ્ધિ પણ ન થઈ શકે.

✡ इ ધાતુનો गीङ् આદેશ કરવો એ અંતરંગવિધિ હોવાથી सिच् પ્રત્યયની પહેલાં જ गीङ् આદેશ કરવો.

## अड्धातोरादिर्ह्यस्तन्यां चामाऽङा । ४-४-२९

**અર્થ:-** माङ् નો યોગ ન હોય તો ह्यस्तनी, અદ્યતની અને ક્રિયાતિપત્તિનાં વિષયમાં ધાતુની આદિમાં अट् થાય છે.

**વિવેચન** - (૧) अयात् = તે ગયો. या+द् - दिव्ताम्... ૩-૩-૯ થી द् પ્રત્યય, अयाद् - આ સૂત્રથી अट् આગમ, अयात् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) अयासीत् = તે ગયો. या+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય, अया+द् - આ સૂત્રથી अट् આગમ, अया+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય, अयासीद् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ, अयासीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૩) अयास्यत् = તે ગયો હોત. या+स्यत् - स्यत्... ૩-૩-૧૬ થી स्यत् પ્રત્યય, अयास्यत् - આ સૂત્રથી अट् આગમ.

**अमाङेति किम् ?** मा स्म कार्षीत् = ન કરો. સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પરન્તુ ऋ ની વૃદ્ધિ आर् થશે.

અહીં मा નો યોગ હોવાથી આ સૂત્રથી अट् નો આગમ થયો નથી. એજ પ્રમાણે - मा स्म करोत् આ હ્યસ્તનીનો પ્રયોગ છે તેમાં પણ मा નો યોગ હોવાથી આ સૂત્રથી अट् નો આગમ થયો નથી.

**धातोरिति किम् ?** प्रायाः = તું ગયો. प्र+या+स् - દિવ્... ૩-૩-૯ થી सिव् પ્રત્યય, प्र+अयास् - આ સૂત્રથી अट् આગમ, प्रायास् - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ, सोरुः, रःपदान्ते... થી प्रायाः થશે. અહીં या ધાતુની પૂર્વે प्र એ ઉપસર્ગ છે તેથી अट् નો આગમ या ધાતુની પૂર્વે થયો પણ ઉપસર્ગ એવા प्र ની પૂર્વે થતો નથી. તેથી प्रायाः પ્રયોગ થાય પણ अप्रयाः એવો અનિષ્ટ પ્રયોગ નહીં થાય.

✡ સૂત્રમાં હ્યસ્તની વિગેરેનાં વિષયમાં अट् થાય છે એ પ્રમાણે વિધાન કરેલું હોવાથી ધાતુ અને હ્યસ્તની વિગેરેનાં પ્રત્યયની વચ્ચે शव् વિગેરે પ્રત્યયનું વ્યવધાન હોય તો પણ ધાતુની પૂર્વે अट् થાય છે જેમકે - अकरोत् માં उ વિકરણ પ્રત્યયનું અને अकरिष्यत् માં इट् નું વ્યવધાન છે છતાં પણ अट् નો આગમ થયો છે. જો હ્યસ્તની વિગેરેનાં પ્રત્યય પરમાં હોતે છતે જ अट् નું વિધાન કર્યું હોત તો માત્ર अहन्, अभोत्स्यत વિગેરે પ્રયોગોમાં જ अट् આગમ થાત.

## एत्यस्तेर्वृद्धिः । ४-४-३०

**અર્થઃ-** माङ् નો યોગ ન હોય તો હ્યસ્તની નાં વિષયમાં इण्, इक् અને अस् ધાતુનાં આદિસ્વરની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) आयन् = તેઓ ગયા. इ+अन् - दिव्ताम्... ૩-૩-૯ થી अन् પ્રત્યય, ऐ+अन् - આ સૂત્રથી इ ની વૃદ્ધિ ऐ, आयन् - एदैतो... ૧-૨-૨૩ થી ऐ નો आय्.

(૨) अध्यायन् = તેઓએ સ્મરણ કર્યું. સાધનિકા आयन् પ્રમાણે થશે.

(૩) आस्ताम् = તેઓ બે હતાં. अस्+ताम् - दिव्ताम्... ૩-૩-૯ થી ताम् પ્રત્યય, आस्ताम् - આ સૂત્રથી अ ની વૃદ્ધિ आ.

**अमाङ्त्येव** - मा स्म ते यन् = તેઓ ન જાય. इ+अन् - दिव्ताम्... ૩-૩-૯ થી अन् પ્રત્યય, यन् - ह्विणो... ૪-૩-૧૫ થી इ નો य्. અહીં मा નો યોગ હોવાથી આ સૂત્રથી આદિસ્વર इ ની વૃદ્ધિ થઈ નથી.

✿ इण्,- इक् અને अस् ધાતુનાં આદિસ્વરની વૃદ્ધિ હ્યસ્તનીનાં વિષયમાં स्वरादेः... ૪-૪-૩૧ થી થાય જ છે. તેથી આ સૂત્રની રચના વ્યર્થ થઈ જાય છે. પરન્તુ વૃદ્ધિની પહેલાં इण् ધાતુનાં इ નો य् ह्विणो... ૪-૩-૧૫ થી થાય અને अस् ધાતુનાં अ નો લોપ श्ना... ૪-૨-૯૦ થી થાય તો હવે ધાતુ સ્વરાદિ ન હોવાથી स्वरादेः... ૪-૪-૩૧ થી વૃદ્ધિની પ્રાપ્તિ ન થવાથી આ સૂત્રની રચના સાર્થક છે.

જોકે स्वरादे... ૪-૪-૩૧ થી જે વૃદ્ધિ થાય છે તે પણ હ્યસ્તની વિગેરેનાં વિષયમાં જ થાય છે તેથી इ નો य् અને अस् નાં अ નાં લોપ રૂપ કાર્ય કર્યાં પહેલાં જ વૃદ્ધિ કરી લેવાથી પણ આ સૂત્રની રચના વ્યર્થ પડે છે. વ્યર્થ પડીને સૂત્ર જણાવે છે કે "कृतेऽन्यस्मिन् धातुप्रत्ययकार्ये पश्चाद् वृद्धिस्तद्बाध्योऽट् च" એ ન્યાયથી ધાતુ અને પ્રત્યય સંબંધી અન્ય તમામ કર્યો કરીને પછી જ વૃદ્ધિ કરાય અને अट् તો વૃદ્ધિ કર્યા પછી કરાય છે. તેથી હવે य् અને अ નો લોપ કર્યા પછી ૪-૪-૩૧ થી વૃદ્ધિની પ્રાપ્તિ જ નથી રહેતી માટે આ સૂત્રની રચના સાર્થક જ છે. એથી ऐयरुः, अध्यैयत પ્રયોગ બની શક્યા. આ પ્રયોગોમાં धातो... ૨-૧-૫૦ થી इ નો इय् આદેશ કરાય કે ન કરાય તો પણ स्वरादेः... ૪-૪-૩૧ થી વૃદ્ધિ થવાની જ છે. એટલે વૃદ્ધિ થવી એ નિત્યવિધિ હોવા છતાં આ ન્યાયથી પહેલાં धातो... ૨-૧-૫૦ થી इय् આદેશ કરવો અને પછી જ વૃદ્ધિ કરવી. નહીં તો आरुः, अध्यायत એવા અનિષ્ટ પ્રયોગ થાત. એવી જ રીતે अचीकरत् પ્રયોગમાં अट् આગમ કર્યા પહેલાં लघो... ૪-૧-૬૪ થી દીર્ઘ આદેશ કરાય છે. જો પહેલાં अट् આગમ કરે તો ધાતુ સ્વરાદિ બની જાય અને लघो... ૪-૧-૬૪ માં अस्वरादेः એ પ્રમાણે નિષેધ કરેલો હોવાથી દીર્ઘ આદેશ ન થાય માટે આ ન્યાયથી દીર્ઘ કર્યા પછી જ अट् આગમ થાય છે. અને આ ન્યાય અનિત્ય હોવાથી उपसर्गा... ૨-૩-૩૯ સૂત્રમાં अट्यपि એ પ્રમાણે લખ્યું છે. તે વાત તે સૂત્રમાં જણાવી છે.

✿ ૪-૪-૨૯ સૂત્રમાં आदिः એ પ્રમાણે પ્રથમાન્ત હતું તે આ સૂત્રમાં "अर्थवशाद्विभक्तिविपरिणामः" એ ન્યાયથી आदेः એ પ્રમાણે ષષ્ઠ્યન્ત કર્યું છે.

## स्वरादेस्तासु । ४-४-३१

**અર્થ:-** माङ् નો યોગ ન હોય તો અદ્યતની, ક્રિયાતિપત્તિ અને હ્યસ્તનીનાં વિષયમાં સ્વરાદિ ધાતુનાં આદિસ્વરની વૃદ્ધિ થાય છે.

**વિવેચન** - (૧) आटीत् = તે ભટક્યો.

अट्+द् - दिताम्... ૩-૩-૧૧ થી दि પ્રત્યય.

अट्+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

अट्+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अट्+इ+स्+ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ.

अटि+ईद् - इटईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अटीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

आटीद् - આ સૂત્રથી આદિસ્વર अ ની વૃદ્ધિ आ.

आटीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) ऐषिष्यत् = તે ઈચ્છા કરત. ईषत्-इच्छायाम् (૧૪૧૯)

इष्+स्यत् - स्यत्... ૩-૩-૧૬ થી स्यत् પ્રત્યય, इषिस्यत् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, इषिष्यत् - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्, ऐषिष्यत् - આ સૂત્રથી इ ની વૃદ્ધિ ऐ.

(૩) औज्झत्- છોડ્યું. उद्झत्-उत्सर्गे (૧૩૫૫)

उद्झ्+द् - दिव्ताम्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય.

उज्झ्+द् - तवर्गस्य... ૧-૩-૬૦ થી द् નો ज्.

उज्झ्+अ+द् - तुदादेः... ૩-૪-૮૧ થી श પ્રત્યય.

औज्झद् - આ સૂત્રથી આદિસ્વર उ ની વૃદ્ધિ औ.

औज्झत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

**अमाङेन्त्येव** - मा सोऽटीत् = તે ન ભટક્યો. અહીં मा નો યોગ હોવાથી આ સૂત્રથી આદિસ્વર अट् ધાતુનાં अ ની વૃદ્ધિ થઈ નથી: સાધનિકા आटीत् પ્રમાણે થશે.

✿ સૂત્રમાં तासु થી ત્રણ વિષય ગ્રહણ કરેલાં હોવાથી ૪-૪-૨૮ માં થી

અદ્યતની અને ક્રિયાતિપત્તિ અને ૪-૪-૨૯ માંથી હ્યસ્તની એ પ્રમાણે ત્રણ વિષય ગ્રહણ થવાથી આ સૂત્રમાં અદ્યતની-ક્રિયાતિપત્તિ-હ્યસ્તની એ પ્રમાણે ક્રમ આપેલો છે.

## स्ताद्यशितोऽत्रोणादेरिट् । ४-४-३२

**અર્થઃ-** ધાતુથી त्र અને ઉણાદિ પ્રત્યયને વર્જીને સકારાદિ અને તકારાદિ અશિત્ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) लविष्यति = તે કાપશે. लू+स्यति - ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય, लू+इ+स्यति - આ સૂત્રથી इट् આગમ. लो+इ+स्यति - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ, लविस्यति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्, लविष्यति - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

(૨) लविता = કાપશે. लू+ता - ૩-૩-૧૪ થી ता પ્રત્યય. એજ પ્રમાણે - अटिटिषति, अलविष्ट, लविषीष्ट, अलविष्यत्, लवितव्यम्.

**स्तादीति किम् ?** भूयात् = તે થાય. અહીં આશીર્વાદનો क्यात् પ્રત્યય છે તે સકારાદિ કે તકારાદિ નથી પણ યકારાદિ છે તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - त्रस्नुः, स्योमा.

**अशित इति किम् ?** आस्से = તું બેસ. અહીં आस् ધાતુને વર્તમાનાનો से પ્રત્યય લાગ્યો છે તે સકારાદિ છે પણ અશિત્ નથી. શિત્ છે તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - आस्ते.

**अत्रोणादेरिति किम् ?** शस्त्रम् = શસ્ત્ર. शस्+त्र - नी-दाव्... ૫-૨-૮૮ થી त्रट् પ્રત્યય, शस्त्र શબ્દને सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી शस्त्रम् થશે. અહીં त्रट् પ્રત્યય તકારાદિ અશિત્ છે પણ સૂત્રમાં વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - पत्त्रम्, योत्रम्, नेत्रम्, दात्रम्, स्तोत्रम् વિગેરે પ્રયોગો થશે.

वत्सः = વાછરડું, हस्तः = હાથ. वस्-हस् ધાતુને ઉણાદિનો स અને त પ્રત્યય, वत्स, हस्त - सस्तः... ૪-૩-૯૨ થી ધાતુનાં स् નો त्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી वत्सः, हस्तः થશે. એજ પ્રમાણે - दन्तः, अंसः પ્રયોગ થશે.

## तेर्ग्रहादिभ्यः । ४-४-३३

**અર્થ:-** ग्रहादि ગણનાં જ ધાતુઓથી પર રહેલાં સકારાદિ અને તકારાદિ અશિત્ ति પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) निगृहीतिः = નિગ્રહ કરવો તે. नि+ग्रह्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, निग्रह्+इ+ति - આ સૂત્રથી इट् આગમ, निगृहिति - ग्रह... ૪-૧-૮૪ થી र નો વ્વૃત્ ऋ, निगृहीति - गृह्णो... ૪-૪-૩૪ થી इट् નો इ દીર્ઘ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી निगृहीतिः થશે.

(૨) अपस्निहितिः = ખોટો સ્નેહ. ચીકાશ, अप+स्निह्+ति - स्त्रियां... ૫-૩-૯૧ થી क्ति પ્રત્યય, अपस्निहिति - આ સૂત્રથી इट् આગમ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી अपस्निहितिः થશે.

**ग्रहादिभ्य इति किम् ?** शान्तिः = શાંતિનાથ ભગવાન. शम्+ति - तिक्... ૫-૧-૭૧ થી तिक् પ્રત્યય, शाम्+ति - अहन्... ૪-૧-૧૦૭ થી शम् નો अ દીર્ઘ, शान्ति - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शान्तिः થશે. અહીં शम् ધાતુ ગ્રહાદિ ગણપાઠનો નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. આ સૂત્રમાં ग्रहादि ગણપાઠનાં ધાતુઓથી જ ति પ્રત્યયની આદિમાં इट् થાય એમ કહ્યું તેથી शम् ધાતુને હવે स्ताद्य... ૪-૪-૩૨ થી પણ ति પ્રત્યયની આદિમાં इट् નહીં થાય. નહીં તો शमितिः એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

✡ ग्रहादि ધાતુઓથી જ પર રહેલાં ति પ્રત્યયની આદિમાં इट् થાય છે આવો નિયમ થશે પણ ति પ્રત્યયની આદિમાં જ ગ્રહાદિ ધાતુઓથી इट् થાય છે આવો વિપરીત નિયમ નહીં થાય. કારણ કે ગ્રહાદિ ધાતુઓમાં પણ ति પ્રત્યય સિવાયનાં અન્ય તકારાદિ સકારાદિ પ્રત્યયની આદિમાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થાય છે જેમ કે - ग्रहीता, ग्रहीष्यति. નહીં તો ઉત્તરસૂત્ર ૪-૪-૩૪ માં જે ग्रह् ધાતુથી આવેલ इट् દીર્ઘ થાય છે એ વિધાન વ્યર્થ જશે.

✡ સૂત્રમાં तेः એ પ્રમાણે સામાન્યથી ति નું ગ્રહણ કરેલું હોવાથી क्ति અને तिक् બંને ति નું ગ્રહણ થશે.

✡ ग्रहादि ગણ - ग्रह्, स्निह्, कुच्, पठ्, इ, भण्, रण्, मथ्, लिख्, कम्प्,

अन्दोल છે. निकुचितिः, निपठितिः, उदितिः, भणितिः, रणितिः, मथितिः, लिखितिः, कम्पितिः, अन्दोलितिः. સૂત્રમાં બહુવચન છે તે આકૃતિગણનાં ગ્રહણ માટે છે.

## गृह्णोऽपरोक्षायां दीर्घः । ४-४-३४

**અર્થઃ**- પરોક્ષાને વર્જીને ग्रह् ધાતુથી વિધાન કરાએલ इट् દીર્ઘ થાય છે.

**વિવેચન** - (१) ग्रहीता = ગ્રહણ કરશે. ग्रह्+ता - ३-३-१४ થી ता પ્રત્યય, ग्रह्+इ+ता - स्ताद्य... ४-४-३२ થી इट् આગમ, ग्रहीता - આ સૂત્રથી इट् દીર્ઘ. એજ પ્રમાણે - ग्रहीतुम्, ग्रहीषीष्ट, ग्रहीष्यति, अग्रहीष्यत्, अग्रहीत्. अग्रहीत् માં इ દીર્ઘ થાય છે તેનો સ્થાનિવદ્ભાવ થવાથી इटईति ४-३-७१ થી सिच् નો લોપ થાય છે.

**अपरोक्षायामिति किम् ?** जगृहिव = અમે બેએ ગ્રહણ કર્યું. जगृह्+व સુધી ४-१-८४ માં જણાવેલ जगृहुः પ્રમાણે થશે. जगृहिव - स्क्रसृ... ४-४-८१ થી इट् આગમ. અહીં પરોક્ષા હોવાથી આ સૂત્રથી इट् નો इ દીર્ઘ થયો નથી.

**विहितविशेषणं किम् ?** जरीगृहिता, जरीगृहितुम्, जरीगृहितव्यम्. અહીં यङन्त ધાતુનું શ્વસ્તની, तुम् પ્રત્યયાન્ત, तव्य પ્રત્યયાન્ત રૂપ છે. यङ् નો (अतः થી अ નો અને योऽशिति થી य् નો) લોપ થયેલો છે. પણ લોપનો સ્થાનિવદ્ભાવ થવાથી ग्रह... ४-१-८४ થી વૃત્ થયું છે. અને સૂત્રમાં ग्रह् ધાતુથી વિધાન કરાએલો इट् હોય તો જ આ સૂત્રથી इट् દીર્ઘ થાય જ્યારે અહીં यङन्त ધાતુથી વિધાન કરાયેલો इट् હોવાથી દીર્ઘ થયો નથી.

✡ સૂત્રમાં गृह्णः એ પ્રમાણે લુપ્ત तिव् નો નિર્દેશ કરેલો હોવાથી આ સૂત્ર यङ्लुबन्त માં લાગતું નથી. જેમકે - जरीगर्हिता, जरीगर्हितुम्, जरीगर्हितव्यम्. અહીં यङ् નો बहुलं... ३-४-१४ થી લોપ થયો છે તે લુપ્નો સ્થાનિવદ્ભાવ થતો નથી તેથી વૃત્ ન થયું અને ગુણ થયો.

**इट इत्येव** - ग्राहिषीष्ट, अग्राहिषाताम्, ग्राहिता અહીં इट् નથી પણ स्वर-ग्रह... ३-४-६९ થી ञिट् થયેલો છે તેથી આ સૂત્રથી इ દીર્ઘ થયો નથી.

## वृतो नवाऽनाशीः-सिच् परस्मै च । ४-४-३५

**અર્થઃ-** वृ (૧૫૬૭, ૧૨૯૪, ૧૧૪૬) અને ॠ કારાન્ત ધાતુથી વિધાન કરાએલ इट् વિકલ્પે દીર્ઘ થાય છે. પણ પરોક્ષા, આશીર્વાદ અને પરસ્મૈપદ વિષયક सिच् પ્રત્યય પર છતાં इट् દીર્ઘ થતો નથી.

**વિવેચન** - (૧) प्रावरीता, प्रावरिता = ઢાંકશે.

प्र+आ+वृ+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

प्रावृ+ता - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ.

प्रावृ+इ+ता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

प्रावृ+ईता - આ સૂત્રથી इट् દીર્ઘ.

प्रावरीता - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्. આ સૂત્રથી इट् દીર્ઘ ન થાય ત્યારે प्रावरिता પ્રયોગ થશે.

(૨) वरीता, वरिता = વરશે. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

(૩) तितरीषति, तितरिषति = તે તરવાની ઈચ્છા કરે છે.

तॄ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

तॄ+इ+स - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

तॄतॄ+इस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

तृतॄ+इस - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

ततॄ+इस - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

तितॄ+इस - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

तितरिस - नामिनो... ૪-૩-૧ થી ॠ નો ગુણ अर्.

तितरिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तितरीष - આ સૂત્રથી इट् દીર્ઘ.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી तितरीषति થશે. જ્યારે આ સૂત્રથી इट् દીર્ઘ ન થાય ત્યારે तितरिषति થશે. એજ પ્રમાણે - जिजरीषति, जिजरिषति, तरीता, तरिता, जरीता, जरिता પ્રયોગો થશે.

**परोक्षाऽऽदिवर्जनं किम् ?** ववरिथ = તેં ઢાંક્યું, તેં સ્વીકાર કર્યો. સાધનિકા ૪-૧-૨૬ માં જણાવેલ जजरिथ પ્રમાણે થશે. तेरिथ = તું તર્યો. સાધનિકા ૪-૧-૨૫ માં કરેલી છે. અહીં પરોક્ષાનાં थव् પ્રત્યય પર છતાં

इट् આગમ થયો છે તેથી इट् આગમ આ સૂત્રથી દીર્ઘ થયો નથી.

✡ प्रावरिषीष्ट = તે ઢાંકે. प्र+आ+वृ+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય, प्रावृ+सीष्ट - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ, प्रावृ+इ+सीष्ट - इट् सिजा... ૪-૪-૩૬ થી इट् આગમ, प्रावरिसीष्ट - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्, प्रावरिषीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. એજ પ્રમાણે आस्तरिषीष्ट = તે બિછાવે. અહીં આશીર્વાદનાં सीष्ट પ્રત્યય પર છતાં इट् આગમ થયો છે તેથી इट् આ સૂત્રથી દીર્ઘ થયો નથી.

✡ प्रावारिषुः = તેણે ઢાંક્યું. प्रावृ+अन् - दिताम्... ૩-૩-૧૧ થી अन् પ્રત્યય, प्रावृ+स्+अन् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય, प्रावृ+इ+स्+अन् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, प्रावृ+इ+ष्+अन् - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्, प्रावृ+इ+ष्+उस् - सिज्विदो... ૪-૨-૯૨ થી अन् નો पुस्, प्रावारिषुस् - सिचि... ૪-૩-૪૪ થી ऋ ની વૃદ્ધિ आर्, सोरुः, रःपदान्ते... થી प्रावारिषुः થશે. એજ પ્રમાણે आस्तारिषुः = તેણે બિછાવ્યું. અહીં પરસ્મૈપદ સંબંધી सिच् પ્રત્યયનાં કારણે इट् આગમ થયેલો હોવાથી આ સૂત્રથી દીર્ઘ આદેશ થયો નથી.

✡ सिच् પ્રત્યયનું પરસ્મૈપદ એ પ્રમાણે વિશેષણ હોવાથી આત્મનેપદીમાં આ સૂત્રથી દીર્ઘ આદેશ થશે જેમકે - अवरीष्ट, अवरिष्ट - प्रावरीष्ट, प्रावरिष्ट - आस्तरीष्ट, आस्तरिष्ट.

✡ સૂત્રમાં ॠत् એ પ્રમાણે त् નો નિર્દેશ કરેલો હોવાથી वृ ધાતુનાં સાહચર્યથી ॠश्-गतौ ધાતુનું ગ્રહણ નહીં થાય. પણ ॠકારાન્ત ધાતુ જ ગ્રહણ થશે. નહીંતર ॠ ધાતુનો જ समरीता, समरिता પ્રયોગ થાત.

**वृत इति किम् ?** करिष्यति = કરશે. અહીં वृ ધાતુ સિવાય કોઈપણ ऋ કારાન્ત ધાતુનું ગ્રહણ નથી તેથી कृ ધાતુનો इट् આ સૂત્રથી દીર્ઘ થયો નથી. ॠत् થી માત્ર દીર્ઘ ॠ કારાન્ત ધાતુઓનું જ ગ્રહણ થશે.

## इट् सिजाशिषोरात्मने । ૪-૪-૩૬

**अर्थः-** वृ અને ॠ કારાન્ત ધાતુથી આત્મનેપદ વિષયક सिच् પ્રત્યયની આદિમાં તથા આશીર્વાદ વિભક્તિનાં પ્રત્યયોની આદિમાં इट् વિકલ્પે થાય છે.

વિવેચન - (૧) प्रावृत = ઢાંક્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પરન્તુ૨-૧-૭૯ અને ૧-૩-૪૯ સૂત્ર નહીં લાગે.. વિકલ્પપક્ષે આ સૂત્રથી इट् થાય ત્યારે - प्रावृ+इ+स्+त - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर् થવાથી प्रावरि+स्+त, नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष् અને तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट् થવાથી प्रावरिष्ट થશે. અને જ્યારે ૪-૪-૩૫ સૂત્રથી इट् દીર્ઘ થાય ત્યારે प्रावरीष्ट પ્રયોગ પણ થશે.

(૨) अवृत, अवरिष्ट, अवरीष्ट = તે વર્યો. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

(૩) आस्तीर्ष्ट, आस्तरिष्ट, आस्तरीष्ट = તેણે બિછાવ્યું.

आ+स्तॄ+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય.

आ+स्तॄ+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

आ+अस्तॄ+स्+त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

आस्तॄ+स्+त - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ.

आस्तॄ+स्+त - ऋवर्णात् ૪-૩-૩૬ થી सिच् ને કિદ્વદ્ભાવ.

आस्तिर्+स्+त - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

आस्तीर्+स्+त - भ्वादे... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

आस्तीर्+ष्+त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

आस्तीर्ष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે आस्तॄ+स्+त સુધી ઉપર પ્રમાણે થશે.

आस्तॄ+इ+स्+त - આ સૂત્રથી इट् આગમ.

आस्तरि+स्+त - नामिनो... ૪-૩-૧ થી ॠ નો ગુણ अर्.

आस्तरिष्ट - ૨-૩-૧૫, ૧-૩-૬૦ થી स् નો ष् - त् નો ट् અને જ્યારે ૪-૪-૩૫ થી इट् દીર્ઘ થશે ત્યારે आस्तरीष्ट પણ થશે.

✡ **આશીર્વાદનાં પ્રત્યય પર છતાં -**

(૧) प्रावृषीष्ट, प्रावरिषीष्ट = તે ઢાંકે. प्र+आ+वृ+सीष्ट - क्यात् ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય, प्रावृ+सीष्ट- समानानां... ૧-૨-૧ થી अ+आ = आ, प्रावृषीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. વિકલ્પપક્ષે આ સૂત્રથી इट् થાય ત્યારે प्रावरिषीष्ट. સાધનિકા ૪-૪-૩૫ માં કરેલી છે. એજ પ્રમાણે -

(૨) वृषीष्ट, वरिषीष्ट = તે વરે.

(૩) आस्तीर्षीष्ट, आस्तरिषीष्ट = તે બિછાવે.

आस्तृ+सीष्ट - क्यात्... ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય.

आस्तृ+सीष्ट - ऋवर्णात् ૪-૩-૩૬ થી सीष्ट ને કિદ્વદ્ભાવ.

आस्तिर्+सीष्ट - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्.

आस्तीर्सीष्ट - भ्वादे... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

आस्तीर्षीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. વિકલ્પપક્ષે આ સૂત્રથી इट् થાય ત્યારે आस्तृ+इ+सीष्ट - नामिनो... ૪-૩-૧ થી ॠ નો ગુણ अर् થવાથી आस्तरिसीष्ट, नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष् થવાથી आस्तरिषीष्ट થશે.

**आत्मने इति किम् ?** प्रावारीत् = તેણે ઢાંક્યું. प्रावृ+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય, प्रावृ+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય, प्रावृ+इ+स्+द् - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, प्रावृ+इ+स्+ईद् - सःसिज... ૪-૩-૬૫ થી ईत्, प्रावृ+इ+ईद् - इट्ईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ, प्रा+अवृ+इ+ईद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, प्रावृ+ईद् - समानानां... ૧-૨-૧ થી आ+अ = आ અને इ+ई = ई, प्रावारीद् - सिचि... ૪-૩-૪૪ થી ऋ ની વૃદ્ધિ आर्, प्रावारीत् - विरामे... ૧-૩-૫૧ થી द् નો त्. અહીં सिच् પ્રત્યય આત્મનેપદ સંબંધી નથી પરસ્મૈપદ સંબંધી છે તેથી આ સૂત્રથી વિકલ્પે इट् ન થતાં ૪-૪-૩૨ થી નિત્ય इट् થયો છે. એજ પ્રમાણે - अतारीत्, अस्तारीत् પ્રયોગ થશે.

✿ આશીર્વાદમાં પરસ્મૈપદમાં તો યકારાદિ પ્રત્યય હોવાથી इट् ની પ્રાપ્તિ જ નથી.

## संयोगाद् ऋतः । ૪-૪-૩૭

**અર્થ:-** આત્મનેપદ વિષયક सिच् પ્રત્યયની આદિમાં તથા આશીર્વાદનાં પ્રત્યયોની આદિમાં સંયુક્ત વ્યંજનથી પરમાં રહેલો ऋ છે જેને એવા ऋકારાન્ત ધાતુથી इट् વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अस्मरिषाताम्, अस्मृषाताम् = તે બેએ સ્મરણ કર્યું.

स्मृ+आताम् - दिताम्... ૩-૩-૧૧ થી आताम् પ્રત્યય.

स्मृ+स्+आताम् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

स्मृ+इ+स्+आताम् - આ સૂત્રથી इट् આગમ.

अस्मृ+इ+साताम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अस्मरिसाताम् - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

अस्मरिषाताम्- नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. આ સૂત્રથી જ્યારે इट् આગમ ન થાય ત્યારે अस्मृषाताम् થશે. ऋवर्णात् ૪-૩-૩૬ થી અનિટ્ सिच् કિદ્વદ્ થાય છે તેથી ગુણ નહીં થાય.

(૨) स्मरिषीष्ट, स्मृषीष्ट = તે સ્મરણ કરો. स्मृ+सीष्ट - ૩-૩-૧૩ થી सीष्ट પ્રત્યય, स्मृ+इ+सीष्ट - આ સૂત્રથી इट् આગમ, स्मरिसीष्ट - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्, स्मरिषीष्ट - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. આ સૂત્રથી જ્યારે इट् આગમ ન થાય ત્યારે ऋवर्णात् ૪-૩-૩૬ થી અનિટ્ सिच् કિદ્વત્ થવાથી स्मृषीष्ट પ્રયોગ થશે.

**संयोगादिति किम् ?** अकृत = તેણે કર્યું. સાધનિકા ૩-૪-૬૭ માં જણાવેલ अबुद्ध પ્રમાણે થશે. પરન્તુ ૨-૧-૭૯ અને ૧-૩-૪૯ સૂત્ર નહીં લાગે. અહીં कृ ધાતુમાં સંયોગની પછી રહેલો ऋ નથી તેથી આ સૂત્રથી इट् આગમ વિકલ્પે થયો નથી.

**आत्मने इत्येव** - अस्मार्षीत् - અહીં સંયોગની પછી ऋ છે પણ આત્મનેપદનો વિષય નથી તેથી આ સૂત્રથી इट् આગમ વિકલ્પે થયો નથી સાધનિકા ૩-૪-૫૩ માં જણાવેલ अनैषीत् પ્રમાણે થશે. પણ ऋ ની વૃદ્ધિ आर् થશે.

✡ धातोः એ પ્રમાણે વિશેષણ હોવાથી मा निष्कृत, निष्कृषीष्ट માં ઉપસર્ગનો સંયોગ હોવાથી આ સૂત્રથી इट् આગમ વિકલ્પે થયો નથી.

✡ स्कृ... ૪-૩-૮ સૂત્રમાં स्कृ નું ગ્રહણ હોવાથી ससट् નો સંયોગ અહીં ગ્રહણ થતો નથી તેથી समस्कृत, संस्कृषीष्ट પ્રયોગમાં આ સૂત્રથી વિકલ્પે इट् આગમ થયો નથી.

## धूगौदितः । ૪-૪-૩૮

**अर्थः-** धूग् (૧૨૯૧) અને औदित् ધાતુથી પરમાં રહેલાં તકારાદિ અને

સકારાદિ અશિત્ પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) धोता, धविता = કંપશે. धू+ता - ૩-૩-૧૪ થી ता પ્રત્યય, धोता - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ. આ સૂત્રથી જ્યારે इट् થાય ત્યારે धू+इ+ता - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ-धो+इ+ता અને ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव् થવાથી धविता થશે.

(૨) रद्धा, रधिता = હિંસા કરશે. रधौच्-हिंसासंराद्ध्योः (૧૧૮૮)

रध्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય,

रध्+धा - अधश्चतु... ૨-૧-૭૯ થી त् નો ध्.

रद्धा - तृतीय... ૧-૩-૪૯ થી ध् નો द्. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે रधिता પ્રયોગ થશે. એજ પ્રમાણે -

✡ **तृपौच्** - तर्प्ता, त्रप्ता, तर्पिता - **दृपौच्** - द्रप्ता, दर्प्ता, दर्पिता. અહીં स्पृशादि... ૪-૪-૧૧૨ થી ધાતુની વચ્ચે अ વિકલ્પે થયો છે. **नशौच्** - नंष्टा, नशिता અહીં नशो... ૪-૪-૧૦૯ થી न् અન્તે થયો છે. **मुहौच्** - मोग्धा, मोढा, मोहिता, **द्रुहौच्** - द्रोग्धा, द्रोढा, द्रोहिता, **स्नुहौच्** - स्नोग्धा, स्नोढा, स्नोहिता, **स्निहौच्** - स्नेग्धा, स्नेढा, स्नेहिता - અહીં मुह्, द्रुह्, स्निह् અને स्नुह् ધાતુનાં ह् નો घ् ૨-૧-૮૪ થી વિકલ્પે થાય છે તેથી વિકલ્પપક્ષમાં हो धुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ् થયો છે. **गुपौ** - गोप्ता, गोपिता, गोपायिता अशवि... ૩-૪-૪ થી आय પ્રત્યય વિકલ્પે થયો છે. **गुहौ** - निगाढा, निगूहिता - गोहः... ૪-૨-૪૨ થી ઉપાન્ત્ય સ્વર દીર્ઘ થયો છે. **गाहौ** - विगाढा, विगाहिता, **षूङौ** - (अदादि - दिवादि) - सोता, सविता વિગેરે પ્રયોગો થશે.

**स्ताद्यशित इत्येव** - ररन्धिव, ररन्धिम - અહીં પરોક્ષાનાં પ્રત્યય હોવાથી અશિત્ છે પણ તકારાદિ કે સકારાદિ નથી તેથી આ સૂત્રથી વિકલ્પે इट् ન થતાં स्क्रसृ... ૪-૪-૮૧ થી નિત્ય इट् આગમ થયો છે.

**धूगिति किम् ?** धुविता = ધુણશે. સૂત્રમાં ग् ઇત્ નિર્દેશ કરેલો હોવાથી धूत्-विधूनने ધાતુને આ સૂત્રથી વિકલ્પે इट् ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થયો છે.

**अत्रोणादेरित्येव** - धूसरः, अक्षरम् - અહીં ઉણાદિનો सर પ્રત્યય લાગેલો છે તેથી સકારાદિ હોવા છતાં धू અને अश् ધાતુથી इट्

આગમ થયો નથી.

✡ औस्वृ ધાતુને हनृतः... ૪-૪-૪૯ થી સકારાદિ પ્રત્યયની પૂર્વે નિત્ય इट् થવાથી स्वरिष्यति પ્રયોગ થશે અને તકારાદિ પ્રત્યયની પૂર્વે આ સૂત્રથી વિકલ્પે इट् થવાથી स्वर्ता, स्वरिता પ્રયોગ થશે. પણ તકારાદિ કિત્ પ્રત્યય પર છતાં ऋवर्ण... ૪-૪-૫૭ થી इट् આગમ થતો નથી તેથી स्वृत्वा, स्वृतः, स्वृतवान् પ્રયોગ થશે.

✡ धू અને षूङ् ધાતુથી उवर्णात् ૪-૪-૫૮ થી તકારાદિ કિત્ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી તેથી धूत्वा, धूतः, धूतवान् - सूत्वा, सूतः, सूतवान् પ્રયોગ થશે.

✡ આ સૂત્ર પૃથગ્ રચવાથી "सिजाशिषोरात्मने" ની નિવૃત્તિ થઈ છે.

✡ औदित् એ પ્રમાણે અનુબંધવડે નિર્દેશ કરેલો હોવાથી यङ्लुबन्त માં આ સૂત્રથી વિકલ્પે इट् ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् થશે તેથી सरीस्वरिता, जोगूहिता પ્રયોગ થશે.

✡ धूगौदितः ને બદલે धू ધાતુને ધાતુપાઠમાં औदित् કરીને માત્ર औदितः સૂત્ર બનાવ્યું હોત તો ચાલત છતાં આવું ન કરતાં धूग् ધાતુને જુદો લીધો છે તે એમ જણાવે છે કે જો धू ને औदित् કરે તો પાંચમાં અને નવમાં બંને ગણનાં ધાતુને औदित् કરવા પડે. તેથી धूग् ને જુદો જ ગ્રહણ કરવાથી બન્ને धू ને ધાતુપાઠમાં औदित् ન કરવા પડ્યા.

## निष्कुषः । ૪-૪-૩૯

**અર્થઃ-** निर्, निस् ઉપસર્ગપૂર્વક कुष् ધાતુથી પરમાં રહેલ તકારાદિ અને સકારાદિ અશિત્ પ્રત્યયની આદિમાં इट् વિકલ્પે થાય છે.

**વિવેચન** - निष्कोष्टा, निष्कोषिता = કાઢશે.

निष्कुष् - निर्दुर्... ૨-૩-૯ થી र् નો ष्.

निष्कुष्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

निष्कोष्+ता - लघो... ૪-૩-૪ થી उ નો ગુણ ओ.

निष्कोष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. આ સૂત્રથી જ્યારે इट् થાય ત્યારે निष्कोषिता પ્રયોગ થશે. એજ પ્રમાણે - निष्कोष्टुम्, निष्कोषितुम् - निष्कोष्टव्यम्, निष्कोषितव्यम् પ્રયોગ થશે.

✿ निष् पूर्वक कुष् ધાતુથી વિકલ્પે इट् થાય એમ કહ્યું તેથી कुष् ધાતુ ઉપસર્ગ રહિત હોય અથવા અન્ય ઉપસર્ગથી પરમાં હોય તો આ સૂત્રથી વિકલ્પે इट् આગમ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થશે જેમ કે - कोषिता, प्रकोषिता.

✿ निर् અને निस् ઉપસર્ગ સંબંધી निष् થી પરમાં कुष् ધાતુ હોય તો જ આ સૂત્રથી વિકલ્પે इट् આગમ થાય તેથી निर्गताः कोषितारः इति निष्कोषितृकः देशः અહીં નિત્ય इट् થશે.

✿ આ સૂત્રની રચના પૃથગ્ કરી તે ઉત્તરસૂત્ર માટે કરી છે.

## क्तयोः । ૪-૪-૪૦

**અર્થઃ-** निष्कुष् ધાતુથી પર રહેલાં क्त અને क्तवतु પ્રત્યયની આદિમાં નિત્ય इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) निष्कुषितः = કઢાયો. निष्कुष्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, निष्कुषित - આ સૂત્રથી इट् આગમ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી निष्कुषितः થશે.

(૨) निष्कुषितवान् = કાઢ્યો. निष्कुष्+तवत् - ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય. निष्कुषितवत् - આ સૂત્રથી इट् આગમ. હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

✿ સૂત્ર જુદું બનાવ્યું તેથી नवा ની નિવૃત્તિ થઈ છે.

✿ આ સૂત્ર ન બનાવ્યું હોત તો ૪-૪-૩૯ થી વિકલ્પે इट् થાત. અને જેને વિકલ્પે इट् થાય તેને ૪-૪-૬૨ થી क्त-क्तवतु ની આદિમાં इट् નો નિષેધ થાત તો निष्कुषित પ્રયોગ ન થાત માટે આ સૂત્ર બનાવ્યું તે સાર્થક છે

## जॄ-व्रश्चः क्त्वः । ૪-૪-૪૧

**અર્થઃ-** जॄ અને व्रश्च् ધાતુથી પરમાં રહેલાં क्त्वा પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) जरीत्वा = વૃદ્ધ થઈને. जॄश्-वयोहानौ (૧૫૩૬)

जॄ+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

जॄ+इ+त्वा - આ સૂત્રથી इट् આગમ.

जॄ+इत्वा - क्त्वा ૪-૩-૨૯ થી સેટ્ क्त्वा કિદ્વત્ થતો નથી.

जरित्वा - नामिनो... ૪-૩-૧ થી ॠ નો ગુણ अर्.

जरीत्वा, जरित्वा - वृतो... ૪-૪-૩૫ થી इट् વિકલ્પે દીર્ઘ. અહીં जॄ ધાતુ क्र्यादि નો જ ગ્રહણ થશે પણ जॄष्च्-जरसि (૧૧૪૫) दिवादि નો ગ્રહણ નહીં થાય. કારણ કે "निरनुबन्धग्रहणे न सानुबन्धस्य" એ ન્યાયથી जॄ ધાતુ નવમાં ગણનો જ ગ્રહણ થશે. दिवादि ગણનાં जॄ ધાતુનો क्त्वा પ્રત્યય પર છતાં जीर्त्वा પ્રયોગ થશે. त्वा પ્રત્યય કિત્ હોવાથી ॠतां... ૪-૪-૧૧૬ થી इर् થયો અને भ्वादे... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ થયો છે.

(૨) व्रश्चित्वा = કાપીને. व्रश्च्+त्वा - ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, व्रश्चित्वा - આ સૂત્રથી इट् આગમ. અહીં क्त्वा ૪-૩-૨૯ થી સેટ્ क्त्वा કિદ્વત્ ન થવાથી ग्रह... ૪-૧-૮૪ થી र નું વ્વૃત્ ऋ થયું નથી.

✡ जॄ ધાતુને क्त्वा પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ ऋवर्ण... ૪-૪-૫૭ થી થતો હતો અને व्रश्च् ધાતુ औदित् હોવાથી क्त्वा પ્રત્યયની આદિમાં વિકલ્પે इट् આગમ થતો હતો તેને આ સૂત્રથી નિત્ય इट् આગમ થયો.

## ऊदितो वा । ૪-૪-૪૨

**અર્થ:-** ऊ ઇત્વાળા ધાતુથી પરમાં રહેલાં क्त्वा પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - दान्त्वा, दमित्वा = દમન કરીને. दमूच्-उपशमे (૧૧૩૧)

दम्+त्वा - प्राक्काले ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય.

दम्+त्वा - આ સૂત્રથી इट् આગમનો વિકલ્પે નિષેધ.

दाम्त्वा - अहन्... ૪-૧-૧૦૭ થી ધાતુનો સ્વર દીર્ઘ.

दान्त्वा - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે दमित्वा પ્રયોગ થશે. એજ પ્રમાણે - शमू-शान्त्वा, शमित्वा, तमू-तान्त्वा, तमित्वा, दिवूच्-द्यूत्वा, देवित्वा, षिवूच्-स्यूत्वा, सेवित्वा. दिव् અને सिव् ધાતુને ધુડાદિ त्वा પ્રત્યય પર છતાં अनुनासिके... ૪-૧-૧૦૮ થી व् નો ऊट् થયો છે.

✿ આ સૂત્રની રચના यमू-सिधू ધાતુમાં પ્રાપ્તિ ન હતી તેને અને અન્ય ધાતુઓમાં પ્રાપ્તિ હતી તેને વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે છે. यमू-सिधू નાં પ્રયોગો દેખાતાં જ નથી તેથી ઉદાહરણ તરીકે બતાવ્યા નથી. જેનો પ્રયોગ જ ન દેખાતો હોય તેને અપ્રાપ્ત इट् નાં વિકલ્પે પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની રચના શા માટે કરવી જોઈએ ? આનો ખુલાસો મળ્યો નથી.

## क्षुध-वसस्तेषाम् । ૪-૪-૪૩

**અર્થઃ-** क्षुध् અને वस् ધાતુથી પર રહેલાં क्त, क्तवतु, क्त्वा પ્રત્યયની આદિમાં इट् થાય છે.

**વિવેચન** - (૧) क्षुधितः = ભૂખ્યા થવાયું. क्षुध्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, क्षुधित - આ સૂત્રથી इट् આગમ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી क्षुधितः થશે.

(૨) क्षुधितवान् = ભૂખ્યો થયો. क्षुध्+तवत् - ૫-૧-૧૭૪ થી क्तवतु પ્રત્યય, क्षुधितवत् - આ સૂત્રથી इट् આગમ. હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૩) क्षुधित्वा = ભૂખ્યા થઈને. क्षुध्+त्वा - ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, क्षुधित्वा - આ સૂત્રથી इट् આગમ. क्षुध... ૪-૩-૩૧ થી सेट् क्त्वा કિદ્વત્ થાય છે તેથી क्षुध् ધાતુનાં ઉપાન્ત્ય उ નો ગુણ ન થયો અન્યથા क्षोधित्वा એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

(૪) उषितः = વસાયું. સાધનિકા क्षुधितः પ્રમાણે થશે.

(૫) उषितवान् = વસ્યો. સાધનિકા क्षुधितवान् પ્રમાણે થશે.

(૬) उषित्वा = વસીને. સાધનિકા क्षुधित्वा પ્રમાણે થશે. પરન્તુ ત્રણે ઉદાહરણમાં यजादि... ૪-૧-૭૯ થી वस् ધાતુનાં व નું વ્વૃત્ અને घस्वसः ૨-૩-૩૬ થી वस् ધાતુનાં स् નો ष् થયો છે.

✿ वसं-निवासे (૯૯૯) ધાતુ જ ગ્રહણ થશે. કારણ કે वसिक्-आच्छादने (૧૧૧૭) ધાતુ તો सेट् હોવાથી इट् स्ताद्य... ૪-૪-૩૨ થી થાય જ છે.

✿ यङ्लुबन्त માં वावसितः, वावसितवान्, वावसित्वा પ્રયોગ થશે. वस् ધાતુનું यजादेः... ૪-૧-૭૯ માં यजादि ગણથી નિર્દેશ કરાએલ છે

તેથી व નું ય્વૃત્ નહીં થાય પણ આ સૂત્રમાં તો वस् ધાતુ પૃથગ્ ગ્રહણ કરેલ હોવાથી इट् આગમ થશે.

✡ क्षुध् ધાતુ औदित् હોવાથી ૪-૪-૩૮ થી વિકલ્પે इट् આગમ થવાનો હતો અને वस् ધાતુ અનિટ્ હોવાથી इट् ની પ્રાપ્તિ જ ન હતી તે બન્નેને નિત્ય इट् આગમ કરવા માટે આ સૂત્રની રચના છે.

## लुभ्यञ्चेर्विमोहार्चे । ૪-૪-૪૪

અર્થ:- વિમોહન અર્થમાં વર્તતાં लुभ् અને અર્ચા (પૂજા) અર્થમાં વર્તતાં अञ्च् ધાતુથી પરમાં રહેલાં क्त, क्तवतु અને क्त्वा પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) विलुभितः = વિમોહિત થવાયું. સાધનિકા ૪-૪-૪૩ માં જણાવેલ क्षुभितः પ્રમાણે થશે. પણ इट् આગમ આ સૂત્રથી થશે.

(૨) विलुभितवान् = વિમોહિત થયો. સાધનિકા ૪-૪-૪૩ માં જણાવેલ क्षुभितवान् પ્રમાણે થશે. પણ इट् આગમ આ સૂત્રથી થશે.

(૩) लुभित्वा = વિમોહિત થઈને. સાધનિકા ૪-૪-૪૩ માં જણાવેલ क्षुभित्वा પ્રમાણે થશે. પણ इट् આગમ આ સૂત્રથી થશે.

(૪) अञ्चितः = પૂજાયો. સાધનિકા अञ्चो... ૪-૨-૪૬ માં જણાવેલ अञ्चिताः गुरवः પ્રમાણે થશે.

(૫) अञ्चितवान् = પૂજા કરી. સાધનિકા ૪-૪-૪૩ માં જણાવેલ क्षुभितवान् પ્રમાણે થશે. પણ इट् આગમ આ સૂત્રથી થશે.

(૬) अञ्चित्वा = પૂજા કરીને. સાધનિકા ૪-૪-૪૩ માં જણાવેલ क्षुभित्वा પ્રમાણે થશે. પણ इट् આગમ આ સૂત્રથી થશે.

**विमोहार्च इति किम् ?** लुब्धः जाल्मः = લુચ્ચો લોભાયો.

लुभ्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

लुभ्+ध - अधश्चतु... ૨-૧-૭૯ થી त् નો ध्.

लुब्ध - तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી लुब्धः થશે. અહીં વિમોહન અર્થ નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે -

लुब्धवान्, लुब्ध्वा.

✡. उदक्तं जलम् कूपात् = કુવામાંથી પાણી કાઢ્યું. સાધનિકા अञ्चो... ૪-૨-૪૬ માં જણાવેલ છે. અહીં પૂજા અર્થ નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

✡ क्त्वा પ્રત્યય પર છતાં लुभ् ધાતુને सहलुभे... ૪-૪-૪૬ થી અને अञ्च् ધાતુને ऊदितो वा ૪-૪-૪૨ થી વિકલ્પે इट् આગમની પ્રાપ્તિ હતી તેથી लुभ् અને अञ्च् બન્ને ધાતુને क्त-क्तवतु પ્રત્યય પર છતાં वेटोऽपतः ૪-૪-૬૨ થી इट् આગમનો નિષેધ હતો તેને વિમોહન અને પૂજા અર્થમાં इट् આગમની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રની રચના છે.

✡ लुभच्-गार्ध्ये (૧૧૯૮) ધાતુને सहलुभे... ૪-૪-૪૬ થી इट् આગમ વિકલ્પે થાય છે તેથી लुब्ध्वा, लोभित्वा પ્રયોગ થશે. તથા वौ व्यञ्जनादे... ૪-૩-૨૫ થી सेट् क्त्वा વિકલ્પે કિદ્વદ્ થવાથી लुभित्वा પ્રયોગ પણ થશે. કિત્ હોવાથી ગુણ નહીં થાય.

## पूङ्-क्लिशिभ्यो नवा । ૪-૪-૪૫

**અર્થ:-** पूङ् અને क्लिश् ધાતુથી પરમાં રહેલાં क्त, क्तवतु અને क्त्वा પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) पूतः, पवितः = પવિત્ર કરાયું. पूङ्-पवने (૬૦૦)

पू+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

पूत - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पूतः થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે पू+इ+त, पो+इ+त - नामिनो... ૪-૩-૧ થી ऊ નો ગુણ ओ, पवित - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पवितः થશે.

(૨) पूतवान्, पवितवान् = પવિત્ર કર્યું. पू+तवत् = पूतवत्. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે पू+इ+तवत्, पो+इ+तवत्, पवितवत्. હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्रत्रवान् પ્રમાણે થશે.

(૩) पूत्वा, पवित्वा = પવિત્ર કરીને. पू+त्वा = पूत्वा. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે पू+इ+त्वा, पो+इ+त्वा, पवित्वा થશે.

(૪) क्लिष्टः, क्लिशितः = ક્લેશ કરાયો. क्लिशिच्-उपतापे (૧૨૭૬) અને

क्लिशौश्-विबाधने (૧૫૫૭) क्लिश्-त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, क्लिष्+त - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्, क्लिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી क्लिष्टः થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે क्लिशितः પ્રયોગ થશે.

(૫) क्लिष्टवान्, क्लिशितवान् = ક્લેશ કર્યો. क्लिश्+तवत्, क्लिष्+तवत्, क्लिष्टवत्. ઉપર પ્રમાણે થશે. અને આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે क्लिशितवत्. હવે પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ हूनवान् પ્રમાણે થશે.

(૬) क्लिष्ट्वा, क्लिशित्वा = ક્લેશ કરીને. સાધનિકા ઉપર પ્રમાણે થશે.

✡ સૂત્રમાં पूङ् એ પ્રમાણે ङकार કર્યો હોવાથી पूगश्-पवने ધાતુની નિવૃત્તિ થાય છે. पूगश् ધાતુને नडीङ्... ૪-૩-૨૭ થી કિત્વનો નિષેધ ન થવાથી पूतः રૂપ થશે પણ पुवितः એ પ્રમાણે અનિષ્ટ રૂપ નહીં થાય. કારણ કે पूङ् ધાતુને જ આ સૂત્રથી इट् આગમ થાય અને તે सेट् पूङ् ધાતુને नडीङ्... ૪-૩-૨૩ થી કિદ્વદ્ભાવ ન થાય. જ્યારે पूगश् ધાતુને इट् પણ નહીં થાય અને કિદ્વદ્ભાવનો નિષેધ પણ નહીં થાય. पूगश् ધાતુને उवर्णात् ૪-૪-૫૮ થી इट् નો નિષેધ કરેલો છે.

✡ क्लिशिभ्यो બહુવચન હોવાથી क्लिश् ધાતુ ચોથા ગણનો અને નવમાં ગણનો બંને ગ્રહણ થશે.

✡ पूङ् ધાતુને उवर्णात् ૪-૪-૫૮ થી इट् આગમનો નિષેધ થતો હતો તેનો આ સૂત્રમાં पूङ् ધાતુ લઈને વિકલ્પ કર્યો તેમજ ચોથા ગણનાં क्लिश् ધાતુને स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમની પ્રાપ્તિ હતી અને નવમાં ગણનો क्लिश् ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી इट् આગમની વિકલ્પે પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રમાં વિકલ્પ કર્યો છે.

## सह-लुभेच्छ-रुष-रिषस्तादेः । ४-४-४६

**અર્થ:-** सह, लुभ्, इच्छ् (इष्), रुष् અને रिष् ધાતુથી પરમાં રહેલાં સકારાદિ અને તકારાદિ અશિત્ પ્રત્યય સંબંધી તકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

વિવેચન - (૧) सोढा, सहिता = તે સહન કરશે.

सह्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

सढ्+ता - होधुट्... ૨-૧-૮૨ થી ह् નો ढ्.

सढ्+धा - अधश्च... ૨-૧-૭૯ થી त् નો ध्.

सढ्+ढा - तवर्गस्य... ૧-૩-૬૦ થી ध् નો ढ्.

सोढा - सहिवहे... ૧-૩-૪૩ થી પૂર્વનાં ढ् નો લોપ અને ધાતુનાં अ નો ओ. વિકલ્પપક્ષે આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે सहिता થશે. એજ પ્રમાણે - सोढुम् - सहितुम्, सोढव्यम् - सहितव्यम्.

(૨) लोब्धा, लोभिता = લોભ કરશે. लोब्धा ની સાધનિકા ૪-૪-૪૪ માં જણાવેલ लुब्धः પ્રમાણે થશે. પરન્તુ અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય કિત્ ન હોવાથી लघो... ૪-૩-૪ થી ગુણ થયો છે. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે लोभिता થશે. એજ પ્રમાણે - लोब्धुम्-लोभितुम्, लोब्धव्यम्-लोभितव्यम्. लुभ् ધાતુનું સામાન્યથી ગ્રહણ કરેલું છે તેથી लुभच्-गार्ध्ये અને लुभत्-विमोहने બન્નેનું ગ્રહણ થશે.

(૩) एष्टा, एषिता = તે ઈચ્છા કરશે.

इष्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

एष्+ता - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

एष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. વિકલ્પપક્ષે જ્યારે આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે एषिता થશે. એજ પ્રમાણે - एष्टुम् - एषितुम्, एष्टव्यम्-एषितव्यम्. સૂત્રમાં इच्छ् ધાતુ ગ્રહણ કરેલો હોવાથી इषत् - इच्छायाम् પહેલાં ગણનો જ ગ્રહણ થશે. इषच्-गतौ ચોથા ગણનો અને इषश्-आभीक्ष्ण्ये નવમાં ગણનો ગ્રહણ નહીં થાય એટલે इट् નિત્ય થશે. प्रेषिता, प्रेषितुम्, प्रेषितव्यम् થશે.

(૪) रोष्टा, रोषिता = ક્રોધ કરશે. સાધનિકા एष्टा-एषिता પ્રમાણે થશે. એજ પ્રમાણે - रोष्टुम्-रोषितुम्, रोष्टव्यम्-रोषितव्यम् થશે.

(૫) रेष्टुम्, रेषितुम् = હિંસા કરવા માટે. रिष्+तुम् - क्रियायां... ૫-૩-૧૩ થી तुम् પ્રત્યય, रेष्+तुम् - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए, रेष्टुम् - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. વિકલ્પપક્ષે આ સૂત્રથી इट् આગમ

થાય ત્યારે रेषितुम् થશે. એજ પ્રમાણે रेष्टा-रेषिता, रेष्टव्यम् - रेषितव्यम्.

**तादेरिति किम् ?** सहिष्यते, लोभिष्यति, एषिष्यति, रोषिष्यति, रेषिष्यति અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થયો છે. આ સૂત્રથી વિકલ્પે इट् આગમ થતો નથી કેમકે तકારાદિ પ્રત્યય નથી सકારાદિ પ્રત્યય છે.

✡ કેટલાંક अश्, भृ, स्तु, शुच्, वस् ધાતુને तકારાદિ પ્રત્યય પર છતાં વિકલ્પે इट् આગમ થાય એમ માને છે તેથી अष्टा, अशिता - भर्त्ता, भरिता, स्तोता-स्तविता, शोक्ता-शोचिता, वस्ता-वसिता પ્રયોગ થશે.

✡ તથા रु, नु, सु અને दु ધાતુને પરોક્ષા સિવાયમાં इट् વિકલ્પે થાય છે એમ માને છે તેથી रोता-रविता, नोता-नविता, सोता-सविता, दोता, दविता. પરોક્ષામાં इट् આગમ નિત્ય થવાથી - रुरुविमं, नुनुविम, सुसुविम અને दुदुविम પ્રયોગ થશે.

✡ તથા विष् ધાતુને मूल અને फल કર્મ હોય તો પરોક્ષા સિવાયમાં इट् વિકલ્પે થાય છે એમ માને છે તેથી वेष्टा, वेषिता मूलानि फलानि वा. मूल અને फल કર્મ ન હોય તો संवेष्टा પ્રયોગ થાય છે અને પરોક્ષામાં संविविषिम પ્રયોગ થશે.

## इवृध-भ्रस्ज-दम्भ-श्रि-यूर्णु-भर-ज्ञपि-सनि-तनि-पति-वृद् दरिद्रः सनः । ૪-૪-૪૭

**અર્થ:-** इव् અન્તે છે જેને એવા इवन्त ધાતુથી પરમાં રહેલાં તેમજ ऋध्, भ्रस्ज्, दम्भ्, श्रि, यु, ऊर्णु, भृ, ज्ञप्, सन्, तन्, पत्, वृ અને ॠકારાન્ત ધાતુથી પરમાં રહેલાં તથા दरिद्रा ધાતુથી પરમાં રહેલાં सन् પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) दुद्यूषति, दिदेविषति = તે ક્રિડા કરવાની ઈચ્છા કરે છે.

दिव्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

दिव्+स - આ સૂત્રથી इट् નો નિષેધ વિકલ્પે.

दिव्+स - उपान्त्ये ૪-૩-૩૪ થી અનિટ્ सन् કિદ્વત્.

दिऊ+स - अनुनासिके... ૪-૧-૧૦૮ થી व् નો ऊट्.

द्यूस - इवर्णादे... ૧-૨-૨૧ થી इ નો य्.

द्यूद्यूस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

दूद्यूस - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન य् નો લોપ.

दुद्यूस - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

दुद्यूष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી दुद्यूषति થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે -

दिव्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

दिव्+इ+स - આ સૂત્રથી इट् આગમ.

दिदिविस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

दिदेविस - लघोरु... ૪-૩-૪ થી इ નો ગુણ ए.

दिदेविष - माम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી दिदेविषति થશે.

(૨) ईर्त्सति, अर्दिधिषति = તે સમૃદ્ધ થવાને ઈચ્છે છે. સાધનિકા ऋध... ૪-૧-૧૭ માં કરેલી છે.

(૩) बिभर्क्षति, बिभर्जिषति = તે ભુંજવાને ઈચ્છે છે.

भ्रस्ज्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

भर्ज्स - भृज्जो... ૪-૪-૬ થી भ्रस्ज् નો भर्ज् આદેશ.

भभर्ज्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

बभर्ज्स - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बिभर्ज्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ.

बिभर्ष्स - यजसृज... ૨-૧-૮૭ થી ज् નો ष्.

बिभर्क्स - षढोः... ૨-૧-૬૨ થી ष् નો क्.

बिभर्क्ष = बिभर्क्ष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી बिभर्क्षति થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે - बिभर्जिषति થશે.

(૪) धिप्सति, धीप्सति, दिदम्भिषति = તે દંભ કરવાને ઈચ્છે છે. સાધનિકા दम्भो... ૪-૧-૧૮ માં કરેલી છે.

(૫) शिश्रीषति, शिश्रयिषति = તે સેવા કરવાને ઈચ્છે છે.

श्रि-स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

श्रि+स - नामिनो... ૪-૩-૩૩ થી અનિટ્ सन् કિદ્વત્.

श्रीस - स्वरहन... ૪-૧-૧૦૪ થી इ દીર્ઘ.

श्रीश्रीस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

शीश्रीस - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

शिश्रीस - हृस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

शिश्रीष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી शिश्रीषति થશે. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે - शिश्रयिषति થશે. સાધનિકા नामिनो... ૪-૩-૩૩ માં કરેલી છે.

(૬) युयूषति, यियविषति = તે મિશ્રણ કરવાને ઈચ્છે છે. युयूषति ની સાધનિકા शिश्रीषति પ્રમાણે થશે. પરંન્તુ ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે અને यियविषति ની સાધનિકા ओर्जा... ૪-૧-૬૦ માં કરેલી છે.

(૭) प्रोर्ण्णुनूषति, प्रोर्ण्णुनविषति = તે ઢાંકવાને ઈચ્છે છે.

प्र+ऊर्णु+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

प्रोर्णुस - अवर्णस्ये... ૧-૨-૬ થી अ+ऊ = ओ.

प्रोर्ण्णुस - र्हादर्ह... ૧-૩-૩૧ થી ण् દ્વિત્વ.

प्रोर्ण्णुस - नामिनो... ૪-૩-૩૩ થી અનિટ્ सन् કિદ્વત્.

प्रोर्ण्णुनुस - स्वरादे... ૪-૧-૪ થી દ્વિતીય અંશ દ્વિત્વ.

प्रोर्ण्णुनूस - स्वरहन... ૪-૧-૧૦૪ થી उ દીર્ઘ.

प्रोर्ण्णुनूष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી प्रोर्ण्णुनूषति થશે. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે -

प्रोर्ण्णुनुस - સુધી ઉપર પ્રમાણે થશે.

प्रोर्ण्णुनु+इस - આ સૂત્રથી इट् આગમ.

प्रोर्ण्णुनो+इस - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्रोर्ण्णुनविस - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

प्रोर्णुनविष - नाम्य... २-3-१५ थी स् नो ष्. तिव्-शव् प्रत्यय, लुगस्या... थी प्रोर्ण्णुनविषति थशे. वोर्ण्णो: ४-3-१૯ थी इट् विકल्पे ङिद्वत् थवाथी ङित् थाय त्यारे गुण न थतां धातो... २-१-५० थी उ नो उव् थवाथी प्रोर्ण्णुनुविषति प्रयोग पण थशे.

(८) बुभूर्षति, बिभरिषति = ते पालन કरवाने ઈच्छे छे. बुभूर्षति नी साधनिકा तुमर्हा... 3-४-२१ मां जणावेल चिकीर्षति प्रमाणे थशे परन्तु ओष्ठ्यादुर् ४-४-११७ थी ऋ नो उर् थशे अने द्वितीय...४-१-४२ थी पूर्वनां भ् नो ब् थशे. ज्यारे आ सूत्रथी इट् आगम थाय त्यारे बिभरिषति थशे.

भृ+स - तुमर्हा... 3-४-२१ थी सन् प्रत्यय.

भृ+इ+स - आ सूत्रथी इट् आगम.

भृभृ+इस - सन्... ४-१-3 थी आद्य એકस्वरांश द्वित्व.

भभृइस - ऋतोऽत् ४-१-3८ थी पूर्वनां ऋ नो अ.

बभृइस - द्वितीय... ४-१-४२ थी पूर्वनां भ् नो ब्.

बिभृइस - सन्यस्य ४-१-५૯ थी पूर्वनां अ नो इ.

बिभरिस - नामिनो... ४-3-१ थी ऋ नो गुण अर्.

बिभरिष - नाम्य... २-3-१५ थी स् नो ष्. तिव्-शव् प्रत्यय, लुगस्या... थी बिभरिषति थशे.

(૯) ज्ञीप्सति, जिज्ञपयिषति = ते जणाववाने ઈच्छे छे. साधनिકा ज्ञप्यापो... ४-१-१६ मां કरेली छे.

(१०) सिषासति, सिसनिषति = ते आपवानी ઈच्छा કरे छे. साधनिકा सनि ४-२-६१ मां કरेली छे.

(११) तितंसति, तितनिषति = ते विस्तार કरवाने ઈच्छे छे.

तन्+स - तुमर्हा... 3-४-२१ थी सन् प्रत्यय.

ततन्स् - सन्... ४-१-3 थी आद्य એકस्वरांश द्वित्व.

तितन्स - सन्यस्य ४-१-५૯ थी पूर्वनां अ नो इ.

तितंस - शिड्ढे... १-3-४० थी न् नो अनुस्वार. तिव्-शव् प्रत्यय,

लुगस्या... થી तितंसति થશે. तनोवा ૪-૧-૧૦૫ થી સ્વર દીર્ઘ થવાથી तितांसति પ્રયોગ પણ થશે. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે तितनिषति થશે. સાધનિકા ओर्जा... ૪-૧-૬૦ માં જણાવેલ यियविषति પ્રમાણે થશે.

(૧૨) पित्सति, पिपतिषति = તે પડવાની ઈચ્છા કરે છે. સાધનિકા रभलभ... ૪-૧-૨૧ માં કરેલી છે.

(૧૩) प्रावुवूर्षति, प्राविवरिषति = તે વરવાને ઈચ્છે છે અથવા તે ઢાંકવાને ઈચ્છે છે. वृगट्-वरणे (૧૨૯૪), वृग्ण्-आवरणे (૧૯૪૬) સાધનિકા बुभूर्षति, बिभरिषति પ્રમાણે થશે. वृतो... ૪-૪-૩૫ થી इट् વિકલ્પે દીર્ઘ થાય ત્યારે प्राविवरीषति પ્રયોગ પણ થશે. તથા

(૧૪) वुवूर्षते, विवरिषते = તે ભક્તિ-સેવા કરવાને ઈચ્છે છે. वृङ्श्-सम्भक्तौ (૧૫૬૭) સાધનિકા बुभूर्षति, बिभरिषति પ્રમાણે થશે. वृतो... ૪-૪-૩૫ થી इट् વિકલ્પે દીર્ઘ થવાથી विवरीषते પ્રયોગ પણ થશે. ङ ઈત્ હોવાથી इङ्गितः... ૩-૩-૨૨ થી આત્મનેપદનો પ્રત્યય થયો છે.

(૧૫) तितीर्षति, तितरिषति = તે તરવાને ઈચ્છે છે. तितीर्षति ની સાધનિકા तुमर्हा... ૩-૪-૨૧ માં જણાવેલ चिकीर्षति પ્રમાણે થશે. પણ ૪-૧-૪૬ સૂત્ર નહીં લાગે. અને तितरिषति ની સાધનિકા बिभरिषति પ્રમાણે થશે. પણ ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ થયા પછી ऋ નો अ થશે. એજ પ્રમાણે स्तृ ધાતુનું - आतिस्तीर्षति, आतिस्तरिषति પ્રયોગ થશે.

(૧૬) दिदरिद्रासति,दिदरिद्रिषति = તે દરિદ્ર થવાને ઈચ્છે છે.

दरिद्रा+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ददरिद्रास - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

दिदरिद्रास - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી दिदरिद्रासति થશે. જ્યારે આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે अशित्य... ૪-૩-૭૭ થી दरिद्रा નાં आ નો લોપ થવાથી दिदरिद्रिषति પ્રયોગ થશે.

**सन इति किम् ?** देविता = તે ક્રિડા કરશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય છે તેથી આ સૂત્રથી વિકલ્પે इट् ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થયો છે.

✡ भर (भृ) સિવાયનાં બધા ધાતુઓને स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો. અને भृ ધાતુ એકસ્વરવાળો અને અનુસ્વાર ઇત્‌વાળો હોવાથી एक... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થતો હતો તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો.

✡ भृ માં भर એ પ્રમાણે शव् નિર્દેશ હોવાથી આ સૂત્ર यङ्लुबन्त માં નહીં લાગે. જેમ કે - बर्भरिषति.

✡ चिकीर्षति માં कृ ધાતુનાં ऋ નો દીર્ઘ ॠ स्वरहन... ૪-૧-૧૦૪ થી થયેલો હોવાથી તે લાક્ષણિક છે તેથી આ સૂત્રથી વિકલ્પપક્ષે इट् આગમ થઈને चिकरिषति એવો અનિષ્ટ પ્રયોગ નહીં થાય.

## ऋ-स्मि-पूङ्ञ्जशौ-कृ-गृ-दृ-धृ-प्रच्छः । ૪-૪-૪૮

**અર્થ:-** ऋ, स्मि, पूङ्, अञ्ज्, अश्, कृ, गृ, दृ, धृ અને प्रच्छ् ધાતુથી પરમાં રહેલાં सन् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) अरिरिषति = તે જવાને ઈચ્છે છે.

ऋ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

ऋ+इ+स - આ સૂત્રથી इट् આગમ.

अरिस - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

अरिरिस - स्वरादे... ૪-૧-૪ થી દ્વિતીય અંશ દ્વિત્વ.

अरिरिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી अरिरिषति થશે.

(૨) सिस्मयिषते = તે હસવાને ઈચ્છે છે. ष्मिङ्-ईषद्धसने (૫૮૭)

स्मि+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

स्मि+इस - આ સૂત્રથી इट् આગમ.

स्मिस्मि+इस - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

सिस्मि+इस - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન म् નો લોપ.

सिस्मे+इस - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

सिस्मयिस - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

सिस्मयिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. ते-शव् પ્રત્યય,

लुगस्या... થી सिस्मयिषते થશે. षत्वभूत सन् પર છતાં स्मि ધાતુનાં स् નો ष् થયો નથી તે सनि ૪-૨-૬૧ માં જણાવેલ सिसनिषति પ્રમાણે જાણવું.

(૩) पिपविषते = તે પવિત્ર કરવાને ઈચ્છે છે. સાધનિકા ओर्जा... ૪-૧-૬૦ માં જણાવેલ यियविषति પ્રમાણે થશે. પણ इट् આ સૂત્રથી થશે.

(૪) अञ्जिजिषति = તે જવાને ઈચ્છે છે. સાધનિકા नबदनं... ૪-૧-૫ માં જણાવેલ उब्जिजिषति પ્રમાણે થશે.

(૫) अशिशिषति = તે વ્યાપ્ત કરવાને ઈચ્છે છે. સાધનિકા स्वरादेः... ૪-૧-૪ માં જણાવેલ अटिटिषति પ્રમાણે થશે.

(૬) चिकरीषति = તે વિક્ષેપ કરવાને ઈચ્છે છે. कृत्-विक्षेपे (૧૩૩૪) સાધનિકા ૪-૪-૪૭ માં જણાવેલ बिभरिषति પ્રમાણે થશે. પણ ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ અને कङ... ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च् થશે. તથા वृतो... ૪-૪-૩૫ થી इट् વિકલ્પે દીર્ઘ થવાથી चिकरीषति, चिकरिषति એ પ્રમાણે બે પ્રયોગ થશે.

(૭) जिगरीषति = તે ગળવાને ઈચ્છે છે. गृत्-निगरणे (૧૩૩૫) સાધનિકા ૪-૪-૪૭ માં જણાવેલ बिभरिषति પ્રમાણે થશે. પણ ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ અને गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज् થશે. તથા वृतो... ૪-૪-૩૫ થી इट् વિકલ્પે દીર્ઘ થવાથી जिगरीषति, जिगरिषति એ પ્રમાણે બે પ્રયોગ થશે.

(૮) आदिदरिषते = તે આદર કરવાને ઈચ્છે છે. दृङ्त्-आदरे (૧૪૬૬) સાધનિકા ૪-૪-૪૭ માં જણાવેલ बिभरिषति પ્રમાણે થશે.

(૯) आदिधरिषते = તે સ્થિર રહેવાને ઈચ્છે છે. धृङ्त्-स्थाने (૧૪૬૭) સાધનિકા ૪-૪-૪૭ માં જણાવેલ बिभरिषति પ્રમાણે થશે.

(૧૦) पिपृच्छिषति = તે પુછવાને ઈચ્છે છે. સાધનિકા रुदविद... ૪-૩-૩૨ માં કરેલી છે.

✡ અહીં प्रच्छ् ધાતુનાં સાહચર્યથી कृ, गृ, दृ અને धृ ધાતુ પણ તુદાદિ ગણનાં જ ગ્રહણ થશે. અને पूङ् ધાતુ ङ् અનુબંધ સહિત હોવાથી पूङ् (૬૦૦) ધાતુ भ्वादि ગણ જ ગ્રહણ થશે. તેથી पूग्श् ધાતુનું ગ્રહણ નહીં થાય તેનાં पुपूषति, पुपूषते પ્રયોગ થશે.

✿ ऋ, स्मि, पू, दृ, धृ અને प्रच्छ् ધાતુ અનિટ્ હોવાથી इट् આગમની પ્રાપ્તિ ન હતી. અને अञ्जौप्, अशौटि ધાતુને धूगौदितः ૪-૪-૩૮ થી इट् આગમની વિકલ્પે પ્રાપ્તિ હતી તથા कृ, गृ ધાતુને इवृध... ૪-૪-૪૭ થી इट् આગમની વિકલ્પે પ્રાપ્તિ હતી તેને આ સૂત્રથી નિત્ય પ્રાપ્તિ કરી.

## हनृतः स्यस्य । ૪-૪-૪૯

**અર્થ:-** हन् અને ऋકારાન્ત ધાતુથી પરમાં રહેલાં स्य પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) हनिष्यति = તે હણશે. સાધનિકા स्वर... ૩-૪-૬૯ માં જણાવેલી છે.

(૨) करिष्यति = તે કરશે. कृ+स्यति - स्यति... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય, कृ+इ+स्यति - આ સૂત્રથી इट् આગમ, करिस्यति - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्, करिष्यति - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष् થયો છે. એજ પ્રમાણે - ક્રિયાતિપત્તિ - अहनिष्यत् - अकरिष्यत्. ભવિષ્યત્ કૃદન્ત - हनिष्यन् - आहनिष्यमाणः, करिष्यन्, करिष्यमाणः.

✿ औस्वृ ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् આગમ થવાનો હતો પણ આ સૂત્ર પર હોવાથી વિકલ્પે इट् આગમનો બાધ કરીને નિત્ય इट् કરે છે. જેમકે - स्वरिष्यति, अस्वरिष्यत्, स्वरिष्यन्.

✿ સૂત્રમાં ऋतः એ પ્રમાણે तકાર નિર્દેશ હોવાથી માત્ર ऋ ધાતુનું જ ગ્રહણ નહીં થાય પણ ऋકારાન્ત ધાતુનું ગ્રહણ થશે.

## कृत-चृत-नृत-च्छृद-तृदोऽसिचः सादेर्वा । ૪-૪-૫૦

**અર્થ:-** कृत्, चृत्, नृत्, छृद् અને तृद् ધાતુથી પરમાં રહેલાં सिच् પ્રત્યયને વર્જીને અન્ય અશિત્ સકારાદિ-તકારાદિ પ્રત્યય સંબંધી સકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) कर्त्स्यति कर्तिष्यति = કાપશે અથવા ઘેરી લેશે, વીંટળાશે.

कृतैत्-छेदने (૧૩૨૫), कृतैप्-वेष्टने (૧૪૯૦)

कृत्+स्यति - स्यति... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય.

कर्त्स्यति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्. આ સૂત્રથી इट् આગમ થાય ત્યારે कृत्+इ+स्यति, लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर् થવાથી कर्तिस्यति, नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष् થવાથી कर्तिष्यति પ્રયોગ થશે. એજ પ્રમાણે - ક્રિયાતિપત્તિ - अकर्त्स्यत् - अकर्तिष्यत्, सन्नन्त - चिकृत्सति - चिकर्तिषति.

(૨) चिचृत्सति, चिचर्तिषति = તે હિંસા કરવાને અથવા ગૂંથવાને ઈચ્છે છે. चृतैत्-हिंसाग्रन्थयोः (૧૩૬૯)

चृत्+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

चृत्+स - આ સૂત્રથી इट् નો નિષેધ.

चृत्स - उपान्त्ये ૪-૩-૩૪ થી અનિટ્ सन् કિદ્વત્.

चृचृत्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

चचृत्स - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चिचृत्स - सन्यस्य ૪-૧-૫૯ થી પૂર્વનાં अ નો इ. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી चिचृत्सति થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે - चिचृत्+स સુધી ઉપર પ્રમાણે.

चिचृत्+इ+स - આ સૂત્રથી इट् આગમ.

चिचर्तिस - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

चिचर्तिष - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી चिचर्तिषति પ્રયોગ થશે. એજ પ્રમાણે - ભવિષ્યન્તી - चर्त्स्यति, चर्तिष्यति. ક્રિયાતિપત્તિ - अचर्त्स्यत्, अचर्तिष्यत्.

(૩) नर्त्स्यति, नर्तिष्यति = તે નાચશે. नृतैत्-नर्तें (૧૧૫૨) સાધનિકા कर्त्स्यति, कर्तिष्यति પ્રમાણે થશે. એજ પ્રમાણે - ક્રિયાતિપત્તિ - अनर्त्स्यत् - अनर्तिष्यत्, सन्नन्त - निनृत्सति - निनर्तिषति.

(૪) अच्छर्त्स्यत्, अच्छर्दिष्यत् = તે દીપ્યો હોત અથવા તે રમ્યો હોત. ऊछृदृंपि-दीप्तिदेवनयोः (૧૪૮૦)

छृद्+स्यत् - स्यत्... ૩-૩-૧૬ થી स्यत् પ્રત્યય.

छृद्+स्यत् - આ સૂત્રથી इट् નો નિષેધ.

अछृद्+स्यत् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अछ्छृद्+स्यत् - स्वरेभ्यः १-३-३० થી छ् द्वित्व.

अच्छृद्-स्यत् - अघोषे... १-३-५० થી પૂર્વનાં छ् નો च्.

अच्छर्द्-स्यत् - लघोरु... ४-३-४ થી ऋ નો ગુણ अर्.

अच्छर्त्स्यत् - अघोषे... १-३-५० થી द् નો त्. આ સૂત્રથી જ્યારે इट् આગમ થાય ત્યારે अच्छर्दिष्यत् પ્રયોગ થશે. એજ પ્રમાણે - ભવિષ્યન્તી छर्त्स्यति, छर्दिष्यति. सन्नन्त - चिच्छृत्सति - चिच्छर्दिषति.

(૫) तितृत्सति, तितर्दिषति = તે હિંસા કરવાની અથવા અનાદર કરવાની ઈચ્છા કરે છે. ऊतृदृंपी-हिंसाऽनादरयोः (१४८१) સાધનિકા चिचृत्सति, चिचर्तिषति પ્રમાણે થશે. એજ પ્રમાણે - ક્રિયાતિપત્તિ - अतर्त्स्यत् - अतर्दिष्यत्. ભવિષ્યન્તી - तर्त्स्यति, तर्दिष्यति.

**असिच इति किम् ?** अकर्तीत् = તેણે કાપ્યું અથવા વીંટ્યું. સાધનિકા अद्यतन्यां... ४-४-२२ માં જણાવેલ अवधीत् પ્રમાણે થશે પરન્તુ ૪-૪-૨૨ અને ૪-૩-૮૨ સૂત્ર નહીં લાગે તથા लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ થશે. અહીં सिच् પ્રત્યય સકારાદિ અશિત્ છે પણ સૂત્રમાં તેનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી વિકલ્પપક્ષે इट् આગમનો નિષેધ થતો નથી. એજ પ્રમાણે - अचर्तीत्, अनर्तीत्, अच्छर्दीत्, अतर्दीत्.

**सादेरिति किम् ?** कर्तिता, चर्तिता, नर्तिता, छर्दिता, तर्दिता અહીં અશિત્ પ્રત્યય છે પણ સકારાદિ નથી તકારાદિ છે તેથી આ સૂત્રથી વિકલ્પે इट् આગમ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થયો છે.

✲ कृत्, चृत् અને नृत् ધાતુને स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમની પ્રાપ્તિ હતી તથા छृद् અને तृद् ધાતુને પ્રાપ્તિ ન હતી તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો છે.

## गमोऽनात्मने । ४-४-५१

**અર્થઃ-** गम् ધાતુથી પરમાં રહેલાં અશિત્ સકારાદિ અને તકારાદિ પ્રત્યય સંબંધી સકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે પણ આત્મનેપદમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) गमिष्यति = તે જશે. સાધનિકા ૩-૪-૬૯ માં જણાવેલ हनिष्यते

પ્રમાણે થશે. એજ પ્રમાણે - जिगमिषति, जिगमिषिता, जिगमिषितुम्.

(૨) अधिजिगमिषिता शास्त्रस्य = શાસ્ત્રનું સ્મરણ કરવાની ઈચ્છા કરશે.

अधि+इ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

अधिगम्+स - सनी... ૪-૪-૨૫ થી इ નો गमु આદેશ.

अधिजिगमिष સુધી तुमर्हा... ૩-૪-૨૧ માં જણાવ્યા પ્રમાણે થશે.

अधिजिगमिष+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

अधिजिगमिष+इता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

अधिजिगमिषिता - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ.

આદેશ-અનાદેશ બન્ને गम् ધાતુનું ગ્રહણ છે. અહીં सनीङश्च ૪-૪-૨૫ સૂત્રની જેમ इण्, इक् અને इङ् ત્રણે ગ્રહણ થશે.

**अनात्मने इति किम् ?** संगंसीष्ट = તે મળે. સાધનિકા गमोवा ૪-૩-૩૭ માં કરેલી છે. અહીં આત્મનેપદનો પ્રત્યય હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

## स्नोः । ૪-૪-૫૨

**અર્થઃ-** स्नु ધાતુથી પરમાં રહેલાં અશિત્ સકારાદિ - તકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે પણ આત્મનેપદમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - प्रस्नविष्यति = તે ટપકશે.

प्र+स्नु+स्यति - स्यति... ૩-૩-૧૫ થી स्यति પ્રત્યય.

प्रस्नु+इ+स्यति - આ સૂત્રથી इट् આગમ.

प्रस्नो+इ+स्यति - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ.

प्रस्नविस्यति - ओदौतो... ૧-૨-૨૪ થી ओ નો अव्.

प्रस्नविष्यति - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्. એજ પ્રમાણે - प्रस्नविता, प्रस्नवितासि, प्रस्नवितुम्, प्रस्नवितव्यम्, प्रसुस्नूषति - અહીં ग्रह... ૪-૪-૫૯ થી इट् નો નિષેધ થયેલો છે.

**अनात्मन इत्येव** - प्रास्नोष्ट = ટપક્યું. प्रस्नु+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય, प्रस्नु+स्+त - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય, प्र+अ+स्नु+स्त - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, प्रास्नु+स्त -

समानानां... ૧-૨-૧ થી अ-अ = आ, प्रास्नो+स्त - नामिनो... ૪-૩-૧ થી उ નો ગુણ ओ, प्रास्नोष्त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्, प्रास्नोष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. અહીં આત્મનેપદનો પ્રત્યય હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - प्रस्नोता, प्रस्नोतासे, प्रस्नोषीष्ट.

✿ स्नुक्-प्रस्नवने (૧૦૮૩) ધાતુને इट् આગમ સિદ્ધ જ હતો કોઈપણ સૂત્રથી નિષેધ થતો ન હતો. આત્મનેપદમાં इट् ની નિવૃત્તિ કરવા માટે જ આ સૂત્રની રચના છે. આ પ્રમાણે ઉત્તરસૂત્રોમાં પણ જાણવું.

## क्रमः । ૪-૪-૫૩

**અર્થઃ-** क्रम् ધાતુથી પરમાં રહેલાં અશિત્ સકારાદિ - તકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે પણ આત્મનેપદમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) क्रमिष्यति = તે ચાલશે. સાધનિકા स्वर... ૩-૪-૬૯ માં જણાવેલ हनिष्यते પ્રમાણે થશે.

(૨) प्रक्रमितुम् = આરંભ કરવા માટે. प्रक्रम्+तुम् - क्रियायां... ૫-૩-૧૩ થી तुम् પ્રત્યય, प्रक्रमितुम् - આ સૂત્રથી इट् આગમ. એજ પ્રમાણે - क्रमितासि, चिक्रमिषति, चिक्रमिषिता, प्रक्रमितव्यम्.

**अनात्मन इत्येव** - प्रक्रंस्यते = તે આરંભ કરશે. प्रक्रम्+स्यते - स्यति... ૩-૩-૧૫ થી स्यते પ્રત્યય, प्रक्रंस्यते - शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર. અહીં प्रोपादा... ૩-૩-૫૧ થી આત્મનેપદ થયું છે. આત્મનેપદનો પ્રત્યય હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - प्रक्रन्ता, प्रक्रन्तासे, उपक्रंसीष्ट, प्रचिक्रंसते, प्रचिक्रंसिष्यते - આ સન્નન્ત ભવિષ્યન્તીનો પ્રયોગ છે તેથી स्यते ની પૂર્વે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો પણ सन् ની પૂર્વે क्रम् ધાતુને આ સૂત્રથી इट् આગમ ન થયો.

## तुः । ૪-૪-૫૪

**અર્થઃ-** क्रम् ધાતુથી પરમાં રહેલાં અશિત્ સકારાદિ - તકારાદિ પ્રત્યય સંબંધી તકારાદિ तृन् કે तृच् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે પણ આત્મનેપદનાં વિષયમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - क्रमिता = ચાલનાર. क्रम्-तृ - णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય, क्रमितृ - આ સૂત્રથી इट् આગમ, क्रमितृ+सि - ૧-૧-૧૮ થી सि પ્રત્યય, क्रमितृ+आ - ऋदुशनस्... ૧-૪-૮૪ થી सि નો डा, क्रमिता- डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી અન્ત્યસ્વરાદિ ऋ નો લોપ.

**अनात्मन इत्येव** - प्रक्रन्ता = આરંભ કરનાર. प्रक्रम्+तृ - णकतृचौ ૫-૧-૪૮ થી तृच् પ્રત્યય, प्रक्रन्तृ - म्नां... ૧-૩-૩૯ થી म् નો न्. હવે પછીની સાધનિકા क्रमिता પ્રમાણે થશે. આરંભ અર્થમાં આત્મનેપદ થાય છે તેથી આત્મનેપદનો વિષય હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

✡ અહીં अनात्मने નો અધિકાર જરૂરી નથી કારણકે तृच् અને तृन् પ્રત્યય આત્મનેપદ ધાતુ કે પરસ્મૈપદ ધાતુ ગમે તે હોય તો પણ થાય જ છે છતાં अनात्मने નો અધિકાર આ સૂત્રમાં ગ્રહણ કર્યો છે તેથી જ્યારે ક્રિયાવ્યતિહાર અર્થમાં અને આરંભાદિ અર્થમાં क्रम् ધાતુ આત્મનેપદી થાય છે તેવો અર્થ જણાતો હોય તો આ સૂત્રથી इट् આગમ ન થાય. જેમકે - व्यतिक्रन्ता, प्रक्रन्ता, उपक्रन्ता, विक्रन्ता, आक्रन्ता, पराक्रन्ता પ્રયોગ થશે. ૩-૩-૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨ સૂત્રો જોઈ લેવા.

## न वृद्भ्यः । ४-४-५५

**अर्थः**- वृत्, स्यन्द्, वृध्, श्रृध् અને कृप् એ પાંચ ધાતુઓથી પરમાં રહેલાં અશિત્ સકારાદિ અને તકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી. પણ આત્મનેપદનો વિષય હોય તો इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) वर्त्स्यति = તે રહેશે, स्यन्त्स्यति = તે ટપકશે, वर्त्स्यति = તે વૃદ્ધિ પામશે, शर्त्स्यति = તે ખરાબ શબ્દ કરશે, कल्प्स्यति = તે સમર્થ થશે. સાધનિકા ૪-૪-૫૦ માં જણાવેલ कर्त्स्यति પ્રમાણે થશે. અને कल्प्स्यति માં ऋर... ૨-૩-૯૯ થી कृप् ધાતુનાં ऋ નો ગુણ થયા પછી र् નો ल् થયો છે. એ પ્રમાણે સન્નન્તમાં - विवृत्सति, सिस्यन्त्सति, विवृत्सति, शिशृत्सति, चिक्लृप्सति પ્રયોગ થશે. સાધનિકા ૪-૪-૫૦ માં જણાવેલ चिचृत्सति પ્રમાણે થશે.

**अनात्मने इत्येव** - वर्तिता = રહેશે. અહીં શ્વસ્તની આત્મનેપદનો ता પ્રત્યય છે તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-

૩૨ થી નિત્ય इट् આગમ થયો છે એજ પ્રમાણે - वर्तिष्यते, अवर्त्तिष्यत, विवर्तिषते, विवर्तिषितुम्, विवर्तिषितव्यम् વિગેરે પ્રયોગો થશે.

## एकस्वरादनुस्वारेतः । ४-४-५६

અર્થઃ- અનુસ્વાર જેમાં ઇત્ છે એવા એકસ્વરવાળા ધાતુથી વિધાન કરાએલ અશિત્ સકારાદિ-તકારાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ ન થાય.

વિવેચન - पाता = તે પીશે. पां-पाने (૨) पा+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય, पाता - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો. એજ પ્રમાણે - चक्षो वाचि क्शांग् ख्यांग् ૪-૪-૪ आक्शाता-आख्याता, जि-जेता, णींग्-नेता, नेतुम्, श्रुं-श्रोता, श्रोतुम्, स्मृं-स्मर्ता, स्मर्तुम्, प्रच्छंत्-प्रष्टा, प्रष्टुम् પ્રયોગો થશે.

**एकस्वरादिति किम् ?** अवधीत् = તેણે હણ્યો. સાધનિકા अद्यतन्यां... ૪-૪-૨૨ માં કરેલી છે. हन् ધાતુ અનુસ્વાર ઇત્‌વાળો છે પણ તેનો वध આદેશ થાય છે તે અનેકસ્વરી છે તેનાથી વિધાન કરાએલ सिच् પ્રત્યયની આદિમાં આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે. જ્યારે हन् ધાતુનો वध આદેશ ન થાય ત્યારે આ સૂત્રથી इट् આગમનો નિષેધ થશે જેમકે - हन्ता, हन्तुम्.

**विहितविशेषणं किम् ?** चिकीर्षति - અહીં कृंग्ट् ધાતુ એકસ્વરી અનુસ્વાર ઇત્‌વાળો છે અને તેનાથી પરમાં सन् પ્રત્યય છે તે कृ ધાતુથી જ વિધાન કરાએલો છે અને પછી चिकीर्ष એ પ્રમાણે અનેકસ્વરી થવા છતાં આ સૂત્રથી इट् આગમનો નિષેધ થાય જ છે.

**अनुस्वारेत इति किम् ?** श्वि-श्वयिता, श्रिग्-श्रयिता, डीङ्-डयिता, शीङ्-शयिता, युक्-यविता, रुक्-रविता વિગેરે પ્રયોગોમાં ધાતુઓ એકસ્વરી છે પણ અનુસ્વાર ઇત્‌વાળા નથી તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ થયો નથી.

✡ અહીં अनुस्वारेतः એટલું જ સૂત્ર કરવું જોઈએ एकस्वरात् એવું વિશેષણ મૂકવાની જરૂર ન હતી છતાં પણ एकस्वरात् કર્યું છે તેથી જણાય છે કે गम् ધાતુનો यङ्लुबन्त जंगम् ધાતુ પણ "प्रकृति ग्रहणे यङ्लुबन्तस्यापि ग्रहणम्" એ ન્યાયથી અનુસ્વાર ઇત્‌વાળો હોવાથી આ સૂત્રથી इट् નો નિષેધ થાત પણ एकस्वरात् વિશેષણ મૂકવાથી અર્થ એ

થયો કે અનુસ્વાર ઇત્‌વાળો હોવા છતાં એકસ્વરી હોય તેને જ આ સૂત્રથી इट् નો નિષેધ થાય તેથી હવે जंगम् અનુસ્વાર ઇત્‌વાળો છે પણ એકસ્વરી ધાતુ નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ ન થતાં जङ्गमिता માં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો.

## ऋवर्ण-श्र्यूर्णुगः कितः । ૪-૪-૫૭

**અર્થ:-** ऋवर्ण અન્તે છે જેને એવા એકસ્વરી ધાતુથી તેમજ श्रि અને ऊर्णु ધાતુથી વિધાન કરાએલ કિત્ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) वृतः = વરાયું. वृ+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, वृत - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી वृतः થશે.

(૨) तीर्त्वा = તરીને. तृ+त्वा - प्राक्काले - ૫-૪-૪૭ થી क्त्वा પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् આગમનો આ સૂત્રથી નિષેધ, तिर्त्वा - ॠतां... ૪-૪-૧૧૬ થી ॠ નો इर्, तीर्त्वा - भ्वादे... ૨-૧-૬૩ થી इर् નો इ દીર્ઘ.

(૩) श्रितः = આશ્રય કરાયો. સાધનિકા वृतः પ્રમાણે થશે.

(૪) ऊर्णुत्वा = ઢાંકીને. ऊर्णु ધાતુને उवर्णात् ૪-૪-૫૮ થી इट् નાં નિષેધની પ્રાપ્તિ હતી જ છતાં ऊर्णु ને અનેકસ્વરી ધાતુ હોવાથી इट् નો નિષેધ થતો ન હતો તેથી આ સૂત્રમાં ગ્રહણ કર્યો છે.

**एकस्वरादित्येव** - जागरितः = જગાયું. સાધનિકા जागुः... ૪-૩-૬ માં કરેલી છે. અહીં जागृ ધાતુ અનેકસ્વરી હોવાથી આ સૂત્રથી इट् નો નિષેધ થયો નથી.

**कित इति किम् ?** वरिता = વરશે. वृ+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય, वृ+इ+ता- स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ, वरिता - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्. અહીં ता પ્રત્યય શ્વસ્તનીનો છે તે કિત્ નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ થયો નથી.

## उवर्णात् । ૪-૪-૫૮

**અર્થ:-** उवर्ण જેને અન્તે છે એવા એકસ્વરી ધાતુથી વિધાન કરાએલ કિત્ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) युतः = મિશ્રણ કરાયું. સાધનિકા ૪-૪-૫૭ માં જણાવેલ वृतः પ્રમાણે થશે.

(૨) लूनः = લણાયું, કપાયું. સાધનિકા ૪-૨-૬૮ માં જણાવેલ लूनिः પ્રમાણે થશે. એજ પ્રમાણે - युतवान्; युत्वा, लूनवान्, लूत्वा.

**कित इत्येव** - यविता = મિશ્રણ કરશે, लविता = કાપશે. સાધનિકા ૪-૪-૫૭ માં જણાવેલ वरिता પ્રમાણે થશે. પણ उ-ऊ નો ગુણ ओ થશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય છે તે કિત્ નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ થયો નથી.

## ग्रह-गुहश्च सनः । ૪-૪-૫૯

**અર્થ**:- ग्रह्, गुह् અને उ વર્ણાન્ત ધાતુથી વિધાન કરાએલ सन् પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) जिघृक्षति = તે ગ્રહણ કરવાને ઈચ્છે છે. સાધનિકા रुदविद... ૪-૩-૩૨ માં કરેલી છે.

(૨) जुघुक्षति = તે સંતાડવાને ઈચ્છે છે. સાધનિકા रुदविद... ૪-૩-૩૨ માં જણાવેલ जिघृक्षति પ્રમાણે થશે. પરન્તુ ૪-૧-૮૪, ૪-૧-૩૮ અને ૪-૧-૫૯ સૂત્ર નહીં લાગે. અને उपान्त्ये... ૪-૩-૩૪ થી सन् કિદ્વત્ થશે.

(૩) रुरूषति = તે અવાજ કરવાને ઈચ્છે છે. रुंक्-शब्दे (૧૦૮૫) સાધનિકા ૪-૪-૪૭ માં જણાવેલ शिश्रीषति પ્રમાણે થશે. ૪-૧-૪૪ સૂત્ર નહીં લાગે. એજ પ્રમાણે - कुंक्-कुकूषति, तुंक्-तुतूषति, भू-बुभूषति, लू-लुलूषति, पू-पुपूषति.

## स्वार्थे । ૪-૪-૬૦

**અર્થ**:- સ્વાર્થમાં વિધાન કરાએલ सन् પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - जुगुप्सते = તે નિંદા કરે છે. સાધનિકા गुपतिजो... ૩-૪-૫ માં કરેલી છે. એજ પ્રમાણે - चिकित्सति, शीशांसते, मीमांसते, दीदांसते, बीभत्सते સાધનિકા ૩-૪-૬, ૩-૪-૭ માં કરેલી છે.

**स्वार्थे इति किम् ?** पिपठिषति = તે ભણવાને ઈચ્છે છે. સાધનિકા दम्भो... ૪-૧-૧૮ માં જણાવેલ दिदम्भिषति પ્રમાણે થશે પણ इट् આગમ स्तांद्य... ૪-૪-૩૨ થી થશે.

## डीय-श्व्यैदितः क्तयोः । ४-४-६१

**અર્થ:-** ડી, શ્વિ અને ऐ જેમાં ઇત્ છે એવા ધાતુઓથી પરમાં રહેલાં क्त અને क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - **(૧)** डीनः = ઊડાયું, डीनवान् = ઊડ્યો. સાધનિકા सूयत्या... ૪-૨-૭૦ માં જણાવેલ सूनः, सूनवान् પ્રમાણે થશે.

(૨) शूनः = જવાયું, शूनवान् = ગયો.

श्वि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

शुत - यजादि... ૪-૧-૭૯ થી वि નું ય્વૃત્ उ.

शूत - दीर्घ... ૪-૧-૧૦૩ થી અન્ત્ય ય્વૃત્ દીર્ઘ.

शून - सूयत्या... ૪-૨-૭૦ થી त નાં त् નો न्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शूनः થશે. એજ પ્રમાણે शूनवत् પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૩) त्रस्तः = ત્રાસ પમાયો, त्रस्तवान् = ત્રાસ પામ્યો.

त्रस्+त, तवत् - क्त... ૫-૧-૧૭૪ થી क्त-क्तवतु પ્રત્યય, त्रस्त, त्रस्तवत् - सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી त्रस्तः થશે અને त्रस्तवान् - ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે - ओलस्जैति - लग्नः, लग्नवान्, ओविजैति - उद्विग्नः, उद्विग्नवान्, यतैङ् - यत्तः, यत्तवान्, दीपैचि - दीप्तः, दीप्तवान् વિગેરે પ્રયોગો થશે.

**क्तयोरिति किम् ?** डयिता, श्वयिता, लज्जिता, उद्विजिता અહીં શ્વસ્તનીનો ता અથવા णकतृचौ થી तृच् પ્રત્યય થયેલો છે क्त-क्तवतु નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ થયો નથી.

- ✡ સૂત્રમાં डीय એ પ્રમાણે श्य નિર્દેશ કરેલો હોવાથી ચોથા ગણનો ડી ધાતુ ગ્રહણ થશે પણ डीङ् (૫૮૮) भ्वादि ગણનો ગ્રહણ નહીં થાય તેથી તેનાં डयितः, डयितवान् પ્રયોગ થશે.
- ✡ कृतै, चृतै, नृतै ધાતુને कृतचृत... ૪-૪-૫૦ સૂત્રથી વિકલ્પે इट् આગમ થતો હોવાથી वेटोऽपतः ૪-૪-૬૨ થી इट् આગમનો નિષેધ સિદ્ધ હોવા છતાં આ સૂત્રમાં ऐदित् કરીને ગ્રહણ કર્યા છે તેથી यङ्लुबन्त માં इट् નો નિષેધ થશે જેમકે - चरीकृत्तः, चरीकृत्तवान्, नरीनृत्तः,

नरीनृत्तवान्, चरीचृत्तः, चरीचृत्तवान्.

✿ અહીં અનેકસ્વરી ધાતુઓને પણ इट् નો નિષેધ થશે.

## वेटोऽपतः । ૪-૪-૬૨

**અર્થઃ-** पत् ધાતુને વર્જીને જે ધાતુની પરમાં વિકલ્પે इट् થાય છે તેવા એકસ્વરી ધાતુઓથી પરમાં રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - रद्धः = રંધાયું. रद्धवान् = રાંધ્યું. रद्ध સુધીની સાધનિકા धूगौदितः ૪-૪-૩૮ માં જણાવ્યા પ્રમાણે થશે. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી रद्धः થશે અને रद्धवान् ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. અહીં धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् આગમ થાય છે તેથી આ સૂત્રથી क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમનો નિષેધ થયો છે. એજ પ્રમાણે - अञ्जौप्-अक्तः, अक्तवान्, गुहौ-गूढः, गूढवान्, शमू-शान्तः, शान्तवान् - असू-अस्तः, अस्तवान्. ऊदितोवा ૪-૪-૪૨ થી વિકલ્પે इट् થાય છે. सह्-सोढः,सोढवान् - सह... ૪-૪-૪૬ થી વિકલ્પે इट् થાય છે.

**अपत इति किम् ?** पतितः = પડાયું, पतितवान् = પડ્યો. અહીં इवृध... ૪-૪-૪૭ થી વિકલ્પે इट् આગમનું વિધાન હોવા છતાં સૂત્રમાં पत् ધાતુનું વર્જન કરેલું હોવાથી આ સૂત્રથી क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ થતો નથી તેથી स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् થયો છે.

**एकस्वरादित्येव** - दरिद्रितः, दरिद्रितवान्. એક સ્વરવાળા ધાતુને इट् આગમનો નિષેધ થાય છે પણ दरिद्रा ધાતુ અનેકસ્વરી છે તેથી इवृध... ૪-૪-૪૭ થી વિકલ્પે इट् નું વિધાન હોવા છતાં આ સૂત્રથી क्त-क्तवतु ની આદિમાં इट् નો નિષેધ થયો નથી.

✿ प्रोर्णुतः, प्रोर्णुतवान् - ऊर्णु ધાતુને इवृध... ૪-૪-૪૭ થી વિકલ્પે इट् નું વિધાન છે પણ ऊर्णु અનેકસ્વરી ધાતુ હોવાથી આ સૂત્રથી તો इट् નો નિષેધ નથી થતો પણ ऋवर्ण... ૪-૪-૫૭ થી કિત્ પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ થયો છે.

## सं-नि-वेरर्दः । ४-४-६३

**અર્થઃ-** सम्, नि અને वि ઉપસર્ગથી પરમાં રહેલાં अर्द् ધાતુથી પર રહેલ क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) समर्ण्णः = જવાયું, મંગાયું, समर्ण्णवान् = ગયો, માંગ્યું.

अर्द-गतियाचनयोः (૩૦૧)

सम्+अर्द्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

समर्न्न - रदाद... ૪-૨-૬૯ થી त् નો અને ધાતુનાં द् નો न्.

समर्ण्+न - र-षृ... ૨-૩-૬૩ થી પ્રથમ न् નો ण्.

समर्ण्ण - तवर्गस्य... ૧-૩-૬૦ થી બીજા न् નો ण्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી समर्ण्णः થશે. એજ પ્રમાણે समर्ण्णवत्. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે -

(૨) न्यर्ण्णः = જવાયું, મંગાયું, न्यर्ण्णवान् = ગયો, માંગ્યું.

(૩) व्यर्ण्णः = જવાયું, મંગાયું, व्यर्ण्णवान् = ગયો, માંગ્યું.

**संनिवेरिति किम् ?** अर्दितः, प्रार्दितः = જવાયું - મંગાયું, અહીં सम्, नि કે वि ઉપસર્ગથી પરમાં अर्द् ધાતુ નથી તેથી प्र થી પરમાં રહેલાં क्त પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ આ સૂત્રથી થયો નથી.

કેટલાંક કેવલ अर्द् ધાતુને પણ इट् આગમનો નિષેધ ઈચ્છે છે જેમકે - अर्ण्णः, अर्ण्णवान्.

## अविदूरेऽभेः । ४-४-६४

**અર્થઃ-** અવિદૂર (સમીપ) અર્થમાં વર્તતાં अभि ઉપસર્ગથી પરમાં રહેલાં अर्द् ધાતુથી પર રહેલ क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - अभ्यर्ण्णः = નજીક જવાયું, अभ्यर्ण्णवान् = નજીક ગયો. સાધનિકા ૪-૪-૬૩ માં જણાવેલ समर्ण्णः, समर्ण्णवान् પ્રમાણે થશે.

**अविदूर इति किम् ?** अभ्यर्दितः दीनः शीतेन = ગરીબ ઠંડીથી પીડાયો. અહીં અવિદૂર અર્થ નથી. પીડા પામવી અર્થ છે. તેથી આ સૂત્રથી क्त પ્રત્યયની આદિમાં इट् નો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-

૩૨ થી इट् આગમ થયો છે.

## वर्तेर्वृत्तं ग्रन्थे । ४-४-६५

**અર્થ:-** ગ્રંથનાં વિષયમાં ण्यन्त वृत् ધાતુથી क्त પ્રત્યયાન્ત वृत्त નિપાતન થાય છે.

**વિવેચન** - वृत्तः गुणश्छात्रेण = વિદ્યાર્થીવડે "ગુણ પ્રકરણ" ગ્રન્થ સેવાયો (ભણાયો.)

वृत्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

वृति+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

वृत्त - આ સૂત્રથી णिग् નો લોપ, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् આગમનો નિષેધ અને लघो... ૪-૩-૪ થી પ્રાપ્ત ગુણનો નિષેધ નિપાતનથી થયો. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી वृत्तः થશે.

**ग्रन्थ इति किम् ?** वर्तितं कुङ्कुमम् = કંકુને સેવામાં લેવાયું.

वृत्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

वर्ति - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

वर्ति+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

वर्ति+इ+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

वर्तित - सेट्क्तयोः ૪-૩-૮૪ થી णिग् નો લોપ. सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી वर्तितम् થશે. અહીં ગ્રન્થ વિષય ન હોવાથી આ સૂત્રથી वृत् ધાતુનું वृत्त નિપાતન થયું નથી.

✿ કેટલાંક ગ્રન્થ વિષયમાં પણ वर्तितः પ્રયોગ માને છે.

## धृष-शसः प्रगल्भे । ४-४-६६

**અર્થ:-** प्रगल्भ (સભાને જીતનાર અથવા અવિનીત) અર્થ જણાતો હોય તો જ धृष् અને शस् ધાતુથી પરમાં રહેલાં क्त અને क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) धृष्टः = સભા જીતનાર, અવિનયી. धृष्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, धृष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त નાં त् નો ट्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી धृष्टः થશે.

(૨) विशस्तः = સભા જીતનાર. અવિનયી. विशस्+त = विशस्त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विशस्तः થશે

✿ ञिधृषाट्-प्रागल्भ्ये (૧૩૧૨) ને स्ताद्य... ૪-૪-૩૨ થી इट् ની પ્રાપ્તિ હતી તેનો आदित: ૪-૪-૭૧ થી આ ઇત્ હોવાથી નિષેધ સિદ્ધ જ હતો અને शसू-हिंसायाम् (૫૪૯) ને ऊदितो वा ૪-૪-૪૨ થી इट् ની વિકલ્પે પ્રાપ્તિ હતી. વિકલ્પે इट् આગમ થતો હોવાથી वेटोपत: ૪-૪-૬૨ થી इट् નો નિષેધ સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર બનાવ્યું તેથી હવે પ્રગલ્ભ અર્થ હોય તો જ આ સૂત્રથી इट् નો નિષેધ થશે. તે સિવાયનો અર્થ જણાતો હોય તો धृष् ધાતુને ૪-૪-૩૨ થી અને शस् ધાતુને ૪-૪-૪૨ થી इट् આગમ થશે.

**प्रगल्भ इति किम् ?** धर्षित: = તિરસ્કૃત થયેલ, विशसित: = હણાયો. धर्षित: ની સાધનિકા न डीङ्... ૪-૨-૨૭ માં કરેલી છે. પણ અહીં क्त પ્રત્યય ભાવમાં ન હોવાથી स्ताद्य... ૪-૪-૩૨ થી इट् થશે. અહીં પ્રગલ્ભ અર્થ નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ થયો નથી.

## कष: कृच्छ्र-गहने । ૪-૪-૬૭

**અર્થ:-** કૃચ્છ્ર (દુ:ખ) અને ગહન અર્થમાં વર્તતાં कष् ધાતુથી પરમાં રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) कष्टं दु:खम् = દુ:ખ કષ્ટ છે, कष्ट: अग्नि: = અગ્નિ કષ્ટદાયક છે, कष्टं वनं दुरवगाहम् = વન ગહન છે. (દુ:ખે પાર કરી શકાય તેવું છે.) સાધનિકા ૪-૪-૬૬ માં જણાવેલ धृष्ट: પ્રમાણે થશે. પણ क्त પ્રત્યય कषोऽनिट: ૫-૩-૩ થી થશે. स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમની પ્રાપ્તિ હતી તેનો કૃચ્છ્ર અને ગહન અર્થમાં આ સૂત્રથી નિષેધ થયો છે.

**कृच्छ्रगहन इति किम् ?** कषितं स्वर्णम् = કસાએલ સોનું. અહીં કૃચ્છ્ર કે ગહન અર્થ નથી તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે.

## घुषेरविशब्दे । ૪-૪-૬૮

**અર્થ:-** વિશબ્દ (અનેક પ્રકારનાં શબ્દોવાળું અથવા પ્રતિજ્ઞા કરાએલું વાક્ય.) અર્થ ન જણાતો હોય તો घुष् ધાતુથી પરમાં રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - (૧) घुष्टा रज्जुः = જેના બધા અવયવો મજબૂત બંધાયેલાં છે એવી દોરી. સાધનિકા ૪-૪-૬૬ માં જણાવેલ धृष्टः પ્રમાણે થશે. અહીં आत्... ૨-૪-૧૮ થી आप् પ્રત્યય લાગ્યો છે. એજ પ્રમાણે -

(૨) घुष्टवान् = બધા અવયવો મજબૂત બાંધ્યાં. घुष्टवत् થયા પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

**अविशब्द इति किम् ?** अवघुषितं वाक्यम् = વિવિધ પ્રકારનાં શબ્દો વાળું વાક્ય અથવા પ્રતિજ્ઞાવાળું વાક્ય બોલે છે. અહીં વિશબ્દ અર્થ છે તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે.

✿ घुष् ધાતુ भ्वादि નો જ ગ્રહણ થશે चुरादि નો ગ્રહણ નહીં થાય. કારણ કે વિશબ્દ અર્થનાં પ્રતિષેધથી વિશબ્દ અર્થવાળો घुष् ધાતુ चुरादि નો છે તેનો નિષેધ થશે. અને णिच् પ્રત્યય લાગવાથી તે અનેકસ્વરવાળો હોવાથી પણ નિષેધ થાય જ છે તેથી તેનું વર્જન કરવું જ ન પડે છતાં વર્જન કર્યું છે તે "अनित्यो णिच् चुरादीनाम्" એ ન્યાયનાં કારણે જ્યારે णिच् ન લાગે ત્યારે પણ चुरादि નાં घुष् ધાતુને આ સૂત્રથી इट् આગમનાં પ્રતિષેધનો નિષેધ કરવા માટે સૂત્રમાં अविशब्दे એવું વચન સાર્થક છે.

## बलि-स्थूले दृढः । ४-४-६९

**અર્થઃ**- બળવાન અને સ્થૂલ અર્થમાં વર્તતાં क्त પ્રત્યયાન્ત दृह् અથવા दृंह् ધાતુનું दृढ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) दृढः बलिः स्थूलः वा = બળવાન અથવા સ્થૂલ. અહીં स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् આગમનો અભાવ, क्त નો ढ, ધાતુ સંબંધી ह् અને અનુસ્વારનો લોપ. તે સર્વ કાર્ય નિપાતનથી થયું છે.

(૨) परिदृढय्य गतः = બળવાનને કહીને ગયો. परिदृढं आचष्टे અર્થમાં णिज्... ૩-૪-૪૨ થી णिच् પ્રત્યય, परिदृढ+इ, त्र्न्त्य... ૭-૪-૪૩ થી અન્ત્ય अ નો લોપ - परिदृढि, प्राक्काले થી क्त्वा પ્રત્યય परिदृढि+त्वा, अनञः... ૩-૨-૧૫૪ થી त्वा નો यप् - परिदृढि+य, लघो... ૪-૩-૮૬ થી णि નો अय् થવાથી परिदृढय्य થશે.

(૩) पारिदृढी कन्या = બળવાનનું અપંત્ય (કન્યા) परिदृढस्य अपत्यं स्त्री અર્થમાં अत इञ् ૬-૧-૩૧ થી इञ् પ્રત્યય - परिदृढ+इञ्, अवर्णे... ૭-૪-૬૮ થી अ નો લોપ - परिदृढि, वृद्धिः... ૭-૪-૧ થી अ ની વૃદ્ધિ आ - पारिदृढि, नुर्जातेः ૨-૪-૭૨ થી ङी પ્રત્યય - पारिदृढि+ई, समानानां... ૧-૨-૧ થી इ+ई = ई થવાથી पारिदृढी થશે.

**बलि-स्थूल इति किम् ?** दृहितम्, दृंहितम् = વધ્યું. અહીં બળવાન કે સ્થૂલ અર્થ નથી તેથી આ સૂત્રથી इट् નો નિષેધ ન થતાં स्ताद्यः... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે.

## क्षुब्ध-विरिब्ध-स्वान्त-ध्वान्त-लग्न-म्लिष्ट-फाण्ट-बाढ-परिवृढं मन्थ-स्वर-मनस्-तमस्-सक्ताऽस्पष्टाऽनायास भृश-प्रभौ । ४-४-७०

**અર્થ:-** મંથન અર્થમાં क्षुब्ध, સ્વર અર્થમાં विरिब्ध, મન અર્થમાં स्वान्त, तमः (અંધકાર) અર્થમાં ध्वान्त, સક્ત (આસક્ત) અર્થમાં लग्न, અસ્પષ્ટ અર્થમાં म्लिष्ट, અનાયાસ અર્થમાં फाण्ट, ભૃશ (ઘણું) અર્થમાં बाढ અને પ્રભુ અર્થમાં परिवृढ શબ્દો क्त અન્તવાળા અનિટ્ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) क्षुब्धः समुद्रः = મંથન કરાએલ સમુદ્ર. क्षुभच्, क्षुभश्-संचलने (૧૧૯૯-૧૫૫૩) क्षुभ्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, क्षुभ्+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ, क्षुभ्+ध - अधः... ૨-૧-૭૯ થી त નાં त् નો ध, क्षुब्ध - तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી क्षुब्धः થશે.

(૨) क्षुब्धं वल्लवैः = ગોવાળીયાઓ વડે મંથન કરાએલું. સાધનિકા क्षुब्ध પ્રમાણે થશે. પણ सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી क्षुब्धं થશે.

(૩) विरिब्धः स्वरः = અવાજ. रेभृङ्-शब्दे (૭૭૫) विरेभ्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ તથા रेभ् નો रिभ् નિપાતન. હવે પછીની સાધનિકા क्षुब्धः પ્રમાણે થવાથી विरिब्धः થશે. અથવા रिभ् ધાતુ સૌત્ર હોવાથી પણ विरिब्धः થશે.

(૪) स्वान्तं मनः = મન. स्वन-शब्दे (૩૨૭) स्वन्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ, स्वान्त - अहन्... ૪-૧-૧૦૭ થી ઉપાન્ત્ય अ નો आ, सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી स्वान्तं થશે.

(૫) ध्वान्तं तमः = અંધકાર. ध्वन-शब्दे (૩૨૫) સાધનિકા स्वान्तं પ્રમાણે થશે.

(૬) लग्नं सक्तम् = આસક્ત. लगु-गतौ (૭૯) लग्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ, અને उदितः... ૪-૪-૯૮ થી न् આગમનો નિષેધ તથા क्त નાં त् નો न् નિપાતન, सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી लग्नं થશે.

(૭) म्लिष्टम् अस्पष्टम् = અસ્પષ્ટ. म्लेच्छ्-अव्यक्तायां वाचि (૧૧૯) स्वरेभ्यः ૧-૩-૩૦ થી छ् દ્વિત્વ, अघोषे... થી પૂર્વનાં छ् નો च् થવાથી म्लेच्छ्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો નિષેધ, म्लेश्+त - अनुनासिके... ૪-૧-૧૦૮ થી च्छ् નો श्, म्लेष्+त - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्, म्लेष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्, म्लिष्ट - આ સૂત્રથી ए નો इ નિપાતન, सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી म्लिष्टम् થશે.

(૮) फाण्टम्, अनायाससाध्यम् = પ્રયત્ન વિના થાય તેવું, ઓછા પ્રયત્ને સાધ્ય. फण-गतौ (૧૦૩૭) ण्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ તથા ઉપાન્ત્ય अ નો आ નિપાતન, फाण्+त - तवर्गस्य... ૧-૩-૬૦ થી त નાં त् નો ट् થવાથી फाण्ट, सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી फाण्टं થશે.

(૯) बाढं भृशम् = ઘણું. वह्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય, वाहि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, वाहि+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો આ સૂત્રથી નિષેધ તથા णिग् નો લોપ, ह् નો લોપ, क्त નાં त् નો ढ् અને व् નો ब् નિપાતન થવાથી बाढ, सि પ્રત્યય, सि નો अम्, અને अम् નાં अ નો લોપ થવાથી बाढं થશે. बाढ સ્વભાવથી જ ક્રિયા વિશેષણ તરીકે

વપરાય છે.

(૧૦) परिवृढः प्रभुः = સમર્થ, સ્વામી. बृह-बृंह-वृद्धौ (૫૫૮-૫૫૯) परिवृह्+त - ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, स्ताद्य... ૪-૪-૩૨ થી પ્રાપ્ત इट् નો નિષેધ તથા ह् અને અનુસ્વારનો લોપ, क्त નાં त् નો द् નિપાતન થવાથી परिवृढ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી परिवृढः થશે.

**मन्थाद्यभिधेय इति किम् ?** (૧) क्षुभितं = ક્ષોભ પામેલું. (૨) विरिभितः, विरेभितः = શબ્દ કરાએલ (૩) स्वनितम् = મેઘની ગર્જના અથવા स्वनितः = મૃદંગ (૪) ध्वनितम् = મેઘની ગર્જના અથવા ध्वनितः = મૃદંગ (૫) लगितम् = લાગેલું, જવાયું. (૬) म्लेच्छितम् = અસ્પષ્ટ વાણી (૭) फणितम् = જવાયું (૮) वाहितम् = પ્રયત્ન (૯) परिवृहितम्, परिवृंहितम् = વધાયું. અહીં મંથન વિગેરે અર્થ નથી તેથી स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે.

## आदितः । ૪-૪-૭૧

**અર્થ:-** आ જેમાં ઇત્ છે એવા ધાતુઓથી પર રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - मिन्नः = સ્નિગ્ધ કરાયું, मिन्नवान् = સ્નિગ્ધ કર્યું. ञिमिदाच्-स्नेहने (૧૧૮૦) સાધનિકા रदाद... ૪-૨-૬૯ માં જણાવેલ भिन्नः, भिन्नवान् પ્રમાણે થશે. स्ताद्य... ૪-૪-૩૨ થી इट् ની પ્રાપ્તિ હતી તેનો આ સૂત્રથી નિષેધ થયો છે. એજ પ્રમાણે ञिक्ष्विदाच् - क्ष्विण्णः, क्ष्विण्णवान्, ञिष्विदांच्-स्विन्नः, स्विन्नवान्.

✡ नवा भावा... ૪-૪-૭૨ થી આ ઇત્વાળા ધાતુઓથી પરમાં રહેલાં ભાવ અને આરંભ અર્થમાં વિહિત क्त-क्तवतु પ્રત્યયની આદિમાં વિકલ્પે इट् આગમનું વિધાન કરેલું હોવાથી આ ઇત્વાળા ધાતુઓથી પરમાં રહેલાં કર્મ-કર્તા - આધારમાં વિહિત क्त-क्तवतु પ્રત્યયની આદિમાં वेटोऽपतः ૪-૪-૬૨ થી इट् નો નિષેધ સિદ્ધ જ છે તેથી આ સૂત્ર વ્યર્થ પડે છે વ્યર્થ પડીને જ્ઞાપન કરે (જણાવે) છે કે "यदुपाधेर्विभाषा (इटः) तदुपाधेः प्रतिषेधः" (જે ઉપાધિથી - વિશેષણથી વિકલ્પ કરેલો હોય તે વિશેષણથી નિષેધ કરવો) તેથી હવે આ ન્યાયનાં બળે ભાવ-આરંભ અર્થમાં જ આ ઇત્વાળા ધાતુથી વિધાન કરાએલ क्त-क्तवतु પ્રત્યયની

પૂર્વે नवा... ૪-૪-૭૨ થી વિકલ્પે इट् નો નિષેધ થાય છે અને કર્મ વિગેરે અર્થમાં આ ઈત્‌વાળા ધાતુથી વિધાન કરાએલ क्त-क्तवतु પ્રત્યયની પૂર્વે आदितः (આ સૂત્રથી) થી નિત્ય इट् નિષેધ થાય છે. અન્યથા પૃથક્ સૂત્ર ન કરતાં "आदितः नवाभावारम्भे" એ પ્રમાણે એક સૂત્ર કરવાથી આ ઈત્‌વાળા ધાતુથી ભાવ-આરંભમાં વિધાન કરાએલ क्त-क्तवतु ની આદિમાં વિકલ્પે इट् થતો હોવાથી તેને જ वेटोपतः થી નિષેધ થશે પણ કર્માદિમાં વિધાન કરાએલ આ ઈત્‌વાળા ધાતુને वेटोपतः સૂત્રથી इट् નો નિષેધ નહીં થાય. તેથી બન્ને સૂત્રો જુદાં બનાવ્યા તે સાર્થક છે. ભાવ-આરંભ અર્થમાં क्त-क्तवतु વિધાન કરાએલો હશે ત્યારે नवा... ૪-૪-૭૨ થી વિકલ્પે इट् થશે અને કર્માદિમાં क्त-क्तवतु વિધાન કરાએલો હશે ત્યારે આ સૂત્રથી इट् નો નિષેધ થશે. હવે આ ઈત્‌વાળા ધાતુઓને वेटोऽपतः સૂત્ર નહીં લાગી શકે.

## नवा भावाऽरम्भे । ૪-૪-૭૨

**અર્થ:-** आ જેમાં ઈત્ છે એવા ધાતુઓથી પરમાં રહેલાં ભાવ અને આરંભ અર્થમાં વિધાન કરાએલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થતો નથી. (વિકલ્પે થાય છે.)

**વિવેચન** - (૧) मित्रम्, मेदितम् = સ્નિગ્ધ કરાયું. मित्रम् ની સાધનિકા रदाद... ૪-૨-૬૯ માં જણાવેલ भिन्नः પ્રમાણે થશે. પણ सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી मित्रम् થશે. વિકલ્પપક્ષે इट् આગમ થાય ત્યારે -

मिद्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

मिद्+इ+त - स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ.

मिद्+इ+त - न डीङ्... ૪-૩-૨૭ થી સેટ્ क्त ને કિદ્‌વદ્ ભાવનો નિષેધ.

मेदित - लघो... ૪-૩-૪ થી ઉપાન્ત્ય इ નો ગુણ ए.

सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી मेदितम् થશે.

(૨) प्रमित्रः, प्रमेदितः = સ્નિગ્ધ કરાયું, प्रमित्रवान्, प्रमेदितवान् = સ્નિગ્ધ કર્યું. અહીં आरम्भे ૫-૧-૧૦ થી કર્તામાં क्त પ્રત્યય થયો છે અને

क्तवतु પ્રત્યય તો ૫-૧-૧૭૪ થી કર્તામાં જ થાય છે. તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ વિકલ્પે થયો છે. સાધનિકા रदाद... ૪-૨-૬૯ માં જણાવેલ भिन्नः, भिन्नवान् પ્રમાણે થશે.

**आदित इति किम् ?** प्रविदितः અહીં विद् ધાતુ आ ઇત્‌વાળો ન હોવાથી આ સૂત્રથી इट् નો વિકલ્પે નિષેધ ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થયો છે. क्त પ્રત્યયની આદિમાં થયેલો इट् આગમ क्त નો અવયવ હોવાથી કિત્ છે તેથી ગુણ થયો નથી.

## शकः कर्म्मणि । ૪-૪-૭૩

**અર્થઃ-** शक् ધાતુથી પરમાં રહેલાં કર્મમાં વિધાન કરાએલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થતો નથી.

**વિવેચન** - शक्तः, शक्तिः वा घटः कर्तुम् चैत्रेण = ચૈત્રવડે ઘટ કરવા માટે શક્ય છે. शक्लृंट्-शक्तौ (૧૩૦૦) સાધનિકા સુગમ છે.

**कर्मणीति किम् ?** शक्तः कटं कर्तुम् चैत्रः = ચૈત્રે કટ કરવા માટે આરંભ કર્યો. અહીં आरम्भे ૫-૧-૧૦ થી આરંભ અર્થમાં क्त પ્રત્યય થયેલો છે. કર્મમાં નથી તેથી આ સૂત્રથી इट् આગમનો વિકલ્પે નિષેધ થતો નથી. शक् ધાતુ અનુસ્વાર ઇત્‌વાળો એકસ્વરી હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ થયો છે.

✡ કર્મમાં क्तवतु પ્રત્યયનો સંભવ ન હોવાથી તેનું ઉદાહરણ આપ્યું નથી.

## णौ दान्त-शान्त-पूर्ण-दस्त-स्पष्ट-च्छन्न-ज्ञप्तम् । ૪-૪-૭૪

**અર્થઃ-** णि પ્રત્યયાન્ત दम् ધાતુનું दान्त, शम् ધાતુનું शान्त, पूर् ધાતુનું पूर्ण, दास् ધાતુનું दस्त, स्पश् ધાતુનું स्पष्ट, छद् ધાતુનું छन्न અને ज्ञा ધાતુનું ज्ञप्त આ પ્રમાણે क्त અન્તવાળા વિકલ્પે નિપાતન કરાય છે.

**વિવેચન** - (૧) दान्तः, दमितः = દમન કરાએલો.

दम्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

दमि - मोऽकमि... ૪-૩-૫૫ થી વૃદ્ધિનો નિષેધ.

दमि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

दम्+त - આ સૂત્રથી इट् નો નિષેધ અને णिग् નો લોપ નિપાતન.

दाम्+त - अहन्... ४-१-१०७ थी ઉपान्त्य अ दीर्घ.

दान्त - म्नां... १-३-३૯ थी म् नो न्.

सि प्रत्यय, सोरुः, रःपदान्ते... थी दान्तः थशे. વિકલ્પપક્ષે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે दमि+त સુધી ઉપર પ્રમાણે થશે.

दमि+इ+त - स्ताद्य... ४-४-३२ थी इट् આગમ.

दमित - सेट्क्तयोः ४-३-८४ थी णिग् नो લોપ.

सि प्रत्यय, सोरुः, रःपदान्ते... थी दमितः थशे.

(२) शान्तः शमितः = શાન્ત કરાએલો. સાધનિકા दान्तः, दमितः પ્રમાણે થશે.

(३) पूर्णः, पूरितः = પૂર્ણ કરાએલ.

पूर्+इ = पूरि - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

पूरि+त - क्त... ५-१-१७४ थी क्त प्रत्यय.

पूर्+त - આ સૂત્રથી इट् નો નિષેધ અને णिग् નો લોપ નિપાતન. હવે પછીની સાધનિકા रदाद... ४-२-६૯ માં જણાવેલ છે. વિકલ્પપક્ષે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે पूरितः થશે સાધનિકા दमितः પ્રમાણે થશે.

(४) दस्तः, दासितः = અપાવ્યું. दासृग्-दाने (૯૩૩)

दास्+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

दासि - ञ्णिति ४-३-५० थी आ नी वृद्धि आ.

दासि+त - क्त... ५-१-१७४ थी क्त प्रत्यय.

दस्त - આ સૂત્રથી इट् નો અભાવ, णिग् નો લોપ, ઉપાન્ત્ય आ નો હ્રસ્વ આદેશ નિપાતન. सि प्रत्यय, सोरुः, रःपदान्ते... થી दस्तः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે दासितः થશે સાધનિકા दमितः પ્રમાણે થશે.

(५) स्पष्टः, स्पाशितः = ગ્રહણ કરાએલ, ભેટાયેલ. स्पशिण्-ग्रहणश्लेषणयोः (१८४२)

स्पश्+इ - प्रयोक्तृ... ३-४-२० थी णिग् प्रत्यय.

स्पाशि - ञ्णिति ४-३-५० थी अ नी वृद्धि आ.

स्पाशि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

स्पश्+त - આ સૂત્રથી इट् નો અભાવ, णिग् નો લોપ, ઉપાન્ત્ય आ નો હ્રસ્વ આદેશ નિપાતન. स्पष्+त - यज... ૨-૧-૮૭ થી श् નો ष्, स्पष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्, सिं પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી स्पष्टः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે स्पाशितः થશે સાધનિકા दमितः પ્રમાણે થશે.

(૬) छन्नः, छादितः = ઢંકાએલ. छदण्-संवरणे (૧૬૫૫)

छद्+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

छादि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ.

छादि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

छद्+त - આ સૂત્રથી इट् નો અભાવ, णिग् નો લોપ, ઉપાન્ત્ય आ નો હ્રસ્વ આદેશ નિપાતન. હવે પછીની સાધનિકા ૪-૨-૬૯માં જણાવેલ भिन्नः પ્રમાણે થશે. આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે छादितः થશે સાધનિકા दमितः પ્રમાણે થશે.

(૭) ज्ञप्तः, ज्ञापितः = જણાવાએલ. ज्ञांश्-अवबोधने (૧૫૪૦)

ज्ञा+इ - प्रयोक्तृ... ૩-૪-૨૦ થી णिग् પ્રત્યય.

ज्ञापि - अर्त्ति... ૪-૨-૨૧ થી पु આગમ.

ज्ञापि+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

ज्ञप्+त - આ સૂત્રથી इट् નો અભાવ, णिग् નો લોપ, ઉપાન્ત્ય आ નો હ્રસ્વ આદેશ નિપાતન. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી ज्ञप्तः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે ज्ञापितः થશે સાધનિકા दमितः પ્રમાણે થશે.

✡ संज्ञप्तः, संज्ञपितः = તે મરાવે છે. અહીં मारण... ૪-૨-૩૦ થી મારણ વિગેરે અર્થમાં ज्ञा ધાતુનો સ્વર હ્રસ્વ થયો છે.

### श्वस-जप-वम-रुष-त्वर-संघुषाऽऽस्वनाऽमः । ૪-૪-૭૫

**અર્થ:-** श्वस्, जप्, वम्, रुष्, त्वर्, सम्+घुष्, आ+स्वन् અને अम् ધાતુથી પરમાં રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થતો નથી.

વિવેચન - (૧) श्वस्तः, श्वसितः = શ્વાસ લેવાયો. श्वसक्-प्राणने (૧૦૯૦)

श्वस्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

श्वस्त - આ સૂત્રથી इट् નો નિષેધ. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી श्वस्तः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થાય ત્યારે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી श्वसितः થશે.

(૨) विश्वस्तवान्, विश्वसितवान् = શ્વાસ લીધો. સાધનિકા श्वस्तः-श्वसितः પ્રમાણે થવાથી विश्वस्तवत्, विश्वसितवत्. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે.

(૩) जप्तः, जपितः = જાપ કરાયો. जप-मानसेव्यक्तेवचने च (૩૩૮) સાધનિકા श्वस्तः, श्वसितः પ્રમાણે થશે.

(૪) जप्तवान्, जपितवान् = જાપ કર્યો. સાધનિકા श्वस्तवान्, श्वसितवान् પ્રમાણે થશે.

(૫) वान्तः, वमितः = વમન કરાયું. टुवमू-उद्गिरणे (૯૬૯) वान्तः ની સાધનિકા श्वस्तः પ્રમાણે થશે પણ अहन्... ૪-૧-૧૦૭ થી ઉપાન્ત્ય સ્વર દીર્ઘ અને म्नां... ૧-૩-૩૯ થી म् નો न् થશે. વિકલ્પપક્ષે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી वमितः થશે.

(૬) वान्तवान्, वमितवान् = વમન કર્યું. वान्तवान् ની સાધનિકા वान्तवत् સુધી वान्त પ્રમાણે થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लन्नवान् પ્રમાણે થશે. વિકલ્પપક્ષે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી वमितवान् થશે.

(૭) रुष्टः, रुषितः = ક્રોધ કરાયો. रुषच्-रोषे (૧૨૧૫)

रुष्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

रुष्त - આ સૂત્રથી इट् નો નિષેધ.

रुष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી रुष्टः થશે. વિકલ્પપક્ષે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી रुषितः થશે.

(૮) रुष्टवान्, रुषितवान् = ક્રોધ કર્યો. સાધનિકા रुष्टः, रुषितः પ્રમાણે થશે પણ रुष्टवत्, रुषितवत् થયા પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ

ह्लत्रवान् પ્રમાણે થશે.

(૯) तूर्णः, त्वरितः = ઉતાવળ કરાઈ. तूर्णः ની સાધનિકા मव्यवि... ૪-૧-૧૦૯ માં કરેલી છે. વિકલ્પપક્ષે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી त्वरितः થશે.

(૧૦) तूर्णवान्, त्वरितवान् = ઉતાવળ કરી. સાધનિકા तूर्णः, त्वरितः પ્રમાણે થવાથી तूर्णवत्, त्वरितवत् થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लत्रवान् પ્રમાણે થશે.

(૧૧) संघुष्टौ, संघुषितौ दम्यौ = દમન કરવા યોગ્ય (બે વાછરડાં) સાધનિકા रुष्टः, रुषितः પ્રમાણે થશે. પણ संघुष्ट+औ, संघुषित+औ - स्यौ... ૧-૧-૧૮ થી औ પ્રત્યય, संघुष्टौ, संघुषितौ - ऐदौत्... ૧-૨-૧૨ થી अ+औ = औ.

(૧૨) संघुष्टवान्, संघुषितवान् = ઘોષણા કરી. સાધનિકા रुष्टः, रुषितः પ્રમાણે થવાથી संघुष्टवत्, संघुषितवत् થશે. પછીની સાધનિકા ૪-૨-૬૭ માં જણાવેલ ह्लत्रवान् પ્રમાણે થશે.

✡ घुषे... ૪-૪-૬૮ થી આ સૂત્ર પર હોવાથી संघुष् ધાતુથી પર રહેલાં क्त-क्तवतु ની આદિમાં નિત્ય इट् નો નિષેધ ન થતાં વિકલ્પે इट् આગમ થયો છે.

(૧૩) आस्वान्तः, आस्वनितः = અવાજ કરાયો. સાધનિકા वान्तः, वमितः પ્રમાણે થશે.

(૧૪) आस्वान्तवान्, आस्वनितवान् = અવાજ કર્યો. સાધનિકા वान्तवान्, वमितवान् પ્રમાણે થશે.

(૧૫) अभ्यान्तः, अभ्यमितः = સામે જવાયું. अम-गतौ (૩૯૨) સાધનિકા वान्तः, वमितः પ્રમાણે થશે.

(૧૫) अभ्यान्तवान्, अभ्यमितवान् = સામે ગયો. સાધનિકા वान्तवान्, वमितवान् પ્રમાણે થશે.

✡ આ સૂત્ર પર હોવાથી અવિશબ્દ અર્થમાં પણ આ સૂત્રથી संघुष्टा, संघुषिता रज्जुः એવો પ્રયોગ થાય છે. અને મન અર્થમાં પણ આ સૂત્રથી आस्वान्तं, आस्वनितं मनः એવો પ્રયોગ પણ થાય છે.

## हृषेः केश-लोम-विस्मय-प्रतिघाते । ४-४-७६

**અર્થ:-** કેશ, લોમ, વિસ્મય અને પ્રતિઘાત અર્થ ગમ્યમાન હોય તો हृष् ધાતુથી પરમાં રહેલાં क्त-क्तवतु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થતો નથી.

**વિવેચન** - (૧) हृष्टाः, हृषिताः केशाः = સારા દીપ્તિવાળા વાળ. हृषू-अलीके (૫૩૫)

हृष्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

हृष्+त - આ સૂત્રથી इट् નો નિષેધ.

हृष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्.

हृष्ट+अस् - स्यौ... ૧-૧-૧૮ થી जस् પ્રત્યય.

हृष्टास् - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ. सोरुः, रःपदान्ते... થી हृष्टाः થશે. આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થાય ત્યારે स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થવાથી हृषिताः થશે.

(૨) हृष्टं, हृषितं लोमभिः = રુંવાડાવડે હર્ષ વ્યક્ત કરાયો. સાધનિકા हृष्टाः, हृषिताः પ્રમાણે થશે. પણ सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થશે.

(૩) हृष्टः, हृषितः चैत्रः = ચૈત્ર વિસ્મય પામ્યો. સાધનિકા हृष्टाः, हृषिताः પ્રમાણે થશે. પણ सि પ્રત્યય લાગશે.

(૪) हृष्टाः, हृषिताः दन्ताः = તુટેલાં (ઘાત પામેલાં) દાંત. સાધનિકા हृष्टाः, हृषिताः પ્રમાણે થશે.

**केशादिष्विति किम् ?** हृष्टः मैत्रः = મૈત્ર ખોટું બોલ્યો. અહીં केश વિગેરે અર્થમાં हृष् ધાતુ નથી તેથી આ સૂત્રથી इट् આગમ વિકલ્પે ન થતાં वेटोऽपतः ૪-૪-૬૨ થી નિત્ય નિષેધ થયો છે.

हृषितः चैत्रः = ચૈત્ર ખુશ થયો. हृषच्-तुष्टौ (૧૨૧૪) અહીં પણ केश વિગેરે અર્થમાં हृष् ધાતુ નથી તેથી આ સૂત્રથી इट् આગમ વિકલ્પે ન થતાં स्ताद्य... ૪-૪-૩૨ થી इट् આગમ થયો છે.

✿ हृषू ધાતુ ऊदित् હોવાથી ऊदितो वा ૪-૪-૪૨ થી त्वा પ્રત્યય પર છતાં વિકલ્પે इट् આગમ થતો હોવાથી वेटोऽपतः ૪-૪-૬૨ થી क्त-क्तवतु પ્રત્યય પર છતાં નિષેધ થતો હતો અને हृषच् ધાતુને स्ताद्य...

૩૨ થી નિત્ય इट् આગમ થતો હતો તેનો આ સૂત્રે વિકલ્પ કર્યો.

## अपचितः । ૪-૪-૭૭

**અર્થ:-** क्त પ્રત્યયાન્ત अप પૂર્વક चाय् ધાતુથી क्त પ્રત્યયની પૂર્વે इट् નો અભાવ અને चाय् નો चि નિપાતન વિકલ્પે થાય છે.

**વિવેચન** - अपचितः, अपचायितः = પૂજાએલો. चायृग्-पूजानिशामनयोः (૯૧૭)

अप+चाय्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય.

अपचित - આ સૂત્રથી इट् નો અભાવ અને चाय् નો चि. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી अपचितः થશે. આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે अपचायितः થશે.

✡ અહીં चायृग् ધાતુનો જ નિપાતનથી अपचितः પ્રયોગ થશે પણ चिनोति (चि) ધાતુનું નિપાતન નથી. चिंगट् ધાતુ અનિટ્ હોવાથી अपचितः પ્રયોગ થાય છે પણ પૂજા અર્થમાં નિપાતન चायृग् ધાતુનું જ થશે.

## सृजि-दृशि-स्कृ-स्वराऽत्वतस्तृजूनित्याऽनिटस्थवः । ૪-૪-૭૮

**અર્થ:-** सृज्, दृश् અને स्कृ ધાતુથી તેમ જ तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ એવા સ્વરાન્ત અને અકારવાળા ધાતુથી વિધાન કરાએલ थव् પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् થતો નથી.

**વિવેચન** - (૧) सस्रष्ठ, ससर्जिथ = તેં સર્જન કર્યું.

सृज्+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

सृज्+थ - स्कसृ... ૪-૪-૮૧ થી પ્રાપ્ત इट् નો નિષેધ.

सृज्सृज्+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सृसृज्+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ज् નો લોપ.

ससृज्+थ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

ससृअज्+थ - अःसृजि... ૪-૪-૧૧૧ થી સ્વરની પરમાં अ આગમ.

सस्रज्+थ - इवर्णादेः... ૧-૨-૨૧ થી ऋ નો र्.

सस्रष्+थ - यज... ૨-૧-૮૭ થી ज् નો ष्.

सस्रष्ठ - तवर्गस्य... ૧-૩-૬૦ થી थ् નો ठ्. આ સૂત્રથી इट् નો નિષેધ

ન થાય ત્યારે ससृज्+थ સુધી ઉપર પ્રમાણે થશે.

ससृज्+इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

ससर्जिथ - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्.

(૨) दद्रष्ठ, ददर्शिथ = તેં જોયું. સાધનિકા सस्रष्ठ, ससर्जिथ પ્રમાણે થશે.

(૩) सञ्चस्कर्थ, सञ्चस्करिथ = તેં સંસ્કાર કર્યો.

सम्+चस्कृ+थव् સુધી स्कृ... ૪-૩-૮ માં જણાવ્યા પ્રમાણે થશે.

सञ्चस्कृ+थ - तौ-मुमौ... ૧-૩-૧૪ થી म् નો ञ्.

सञ्चस्कर्थ - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्. આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે सञ्चस्कृ+थ સુધી ઉપર પ્રમાણે થશે.

सञ्चस्कृ+इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

सञ्चस्करिथ - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

(૪) ययाथ, ययिथ = તું ગયો.

या+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

या+थ - આ સૂત્રથી इट् નો નિષેધ.

याया+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ययाथ - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ. આ સૂત્રથી इट् નો નિષેધ ન થાય ત્યારે इडेत्... ૪-૩-૯૪ થી અન્ત્ય आ નો લોપ થવાથી ययिथ થશે. એજ પ્રમાણે - वींक्-विवेथ, विवयिथ - णींग्-निनेथ, निनयिथ - हुंक्-जुहोथ, जुहविथ. આ ધાતુઓ એકસ્વરી અનુસ્વાર ઇત્‌વાળા હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી सादि-तादि પ્રત્યયની પૂર્વે इट् આગમ ન થવાથી तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ છે તેથી આ સૂત્રથી थव् પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् આગમ થયો છે. या ધાતુ સ્વરાન્ત છે.

(૫) पपक्थ, पेचिथ = તેં રાંધ્યું. સાધનિકા अनादेशा... ૪-૧-૨૪ માં કરેલી છે. અહીં પણ डुपचींष् ધાતુ એકસ્વરી અનુસ્વાર ઇત્‌વાળો હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી सादि-तादि પ્રત્યયની પૂર્વે इट् આગમ થતો નથી તેથી तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ હોવાથી આ સૂત્રથી थव्

પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् આગમ થયો છે. આ ધાતુ અકારવાળો છે. એજ પ્રમાણે - शक्लृंट्-शशक्थ, शेकिथ-यजीं-इयष्ठ, इयजिथ, गम्लृं-जगन्थ, जगमिथ પ્રયોગો થશે.

**तृज्नित्याऽनिट इति किम् ?** ररन्धिथ = તેં રાંધ્યું. रधौच् (૧૧૮૮)

रध्+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

रध्+इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

रन्ध्+इ+थ - रध इटि... ૪-૪-૧૦૧ થી સ્વરની પછી न् આગમ.

रन्ध्रन्ध्-इ+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ररन्धिथ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન न्ध् નો લોપ.

✡ शिश्रयिथ = તેં સેવા કરી.

श्रि+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

श्रि+इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

श्रिश्रि+इ+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

शिश्रि+इ+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ.

शिश्रे+इ+थ - नामिनो... ૪-૩-૧ થી इ નો ગુણ ए.

शिश्रयिथ - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्..અહીં रध् ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् આગમ થાય છે અને श्रि ધાતુને स्ताद्य... ૪-૪-૩૨ થી નિત્ય इट् આગમ થાય છે. તેથી तृच् પ્રત્યય પર છતાં रन्ध् ધાતુ વેટ્ છે અને श्रि ધાતુ સેટ્ છે તેથી આ સૂત્રથી थव् ની પૂર્વે इट् વિકલ્પે થયો નથી.

**विहितविशेषणं किम् ?** चकर्षिथ = તેં ખેડ્યું.

कृष्+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

कृष्-इ+थ - स्क्रसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

कृष्कृष्+इ+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

कृकृष्+इ+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન ष् નો લોપ.

ककृष्+इ+थ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

चकृष्+इ+थ - कङ... ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च्.

*चकर्षिथ   लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्. અહીં कृषं-* विलेखने (૫૦૬) ધાતુ એકસ્વરી અનુસ્વાર ઇત્‌વાળો હોવાથી एकस्वरा... ૪-૪-૫૬ થી सादि-तादि પ્રત્યયની પૂર્વે इट् થતો નથી તેથી तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ છે. પણ अकारवाળો ધાતુ નથી ગુણ થયા પછી अकार થયેલો છે તેથી આ સૂત્રથી थव् પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् આગમ થયો નથી.

**सृजिदृशिस्कृस्वरात्वत इति किम् ?** रराधिथ, बिभेदिथ અહીં સૂત્રમાં કહેલ એક પણ ધાતુ નથી સ્વરાન્ત નથી તેમજ अकारवाળો પણ નથી તેથી આ સૂત્રથી थव् ની પૂર્વે વિકલ્પે इट् ન થતાં स्क्रसृ... ૪-૪-૮૧ થી નિત્ય इट् આગમ થયો છે.

**तृजिति किम्?** लुलविथ અહીં लू ધાતુને उवर्णात् ૪-૪-૫૮ થી કિત્ પ્રત્યય પર છતાં इट् આગમનો નિષેધ છે. પણ तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ નથી તેથી આ સૂત્રથી थव् પ્રત્યય પર છતાં इट् આગમનો વિકલ્પે નિષેધ ન થતાં स्क्रसृ... ૪-૪-૮૧ થી નિત્ય इट् આગમ થયો છે.

**थव इति किम् ?** पेचिव, पेचिम - અહીં थव् પ્રત્યય નથી व અને म પ્રત્યય છે તેથી આ સૂત્રથી વિકલ્પે इट् આગમ ન થતાં स्क्रसृ... ૪-૪-૮૧ થી નિત્ય इट् આગમ થયો છે.

✿ સૂત્રમાં સ્વરાન્ત ધાતુનાં ગ્રહણથી स्कृ ધાતુનું ગ્રહણ થતું હોવા છતાં स्कृ ધાતુને જુદો ગ્રહણ કર્યો છે તે ऋतः ૪-૪-૭૯ સૂત્રથી थव् પ્રત્યયની પૂર્વે इट् નો નિત્ય નિષેધ ન થાય તે માટે છે.

## ऋतः । ૪-૪-૭૯

**અર્થ:-** *तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ એવા ऋकारान्त ધાતુથી વિધાન કરાએલ* थव् પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

**વિવેચન** - जहर्थ = તેં હરણ કર્યું. हृंग्-हरणे (૮૮૫)

हृ+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

हृ+थ - एकस्वरा... ૪-૪-૫૬ થી इट् નો નિષેધ.

हृहृ+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

हह+थ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

जह+थ - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ह् નો ज्.

जहर्थ - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

**तृज्नित्यानिट इत्येव** - सस्वरिथ = તેં અવાજ કર્યો. औस्वृ (૨૧)

स्वृ+थ - णव्... ૩-૩-૧૨ થી थव् પ્રત્યય.

स्वृ+इ+थ - स्कसृ... ૪-૪-૮૧ થી इट् આગમ.

स्वृस्वृ+इ+थ - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

सृस्वृ+इ+थ - व्यञ्जन... ૪-૧-૪૪ થી व् નો લોપ.

सस्वृ+इ+थ - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

सस्वरिथ - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्. અહીં स्वृ ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી सादि-तादि પ્રત્યયની પૂર્વે વિકલ્પે इट् આગમ થતો હોવાથી तृच् પ્રત્યય પર છતાં स्वृ ધાતુ वेट् છે પણ અનિટ્ નથી તેથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ થયો નથી.

**ऋत इति किम् ?** बिभेदिथ અહીં भिद् ધાતુ ऋકારાન્ત ન હોવાથી આ સૂત્રથી इट् આગમનો નિષેધ ન થતાં स्कसृ... ૪-૪-૮૧ થી નિત્ય इट् આગમ થયો છે.

✡ ૪-૪-૭૮ થી આ સૂત્ર જુદું બનાવ્યું તેથી नवा ની નિવૃત્તિ થઈ છે. અન્યથા ऋકારાન્ત ધાતુ સ્વરાન્ત હોવાથી ૪-૪-૭૮ સૂત્રથી વિકલ્પે इट् ની પ્રાપ્તિ હતી.

## ऋ-वृ-व्येऽद इट् । ૪-૪-૮૦

**અર્થ:-** ऋ-वृ-व्ये અને अद् ધાતુથી પરમાં રહેલાં थव् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) आरिथ = તે ગયો. સાધનિકા अनातो... ૪-૧-૬૯ માં જણાવેલ आर પ્રમાણે થશે. પરન્તુ અહીં थव् પ્રત્યય હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો છે.

(૨) ववरिथ = તું વર્યો. સાધનિકા ૪-૪-૭૯ માં જણાવેલ सस्वरिथ પ્રમાણે થશે.

(૩) संविव्ययिथ = તેં ઢાંક્યું. सम्+विव्ये+थ સુધી ૪-૧-૭૧ માં જણાવ્યા

પ્રમાણે થશે. અહીં णव् ને બદલે थव् પ્રત્યય થશે.

सम्-विव्ये+थ - ज्याव्ये... ૪-૧-૭૧ થી પૂર્વનાં इ નો इ.

सम्+विव्ये+इ-थ - આ સૂત્રથી इट् નો આગમ.

संविव्ये+इथ - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

संविव्ययिथ - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्.

(૪) आदिथ = તેં ખાધું. સાધનિકા ૪-૨-૬૮ માં જણાવેલ आदुः પ્રમાણે થશે. પણ અહીં थव् પ્રત્યય હોવાથી આ સૂત્રથી थव् ની પૂર્વે इट् આગમ થયો છે.

✡ ऋ ધાતુને ऋतः ૪-૪-૭૯ થી थव् પૂર્વે इट् નો નિષેધ થતો હતો, वृ ધાતુને स्क्रसृ... ૪-૪-૮૧ થી थव् ની પૂર્વે इट् નો નિષેધ થતો હતો તથા व्ये અને अद् ધાતુ એકસ્વરી અનુસ્વાર ઇત્‌વાળા હોવાથી तृच् પ્રત્યય પર છતાં નિત્ય અનિટ્ સ્વરાન્ત અને અકારવાળો ધાતુ છે તેથી इट् નો આગમ વિકલ્પે થતો હતો તે બધાને આ સૂત્રથી નિત્ય इट् આગમ થયો.

✡ સૂત્રમાં પુનઃ इट् ગ્રહણ કરવાથી न् નો અધિકાર નિવૃત્ત થયો.

## स्क-सृ-वृ-भृ-स्तु-द्रु-श्रु-स्त्रोर्व्यञ्जनादेः परोक्षायाः । ૪-૪-૮૧

**અર્થઃ-** सृ, वृ, भृ,स्तु, द्रु, श्रु અને स्रु ધાતુને વર્જીને स्कृ તથા અન્ય સર્વ ધાતુઓથી પર રહેલાં પરોક્ષાનાં વ્યંજનાદિ પ્રત્યયોની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) संचस्करिव = અમે બે જણાએ સંસ્કાર કર્યો. सम्+चस्कृ+व સુધી स्कृ... ૪-૩-૮ માં જણાવ્યા પ્રમાણે થશે. संचस्कृ+व - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર, संचस्कृ+इथ - આ સૂત્રથી इट् આગમ, संचस्करिव - नामिनो... ૪-૩-૧ થી ऋ નો ગુણ अर्.

(૨) ददिव = અમે બે જણાએ આપ્યું.

दा+व - णव्... ૩-૩-૧૨ થી व પ્રત્યય.

दा+इ+व - આ સૂત્રથી इट् આગમ.

दादा+इ+व - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

ददा+इव - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

ददिव - इडेत्... ૪-૩-૯૪ થી आ નો લોપ.

(૩) चिच्यिवहे = અમે બે જણાએ ભેગું કર્યું.

चि+वहे - णव्... ૩-૩-૧૨ થી वहे પ્રત્યય.

चि+इ+वहे - આ સૂત્રથી इट् આગમ.

चिचि+इवहे - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

चिच्यिवहे - योऽनेक... ૨-૧-૫૬ થી चि નાં इ નો य्.

**स्क्रिति किम् ?** चकृव = અમે બન્નેએ કર્યું. સાધનિકા ૪-૪-૭૯ માં જણાવેલ जहर्थ પ્રમાણે થશે. પણ અહીં व પ્રત્યય થશે. તે व પ્રત્યયને इन्ध्य... ૪-૩-૨૧ થી કિદ્‌વદ્‌ભાવ થવાથી ગુણ નહીં થાય. અને क्ङ... ૪-૧-૪૬ થી પૂર્વનાં क् નો च् થશે. એજ પ્રમાણે - चकृम, चकर्थ, चकृषे. અહીં स्कृ ધાતુ स्सट् આગમ વાળો હોય તો જ આ સૂત્રથી પરોક્ષાનાં વ્યંજનાદિ પ્રત્યયની પૂર્વે इट् થાય છે કેવલ कृ ધાતુથી इट् આગમ થતો નથી.

**स्रादि वर्जनं किम् ?** (૧) ससृव = અમે બન્ને ગયા, (૨) ववृव, ववृवहे = અમે બન્ને વર્યા. સાધનિકા चकृव પ્રમાણે થશે. (૩) बभर्थ = તેં પોષણ કર્યું. સાધનિકા ૪-૪-૭૯ માં જણાવેલ जहर्थ પ્રમાણે થશે. द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब् થશે. (૪) तुष्टोथ = તેં સ્તુતિ કરી. स्तु+थ - ૩-૩-૧૨ થી थव् પ્રત્યય, स्तुस्तु+थ - ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ, तुस्तु+थ - ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ, तुस्तोथ - ૪-૩-૧ થી उ નો ગુણ ओ, तुष्तोथ - ૨-૩-૧૫ થી स् નો ष्, तुष्टोथ - ૧-૩-૬૦ થી त् નો ट् થશે. (૫) दुद्रोथ = તું ગયો. द्रु+थ - ૩-૩-૧૨ થી थव् પ્રત્યય, द्रुद्रु+थ - ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ, दुद्रु+थ - ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન र् નો લોપ, दुद्रोथ - ૪-૩-૧ થી उ નો ગુણ ओ થશે. (૬) शुश्रोथ = તું ટપક્યો. સાધનિકા दुद्रोथ પ્રમાણે થશે. (૭) सुस्रोथ = તું ગયો. સાધનિકા दुद्रोथ પ્રમાણે થશે. અહીં સૂત્રમાં सृ વિગેરે ધાતુઓનું વર્જન હોવાથી પરોક્ષાનાં વ્યંજનાદિ પ્રત્યયની આદિમાં इट् આગમ થતો નથી.

✡ वृ ધાતુને ૪-૪-૮૦ થી थव् ની પૂર્વે इट् થાય છે. सृ અને भृ ધાતુને ૪-૪-૭૯ થી थव् ની પૂર્વે इट् નો નિષેધ જ છે. તથા स्तु-द्रु-श्रु અને स्रु ધાતુને ૪-૪-૭૮ થી इट् ની વિકલ્પે પ્રાપ્તિ હતી પણ આ સૂત્રથી જ પ્રાપ્ત इट् નો ૪-૪-૭૮ માં વિકલ્પ કરેલો હોવાથી હવે थव् ની પૂર્વે इट् આગમ ૪-૪-૭૮ થી પણ નહીં થાય.

✡ ववृषे - ऋवर्ण... ૪-૪-૫૭ થી इट् આગમનો નિષેધ થતો હોવાથી स्ताद्य... ૪-૪-૩૨ થી પણ इट् નહીં થાય.

## घसेकस्वराऽऽतः क्वसोः । ૪-૪-૮૨

**અર્થઃ-** घस् ધાતુથી, એકસ્વરવાળા ધાતુથી અને આકારાન્ત ધાતુથી પરમાં રહેલાં પરોક્ષાનાં क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) जक्षिवान् = ખાધું. સાધનિકા गमहन... ૪-૨-૪૪ માં જણાવેલ जक्षुः પ્રમાણે થશે. પણ અહીં उस् ને બદલે तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય થયો છે. તેથી આ સૂત્રથી इट् આગમ થવાથી जक्षिवस् થશે. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે.

(૨) आदिवान् = ખાધું. સાધનિકા अस्या... ૪-૧-૬૮ માં જણાવેલ आदुः પ્રમાણે થશે. પણ અહીં उस् ને બદલે तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય થયો છે. તેથી આ સૂત્રથી इ આગમ થવાથી आदिवस् થશે. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે आशिवान्, ऊचिवान्, शेकिवान्, पेचिवान्, सेदिवान्.

(૩) ययिवान् = ગયો. या+वस् - तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય, यायावस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ, ययावस्- ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ, ययाइवस् - આ સૂત્રથી इट् આગમ, ययिवस् - इडेत्...૪-૩-૯૪ થી आ નો લોપ. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. એજ પ્રમાણે - पपिवान्, तस्थिवान्, जग्लिवान्.

**परोक्षाया इत्येव** - विद्वान् = વિદ્વાન. विद्+वस् - वा वेत्तेः... ૫-૨-૨૨ થી વર્તમાનમાં विद् ધાતુથી क्वसु પ્રત્યય થવાથી विद्वस् થશે. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે

થશે. અહીં क्वसु પ્રત્યય વર્તમાન કાળમાં થયેલો છે પરોક્ષામાં નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

**घसेकस्वरात इति किम् ?** बभूवान् = થયો. સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં કરેલી છે. અહીં અનેકસ્વરી ધાતુ હોવાથી આ સૂત્રથી क्वसु પ્રત્યયની પૂર્વે इट् આગમ થયો નથી. भू ધાતુ તો એકસ્વરી છે પણ દ્વિત્વ થયા પછી પણ જો ધાતુ એકસ્વરી રહેતો હોય તો જ આ સૂત્રથી क्वसु પ્રત્યયની પૂર્વે इट् આગમ થાય છે. જો આવું ન હોત તો घस् ધાતુ પણ એકસ્વરી જ છે તેને સૂત્રમાં જુદો ગ્રહણ ન કરવો પડત. એક સ્વરવાળા ધાતુનાં ગ્રહણથી घस् નું પણ ગ્રહણ થઈ જ જાત છતાં घस् ને જુદો ગ્રહણ કર્યો છે તેના પરથી જ ફલિત થાય છે કે દ્વિત્વ થયા પછી પણ એકસ્વરી હોય તો જ આ સૂત્રથી इट् આગમ થાય.

✡ दरिद्रांचकृवान् - અહીં दरिद्रा ધાતુ આકારાન્ત છે પણ તેને પરોક્ષામાં आम् થવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

✡ क्वसु પરોક્ષાનો વ્યંજનાદિ પ્રત્યય હોવાથી स्क्सृ... ૪-૪-૮૧ થી इट् આગમની પ્રાપ્તિ હતી છતાં પણ આ સૂત્ર બનાવ્યું તેથી નિયમ થયો કે घस्, એકસ્વરવાળા અને આકારાન્ત ધાતુઓથી જ क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ થશે પણ અન્ય ધાતુઓથી હવે क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ નહીં થાય.

## गम-हन-विद्लृ-विश-दृशो वा । ४-४-८३

**અર્થ:-** गम्-हन्-विद्, विश् અને दृश् ધાતુથી પરમાં રહેલાં પરોક્ષાનાં क्वसु પ્રત્યયની આદિમાં इट् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) जग्मिवान्, जगन्वान् = ગયો. गहोर्जः ૪-૧-૪૦ માં જણાવેલ जगम् સુધી થશે. પણ तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય થશે.

जगम्+इ+वस् - આ સૂત્રથી इट् આગમ.

जग्मिवस् - गमहन... ૪-૨-૪૪ થી ઉપાન્ત્ય अ નો લોપ. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ ન થાય ત્યારે मोनो... ૨-૧-૬૭ થી म् નો न् થવાથી जगन्वान् થશે.

(૨) जघ्निवान्, जघन्वान् = તેણે હણ્યો. गहोर्जः ૪-૧-૪૦ માં જણાવેલ जहन् સુધી થશે. અહીં तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય થશે.

जहन्+इ+वस् - આ સૂત્રથી इट् આગમ.

जहिन+वस् - गम... ૪-૨-૪૪ થી ઉપાન્ત્ય अ નો લોપ.

जघ्निवस् - अङे... ૪-૧-૩૪ થી ह् નો घ्. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. આ સૂત્રથી જ્યારે इट् આગમ ન થાય ત્યારે जगन्वान् પ્રમાણે जघन्वान् થશે.

(૩) विविदिवान्, विविद्वान् = પ્રાપ્ત કર્યું.

विद्+वस् - तत्र... ૫-૨-૨ થી क्वसु પ્રત્યય.

विद्विद्+वस् - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

विविद्+वस् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન द् નો લોપ.

विविदिवस् - આ સૂત્રથી इट् આગમ. હવે પછીની સાધનિકા भुवो... ૪-૨-૪૩ માં જણાવેલ बभूवान् પ્રમાણે થશે. આ સૂત્રથી इट् આગમ ન થાય ત્યારે विविद्वान् થશે.

(૪) विविशिवान्, विविश्वान् = પ્રવેશ કર્યો. સાધનિકા विविदिवान्, विविद्वान् પ્રમાણે થશે.

(૫) ददृशिवान्, ददृश्वान् = જોયું. સાધનિકા विविदिवान्, विविद्वान् પ્રમાણે થશે. પરન્તુ ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ થશે.

✡ विद्लृ એ પ્રમાણે लृकारનો નિર્દેશ કરેલો હોવાથી લાભાર્થક विद् ધાતુનું ગ્રહણ થશે પણ જ્ઞાનાર્થક विद् ધાતુનું ગ્રહણ નહીં થાય તેનું તો विविद्वान् એક જ રૂપ થશે. અને સત્તા-વિચાર અર્થવાળો विद् ધાતુ આત્મનેપદી હોવાથી क्वसु પ્રત્યયની પ્રાપ્તિ જ નથી.

✡ ૪-૪-૮૨ સૂત્રથી क्वसु પ્રત્યય પર છતાં અન્ય ધાતુઓને इट् ની પ્રાપ્તિ ન હતી પણ આટલાં ધાતુઓને વિકલ્પે इट् કરવો છે તેથી આ સૂત્રની રચના કરી.

## सिचोऽञ्जेः । ૪-૪-૮૪

અર્થઃ- अञ्ज् ધાતુથી सिच् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - आञ्जीत् = તે ગયો. अञ्जौप् व्यक्तिम्रक्षणगतिषु (૧૪૮૮) સાધનિકા स्वरादे... ૪-૪-૩૧ માં જણાવેલ आटीत् પ્રમાણે થશે.

✡ अञ्ज् ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् ની પ્રાપ્તિ હતી તેનો બાધ કરીને આ સૂત્રથી નિત્ય વિધાન કર્યું છે.

## धूग्-सुस्तोः परस्मै । ૪-૪-૮૫

**અર્થઃ**- પરસ્મૈપદમાં धू, सु અને स्तु ધાતુથી પરમાં રહેલાં सिच् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) अधावीत् = તેણે કંપાવ્યું, असावीत् = તેણે દુઃખ આપ્યું, अस्तावीत् = તેણે સ્તુતિ કરી. સાધનિકા अद्यतन्यां... ૪-૪-૨૨ માં જણાવેલ अवधीत् પ્રમાણે થશે. પરન્તુ ૪-૪-૨૨ અને ૪-૩-૮૨ સૂત્ર નહીં લાગે તથા सिचि... ૪-૩-૪૪ થી ऊ-उ ની વૃદ્ધિ औ અને ओदौतो... ૧-૨-૨૪ થી औ નો आव् થશે.

**परस्मै इति किम् ?** अधोष्ट = તેણે કંપાવ્યું. સાધનિકા स्नोः ૪-૪-૫૨ માં જણાવેલ प्रास्नोष्ट પ્રમાણે થશે. અહીં આત્મનેપદમાં सिच् પ્રત્યય હોવાથી તેની પૂર્વે આ સૂત્રથી इट् આગમ થયો નથી. એજ પ્રમાણે - असोष्ट, अस्तोष्ट.

✡ धूग् ધાતુ औदित् હોવાથી धूगौदितः ૪-૪-૩૮ થી વિકલ્પે इट् ની પ્રાપ્તિ હતી અને षुंक् તથા ष्टुंग्क् ધાતુ અનિટ્ હોવાથી इट् ની પ્રાપ્તિ ન હતી તેની આ સૂત્રથી પરસ્મૈપદમાં નિત્ય પ્રાપ્તિ કરી. धू ધાતુને धूगौदितः થી જ્યારે इट् થાય ત્યારે આ.પ.માં अधविष्ट પ્રયોગ પણ થશે.

## यमि-रमि-नम्यातः सोऽन्तश्च । ૪-૪-૮૬

**અર્થઃ**- પરસ્મૈપદમાં यम्, रम्, नम् અને આકારાન્ત ધાતુથી પરમાં રહેલાં सिच् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે. અને ધાતુનાં અન્તે स् આગમ થાય છે.

**વિવેચન** - (૧) अयंसीत् = તે અટક્યો. यमूं-उपरमे (૩૮૬)

यम्+द् - दिताम्... ૩-૩-૧૧ થી द् પ્રત્યય.

यम्+स्+द् - सिज... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

यम्स्+इ-स्-द् : આ સૂત્રથી इट् આગમ અને ધાતુને અન્તે स्.

यम्स्+इ+स्-ई+द् - सःसिज... ૪-૩-૬૫ થી ईत् આગમ.

यम्स्+इ+ईद् - इटईति ૪-૩-૭૧ થી सिच् નો લોપ.

अयम्स्+इ+ईद् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अयंस्+इ+ईद् - शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર.

अयंसीद् - समानानां... ૧-૨-૧ થી इ+ई = ई.

अयंसीत् - विरामे वा ૧-૩-૫૩ થી द् નો त्.

(૨) व्यरंसीत् = તે અટક્યો. સાધનિકા अयंसीत् પ્રમાણે થશે.

(૩) अनंसीत् = તે નમ્યો. સાધનિકા अयंसीत् પ્રમાણે થશે.

(૪) अयासिष्टाम् = તે બે ગયા.

या+ताम् - दिताम्... ૩-૩-૧૧ થી ताम् પ્રત્યય.

या+स्+ताम् - सिजः... ૩-૪-૫૩ થી सिच् પ્રત્યય.

यास्+इ+स्+ताम् - આ સૂત્રથી इट् અને ધાતુને અન્તે स्.

अयासि+स्+ताम् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अयासि+ष्+ताम् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

अयासिष्टाम् - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. એજ પ્રમાણે - अग्लासिष्टाम्, अदरिद्रासिष्टाम् - अदरिद्रिष्टाम्. સાધનિકા ૪-૩-૭૬ માં કરેલી છે તે પ્રમાણે થશે.

**परस्मै इत्येव** - आयंस्त, अरंस्त, अनंस्त, दण्डः स्वयमेव, अमास्त धान्यं चैत्रः - સાધનિકા ૩-૪-૯૩ સૂત્રમાં કરેલ अनंस्त પ્રમાણે થશે. અહીં આત્મનેપદમાં सिच् પ્રત્યય લાગેલો છે તેથી આ સૂત્રથી इट् અને ધાતુને અંતે स् આગમ થયો નથી.

## ईशीडः से-ध्वे-स्व-ध्वमोः । ૪-૪-૮૭

**અર્થઃ**- ईश् અને ईड् ધાતુથી પરમાં રહેલાં વર્તમાનાનાં से અને ध्वे પ્રત્યયની આદિમાં તેમજ પંચમીનાં स्व અને ध्वम् પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) ईशिषे = તું સ્વામી થાય છે. ईशिक्-ऐश्वर्ये (૧૧૧૬)

ईश्+से - तिव्... ૩-૩-૬ થી से પ્રત્યય.

ईशिसे - આ સૂત્રથી इट् આગમ.

ईशिषे - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

(૨) ईशिध्वे = તમે સ્વામી થાવ છો. ૩-૩-૬ થી ध्वे પ્રત્યય અને આ સૂત્રથી ध्वे પ્રત્યયની આદિમાં इट् આગમ થયો છે.

(૩) ईशिष्व = તું સ્વામી થા. ईश्+स्व - तुव्ताम्... ૩-૩-૮ થી स्व પ્રત્યય, ईशिस्व - આ સૂત્રથી इट् આગમ, ईशिष्व - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्.

(૪) ईशिध्वम् = તમે સ્વામી થાવ. ૩-૩-૮ થી ध्वम् પ્રત્યય અને આ સૂત્રથી ध्वम् પ્રત્યયની પૂર્વે इट् આગમ થયો છે.

(૫) ईडिषे = તું સ્તુતિ કરે છે. ईडिक्-स्तुतौ (૧૧૧૪) સાધનિકા ईशिषे પ્રમાણે થશે.

(૬) ईडिध्वे = તમે સ્તુતિ કરો છો. સાધનિકા ईशिध्वे પ્રમાણે થશે.

(૭) ईडिष्व = તું સ્તુતિ કર. સાધનિકા ईशिष्व પ્રમાણે થશે.

(૮) ईडिध्वम् = તમે સ્તુતિ કરો. સાધનિકા ईशिध्वम् પ્રમાણે થશે.

✡ ईश् અને ईड् ધાતુ ગુરૂ ઉપાન્ત્યવાળા હોવાથી પરોક્ષાનાં से અને ध्वे પ્રત્યય પર છતાં आम् જ થાય છે તેથી અહીં से અને ध्वे પ્રત્યય વર્તમાનાનાં જ ગ્રહણ થશે.

✡ स्व નાં સાહચર્યથી ध्वम् પ્રત્યય પંચમીનો જ ગ્રહણ થશે પણ હ્યસ્તનીનો ध्वम् પ્રત્યય ગ્રહણ નહીં થાય તેથી ईश् અને ईड् ધાતુનું હ્યસ્તનીમાં ऐड्ढवम् રૂપ થશે. ईड्+ध्वम् - तवर्गस्य... ૧-૩-૬૦ થી ईड्ढ्वम् થશે અને ईश्+ध्वम् - यज... ૨-૧-૮૭ થી श् નો ष् થવાથી ईष्ध्वम्, तवर्गस्य... થી ध्वम् નાં ध् નો ढ् થવાથી ईष्ढ्वम्, तृतीय... ૧-૩-૪૯ થી ष् નો ड् થવાથી ईड्ढ्वम् અને स्वरादेः... ૪-૪-૩૧ થી ईश् અને ईड् બન્નેનાં ई ની વૃદ્ધિ ऐ થવાથી ऐड्ढ्वम् થશે.

✡ વર્તમાનાનાં से અને ध्वे તથા પંચમીનાં स्व અને ध्वम् એ પ્રમાણે બે સમુદાયની અપેક્ષાએ દ્વિવચન કર્યું છે.

✡ સૂત્રમાં વચનભેદ-યથાસંખ્યની નિવૃત્તિ માટે છે.

**रुत्पञ्चकाच्छिदय: । ૪-૪-૮૮**

**અર્થઃ-** रुद्, स्वप्, अन्, श्वस् અને जक्ष् એ પાંચ ધાતુઓથી પરમાં રહેલાં યકારાદિ પ્રત્યયને વર્જીને વ્યંજનાદિ શિત્ પ્રત્યયની આદિમાં इट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) रोदिति = તું રડે છે. रुदक्-अश्रुविमोचने (૧૦૮૭)

रुद्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

रुद्+इ+ति - આ સૂત્રથી इट् આગમ.

रोदिति - लघोरु... ૪-૩-૪ થી ઉપાન્ત્ય उ નો ગુણ ओ.

(૨) स्वपिति = તે ઊંઘે છે. ञिष्वपंक्-शये (૧૦૮૮) સાધનિકા रोदिति પ્રમાણે થશે. ૪-૩-૪ સૂત્ર નહીં લાગે.

(૩) प्राणिति = તે જીવે છે. अन-प्राणने (૧૦૮૯) સાધનિકા रोदिति પ્રમાણે થશે. પણ ૪-૩-૪ સૂત્ર નહીં લાગે અને द्वित्वे... ૨-૩-૮૧ થી न् નો ण् થયો છે.

(૪) श्वसिति = તે શ્વાસ લે છે. श्वसक्-प्राणने (૧૦૯૦) સાધનિકા रोदिति પ્રમાણે થશે. ૪-૩-૪ સૂત્ર નહીં લાગે.

(૫) जक्षिति = તે ખાય છે અથવા હસે છે. जक्षक्-भक्षहसनयो: (૧૦૯૧) સાધનિકા रोदिति પ્રમાણે થશે. ૪-૩-૪ સૂત્ર નહીં લાગે.

**अयिति किम् ?** रुद्यात् = તે રડે. અહીં यात्... ૩-૩-૭ થી यात् પ્રત્યય લાગેલો છે તે યકારાદિ શિત્ હોવાથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

**शित इति किम् ?** रोत्स्यति = તે રડશે, स्वप्स्यति = તે ઊંઘશે. અહીં स्यति... ૩-૩-૧૫ થી ભવિષ્યન્તી નો स्यति પ્રત્યય થયેલો છે તે અશિત્ વ્યંજનાદિ છે પણ શિત્ નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

**पञ्चकादिति किम् ?** जागर्ति = તે જાગે છે. અહીં तिव् પ્રત્યય વ્યંજનાદિ શિત્ છે પણ સૂત્રમાં કહેલાં પાંચ ધાતુ સિવાયનો जागृ ધાતુ છે તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

**व्यञ्जनादेरित्येव** - रुदन्ति = તેઓ રડે છે. અહીં अन्ति પ્રત્યય શિત્ છે પણ સ્વરાદિ છે વ્યંજનાદિ નથી તેથી આ સૂત્રથી इट् આગમ થયો નથી.

## दि-स्योरीट् । ૪-૪-૮૯

**અર્થ:-** रुद्, વિગેરે પાંચ ધાતુઓથી પરમાં રહેલાં दिव्-सिव्, शित् પ્રત્યયની આદિમાં ईट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) अरोदीत् = તે રડ્યો. रुद्+द् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, अरुद्+द् - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ, अरोद्+द् - लघोरु... ૪-૩-૪ થી उ નો ગુણ ओ, अरोदीद् - આ સૂત્રથી ईट् આગમ, अरोदीत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्. એજ પ્રમાણે - अस्वपीत्, प्राणीत्, अश्वसीत् અને अजक्षीत् પ્રયોગ થશે.

(૨) अरोदीः = તું રડ્યો. સાધનિકા अरोदीत् પ્રમાણે થશે. પણ सिव् પ્રત્યય, सोरुः થી स् નો र् અને रःपदान्ते... થી र् નો વિસર્ગ થશે. એજ પ્રમાણે - अस्वपीः, प्राणीः, अश्वसीः અને अजक्षीः પ્રયોગ થશે.

✡ दिव् પ્રત્યય હ્યસ્તનીનો છે તેનાં સાહચર્યથી सिव् પ્રત્યય પણ હ્યસ્તનીનો જ ગ્રહણ થશે પણ વર્તમાનાનો सिव् પ્રત્યય ગ્રહણ નહીં થાય. તેથી रोदिषि માં ૪-૪-૮૮ થી હ્રસ્વ इट् થશે.

## अदश्चाऽट् । ૪-૪-૯૦

**અર્થ:-** अद् અને रुद् વિગેરે પાંચ ધાતુઓથી પરમાં રહેલાં दिव्-सिव्, शित् પ્રત્યયની આદિમાં अट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) आदत् = તેણે ખાધું. अद्+द् - दिव्... ૩-૩-૯ થી दिव् પ્રત્યય, आद्+द् - स्वरादेः... ૪-૪-૩૧ થી આદ્ય अ ની વૃદ્ધિ आ, आदद् - આ સૂત્રથી अट् આગમ, आदत् - विरामे वा ૧-૩-૫૧ થી द् નો त्.

(૨) आदः = તેં ખાધું. સાધનિકા आदत् પ્રમાણે થશે. પણ सिव् પ્રત્યય, सोरुः થી स् નો र् અને रःपदान्तेः... થી र् નો વિસર્ગ થશે.

(૩) अरोदत् = તે રડ્યો. સાધનિકા ૪-૪-૮૯ માં જણાવેલ अरोदीत् પ્રમાણે થશે પણ ईट् ને બદલે આ સૂત્રથી अट् આગમ થશે. એજ પ્રમાણે - प्राणत्, अस्वपत्, अश्वसत् અને अजक्षत् પ્રયોગ થશે.

(૪) अरोदः = તું રડ્યો. સાધનિકા ૪-૪-૮૯ માં જણાવેલ अरोदीः પ્રમાણે થશે પણ ईट् ને બદલે આ સૂત્રથી अट् આગમ થશે. એજ પ્રમાણે - प्राणः, अश्वसः, अस्वपः અને अजक्षः પ્રયોગ થશે.

✡ તેથી હ્યસ્તનીનાં दिव् અને सिव् પ્રત્યય પર છતાં બે બે રૂપ થશે. अरोदीत्, अरोदत् - अस्वपीत्-अस्वपत्, अश्वसीत्, अश्वसत्, प्राणीत्, प्राणत् - अजक्षीत्, अजक्षत् અને अरोदीः, अरोदः अस्वपीः, अस्वपः - अश्वसीः, अश्वसः - प्राणीः, प्राणः - अजक्षीः, अजक्षः પ્રયોગ થશે.

**दिस्योरित्येव** - अत्ति, अत्सि - रोदिति, रोदिषि - स्वपिति, स्वपिषि - श्वसिति, श्वसिषि - प्राणिति, प्राणिषि - जक्षिति, जक्षिषि. અહીં तिव्-सिव् પ્રત્યય વર્તમાનાનો છે તેથી આ સૂત્રથી अट् આગમ ન થતાં ૪-૪-૮૮ થી इट् આગમ થયો છે.

## संपरेः कृगः स्सट् । ४-४-९१

**અર્થ:-** सम् અને परि ઉપસર્ગથી પરમાં રહેલાં कृ ધાતુની આદિમાં स्सट् થાય છે.

**વિવેચન** - (૧) संस्करोति = સંસ્કાર કરે છે. (૨) परिष्करोति = પરિષ્કાર કરે છે. करोति ની સાધનિકા गुणो... ૩-૩-૨ માં કરેલી છે. सम्+करोति - આ સૂત્રથી स्सट् આગમ થવાથી समस्करोति, शिड्हे... ૧-૩-૪૦ થી म् નો અનુસ્વાર થવાથી संस्करोति થશે. અને परि+करोति - આ સૂત્રથી स्सट् આગમ થવાથી परिस्करोति, असोङ... ૨-૩-૪૮ થી स्सट् નાં स् નો ष् થવાથી परिष्करोति થશે.

✡ ધાતુનો સંબંધ પહેલાં ઉપસર્ગની સાથે થાય છે અને પછીથી પ્રત્યયાદિની સાથે થતો હોવાથી દ્વિત્વ કે अट् આગમની પહેલાં જ स्सट् આગમ થાય છે જેમ કે - संचस्कार, समस्करोत्.

✡ स्सट् એ પ્રમાણે દ્વિસકાર પાઠ હોવાથી समचिस्करत् णिगन्त અદ્યતન પ્રયોગમાં स्सट् નાં स् નો ष् આદેશ नाम्य... ૨-૩-૧૫ થી થતો નથી સાધનિકા णि-श्रि... ૩-૪-૫૮ માં જણાવેલ अचीकरत् પ્રમાણે થશે. પણ અહીં પ્રયોગમાં લઘુ ધાત્વક્ષર स्क છે તેની પૂર્વનો चि એ સંયોગની પૂર્વનો હોવાથી લઘુ નથી ગુરૂ છે તેથી समचिस्करत् પ્રયોગ થયો પણ समचीस्करत् એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ ન થયો.

✡ गर्गादि માં પાઠ હોવાથી संकृतिः માં स्सट् આગમ થયો નથી.

✡ संकरः, परिकरः માં कृ ધાતુથી अल् પ્રત્યય થયો છે તેથી स्सट् આગમ થયો નથી स्सट् આગમ कृ ધાતુથી થાય છે. कृ ધાતુથી થતો નથી.

**उपाद् भूषा-समवाय-प्रतियत्न-विकार-वाक्याऽध्याहारे । ४-४-९२**

**અર્થઃ-** ભૂષા-સમવાય-પ્રતિયત્ન-વિકાર-વાક્યાધ્યાહારે અર્થ ગમ્યમાન હોય તો उप ઉપસર્ગથી પરમાં રહેલાં कृ ધાતુની આદિમાં स्सट् આગમ થાય છે.

**વિવેચન** - (૧) कन्यामुपस्करोति = કન્યાને શણગારે છે. करोति ની સાધનિકા गुणो... ૩-૩-૨ માં કરેલી છે. उप+करोति - અહીં ભૂષા અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થવાથી उपस्करोति પ્રયોગ થયો છે.

(૨) तत्र नः उपस्कृतम् = ત્યાં અંમારો સમુદાય છે. અહીં સમુદાય અર્થ ગમ્યમાન હોવાથી स्सट् આગમ થયો છે. कृतम्-क्त પ્રત્યયાન્ત નામ છે.

(૩) एधोदकमुपस्कुरुते = લાકડા અને પાણીને સંસ્કારીત કરે છે. સાધનિકા गन्धना... ૩-૩-૭૬ માં કરેલી છે. અહીં પ્રતિયત્ન અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો છે.

(૪) उपस्कृतं भुङ्क्ते = વઘાર કરેલું ખાય છે. પ્રકૃતિથી વિપરીત ભાવ તેને વિકૃત કહેવાય છે. તીખું વિગેરે ખાવાથી પ્રકૃતિને અનુકુળ ન આવવાથી વિકૃતિ કરે છે. એવો અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો છે.

(૫) सोपस्कारं सूत्रम् = વાક્યનાં અધ્યાહારવાળું સૂત્ર. સૂત્રનો અર્થ સમજવા માટે વાક્યનો અધ્યાહાર ગ્રહણ કરવો પડે છે. અહીં આવો અર્થ ગમ્યમાન હોવાથી स्सट् આગમ આ સૂત્રથી થયો છે. कृ ધાતુને घञ् પ્રત્યય લાગવાથી ऋ ની વૃદ્ધિ થઈને कार શબ્દ બન્યો છે.

**एष्विति किम् ?** उपकरोति = તે ઉપકાર કરે છે. અહીં ભૂષા વિગેરે અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી.

**किरो लवने । ४-४-९३**

**અર્થઃ-** लवन (કાપવું) વિષયાર્થ જણાતો હોય તો उप ઉપસર્ગથી પરમાં

रहेलां कृ धातुनी आदिमां स्सट् आगम थाय छे.

વિવેચન - उपस्कीर्य मद्रकाः लुनन्ति = મદ્રદેશનાં લોકો ફેંકી ફેંકીને કાપે છે એટલે ફેંકતા જાય છે અને કાપતા જાય છે. અહીં કાપવું અર્થ ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો છે. તેથી उपस्कृ+त्वा - प्राक्काले ५-४-४७ થી क्त्वा પ્રત્યય, उपस्कृय - अनञः... ३-२-१५४ થી त्वा નો यप्, उपस्किर्य - ॠतां... ४-४-११६ થી ॠ નો इर्, उपस्कीर्य - भ्वादे... २-१-६३ થી इर् નો इ દીર્ઘ.

**लवन इति किम् ?** उपकिरति पुष्पम् = પુષ્પને ફેંકે છે. સાધનિકા अपस्किरः ३-३-३० માં જણાવેલ अपकिरति પ્રમાણે થશે. અહીં લવન અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી. અહીં भ्वादे... २-१-६३ થી इर् નો इ દીર્ઘ નહીં થાય. કેમકે र् ની પૂર્વે નામી સ્વર છે પણ र् ની પછી વ્યંજન નથી, સ્વર છે.

✡ સૂત્રમાં किरः એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાથી कृ ધાતુ तुदादि ગણનો જ ગ્રહણ થશે क्र्यादि વિગેરે ગણનાં कृ ધાતુની નિવૃત્તિ થશે.

## प्रतेश्च वधे । ४-४-९४

અર્થઃ- હિંસાનો વિષય અથવા હિંસા અર્થ ગમ્યમાન હોય તો प्रति અને उप ઉપસર્ગથી પરમાં રહેલાં कृ ધાતુની આદિમાં स्सट् આગમ થાય છે.

વિવેચન - (१) प्रतिस्कीर्णम्, उपस्कीर्णम् वा ह ते वृषल भूयात् = હે વૃષલ! તને હિંસા સંબંધી વિક્ષેપ થાઓ. અહીં હિંસા વિષય ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો છે.

प्रतिस्कृ+त - क्त... ५-१-१७४ થી क्त પ્રત્યય.

प्रतिस्किर्त - ॠतां... ४-४-११६ થી ॠ નો इर्.

प्रतिस्कीर्त - भ्वादे... २-१-६३ થી इर् નો इ દીર્ઘ.

प्रतिस्कीर्न - रदाद... ४-२-६९ થી त નાં त् નો न्.

प्रतिस्कीर्ण - रषृवर्णा... २-३-६३ થી न् નો ण्. એજ પ્રમાણે उपस्कीर्ण. सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી प्रतिस्कीर्णम्, उपस्कीर्णम् પ્રયોગ થશે.

(२) प्रतिचस्करे नखैः = તેણે નખોવડે ચીરી નાંખ્યો. અહીં હિંસા અર્થ

ગમ્યમાન હોવાથી આ સૂત્રથી स्सट् આગમ થયો છે.

प्रतिस्कृ+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય.

प्रतिस्कृस्कृ+ए - द्विर्धातुः... ૪-૧-૧ થી ધાતુ દ્વિત્વ.

प्रतिकृस्कृ+ए - अघोषे... ૪-૧-૪૫ થી પૂર્વનાં स् નો લોપ.

प्रतिकृस्कृ+ए - ह्रस्वः ૪-૧-૩૯ થી પૂર્વનો સ્વર હ્રસ્વ.

प्रतिकस्कृ+ए - ऋतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ऋ નો अ.

प्रतिचस्कृ+ए - कङ... ૪-૧-૪૬ થી પૂર્વનાં क નો च्.

प्रतिचस्करे - स्कृ... ૪-૩-૮ થી ॠ નો ગુણ अर्.

**वध इति किम् ?** प्रतिकीर्णम् बीजम् = બીજ નાંખ્યું. અહીં વધ અર્થ ગમ્યમાન નથી તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી. સાધનિકા प्रतिस्कीर्णम् પ્રમાણે થશે.

## अपाच्चतुष्पात्-पक्षि-शुनि हृष्टाऽन्नाऽऽश्रयाऽर्थे । ૪-૪-૯૫

**અર્થઃ-** હૃષ્ટ અર્થમાં ચતુષ્પાદ કર્તા હોય, અન્નનો અર્થી અર્થમાં પક્ષિ કર્તા હોય અને આશ્રયનો અર્થી અર્થમાં કૂતરો કર્તા હોય તો अप ઉપસર્ગથી પર રહેલાં कृ ધાતુની પૂર્વે स्सट् આગમ થાય છે.

**વિવેચન** -(૧) अपस्किरते गौः हृष्टः = હર્ષિત થયેલો બળદ માટી ખોદીને ઉછાળે છે.

(૨) अपस्किरते कुक्कुटो भक्ष्यार्थी = કુકડો અન્ન માટે માટી વિખેરે છે.

(૩) अपस्किरते श्वा आश्रयार्थी = કૂતરો આશ્રય માટે માટી ઉડાડે છે. સાધનિકા अपस्किरः ૩-૩-૩૦ માં કરેલી છે.

**अपादिति किम् ?** विकिरति वृषभो हृष्टः = હર્ષિત થયેલો બળદ માટી ખોદે છે. અહીં હૃષ્ટ અર્થ છે પણ वि ઉપસર્ગથી પરમાં कृ ધાતુ છે. अप ઉપસર્ગથી પરમાં નથી તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી. સાધનિકા ૩-૩-૩૦ માં જણાવેલ अपस्किरति પ્રમાણે થશે.

**एष्विति किम् ?** अपकिरति बालः धूलिं हृष्टः = હર્ષિત થયેલો બાળક ધૂળ ઉડાડે છે. અહીં હર્ષિત થયેલો ચતુષ્પાદ નથી બાળક છે તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી. સાધનિકા ૩-૩-૩૦ માં જણાવેલ

સાધનિકા ૩-૩-૩૦ માં જણાવેલ अपस्किरति પ્રમાણે થશે.

**एष्विति किम् ?** अपकिरति बालः धूलिं हृष्टः = હર્ષિત થયેલો બાળક ધૂળ ઉડાડે છે. અહીં હર્ષિત થયેલો ચતુષ્પાદ નથી બાળક છે તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી. સાધનિકા ૩-૩-૩૦ માં જણાવેલ अपस्किरति પ્રમાણે થશે.

**हृष्टादिष्विति किम् ?** अपकिरति हस्ती रजश्चापलेन = હાથી ચપળતા વડે (ચંચળતાથી) ધૂળ ઊડાડે છે. અહીં હાથી ચતુષ્પાદ છે પણ હર્ષિત થવાથી ધૂળ ઉડાડતો નથી. સ્વાભાવિક ધૂળ ઊડાડે છે તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી સાધનિકા ૩-૩-૩૦ માં જણાવેલ अपस्किरति પ્રમાણે થશે.

## वौ विष्किरो वा । ४-४-९६

**અર્થઃ-** પક્ષિ અર્થ વાચ્ય (ગમ્યમાન) હોય તો वि ઉપસર્ગથી પર રહેલાં कृ ધાતુની આદિમાં स्सट् વિકલ્પે નિપાતન થાય છે.

**વિવેચન** - विष्किरः, विकिरः = પક્ષી.

विकृ+अ - मूल... ૫-૧-૧૪૪ થી क પ્રત્યય.

विस्कृ+अ - આ સૂત્રથી स्सट् આગમ.

विष्कृ+अ - असोङ... ૨-૩-૪૮ થી स् નો ष्.

विष्किर - ऋतां... ૪-૪-૧૧૬ થી ऋ નો इर्.

सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી विष्किरः થશે. વિકલ્પપક્ષે આ સૂત્રથી स्सट् ન થવાથી विकिरः થશે.

✡ પક્ષિ અર્થ સિવાય અન્યત્ર विकिर શબ્દનો પ્રયોગ થતો નથી.

## प्रात् तुम्पतेर्गवि । ४-४-९७

**અર્થઃ-** गो કર્તા હોય તો प्र ઉપસર્ગથી પર રહેલાં तुम्प् ધાતુની આદિમાં स्सट् આગમ થાય છે.

**વિવેચન** - प्रस्तुम्पति गौः = બળદ (શિંગડું) મારે છે. तुम्प-हिंसायाम् (૩૪૪)

प्रतुम्प्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

प्रस्तुम्प्+ति - આ સૂત્રથી स्सट् આગમ.

प्रस्तुम्पति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય. એજ પ્રમાણે प्रस्तुम्पति वत्सः मातरम् = વાછરડો માતાને (ગાયને) મારે છે.

**गवीति किम् ?** प्रतुम्पति तरुः = ઝાડ જમીન ફાડીને ઉગે છે. અહીં ગાય કર્તા નથી तरु કર્તા છે તેથી આ સૂત્રથી स्सट् આગમ થયો નથી.

✡ કેટલાંક प्र ઉપસર્ગથી પર રહેલાં तुम्प् ધાતુથી ગાય અર્થમાં જ स्सट् આગમ માને છે. જેમકે - प्रस्तुम्पतिः गौः = ગાય અને प्रतुम्पतिः अन्यः.

## उदितः स्वरान्नोन्तः । ૪-૪-૯૮

**અર્થ:-** उ ઇત્‌વાળા ધાતુથી સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) नन्दति = તે સમૃદ્ધ થાય છે. टुनदु-समृद्धौ (૩૧૨)

नद्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય, नन्द्+ति - આ સૂત્રથી न् આગમ, नन्दति - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય. એજ પ્રમાણે - णिदु-कुत्सायाम् (૩૧૧). निंन्दति.

(૨) कुण्डा = પાર્વતી, એક પ્રકારની વનસ્પતિ વિશેષ, દાહ. कुडुङ्-दाहे (૬૯૦)

कुन्ड् - આ સૂત્રથી न् આગમ,

कुण्ड् - म्नां... ૧-૩-૩૯ થી न् નો ण्.

कुण्ड्+अ - क्तेटो... ૫-૩-૧૦૬ થી अ પ્રત્યય.

कुण्ड+आ - आत् ૨-૪-૧૮ થી आप् પ્રત્યય.

कुण्डा - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ. એજ પ્રમાણે हुडुङ्-संङ्घाते (૬૮૩) हुण्डा.

✡ न् આગમ થવામાં કોઈ નિમિત્તની જરૂર ન હોવાથી ઉપદેશ કાલે જ (કોઈપણ કાર્ય પહેલાં જ) આ સૂત્રથી न् આગમ થઈ જાય છે.

## मुचादि-तृफ-दृफ-गुफ-शुभोभः शे । ૪-૪-૯૯

**અર્થ:-** श પ્રત્યય પર છતાં मुचादि ધાતુઓનાં તેમજ तृफ्, दृफ्, गुफ्, शुभ्, અને उभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) मुञ्चति = તે મૂકે છે. मुच्लृंती-मोक्षणे (૧૩૨૦)

विन्दति, लुम्पति, लिम्पति, कृन्तति, खिन्दति, पिंशति પ્રયોગો થશે.

(૨) तृम्फति = તે તૃપ્ત થાય છે. तृफत्-तृम्फत्-तृप्तौ (૧૩૭૭-૭૮)

(૩) दृम्फति = તે ક્લેશ કરે છે. दृफत्, दृम्फत्-उत्क्लेशे (૧૩૮૧-૮૨)

(૪) गुम्फति = તે ગુંથે છે. गुफत्-गुम्फत्-ग्रन्थने (૧૩૮૩-૮૪)

(૫) शुम्भति = તે શોભે છે. शुभत्, शुम्भत्-शोभार्थे (૧૩૮૭-૮૮)

(૬) उम्भति = તે પૂર્ણ કરે છે. उभत्, उम्भत्-पूरणे (૧૩૮૫-૮૬). સાધનિકા मुञ्चति પ્રમાણે થશે. तृम्फ्, दृम्फ्, गुम्फ्, शुम्भ् અને उम्भ् ધાતુનાં ઉપાન્ત્ય न् નો (म् નો) નો व्यञ्जन... ૪-૨-૪૫ થી લોપ થયા પછી આ સૂત્રથી न् નો આગમ થાય છે. અને न् નો આગમ થયા પછી તે न् નો વિધાન સામર્થ્યથી જ નો व्यञ्जन... ૪-૨-૪૫ થી ફરી લોપ થતો નથી.

**एषामिति किम् ?** तुदति - तुद् ધાતુ मुञ्चादि નથી તેથી આ સૂત્રથી न् નો આગમ થયો નથી.

**श इति किम् ?** मोक्ता, मोक्तुम् - અહીં मुच् ધાતુ છે પણ मुच् ધાતુથી પરમાં श પ્રત્યય નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ तृफ् વિગેરે ધાતુઓનાં ગ્રહણથી तृम्फ् વિગેરે ધાતુઓનું પણ ગ્રહણ થાય છે.

✡ मुचादि ધાતુઓ ધાતુપાઠમાં (૧૩૨૦ થી ૧૩૨૭) સુધી છે.

## जभः स्वरे । ૪-૪-१००

**અર્થ:-** સ્વરાદિ પ્રત્યય પર છતાં जभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - जम्भः = બગાસું ખાનાર. जभ्+अ - अच् - ૫-૧-૪૯ થી अच् પ્રત્યય, जन्भ्+अ - આ સૂત્રથી न् આગમ, जम्भ - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી जम्भः થશે. એજ પ્રમાણે णिग् પ્રત્યય પર છતાં - जम्भयति, णक પ્રત્યય પર છતાં - जम्भकः, णम् પ્રત્યય પર છતાં - जम्भंजम्भम्.

**स्वर इति किम् ?** जभ्यम्-અહીં जभ् ધાતુ प વર્ગાન્ત હોવાથી शकितकि... ૫-૧-૨૯ થી य પ્રત્યય થયો છે તે સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ जंजब्धि = વારંવાર બગાસું ખાય છે.

जभ्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

जजभ्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

जम्जभ्य - जपजभ... ૪-૧-૫૨ થી म् આગમ.

जंजभ्य - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

जंजभ् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

जंजभ्+ति - तिव्... ૩-૩-૬ થી तिव् પ્રત્યય.

जंजभ्+धि - अधश्च... ૨-૧-૭૯ થી ति નાં त् નો ध्.

जंजब्धि - तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्. અહીં પણ સ્વરાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ जभ-मैथुने (૩૭૯), जभुङ्, जृभैङ् - गात्रविनामे (૭૮૨-૮૩) ધાતુનું ગ્રહણ થશે.

## रध इटि तु परोक्षायामेव । ४-४-१०१

**અર્થઃ-** સ્વરાદિ પ્રત્યય પર છતાં रध् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે. પણ इट् પર છતાં તો પરોક્ષામાં જ न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) रन्धः = રાંધનાર, હિંસા કરનાર. સાધનિકા ૪-૪-૧૦૦ માં જણાવેલ जम्भः પ્રમાણે થશે. એજ પ્રમાણે - रन्धकः, रन्धयति, रन्धंरन्धम्.

(૨) ररन्धिव = અમે બેએ રાંધ્યું, હિંસા કરી. સાધનિકા सृजि... ૪-૪-૭૮ માં જણાવેલ ररन्धिथ પ્રમાણે થશે.

**परोक्षायामेवेति किम् ?** रधिता = તે રાંધશે. અહીં શ્વસ્તનીનાં ता પ્રત્યયની પૂર્વે इट् આગમ થયેલો છે. इट् ની પછી પરોક્ષાનો પ્રત્યય નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી. એજ પ્રમાણે रधिष्यति.

✡ સૂત્રમાં एवकार મૂકેલો હોવાથી વિપરીત નિયમ નહીં થાય. તેથી इट् પર છતાં न् નો આગમ પરોક્ષામાં જ થશે આવો નિયમ થશે પણ પરોક્ષામાં इट् પર છતાં જ न् આગમ થશે આવો નિયમ નહીં થાય તે કારણે જ ररन्ध પ્રયોગમાં સ્વરાદિ णव् પ્રત્યયે પરોક્ષાનો છે પણ इट् નથી તો પણ આ સૂત્રથી न् આગમ થયો. એટલે इट् પછી

પરોક્ષાનો પ્રત્યય હોય તો જ न् આગમ થાય પણ इट् ની પછી પરોક્ષા સિવાયનો કોઈપણ પ્રત્યય હોય તો न् આગમ નહીં થાય.

**स्वर इत्येव** - रद्धा = તે રાંધશે. અહીં શ્વસ્તનીનો ता પ્રત્યય છે તે સ્વરાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

## रभोऽपरोक्षा-शवि । ४-४-१०२

**અર્થઃ**- પરોક્ષાનાં પ્રત્યય અને शव् વર્જીને સ્વરાદિ પ્રત્યય પર છતાં रभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - आरम्भः = શરૂઆત. रभिं-राभस्ये (૭૮૫) आ+रभ्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, आरन्भ - આ સૂત્રથી न् આગમ. आरम्भ - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી आरम्भः થશે. એજ પ્રમાણે - णिग्-आरम्भयति, णक - आरम्भकः, णम् - आरम्भमारम्भम्.

**अपरोक्षाशवीति किम् ?** आरेभे = આરંભ કર્યો. आरभ्+ए - णव्... ૩-૩-૧૨ થી ए પ્રત્યય, आरेभे - अनादे... ૪-૧-૨૪ થી अ નો ए. અહીં ए પ્રત્યય સ્વરાદિ છે પણ પરોક્ષાનો હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ आरभते = આરંભ કરે છે. आरभ्+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય, आरभते - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય, અહીં शव् પ્રત્યય સ્વરાદિ છે પણ शव् હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

**स्वर इत्येव** - आरब्धा = આરંભ કરશે. आरभ्+ता - ता तारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય, आरभ्+धा - अधश्च... ૨-૧-૭૯ થી ता નાં त् નો ध्, आरब्धा - तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्. અહીં ता પ્રત્યય સ્વરાદિ નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

## लभः । ४-४-१०३

**અર્થઃ**- પરોક્ષાનાં પ્રત્યય અને शव् વર્જીને સ્વરાદિ પ્રત્યય પર છતાં लभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - लम्भकः = પ્રાપ્ત કરનાર. डुलभिंष्-प्राप्तौ (૭૮૬) लभ्+अक - णक... ૫-૧-૪૮ થી णक પ્રત્યય, लन्भक - આ સૂત્રથી न् આગમ,

लम्भक - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી लम्भकः થશે. એજ પ્રમાણે - णिग्-लम्भयति.

**अपरोक्षाशवीत्येव** - लेभे = મેળવ્યું. સાધનિકા ૪-૪-૧૦૨ માં જણાવેલ आरेभे પ્રમાણે થશે. અહીં ए પ્રત્યય સ્વરાદિ હોવા છતાં પરોક્ષા હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ लभते = તે મેળવે છે. સાધનિકા ૪-૪-૧૦૨ માં જણાવેલ आरभते પ્રમાણે થશે. અહીં शव् પ્રત્યય સ્વરાદિ હોવા છતાં शव् નું વર્જન હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

**स्वर इत्येव** - लब्धा = મેળવશે. સાધનિકા ૪-૪-૧૦૨ માં જણાવેલ आरब्धा પ્રમાણે થશે. અહીં ता પ્રત્યય સ્વરાદિ ન હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ આ સૂત્રને નીચેનાં સૂત્રમાં લઈ જવા માટે ૪-૪-૧૦૨ થી જુદું કર્યું છે.

## आङो यि । ४-४-१०४

**અર્થ:-** યકારાદિ પ્રત્યય પર છતાં आङ् ઉપસર્ગથી પરમાં રહેલાં लभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) आलम्भ्या गौः = વધ કરવા યોગ્ય ગાય. आलभ्+य - शकितकि... ૫-૧-૨૯ થી य પ્રત્યય, आलन्भ्य - આ સૂત્રથી न् આગમ, आलम्भ्य - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्, आलम्भ्य+आ - आत् ૨-૪-૧૮ થી आप्, आलम्भ्या - समानानां... ૧-૨-૧ થી अ+आ = आ. એજ પ્રમાણે - आलम्भ्या वडवा = વધ કરવા યોગ્ય ઘોડી.

**यीति किम् ?** आलब्धाः = વધ કરાએલાં. आलभ्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, आलभ्+ध - अधश्च... ૨-૧-૭૯ થી त નાં त् નો ध्, आलब्ध - तृतीय... ૧-૩-૪૯ થી भ् નો ब्, आलब्ध+अस् - स्यौ... ૧-૧-૧૮ થી जस् પ્રત્યય, आलब्धास् - समानानां... ૧-૨-૧ થી अ+अ = आ. सोरुः, रःपदान्ते... થી आलब्धाः થશે. અહીં યકારાદિ પ્રત્યય નથી તેથી આ સૂત્રથી न् નો આગમ થયો નથી.

**आङ इति किम् ?** लभ्यः = મેળવવા યોગ્ય. लभ्+य - ૫-૧-૨૯ થી य પ્રત્યય થવાથી लभ्य. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી लभ्यः થશે. અહીં યકારાદિ પ્રત્યય છે પણ आङ् ઉપસર્ગથી પરમાં लभ् ધાતુ

નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

## उपात् स्तुतौ । ४-४-१०५

**અર્થ:-** સ્તુતિ - પ્રશંસા અર્થ ગમ્યમાન હોય તો ઉપ ઉપસર્ગથી પરમાં રહેલાં લભ્ ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - उपलम्भ्या विद्या = પ્રશંસા કરવા યોગ્ય વિદ્યા. સાધનિકા ૪-૪-૧૦૪ માં જણાવેલ आलम्भ्या પ્રમાણે થશે. એજ પ્રમાણે - उपलम्भ्यं शीलम् = પ્રશંસા કરવા યોગ્ય શીયલ.

**स्तुताविति किम् ?** उपलभ्या वार्ता = જાણવા યોગ્ય વાર્તા. સાધનિકા ૪-૪-૧૦૪ માં જણાવેલ आलभ्या પ્રમાણે થશે. અહીં સ્તુતિ અર્થ ગમ્યમાન ન હોવાથી આ સૂત્રથી न् આગમ નહીં થાય.

## ञि-ख्णमोर्वा । ४-४-१०६

**અર્થ:-** ञि અને ख्णम् પ્રત્યય પર છતાં લભ્ ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) अलाभि, अलम्भि = પ્રાપ્ત કરાયું.

लभ्+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય,

लभ्+इ - भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય અને त નો લોપ.

लभि - આ સૂત્રથી न् નાં આગમનો નિષેધ.

अलभि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

अलाभि - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ. આ સૂત્રથી न् નો આગમ થાય ત્યારે अलन्भि, म्नां... ૧-૩-૩૯ થી न् નો म् થવાથી अलम्भि થશે.

(૨) लम्भंलम्भम्, लाभंलाभम् = વારંવાર મેળવીને.

लभ्+अम् - ख्णम्... ૫-૪-૪૮ થી ख्णम् પ્રત્યય.

लन्भम् - આ સૂત્રથી न् નો આગમ.

लम्भम् - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्.

लम्भम् लम्भम् - भृशा... ૭-૪-૪૩ થી દ્વિત્વ.

लम्भंलम्भम् - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર. આ સૂત્રથી

न् નો આગમ ન થાય ત્યારે लभ्-अम्, लाभ्+अम् - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, लाभम् लाभम् - ૭-૪-૪૩ થી દ્વિત્વ, लाभंलाभम् - तौमु-मौ... ૧-૩-૧૪ થી म् નો અનુસ્વાર.

## उपसर्गात् खल्घञोश्च । ૪-૪-૧૦૭

**અર્થ:-** खल्, घञ्, ञि અને ख्णम् પ્રત્યય પર છતાં ઉપસર્ગથી પર રહેલાં लभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - (૧) दुष्प्रलम्भम् = દુ:ખે મેળવી શકાય એવું. दुष्प्रलभ्+अ - *दु:स्वी... ५-३-१३९ थी खल् प्रत्यय, दुष्प्रलन्भ - આ સૂત્રથી* न् આગમ, दुष्प्रलम्भ - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्. सि પ્રત્યય, सि નો अम्, अम् નાં अ નો લોપ થવાથી दुष्प्रलम्भम् થશે. એજ પ્રમાણે - ईषत्प्रलम्भम्, ईषदुपलम्भम् - અહીં च्व्यर्थे... ૫-૩-૧૪૦ થી खल् પ્રત્યય થયો છે.

(૨) प्रलम्भः = લાભ. प्रलभ्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, प्रलन्भ - આ સૂત્રથી न् આગમ, प्रलम्भ - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી प्रलम्भः થશે.

(૩) प्रालम्भि = પ્રાપ્ત કરાયું. प्रलभ्+त - दिताम्... ૩-૩-૧૧ થી त પ્રત્યય, प्रलभ्+इ - भाव... ૩-૪-૬૮ થી ञिच् પ્રત્યય અને त નો લોપ, प्रलन्भि - આ સૂત્રથી न् આગમ, प्रलम्भि - म्नां... ૧-૩-૩૯ થી न् નો म्, प्रालम्भि - अड्... ૪-૪-૨૯ થી अट् આગમ.

(૪) प्रलम्भंप्रलम्भम् = વારંવાર પ્રાપ્ત કરીને. સાધનિકા ૪-૪-૧૦૬ માં જણાવેલ लम्भंलम्भम् પ્રમાણે થશે.

**उपसर्गादिति किम् ?** लाभः = લાભ. लभ्+अ - भावा... ૫-૩-૧૮ થી घञ् પ્રત્યય, लाभ - ञ्णिति ૪-૩-૫૦ થી अ ની વૃદ્ધિ आ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી लाभः થશે. અહીં ઉપસર્ગ રહિત ધાતુ હોવાથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ लभ् ધાતુને ञि અને ख्णम् પ્રત્યય પર છતાં न् આગમ ૪-૪-૧૦૬ થી વિકલ્પે થતો હતો પણ ઉપસર્ગ સહિત लभ् ધાતુને નિત્ય કરવા માટે આ સૂત્રનું પ્રણયન છે તથા खल् અને घञ् પ્રત્યય પરમાં હોય તો ઉપસર્ગપૂર્વક જ लभ् ધાતુને न् નો આગમ થશે. આ સૂત્ર

બનાવવાથી આ પ્રમાણે નિયમ થયો शप उपलम्भने - ૩-૩-૩૫ જ્ઞાપક સૂત્ર છે. તેથી હવે खल् અને घञ् પ્રત્યય પર છતાં लाभः ૪-૪-૧૦૩ સૂત્રથી ઉપસર્ગ વિનાનાં लभ् ધાતુને न् નો આગમ નહીં થાય. તેથી लाभः માં न् નો આગમ થયો નથી.

## सु-दुर्भ्यः । ૪-૪-૧૦૮

અર્થ:- खल्, અને घञ् પ્રત્યય પર છતાં કોઈપણ ઉપસર્ગથી પર सुदुर् અથવા सु અને दुर् ઉપસર્ગથી પરમાં રહેલાં लभ् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

વિવેચન - (૧) अतिसुलम्भम् = અત્યંત સુલભ.

(૨) अतिदुर्लम्भम् = અત્યંત દુર્લભ.

(૩) अतिसुदुर्लम्भम् = અતિશય દુર્લભ. સાધનિકા ૪-૪-૧૦૭ માં જણાવેલ दुष्प्रलम्भम् પ્રમાણે થશે.

(૪) अतिसुलम्भः = અત્યંત સુલભ. (૫) अतिदुर्लम्भः = અત્યંત દુર્લભ.

(૬) अतिसुदुर्लम्भः = અતિશય દુર્લભ. સાધનિકા ૪-૪-૧૦૭ માં જણાવેલ प्रलम्भः પ્રમાણે થશે.

**उपसर्गादित्येव** - सुलभम् = સુલભ. दुर्लभम् = દુર્લભ, सुदुर्लभम् = અતિશય દુર્લભ, सुलाभः, दुर्लाभः, सुदुर्लाभः- અહીં સમસ્ત અને વ્યસ્ત सु અને दुर् ઉપસર્ગથી પરમાં लभ् ધાતુ છે અને તેનાથી પરમાં खल् અને घञ् પ્રત્યય છે. પણ सु અને दुर् કોઈ ઉપસર્ગથી પરમાં નથી તેથી આ સૂત્રથી न् આગમ થયો નથી.

✡ જોકે अतिसुलम्भम् પ્રયોગમાં ૪-૪-૧૦૭ થી न् આગમ સિદ્ધ જ હતો પરન્તુ આ સૂત્ર બનાવવાથી નિયમ થયો કે सु અને दुर् ઉપસર્ગથી પરમાં રહેલાં लभ् ધાતુનાં સ્વરથી પરમાં न् નો આગમ ત્યારે જ થાય કે જ્યારે सु અને दुर् ઉપસર્ગ કોઈ ઉપસર્ગથી પરમાં રહેલાં હોય તેથી सुलभम् પ્રયોગમાં ૪-૪-૧૦૭ થી પણ न् નો આગમ થતો નથી.

✡ सु અને दुर् ઉપસર્ગને સમસ્ત અને વ્યસ્ત ગ્રહણ કરવા માટે અને दुर् થી दुस् ઉપસર્ગનું પણ ગ્રહણ કરવા માટે સૂત્રમાં सुदुर्भ्यः એ પ્રમાણે બહુવચનમાં નિર્દેશ કરેલો છે.

✡ अतिसुलभम्, अतिदुर्लभम् - અહીં अति પૂજા અને અતિક્રમ અર્થમાં

હોવાથી अति ને धातोः... ૩-૧-૧ થી ઉપસર્ગ સંજ્ઞા થતી નથી તેથી सु અને दुर् ઉપસર્ગ अति થી પરમાં છે પણ अति ઉપસર્ગથી પરમાં નથી માટે આ સૂત્રથી न् નો આગમ થયો નથી.

✡ સમસ્તનાં ગ્રહણથી વિપર્યસ્તનું પણ ગ્રહણ થાય છે. તેથી दुःसुलाभः પ્રયોગ થશે પણ તે પ્રતિઉદાહરણ સ્વરૂપે જાણવો. એટલે આ સૂત્રથી न् નો આગમ નહીં થાય.

## नशो धुटि । ૪-૪-૧૦૯

**અર્થઃ**- ધુડાદિ પ્રત્યય પર છતાં नश् ધાતુનાં સ્વરથી પરમાં न् આગમ થાય છે.

**વિવેચન** - नंष्टा = નાશ પામશે. नश्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય, नन्श्+ता - આ સૂત્રથી न् આગમ, नंश्+ता - शिड्हे... ૧-૩-૪૦ થી न् નો અનુસ્વાર, नंष्+ता - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्, नंष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. એજ પ્રમાણે - नंष्टुम्, नङ्क्ष्यति, निनङ्क्षति.

**धुटीति किम् ?** नशिता = નાશ પામશે. અહીં धूगौदितः ૪-૪-૩૮ થી इट् આગમ થયેલો હોવાથી ધુડાદિ પ્રત્યય પરમાં નથી તેથી આ સૂત્રથી न् નો આગમ થયો નથી. नश्यति - અહીં श्य પ્રત્યય પણ ધુડાદિ નથી તેથી આ સૂત્રથી न् નો આગમ થયો નથી.

## मस्जेः सः । ૪-૪-૧૧૦

**અર્થઃ**- ધુડાદિ પ્રત્યય પર છતાં मस्ज् ધાતુનાં સ્વરથી પરમાં રહેલાં स् નો न् આગમ થાય છે.

**વિવેચન** - मङ्क्ता = તે ડુબશે, તે ન્હાશે. टुमस्जोंत्-शुद्धौ (૧૩૫૨)

मस्ज्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

मन्ज्+ता - આ સૂત્રથી स् નો न् આગમ.

मन्ग्+ता - चजः... ૨-૧-૮૬ થી ज् નો ग्.

मङ्ग्+ता - म्नां... ૧-૩-૩૯ થી न् નો ङ्.

मङ्क्ता - अघोषे... ૧-૩-૫૦ થી ग् નો क्. એજ પ્રમાણે मङ्क्तुम्, मङ्क्ष्यति, मिमङ्क्षति, ममङ्क्थ, अमाङ्क्षीत्.

**धुटीति किम् ?** मज्जनम् = ડુબવું તે. અહીં अनट् પ્રત્યય સ્વરાદિ છે

ધુડાદિ નથી તેથી આ સૂત્રથી स् નો न् આગમ થતો નથી.

✡ અહીં मस्ज् ધાતુનાં स् નાં સ્થાને न् આગમનું વિધાન કરેલું હોવાથી કિત્ - ઙિત્ પ્રત્યય પર છતાં આ સૂત્રથી થયેલાં न् નો नो व्यञ्जन... ૪-૨-૪૫ થી લોપ થઈ શકશે. તેથી क्त-मग्नः, क्तवतु-मग्नवान्, क्त्वा-मक्त्वा, यङ्लुबन्त तस्-मामक्तः અન્યથા જો स् નાં સ્થાને न् આગમ ન કર્યો હોત તો मस्ज् ધાતુનાં स् નો संयोग... ૨-૧-૮૮ થી લોપ થયા પછી આ સૂત્રથી न् નો આગમ થાય અને તે न् નો લોપ नो व्यञ्जन... ૪-૨-૪૫ થી કરવા જઈએ ત્યારે લોપાએલો स् પરકાર્યમાં અસત્ થવાથી न् ઉપાન્ત્યમાં રહેતો નથી તેથી स् નાં સ્થાને न् આગમ કર્યો તે યથાર્થ છે.

## अः सृजि-दृशोऽकिति । ४-४-१११

**અર્થઃ-** કિત્ પ્રત્યય વર્જીને અન્ય ધુડાદિ પ્રત્યય પર છતાં સૃજ્ અને દૃશ્ ધાતુનાં સ્વરથી પરમાં अ આગમ થાય છે.

**વિવેચન** - (૧) स्रष्टा = સર્જન કરશે. सृज्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય, सृअज्+ता - આ સૂત્રથી अ આગમ, स्रज्+ता - इर्णादि... ૧-૨-૨૧ થી ऋ નો र्, स्रष्+ता - यजसृज... ૨-૧-૮૭ થી ज् નો ष्, स्रष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. એજ પ્રમાણે - स्रष्टुम्, स्रष्टव्यम्, अस्राक्षीत् - અહીં अ આગમ કરવાનું સૂત્ર પર હોવાથી अ નો આગમ કરાયા પછી अ ની વૃદ્ધિ થઈ છે.

(૨) द्रष्टुम् = જોવા માટે. સાધનિકા स्रष्टा પ્રમાણે થશે. એજ પ્રમાણે - द्रष्टा, द्रष्टव्यम्, द्रक्ष्यति, अद्राक्षीत्.

**अकितीति किम् ?** सृष्टः = સર્જન કરાએલ. सृज्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, सृष्+त - यजसृज... ૨-૧-૮૭ થી ज् નો ष्, सृष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्, सि પ્રત્યય, सोरुः,रःपदान्ते... થી सृष्टः થશે. અહીં क्त પ્રત્યય કિત્ હોવાથી આ સૂત્રથી अ આગમ થયો નથી એજ પ્રમાણે - दृष्टः, सिसृक्षति, दिदृक्षति.

**धुटीत्येव** - सर्जनम् = સર્જન કરવું તે, दर्शनम् = જોવું તે. અહીં अनट् પ્રત્યય સ્વરાદિ છે ધુડાદિ નથી માટે આ સૂત્રથી अ આગમ થયો નથી.

✡ अकिति એ પ્રમાણે જે નિષેધ કરેલો છે તે પ્રસજ્ય નિષેધ છે પણ

પર્યુદાસનિષેધ નથી. જો પર્યુદાસનિષેધ હોત તો સદૃશનું ગ્રહણ થાત. જેમકે "ધુડાદિ અકિત્ પ્રત્યય પર છતાં अ આગમ થાય." પણ એવું થતું નથી. પરન્તુ પ્રસજ્ય પ્રતિષેધ હોવાથી માત્ર નિષેધ જ થાય છે કે "કિત્ પ્રત્યય પર છતાં अ આગમ ન થાય" તેથી असृष्ट પ્રયોગમાં धुड्... ૪-૩-૭૦ થી सिच् નો લોપ થાય છે તે લોપને ધુડાદિ માનીને કાર્ય કરવાનું હોય ત્યારે વર્ણ રૂપે આશ્રય કરવાથી (स्थानिवा... ૭-૪-૧૦૯ માં વર્ણવિધિમાં સ્થાનિવદ્ભાવનો અભાવ કહેલો છે તેથી) सिच् નાં લોપનો સ્થાનિવદ્ભાવ નહીં થાય. તો પણ કિત્ માનીને થતાં કાર્યમાં વર્ણવિધિ હોવા છતાં પણ सिच् નાં લોપનો સ્થાનિવદ્ભાવ મનાય છે. તેથી असृज्+त અહીં त એ ધુડાદિ પ્રત્યય છે. તેથી अ આગમની પ્રાપ્તિ આવે પણ કિત્ सिच् નો લોપ પ્રસજ્ય નિષેધ રૂપ હોવાથી सृज् અને त ની વચ્ચે सिच् ની હાજરી ન હોવા છતાં त રૂપ અકિત્ ધુડાદિ પ્રત્યય નિમિત્તે અકાર આગમ આ સૂત્રથી થશે નહીં. અન્યથા अस्राष्ट એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

## स्पृशादि-सृपो वा । ૪-૪-૧૧૨

**અર્થઃ-** કિત્ પ્રત્યય વર્જીને અન્ય ધુડાદિ પ્રત્યય પર છતાં स्पृश्, मृश्, कृष्, तृप्, दृप् અને सृप् ધાતુનાં સ્વરથી પરમાં अ આગમ વિકલ્પે થાય છે.

**વિવેચન** - (૧) स्प्रष्टा, स्पर्ष्टा = તે સ્પર્શ કરશે. स्पृशंत्-संस्पर्शे (૧૪૧૨)

स्पृश्+ता - तातारौ... ૩-૩-૧૪ થી ता પ્રત્યય.

स्पृअश्+ता - આ સૂત્રથી अ આગમ.

स्प्रश्+ता - इवर्णादे... ૧-૨-૨૧ થી ऋ નો र्.

स्प्रष्+ता - यजसृज... ૨-૧-૮૭ થી श् નો ष्.

स्प्रष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्. આ સૂત્રથી अ આગમ ન થાય ત્યારે स्पृश्+ता - ૩-૩-૧૪ થી ता પ્રત્યય, स्पर्श्+ता - लघोरु... ૪-૩-૪ થી ऋ નો ગુણ अर्, स्पर्ष्+ता- यज... ૨-૧-૮૭ થી श् નો ष्, स्पर्ष्टा - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट् એજ પ્રમાણે -

(૨) म्रष्टा, मर्ष्टा = તે સ્પર્શ કરશે. मृशंत्-आमर्शने (૧૪૧૬)

(૩) क्रष्टा, कर्ष्टा = તે ખેંચશે. कृषं, कृषींत्-विलेखने (૫૦૬, ૧૩૧૯)

(૪) त्रप्ता, तर्प्ता = તે તૃપ્ત થશે. तृपौच्-प्रीतौ (૧૧૮૯)

(૫) द्रप्ता, दर्प्ता = તે ગર્વ કરશે. दृपौच्-हर्षमोहनयोः (૧૧૯૦)

(૬) स्रप्ता, सर्प्ता = તે જશે. सृप्लृं-गतौ (૩૪૧)

**धुटीत्येव** - स्पर्शनम्, मर्शनम् - અહીં अनट् પ્રત્યય છે તે સ્વરાદિ છે ધુડાદિ નથી તેથી આ સૂત્રથી अ આગમ વિકલ્પે થયો નથી.

**अकितीत्येव** - स्पृष्टः = સ્પર્શ કરાએલ, पिस्पृक्षति = સ્પર્શ કરવાને ઈચ્છે છે. અહીં क्त પ્રત્યય કિત્ છે અને सन् પ્રત્યય उपान्त्ये ૪-૩-૩૪ થી કિદ્વત્ થાય છે તેથી આ સૂત્રથી ધુડાદિ હોવા છતાં કિત્ હોવાથી अ આગમ થયો નથી.

## ह्रस्वस्य तः पित्कृति । ४-४-११३

**અર્થઃ**- પિત્ કૃત્ પ્રત્યય પર છતાં હ્રસ્વ સ્વરાન્ત ધાતુથી त् આગમ થાય છે.

**વિવેચન** - जगत् = જવાના સ્વભાવવાળો. गम्+क्विप् - दिद्युत्... ૫-૨-૮૩ થી क्विप् પ્રત્યય અને નિપાતનનાં કારણે ધાતુ દ્વિત્વ થવાથી गम्गम्+० - गगम् - व्यञ्जन... ૪-૧-૪૪ થી અનાદિવ્યંજન म् નો લોપ, जगम् - गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज्, जग - गमां... ૪-૨-૫૮ થી म् નો લોપ, जगत् આ સૂત્રથી त् આગમ. એજ પ્રમાણે - विजित्य, प्रस्तुत्य, आगत्य.

✡ जगत् શબ્દ બે પ્રકારે છે ક્રિયાશબ્દ અને સંજ્ઞાશબ્દ. અહીં ક્રિયા શબ્દની વ્યુત્પત્તિ છે. અને સંજ્ઞાશબ્દ ઉણાદિથી સિદ્ધ છે. गच्छति इति गम्+अतृ - गमेर्डिद् द्वेच (૮૮૫ ઉણાદિ) થી कतृ પ્રત્યય અને તે ડિત્ થાય છે. અને ધાતુ દ્વિત્વ થાય છે. તેથી गम्गमत्, व्यञ्जन... ૪-૧-૪૪ થી પૂર્વનાં म् નો લોપ गगमत्, गहोर्जः ૪-૧-૪૦ થી પૂર્વનાં ग् નો ज् - जगमत्, डित्यन्त्य... ૨-૧-૧૧૪ થી गम् નાં अम् નો લોપ થવાથી जगत् થશે. પછી વર્તમાન કૃદન્ત शतृ પ્રત્યયની જેમ પ્રક્રિયા થવાથી जगन्, जगन्तौ, जगन्तः થશે. પણ અહીં તો ક્રિયા શબ્દ જ ઈષ્ટ છે.

**ह्रस्वस्येति किम् ?** ग्रामणीः = ગામનો મુખી. ग्रामं नयति इति क्विप् - ग्राम+नी+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, ग्रामणी - ग्रामाग्रा... ૨-૩-૭૧ થી नी નાં न् નો ण्. અહીં દીર્ઘ સ્વરાન્ત नी ધાતુની પરમાં આ સૂત્રથી त् આગમ થયો નથી.

**कृतीति किम् ?** अजुहवुः = તેઓએ હોમ કર્યો. સાધનિકા द्व्युक्त...

૪-૨-૯૩ માં કરેલી છે. અહીં पुस् પ્રત્યય अन् પ્રત્યયનાં સ્થાને થાય છે. તે पित् હોવા છતાં कृत् નથી તેથી जुहु નાં અન્તે આ સૂત્રથી त् આગમ થયો નથી.

**पिदिति किम् ?** चितम्, स्तुतम् - અહીં क्त પ્રત્યય કૃદન્તનો છે પણ पित् નથી તેથી આ સૂત્રથી चि અને स्तु ધાતુની પરમાં त् આગમ થયો નથી.

## अतो म आने । ४-४-११४

**અર્થ:-** ધાતુથી વિધાન કરાએલ आन પ્રત્યય પર છતાં ધાતુનાં अ થી પરમાં म् આગમ થાય છે.

**વિવેચન** - पचमानः = રાંધતો. पच्+आन - शत्रानशा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય, पच्+अ+आन - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય, पचमान - આ સૂત્રથી अ થી પરમાં म् આગમ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી पचमानः પ્રયોગ થશે. એજ પ્રમાણે - पू-पवमानः, विद्-विद्यमानः, कृ-करिष्यमाणः થશે.

**अत इति किम् ?** शयानः = ઊંઘતો. शी+आन - शत्रा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય, शे+आन - शीङ.... ૪-૩-૧૦૪ થી शी નાં ई નો ए, शयान - एदैतो... ૧-૨-૨૩ થી ए નો अय्. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शयानः થશે. અહીં शी ધાતુમાં અકાર નથી તેથી આ સૂત્રથી म् આગમ થયો નથી. એજ પ્રમાણે - भुञ्जानः.

**आन इति किम् ?** पचन् = રાંધતો. पच्+अत् - शत्रा... ૫-૨-૨૦ થી अत् (शतृ) પ્રત્યય, पच्+अ+अत् - कर्त्तर्य... ૩-૪-૭૧ થી शव् પ્રત્યય, पचत् - लुगस्या... ૨-૧-૧૧૩ થી પૂર્વનાં अ નો લોપ, पचत्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય, पचन्त्+सि - ऋदुदितः ૧-૪-૭૦ થી न् આગમ, पचन्त् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ, पचन् - पदस्य ૨-૧-૮૯ થી त् નો લોપ. અહીં ધાતુમાં અકાર છે પણ પરમાં शतृ પ્રત્યય છે आनश् પ્રત્યય નથી તેથી આ સૂત્રથી म् આગમ થયો નથી.

✡ ધાતુનાં अ થી પરમાં म् આગમ થતો હોવાથી તે ધાતુનો અવયવ બને છે તેથી मव्यस्याः ૪-૨-૧૧૩ થી म થી શરૂ થતાં પ્રત્યયની પૂર્વે अ નો आ થશે નહીં. જો आन ની પૂર્વે म् નો આગમ થયો હોત તો તે

પ્રત્યયનો અવયવ બનત તેથી म કારાદિ मान પ્રત્યય ગણાવાથી अ નો आ થતાં पचामानः એ પ્રમાણે અનિષ્ટ પ્રયોગ થાત.

## आसीनः । ४-४-११५

**અર્થ**:- आस् ધાતુથી પર રહેલાં आन પ્રત્યયનાં आ નો ई આદેશ નિપાતન થાય છે.

**વિવેચન** - (૧) आसीनः = બેસતો. आस्+आन - शत्रा... ૫-૨-૨૦ થી आनश् પ્રત્યય, आसीन - આ સૂત્રથી आन નાં आ નો ई નિપાતન. सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી आसीनः પ્રયોગ થશે. એજ પ્રમાણે - उदासीनः = ઉદાસ, उपासीनः = ઉપાસના કરતો, अध्यासीनः = અધ્યાપન કરતો.

## ॠतां क्ङितीर् । ४-४-११६

**અર્થ**:- કિત્-ङित् પ્રત્યય પર છતાં ॠકારાન્ત ધાતુનાં ॠ નો इर् થાય છે.

**વિવેચન** - (૧) तीर्णम् = તરાયું. સાધનિકા ॠल्वा... ૪-૨-૬૮ માં જણાવેલ तीर्णिः પ્રમાણે થશે. પણ અહીં सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થશે. એજ પ્રમાણે - दीर्णम्, आस्तीर्णम्, विशीर्णम्.

(૨) किरति = તે વિખેરે છે. સાધનિકા अपस्किरः ૩-૩-૩૦ માં જણાવેલ अपकिरति પ્રમાણે થશે. એજ પ્રમાણે - गिरति.

**क्ङितीति किम् ?** तरति = તે તરે છે. અહીં तॄ ધાતુને शव् પ્રત્યય લાગે છે તે વિત્શિત્ હોવાથી ङित् નથી તેથી આ સૂત્રથી ॠ નો इर् થયો નથી.

✡ "लक्षणप्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव ग्रहणम्" એ ન્યાયથી સ્વાભાવિક ॠ કારાન્ત ધાતુનાં ॠ નો જ इर् થાત પણ ॠतां એ પ્રમાણે સૂત્રમાં બહુવચન કરવાથી લાક્ષણિક ધાતુઓનું પણ ગ્રહણ થશે. જેમકે चिकीर्षति, जिहीर्षति આ પ્રયોગમાં ધાતુ कृ અને हृ છે પણ ધુડાદિ सन् પ્રત્યય પર છતાં स्वर... ૪-૧-૧૦૪ થી ऋ નો દીર્ઘ ॠ થયેલો છે તેનો પણ આ સૂત્રથી इर् થઈ શક્યો.

✡ इर् આદેશ અનેકવર્ણવાળો હોવાથી "अनेकवर्णसर्वस्य" એ ન્યાયથી આખા कॄ નો જ इर् આદેશ થઈ જાય પણ અહીં કિત્ - ङित् પ્રત્યય

પર છતાં ॠ નો इर् થાય છે એ પ્રમાણે નિર્દેશ કરેલો હોવાંથી ॠકારાન્ત ધાતુનાં ॠ નો જ इर् આદેશ થશે.

## ओष्ठ्यादुर् । ૪-૪-૧૧૭

**અર્થ:-** કિત્-ઙિત્ પ્રત્યય પર છતાં ધાતુમાં રહેલાં ઓષ્ઠ્ય વ્યંજનથી પરમાં રહેલાં ॠ નો उर् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) पूः = નગર. पृ+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, पुर्+० - આ સૂત્રથી ॠ નો उर्, पुर्+सि - स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય, पुर् - दीर्घ... ૧-૪-૪૫ થી सि પ્રત્યયનો લોપ, पूर् - पदान्ते ૨-૧-૬૪ થી उर् નો उ દીર્ઘ, पूः - रःपदान्ते... ૧-૩-૫૩ થી र् નો વિસર્ગ.

(૨) बुभूर्षति = પોષણ કરવાને ઈચ્છે છે. टुडुभृंग्क्-पोषणेधारणे च (૧૧૪૦)

भृ+स - तुमर्हा... ૩-૪-૨૧ થી सन् પ્રત્યય.

भॄस - स्वर.. ૪-૧-૧૦૪ થી ऋ દીર્ઘ.

भॄस - नामिनो... ૪-૩-૩૩ થી सन् કિદ્વત્.

भुर्स - આ સૂત્રથી ॠ નો उर्.

भुभुर्स - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

बुभुर्स - द्वितीय... ૪-૧-૪૨ થી પૂર્વનાં भ् નો ब्.

बुभूर्स - भ्वादे... ૨-૧-૬૩ થી उ દીર્ઘ.

बुभूर्ष - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्.

तिव्-शव् પ્રત્યય, लुगस्या... થી बुभूर्षति થશે.

(૩) वुवूर्षते = વરવાને ઈચ્છે છે. वृग्ट्-वरणे (૧૨૯૪) સાધનિકા बुभूर्षति પ્રમાણે થશે. व् દન્ત્યૌષ્ઠ્ય હોવાથી આ સૂત્રથી व् થી પરમાં રહેલાં ॠ નો उर् થયો છે. એજ પ્રમાણે - पृ-पोपूर्यते, पोपुरति - मृ - मुमूर्षति.

**ओष्ठ्यादिति किम् ?** तीर्णम् = તરાયું. સાધનિકા ૪-૨-૬૮ માં જણાવેલ तीर्णिः પ્રમાણે થશે. અહીં त् એ દન્ત્ય છે ઓષ્ઠ્ય નથી તેથી ॠ નો આ સૂત્રથી उर् ન થતાં ॠतां... ૪-૪-૧૧૬ થી इर् થયો છે.

✡ ધાતુમાં રહેલો ઓષ્ઠ્યવ્યંજન હોય તો તેનાથી પર રહેલાં ॠ નો उर् થાય તેથી समीर्णम् અહીં सम् ઉપસર્ગ છે તેનાં म् થી પર રહેલાં ॠ

નો આ સૂત્રથી उर् ન થતાં ऋतां... ૪-૪-૧૧૬ થી इर् થયો છે.

**क्ङितीत्येव** - निपरणम्, प्रावरणम् - અહીં अनट् પ્રત્યય છે અને निपारकः, प्रावारकः - અહીં णक પ્રત્યય છે તે કિત્ - ङित् નથી તેથી આ સૂત્રથી ॠ નો उर् ન થતાં अनट् પ્રત્યય પર છતાં ગુણ થયો છે અને णक પ્રત્યય પર છતાં વૃદ્ધિ થઈ છે.

✡ કેટલાંક ઉપાન્ત્ય ॠ નો પણ उर् ઈચ્છે છે. परिपूर्णः. पृणत्-प्रीणने (૧૩૬૦)

पृण्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

पृपृण्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

पपृण्य - ॠतोऽत् ૪-૧-૩૮ થી પૂર્વનાં ॠ નો अ.

परिपृण्य - रिरौच... ૪-૧-૫૬ થી रि આગમ.

परिपृण् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

परिपृण्+तस् - तिव्... ૩-૩-૬ થી तस् પ્રત્યય.

परिपृण्+तस् - अहन्..., ૪-૧-૧૦૭ થી સ્વર દીર્ઘ.

परिपुर्ण+तस् - આ સૂત્રથી ઉપાન્ત્ય ॠ નો उर्.

परिपुर्ण+णस् - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ण्.

परिपूर्ण+णस् - भ्वादे... ૨-૧-૬૩ થી उर् નો उ દીર્ઘ.

परिपूर्णस् - धुटो... ૧-૩-૪૮ થી ण् નો લોપ.

सोरुः, रःपदान्ते... થી परिपूर्णः થશે એજ પ્રમાણે मृण्-मरिमूर्णः.

## इस्सासः शासोऽङ् - व्यञ्जने । ૪-૪-૧૧૮

**અર્થઃ**- अङ् પ્રત્યય તેમજ વ્યંજનાદિ કિત્ - ङित् પ્રત્યય પર છતાં शास् ધાતુનાં आस् નો इस् આદેશ થાય છે.

**વિવેચન** - (૧) अशिषत् = તેણે શાસન કર્યું. સાધનિકા शास्त्यसू... ૩-૪-૬૦ માં કરેલી છે.

(૨) शिष्टः = શાસન કરાએલ. शास्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, शिस्+त - આ સૂત્રથી आस् નો इस्, शिष्+त - नाम्य... ૨-૩-૧૫ થી स् નો ष्, शिष्ट - तवर्गस्य... ૧-૩-૬૦ થી त् નો ट्, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते... થી शिष्टः થશે. એજ પ્રમાણે - शिष्टवान्,

शिष्ट्वा, शिष्यते વિગેરે પ્રયોગો થશે.

**अङ्व्यञ्जन इति किम् ?** शासति = તેઓ શાસન કરે છે. शास्+अन्ति - तिव्... ૩-૩-૬ થી अन्ति પ્રત્યય, शासन्ति - शिदवित् ૪-૩-૨૦ થી अन्ति ને ङिद्‌वद्‌ભાવ, शासति - अन्तो... ૪-૨-૯૪ થી अन्ति નાં न् નો લોપ. અહીં अन्ति પ્રત્યય ङित् છે પણ સ્વરાદિ છે વ્યંજનાદિ નથી તેથી આ સૂત્રથી शास् નાં आस् નો इस् આદેશ થયો નથી.

**क्ङितीत्येव** - शास्ता = શાસન કરશે. શ્વસ્તનીનો ता પ્રત્યય વ્યંજનાદિ છે પણ क्ति् કે ङित् નથી તેમજ शास्ति = તે શાસન કરે છે. અહીં વર્તમાનાનો तिव् પ્રત્યય વ્યંજનાદિ શિત્ છે તે ङित् નથી તેથી આ સૂત્રથી शास् નાં आस् નો इस् થયો નથી.

## क्वौ । ४-४-११९

**અર્થઃ-** क्विप् પ્રત્યય પર છતાં शास् ધાતુનાં आस् નો इस् આદેશ થાય છે.

**વિવેચન** - मित्रशीः = મિત્રને સમજાવનાર. मित्रशास्+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, मित्रशिस्+० - આ સૂત્રથી शास् નાં आस् નો इस्, मित्रशिष् - नाम्यन्त... ૨-૩-૧૫ થી स् નો ष्, मित्रशिष्+सि- स्यौ... ૧-૧-૧૮ થી सि પ્રત્યય, मित्रशिष् - दीर्घ... ૧-૪-૪૫ થી सि નો લોપ, मित्रशीष् - पदान्ते ૨-૧-૬૪ થી इस् નો इ દીર્ઘ, सोरुः, रःपदान्ते... થી मित्रशीः થશે. એજ પ્રમાણે - आर्यशीः થશે.

✡ क्विप् એ વ્યંજનાદિ પ્રત્યય હોવાથી इसासः... ૪-૪-૧૧૮ થી शास् ધાતુનાં आस् નો इस् સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર જુદું બનાવ્યું તે "क्विपि व्यञ्जनकार्यमनित्यम्" એ ન્યાય અનિત્ય છે એ જણાવવા માટે. તેથી अव्ययं आचष्टे इति अव्ययि ધાતુને णिच् પ્રત્યય લાગે ત્યારે त्रन्त्य... ૭-૪-૪૩ થી अ નો લોપ થયેલો છે. અને अव्ययति इति क्विप् અહીં क्विप् પ્રત્યય લાગે ત્યારે णेरनिटि ૪-૩-૮૩ થી णिच् નો લોપ થવાથી अव्यय्+क्विप्. હવે અહીં य्वोः... ૪-૪-૧૨૧ થી य् નાં લોપની પ્રાપ્તિ આવે પણ यकार વિધિ કરવામાં नसन्धि... ૭-૪-૧૧૧ થી સ્થાનિવદ્‌ભાવનો નિષેધ કરેલો હોવાથી णिच् નો લોપ થયેલો છે તેને સ્થાનિવદ્‌ભાવ ન થાય એટલે વચ્ચે णि છે જ નહીં તેથી य् નો લોપ થવાની પ્રાપ્તિ આવે પણ આ ન્યાયથી क्विप् પ્રત્યય પર છતાં

વ્યંજન કાર્ય અનિત્ય થવાથી य् નો લોપ થયો નથી. તેથી अव्यय શબ્દ સિદ્ધ થયો.

## आङः । ४-४-१२०

**અર્થઃ-** क्विप् પ્રત્યય જ પર છતાં आङ् ઉપસર્ગથી પર રહેલાં शास् ધાતુનાં आस् નો इस् આદેશ થાય છે.

**વિવેચન** - आशीः = શુભેચ્છા, આશીર્વાદ. સાધનિકા ૪-૪-૧૧૯ માં જણાવેલ मित्रशीः પ્રમાણે થશે.

**क्वावित्येव** - आशास्ते = તે શાસન કરે છે. आ+शास्+ते અહીં વર્તમાનાનો ते પ્રત્યય લાગેલો છે. તેથી आशास् નાં आस् નો इस् આ સૂત્રથી થયો નથી. आशास् ધાતુને क्विप् પ્રત્યય લાગ્યો હોય તો જ આ સૂત્રથી शास् નાં आस् નો इस् થાય છે.

✡ અહીં क्वौ ૪-૪-૧૧૯ થી शास् ધાતુનાં आस् નો इस् સિદ્ધ જ હતો છતાં આ સૂત્ર જુદું બનાવ્યું તેથી નિયમ થયો કે आ પૂર્વક शास् નાં आस् નો इस् થાય તો क्विप् પ્રત્યય પર છતાં જ થશે. क्विप् સિવાયનો કોઈપણ પ્રત્યય હશે તો आशास् નાં आस् નો इस् ૪-૪-૧૧૯ સૂત્રથી પણ નહીં થાય.

## य्वोः प्वय्व्यञ्जने लुक् । ४-४-१२१

**અર્થઃ-** पु આગમ પર છતાં તેમજ य् વર્જીને અન્ય વ્યંજનાદિ પ્રત્યય પર છતાં તેની પૂર્વે રહેલાં य् અને व् નો લોપ થાય છે.

**વિવેચન** - (૧) क्नोपयति = તે અવાજ કરાવે છે અથવા તે ભીનું કરાવે છે. સાધનિકા अर्त्ति... ૪-૨-૨૧ માં કરેલી છે.

(૨) क्ष्मातम् = તેણે કંપાવેલ. क्ष्मायैङ्-विधूनने (૮૦૩) क्ष्माय्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, क्ष्मात - આ સૂત્રથી य् નો લોપ, सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી क्ष्मातम् થશે.

(૩) देदिवः = અમે બે વારંવાર રમીએ છીએ.

दिव्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

दिदिव्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

(૨) क्ष्मातम् = તેણે કંપાવેલ. क्ष्मायैङ्-विधूनने (૮૦૩) क्ष्माय्+त - क्त... ૫-૧-૧૭૪ થી क्त પ્રત્યય, क्ष्मात - આ સૂત્રથી य् નો લોપ, सि પ્રત્યય, सि નો अम् અને अम् નાં अ નો લોપ થવાથી क्ष्मातम् થશે.

(૩) देदिवः = અમે બે વારંવાર રમીએ છીએ.

दिव्+य - व्यञ्जनादे... ૩-૪-૯ થી यङ् પ્રત્યય.

दिदिव्य - सन्... ૪-૧-૩ થી આદ્ય એકસ્વરાંશ દ્વિત્વ.

देदिव्य - आगुणा... ૪-૧-૪૮ થી પૂર્વનાં इ નો ગુણ ए.

देदिव् - बहुलं... ૩-૪-૧૪ થી यङ् નો લોપ.

देदिव्+वस् - तिव्... ૩-૩-૬ થી वस् પ્રત્યય.

देदिवस् - આ સૂત્રથી देदिव् નાં व् નો લોપ.

सोरुः, रःपदान्ते... થી देदिवः થશે.

(૪) कण्डूः = ખણનાર. कण्डू+य - धातोः... ૩-૪-૮ થી य પ્રત્યય, कण्डूय+क्विप् - ૫-૧-૧૪૮ થી क्विप् પ્રત્યય, कण्डूय् - अतः ૪-૩-૮૨ થી अ નો લોપ, कण्डू - આ સૂત્રથી क्विप् પ્રત્યય પર છતાં य् નો લોપ, सि પ્રત્યય, सोरुः, रःपदान्ते....થી कण्डूः થશે.

**य्वर्जनं किम् ?** क्नूय्यते = અવાજ કરાય છે. क्नूय्+ते - तिव्... ૩-૩-૬ થી ते પ્રત્યય, क्नूय्+य+ते = क्नूय्यते - क्यः... ૩-૪-૭૦ થી क्य પ્રત્યય. અહીં क्य પ્રત્યય યકારાદિ હોવાથી આ સૂત્રથી क्नूय् ધાતુનાં य् નો લોપ થયો નથી. એજ પ્રમાણે - सेव्यते.

**व्यञ्जन इति किम् ?** क्नूयिता, देविता - અહીં ता પ્રત્યય શ્વસ્તનીનો છે વ્યંજનાદિ છે પણ स्ताद्य... ૪-૪-૩૨ થી તેની પૂર્વે इट् આગમ થયેલો હોવાથી સ્વરાદિ इट् પરમાં છે તેથી આ સૂત્રથી क्नूय् નાં य નો અને दिव् નાં व् નો લોપ થયો નથી.

## कृतः कीर्त्तिः । ४-४-१२२

**અર્થઃ**- कृत् ધાતુનો कीर्त्त् આદેશ થાય છે.

**વિવેચન** - कीर्त्तयति = તે કીર્તન કરે છે, વખાણ કરે છે. कृतण्-संशब्दने (૧૬૪૯)

- સૂત્રમાં कृत् નો कीर्त् આદેશ કર્યો તેનાં કરતાં ધાતુપાઠમાં ધાતુ જ कीर्त्तण् કર્યો હોત તો ? સાચી વાત છે જો कृतण् ને બદલે कीर्त्तण् ધાતુ જ કર્યો હોત તો અહીં તો ચાલત પણ ऋदूवर्णस्य ૪-૨-૩૭ માં વર્ણ ગ્રહણનાં સામર્થ્યથી कीर्त् આદેશ બાધ કરત અને अचीकृतत् પ્રયોગ સિદ્ધ ન થાત. અને ऋदूवर्णस्य ૪-૨-૩૭ સૂત્રનો પ્રયાસ નિષ્ફલ થાત.
- સૂત્રમાં कृत् નો कीर्त्तिः આદેશ કેમ કર્યો ? कीर्त्ति આદેશમાં જે इ છે તે મંગલને માટે છે. શાસ્ત્રીય પરિપાટિ એવી છે કે આદિમાં, મધ્યમાં અને અન્તમાં પણ મંગલ કરવું જોઈએ. એ પરિપાટીને અનુસરીને આચાર્ય મહારાજે અન્ત્ય મંગલ રૂપે कीर्त्तिः માં इ મૂકેલો છે.

*इत्याचार्यश्रीहेमचन्द्रविरचितायां सिद्धहेमचन्द्राभिधान*
*स्वोपज्ञशब्दानुशासन लघुवृत्तौ चतुर्थस्याध्यायस्य*
*चतुर्थः पादः समाप्तः* ॥ ૪ - ૪ ॥

*दुर्योधनोर्वीपतिजैत्रबाहु-गृहीतचेदीशकरोऽवतीर्णः ।*
*अनुग्रहीतुं पुनरिन्दुवंशं, श्रीभीमदेवः किल भीम एव ॥*

અર્થ - ભયંકર યુદ્ધ કરનાર રાજાઓને જીતનારાં છે હાથ જેનાં (અને) ચેદિ દેશનાં રાજાઓ પાસેથી ગ્રહણ કર્યો છે કર જેણે એવા શ્રી ભીમદેવ રાજા ચંદ્રવંશ ઉપર અનુગ્રહ કરવા માટે ફરીથી ભીમ રૂપે જ અવતર્યા છે.

નોંધ

: બાઈન્ડીંગ :
ભરત ગ્રાફિક્સ
ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલિફ રોડ, અમદાવાદ.
ફોન : ૨૨૧૩૪૧૭૬, ૨૨૧૨૪૭૨૩